હમોએ લોકો માટે આ કુર્આન શરીફમાં દરેક પ્રકારના દાખલાઓ (ઉદાહરણો) દર્શાવ્યા છે. જેથી લોકો ધ્યાનથી નસીહત પકડી શકે. *(કુર્આન શરીફ)*

કુર્આન શરીફમાં

વર્ણન કરેલ વિવિધ

દાખલાઓ-ઉદાહરણો

કુર્આન શરીફના ઉદાહરણોથી ઘણી બધી વાતોનો ફાયદો મળે છે. દા.ત. કોઈ બોધવચન મળે છે કે, કોઈ સારા કામ માટે પ્રોત્સાહન મળે છે. કોઈ વાત પર ભાર આપવામાં આવે છે, વાક્યનું અર્થઘટન સંબોધિત સમક્ષ સ્પષ્ટ થાય છે, વૈચારિક બાબતને વ્યવહારિક સ્વરૂપ મળે છે. એટલા માટે કે ઉદાહરણો અપ્રત્યક્ષ (ગાઈબ)ને પ્રત્યક્ષ (હાઝિર) બનાવી દે છે. કુર્આનના ઉદાહરણો નિંદા માટે, પ્રસંશા માટે, મહાનતા કે હીનતા દર્શાવવા માટે, સત્યના મંડન અને અસત્યના ખંડન માટે આપવામાં આવે છે.

-: સંપાદક :-

(હઝ. મવ.) ઈકબાલ મુહમ્મદ ટંકારવી (સા.)

દારૂલ ઉલૂમ ઈસ્લામિય્યહ અરબિય્યહ માટલીવાલા

ઈદગાહ રોડ, ભરૂચ-૩૯૨૦૦૧

કિતાબનું નામ : **કુર્આન શરીફમાં વર્ણન કરેલ વિવિધ દાખલાઓ-ઉદાહરણો**

સંપાદક : **(હઝ. મવ.) ઈકબાલ મુહમ્મદ ટંકારવી (સા.)**
(મુહતમિમ : દારૂલ ઉલૂમ માટલીવાલા-ભરૂચ)

પ્રકાશન વર્ષ : ઈ.સ. ૨૦૨૦, હિ.સ.૧૪૪૨

પ્રત : ૧૦૦૦

મૂલ્ય : રૂા.૨૦૦

-: કિતાબ મેળવવાનું સ્થળ :-

દારૂલ ઉલૂમ ઈસ્લામિય્યહ અરબિય્યહ માટલીવાલા

ઈદગાહ રોડ, ડી.એસ.પી. ઓફિસ સામે,
ભરૂચ-૩૯૨૦૦૧ (ગુજરાત-ઈન્ડિયા)
ફોન : (૦૨૬૪૨) ૨૨૩૮૬૪

અનુક્રમણિકા

ક્રમ	વિગત	પેજ
	સંપાદકીય	૧૧
	કાફિર શબ્દની ચોખવટ	૨૩
૧	**મુનાફિકોના ખરાબ કૃત્યો**	૨૭
	શું કુફ્ર અને મુનાફિકત નબી (સલ.)ના યુગમાં જ હતી કે અત્યારે પણ અસ્તિત્વ ધરાવે છે ?.....	૩૧
૨	**મુનાફિકોનું પ્રથમ ઉદાહરણ**.....	૩૨
	સુધારણા અને ફિત્ના-ફસાદનો પરિચય તથા સુધારકો અને ફસાદખોરોની ઓળખ	૩૩
૩	**મુનાફિકોનું બીજુ ઉદાહરણ**.....	૩૭
	શું કુફ્ર અને મુનાફિકત (Hypocrisy) નબી (સલ.)ના યુગમાં જ હતી કે અત્યારે પણ અસ્તિત્વ ધરાવે છે ?.....	૩૮
	સુધારણા અને ફિત્ના-ફસાદનો પરિચય તથા સુધારકો અને ફસાદખોરોની ઓળખ	૩૯
૪	**કુર્આન શરીફમાં મચ્છર-માંખના દાખલાઓ બાબતે વિરોધીઓના આક્ષેપોનો જવાબ**.....	૪૨
	દાખલો આપવા માટે ઉદાહરણ સ્વરૂપે કોઈ તુચ્છ વસ્તુનો ઉલ્લેખ કરવો ઐબ (ખામી) નથી	૪૪
૫	**બાપ-દાદાનું આંધળુ અનુકરણ અને હિદાયતથી બેપરવા લોકોનું ઉદાહરણ**.....	૪૪
૬	**અલ્લાહ તઆલાની રાહમાં ખર્ચ કરવાની ફઝીલત દર્શાવતું ઉદાહરણ**.....	૪૫

ક્રમ	વિગત	પેજ
	અલ્લાહપાકના રસ્તામાં ખર્ચ કરવાનું એક ઉદાહરણ	૪૮
	સદકહ કબૂલ થવાની યોગ્ય શરતો	૪૮
	સદકહની કબૂલિયત (સ્વીકૃતિ)ની મહત્વની શરતો.....	૫૦
૭	**લોકોને દેખાડવા માટે ખર્ચ કરવાનું ઉદાહરણ**	૫૧
૮	**સદકો કબૂલ થવાનું ઉદાહરણ**	૫૪
૯	**સદકો કબૂલ ન થવાનું ઉદાહરણ**.....	૫૫
૧૦	**કાફિરોના ખર્ચ કરવાનું ઉદાહરણ**	૬૬
૧૧	**વ્યાજ ખાનારાનો ઈબ્રતનાક અંજામ દર્શાવતો દાખલો**	૬૭
	વ્યાજ (રિબા)ના આર્થિક નુકસાનો.....	૮૦
	ઝકાતનો ફરજ એક રીતે વેપારની પ્રગતિ અને વિકાસનો જામીનદાર છે.....	૮૫
	વ્યાજની આધ્યાત્મિક (રૂહાની) બીમારીઓ	૮૬
	વ્યાજ વિશે રસૂલે કરીમ (સલ.)ના ફરમાનો.....	૮૬
૧૨	**હઝરત ઈસા (અલૈ.)નો દાખલો**	૮૯
	અનુમાન (કયાસ-ઉદાહરણો અને દાખલા-દલીલો દ્વારા વાતને સ્પષ્ટ) કરવાની દલીલ.....	૯૨
૧૩	**તૌહીદને સાબિત કરતો અને શિર્કને રદ કરતો દાખલો** ..	૯૨
	શિર્કનો રદ અને તૌહીદને સાબિત કરવી	૯૪
૧૪	**મુસલમાન અને કાફિર વચ્ચે ઉદાહરણ સાથે ફર્ક**	૯૬
	મુસલમાન-કાફિરનો દાખલો	૯૭
	મોમિન સજીવન છે અને કાફિર મૃત છે.....	૯૭
	ઈમાન પ્રકાશ છે અને કુફ્ર અંધકાર છે	૧૦૧
	ઈમાનના પ્રકાશનો લાભ અન્યોને પણ પહોંચે છે	૧૦૨
૧૫	**અલ્લાહપાકની સંપૂર્ણ કુદરત, તાકાત દર્શાવતું ઉદાહરણ**.	૧૦૪
	અલ્લાહપાક જ મુદબ્બીર (રક્ષક) છે.....	૧૦૫

ક્રમ	વિગત	પેજ
૧૬	**દુન્યાની લાલચમાં પોતાના જ્ઞાન વિરૂદ્ધ**	
	અમલ કરનારનો કુતરા જેવો દાખલો	૧૦૮
	બલ્આમનો વિગતવાર કિસ્સો	૧૧૦
	બની ઈસ્રાઈલના એક વિદ્વાન આલિમ અને અનુકરણીય	
	વ્યક્તિની ગુમરાહીનો ઈબ્રતનાક કિસ્સો	૧૧૨
૧૭	**મુનાફિકોની શરારતી - મસ્જિદનું ઉદાહરણ**	૧૧૯
	મસ્જિદે ઝિરાર.....	૧૨૩
૧૮	**કમઝોર અને ફાની દુન્યાનો દાખલો**	૧૩૨
	દુન્યાનું ફાની હોવું	૧૩૪
૧૯	**મુસલમાન અને કાફિરનું ઉદાહરણ**	૧૩૫
	મુઅમિન-કાફિરનો દાખલો.....	૧૩૬
૨૦	**આપણી પુકાર સાંભળનાર ફક્ત એક અલ્લાહપાક**.....	૧૩૮
	મુશ્રિકો અને તેમના માબૂદોનો દાખલો.....	૧૩૯
૨૧	**હક હંમેશા બાકી રહેનાર અને બાતિલ ફના થનાર છે**...	૧૪૦
	હક્ક-બાતિલનો દાખલો.....	૧૪૨
૨૨	**કાફિરોના અમલો-કૃત્યોનું ઉદાહરણ**.....	૧૪૪
૨૩	**ઈમાન અને કુફ્રના શબ્દોનું ઉદાહરણ**.....	૧૪૭
	કલિમએ ઈમાન + કુફ્રનો દાખલો	૧૪૯
	કાફિરોનું ઉદાહરણ	૧૫૩
	ઈમાનનો ખાસ પ્રભાવ (અસર).....	૧૫૩
૨૪	**ગફલતમાં પડેલા લોકોનો પશુઓ જેવો દાખલો**	૧૫૪
	ગફલતવાળાનો દાખલો.....	૧૫૬
	આયતમાં કાફિરોમાં સમજવા, જોવા અને સાંભળવાની	
	શક્તિ ન હોવાનું જાહેર થાય છે, જે દેખીતી રીતે વાસ્તવિકતા	
	વિરૂદ્ધ લાગે છે, પણ એવું નથી. - યોગ્ય ખુલાસો	૧૬૦

ક્રમ	વિગત	પેજ
૨૫	**જૂઠા મઅ્બૂદોનો દાખલો**	૧૬૪
	જુઠા માબૂદોની કમીઓ.....	૧૬૬
૨૬	**તૌહીદ વગરના અમલોનું ઉદાહરણ**	૧૭૦
	કાફિરોના સારા કૃત્યોનો જવાબ	૧૭૩
૨૭	**તમામ સૃષ્ટિને પેદા કરનાર ફક્ત એક અલ્લાહપાક જ**...	૧૭૬
૨૮	**અલ્લાહપાક જેવા કોઈ નથી**	૧૭૭
૨૯	**શિર્કને રદ્ કરનારા બે દાખલાઓ**	૧૭૮
	તવહીદ સમજાવવાના બે દાખલાઓ	૧૮૦
૩૦	**વાયદાભંગ - તૌહીદ તથા બીજા વ્યવહારમાં**	૧૮૩
૩૧	**નેઅમતો (નબી-કુરઆન શરીફ)ની નાકદરી કરવી પરેશાનીઓનું કારણ બને છે**	૧૮૬
	કુફ્ર અને નાશુક્રીનો બદલો દર્શાવતું ઉદાહરણ.....	૧૮૮
૩૨	**ધન-દૌલત ઉપર અભિમાન અને કુફ્ર કરવાની સજારૂપ દાખલો**.....	૧૯૦
	મુઅમિન અને કાફિરની સોચ-વિચારનો ફર્ક દર્શાવતો દાખલો	૧૯૪
૩૩	**દુન્યાના નાશવંત હોવાનો વધુ એક દાખલો**.....	૧૯૮
	દુન્યાનું ફના થવું.....	૨૦૧
૩૪	**અલ્લાહ તઆલાના અપાર જ્ઞાન અને કુદરતની કોઈ જ મર્યાદા નથી**	૨૦૩
	ઈલ્મે ઈલાહી બેશુમાર	૨૦૪
૩૫	**શિર્કની બુરાઈ તથા મુશ્રિકોની બેવકૂફીનો દાખલો**.....	૨૦૪
	જુઠા મઅ્બૂદોની અસમર્થતા અને કમજોરીનું ઉદાહરણ	૨૦૫
૩૬	**ઈમાન અને હિદાયતની રોશનીનું શ્રેષ્ઠ ઉદાહરણ**	૨૦૭
	મુઅ્મિનના નૂરને સમજાવતો સરસમજાનો દાખલો.....	૨૦૯
	નૂરે મોમિન (મોમિનનો પ્રકાશ)	૨૧૩

ક્રમ	વિગત	પેજ
૩૭	**કાફિરોના અમલો બેકાર થવાના બે ઉદાહરણો**	૨૧૬
૩૮	**કુફ્ર-શિર્કની કમઝોરીનો કરોળિયાના ઘર સાથે દાખલો**..	૨૧૯
	અલ્લાહપાક સિવાય બધા જ મઅ્બૂદોની કમઝોરીનો દાખલો.	૨૨૧
	અલ્લાહ તઆલા સમીપ વિદ્વાન કોણ છે ?.....	૨૨૨
૩૯	**કુફ્ર અને શિર્ક બરબાદીનું નિમિત્ત બને છે**	૨૨૩
૪૦	**હિદાયત અને ગુમરાહી બરાબર થઈ શકતા નથી**	૨૨૪
	હિદાયત અને ગુમરાહીનો માપદંડ.....	૨૨૫
૪૧	**અલ્લાહપાકના જ્ઞાન અને કુદરતનું ઉદાહરણ**.....	૨૨૭
	કુદરત - સજીવન	૨૨૮
૪૨	**મૃત્યુ પછી ફરી સજીવન કરવાનું સાદુ ઉદાહરણ**.....	૨૩૦
૪૩	**નમુનો મૌજુદ હોવા છતાં નવસર્જનનો ઈન્કાર ?**	૨૩૨
	કિયામત	૨૩૨
૪૪	**સારા અને નરસાનો ફર્ક દર્શાવતો દાખલો**.....	૨૩૩
	હક્ક-બાતિલનો ફર્ક	૨૩૪
૪૫	**મૃત્યુ બાદ સજીવન થવા બાબતે વરસાદના પાણીનો દાખલો**	૨૩૫
	હશ્ર ઉપર દલીલો	૨૩૬
૪૬	**કાફિરોની મુસાબિહત કરવાની મનાઈ**	૨૩૭
૪૭	**મુઅ્મિન અને કાફિરની સમજશક્તિનો દાખલો**.....	૨૩૯
	મુઅમિન-કાફિરનો દાખલો.....	૨૪૦
૪૮	**કુફ્ર બાબતે હઠધર્મી કરવી હિદાયતથી મહરૂમીનું કારણરૂપ**	૨૪૧
	હઠધર્મી.....	૨૪૩
૪૯	**ચાંદ અને સૂરજ કુદરતની મહાન નિશાનીઓ**.....	૨૪૫
	ચંદ્રની કળાઓ (મંઝિલો)	૨૫૨
૫૦	**લોકોને સમજાવવા માટે વિવિધ દાખલાઓ રજૂ કરવા**	૨૫૩
	કુર્આની દાખલાઓનું કારણ	૨૫૪

ક્રમ	વિગત	પેજ
૫૧	**ફક્ત એક અલ્લાહને માનનાર અને વિવિધ ખુદાઓને માનનારાઓનું ઉદાહરણ**	૨૫૪
	મુશ્રિક-મુઅ્મીનનો ફર્ક	૨૫૬
૫૨	**વગર જરૂરતે જોરથી બુમો પાડવી ગધેડાની આદત છે**....	૨૫૬
૫૩	**જન્નતની હુરોની વિવિધ ખાસીયતોનું ઉદાહરણ**.....	૨૫૭
	જન્નતની હુરો.....	૨૫૮
૫૪	**દોઝખ (નર્ક)વાસીઓના ખાવા-પીવાનો દાખલો**	૨૫૯
	ઝક્કુમનું ઝાડ	૨૬૧
૫૫	**કુર્આન શરીફ બાબતે કાફિરોની હઠધર્મીનો દાખલો**....	૨૬૪
	કુર્આન બાબતે હઠધર્મી	૨૬૬
	આધુનિક યુગમાં કુફ્ર અને ઈલ્હાદનું ગરમ બજાર.....	૨૬૮
૫૬	**દુન્યા અને આખિરતની ખેતીના સ્પષ્ટ ઉદાહરણો**.....	૨૭૧
	દુન્યા અને આખિરતનો ફર્ક.....	૨૭૧
૫૭	**અલ્લાહપાકની સંપૂર્ણ કુદરત દર્શાવતા દાખલાઓ**	૨૭૨
	કુદરતની નિશાની - વહાણો	૨૭૪
૫૮	**કુફ્રની ઝિંદગી હેતુ-મકસદ વગરની છે**.....	૨૭૪
	કુફ્રની ઝિંદગી જાનવરો જેવી.....	૨૭૬
૫૯	**જન્નતની નેઅમતોના વિવિધ ઉદાહરણો**	૨૭૭
	જન્નતની નહેરો	૨૭૮
૬૦	**જિહાદનો હુકમ અને મુનાફિકોની ગભરામણનો દાખલો**..	૨૭૯
	મુનાફિકો - જિહાદ	૨૮૧
૬૧	**ગીબત (કુથલી) કરનારનો અત્યંત ભૂંડો દાખલો**	૨૮૪
	ગીબત - અખ્લાક	૨૮૫
૬૨	**સહાબાએ કિરામની ફઝીલતો અને વિશિષ્ઠતાના દાખલાઓ** આગલા આકાશી પુસ્તકોમાં સહાબાએ કિરામના શાનદાર ઉદાહરણો	૨૮૮ ૨૮૯

ક્રમ	વિગત	પેજ
૬૩	**માનવીના મનના વિચારોનું ઉદાહરણ**	૨૯૪
	ઈલ્મે ઈલાહી - કુદરત.....	૨૯૫
	અલ્લાહ તઆલા મનુષ્યથી તેના ગળાની ધોરી નસ (Jugular Vein) કરતાં પણ વધારે નજીક છે, તેની તહકીક.....	૨૯૬
૬૪	**કિયામતના ગભરાવી દેનાર દૃશ્યોનું ઉદાહરણ**	૨૯૭
	કિયામતનો હોલનાક મંઝર.....	૨૯૯
૬૫	**દુન્યવી જીવન ફક્ત એક ધોકો હોવાનો દાખલો**	૩૦૦
	દુન્યાની હકીકત - ધોકો.....	૩૦૧
૬૬	**આપ (સલ.)થી દુશ્મનીનું પરિણામ દર્શાવતો દાખલો**	૩૦૬
	નબીથી દુશ્મનીનો અંજામ.....	૩૦૭
૬૭	**મુનાફિકોની શયતાન જેવી આદતનો દાખલો**	૩૦૯
૬૮	**કુર્આન શરીફમાં ચિંતન-મનનની દઅ્વત**	૩૧૧
	કુર્આન શરીફની અઝમત	૩૧૨
૬૯	**અલ્લાહપાકનો ગુસ્સો લાવનાર કૌમ દોસ્તીને લાયક નથી**	૩૧૩
	યહુદીઓની માયુસી - દોસ્તીથી મનાઈ	૩૧૪
૭૦	**ઈલ્મ ઉપર અમલ ન કરનાર કૌમને ગધેડાનો દાખલો**....	૩૧૪
	તૌરાતની નાકદ્રીથી કુર્આન શરીફની કદરની તાકીદ	૩૧૮
૭૧	**મુનાફિકોના જાહેરી ભપકા અને વાત કરવાના અંદાજમાં ધોકાનો દાખલો**	૩૧૯
૭૨	**કાફિર સ્ત્રી મુઅમિનના ઘરમાં અને મુઅમિન સ્ત્રી કાફિરના ઘરમાં - બન્નેવના દાખલાઓ**	૩૨૨
	ચાર સ્ત્રીઓના દાખલા.....	૩૨૪
૭૩	**કિયામતમાં મુઅમિન અને કાફિર બાબતે દાખલો**	૩૨૭
	મુઅમિન-કાફિરનો ફર્ક કિયામતમાં.....	૩૨૭
	સૂરએ મુલ્કની વિશેષતાઓ.....	૩૨૮

ક્રમ	વિગત	પેજ
૭૪	**દુન્યા અને આખિરતમાં નેઅમતની નાશુક્રિનું પરિણામ દર્શાવતો દાખલો**	૩૨૯
	બાગવાળા	૩૩૨
	બગીચાવાળાઓનો કિસ્સો	૩૩૬
૭૫	**કુર્‌આન બાબતે કાફિરોનો હાલ દર્શાવતું ઉદાહરણ**	૩૪૧
	કુર્‌આન શરીફથી ભાગવાનો દાખલો	૩૪૨
૭૬	**દોઝખની આગની ચિંગારીઓનું ઉદાહરણ**	૩૪૪
	જહન્નમની આગનો દાખલો	૩૪૬
૭૭	**અલ્લાહપાકને ભૂલવાની સજાનું ઉદાહરણ**	૩૪૭
	ખુદાફરામોશી - ખુદફરામોશી	૩૪૭
૭૮	**કિયામતના દિવસની વિવિધ હાલતો દર્શાવતું ઉદાહરણ**	૩૪૮

સંપાદકીય

الحمد لله رب العالمين، والصلاة والسلام على سيد الانبياء والمرسلين، وعلى آله وصحبه اجمعين .

કુર્‌આન શરીફના વિષયો બાબતે ધ્યાનથી વિચારીએ તો માલૂમ પડે છે કે, આ બધા વિષયો મુખ્યત્વે ચાર વિષયોમાં વહેંચાયેલા છે. અને કુર્‌આન શરીફની દરેક આયત આ ચાર વિષયોમાંથી કોઈ એક વિષયના અનુસંધાનમાં આવે છે. (૧) અકાઈદ (માન્યતાઓ), (૨) અહકામ (જીવનના બધા જ ક્ષેત્રોને લગતા હુકમો-કરવાના કામો, ન કરવાના કામો), (૩) કિસ્સાઓ, (૪) ઉદાહરણો.

(૧) અકાઈદ (માન્યતાઓ) હકારાત્મક દલીલો :

કુર્આને કરીમનો ઝિણવટપૂર્વક અભ્યાસ કરવામાં આવે તો જણાય આવશે કે તેમાં વિચાર તથા આચાર બન્નેવ વિશે વાત કરવામાં આવી છે. મુખ્યત્વે ત્રણ વિચાર કુર્આન શરીફ રજૂ કરે છે :

(૧) તૌહીદ
(૨) રિસાલત
(૩) પારલૌકિક જીવન (આખિરત) નો વિચાર.

તૌહીદ-એકેશ્વરવાદનો અર્થ છે : માનવી કણકણને એક અલ્લાહપાકનું સર્જન સમજે અને એકમાત્ર અલ્લાહપાકની ઈબાદત કરે, તેને જ ચાહે, તેનો જ ડર રાખે, તેનાથી જ માંગે અને મનમાં એવો વિશ્વાસ રાખે કે બધું જ તેના હાથમાં છે. તેના સિવાય કોઈ કશું કરી શકવા સમર્થ નથી.

રિસાલતનો મતલબ એ છે કે હઝરત મુહમ્મદ (સલ.)ને અંતિમ નબી તથા આપથી પહેલાં આવેલા તમામ પયગમ્બરોને સાચા પયગમ્બર સમજે. જેને તેઓ સત્ય કહે છે, તેને સત્ય સમજે અને જેને તે પૈગમ્બરો અસત્ય ઠરાવે છે, તેને અસત્ય ઠરાવે.

આખિરત-પારલૌકિકની જીંદગીનો મતલબ એ છે કે માણસ મર્યા પછી એક એવા જીવનમાં શ્રધ્ધા ધરાવે જે અનંત (હંમેશનું) છે. અને ત્યાં પ્રત્યેક શખ્સને તેના કર્મોનો બદલો ચૂકવવામાં આવશે. તે કર્મો જે તેણે વર્તમાન જીવનમાં કર્યા છે. જો તેણે સદ્‌કાર્યો કર્યા હશે, તો તે જન્નતની કાયમી નેઅમતોમાં રહેશે, અને જો તેણે બૂરા કર્મો કર્યા હશે, તો તે નર્ક (જહન્નમ)ની આગમાં હંમેશ બળતો રહેશે.

અકાઈદ (ગલત અકીદાઓનો રદ કરવો) :

હકારાત્મક દલીલો સાથે કુરઆન શરીફમાં નકારાત્મક અકીદાઓનું ખંડન પણ કરવામાં આવ્યું છે. અને ગલત અકીદા ધરાવતા વર્ગોને ઘણા સારા અંદાજમાં સમજાવવામાં આવ્યુ છે. આ પ્રકારની આયતોમાં ચાર પ્રકારના લોકોની ખોટી માન્યતાઓનું ખંડન કરવામાં આવ્યું છે. (૧) મુશ્રિકો (અનેકેશ્વરવાદીઓ), (૨) ખ્રિસ્તીઓ, (૩) યહૂદીઓ, (૪) મુનાફિકો (જાહેરમાં ઈસ્લામ સ્વિકાર કરનાર અને દિલથી તેઓ વિરોધ કરનાર).

અનેકેશ્વરવાદીઓ (મુશ્રિકો) :

મુશ્રિકોની ગુમરાહી (પથભ્રષ્ટતા) પાંચ પ્રકારની છે :

(૧) શિર્ક : આ લોકો અલ્લાહપાકના વિશિષ્ટ ગુણો (સિફતો)માં મૂર્તિઓને ભાગીદાર ગણે છે. તેમની માન્યતા છે કે, ચાહે અલ્લાહપાક બધી વસ્તુઓના સર્જનહાર છે, પરંતુ દુનિયાના બાદશાહો અને પ્રમુખો, વડાપ્રધાનો જેમ પોતાની સરકારના વિવિધ પ્રકારના વહીવટો વિભિન્ન વ્યક્તિઓને સોંપે છે, નઉઝુબિલ્લાહ અલ્લાહપાકે પણ રોજી-રોટી, ઈઝઝત -ઝિલ્લત વગેરેનો કંટ્રોલ બીજાઓને સોંપી દીધો છે. માટે તેમનાથી જ

માંગવુ જોઈએ. અને તેમની ઈબાદત (ઉપાસના) કરી તેમને ખુશ કરવા જોઈએ. જેથી તે અલ્લાહ સમક્ષ આપણી રજૂઆત (સિફારિશ) કરે. કુર્‌આન શરીફમાં તેમની આ ગુમરાહીને વિવિધ પ્રકારે રદ કરવામાં આવી છે.

કદી એમનાથી એમની ગલત માન્યતાની દલીલ માંગવામાં આવે છે કે, તમને શિર્કની આ વાતો કોણે કહી ? જેને સમજ્યા વગર તમો માની લો છો.

કદી આયતોમાં અલ્લાહપાકની સર્વોપરિતા અને સર્વશક્તિમાન હોવાની દલીલો અને કિસ્સાઓ ટાંકવામાં આવે છે. કદી કહેવામાં આવે છે કે, જે પથ્થર કાલ સુધી તમારી ઠોકરોમાં પડેલો હતો, તમે પોતાના હાથથી હથોડા મારી તેને વ્યવસ્થિત શકલ આપી, તે ક્યારનો તમારા નફા-નુકસાનનો માલિક બની ગયો ?

(૨) મુશ્રિકોની બીજી ગુમરાહી અલ્લાહ તઆલાને મખ્લૂક (સૃષ્ટિ) જેવા સમજવાની હતી. અર્થાત્ આપણે જેમ બાલ-બચ્ચાંવાળા છીએ, તેમ ફરિશ્તાઓને પણ નઉઝુબિલ્લાહ અલ્લાહપાકની બેટીઓ કહેતા હતા.

કુર્‌આન શરીફમાં તેમની આ ગુમરાહીને બે પ્રકારે રદ કરવામાં આવ્યો છે. એક તો અલ્લાહપાક માટે સ્પષ્ટ શબ્દોમાં અવલાદનો સદંતર ઈન્કાર કરવામાં આવ્યો. બીજી એ કે, ખાસ કરીને છોકરીઓનો. બુધ્ધિથી વિચારો તો ખરા કે તમે પોતે બેટીઓના જન્મને પોતાના માટે શર્મજનક અને અપશુકનિયાળ સમજો છો, તો પછી જે ઝાતને સર્વ જગતનો પાલનહાર સમજો છો, તેના માટે બેટીઓ કેવી રીતે માનો છો ?

(૩) મુશ્રિકોની ત્રીજી ગુમરાહી ધર્મમાં ફેરફાર કરવાની હતી. એટલે કે પોતાને હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના તાબેદાર સમજતા હતા અને કહેતા હતા કે, હમે તેમના અનુયાયી છીએ અને તેમના જ બતાવેલ માર્ગ ઉપર ચાલીએ છીએ. પરંતુ ઘણા હુકમો અને કાયદાઓ પોતાના તરફથી ઘડી લીધા હતા. જેમકે તૌહીદની જગ્યાએ શિર્ક, નગ્ન થઈ તવાફ કરવો, નમાઝની જગ્યાએ સીટીઓ અને તાળીઓ પાડવી, મહિનાઓના ક્રમમાં ફેરફાર કરવો, જેથી જો લડાઈથી રોકવામાં આવેલ મહિનાઓમાં લડાઈ કરવી હોય તો

પણ કરી શકે, વગેરે ઘણા બધા ફેરફારો ધર્મના નામે કરી દીધા હતા.

(૪) એમની ચોથી ગુમરાહી એ હતી કે, તે આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને અલ્લાહપાકના રસૂલ તરીકે સ્વિકારતા ન હતા. અને કહેતા હતા કે, હમારી જેવા ચાલવા-ફરવાવાળા અને ખાવા-પીવાવાળા ઈન્સાન કેવી રીતે નબી બની શકે છે ? કુરઆન શરીફમાં ઘણી જગ્યાએ તેમની આ ગુમરાહીનો રદ કરવામાં આવ્યો અને સમજાવ્યું કે, હંમેશા હમે ઈન્સાનોમાં જ રસૂલો મોકલ્યા છે.

(૫) એમની પાંચમી ગુમરાહી આખિરત (પરલોક)નો ઈન્કાર હતી કે, તે મરણ બાદ બીજી વખતે જીવંત થવાની માન્યતાને અશક્ય સમજતા હતા. કુરઆન શરીફમાં તેનો વિવિધ દલીલોથી અલગ-અલગ અંદાજમાં રદ કરવામાં આવ્યો છે.

યહૂદીઓ :

આ લોકો પણ પોતાની ગુમરાહીમાં હદથી વધી ગયા હતા. મુશ્રિકોમાં જેટલી ગુમરાહીઓ હતી, તે બધી જ (આખિરતના ઈન્કાર સિવાય) યહૂદીઓમાં ઘણી ખરાબ રીતે પ્રસરી ગઈ હતી. જાહેરી દૃષ્ટિએ તો એ પોતાને "તૌરાત" (બાઈબલના જૂના કરાર)ના તાબેદાર કહેતા હતા. પરંતુ એમણે તૌરાતને જ પોતાની તાબે કરી દીધી હતી. એમની ઈચ્છાનુસાર જ્યારે જેમ ચાહતા, તેમ ફેરફાર તૌરાતમાં કરતા હતા.

તૌરાતમાં તેમનો ફેરફાર ત્રણ પ્રકારનો હતો :

(૧) શાબ્દિક ફેરફાર : આ લોકો તૌરાતની આયતોનો જુઠો અર્થ કરી લોકો સમક્ષ રજૂ કરતા હતા.

(૨) અર્થનો ફેરફાર : તૌરાતની આયતોનો ભાવાર્થ પોતાની તરફથી ઘડી કાઢી તેનો મનઘડત મતલબ રજૂ કરતા હતા.

(૩) યહૂદીઓની ત્રીજી ગુમરાહી એ હતી કે, તે તૌરાતની ઘણી આયતોને છૂપાવતા હતા. જેથી દુન્યાદાર માલદારો સમક્ષ તેમનો માન-

મરતબો બાકી રહે. તેમને ખતરો લાગતો હતો કે જો આ પ્રકારના હુકમોની લોકોને ખબર પડી જશે, અને તે એવુ જાણશે કે હમારા ઉલમા (ધાર્મિક વડા) તેના ઉપર અમલ નથી કરતા, તો તેમનાથી વિરૂધ્ધ થઈ જશે. અને તેમની માન-મર્યાદા બાકી નહી રહે.

જેમકે આપ (સલ.)ની પેશીનગોઈ (ભવિષ્યવાણી) દર્શાવતી તૌરાતની આયતો તથા વ્યભિચાર (ઝીના)ની સજા દર્શાવતી આયતો પણ સંતાડી રાખી હતી. અને આપસમાં તાકીદ કરતા હતા કે, આ વાતોની મુસલમાનોને ખબર ન પડે. *(બકરહ-૭૬)*

ખ્રિસ્તીઓ :

આ લોકો પોતાને હઝરત ઈસા અલયહિસ્સલામના અનુયાયી કહેતા હતા. એમની સૌથી મોટી ગુમરાહી એ હતી કે, તે લોકો અલ્લાહપાકના ઝાતી રીતે ત્રણ ભાગ માનતા હતા. (નઉઝુબિલ્લાહ) જે અમૂક રીતે સંયુક્ત છે, અને અમૂક રીતે અલગ-અલગ છે. પહેલો ભાગ 'બાપ' અને બીજો ભાગ 'બેટા' અને ત્રીજો 'પવિત્ર રૂહ' છે. અને બેટા (હઝરત ઈસા અલયહિસ્સલામ)નું સ્વરૂપ ધારણ કરી પૃથ્વી ઉપર ઉતર્યો હતો.

અલ્લાહપાકે તેમની આ અભણતાનો ઉલ્લેખ સૂરએ માઈદહ, આયત ૧૧૬ થી ૧૧૮માં કર્યો છે.

કુરૂઆને કરીમમાં અલ્લાહ તઆલા ફરમાવે છે : "અને અમે આ ઉદાહરણો સમગ્ર માનવજાત માટે ટાંકી રહ્યા છીએ અને તેને જ્ઞાનીજનો જ સમજે છે." *(અલ્ અન્કબૂત : ૪૩)* બીજી એક જગ્યાએ કુરૂઆનમાં છે : "અને અમે આ કુરૂઆનમાં માનવજાત માટે દરેક પ્રકારના ઉદાહરણો ટાંકી દીધા, જેથી તેઓ બોધગ્રહણ કરે." *(અલ્ ઝુમર : ૨૭)*

ઉદાહરણો-દાખલાઓ :

કુરૂઆન શરીફમાં માનવજાતને સમજાવવા માટે ઘણા બધા પ્રકારના સરસ અને ઉમદા ઉદાહરણો આપવામાં આવ્યા છે. અલ્લાહ તઆલા ફરમાવે

છે કે, "હમોએ લોકો માટે આ કુર્આન શ.માં દરેક પ્રકારના દાખલાઓ (ઉદાહરણો) દર્શાવ્યા છે. જેથી લોકો ધ્યાનથી નસીહત પકડી શકે."

આ ઉદાહરણોનો એ જ હેતુ છે કે, લોકો વાતને જલ્દીથી સારી રીતે સમજી શકે. વાત બુધ્ધિમાં જલ્દીથી આવી જાય. કોઈ મતલબ છૂપો હોય તો તે જાહેર થઈ જાય. કોઈ વસ્તુની મોટાઈ અને મહત્વતા દર્શાવવી હોય કે કોઈ વસ્તુની તુચ્છતા વર્ણન કરવી હોય તો તે પણ સારી રીતે થઈ જાય.

એટલા જ માટે તુચ્છ વસ્તુઓનો પણ ઉદાહરણમાં રજૂ કરી, જેથી જે વસ્તુની તુચ્છતા દર્શાવવી હોય, તેમની તુચ્છતા અને કમઝોરી સ્પષ્ટ થઈ જાય. મચ્છર, માંખ અને કરોડિયા જેવી નાની અને કમઝોર મખ્લૂકનું ઉદાહરણ શિર્ક (ભાગીદારી) જેવી અત્યંત ખરાબ વસ્તુ માટે આપવામાં આવ્યુ, જેથી શિર્કની તુચ્છતા લોકો સમક્ષ આવી જાય.

મતલબ કે બુધ્ધિમાન વ્યક્તિ જ્યારે આ ઉદાહરણોને વાંચે-સાંભળે છે, અને તેમાં ચિંતન-મનન કરે છે, તો તેની હિદાયત અને યકીનમાં વધારો થાય છે. અને વિરોધકર્તાને આ ઉદાહરણોથી કોઈ લાભ થતો નથી, બલ્કે તેની ગુમરાહીમાં વધારો થાય છે.

કુર્આન શરીફમાં ઘણી બધી વસ્તુઓના વિવિધ પ્રકારે ઉદાહરણો આપવામાં આવ્યા છે. જેમાંથી અમૂકના ફક્ત શિર્ષકો રજૂ કરૂં છું.

૧. મુનાફિકોના ઉદાહરણો
૨. મુસલમાનો માટે ઉદાહરણો
૩. કાફિરો તથા મુસલમાનો માટે ઉદાહરણો
૪. દુન્યવી જીવનનું ઉદાહરણ
૫. અલ્લાહપાક સિવાય બીજાને ખુદા માનનારાઓનું ઉદાહરણ
૬. કાફિરોના કામો (કૃત્યો)નું ઉદાહરણ
૭. ગુનેહગારોનું ઉદાહરણ
૮. તૌહીદ અને રિસાલતનો ઈન્કાર કરનારાઓનું ઉદાહરણ

૯. શિર્કના વિરૂધ્ધ ઉદાહરણો
૧૦. નાદાર ગુલામ અને શરીફ માલદારનું ઉદાહરણ
૧૧. સાચા અને જૂઠા મઅબૂદ (પૂજ્ય)નું ઉદાહરણ
૧૨. કુર્આન શરીફમાં ચિંતન ન કરનારાઓનું ઉદાહરણ
૧૩. આકાશી કિતાબો ઉપર અમલ ન કરનારાઓનું ઉદાહરણ
૧૪. કુર્આન શરીફનો ઈન્કાર કરનારાઓનું ઉદાહરણ
૧૫. બદગુમાની અને ગીબત-ચૂગલી કરનારાઓનું ઉદાહરણ
૧૬. ઈમાન અને કુફ્રનું ઉદાહરણ
૧૭. જૂઠ બોલનારાઓનું ઉદાહરણ
૧૮. પૂજ્ય (મઅ્બૂદ) અને પૂજક (આબિદ)ની લાચારી દર્શાવતુ ઉદાહરણ
૧૯. કાફિરોનું ઉદાહરણ
૨૦. અલ્લાહપાકના રસ્તામાં ખર્ચ કરનારાઓનું ઉદાહરણ
૨૧. સદકાને દંભ-દેખાડાથી બરબાદ કરનારાઓનું ઉદાહરણ
૨૨. નેકી સિવાયના કામોમાં ખર્ચ કરનારનું ઉદાહરણ
૨૩. મુશ્રિક અને તૌહીદવાળાનું ઉદાહરણ
૨૪. હઝરત લૂત અલયહિસ્સલામ અને હઝરત નૂહ અલયહિસ્સલામની પત્નિઓનું ઉદાહરણ
૨૫. હઝ. મરયમ અને હઝ. આસિયહ (ફિરઔનની પત્ની)નું ઉદાહરણ.

હઝ. અબૂ હુરૈરહ (રદી.) નોંધે છે કે, આપ (સલ.)એ ઈર્શાદ ફરમાવ્યો કે, કુર્આનમાં પાંચ પ્રકારની આયતો ઉતરી છે. (૧) હલાલ કરતી આયતો (વિધિ) (૨) હરામ કરતી આયતો (નિષેધ) (૩) સુસ્પષ્ટ આયતો (૪) રૂપકો (૫) ઉદાહરણો. એટલે હલાલને શીખો અને હરામથી બચો. સુસ્પષ્ટ આયતોનું અનુસરણ કરો, રૂપકો પર આસ્થા રાખો અને ઉદાહરણોથી બોધપાઠ પ્રાપ્ત કરો. *(બયહકી : અલ્ બુરહાનુ ફી ઉલુમિલ કુર્આન : ૪૮૬)*

અલ્લામા માવરદી (રહ.)એ ફરમાવ્યું કે, કુર્આન વિષયક જ્ઞાનમાં ઉદાહરણોનું જ્ઞાન બહુ મહત્વપૂર્ણ જ્ઞાન છે, અને લોકો તેનાથી ગાફેલ છે.

તેઓ ઉદાહરણને તો જાણે છે, પરંતુ જે હેતુ માટે ઉદાહરણ ટાંકવામાં આવે છે, તેને લોકો નથી જાણતા. જો કે ઉદાહરણને તેના હેતુ વગર સમજવાની કોશિશ કરવી તે લગામ વગરનો ઘોડો દોડાવવા જેવો છે.

હઝરત ઈમામ શાફિઈ (રહ.)એ ફરમાવ્યું કે, "મુજતહિદ (ઈસ્લામી કાયદાશાસ્ત્રી) માટે જે વિદ્યાઓ પ્રાપ્ત કરવી જરૂરી છે, તેમાં ઉદાહરણોની વિદ્યા પણ છે." *(અલ્ બુરહાન : ૪૮૬)*

શેખ ઈઝ્ઝુદ્દીન ઈબ્ને અબ્દુસ્સલામ ફરમાવે છે કે, "અલ્લાહ તઆલાએ પોતાની વાણીમાં ઉદાહરણો બોધપાઠ માટે વર્ણવ્યા છે."

ઉદાહરણોનો આશય એ છે કે, મુરાદ (અભિપ્રેત અર્થ)ને બુદ્ધિથી એવી રીતે નજીક કરી દેવામાં આવે કે તે અમૂર્ત (વૈચારિક) દરજ્જાથી આગળ વધી સાંભળનારના મનમાં મૂર્ત (ભૌતિક) સ્વરૂપ અપનાવી લે. જો તેના અર્થમાં કોઈ અસ્પષ્ટતા હોય તો તે પણ દૂર થઈ જાય, જો કોઈ વસ્તુની મહાનતા દર્શાવવી હોય તો તેની વાસ્તવિક મહાનતા ઉભરી આવે, જો કોઈ વસ્તુની હીનતા પ્રગટ કરવી હોય તો તે પણ પ્રગટ થઈ જાય. જો કોઈ વસ્તુની શક્તિ કે (તેની શાશ્વતી અથવા) અશક્તિ (કે ક્ષણભંગુરતા) દર્શાવવાની હોય તો તે પણ સારી રીતે સાંભળનારના મનમાં બેસી જાય.

એટલે જ અલ્લાહ પાકે અહેસાન-ઉપકાર તરીકે ઈર્શાદ ફરમાવ્યો : "(હે માનવીઓ !) અમે તમારા ખાતર ઉદાહરણો ટાંક્યા (અને આમ કરી તમારા પર ઉપકાર કર્યો)."

અલ્લામા ઝરકશી (રહમતુલ્લાહ અલયહ) અલ્ બુરહાનમાં ફરમાવે છે : "ઉદાહરણોના આશયોમાંથી એક આશય મુદ્દાની સ્પષ્ટતા છે, અને આ શરીઅતની વિશેષતાઓમાંથી એક છે. અલ્લામા ઝમખ્શરી (રહ.) ફરમાવે છે કે, ઉદાહરણ શબ્દાર્થ કે હકીકતને સ્પષ્ટ કરવા માટે ટાંકવામાં આવે છે. જે વસ્તુનું ઉદાહરણ આપવામાં આવે છે, જો તે મહાન હોય છે તો ઉદાહરણ પણ તે જ રીતે મહાનતાવાળું હશે, અને જો તે વસ્તુ હીન (વામન) હશે તો ઉદાહરણ પણ હીનતાવાળું હશે. પરંતુ આ મહાનતા તથા

હીનતા સ્વયં ઉદાહરણ માટે નથી હોતી, બલ્કે જેના માટે ઉદાહરણ આપવામાં આવ્યું હોય તેના માટે હોય છે. સત્ય સ્પષ્ટ હોય છે, એટલે તેનું ઉદાહરણ પ્રકાશ (તેજ)થી આપવામાં આવે છે. અને અસત્ય અસ્પષ્ટ હોય છે, એટલે તેનું ઉદાહરણ અંધકાર (તિમિર)થી આપવામાં આવે છે. એટલે કુફ્ર (અલ્લાહ તઆલાના ઈન્કાર)ની વૈચારિક કમજોરી દર્શાવવા કરોડિયાના જાળાને ઉદાહરણ તરીકે કુર્‌આને રજૂ કર્યું. તેની પર મક્કાના અનેક દેવપૂજકો કે મદીનાના યહૂદીઓએ વાંધો ઉઠાવ્યો કે, અલ્લાહપાક આવી તુચ્છ વસ્તુને ઉદાહરણ તરીકે રજૂ નથી કરી શકતા. કારણ કે તે તો મહાન છે.

અલ્લામા ઉષમાની (રહમતુલ્લાહ અલયહ) આ શંકાનું સમાધાન કરતાં ફરમાવે છે કે, આમાં કોઈ શરમની વાત નથી કે, અલ્લાહપાક માખી, મચ્છરનું ઉદાહરણ આપે. કારણ કે ઉદાહરણનો મકસદ સ્પષ્ટતા કરવાનો હોય છે. કોઈ વસ્તુને મહાન કે હીન ચીતરવાનો નહીં. અને આ મકસદ ત્યારે જ પૂરો થશે, જ્યારે ઉદાહરણ આપવામાં આવી રહ્યું છે, તેની વચ્ચે પૂરેપૂરી સુસંગતતા હોય. જેના માટે ઉદાહરણ આપવામાં આવી રહ્યું છે, જો તે હીન હોય તો ઉદાહરણ પણ હીન હોવું જોઈએ. નહીંતર ઉદાહરણ વ્યર્થ સમજવામાં આવશે. હા, જો ઉદાહરણમાં નિયમ એ હોતે કે ઉદાહરણ અને ઉદાહરણ આપનાર વચ્ચે સુસંગતતા જરૂરી છે, તો મૂર્ખાઓનો આ વાંધો યોગ્ય હોતે. પરંતુ આનો તો કોઈ મૂર્ખ પણ કાયલ નહીં હશે. તૌરાહ્, ઈન્જીલમાં એવા પુષ્કળ દૃષ્ટાંતો જોવા મળે છે. તેની વિરૂદ્ધ કહેવું કાફિરોની હઠ તથા બેવકૂફી છે.

આગળ સૂરહ અન્કબૂતની જે આયત નોંધી છે, તેની પહેલાં કુર્‌આને કરોડિયાનું ઉદાહરણ આપ્યું છે. ત્યાર બાદ તે આયત આવેલી છે. સારાંશ કે ઉદાહરણો મુદ્દા સાથે પૂરેપૂરી સુસંગત છે. પરંતુ સમજદાર લોકો જ તેનો અર્થ સમજી શકે છે. અજ્ઞાનીઓ શું જાણે ?

કેટલાક વિદ્વાનોથી નોંધવામાં આવ્યું છે કે, જ્યારે હું કુર્‌આને કરીમનું કોઈ ઉદાહરણ સાંભળું છું, અને તેને સમજી નથી શકતો, તો પોતાની જાત

પર રડું છું. એટલા માટે કે અલ્લાહ તઆલા ફરમાવે છે કે, આ ઉદાહરણોને વિદ્વાનો જ સમજે છે (બીજા શબ્દોમાં કહું તો જ્યારે હું તેને સમજી નથી શકતો, ત્યારે એવું લાગે છે કે હું અજ્ઞાની છું).

રબીઅ્ બિન અનસ (રહ.) ફરમાવે છે કે, મચ્છરનું ઉદાહરણ અલ્લાહ તઆલાએ દુન્યા માટે વર્ણવ્યું છે. મચ્છર જ્યાં સુધી ભૂખ્યો રહે છે, જીવતો રહે છે, અને જ્યારે ખાઈને જાડો થઈ જાય છે, તો મરી જાય છે. એવી જ રીતે દુનિયાદારો (સંસારીઓ) દુન્યાથી પેટ ભરી લે છે ત્યારે અલ્લાહપાક તેઓને પકડી લે છે, પછી તેઓનો વિનાશ થઈ જાય છે.

અમુક વિદ્વાનો કહે છે કે, કુર્આનના ઉદાહરણોથી ઘણી બધી વાતોનો ફાયદો મળે છે. દા.ત. કોઈ બોધવચન મળે છે કે, કોઈ સારા કામ માટે પ્રોત્સાહન મળે છે. કોઈ વાત પર ભાર આપવામાં આવે છે, વાક્યનું અર્થ-ઘટન સંબોધિત સમક્ષ સ્પષ્ટ થાય છે, વૈચારિક બાબતને વ્યવહારિક સ્વરૂપ મળે છે. એટલા માટે કે ઉદાહરણો અમૂર્તને મૂર્ત સ્વરૂપ આપે છે. એટલે કે ઉદાહરણ અપ્રત્યક્ષ (ગાઈબ)ને પ્રત્યક્ષ (હાઝિર) બનાવી દે છે. કુર્આનના ઉદાહરણો નિંદા માટે, પ્રસંશા માટે, મહાનતા કે હીનતા દર્શાવવા માટે, સત્યના મંડન અને અસત્યના ખંડન માટે આપવામાં આવે છે.

ઈમામ અબુલહસન માવરદી (રહ.) જેઓ શાફિઈયોના મોટા વિદ્વાનો -માંથી છે. તેઓએ ઉદાહરણોના વિષયે એક પૂરી કિતાબ લખી છે. જેનું નામ "અમષાલુલ કુર્આન" (કુર્આનના ઉદાહરણો) છે.

ઈમામ ઝમખ્શરી (રહ.) કહે છે કે, ઉદાહરણની રીત અપનાવવાનો મકસદ માત્ર એ છે કે, અર્થઘટન સ્પષ્ટ કરી દેવામાં આવે અને અગમ્યને ગમ્ય બનાવવામાં આવે. એટલે જ જેના માટે ઉદાહરણ ટાંકવામાં આવે છે, તે મહાન હોય તો ઉદાહરણ પણ મહાન હશે અને જેના માટે ઉદાહરણ ટાંકવામાં આવે છે, તે જો તુચ્છ (વામન) હોય તો ઉદાહરણ પણ તુચ્છ હશે.

કુર્આન શરીફ અને અન્ય આકાશી ધર્મગ્રંથોમાં ઉદાહરણોનો પુષ્કળ પ્રયોગ કરવામાં આવ્યો છે. નવો કરાર ઉદાહરણોથી ભર્યો પડ્યો છે.

તેમજ અલ્લાહપાકના રસૂલ (સલ.) અને અન્ય બુધ્ધિમાનોની વાણીમાં ઉદાહરણોનો પુષ્કળ પ્રયોગ જોવા મળે છે.

ઉદાહરણોના અભ્યાસથી એ પણ જાણવા મળે છે કે, ઉદાહરણો કેવી રીતે દલીલ બને છે. અને ક્યા હેતુઓ માટે તેમજ કેવા પ્રકારની માનસિકતા -વાળાઓને સમજાવવા માટે ઉદાહરણની શૈલી અપનાવવામાં આવી છે. દા.ત. અનેકેશ્વરવાદની માન્યતાની કમજોરી દર્શાવવા માટે કરોડિયાનું ઉદાહરણ આપવામાં આવ્યું. અથવા દિલ, દિમાગ, આંખ, કાન હોવા છતાં સત્યનો સ્વીકાર નહીં કરનારાઓને ઢોરો જેવા બલ્કે તેનાથી પણ ઉતરતી કક્ષાના જણાવવામાં આવ્યા. અથવા દા.ત. અલ્લાહ તઆલાના માર્ગમાં માલ ખર્ચ કરવાના સારા પરિણામોને એક બી માંથી ઉગેલા સાત ડૂંડા અને દરેક ડૂંડાથી નીકળેલા સો દાણાં સાથે સરખાવવામાં આવ્યા છે. અથવા દા.ત. ગીબત (નિંદા-કુથલી)ની ભ્રત્સના કરવા માટે તેને મરી ગયેલા ભાઈનું માંસ ખાવા જેવું કહ્યું. અથવા સહાબાએ કિરામની પ્રસંશા માટે તેઓને મજબૂત થડ પર ઉભેલી ખેતી સમાન દર્શાવ્યા. બીજી બાજુ એક વ્યક્તિ બલ્અમ્ બિન બાઉરાની નિંદા કરવા માટે તેને હાંફતા કૂતરા જેવો કહ્યો છે. તેની પાસે આકાશી ગ્રંથનું જ્ઞાન હતું, પરંતુ તેણે આખિરતના બદલે દુન્યા (સંસારિક સુખ)ને પ્રાથમિકતા આપી.

દેખીતી વાત છે કે, કુર્આનનો અભ્યાસ કરનારની સામે જ્યારે આ ઉદાહરણો આવે છે, તો તે દરેક સ્થાને તે મુદ્દાને સમજવા માંગે છે, જે તે સ્થાને વર્ણવેલા ઉદાહરણથી દર્શાવવામાં આવી રહ્યો છે.

ઉદાહરણો ધર્મપ્રચારમાં પણ બહુ ફાયદાકારક સાબિત હોય શકે છે. કારણ કે દરેક ભાષામાં મનની વાત વ્યક્ત કરવા માટે ઉદાહરણોના ઉપયોગની શૈલી પ્રચલિત છે.

અલ્લામા સય્યિદ સુલયમાન નદવી (રહ.) ફરમાવે છે કે, પયગમ્બરો અને બુધ્ધિવાનોએ બધી દલીલ પધ્ધતિઓથી વધારે આ ઉદાહરણોથી કામ લીધું છે. કારણ કે આ તાર્કિક દલીલોથી વધારે ગ્રાહ્ય તથા અસરકારક હોય

છે. એટલે જ કુર્આનમાં પણ ઘણાં બધા ઉદાહરણો ટાંકવામાં આવ્યા છે. બુધ્ધિમંતોના નાના વાક્યો, સાહિત્યકારોના માર્મિક વચનો લોકોની જીભે ચઢી જાય છે, તો તેનું કારણ એ જ છે કે, તેમાં ઉદાહરણો ટાંક્યા હોય છે.

નોંધ : દરેક ઉદાહરણ પોતાની ઉપર નીચેની આયતો સાથે વિશેષ સબંધ ધરાવે છે. ફક્ત ઉદાહરણવાળી આયતથી ઉદાહરણ સારી રીતે સમજમાં આવી શકતું નથી. માટે ઉદાહરણવાળી આયતો સાથે તેમની ઉપર નીચેની આયતોનો ભાવાર્થ સમજાવવાની કોશિશ કરી છે. જેથી આ ઉદાહરણો-દાખલાઓ સારી રીતે સમજમાં આવી શકે. આ બધા જ ઉદાહરણો મોઅતબર અરબી-ઉર્દુ અને ગુજરાતી તફસીરોમાંથી લીધા છે. તથા ''અમ્ષાલુલ્કુર્આન''ના વિષયને લગતી કિતાબોમાંથી પણ મદદ લીધી છે.

આ પહેલા બીજા વિષયો અકાઈદ, મસાઈલ, અલ્લાહપાકની નેઅમતો અને માનવંત નબીઓના કિસ્સાઓ બાબતે કિતાબો લખી ચૂક્યો છું.

આભાર :

આ મુબારક અવસરે કિતાબના અતિ મહત્વ અને બોજદાયક કામ પ્રૂફ રીડીંગ માટે હંમેશની જેમ પરિશ્રમ કરનાર અઝીઝમ મવલાના રશીદઅહમદ મનુબરી સાહબનો અંતઃકરણથી આભાર વ્યક્ત કરૂં છું. અને દુઆ ગુઝારૂં છું કે, અલ્લાહ તઆલા એમની દીની-દુન્યવી બધી જ જરૂરતો પૂર્ણ ફરમાવે, દારૈનમાં એમને બેહતરીન બદલો આપે, આમીન.

આ સાથે કોમ્પ્યુટર ઓપરેટર જનાબ ઐયુબભાઈ ભાડભૂતવાળાને પણ ભૂલી શકતો નથી કે, પ્રૂફ અને પુસ્તકના સંપાદનમાં નવો ઉમેરો તથા ક્રમમાં થતા ફેરફારને તેમણે વ્યવસ્થિત રીતે ગોઠવી કિતાબની સુંદરતામાં વધારો કર્યો. અલ્લાહપાક દારૈનમાં એમને બેહતરીન બદલો આપે, આમીન. બિહુરમતિ સય્યિદિલ મુરસલીન સલ્લલ્લાહુ તઆલા અલયહિ વસલ્લમ.

❋ કાફિર શબ્દની ચોખવટ ❋

''કાફિર'' એ અરબી ભાષાનો શબ્દ છે. અરબી ભાષાની આધારભૂત ડિક્ષનરીઓમાં તેનો ભાવાર્થ છુપાવવું-સંતાડવુ અને આવરણ નાંખવું થાય છે. એટલા જ માટે રાત માટે પણ કાફિર શબ્દ વપરાય છે. કારણ કે તે પણ અંધકારમાં લોકોને છુપાવે છે. ખેડૂત માટે પણ 'કાફિર' શબ્દ પ્રયોજાયો છે. કારણકે તે પણ જમીનની અંદર બીજને સંતાડે છે. સમુદ્ર તથા અંધકારમય વાદળો માટે પણ કાફિર શબ્દ વપરાયો છે. કોઈ વસ્તુ સંતાડવા માટે પણ કાફિર શબ્દ વપરાયો છે. જેમકે અરબ લોકો પોતાના હથિયાર કપડાંમાં સંતાડતા હતા. તેના માટે એક વાક્ય પ્રચલિત હતું : كفر درعه بثوبه *(મુફરદાતુલ્કુર્આન : પેજ-૫૫૯, ભાગ-૨, અલ્કામૂસુલ્મુહીત : પેજ-૬૦૫)* એ જ પ્રમાણે ઉપકાર કરનારના ઉપકારને ભૂલી જનાર માટે પણ 'કાફિર' શબ્દ વપરાય છે. કુર્આન શરીફમાં પણ ઉપકાર ભૂલી જનાર માટે કાફિર શબ્દ વપરાયો છે. *(મુફરદાતુલ્કુર્આન : પેજ-૫૫૯, ભાગ-૨, જમ્હરતુલ્લુગત : પેજ-૪૧૦, ભાગ-૨, લિસાનુલ્અરબ : પેજ-૧૪૪, ભાગ-૫)*

વિશ્વની દરેક ભાષાઓમાં એક શબ્દનો એક અસલ અર્થ હોય છે. અને તેનાથી અલગ અલગ પ્રકારના સબંધોને લઈ તેના વિભિન્ન અર્થો થાય છે. માટે અલ્લાહપાકના અપાર એહસાનો ઉપકારોને માનવી ભૂલી જઈ બીજાને પોતાનો સર્જનહાર-માલિક સમજે અથવા તેની સાથે સર્જનહાર જેવો વર્તાવ કરે, તો તેને માટે પણ અરબીમાં 'કાફિર' શબ્દ વપરાયો છે.

યહૂદી વિદ્વાનોને સંબોધતા કુર્આન શ.માં છે કે, ولا تكونوا أول كافر به *(સૂ.બકરહ-૪૧)* "તમો ઈસ્લામના સૌથી પહેલા ઈન્કાર કરનાર (કાફિર) ન બનો." એ જ પ્રમાણે હજ્જનું ફર્ઝ હોવાનું સાબિત કરતા જે તેને ફર્ઝ ન માને તેને પણ કફરના શબ્દથી યાદ કર્યો : ومن كفر فان الله غنى عن العالمين *(આલે ઈમ્રાન : ૯૭)* એ જ પ્રમાણે મક્કા મુકર્રમહના મૂર્તિપૂંજકો આખિરત (પરલોક)ની સજા અને બદલાનો ઈન્કાર કરતા હતા. તેમના ઈન્કારને કુર્આન શરીફમાં કાફિરના શબ્દથી પ્રયોજ્યો : وهم بالآخرة هم كافرون *(સૂરએ યૂસુફ : ૩૮)* આ બધી જ આયતોમાં કુફ્રનો અર્થ 'ઈન્કાર કરવો અને ન માનવો' થાય છે. એક આયતમાં છે કે, જ્યારે નર્કવાસીઓ (દોઝખીઓ) શયતાન ઉપર ગુસ્સે થશે તો શયતાન તેમના જવાબમાં ચતુરાઈથી કહેશે કે, તમે જે બીજા લોકોને અલ્લાહપાક સાથે ભાગીદાર માન્યા, તેનો હું ઈન્કાર કરૂં છું. انى كفرت بما أشركتمونى من قبل *(સૂરહ ઈબ્રાહીમ-૨૨)* આ આયતમાં શયતાનના ઈન્કાર માટે કુફ્રનો શબ્દ વપરાયો છે.

એ જ પ્રમાણે હઝરત મૂસા (અલયહિસ્સલામ)એ ઈજીપ્તવાસીઓને અલ્લાહ તઆલાનો પયગામ પહોંચાડયો, તેના જવાબમાં ઈજીપ્તવાસીઓએ આપના પયગામને માનવાનો ઈન્કાર કરી તેને જાદુથી સંબોધ્યો. અને કહ્યું કે, હમો તમારા પયગામથી કાફિર (ઈન્કારી) છે. ولما جائهم الحق قالوا هذا سحر وانا به كافرون *(સૂરહ ઝુખરૂફ-૩૦)*

એ જ રીતે મક્કા મુકર્રમહના કાફિરો જેમને સૌપ્રથમ કુર્આન શરીફમાં સંબોધવામાં આવ્યા. અને કાફિરનો શબ્દ પણ તેમના માટે વાપરવામાં આવ્યો હતો. તે મક્કાવાસીઓ પોતે પણ પોતાના માટે કાફિરનો શબ્દ વાપરતા હતા. જેમકે એક આયતમાં છે : انا بما أرسلتم به كافرون *(સૂરહ ઝુખરૂફ-૨૪)* અર્થાત્ હમો તમારી ઈસ્લામની દઅવતના ઈન્કારી છીએ.

આ આયત 'કાફિર' શબ્દ ઉપર વાંધો ઉઠાવનારા લોકોને ચોંકાવનારી છે. આ આયતમાં કુર્આન તેમના માટે કાફિરનો શબ્દ નથી વાપરતું, બલ્કે તે લોકો પોતાના માટે કાફિરનો શબ્દ સ્વજાતે વાપરે છે. જો એ અપમાનજનક

ગાળ હોતે તો કોણ બેવકૂફ છે, જે પોતાના માટે અપમાનજનક શબ્દ ઘમંડ સાથે વાપરે. જ્યારે કે મક્કાવાસીઓએ આ જવાબ ઘમંડ અને ફખ્રના મોકાસર વાપર્યો હતો. એ જ પ્રમાણે ઉપરની આયતોમાં ઈજીપ્તવાસીઓ તથા શયતાન પણ પોતાના માટે આ શબ્દ દલીલરૂપી વાક્યમાં વાપરી રહ્યા છે.

અને સૌથી વધુ ગળે ઉતરતી વાત તો એ છે કે, જ્યારે કુર્આન શરીફની આયતો નાઝિલ થઈ રહી હતી, ત્યારે મક્કાવાળાઓ તેના જવાબમાં કોઈ ન કોઈ આક્ષેપ કે ટીપ્પણી કરતા હતા. પરંતુ કદી પણ તેમણે કાફિર શબ્દ વિશે વાંધો ઉઠાવ્યો નથી. ત્રેવીસ (૨૩) વર્ષો સુધી લગાતાર કુર્આન શરીફ ઉતરતુ રહ્યું. અને કુર્આન શ.માં આ કુફ્ર તથા કાફિરનો શબ્દ કુલ ચારસો ચોરાણુ (૪૯૪) વખત વપરાયો છે. છતાં એક વખત પણ તેનો વિરોધ ન કરવો, બલ્કે કુર્આન અને ઈસ્લામનો ઈન્કાર કરી પોતાના માટે કાફિર શબ્દ ઘમંડથી ઉચ્ચારવો એ વાતની દલીલ છે કે, તે પોતે પોતાની માતૃભાષાના શબ્દપ્રયોગોને સારી રીતે જાણતા હતા. અને પોતે મોકાસર તેનો પ્રયોગ પણ કરતા હતા.

ઉપરોક્ત કુર્આનિક હવાલાઓથી માલુમ પડે છે કે, ''કાફિર'' શબ્દ કોઈપણ રીતે અપમાનજનક શબ્દ નથી, બલ્કે ગુણવાચક શબ્દ છે. છતાં ઉલમાએ કિરામે લખ્યુ છે કે, જો કોઈને 'કાફિર' શબ્દના સંબોધનથી તકલીફ પહોંચતી હોય તો તેને એ પ્રમાણે સંબોધવામાં ન આવે. અને જો તે છતાં સંબોધશે, તો ગુનેહગાર થશે. ولوقال لذمى"ياكافر"يأثم ان شق عليه (الاشباه والنظائر ج/٢،ص/ ٢٥٧)

પરંતુ આ માનવી તરફથી માનવીને સંબોધન બાબત છે. જ્યાં સુધી કુર્આન શરીફમાં તેનો પ્રયોગ થયો છે, તો તે માનવી તરફથી સંબોધન નથી, બલ્કે સર્વશક્તિમાન અને મહા ઉપકારક અલ્લાહપાકના તરફથી પોતાના તે બંદાઓને સંબોધન છે. જેમને તેણે પયદા કર્યા, નિર્જીવથી સજીવ બનાવ્યા. અને માંના પેટથી લઈ કબરના પેટ સુધી તેમની સઘળી જરૂરતો પૂરી

પાડી. ધરતી, આકાશ, પાણી, હવા, નદી, ઝરણા અને સમુદ્રો, ફુલછોડ અને વનસ્પતિ, પશુ-પંખીઓ, જંગલો, પહાડો, રાત-દિવસ, સૂર્ય-ચંદ્ર વગેરેને તેમની સેવા માટે ખડે પગે રાખ્યા છે.

માનવીના સર્જન વિશે વર્ણન કરતા ફરમાવ્યું કે, "ધિક્કાર છે માનવી ઉપર, સત્યનો કેવો કટ્ટર ઈન્કાર કરનારો છે. અલ્લાહપાકે તેને કઈ વસ્તુમાંથી પેદા કર્યો છે. વિર્યના એક બિંદુમાંથી અલ્લાહપાકે તેને પેદા કર્યો છે. પછી તેની તકદીર બનાવી, પછી તેના માટે જીવનમાર્ગ સરળ બનાવ્યો, પછી તેને મૃત્યુ આપ્યુ, અને કબરમાં પહોંચાડયો. પછી જ્યારે ઈચ્છે ત્યારે તેને ફરી ઉભો કરી દે. કદાપી નહી, તેણે તે ફરજ અદા નથી કરી, જેનો તેને અલ્લાહપાકે આદેશ આપ્યો હતો. *(૮૦:૧૭–૨૩)*

બધા જ ધર્મોમાં અન્યધર્મીઓ માટે અલગ અલગ શબ્દ વપરાયો છે. યહૂદી અને ખ્રિસ્તી ધાર્મિક પુસ્તકોમાં અન્યધર્મીઓ માટે અલગ શબ્દો વપરાયા છે. હિંદુ ધાર્મિક પુસ્તકોમાં અન્યધર્મીઓ માટે મલચ્છ અને ચંડાલના શબ્દો જે ભાષાકિય દ્રષ્ટિએ અપમાનજનક છે, તે વપરાયા છે. છતાં મુસ્લિમો આ શબ્દો ઉપર વાંધો ઉઠાવતા નથી.

કોઈ અકીદા અને માન્યતાની દ્રષ્ટિએ પોતાને એક સર્વશક્તિમાન અલ્લાહપાકનો ફરમાંબરદાર અને આજ્ઞાંકિત નથી માનતો, તેને 'કાફિર'ની જગ્યાએ જબરદસ્તી મુસ્લિમ કહેવો કોઈપણ રીતે યોગ્ય નથી. જેમકે એક વ્યક્તિ પોતાને હિંદુ માન્યતાઓ-શ્રધ્ધાઓ પ્રમાણે હિંદુ કહેવા તૈયાર ન હોય છતાં તેને જબરદસ્તી હિંદુ કહી શકતા નથી. ચાહે અમુક હિંદુ ભાઈઓ શિખો અને જૈનોને હિંદુ કહે છે જ્યારે કે શિખો અને જૈનો પોતાને હિંદુ કહેવાનો ઈન્કાર કરે છે.

(૧) મુનાફિકોના ખરાબ કૃત્યો

وَاِذَا قِيۡلَ لَهُمۡ اٰمِنُوۡا كَمَاۤ اٰمَنَ النَّاسُ قَالُوۡۤا اَنُؤۡمِنُ كَمَاۤ اٰمَنَ السُّفَهَآءُ ؕ
اَلَاۤ اِنَّهُمۡ هُمُ السُّفَهَآءُ وَلٰكِنۡ لَّا يَعۡلَمُوۡنَ ۝١٣ (બકરહ:૧૩)

અને કેટલાંક એવા પણ લોકો છે કે જેઓ (માત્ર મોઢે) કહે છે કે અમે અલ્લાહ તઆલા પર અને આખિરતના દિવસ પર ઈમાન લાવ્યા છીએ પણ તેઓ મોમિન જ નથી. (૮)

સૂરતની શરૂઆતથી અહીં સુધી અલ્લાહપાકે ત્રણ પ્રકારના લોકોનું વર્ણન કર્યું. આગલી ચાર આયતોમાં પાકા મુઅમિનોનું, તે પછી બે આયતોમાં કટ્ટર કાફિરોનું વર્ણન કર્યું અને અત્રેથી તેર આયતો સુધી મુનાફિકોનું વર્ણન કરવામાં આવ્યું. જ્યારે પણ અલ્લાહ તઆલાના તરફથી કોઈ રસૂલ કે નબી માર્ગદર્શક બની દુનિયામાં પધાર્યા; ત્યારે સામાન્ય રીતે એ જ પ્રમાણે ત્રણ પ્રકારના લોકો થતા આવ્યા છે. પહેલા પ્રકારના તે લોકો છે, જેઓ અલ્લાહના એલચીને સાચા જાણી તેઓ પર ઈમાન લાવ્યા, એ લોકો જ મુત્તકીઓ અને મુઅમિનો છે. બીજા પ્રકારના તે લોકો છે, જેઓ નબી કે રસૂલના સખત વિરોધી બની વહી કે ઈલ્હામને તદ્દન માનતા જ નથી. ત્રીજા પ્રકારના તે ચાલબાઝ લોકો છે, જેઓ પોતાના ખોટા સ્વાર્થની ખાતર કે ડરી જઈને જાહેરમાં તેમના જેવા બની પોતાને અનુયાયી કે સેવક બતાવે છે; પરંતુ વિરોધીઓ સાથે પણ મેળાપ રાખી એક હાથ દૂધમાં અને બીજો હાથ દહીંમાં રાખી સ્વાર્થ સાધવા પ્રયત્નો કરે છે. શરીઅતમાં એવા લોકોને મુનાફિક કહે છે.

મુનાફિકો તે સ્વાર્થી લોકો હતા, જે જાહેરમાં ઈસ્લામ સ્વિકાર કરી અંદરથી મુસ્લિમ સમાજને કોરી ખાવાનો પ્રયાસ કરતા હતા.

અમૂક તે મુનાફિકો પણ હતા, જે મુસ્લિમ સમાજથી ઘેરાયેલ હોવાને લઈ પોતાના હિતોના રક્ષણ માટે જ પોતાને મુસ્લિમ જાહેર કરતા હતા. અને ગુપ્ત રીતે દુશ્મનો સાથે સંકળાયેલા હતા.

મુનાફિકોનો એક વર્ગ તે પણ હતો, જે હજુ સુધી ઈસ્લામ અને કુફ્ર વચ્ચે શંકાઓમાં ઘેરાયેલો હતો. તેમને ઈસ્લામની સચ્ચાઈ વિશે પૂરેપૂરો વિશ્વાસ ન હતો. અમૂક લોકો તે હતા, જે ઈસ્લામ પ્રત્યે શ્રધ્ધા અને વિશ્વાસ તો ધરાવતા હતા, પરંતુ વ્યક્તિગત મહત્વકાંક્ષા, રૂઢિગત માન્યતાઓ અને અંધશ્રધ્ધા વગેરે છોડી ઈસ્લામી અકીદાઓ મુજબ જીવન જીવવામાં સંકોચ અનુભવતા હતા.

આ પ્રકારના બધા જ મુનાફિકો અનેક રીતે ફસાદ મચાવી વાતાવરણ ગંદુ કરતા હતા. રોજ રોજ કંઈક નવી જ વાતો વહેતી કરતા. મુશ્રિકો ઈસ્લામ વિરૂદ્ધ જે વાતો કરતા, તેનો ખૂબ પ્રચાર કરતા હતા અને જ્યારે કંઈ કહેવામાં આવતુ તો કહેતા કે, હમો તો સુલેહ-સમાધાન માટે આવુ કરીએ છીએ. તેમણે મક્કારી કરી તો તેમની મક્કારી પ્રમાણે તેમને મુસલમાન સમજવામાં આવ્યા. તે એવુ સમજ્યા કે, અમે મુસલમાનોને બેવકૂફ બનાવી રહ્યા છે. હાલાંકે તે પોતે જ પોતાને બેવકૂફ બનાવી રહ્યા હતા. આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને તેમની બધી જ બદમાશી અને શરારતની ખબર પડતી હતી. અને અલ્લાહપાકે વહી મારફતે આપને બધી જ જાણ કરી દીધી હતી. તેમાંથી ઘણી બાબતોની કુરૂઆન શરીફમાં ખબર પણ આપવામાં આવી છે. અને એટલા જ માટે તેમના વિવિધ પ્રકારો (કટ્ટર મુનાફિકો, સામન્ય મુનાફિકો) તથા વિવિધ અમલોના હિસાબે તેમના માટે અલગ-અલગ ઉદાહરણો પણ આપવામાં આવ્યા. તેમને ધમકાવવામાં આવ્યા કે, દરેક વસ્તુ અલ્લાહપાકની કુદરતના ઘેરામાં હોવાથી તેઓની એક દિવસ પકડ જરૂરથી થશે. જ્યારે ઈમાનવાળા અલ્લાહપાકની રોશનીથી નૂરમાં

હશે, ત્યારે એ અંધારાઓમાં ભટકતા રહેશે. તેમની રોશની થોડે દૂર જઈ ઓલવાઈ જશે. જેમ તેમણે જાહેરમાં ધોકો આપ્યો, તેમ થોડે દૂર રોશની મળશે અને પછી અચાનક ઓલવાઈ જશે.

તેઓ અલ્લાહથી તથા ઈમાનવાળાઓથી ચાલાકી કરે છે; પણ ખરું જોતાં તેઓ પોતાની જાત સિવાય કોઈને દગો દેતા નથી, અને તેઓને એનું ભાન જ નથી. (૯) તેમનાં દિલોમાં મહાન રોગ છે, ત્યારે અલ્લાહે તેમનાં રોગમાં ઔર વધારો કર્યો, અને તેઓ (ઈમાનનો દાવો કરી) જૂઠું બોલ્યા કરતા હતા; તેથી તેમને માટે દુઃખદાયક શિક્ષા છે. (૧૦)

દિલની બીમારીથી મતલબ શંકા અને નિફાક છે; કારણ કે જેવી રીતે શારીરિક બીમારીથી માણસ અશકત બની જાય છે, તેવી જ રીતે દીને ઈસ્લામમાં શંકા કરવાથી દિલ અને રૂહ નબળાં પડી જાય છે અને જેમ શરીરની બીમારી જિંદગી તથા મૌત વચ્ચેની એક હાલત છે; તેમજ નિફાક પણ કુફ્ર અને ઈસ્લામ વચ્ચેની હાલતનું નામ છે, તેથી જ નિફાકને બીમારી ફરમાવ્યું. વળી, મુનાફિકોનાં દિલ નિફાકના કારણે બીમાર તો હતાં જ, હવે જેમ જેમ કુર્આને કરીમની આયતો ઉતરતી ગઈ અને તેનો દિલથી ઈનકાર કરતા ગયા, તેમ તેમ તેમના નિફાકની બીમારીમાં દિન પ્રતિદિન વધારો જ થતો ગયો. વળી, ઈસ્લામી દબદબા તેમજ મુસલમાનોની ચઢતી જોઈને તેમની અદેખાઈની બીમારી ઓર વધી ગઈ. અને જ્યારે તેમને કહેવામાં આવે છે કે પૃથ્વી પર ફસાદ ફેલાવો નહિ, ત્યારે તેઓ કહે છે કે અમે જ તો સુધારકો છીએ. (૧૧)

મુનાફિકો અનેક રીતે ફસાદ મચાવતા હતા. મનેચ્છાઓમાં તલ્લીન અને શરીઅતના હુકમોની તાબેદારીમાં સુસ્ત હોવા ઉપરાંત કાફિરો અને મુસલમાનો બન્નેમાં પોતાનો માન-મોભો વધારવા માટે સૌથી મળી એકને બીજાની વાતો પહોંચાડતા રહેતા. શરીઅતની બાબતો પર કાફિરો જે ખોટી શંકાઓ કરતા, તેનો એ હેતુથી ખૂબ પ્રચાર કરતા કે કમજોર ઈમાનવાળા વિમાસણમાં પડી જાય. આમ છતાં જો તેઓને બોધરૂપે કંઈ કહેવામાં આવતું

તો જવાબ આપતા કે દીને ઇસ્લામના કારણે દેશમાં અને કૌમોમાં જે વિરુદ્ધતા અને દુશ્મનાવટ વધી ગઇ છે, તેને નષ્ટ કરવાની કોશિશ કરીએ છીએ.

યાદ રાખો ! બેશક એ લોકો જ ફસાદી છે, પરંતુ તેઓ સમજતા નથી. (૧૨) અને જ્યારે તેમને કહેવામાં આવે છે કે જેમ બીજા લોકો ઇમાન લાવ્યા તેમ તમે પણ ઇમાન લાવો, ત્યારે તેઓ કહે છે કે શું આ મૂર્ખાઓ ઇમાન લાવ્યા તે માફક અમે પણ ઇમાન લાવીશું ? યાદ રાખો ! બેશક, એ લોકો જ મૂર્ખ છે, પણ તેઓ જાણતા નથી. (૧૩)

આ વાત તેઓ પોતાનાં દિલોમાં કહેતા યા તો માંહોમાંહે કહેતા. મુનાફિકોનું મુસલમાનોને બેવકૂફ ગણવાનું કારણ એ હતું કે તેઓ ઇસ્લામ પર દિલો જાનથી એવા ફિદા હતા, કે લોકોની વિરુદ્ધતાની કે તેના માઠા પરિણામની જરાયે પરવા કરતા ન હતા; પરંતુ મુનાફિકો વખતને અનુસરી પોતાની વર્તણૂક રાખતા. તેઓ જાહેરમાં મુસલમાનોને મળતા તેમજ કાફિરો સાથે પણ સંબંધ રાખતા હતા. આ પ્રમાણે ચાલબાઝી કરવાથી પોતાને બાહોશ સમજ્યા, પરંતુ ખરું જોતાં તેઓ મૂર્ખ હતા, કારણ કે દુનિયાની મસ્લિહતો અને સ્વાર્થની ખાતર તેમણે આખિરતનો કંઇ જ ખ્યાલ કર્યો નહિ. આખિરતને છોડી દઇ થોડા જ દિવસની દુનિયાને લેવી કેટલી બધી મૂર્ખતા છે ? બંદાઓથી ડરવું અને પોતાના માલિકથી નિર્ભય રહેવું કેટલી નાદાની છે ? આવી સ્પષ્ટ વાત સમજવાની એ મુનાફિકોમાં બુદ્ધિ નથી.

અને જ્યારે તે મુનાફિકો મુસલમાનોથી મળે તો કહે છે કે અમે મુસલમાન છીએ, પણ જ્યારે પોતાના શયતાનો પાસે એકાંતમાં હોય છે તો (તેઓને) કહે છે કે ખરી રીતે અમે તમારી સાથે જ છીએ. માત્ર, અમે તો તેમની મશ્કરી કરીએ છીએ. (૧૪)

શયતાનો એટલે શરારતખોર લોકો. એવા લોકોથી મતલબ કાં તો તે કાફિરો છે, જેઓ પોતાના કુફ્રને છુપાવતા ન હતા અથવા એનાથી તે મુનાફિકો મુરાદ છે જે તેઓમાં સરદાર ગણાતા હતા.

અમે જાહેરમાં મુસલમાનો સાથે જે મેળમેળાપ રાખીએ છીએ; તેથી

એમ સમજવું નહિ, કે અમે તેમના મતને મળતા છીએ, બલકે અમે તો એમાં તેમની મશ્કરી કરીએ છીએ; એવી રીતે કે તેમની મૂર્ખાઈ સૌ પર જાહેર કરીએ છીએ, કે પોતાની નાદાનીના કારણે અમારી વાતોથી છેતરાઈ અમને પોતાના ગણે છે અને પોતાના માણસોની માફક જ અમારી સાથે વર્તે છે, પણ અમે તેમના ભેદની વાતો કઢાવી લાવીએ છીએ, છતાં તેઓ અમારા ધોકાને સમજતા નથી.

અલ્લાહ તેમની સાથે તેમ જ વર્તે છે, અને તેઓને તેમની શરારતમાં વધારે છે, પણ તેઓ અક્કલના આંધળા છે. (૧૫)

અલ્લાહ તઆલાએ મુસલમાનોને એવો હુકમ કર્યો કે મુનાફિકો સાથે મુસલમાનોના જેવો જ મામલો રાખો. એથી તેઓ નચિંત થઈ સમજ્યા કે ઈસ્લામી ડોળ (જાહેરી દેખાવ)થી જ અમે ફાવી ગયા. તો હવે કાંઈ કરવાની જરૂર નથી, પરંતુ આ વાતે જ તેઓને સખત આફતમાં સપડાવ્યા, તો હવે ઈન્સાફ કરો કે ખરું જોતાં મુસલમાનોની મશ્કરી થઈ કે મુનાફિકોની ? અથવા મતલબ એ છે કે અલ્લાહપાક તેઓને આ મશ્કરીની સજા આપશે.

શું કુફ્ર અને મુનાફિકત નબી (સલ.)ના યુગમાં જ હતી કે અત્યારે પણ અસ્તિત્વ ધરાવે છે ?

મુનાફિકતની બાબતમાં મુનાફિકોને ઓળખવા માટે અને તેમને મુનાફિક ઠરાવવા માટે બે પદ્ધતિઓ હતી. પ્રથમ એ કે, અલ્લાહ તબારક વ તઆલા વહી દ્વારા આપ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)ને જાણ કરી દેતા હતા કે, ફલાણો માણસ દિલથી મુસલમાન નથી, મુનાફિક છે. બીજું એ કે, તેના કોઈ વક્તવ્ય અથવા કૃત્યથી ઈસ્લામ વિરૂદ્ધ કોઈ બાબત અથવા ઈસ્લામ વિરૂદ્ધ કોઈ ષડયંત્ર સાબિત થઈ જાય.

આપ (સલ.)ની વફાત પછી વહીનો ક્રમ ખતમ થઈ જવાના કારણે પહેલી પદ્ધતિ તો અસ્તિત્વમાં નથી, પરંતુ બીજી પદ્ધતિ આજે પણ અસ્તિત્વ ધરાવે છે. જો કોઈ વ્યક્તિ કોઈ નિવેદન અથવા કોઈ કૃત્ય દ્વારા ઈસ્લામના મૂળભૂત અકીદા (માન્યતા)ઓનો વિરોધ કરે છે અને ઈમાન તથા ઈસ્લામનો

દાવેદાર પણ છે, તો પણ તેને મુનાફિક સમજવામાં આવશે. આવા મુનાફિકોનું નામ કુર્આનની વ્યાખ્યામાં 'મુલ્હિદ' છે.

"અલ્લઝીન યુલ્હિદુન ફી આયાતિના" તેઓ જે અમારી આયતોનું સ્વરૂપ બદલી નાંખે છે. (૪૧:૪૦)

અને હદીષ શરીફમાં તેઓને 'ઝિન્દીક' કહેવામાં આવ્યા છે, પરંતુ જ્યારે તેમનું કુફ્ર દલીલ સાથે સાબિત થઈ જાય, તો તેમના ઉપર પણ બધા કાફિરો જેમ જ હુકમ લાગુ પડશે. તેમના માટે કોઈ આગવો આદેશ નથી. એટલા માટે અમુક ઉલમા કહે છે કે, આપ (સલ.) પછી મુનાફિકોનું પ્રકરણ પૂરૂં થઈ ગયું, હવે જેઓ મોમિન નથી તેઓ કાફિર છે.

હઝરત ઈમામ માલિક (રહમતુલ્લાહ અલયહ)થી અલ્લામા અયનીએ બુખારી શરીફની શરહ (છણાવટ)માં નકલ કર્યું છે કે, "નુબૂવ્વતના સમયકાળ પછી નિફાકની પરિસ્થિતિ એવી છે કે, હજુ પણ તેને ઓળખી શકાય છે અને તેવું કરનારને મુનાફિક કહી શકાય છે."

(૨) મુનાફિકોનું પ્રથમ ઉદાહરણ

مَثَلُهُمْ كَمَثَلِ الَّذِى اسْتَوْقَدَ نَارًا ۚ فَلَمَّآ اَضَآءَتْ مَا حَوْلَهٗ ذَهَبَ اللّٰهُ بِنُوْرِهِمْ وَتَرَكَهُمْ فِىْ ظُلُمٰتٍ لَّا يُبْصِرُوْنَ ۝١٧ صُمٌّۢ بُكْمٌ عُمْىٌ فَهُمْ لَا يَرْجِعُوْنَ ۝١٨ (بقرہ:١٧،١٨)

આ (મુનાફિકો) એવા લોકો છે જેમણે હિદાયતને બદલે ગુમરાહી ખરીદી લીધી, તો આ તેમનો વેપાર લાભકારક ન થયો, અને ન તેમણે (દીનનો) ખરો માર્ગ મેળવ્યો. (૧૬) તેમની હાલત તે માણસની હાલત જેવી છે કે જેણે (અંધારી રાતે) આગ સળગાવી, પછી જ્યારે તે આગે તેની આસપાસની વસ્તુઓને પ્રકાશિત કરી દીધી તેવામાં અલ્લાહપાકે તેમનો પ્રકાશ લઈ લીધો અને તેમને અંધારામાં છોડી દીધા કે કાંઈ જોઈ શકતા નથી.(૧૭)

મુનાફિકોની મિસાલ એવી છે કે, જાણે કોઈ માણસે ઘનઘોર અંધારી

રાત્રે જંગલમાં રસ્તો જોવા માટે આગ સળગાવી, પણ સહેજ અજવાળું થયું હતું કે આગ ઓલવાઇ ગઈ, જેથી તે ગભરાઈને ત્યાં જ ઉભો રહી ગયો. કેમ કે હવે કંઇ દેખાતું નથી. એવી જ રીતે મુનાફિકોના હાલ છે કે તેઓનું સ્વાભાવિક નૂર (જે અલ્લાહપાકે દરેક ઈન્સાનમાં મૂકયું છે) તે સહેજ પ્રકાશિત થવા આવ્યું હતું. એટલે કે ભલાઇ, બુરાઈને ઓળખવાનો, તેમ નેકબખ્તી, બદબખ્તીથી માહિતગાર થવાનો સમય આવ્યો હતો, તેવામાં જ તેમના નિફાક, કપટ, હઠધર્મી, માનમોભા અને દોલતના મોહ રૂપી વંટોળિયાએ તે સ્વાભાવિક નૂરને તદ્દન ઓલવી નાંખ્યું. સારાંશ કે મુસલમાનોની બીકથી જાહેરમાં કલિમએ શહાદત પઢી તેના પ્રકાશથી કામ લેવા ચાહયું, પરંતુ તરતમાં સહેજ ફાયદો (જેમ કે જાનમાલની સલામતી) ઉઠાવવા પામ્યા હતા કે ઓચિંતું કલિમહનું નૂર અને તેના ફાયદા એ સઘળું જ નાબૂદ થઈ ગયું. દુનિયામાં પણ અનેક રીતે ફજેત થયા અને વળી મરણ પામતાં જ દુઃખદાયક અઝાબમાં સપડાયા.

(તેઓ) બહેરા, ગૂંગા, આંધળા છે, જેથી તેઓ કોઈપણ રીતે (સીધા) માર્ગ ઉપર આવશે નહિ. (૧૮)

બહેરા હોવાનો ભાવાર્થ એ છે કે સત્યથી બહુ દૂર થઈ ગયા. તેમના કાન કોઈ પણ બોધદાયી વાત સાંભળવા લાયક રહ્યા નથી. ગૂંગા છે, એટલે જીભ સત્ય વાત કહેવાને લાયક રહી નથી. આંધળા છે, એટલે નફા–નુકસાનને અને અલ્લાહની કુદરતની નિશાનીઓને જોવા લાયક રહ્યા નથી ત્યારે જે માણસ આવો હોય તે કેવી રીતે સીધા માર્ગે આવી શકે ? એવી સ્થિતિમાં તેઓની ગુમરાહીથી નીકળવાની જરાય આશા નથી. આ ઉદાહરણ તે કટ્ટર મુનાફિકોનું છે, જેઓ સૌ મુનાફિકોના સરદાર હતા.

સુધારણા અને ફિત્ના-ફસાદનો પરિચય તથા સુધારકો અને ફસાદખોરોની ઓળખ :

ઉપરોક્ત આયતોમાં ઉલ્લેખ થઈ ગયો છે કે, જ્યારે આ મુનાફિકોને એવું કહેવામાં આવે છે કે, તમારા 'નિફાક' (ગુપ્ત પૉલિસી)ના કારણે પૃથ્વી

ઉપર ફસાદ ન ફેલાવો. તો ખૂબ ભારપૂર્વક અને તાકીદપૂર્વક કહે છે કે, **'ઈન્નમા નહ્નુ મુસ્લિહુન'** અત્રે **'ઈન્નમા'** શબ્દ જે ભાર આપવા માટે વાપરવામાં આવે છે, તેના કારણે તેનો અર્થ આ વાક્યમાં ''અમે તો સુધારકો જ છીએ'' એટલે કે અમારા કોઈ કૃત્યને ફસાદ સાથે કોઈ સબંધ નથી, પરંતુ કુરૂઆન શરીફે તેના જવાબમાં કહ્યું : ''સાંભળી લો ! નિઃશંક આ (લોકો) જ ફસાદ કરવાવાળા છે; પરંતુ (તેમને) ભાન નથી.''

એનાથી બે બાબતો સ્પષ્ટ થઈ, પ્રથમ એ કે મુનાફિકોની પ્રવૃત્તિઓ પૃથ્વી ઉપર ફિત્નો અને ફસાદ ફેલાવવાનું કારણ હતી અને બીજી બાબત એ હતી કે, મુનાફિકોને પોતાની પ્રવૃત્તિઓ ફસાદ ફેલાવવાનું નિમિત્ત બને છે તેનું ભાન સુદ્ધાં ન હતું. અને ક્યારેક તો તેમનો હેતુ સુધારણા કરવાનો હતો, પણ હકીકતમાં કહેવાતી સુધારણાની પ્રવૃત્તિઓ જ ફસાદનું કારણ બનતી હતી. **'વલાકિલ્લા યશઉરૂન'**થી આ બાબત સ્પષ્ટ થઈ ગઈ.

કારણ એ છે કે, પૃથ્વી ઉપર જે બાબતોથી ફિત્ના અને ફસાદ ફેલાય છે, તેમાં અમુક તો એવી છે કે, જે ખુલ્લમખુલ્લી છે અને દરેક વ્યક્તિ તેને ફિત્નો અને ફસાદ સમજે છે. જેમકે ખૂનામરકી, ચોરી, દગાબાજી, પ્રપંચ, અપહરણ, વિષયવાસના વગેરે. દરેક સમજદાર અને શરીફ વ્યક્તિ તેને ફસાદ સમજે છે અને તેનાથી બચવાનો પ્રયત્ન કરે છે, જ્યારે અમુક બાબતો એવી છે કે તે દેખીતી રીતે ફિત્નો-ફસાદ હોવાની પ્રતીતિ થતી નથી, પરંતુ તેના કારણે મનુષ્યની નૈતિકતા બરબાદ થઈ જાય છે અને માનવસમાજમાં નૈતિક અધઃપતન આવે છે, જેના કારણે ફિત્ના-ફસાદના દરવાજા ખૂલી જાય છે. આ મુનાફિકોની પરિસ્થિતિ પણ એવી જ હતી કે, ચોરી, લૂંટફાટ, કામવાસના વગેરેથી બચતા હતા, એટલા માટે ખૂબ ભારપૂર્વક અને તાકીદપૂર્વક પોતે ફસાદખોર ન હોવાની તથા પોતે સુધારકો હોવાની જાહેરાત કરતા હતા.

પરંતુ નિફાક (ગુપ્ત પૉલિસીઓ) અને કીના-કપટ તથા ઈર્ષ્યાના કારણે ઇસ્લામ દુશ્મનોના ષડયંત્રો અને પ્રપંચોમાં શામિલ થવું વગેરેમાં રચ્યા-

પચ્યા રહેતા હતા અને આ બાબતો મનુષ્યની નૈતિકતાને એટલી હદે બરબાદ કરી દે છે કે, તે પશુઓના સ્તરથી પણ નીચે ઉતરી આવે છે અને એવા કાર્યો સુદ્ધાં કરવા તૈયાર થઈ જાય છે, જેની કલ્પના કરવી પણ અશક્ય છે. જ્યારે મનુષ્ય પોતાની નૈતિકતા અને માનવતા ખોઈ બેસે છે, ત્યારે માનવજીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ફસાદ જ ફસાદ ફેલાઈ જાય છે અને ફસાદ પણ એટલી ભયંકર હદે કે હિંસક પ્રાણીઓ તથા ચોર-ડાકુઓથી પણ આવી આશા ન રાખી શકાય. કારણ કે તેમના ફિત્ના-ફસાદને તો સરકારી કાયદાઓ અને શક્તિ વડે રોકી શકાય છે, પરંતુ કાયદાઓ માણસો જ બનાવતા હોય છે. જો માણસ જ માણસ ન રહે તો કાયદાનો કેવો તમાશો બને છે, તે આજે ખુલ્લી આંખે પ્રત્યેક કચેરી અને સરકારી સંસ્થાઓમાં જોવા મળે છે. કહેવાય છે કે, આજે દુનિયાની સંસ્કૃતિઓએ ખૂબ પ્રગતિ કરી છે. શિક્ષણ સંસ્થાઓની જાળ ગામડે-ગામડે પાથરી દેવામાં આવી છે. સભ્યતા અને કેળવણીના શબ્દો દરેક વ્યક્તિની જીભ પર રમી રહ્યા છે. કાયદા ઘડનારી સભાઓનું બજાર ગરમ છે. કાયદાઓનું અમલીકરણ કરાવનારી સંસ્થાઓ (એજન્સીઓ) અબજો રૂપિયાના ખર્ચે ઉભી કરવામાં આવી છે, વહીવટી ક્ષેત્રની કચેરીઓ ભૂલ-ભૂલૈયાની જેમ અસ્તિત્વ ધરાવે છે. પરંતુ ગુનાહ (ક્રાઈમ) તથા ફિત્ના-ફસાદ રોજ-બરોજ વધતા જ જાય છે. તેનું કારણ ફક્ત એ જ છે કે, કોઈ પણ કાયદો આપમેળે કોઈ મશીન (યંત્ર) નથી હોતો, બલ્કે કાયદાને વ્યક્તિઓ ચલાવે છે. જ્યારે માણસ જ પોતે પોતાની માણસાઈ ખોઈ બેઠો હોય તો પછી આ ફિત્ના-ફસાદનો ઈલાજ ન તો કાયદાઓ કરી શકે છે, ન સરકારો અને ન જ ન્યાયપાલિકાઓ. વહીવટી કચેરીઓના ચક્કર કાપવાથી તે દૂષણો દૂર થશે નહીં. એટલા માટે માનવતાના શ્રેષ્ઠ ઉપકારક નબીએ કરીમ (સલ.)એ પોતાની સમગ્ર ઝિંદગી એ તરફ કેન્દ્રિત કરી કે, જો માણસ સાચા અર્થમાં ''માણસ'' બની જાય તો ફસાદ અને ગુનાહ (ક્રાઈમ) આપમેળે જ નષ્ટ થઈ જાય. દુનિયાના કોઈ પણ ભાગમાં જ્યાં જ્યાં આપ (સલ.)ના શિક્ષણ અને માર્ગદર્શન ઉપર અમલ થતો રહ્યો, ત્યાં ત્યાં શાંતિ, પ્રગતિ અને એવી સ્થિરતા જોવા મળી, જેનું ઉદાહરણ જગતે તે અગાઉ ક્યારેય જોયું ન

હતું. પરંતુ નબવી શિક્ષણને છોડી દીધા પછી આવી શાંતિ, પ્રગતિ અને સ્થિરતાની આશા રાખી શકાતી નથી.

નબીએ કરીમ (સલ.)ના શિક્ષણ ઉપર "અમલનો આત્મા (રૂહ)" અલ્લાહપાકનો ડર છે. કિયામતના દિવસના હિસાબ-કિતાબની ચિંતા છે, એ વિના કોઈ કાયદો, કોઈ બંધારણ, કોઈ વહીવટી કચેરી, કોઈ સ્કુલ, કોઈ યુનિવર્સિટી માણસને ગુનાહોથી દૂર રાખવા મજબૂર કરી શકતી નથી.

આજની દુનિયામાં જે લોકોના હાથમાં સત્તાની કમાન છે, તેઓ કાઈમના ખાત્મા માટે નવા-નવા પ્રકારની પદ્ધતિઓ વિચારતા રહે છે, પરંતુ આ વ્યવસ્થાની આત્મા એટલે કે અલ્લાહપાકના ડર પ્રત્યે ગફલત અને બેદરકારી દાખવે છે. બલ્કે તેને બરબાદ કરવાના સબબો પૂરા પાડે છે. જેનું પરિણામ હંમેશા એ જ આવે છે કે, "મર્ઝ બઢતા ગયા, જૂં જૂં દવા કી" જેમ જેમ દવા કરી, તેમ તેમ બીમારી વધતી જ ચાલી.

ખુલ્લા ફસાદખોરો જેમકે ચોર-ડાકુઓનો ઈલાજ કરવો સહેલો છે, પરંતુ માનવતા ભૂલી ચૂકેલા માનવરૂપી દાનવોનો ફિત્નો-ફસાદ હંમેશા સુધારાવાદીઓના સ્વરૂપમાં જ સામે આવે છે. તેઓ કોઈ મનમોહક અને આકર્ષણ પેદા થાય એવી સુધારણાની સ્કીઓ અને યોજનાઓ લઈને આવે છે અને ફક્ત પોતાના સ્વાર્થી હેતુઓને સુધારણાનું નામ આપીને **'ઈન્નમા નહ્નુ મુસ્લિહૂન'**ની ના'રાબાજી કરે છે. એટલા માટે અલ્લાહ તઆલાએ જ્યાં ફસાદને રોક્યો છે, તેની સાથે એ પણ કહ્યું છે, **'વલ્લાહુ યઅ્લમુલ મુફ્સિદ મિનલ મુસ્લિહ'** અલ્લાહપાક જ જાણે છે કે, ફસાદખોર કોણ છે અને સુધારાવાદી કોણ ? *(૨:૨૨૦)* જેમાં ફરમાવ્યું કે, ફસાદ અને સુધારણાની અસલ વાસ્તવિકતા અલ્લાહ તઆલા જ જાણે છે, જે દિલોની હાલત અને માણસની નિય્યતોથી પણ વાકિફ છે. અને પ્રત્યેક પ્રવૃત્તિની ખાસિયતો અને પરિણામોને પણ જાણે છે કે, તેનું પરિણામ સુધારણા છે કે ફસાદ ? એટલા માટે સુધારણા માટે ફક્ત સુધારણાની નિય્યત કરવી સુધારણા નથી, બલ્કે અમલની દિશા પણ શરીઅત પ્રમાણે સીધી હોવી જરૂરી છે. કેટલીક વખતે

કોઈ અમલ સંપૂર્ણ સાચી નિય્યતથી કરવામાં આવતો હોવા છતાં શરીઅત પ્રમાણે ન હોવાના કારણે તેનું પરિણામ ફિત્નો અને ફસાદ નીકળે છે.

(૩) મુનાફિકોનું બીજુ ઉદાહરણ

اَوۡ كَصَيِّبٍ مِّنَ السَّمَآءِ فِيۡهِ ظُلُمٰتٌ وَّرَعۡدٌ وَّبَرۡقٌ ۚ يَجۡعَلُوۡنَ اَصَابِعَهُمۡ فِىۡۤ اٰذَانِهِمۡ مِّنَ الصَّوَاعِقِ حَذَرَ الۡمَوۡتِ ؕ وَاللّٰهُ مُحِيۡطٌۢ بِالۡكٰفِرِيۡنَ ۝ يَكَادُ الۡبَرۡقُ يَخۡطَفُ اَبۡصَارَهُمۡ ؕ كُلَّمَاۤ اَضَآءَ لَهُمۡ مَّشَوۡا فِيۡهِ ۙ وَاِذَاۤ اَظۡلَمَ عَلَيۡهِمۡ قَامُوۡا ؕ وَلَوۡ شَآءَ اللّٰهُ لَذَهَبَ بِسَمۡعِهِمۡ وَاَبۡصَارِهِمۡ ؕ اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَىۡءٍ قَدِيۡرٌ ۝ (બકરહ:૧૯،૨૦)

અથવા (એ મુનાફિકોની મિસાલ) આકાશથી વરસતા એવા ઘોઘમાર વરસાદ(માં ચાલનારાઓ) જેવી છે કે, જેમાં અંધકાર અને ગર્જના તથા વીજળી પણ હોય, (અને) તેઓ કડાકાના કારણે મૌતની બીકથી પોતાનાં આંગળાં પોતાના કાનોમાં નાખી લે છે; અને અલ્લાહ તઆલા કાફિરોને ઘેરી લેનાર છે. (૧૯)

અત્રે બીજા પ્રકારના એટલે સામાન્ય મુનાફિકોનું ઉદાહરણ આપ્યું. જેવી રીતે આ લોકો કદી ઘોઘમાર વરસાદને લીધે ચાલવાથી અટકી જાય છે અને કદી મોકો મળતાં આગળ વધવા લાગે છે; તેવી જ રીતે આ મુનાફિકો પણ ઇસ્લામના ગલબાની અનેક નિશાનીઓમાં કદી ઇસ્લામના નૂરની જ્યોત જોઇ લે છે, તો હોશિયાર થઇ જાહેરમાં ઇસ્લામ તરફ વલણ કરે છે અને કદી સ્વાર્થના અંધકારમાં પડીને સત્ય તરફ જતા અટકી જાય છે અને પોતાની તકલીફો તથા ફજેતી જોઇને તેમજ અલ્લાહની ધમકીઓ સાંભળીને હેરાન થઇ પોતાની કઢંગી યુક્તિઓ વડે એ સઘળી વિપત્તિઓથી બચવા ચાહે છે.

છેવટમાં અલ્લાહપાકે ધમકી આપી છે કે દરેક વસ્તુ અલ્લાહપાકની કુદરતના ઘેરામાં હોવાથી કંઇ પણ તેની શક્તિથી બહાર નથી. કાફિરો ચોતરફથી ઘેરાયેલા હોઇ, કોઇ પણ પ્રકારે તેની પકડથી છૂટી શકતા નથી.

હમણાં જાણે વીજળીએ તેમની આંખો ઝડપી લીધી; જ્યારે તે

(વીજળી) તેઓના ઉપર ઝબકે છે ત્યારે તેઓ તેના પ્રકાશમાં ચાલવા માંડે છે, અને જ્યારે અંધારું થઈ ગયું કે (પાછા) થોભી ગયા અને જો અલ્લાહ તઆલા ચાહત તો (ગર્જનાથી) તેમના કાન અને (વીજળીથી) તેમની આંખો ખૂંચવી લેત. ખરેખર, અલ્લાહ દરેક વસ્તુ પર શક્તિમાન છે. (૨૦)

વીજળી અને કડાકા સંબંધી સાયન્સવાળાઓનું કહેવું છે કે સૂર્યના તાપથી સમુદ્રો વગેરેમાંથી વરાળ અને પૃથ્વીની રજકણો ઊંચે આકાશ તરફ ગમન કરી વાદળાં બની જાય છે. પછી અમુક કારણોથી વાદળો ચીરાઈને કે અથડાઈને ભારે અવાજ થાય છે, તેને ગર્જ અને કડાકો કહે છે અને તે વખતે જે ભડકો નીકળે છે, તે વીજળી છે. એ તો ખરું, પણ એ વસ્તુઓ માટે મજકૂર કારણ વિના અન્ય કોઈ કારણ જ નહિ હોવાની એમની પાસે કઈ દલીલ છે ? અલ્લાહ તઆલાએ એ વસ્તુઓ પર ફરિશ્તા નિર્માણ કરી રાખ્યા છે. તેમને આ વસ્તુઓની હસ્તીમાં દખલ છે, નહિ તો સેંકડો વખત એવાં કારણો ઉપસ્થિત થવા છતાં આ વસ્તુઓ કેમ પેદા થતી નથી ? હદીસોમાં જે આવ્યું છે કે, ફરિશ્તાઓ વાદળોને ખેંચે છે અને ફરિશ્તાથી વીજળી અને કડાકા થાય છે, તો આ બન્ને વાતોમાં કંઈ જ વિરુદ્ધતા નથી. ફરિશ્તાના હુકમ અને તેના કાર્યથી આ બાબતો જાહેર થવાના કારણે શરીઅતમાં તે અસલ હકીકતની ખબર આપવામાં આવી; પરંતુ અધૂરી અક્કલ તે બાબતને સમજી નહિ શકતાં આ જાહેરી કારણો સુધી જ પહોંચીને થોભી ગઈ.

શું કુફ્ર અને મુનાફિકત (Hypocrisy) નબી (સલ.)ના યુગમાં જ હતી કે અત્યારે પણ અસ્તિત્વ ધરાવે છે ? :

મુનાફિકતની બાબતમાં મુનાફિકોને ઓળખવા માટે અને તેમને મુનાફિક ઠરાવવા માટે બે પદ્ધતિઓ હતી. પ્રથમ એ કે, અલ્લાહ તઆલા વહી દ્વારા આપ (સલ.)ને જાણ કરી દેતા હતા કે, ફલાણો માણસ દિલથી મુસલમાન નથી, મુનાફિક છે. બીજું એ કે, તેના કોઈ વક્તવ્ય અથવા કૃત્યથી ઈસ્લામ વિરૂદ્ધ કોઈ બાબત અથવા ઈસ્લામ વિરૂદ્ધ કોઈ ષડયંત્ર સાબિત થઈ જાય.

આપ (સલ.)ની વફાત પછી વહીનો ક્રમ ખતમ થઈ જવાના કારણે

પહેલી પદ્ધતિ તો અસ્તિત્વમાં નથી, પરંતુ બીજી પદ્ધતિ આજે પણ અસ્તિત્વ ધરાવે છે. જો કોઈ વ્યક્તિ કોઈ નિવેદન અથવા કોઈ કૃત્ય દ્વારા ઈસ્લામના મૂળભૂત અકીદા (માન્યતા)ઓનો વિરોધ કરે છે અને ઈમાન તથા ઈસ્લામનો દાવેદાર પણ છે, તો પણ તેને મુનાફિક સમજવામાં આવશે. આવા મુનાફિકોનું નામ કુર્આનની વ્યાખ્યામાં ''મુલ્હિદ'' છે.

''તેઓ જે અમારી આયતોનું સ્વરૂપ બદલી નાંખે છે.'' *(૪૧:૪૦)* અને હદીષમાં તેઓને 'ઝિન્દીક' કહેવામાં આવ્યા છે, પરંતુ જ્યારે તેમનું કુફ્ર દલીલ સાથે સાબિત થઈ જાય, તો તેમના ઉપર પણ બધા કાફિરો જેમ જ હુકમ લાગુ પડશે. તેમના માટે કોઈ આગવો આદેશ નથી. એટલા માટે અમુક ઉલમા કહે છે કે, આપ (સલ.) પછી મુનાફિકોનું પ્રકરણ પૂરું થઈ ગયું, હવે જેઓ મોમિન નથી તેઓ કાફિર છે.

હઝ. ઈમામ માલિક (રહ.)એ બુખારી શરીફની શરહ (છણાવટ)માં નકલ કર્યું છે કે, ''નુબુવ્વતના સમયકાળ પછી નિફાકની પરિસ્થિતિ એવી છે કે, હજુ પણ તેને ઓળખી શકાય છે અને તેવું કરનારને મુનાફિક કહી શકાય છે.''

સુધારણા અને ફિત્ના-ફસાદનો પરિચય તથા સુધારકો અને ફસાદખોરોની ઓળખ :

ઉપરોક્ત આયતોમાં ઉલ્લેખ થઈ ગયો છે કે, જ્યારે આ મુનાફિકોને એવું કહેવામાં આવે છે કે તમારા 'નિફાક' (ગુપ્ત પૉલિસી)ના કારણે પૃથ્વી ઉપર ફસાદ ન ફેલાવો, તો ખૂબ ભારપૂર્વક અને તાકીદપૂર્વક કહે છે કે **"ઈન્નમા નહ્નુ મુસ્લિહૂન"** શબ્દ જે ભાર આપવા માટે વાપરવામાં આવે છે તેના કારણે તેનો અર્થ આ વાક્યમાં ''અમે તો સુધારકો જ છીએ'' એટલે કે અમારા કોઈ કૃત્યને ફસાદ સાથે કોઈ સંબંધ નથી, પરંતુ કુર્આને તેના જવાબમાં કહ્યું : **"અલા ઈન્નહુમ હુમુલ્ મુફ્સિદુન વલાકિલ્લા યશ્ઉરૂન"** ''સાંભળી લો ! નિઃશંક, આ (લોકો) જ ફસાદ કરવાવાળા છે; પરંતુ (તેમને) ભાન નથી.''

એનાથી બે બાબતો સ્પષ્ટ થઈ, પ્રથમ એ કે મુનાફિકોની પ્રવૃત્તિઓ પૃથ્વી ઉપર ફિત્નો અને ફસાદ ફેલાવાનું કારણ હતી અને બીજી બાબત એ હતી કે મુનાફિકોને પોતાની પ્રવૃત્તિઓ ફસાદ ફેલાવાનું નિમિત્ત બને છે તેનું ભાન સુદ્ધાં ન હતું અને ક્યારેક તો તેમનો હેતુ સુધારણા કરવાનો હતો પણ હકીકતમાં કહેવાતી સુધારણાની પ્રવૃત્તિઓ જ ફસાદનું કારણ બનતી હતી. **"વલાકિલ્લા યશ્ઉરૂન"**થી આ બાબત સ્પષ્ટ થઈ ગઈ.

કારણ એ છે કે, પૃથ્વી ઉપર જે બાબતોથી ફિત્ના અને ફસાદ ફેલાય છે, તેમાં અમુક તો એવી છે કે જે ખુલ્લમ-ખુલ્લી છે અને દરેક વ્યક્તિ તેને ફિત્નો અને ફસાદ સમજે છે. જેમકે ખૂનામરકી, ચોરી, દગાબાજી, પ્રપંચ, અપહરણ, વિષયવાસના વગેરે. દરેક સમજદાર અને શરીફ વ્યક્તિ તેને ફસાદ સમજે છે અને તેનાથી બચવાનો પ્રયત્ન કરે છે, જ્યારે અમુક બાબતો એવી છે કે તે દેખીતી રીતે ફિત્નો-ફસાદ હોવાની પ્રતીતિ થતી નથી, પરંતુ તેના કારણે મનુષ્યની નૈતિકતા બરબાદ થઈ જાય છે અને માનવસમાજમાં નૈતિક અધઃપતન આવે છે, જેના કારણે ફિત્ના-ફસાદના દરવાજા ખુલી જાય છે. આ મુનાફિકોની પરિસ્થિતિ પણ એવી જ હતી કે ચોરી, લૂંટફાટ, કામવાસના વગેરેથી બચતા હતા, એટલા માટે ખૂબ ભારપૂર્વક અને તાકીદપૂર્વક પોતે ફસાદખોર ન હોવાની તથા પોતે સુધારકો હોવાની જાહેરાત કરતા હતા.

પરંતુ નિફાક (ગુપ્ત પૉલિસીઓ) અને કીના-કપટ તથા ઈર્ષ્યાના કારણે ઇસ્લામ દુશ્મનોના ષડયંત્રો અને પ્રપંચોમાં શામિલ થવું વગેરેમાં રચ્યા-પચ્યા રહેતા હતા અને આ બાબતો મનુષ્યની નૈતિકતાને એટલી હદે બરબાદ કરી દે છે કે તે પશુઓના સ્તરથી પણ નીચે ઉતરી આવે છે અને એવા કાર્યો સુદ્ધાં કરવા તૈયાર થઈ જાય છે, જેની કલ્પના કરવી પણ અશક્ય છે. જ્યારે મનુષ્ય પોતાની નૈતિકતા અને માનવતા ખોઈ બેસે છે ત્યારે માનવજીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ફસાદ જ ફસાદ ફેલાઈ જાય છે અને ફસાદ પણ એટલી ભયંકર હદે કે હિંસક પ્રાણીઓ તથા ચોર-ડાકુઓથી પણ આવી આશા ન રાખી શકાય. કારણ કે તેમના ફિત્ના-ફસાદને તો સરકારી કાયદાઓ અને

શક્તિ વડે રોકી શકાય છે, પરંતુ કાયદાઓ માણસો જ બનાવતા હોય છે. જો માણસ જ માણસ ન રહે તો કાયદાનો કેવો તમાશો બને છે તે આજે ખુલ્લી આંખે પ્રત્યેક કચેરી અને સરકારી સંસ્થાઓમાં જોવા મળે છે. કહેવાય છે કે, આજે દુનિયાની સંસ્કૃતિઓએ ખૂબ પ્રગતિ કરી છે. શિક્ષણ સંસ્થાઓની જાળ ગામડે-ગામડે પાથરી દેવામાં આવી છે, સભ્યતા અને કેળવણીના શબ્દો દરેક વ્યક્તિની જીભ પર રમી રહ્યા છે, કાયદા ઘડનારી સભાઓનું બજાર ગરમ છે. કાયદાઓનું અમલીકરણ કરાવનારી સંસ્થાઓ-એજન્સીઓ અબજો રૂપિયાના ખર્ચે ઊભી કરવામાં આવી છે, વહીવટી ક્ષેત્રની કચેરીઓ ભૂલ-ભૂલૈયાની જેમ અસ્તિત્વ ધરાવે છે, પરંતુ ગુનાહ (ક્રાઈમ) તથા ફિત્ના-ફસાદ રોજબરોજ વધતા જ જાય છે. તેનું કારણ ફક્ત એ જ છે કે, કોઈ પણ કાયદો આપમેળે કોઈ મશીન (યંત્ર) નથી હોતો, બલ્કે કાયદાને વ્યક્તિઓ ચલાવે છે. જ્યારે માણસ જ પોતે પોતાની માણસાઈ ખોઈ બેઠો હોય તો પછી આ ફિત્ના-ફસાદનો ઈલાજ ન તો કાયદાઓ કરી શકે છે, ન સરકારો અને ન જ ન્યાયપાલિકાઓ. વહીવટી કચેરીઓના ચક્કર કાપવાથી તે દૂષણો દૂર થશે નહીં. એટલા માટે માનવતાના શ્રેષ્ઠ ઉપકારક નબીએ કરીમ (સલ.)એ પોતાની સમગ્ર જિંદગી એ તરફ કેન્દ્રિત કરી કે, જો માણસ સાચા અર્થમાં "માણસ" બની જાય, તો ફસાદ અને ગુનાહ (ક્રાઈમ) આપમેળે જ નષ્ટ થઈ જાય. દુનિયાના કોઈ પણ ભાગમાં જ્યાં-જ્યાં આપ (સલ.)ના શિક્ષણ અને માર્ગદર્શન ઉપર અમલ થતો રહ્યો, ત્યાં-ત્યાં શાંતિ, પ્રગતિ અને એવી સ્થિરતા જોવા મળી, જેનું ઉદાહરણ જગતે તે અગાઉ ક્યારેય જોયું ન હતું, પરંતુ નબવી શિક્ષણને છોડી દીધા પછી આવી શાંતિ, પ્રગતિ અને સ્થિરતાની આશા રાખી શકાતી નથી.

નબીએ કરીમ (સલ.)ના શિક્ષણ ઉપર "અમલનો આત્મા (રૂહ)" અલ્લાહ તઆલાનો ડર છે, કિયામતના દિવસના હિસાબ-કિતાબની ચિંતા છે. એ વિના કોઈ કાયદો, કોઈ બંધારણ, કોઈ વહીવટી કચેરી, કોઈ મદ્રસો, કોઈ યુનિવર્સિટી માણસને ગુનાહો (ક્રાઈમ)થી દૂર રાખવા મજબૂર કરી શકતી નથી.

આજની દુનિયામાં જે લોકોના હાથમાં સત્તાની કમાન છે, તેઓ કાઈમના ખાત્મા માટે નવા-નવા પ્રકારની પદ્ધતિઓ વિચારતા રહે છે, પરંતુ આ વ્યવસ્થાની આત્મા એટલે કે, અલ્લાહના ડર પ્રત્યે ગફલત અને બેદરકારી દાખવે છે, બલ્કે તેને બરબાદ કરવાના સબબો પૂરા પાડે છે. જેનું પરિણામ હંમેશા એ જ આવે છે કે "મર્ઝ બઢતા ગયા, જૂં જૂં દવા કી" જેમ જેમ દવા કરી તેમ તેમ બીમારી વધતી જ ચાલી.

ખુલ્લા ફસાદખોરો જેમકે, ચોર-ડાકુઓનો ઈલાજ કરવો સહેલો છે, પરંતુ માનવતા ભૂલી ચૂકેલા માનવરૂપી દાનવોનો ફિત્નો-ફસાદ હંમેશા સુધારાવાદીઓના સ્વરૂપમાં જ સામે આવે છે. તેઓ કોઈ મનમોહક અને આકર્ષણ પૈદા થાય એવી સુધારણાની સ્કીમો અને યોજનાઓ લઈને આવે છે અને ફક્ત પોતાના સ્વાર્થી હેતુઓને સુધારણાનું નામ આપીને **"ઈન્નમા નહ્નુ મુસ્લિહૂન"**ની નારાબાજી કરે છે. એટલા માટે અલ્લાહ તઆલાએ જ્યાં ફસાદને રોક્યો છે તેની સાથે એ પણ કહ્યું છે, **"વલ્લાહુ યઅ્લમુલ્ મુફ્સિદ મિનલ્ મુસ્લિહ"** "અલ્લાહ જ જાણે છે કે ફસાદખોર કોણ છે અને સુધારાવાદી કોણ ?" *(૨:૨૨૦)* જેમાં ફરમાવ્યું કે, ફસાદ અને સુધારણાની અસલ વાસ્તવિકતા અલ્લાહ તઆલા જ જાણે છે, જે દિલોની હાલત અને માણસની નિય્યતોથી પણ વાકિફ છે અને પ્રત્યેક પ્રવૃત્તિની ખાસિયતો અને પરિણામોને પણ જાણે છે કે, તેનું પરિણામ સુધારણા છે કે ફસાદ ? એટલા માટે સુધારણા માટે ફક્ત સુધારણાની નિય્યત કરવી, સુધારણા નથી. બલ્કે અમલની દિશા પણ શરીઅત પ્રમાણે સીધી હોવી જરૂરી છે. કેટલીક વખતે કોઈ અમલ સંપૂર્ણ સાચી નિય્યતથી કરવામાં આવતો હોવા છતાં શરીઅત પ્રમાણે ન હોવાના કારણે તેનું પરિણામ ફિત્નો અને ફસાદ નીકળે છે.

(૪) કુરઆન શરીફમાં મચ્છર-માંખના દાખલાઓ બાબતે વિરોધીઓના આક્ષેપોનો જવાબ

اِنَّ اللّٰهَ لَا يَسْتَحْيٖۤ اَنْ يَّضْرِبَ مَثَلًا مَّا بَعُوْضَةً فَمَا فَوْقَهَا ؕ فَاَمَّا الَّذِيْنَ
اٰمَنُوْا فَيَعْلَمُوْنَ اَنَّهُ الْحَقُّ مِنْ رَّبِّهِمْ ۚ وَاَمَّا الَّذِيْنَ كَفَرُوْا فَيَقُوْلُوْنَ مَاذَآ

اَرَادَ اللّٰهُ بِهٰذَا مَثَلًا ۘ يُضِلُّ بِهٖ كَثِيْرًا ۙ وَّيَهْدِيْ بِهٖ كَثِيْرًا ۭ وَمَا يُضِلُّ بِهٖٓ اِلَّا الْفٰسِقِيْنَ ۝ (બકરહ:૨૬)

બેશક, અલ્લાહ તઆલા આ વાતથી શરમાતો નથી કે કોઈ પણ ઉદાહરણ આપે, પછી તે મચ્છરનું હોય અથવા એવી વસ્તુનું જે એથી પણ વધુ (નજીવી) છે; ત્યારે જે લોકો ઈમાન લાવ્યા છે, તેઓ તો યકીન કરી લેશે કે આ (ઉદાહરણ) તેમના પરવરદિગાર તરફથી વ્યાજબી છે, પણ જેઓ કાફિર છે, તેઓ કહે છે કે આ (નજીવા) ઉદાહરણથી અલ્લાહપાકનો શું હેતુ હશે ? (પણ સમજતા નથી કે) અલ્લાહ તઆલા આ ઉદાહરણ વડે ઘણા (કાફિરો)ને ગુમરાહ કરે છે, તેમ એના વડે ઘણાઓને રાહ પર લાવે છે; અને એ (ઉદાહરણ)થી અલ્લાહપાક અન્ય કોઈને ગુમરાહ કરતો નથી, પરંતુ હુકમોનો અનાદર કરનારાઓને જ. (૨૬)

જ્યારે કાફિરો મુકાબલાથી લાચાર થયા અને નાનામાં નાની સૂરત જેટલું પણ બનાવી શકયા નહિ, તો છોભીલા થઈને બીજી વાત કરી કે કુર્આન શરીફ જો અલ્લાહ તઆલાનું કલામ હોત, તો તેમાં માંખ અને કરોળિયા જેવા જાનવરોનું વર્ણન ન હોત; કારણ કે મોટાઓના કલામમાં નજીવી વસ્તુઓનું વર્ણન હોતું નથી. તેના જવાબ તરીકે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે મચ્છર તથા એથી પણ વધુ નજીવી વસ્તુઓની મિસાલ આપવી, એ કાંઈ એબ કે શરમની વાત નથી, બલ્કે ઉદાહરણથી દરેક વાત સારી રીતે સમજી શકાય છે. દરેક વાતને અનુસરી મિસાલ આપવી જરૂરી હોવાથી મૂર્તિપૂજાના વાહિયાતપણાં અને મૂર્તિઓના તદ્દન લાચાર હોવાના બયાનમાં જ માંખ વગેરેની મિસાલ આપી છે, જે તદ્દન વ્યાજબી છે અને એવાં ઉદાહરણો માત્ર કુર્આનમાં જ નહિ, બલ્કે બીજા આકાશી પુસ્તકો તવરાત અને ઈન્જીલમાં પણ ઘણાં ઉદાહરણો મળી આવ્યાં છે. વળી, મહાન ફિલસૂફો અને બાદશાહોના કલામમાં પણ એવાં ઘણાં ઉદાહરણો મળી આવે છે.

ગુમરાહ કરવાનો ભાવાર્થ એ છે કે જે નાફરમાનો મનુષ્યતાની હદ વટાવી મનેચ્છાઓને આધીન થઈ જવાથી ગુમરાહ બનવા તૈયાર થાય

તેમને અલ્લાહ તઆલા તેવી જ સ્થિતિમાં રાખે છે અને શરીઅતમાં ફાસિક તેને કહે છે, જે ગુનાહ કરીને અલ્લાહ તઆલાની તાબેદારીમાંથી નીકળી જાય. એના ત્રણ દરજ્જા છે : (૧) ગુનાહને બૂરો સમજવા છતાં મનેચ્છાને વશ થઈ કદી કદાચ મોટો ગુનાહ કરી નાખે. (૨) ગુનાહ કરવાની ટેવ પાડી લઈ બેપરવા બની જાય. (૩) અલ્લાહ તઆલા અને રસૂલ (સલ.)ના ફરમાનની કંઈ ગણના ન કરતાં ગુનાહને સારો સમજીને કરે. એવો ફાસિક કાફિર થઈ જાય છે. અત્રે આયતમાં એવા જ લોકો મુરાદ છે.

દાખલો આપવા માટે ઉદાહરણ સ્વરૂપે કોઈ તુચ્છ વસ્તુનો ઉલ્લેખ કરવો ઐબ (ખામી) નથી :

'ઈન્નલ્લાહ લા યસ્તહ્યી'થી સાબિત થાય છે કે, કોઈ ફાયદાકારક વિષયના ખુલાસા માટે કોઈ તુચ્છ અથવા નજીવી અથવા કહેવામાં શરમ આવે એવી વસ્તુનું વર્ણન કરવું કોઈ ઐબ કે ગુનોહ નથી અને કોઈના સ્વમાન અને દરજ્જાની વિરૂદ્ધ પણ નથી. કુરૂઆન અને સુન્નત તથા ઉલમા અને સલફના નિવેદનોમાં અગણિત આવા ઉદાહરણો જોવા મળે છે, જેને સામાન્ય રીતે શરમ ઉપજાવનાર સમજવામાં આવે છે. પરંતુ કુરૂઆન અને સુન્નતે આ કહેવાતી શરમની પરવા કર્યા વગર પોતાના મુખ્ય હેતુને ધ્યાનમાં રાખી આવા દાખલાઓ આપવાથી પરહેઝ કર્યો નથી.

(૫) બાપ-દાદાનું આંધળુ અનુકરણ અને હિદાયતથી બેપરવા લોકોનું ઉદાહરણ

وَمَثَلُ الَّذِيْنَ كَفَرُوْا كَمَثَلِ الَّذِيْ يَنْعِقُ بِمَا لَا يَسْمَعُ اِلَّا دُعَآءً وَّنِدَآءً ؕ صُمٌّۢ بُكْمٌ عُمْيٌ فَهُمْ لَا يَعْقِلُوْنَ ﴿۱۷۱﴾ (બકરહ:૧૭૧)

અને જ્યારે તે (મુશ્રિક) લોકોને કહેવામાં આવે છે કે, અલ્લાહપાકે જે હુકમ (પોતાના પયગમ્બર પાસે) મોકલ્યો છે, તેના ઉપર ચાલો. તો (જવાબમાં) કહે છે (કે નહીં), બલ્કે અમે તો તે (પદ્ધતિ) ઉપર ચાલીશું, જેના ઉપર અમે પોતાના પૂર્વજોને જોયા છે. (કારણ કે, આ લોકોએ તે જ

પદ્ધતિ અપનાવી હતી, જે તેમને અલ્લાહપાક તરફથી મળી હતી. અલ્લાહ તઆલા તેને રદ કરીને ફરમાવે છે) શું (દરેક પરિસ્થિતિમાં આ લોકો પોતાના પૂર્વજોની પદ્ધતિ ઉપર જ ચાલશે ?) ભલે તેમના બાપ-દાદા (દીનની) કંઈજ સમજ ન ધરાવતા હોય અને ન જ (કોઈ આસમાની કિતાબની) હિદાયત રાખતા હોય. **'વમષલુલ્લઝીન કફરૂ કમષલિલ્લઝી ..... ફહુમ લા યઅ્કિલૂન'** અને આ કાફિરોની (બુદ્ધિહીનતાની) પરિસ્થિતિ એવી છે (કે) એક વ્યક્તિ છે તે એવા (પ્રાણી)ની પાછળ બૂમ-બરાડા પાડી રહ્યો છે, જે ફક્ત બૂમ-બરાડા અને ચિચિયારીઓ સિવાય કંઈ જ સાંભળતું નથી. (એવી જ રીતે) આ કાફિરો (પણ જાહેરી વાતચીત તો સાંભળે છે, પરંતુ કામની વાતથી બિલ્કુલ) બહેરા છે (જાણે કે સાંભળતા જ નથી), મૂંગા છે (ક્યારેય ઈમાનની સત્ય વાત તેમની જીભ ઉપર આવતી જ નથી), આંધળા છે (કારણ કે નફો-નુકસાન નજરે ચડતું જ નથી). બસ, (જ્યારે બધી જ ઈન્દ્રિયો નકામી થઈ ચૂકી છે, તો) સમજવા (સમજાવવાથી) કંઈ જ પ્રાપ્ત નહીં થાય.

(૬) અલ્લાહ તઆલાની રાહમાં ખર્ચ કરવાની ફઝીલત દર્શાવતું ઉદાહરણ

مَثَلُ الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ كَمَثَلِ حَبَّةٍ اَنْۢبَتَتْ سَبْعَ سَنَابِلَ فِيْ كُلِّ سُنْۢبُلَةٍ مِّائَةُ حَبَّةٍ ؕ وَاللّٰهُ يُضٰعِفُ لِمَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ ﴿۲۶۱﴾ (બકરહ:૨૬૧)

જે લોકો પોતાનો માલ અલ્લાહ તઆલાની રાહમાં ખર્ચ કરે છે તેઓના ખર્ચ કરેલા માલની મિસાલ (અલ્લાહપાકને ત્યાં) તે દાણા સમાન છે, જે સાત કંટીઓ કાઢે (અને) દરેક કંટીમાં સો દાણાં હોય, અને જેને અલ્લાહ ચાહે છે તેના માટે એથી વધુ કરી આપે છે; અને અલ્લાહપાક ઘણો ઉદાર (અને) જાણનાર છે. (૨૬૧)

જે લોકો અલ્લાહના રસ્તામાં (એટલે કે સારા કાર્યોમાં) પોતાનો માલ

ખર્ચ કરે છે, તેમના ખર્ચ કરેલ માલની પરિસ્થિતિ (અલ્લાહ નજીક) એવી છે જેમકે એક દાણો, (કલ્પના કરો !) તેમાંથી સાત ડૂંડીઓ (તે દાણામાંથી) નીકળે (અને) દરેક ડૂંડીમાં સો દાણા હોય (એ જ પ્રમાણે અલ્લાહ તઆલા તેનો સવાબ સાતસો ઘણો વધારી દે છે) અને આ વધારો અલ્લાહ તઆલા જેના માટે ચાહે છે (તેના ઈખ્લાસ અને તેની નિય્યત પ્રમાણે) કરે છે અને અલ્લાહ તઆલા ઘણો વિસ્તારનારો (ઉદાર) છે, (અલ્લાહ પાસે કોઈ વસ્તુની કમી નથી, તે સૌના માટે વધારો કરી શકે છે, પરંતુ સાથે જ) જાણનારો (પણ) છે. (એટલા માટે નિય્યત અને ઈખ્લાસ વગેરે જોઈને અર્પણ કરે છે) જે લોકો પોતાનો માલ અલ્લાહપાકના રસ્તામાં ખર્ચ કરે છે, પછી ખર્ચ કર્યા બાદ ન તો (જેને આપ્યું છે તેને મૌખિક રીતે) અહેસાન જતાવે અને ન જ (પોતાની વર્તણૂંક દ્વારા) તેને કોઈ તકલીફ પહોંચાડે એવા લોકોને તેમના (અમલનો) પરવરદિગાર તરફથી સવાબ મળશે અને (ક્રિયામતના દિવસે) તેમને ન કોઈ ભય હશે અને ન તેઓ ગમગીન થશે (તંગીના સમયે સવાલ કરનારને જવાબમાં યોગ્ય રીતે) નરમીથી વાત કરી દેવી અને (જો માંગનાર બદ્‌તમીઝી કરે અથવા ગુસ્સો અપાવે અથવા જીદ કરીને તંગ કરે તો તેને) દરગુઝર કરવું (અનેકઘણું) ઉત્તમ છે એવી ખૈરાતથી કે જેને આપ્યા પછી તકલીફ પહોંચાડવામાં આવે અને અલ્લાહ તઆલા (પોતે) ગની છે (તેને કોઈના માલની કોઈ જરૂર નથી, જે કંઈ ખર્ચ કરો છો, તે પોતાના માટે ખર્ચ કરો છો અને કોઈને તકલીફ પહોંચાડવા સબબ અલ્લાહપાક તરત જ સજા નથી આપતો. તેનું કારણ એ છે કે, તે ઉદાર છે.

નેક કાર્યમાં ખર્ચ કરવાનો જે સવાબ મળે છે, તેનો આધાર નિય્યત ઉપર છે. ઈખ્લાસની સાથે અલ્લાહપાકના માર્ગમાં થોડું ખર્ચ કરવાનો પણ ઘણો સવાબ મળે છે, અને અલ્લાહપાક ઈખ્લાસના પ્રમાણમાં તેના સવાબને વધારતો રહે છે. જેમ કે એક દાણાંમાંથી સેંકડો દાણાં ઉત્પન્ન કરે છે; તો અદના દરજાના ઈખ્લાસવાળાને દસ ગણો સવાબ આપશે. અને ઈખ્લાસ જેમ વધુ હશે તેમ સાતસો ગણા સુધી, બલકે અલ્લાહપાક ચાહે તેને સાત હજાર ગણા સુધી સવાબ આપશે અથવા તેથી પણ વધુ ઈખ્લાસ અને

સ્થિતિની રૂએ બદલો આપશે. ઈખ્લાસની માફક સ્થિતિના તફાવતથી પણ સવાબમાં વધઘટ થાય છે. જેમ કે દસ રૂપિયામાંથી એક રૂપિયો અને દસ પૈસામાંથી એક પૈસો આપનાર સરખા નથી. સારાંશ કે અલ્લાહ તઆલા ખર્ચ કરનારની સ્થિતિને તેનો માલ કેવી કમાઈનો છે તેને, તેમજ તેની ખરી-ખોટી નિય્યતને જાણતો હોવાથી દરેકને તેના પ્રમાણમાં સવાબ આપશે.

જે લોકો પોતાનો માલ અલ્લાહની રાહમાં ખર્ચ કરે છે. ફરી ખર્ચ કર્યા પછી (જેને આપ્યું છે તેને જીભથી) ઉપકાર જણાવતા કે (વર્તનથી) સતાવતા નથી, તે જ લોકોને પોતાના પરવરદિગાર પાસે તેનો બદલો મળશે, અને ન તેઓને (સવાબ) ઘટવાનો કંઈ ડર હશે અને ન તેઓ દિલગીર થશે. (૨૬૨)

દુનિયામાં પણ એવા લોકોને તંગદસ્તીનો ભય રહેતો નથી, આખિરતમાં તો સવાબ ઓછો થવાની ચિંતા છે જ નહિ કે જેથી દિલગીરી થાય.

(લાચારીના સમયે) નરમીથી (યોગ્ય) જવાબ આપવો અને (માંગનાર અસભ્યતા કરે તો તેને) માફી આપવી તે એવી ખયરાતથી (હજાર દરજ્જે) બેહતર છે, જેની પાછળ (માંગનારની) સતામણી થાય, અને અલ્લાહ બેપરવા (અને) સહનશીલ છે. (૨૬૩)

શક્તિ હોવા છતાં કોઈ મોહતાજ માંગનારની મદદ ન કરવી બૂરી વાત છે, બલકે કેટલીક વખત ગુનોહ છે. તો એવા મોહતાજને નિરાશ કરવું ભલેને મીઠી વાતો સંભળાવીને હોય, તો પણ શક્તિવાળાઓ માટે બેહતર થઈ શકતું જ નથી. મતલબ એ છે કે ખયરાતની શક્તિ ન હોય તો ભિખારીને નરમીથી જવાબ આપવો. તેની હઠ કે શક્તિને દરગુજર કરવી, તે પણ એવી ખયરાતથી બેહતર છે જેના આપ્યા પછી લેનારને શરમાવે, તેને મહેણાં મારે. તો યાદ રાખો કે, અલ્લાહ તઆલા બેપરવા છે, તેને તમારી એવી ખયરાતની જરૂર નથી, બલકે જે કંઈ આપો છો તો પોતાના જ ફાયદા ખાતર હોવાથી લેનારને સતાવવાનો શું હક રહ્યો ? છતાં અલ્લાહપાક સહનશીલ છે કે જે લોકો ગરીબોને આમ સતાવે છે, તેઓને તરત શિક્ષા આપતો નથી.

અલ્લાહપાકના રસ્તામાં ખર્ચ કરવાનું એક ઉદાહરણ :

આયતમાં કહેવામાં આવ્યું છે કે, જે લોકો અલ્લાહના રસ્તામાં ખર્ચ કરે છે, એટલે કે હજ્જમાં, જિહાદમાં, ફકીરો અને મિસ્કીનો ઉપર તથા વિધવાઓ અથવા યતીમો ઉપર પોતાના માલ ખર્ચ કરે અથવા પોતાના સગા-વ્હાલાં અને દોસ્તો વગેરે ઉપર તેમની મદદ કરવાની નિય્યતથી ખર્ચ કરે, તેમનું ઉદાહરણ એવું છે, જેમકે કોઈ વ્યક્તિ ઘઉંનો એક દાણો ફળદ્રુપ જમીનમાં વાવે અને આ ઘઉંના દાણામાંથી એક છોડ નીકળે, આ છોડમાંથી ઘઉંની સાત ડૂંડીઓ નીકળે અને દરેક ડૂંડીમાં ૧૦૦-૧૦૦ દાણા હોય, જેનું પરિણામ એ હશે કે એક દાણાથી સાતસો દાણા પ્રાપ્ત થશે.

મતલબ એ થયો કે, અલ્લાહપાકના રસ્તામાં ખર્ચ કરનારનો સારો બદલો અને સવાબ એકથી લઈને સાતસો સુધી પહોંચે છે. એક પૈસો ખર્ચ કરે તો સાતસો પૈસાનો સવાબ પ્રાપ્ત થઈ શકે છે.

સહીહ અને ભરોસાપાત્ર હદીષોમાં છે કે, એક નેકીનો સવાબ દસ ગણો મળે છે અને સાતસો ઘણા સુધી પહોંચી શકે છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, "જિહાદ અને હજ્જમાં ૧ દિરહમ ખર્ચ કરવાનો સવાબ સાતસો દિરહમ બરાબર છે." આ રિવાયત ઈબ્ને કષીરે મુસ્નદે અહમદના હવાલાથી વર્ણન કરી છે.

મતલબ કે, આ આયતમાં જાણ કરવામાં આવી છે કે, એક રૂપિયો ખર્ચ કરવાનો સવાબ સાતસો રૂપિયા ખર્ચ કરવા બરાબર મળે છે.

સદકહ કબૂલ થવાની યોગ્ય શરતો :

પરંતુ કુરઆને કરીમે આ વિષયને ટૂંકમાં અને સ્પષ્ટ શબ્દોમાં વર્ણન કરવા માટે ઘઉંના દાણાના દાખલા સ્વરૂપે ઉલ્લેખ કર્યો, જેનાથી એ બાબત તરફ ઈશારો છે કે, જે પ્રમાણે ખેડૂત એક ઘઉંના દાણામાંથી સાતસો દાણા એવા સમયે જ પ્રાપ્ત કરી શકે છે, જ્યારે કે તે દાણો ઉત્તમ કક્ષાનો હોય, ખરાબ ન હોય અને દાણા લાવનાર ખેડૂત પણ ખેતી કરવાનો નિષ્ણાંત હોય

અને જે જમીનમાં દાણો નાંખવામાં આવે છે, તે પણ ઉત્તમ અને ફળદ્રુપ જમીન હોય. કારણ કે આ બધી બાબતોમાંથી જો કોઈ એકમાં પણ ઉણપ રહી જશે તો આ દાણો બેકાર જશે. એક પણ દાણો નહિ મળે અને એક દાણાના બદલામાં સાતસો દાણા નહિ મળી શકે.

એ જ પ્રમાણે સામાન્ય નેક અમલો અને ખાસ કરીને અલ્લાહપાકના રસ્તામાં ખર્ચ કરવાની સ્વીકૃતિ માટે તથા તેનો વધારે સવાબ મેળવવા માટે પણ આ ત્રણ શરતો છે કે, જે માલ અલ્લાહપાકના રસ્તામાં ખર્ચ કરે તે પાક અને હલાલ હોય. કારણ કે હદીષ શરીફમાં છે કે, અલ્લાહ તઆલા પાક અને હલાલ માલ સિવાય કોઈ વસ્તુ સ્વીકારતો નથી.

બીજું એ કે, ખર્ચ કરનાર પણ નેક નિય્યત અને સજ્જન હોય. ખોટા ઈરાદે અથવા નામના કે પ્રતિષ્ઠા મેળવવા માટે ખર્ચ કરનાર વ્યક્તિ તે અજ્ઞાની ખેડૂત જેવો છે, જે દાણો કોઈ એવી જગ્યાએ વાવી દે કે બધા જ દાણા બેકાર અને વ્યર્થ થઈ જાય.

ત્રીજું એ કે, જેના ઉપર ખર્ચ કરે તે પણ સદકાનો હકદાર હોવો જોઈએ. કોઈ અયોગ્ય વ્યક્તિ ઉપર ખર્ચ કરી માલ બરબાદ ન કરે. આ ઉદાહરણથી અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવાની ઘણી બધી ફઝીલતોની જાણ થઈ ચૂકી અને સાથે સાથે આ ત્રણ શરતો પણ સ્પષ્ટ થઈ ગઈ કે, અલ્લાહ તઆલાના રસ્તામાં હલાલ માલ ખર્ચ કરે, ખર્ચ કરવાની પદ્ધતિ પણ સુન્નત પ્રમાણે હોય અને હકદારોને શોધીને તેમના ઉપર ખર્ચ કરવામાં આવે, ફક્ત ખિસ્સામાંથી કાઢી ખર્ચ કરવાથી આ ફઝીલત પ્રાપ્ત થતી નથી.

બીજી આયતમાં સદકહ કરવાના સાચા સુન્નત તરીકાનો ઉલ્લેખ થયો છે. કહેવામાં આવ્યું છે કે, જે લોકો અલ્લાહના રસ્તામાં ખર્ચ કરે છે અને ખર્ચ કર્યા પછી અહેસાન નથી જતાવતા તથા જેમના ઉપર ખર્ચ કરે છે, તેમને કોઈ તકલીફ પહોંચાડતા નથી, તેમનો સવાબ તેમના પરવરદિગાર પાસે સુરક્ષિત છે, તેઓ કોઈ આવનાર ખતરામાં સપડાશે નહીં અને તેમને ભૂતકાળનો કોઈ રંજ-ગમ પણ નહીં રહે.

સદકહની કબૂલિયત (સ્વીકૃતિ)ની મહત્વની શરતો :

આ આયતમાં સદકહ કબૂલ થવાની બે મહત્વની શરતોનો ઉલ્લેખ થયો છે. એક સદકહ આપીને અહેસાન ન જતાવે અને બીજું જેને આપે તેમને તુચ્છ અને નીચા ન સમજે અને કોઈ એવો વર્તાવ ન કરે, જેનાથી તેઓને પોતે તુચ્છ અને ઝલીલ હોવાનો અહેસાસ થાય અથવા જેનાથી તેમને કોઈ તકલીફ પહોંચે.

ત્રીજી આયત **'કવલુમ મઅ્રૂફ'** (યોગ્ય જવાબ આપવો)માં પણ સદકહ અને ખૈરાત અલ્લાહ તઆલા નજીક સ્વીકાર્ય થવાની બે શરતોની વધારે સ્પષ્ટતા કરવામાં આવી છે, જેનું વર્ણન અગાઉની આયતમાં આવી ચૂક્યું છે. એક અલ્લાહપાકના રસ્તામાં માલ ખર્ચ કર્યા પછી કોઈના પર અહેસાન ન જતાવે અને બીજું જેને આપ્યું છે, તેની સાથે એવો વર્તાવ ન કરે કે જેનાથી તે પોતે તુચ્છ હોવાનો અહેસાસ કરે અથવા જેનાથી તેને કોઈ તકલીફ પહોંચે.

સ્પષ્ટતા એ રીતે થઈ ગઈ કે, તંગી, આર્થિક ભીંસ અથવા લાચારીની પરિસ્થિતિમાં સવાલ કરનારના જવાબમાં વિનમ્રતાથી યોગ્ય ઉઝર (કારણ) રજૂ કરે અને જો સવાલ કરનાર બદતમીઝ (અસભ્ય) હોય અને તમને ગુસ્સો અપાવે તો દરગુજર કરવું એવી ખૈરાત (દાન) આપવા કરતાં અનેક ઘણું બહેતર છે કે, તે દાન આપ્યા પછી જેને આપ્યું છે તેને કોઈ તકલીફ પહોંચાડવામાં આવે અને અલ્લાહ તઆલા પોતે ગની (બેનિયાઝ-બેપરવા) અને અત્યંત સહનશીલ છે. તેને માલ-દૌલતની કોઈ જરૂરત નથી, જે કોઈ પણ અલ્લાહપાકના રસ્તામાં ખર્ચ કરે છે, તે પોતાના લાભ માટે કરે છે. એક બુદ્ધિશાળી વ્યક્તિએ ખર્ચ કરતી વખતે એટલો ખ્યાલ રાખવો જોઈએ કે હું કોઈના ઉપર અહેસાન કરતો નથી, બલ્કે હું પોતાના લાભ માટે જ ખર્ચ કરી રહ્યો છું. અગર જેના ઉપર ખર્ચ કરવામાં આવ્યો છે, તેના તરફથી કોઈ નાશુકી થતી અનુભવે, તો પણ અલ્લાહ તઆલા ખાતર ક્ષમા અને દરગુજરથી કામ લે.

ચોથી આયતમાં આ વિષયને બીજા વિષયો કરતાં વધારે તાકીદ સાથે એ રીતે વર્ણન કર્યો કે, પોતાના સદકાઓને જીભથી અહેસાન જતાવીને અથવા તકલીફ વગેરે પહોંચાડીને અથવા ખરાબ વર્તાવ દ્વારા બરબાદ ન કરો.

(૭) લોકોને દેખાડવા માટે ખર્ચ કરવાનું ઉદાહરણ

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُبْطِلُوْا صَدَقٰتِكُمْ بِالْمَنِّ وَالْاَذٰى ۙ كَالَّذِيْ يُنْفِقُ مَا لَهٗ رِئَآءَ النَّاسِ وَلَا يُؤْمِنُ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ ؕ فَمَثَلُهٗ كَمَثَلِ صَفْوَانٍ عَلَيْهِ تُرَابٌ فَاَصَابَهٗ وَابِلٌ فَتَرَكَهٗ صَلْدًا ؕ لَا يَقْدِرُوْنَ عَلٰى شَيْءٍ مِّمَّا كَسَبُوْا ؕ وَاللّٰهُ لَا يَهْدِي الْقَوْمَ الْكٰفِرِيْنَ ﴿۲۶۴﴾ (بقرہ:۲۶۴)

હે ઈમાનવાળાઓ ! પોતાની ખયરાતને ઉપકાર જતાવી અથવા ઈજા પહોંચાડી બરબાદ કરો નહિ, તે માણસની માફક કે જે પોતાનો માલ લોકોને દેખાડવા અર્થે ખર્ચ કરે છે અને તે અલ્લાહ પર તેમજ કિયામતના દિવસ પર ઈમાન રાખતો નથી, તો તેની મિસાલ એક લીસા પથ્થર સમાન છે કે જેના ઉપર સહેજ માટી (ચઢી ગઈ) હોય, પછી તેના ઉપર જોશભેર વરસાદ પડે તો તેને તદ્દન ચોખ્ખો કરી નાખે; એવા લોકોને પોતાની કમાઈ (એટલે નેકીઓનો સવાબ) સહેજ પણ હાથ લાગશે નહિ; અને અલ્લાહ કાફિરોને (આખિરતમાં જન્નતનો) માર્ગ પણ દેખાડશે નહિ. (૨૬૪)

હે ઈમાનવાળાઓ ! તમે અહેસાન જતાવીને અથવા તકલીફ પહોંચાડીને પોતાની ખૈરાત(ના સવાબને) બરબાદ ન કરો. જે પ્રમાણે તે વ્યક્તિ પોતે (દાનનો મૂળ સવાબ જ બરબાદ કરી દે છે) જે પોતાનો માલ ખર્ચ કરે છે (ફક્ત) લોકોને બતાવવા માટે, અને અલ્લાહ તઆલા તથા આખિરતના દિવસ ઉપર ઈમાન નથી રાખતો (મતલબ એ છે કે, તે ઈમાનનો મુન્કિર અને મુનાફિક છે) બસ, આવા વ્યક્તિની પરિસ્થિતિ એવી છે, જેમકે એક ચીકણો પથ્થર હોય, જેના ઉપર થોડી માટી લાગી હોય (અને માટી ઉપર થોડું ઘાસ ઉગી નીકળ્યું હોય) પછી તેના ઉપર મુશળધાર વરસાદ પડી જાય. બસ, તે (પથ્થર વરસાદ પડવાથી) બિલ્કુલ ચોખ્ખો થઈ જાય (એ જ

પ્રમાણે મુનાફિકોના હાથે અલ્લાહના રસ્તામાં કંઈ ખર્ચ પણ થઈ જાય તો તે જાહેરમાં સારો અમલ છે, જેમાં સવાબની આશા રાખવામાં આવતી હોય છે, પરંતુ તેમના નિફાક-દોગલાપણાંના કારણે તે વ્યક્તિ સવાબથી કોરો રહી જાય છે. એટલા માટે (કિયામતમાં) આવા લોકોને પોતાની કમાણીનો જરા પણ લાભ નહિ મળે. (કારણ કે કમાણી નેક અમલ છે અને આ દાન તો માત્ર દેખાડા માટે હતું. કારણ કે તે રિયાકાર પણ છે અને કાફિર પણ છે) અને અલ્લાહ તઆલા કાફિર લોકોને (કિયામતના દિવસે સવાબનો એટલે કે જન્નતનો) સીધો માર્ગ નહિ બતાવે. (કારણ કે કુફ્ના કારણે તેમનો કોઈ અમલ કબૂલ નથી થતો કે જેનો સવાબ આખિરતમાં સંગ્રહિત થાય અને ત્યાં હાજર થઈ તેના બદલામાં જન્નતમાં પહોંચી જાય).

મુનાફિક લોકો જેઓ ખરું જોતાં અલ્લાહપાક તથા કિયામતના દિવસ પર ઈમાન રાખતા નથી. તેઓ જે કંઈ અલ્લાહપાકના માર્ગમાં આપે તો લોકોને દેખાડવા ખાતર આપે છે. તેથી તેની મિસાલ એવી છે જાણે કોઈએ સહેજ માટીવાળા પથ્થર પર દાણા વાવ્યા, પરંતુ તેના ઉપર ધોધમાર વરસાદ પડતાં પથ્થર ધોવાઈને સાફ થઈ જવાથી દાણા ઉગી શકતા નથી; તે જ પ્રમાણે તેઓની તે ખયરાત તદ્દન નકામી થઈને કંઈ જ સવાબ મળતો નથી. તેવી જ રીતે કોઈ બિચારાને ખયરાત આપ્યા પછી તેને વાત કે વર્તનથી સતાવે અથવા તેને તુચ્છ ગણે, તો તે ખયરાતનો સવાબ મળતો નથી. તેમજ સખી તરીકે પ્રખ્યાત થવા માટે લોકોને દેખાડી આપવામાં પણ સવાબ નથી. તેથી મુસલમાનોને પોતાનો સવાબ બરબાદ કરવાની મનાઈ કરી. વળી, મુનાફિકની મિસાલથી એ ચેતવણી આપી કે રિયાકારી ઈમાન-વાળાઓનું કામ નથી, બલ્કે મુનાફિકોનું છે.

સ્પષ્ટ થઈ ગયું કે, જે સદકહ અને ખૈરાત કર્યા પછી અહેસાન જતાવ-વામાં આવે અથવા તો હકદારોને તકલીફ પહોંચાડવામાં આવે, તો તે સદકહ બેકાર અને અસ્વીકાર્ય છે. આવા સદકહનો કોઈ સવાબ નહિ મળે. આ આયતમાં સદકહ કબૂલ થવાની એક શરત એવી રીતે વર્ણન કરવામાં

આવી છે કે, જે વ્યક્તિ દેખાડા માટે તથા નામના અને પ્રતિષ્ઠા મેળવવા માટે ખર્ચ કરે છે અને જો તે અલ્લાહ અને કિયામત ઉપર ઈમાન નથી ધરાવતો, તો તેનું ઉદાહરણ એવું છે, જેમકે કોઈ ચોખ્ખા પથ્થર ઉપર થોડી માટી બાઝી જાય અને તેમાં કોઈ દાણો વાવે, પછી તેના ઉપર મૂશળધાર વરસાદ પડે અને તેનાથી તે પથ્થર બિલ્કુલ ચોખ્ખો થઈ જાય. આવા લોકોને પોતાની કમાણી-માંથી કંઈ પણ લાભ નહિ થાય અને અલ્લાહ તઆલા કાફિર લોકોને સીધો રસ્તો નહિ બતાવે. આ ઉલ્લેખથી સદકહ અને ખૈરાતની સ્વીકૃતિ માટે એવી શરત છે કે, સદકહ-ખૈરાત માત્ર અલ્લાહપાકને રાજી રાખવા માટે અને આખિરતમાં સવાબ મેળવવાની નિય્યતથી ખર્ચ કરવામાં આવે. તેમાં કોઈ નામના, પ્રતિષ્ઠા અથવા દેખાડાની નિય્યત ન હોય. નામના અને પ્રતિષ્ઠાની નિય્યતથી માલ ખર્ચ કરવો પોતાના માલને બરબાદ કરવા બરાબર છે અને આખિરત ઉપર ઈમાન રાખનારા મો'મિનો પણ ફક્ત નામના અને પ્રતિષ્ઠા માટે કોઈ ખૈરાત કરે તો તેનો પણ એ જ હાલ છે. તેને તે ખૈરાતનો કોઈ સવાબ નહિ મળે. પછી આ સ્થળે **'લા યુઅ્મિનુ બિલ્લાહ'** (અલ્લાહમાં ઈમાન ધરાવતા નથી)ના વધારાથી કદાચ એ તરફ ઈશારો થયો છે કે, 'રિયાકારી' નામના અને પ્રતિષ્ઠા માટે કોઈ કાર્ય કરવાની મો'મિનો માટે કલ્પના પણ ન કરી શકાય. કારણ કે તેઓ અલ્લાહ તઆલા અને આખિરત ઉપર ઈમાન રાખે છે અને રિયાકારી ઈમાનમાં ઉણપ (ખામી) હોવાની નિશાની છે.

આ આયતના અંતે કહેવામાં આવ્યું છે કે, ''અલ્લાહપાક કાફિર લોકોને રસ્તો નહિ બતાવે.'' એનો મતલબ એ છે કે, અલ્લાહ તઆલાની મોકલેલી હિદાયતો અને આયતો જે બધા વ્યક્તિઓ માટે સર્વસામાન્ય છે. અને કાફિરો આ માર્ગદર્શન તરફ દૃષ્ટિપાત પણ કરતા નથી, બલ્કે મજાક અને ઠઠ્ઠો-મશ્કરી કરે છે. પરિણામે અલ્લાહપાક તેમને તૌફીકથી (સદ્કૃત્યો કરવાની પ્રેરણાથી) મહરૂમ (વંચિત) કરી દે છે. જેની અસર એવી હોય છે કે, તેઓ કોઈ પણ પ્રકારના સીધા માર્ગના માર્ગદર્શનનો સ્વીકાર કરતા નથી.

(૮) સદકો કબૂલ થવાનું ઉદાહરણ

وَمَثَلُ الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمُ ابْتِغَآءَ مَرْضَاتِ اللّٰهِ وَتَثْبِيْتًا مِّنْ اَنْفُسِهِمْ كَمَثَلِ جَنَّةٍۭ بِرَبْوَةٍ اَصَابَهَا وَابِلٌ فَاٰتَتْ اُكُلَهَا ضِعْفَيْنِ ۚ فَاِنْ لَّمْ يُصِبْهَا وَابِلٌ فَطَلٌّ ؕ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿۲۶۵﴾ (بقرہ:۲۶۵)

અને જે લોકો પોતાનો માલ અલ્લાહ તઆલાની ખુશી મેળવવા અને (દીનમાં કઠણ કાર્યોમાં ભોગ આપવા) પોતાના દિલને મક્કમ રાખવા માટે ખર્ચ કરે છે, તેઓની (ખયરાતની) મિસાલ એક ઊંચી જગ્યાએ આવેલા એવા બગીચા સમાન છે, જેના ઉપર ભારે વરસાદ વરસ્યો હોય, તેથી તેણે પોતાનાં ફળો બમણાં (ચોગણાં) આપ્યાં અને જો તેના ઉપર ભારે વરસાદ વરસ્યો નહિ તો પણ તેને ઝીણો વરસાદ જ બસ છે, અને અલ્લાહ તઆલા તમારાં કામોને ખૂબ જુએ છે. (૨૬૫)

અને તે લોકો કે જેઓ પોતાનો માલ અલ્લાહને રાજી રાખવા માટે તથા પોતાના યકીન (અને ઈમાન)ને મક્કમ બનાવવાના હેતુથી અલ્લાહ તઆલાના માર્ગમાં ખર્ચ કરે છે, તેમનું ઉદાહરણ એવું છે જાણે કે એક બાગ હોય, તે કોઈ ટેકરી ઉપર છે (એવી ખુશનૂમા જગ્યાએ છે કે જ્યાં બગીચાઓ માટે અનુકૂળ આબોહવા હોય છે અને) ત્યાં મૂશળધાર વરસાદ પડે, પછી તે (બગીચાની હરિયાળી અને ઉત્પાદનમાં તે વરસાદના કારણે વધારો થાય અને) બમણા ફળો લાવે અને જો એવો મુશળધાર વરસાદ ન પણ પડે તો ઝરમર-ઝરમર (એટલે કે હળવો વરસાદ) પણ પૂરતો છે. (કારણ કે જમીન ફળદ્રુપ છે અને આબોહવા અનુકૂળ છે) અને અલ્લાહ તઆલા તમારા કાર્યોને ઘણી સારી રીતે જુએ છે (એટલા માટે જ્યારે તે બંદાની નિખાલસતાને જુએ છે ત્યારે તે તેનો સવાબ વધારી દે છે.)

માલ ખર્ચ કરવું નફસ પર બહુ ભારે છે, તો તેની વિરુદ્ધતા કરી વારંવાર માલ આપતાં નફસની સરકશી ઓછી થવાથી બીજા દીની કાર્યોમાં પણ તે આડે નહિ આવતાં સૌ કામો માટે તૈયાર થાય એ હેતુથી તેમજ ખાસ અલ્લાહ તઆલાને રાજી કરવા ખાતર જે લોકો નેક કામોમાં ખર્ચ કરે છે,

તેમની ખયરાતની આ મિસાલ છે, જેમાં સારી જમીનથી મતલબ ઈમાન અને ઈખ્લાસ છે. ધોધમાર વરસાદથી મતલબ વધુ ખયરાત અને ઝીણા વરસાદથી થોડી ખયરાત છે. તો સાર એ થયો કે, ઈખ્લાસની સાથે જેટલી વધુ ખયરાત કરશો, તેટલો જ વધુ સવાબ મળશે અને થોડી ખયરાત કરવાથી તેના પ્રમાણમાં સવાબ મળશે, પરંતુ જે જમીન સારી ન હોય એટલે નિય્યત ખોટી હોય, તો ખર્ચ કરવાથી ઉલટું નુકસાન થશે. જેમ કે પથ્થર પર ઉગેલા છોડને જેટલો વરસાદ પડે તેટલું જ નુકસાન છે.

આયતમાં સદકહ કબૂલ થવાના અને અલ્લાહપાકના માર્ગમાં સ્વીકૃતિ પામેલ માલના એક ઉદાહરણનો ઉલ્લેખ થયો છે કે, જે લોકો પોતાનો માલ ફક્ત અને ફક્ત અલ્લાહપાકને રાજી રાખવાની નિય્યતથી ખર્ચ કરે છે કે, જેથી પોતાની ઈચ્છાઓ અને ઈરાદાઓ પરિપક્વ અને મજબૂત બને. તેમનું ઉદાહરણ એવું છે, જેમકે કોઈ ઉંચી ટેકરી ઉપર કોઈ બાગ હોય અને તેના ઉપર મૂશળધાર વરસાદ પડે, પછી તે બગીચો બમણા ફળોનું ઉત્પાદન આપે. જો આવો મૂશળધાર વરસાદ ન પણ પડે, તો ભલે ઝરમર-ઝરમર હળવો વરસાદ પડે, તો તે પણ આ બગીચા માટે પૂરતો છે અને અલ્લાહ તઆલા તમારા કાર્યોને સારી પેઠે જુએ છે.

આ વર્ણનમાં ઈખ્લાસ પ્રસ્તુત શરતો સાથે અલ્લાહના રસ્તામાં માલ ખર્ચ કરવાની ઘણી ફઝીલતો પ્રસ્તુત ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરવામાં આવી કે, નેક ઈરાદે ઈખ્લાસથી થોડો પણ માલ અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવામાં આવે તો તે પૂરતો છે અને આખિરતમાં મોટા સવાબનું કારણ છે.

(૯) સદકો કબૂલ ન થવાનું ઉદાહરણ

اَيَوَدُّ اَحَدُكُمْ اَنْ تَكُوْنَ لَهٗ جَنَّةٌ مِّنْ نَّخِيْلٍ وَّاَعْنَابٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ۙ لَهٗ فِيْهَا مِنْ كُلِّ الثَّمَرٰتِ ۙ وَاَصَابَهُ الْكِبَرُ وَلَهٗ ذُرِّيَّةٌ ضُعَفَآءُ ۪ فَاَصَابَهَآ اِعْصَارٌ فِيْهِ نَارٌ فَاحْتَرَقَتْ ؕ كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمُ الْاٰيٰتِ لَعَلَّكُمْ تَتَفَكَّرُوْنَ ﴿۲۶۶﴾ (بقرہ:۲۶۶)

શું તમારામાંથી કોઈને એવું ગમે છે કે તેનો ખજૂર અને દ્રાક્ષોનો એક એવો બગીચો હોય, જેના (ઝાડો) નીચે નહેરો વહેતી હોય, (અને) તેને માટે તે વાડીમાં બીજાં પણ દરેક જાતનાં ફળો હોય, અને તે માણસને વૃદ્ધાવસ્થા આવી ગઈ હોય તેમજ તેનાં બાળ-બચ્ચાં પણ અશક્ત હોય, પછી તે બાગ પર એવો લૂનો ઝપાટો ચાલે, જેમાં આગ હોય, જેનાથી તે બળી(ને ભસ્મ થઈ) જાય; એવી જ રીતે અલ્લાહ તમારા માટે પોતાના અહકામ સ્પષ્ટ બયાન કરે છે કે જેથી તમે વિચાર કરો. (૨૬૬)

ભલા ! તમારામાંથી શું કોઈ એ બાબતને પસંદ કરશે કે તેના ખજૂરો અને દ્રાક્ષનો બગીચો હોય (એટલે કે વધારે ઝાડો ખજૂરો અને દ્રાક્ષના હોય અને) તે (બાગ)ના (ઝાડો) નીચે નહેરો વહેતી હોય (જેનાથી તે બગીચો ખૂબ હરિયાળો અને ખુશનૂમા હોય) એ વ્યક્તિના તે બાગમાં (ખજૂરો અને દ્રાક્ષ સિવાય) અન્ય પણ દરેક પ્રકારના (કિંમતી) મેવાઓ હોય અને તે વ્યક્તિ ઉપર ઘડપણ આવી જાય (કારણ કે તે માનવજીવનનો કુદરતી ક્રમ છે) અને તેના બાળ-બચ્ચાં પણ હોય, જેમનામાં (કમાવાની) શક્તિ નથી. (આવી પરિસ્થિતિમાં તેને બાળકોના ભરણપોષણની કોઈ અન્ય આશા પણ નથી, તેની આર્થિક જરૂરિયાતો માટે ફક્ત બગીચો જ છે.) પછી (આવી પરિસ્થિતિમાં એવી ઘટના બને કે) આ બાગ ઉપર એક ચક્રવાત આવી પડે, જેમાં આગ હોય પછી (તેનાથી) તે બગીચો સળગી જાય (તો દેખીતું છે કે કોઈ પણ વ્યક્તિને આવી પરિસ્થિતિ પસંદ નહિ આવે ! પછી તેની સરખામણી એવી કરી શકાય છે કે, જાણે પ્રથમ સદકહ-ખૈરાત અથવા કોઈ નેક કામ કર્યું, જે કિયામતમાં કામ લાગવાની આશા હોય કે જ્યારે આવા નેક કાર્યોની સખત જરૂર પડવાની છે, એવા સમયે ખબર પડશે કે તમારા અહેસાન જતાવવાના કારણે અથવા ગરીબને તકલીફ પહોંચાડવાના કારણે તમારૂં સદકહ-ખૈરાત-દાન બધું વ્યર્થ અને બેબરકત થઈ ગયું. તે સમયે સખત પસ્તાવો થશે કે કેવી કેવી તમન્નાઓ અને આશાઓ ઠગારી નિવડી. બસ, તમે આ ઉદાહરણથી આ ઘટનાને સમજી લો કે તમે આવી બાબત પસંદ નથી કરતા.) અલ્લાહ તઆલા આ જ પ્રમાણે દાખલાઓ તમારા માટે

(તમને સમજાવવા) વર્ણન કરે છે. જેથી તમે ચિંતન-મનન કરો (અને ચિંતન-મનન કરી તેના પર અલ્લાહપાકના હુકમ અનુસાર અમલ કરો.

આ મિસાલ તે લોકોની છે, જેઓ લોકોને દેખાડવા માટે ખયરાત કરે અથવા આપ્યા પછી લેનારને મહેણાં મારે, સતાવે અથવા બીજી નેકીઓ કર્યા પછી ગુનાહોથી તેને બરબાદ કરી નાખે, તો જે પ્રમાણે મિસાલમાં દર્શાવેલી બાબતને કોઈ પણ માણસ પસંદ કરી શકતો નથી, તેવી જ રીતે ખયરાત વગેરે નેકીઓને પણ સમજવું જોઈએ. મતલબ કે ખયરાત તથા બીજાં નેક કામો એવાં ફળદ્રુપ બગીચા સમાન છે, જેનાં ફળ એટલે સવાબ કિયામતના દિવસે કે જ્યારે અત્યંત લાચારીનો વખત હશે ત્યારે મળવાની આશા હોય છે, પરંતુ જો ઈખ્લાસ નહિ હોવાના કારણે અથવા ખયરાત આપ્યા પછી લેનારને વાત-વર્તનથી સતાવવાના કારણે તે બરબાદ થઈ જાય અથવા બીજી નેકીઓ ગુનાહોના કારણે બરકત વિનાની થઈ જાય, તો આખિરતમાં એ બાબત જાહેર થતાં સઘળી આશાઓનું ખૂન થઈ કેવો પસ્તાવો થશે ? માટે પ્રથમથી જ સાવચેત રહી પોતાની નેકીઓને બરબાદીથી બચાવો. હઝરત ઈબ્ને અબ્બાસ (રદી.)એ ફરમાવ્યું છે કે, આ આયતમાં એવી સઘળી નેકીઓનો સમાવેશ થાય છે, જેના પછી માણસ ગુનાહોમાં સપડાઈ પોતાની નેકીઓને ખરાબ કરી નાખે છે. એમાં ખયરાત પણ આવી ગઈ. ખરેખર, માણસ જ્યારે નેકીઓ પછી પાપોમાં પડી જાય છે તો નેકીઓના અનવાર તથા બરકતો તેમજ બંદગીથી દિલમાં જે લજ્જત આવે છે તે નષ્ટ થઈ જાય છે.

હે ઈમાનવાળાઓ ! પોતાની કમાણીમાંથી ચોખ્ખી (પવિત્ર) વસ્તુ તથા અમે જમીનમાંથી જે ચીજો તમારા માટે ઉત્પન્ન કરી છે તેમાંથી (નેક કામમાં) આપ્યા કરો અને તેમાંથી એવી રદ્દી ચીજના આપવાનો ઈરાદો પણ ન કરો કે જેને તમે પોતે પણ આંખમિચામણા કર્યા વિના લઈ શકો નહિ અને યકીન રાખો કે અલ્લાહ તઆલા બેપરવા (અને) ખૂબીઓવાળો છે. (૨૬૭)

અલ્લાહપાકને ત્યાં ખયરાત કબૂલ થવા માટે પવિત્ર એટલે હલાલની

કમાઈનો માલ હોવો જરૂરી છે. હરામનો કે શંકાવાળો માલ કબૂલ થતો નથી, બલકે હરામનો માલ આપી સવાબની આશા રાખવી કુફ્ર છે. તેથી અલ્લાહ વાસ્તે એવી સરસ વસ્તુ આપવી જોઈએ, જેને તે પોતાની જાત માટે પસંદ કરતો હોય. એવી ખરાબ વસ્તુ ન આપે, જેનું બીજા પાસેથી લેવું પોતે પણ પસંદ ન કરે, કારણ કે અલ્લાહ તઆલા તમારી એવી રદ્દી ખયરાતનો કંઈ મોહતાજ નથી; બલકે તે તો સંપૂર્ણ ખૂબીઓવાળો હોવાથી જે સરસ વસ્તુ દિલના ઉમંગ અને પ્રેમથી આપવામાં આવે તેને જ પસંદ કરે છે, પરંતુ જેની પાસે સારી વસ્તુ નહિ હોવાથી લાચારીએ કોઈ નજીવી વસ્તુ આપે તો અલ્લાહ તઆલા તેને પણ કબૂલ કરી લેશે અને કદર કરશે.

શયતાન તમને નિર્ધનતાથી ડરાવે છે અને તમને નઠારી વાત (એટલે કંજૂસી)ની સલાહ આપે છે અને અલ્લાહપાક (સારી વસ્તુ આપવા પર) પોતાના તરફથી તમારાં પાપો માફ કરવાનો અને (બદલામાં) વધુ આપવાનો વાયદો કરે છે અને અલ્લાહપાક બહુ ઉદાર, સઘળું જાણનાર છે. (૨૬૮)

અત્રે શયતાનના ડરાવવાથી એ મતલબ છે કે નેક કામોમાં ખર્ચ કરવાના સમયે પોતાની ગુંજાઈશ હોવા છતાં માણસના દિલમાં જે ખોટા વિચારો ઉત્પન્ન થાય છે કે ખયરાત કરવાથી કંગાળ બની જઈશ. આ માલ ચાલ્યો જશે તો પછી ક્યાંથી આવશે ? બાલ-બચ્ચાં હોવાથી ભવિષ્યમાં ઘણી જરૂરિયાતો આવી પડશે ત્યારે શું કરીશ ? વગેરે તરંગોમાં ફસાઈને અલ્લાહ તઆલાની તાકીદો સાંભળવા છતાં દિલ ખોલીને ખયરાત કરવાની હિમ્મત ન થાય, તો સમજી લેવું કે આ વાત શયતાને દિલમાં ઠસાવી છે. એથી પનાહ માંગવી જોઈએ. ગુંજાઈશ વખતે યોગ્ય રીતે ખયરાત કરવાથી નિર્ધનતાનો ભય રહેતો જ નથી, બલકે શાદી-ગમીમાં નામના ખાતર ભારે ખર્ચ કરવો, વ્યભિચાર, જુગાર, મદ્યપાન, નાચરંગ, વગેરેમાં દૌલત બરબાદ કરવી એ સૌ શયતાની કામો હોઈ તંગદસ્તીના મુખ્ય કારણો છે. છતાં શયતાન ઊંધું સમજાવે છે, પરંતુ એ વિરુદ્ધ જો દિલમાં એવો ખ્યાલ આવે કે ખયરાત કરવાથી ગુનાહ માફ થશે, વળી માલમાં પણ બરકત થશે તો એમ સમજો કે આ વાત અલ્લાહપાકના તરફથી ફરિશ્તાએ દિલમાં નાંખી

છે. તો અલ્લાહ તઆલાનો શુક્ર કરી પોતાની ગુંજાઈશ મુજબ ખયરાત કરતાં અટકવું જોઈએ નહિ. હા, જો ખરેખર દેખીતી રીતે ગરીબ હોય તેમજ નિર્ધનતાના સાધનો મૌજૂદ હોય તો શરીઅત પણ તેવા માણસને નફલી સદકા-ખયરાતથી રોકે છે. વળી, એવા માણસના ખર્ચ નહિ કરવાને કંજૂસી પણ કહી શકતા નથી.

અલ્લાહપાક જેને ચાહે છે, તેને (દીનમાં) સદ્‌બુદ્ધિ આપે છે અને જેને સદ્‌બુદ્ધિ મળી, તો બેશક તેને ઘણી જ ખૂબીઓ મળી અને તે જ લોકો બોધ ગ્રહણ કરે છે કે જેઓ બુદ્ધિશાળી છે. (૨૬૯)

અલ્લાહ તઆલા ચાહે તેને દીનનું જ્ઞાન આપે છે, જે સર્વ ભલાઈઓનું મૂળ હોવાથી દુનિયામાં કોઈ નેઅમત એના બરાબર લાભદાયક નથી. વળી, તેને ખયરાત કરવાની સમજ આપે છે કે, ક્યો માલ કેવી નિય્યતથી કઈ રીતે અને કોને આપવો જોઈએ ? તો જેને આ જ્ઞાન અને સદ્‌બુદ્ધિ મળ્યાં તેને અત્યંત ભલાઈ પ્રાપ્ત થઈ.

અને તમે જે કંઈ ખર્ચ કરો છો અથવા કોઈ મન્નત માનો છો, તો બેશક અલ્લાહ તઆલા તેને જાણે છે, અને (કિયામતમાં) ઝુલ્મીઓનો તો કોઈ પણ બેલી થશે નહીં. (૨૭૦)

જેટલી ખયરાત છૂપી કે જાહેર રીતે જેવી નિય્યતથી આપશો તેની તેમજ કોઈ પ્રકારની મન્નત રાખશો તેની અલ્લાહ તઆલાને સંપૂર્ણ ખબર છે, તો અલ્લાહ તઆલાની મરજી વિરૂદ્ધ વાપરનાર અથવા મન્નત રાખનાર ઝુલ્મીઓનો કોઈ બેલી નથી. તેવા લોકોને અલ્લાહ તઆલા ચાહશે તેવી શિક્ષા આપશે. યાદ રાખો ! અલ્લાહના સિવાય કોઈની મન્નત દુરૂસ્ત નથી, પરંતુ એવી રીતે જાઈઝ છે કે, અલ્લાહના ખાતર જ ફલાણાને આપીશ અથવા આ મન્નતનો સવાબ ફલાણાને પહોંચે. મન્નત રાખવાથી તેનું પૂરૂં કરવું વાજિબ થઈ જાય છે. મન્નત પૂરી ન કરે તો ગુનોહ થશે.

જો તમે સદકા (ખયરાત)ને જાહેર કરીને આપો તો પણ સારી વાત છે અને જો તમે તેને છૂપાવીને મોહતાજોને આપો તો આ (છૂપાવવું) તમારા

માટે વધુ સારૂં છે અને (તેની બરકતથી) અલ્લાહ તમારા કેટલાક પાપ પણ મટાડશે અને અલ્લાહ તમારા કરેલા કામોની ખૂબ ખબર રાખે છે.(૨૭૧)

જાહેર કરીને એવી નિય્યતથી ખયરાત કરવી કે તેને જોઈ બીજાઓને પણ ઉત્સાહ અને ખંત થાય તો બેહતર છે, નહિ તો છૂપી રીતે આપવી જ વધુ બેહતર છે કે લેનાર પણ શરમાય નહિ. તેમજ તેમાં એ પણ ફાયદો છે કે પોતાના મામલાનો બધો હિસાબ બીજા લોકો જાણી શકતા નથી. મતલબ કે પોતપોતાના મોકાસર બન્ને પ્રકારની ખયરાત બેહતર છે અને એથી સગીરા ગુનાહ માફ થાય છે. કબીરા ગુનાહ તો માત્ર સાચી તૌબાથી અથવા અલ્લાહપાકની કૃપા અને રહમતથી જ માફ થાય છે. વળી, ખાલિસ નિય્યત સદા કાયમ રાખવાની તાકીદ માટે છેવટમાં ફરમાવ્યું કે અલ્લાહ તઆલાને તમારાં કામોની સંપૂર્ણ ખબર છે.

(હે નબી સલ. !) તે (કાફિર) લોકોને હિદાયત પર લાવવું આપના જિમ્મે નથી; પરંતુ અલ્લાહપાક જેને ચાહે છે તેને સીધી રાહ પર લાવે છે અને (હે મુસલમાનો !) જે કંઈ માલ તમે ખર્ચ કરો છો, તો તે પોતાના જ લાભ અર્થે કરો છો અને તમે અલ્લાહપાકને રાજી કરવા સિવાય (બીજા હેતુથી) ખર્ચ કરતા નથી અને તમે જે કંઈ દાન આપશો તે(નો સવાબ) તમને સંપૂર્ણ મળશે અને તમારો જરાય હક માર્યો નહિ જાય. (૨૭૨)

આગલી આયતોમાં ખયરાત આપવા પાત્ર વસ્તુઓનું વર્ણન હતું. અત્રે તે લોકોનું વર્ણન છે, જેઓને ખયરાત આપવી જોઈએ. મતલબ કે માનવ-જાતની હમદર્દી રાખી તમે દરેક દુઃખી મોહતાજને આપો. કોઈ પણ કૌમ કે ધર્મનો ભેદ રાખવાની જરૂર નથી. તમારે તો માત્ર અલ્લાહ તઆલાના તરફથી બદલો મળવાના હેતુથી જ આપવું જોઈએ. લેનાર મુસ્લિમ છે કે નહિ તે જોવાની તમારે જરૂર નથી; કારણ કે અલ્લાહ વાસ્તે તમે જેટલું આપો છો તે પોતાના જ લાભ માટે આપતા હોઈ સઘળું અલ્લાહ તઆલાને ત્યાં એકઠું કરો છો. અલ્લાહપાક તેનો સંપૂર્ણ બદલો તમને આપશે. પ્રથમ હઝરત મુહમ્મદ (સલ.)એ ગેરમુસ્લિમોને એ કારણથી દાન આપવાની

મનાઈ કરી હતી કે, પૈસાની લાલચથી ગેરમુસ્લિમો ઈસ્લામ તરફ આકર્ષાય નહિ. પાછળથી આપ (સલ.)એ છૂટ આપી કે જ્યાં સુધી તમે અલ્લાહ તઆલાને રાજી કરવા ખાતર ગમે તે મોહતાજને આપશો તેનો સવાબ તમને મળશે ત્યારે આ આયત ઉતરી, પરંતુ કોઈ ગેરમુસ્લિમને ઝકાત આપવી દુરુસ્ત નથી. બીજા નફલી સદકા તથા ખયરાત આપવા જાઈઝ છે.

ખયરાત તે ગરીબોનો હક છે કે જેઓ અલ્લાહપાકની રાહ (દીની સેવા)માં રોકાયેલા હોય. તે લોકો (રોજી મેળવવા) દેશમાં કયાંય જઈ શકતા નથી, (તેમજ) તેઓના સવાલ નહિ કરવાના કારણે અજાણ્યો માણસ તેઓને ધનવાન માને છે, (પણ) તમે તે લોકોના મુખ પરથી જ તેઓને ઓળખી શકો છો. (નહિ તો) તેઓ લોકો પાસે (ભિખારીઓ માફક) અડીને માંગતા નથી અને તમે જે કંઈ માલ (તેઓની સેવા અર્થે) ખર્ચ કરશો, તો બેશક અલ્લાહ તઆલા તેને ખૂબ જાણે છે. (૨૭૩)

સદકા-ખયરાત સામાન્ય રીતે કોને કોને આપી શકાય છે; તેના વર્ણન પછી અસલી હકદારોનું વર્ણન કરતાં તેઓની પાંચ સિફતો બતાવી. મતલબ કે જે લોકો અલ્લાહ તઆલાના તથા દીનના કામોમાં એવા રોકાઈ ગયા છે કે તેના કારણે તેમને દુનિયા કમાવવાની ફુરસદ મળતી નથી, છતાં તંગદસ્તીની હાલતમાં પણ એવી રીતે ગુજરાન ચલાવે છે કે અજાણ્યો માણસ તેઓની સ્થિતિ જાણી શકતો નથી અને તેઓની આવી દીનદારીથી તેઓના મુખ પર એવું નૂર પ્રકાશિત હોય છે, જેને ખાસ ખાસ લોકો જ જોઈ શકે છે. દંભ કરનાર ફકીરો માફક સીધી કે આડકતરી રીતે ભીખ માંગતા નથી. જેવા કે હુઝૂર (સલ.)ના કેટલાક સહાબીઓ હતા, જેઓ દીની ઈલ્મ શીખવા તેમજ ફસાદી કાફિરો સાથે જિહાદ કરવા ખાતર ઘરબાર છોડી હઝરત મુહમ્મદ (સલ.)ની સેવામાં જ હાજર રહેતા, જેઓ અસ્હાબુસ્સુફ્ફહના નામે ઓળખાય છે. એ બુઝુર્ગોની બરકત અને ફૈઝના પ્રકાશથી હુઝૂર (સલ.) પછી જગત રોશન થઈ ગયું. તો એવા પ્રકારના લોકોને આપવામાં ઈસ્લામની પણ સેવા અને મદદ થવાથી વધુ સવાબ છે. તેથી જ દરેક

જમાનામાં આલિમો, તાલિબે ઈલ્મો તથા બીજા દીનના સાચા સેવકોની પૂરતી મદદ જરૂ રી અને શ્રેષ્ઠ સાબિત થઈ, પરંતુ જ્યારે સંજોગો અનુસાર એવા લોકો કરતાં બીજા લોકોની મોહતાજી વધારે જણાય તેમજ તેઓની મદદ નહિ કરવાથી તેઓની અડચણો દૂર થવાનાં સાધનો જણાતાં ન હોય ત્યારે તે લોકોની મદદમાં વધુ સવાબ થઈ શકે છે.

જે લોકો પોતાનો માલ રાતે અને દિવસે, છૂપી અને જાહેરી રીતે (અલ્લાહ વાસ્તે) ખર્ચ કરે છે તો તેઓના માટે તેઓનો નેક બદલો પોતાના પરવરદિગાર પાસે છે અને ન તેઓને કંઈ ડર હશે અને ન તેઓ દિલગીર થશે. (૨૭૪)

અહીં સુધી ખયરાત અને તેની ફઝીલત તથા તેના કબૂલ થવાની શરતોનું સવિસ્તર વર્ણન કર્યું, જેમાં નૈતિક તથા સામાજિક અનેક લાભ છે. ત્યારે વ્યાજ જે તેથી તદ્દન ઉલટું જ હોઈ એમાં બેશરમી, સતામણી અને તદ્દન અન્યાય જ છે. ખયરાતમાં જેટલી ભલાઈ છે, તેટલી જ વ્યાજમાં બુરાઈ હોવાથી ખયરાતની ફઝીલત પછી આગલી આયતોમાં વ્યાજની બુરાઈ અને મનાઈનું વર્ણન કરવામાં આવ્યું.

આયતમાં સદકહ અને ખૈરાતની પ્રસ્તુત શરતોથી વિપરીત અને ઉલટો અમલ કરવાથી સદકહ બાતિલ અને વ્યર્થ થઈ જવાનું વર્ણન પણ એક ઉદાહરણ દ્વારા આ રીતે સ્પષ્ટ કરવામાં આવ્યું કે, "શું તમારામાંથી કોઈ એ વાતને પસંદ કરે છે કે, એક ખજૂરો અને દ્રાક્ષનો બગીચો હોય અને તેની નીચેથી નહેરો વહેતી હોય અને તે વ્યક્તિના બગીચામાં દરેક પ્રકારની ફળફળાદિ હોય અને તે વ્યક્તિ ઉપર ઘડપણ છવાય જાય, તેના બાળ-બચ્ચા પણ હોય, જેઓ કમજોર છે. આવી પરિસ્થિતિમાં આ બગીચા ઉપર એક વાવાઝોડું આવે, જેમાં આગ હોય, તેનાથી આ બાગ સળગી જાય. અલ્લાહ તઆલા આ જ પ્રમાણે તમારા માટે તથ્યોને સ્પષ્ટ કરે છે, જેથી તમે ચિંતન-મનન કરો."

મતલબ એ છે કે, શરતો વિરૂદ્ધ સદકહ કરવાનું ઉદાહરણ એવું છે કે,

બાહ્ય દેખાવથી તો તે સદકહ કરીને આખિરત માટે ઘણો મોટો સવાબ કમાઈ રહ્યો છે, પરંતુ અલ્લાહ પાસે આ સદકહ (દાન) કંઈ પણ કામ લાગશે નહિ.

અને આ ઉદાહરણમાં જે અમુક બાબતો વધારવામાં આવી છે, જેમકે તેના ઉપર ઘડપણ આવી જાય, તેને ઔલાદ પણ હોય, જેઓ નાના બાળકો છે અને કમજોર હોય. આ બાબતોનો મકસદ એ છે કે, યુવાનીની હાલતમાં કોઈનો બાગ અથવા ખેતી સળગી જાય તો આશા રાખી શકાય છે કે, તે આ બગીચો ફરી લગાવી શકશે અને જે વ્યક્તિને ઔલાદ ન હોય અને તેને ફરીવાર બાગ લગાવવાની આશા પણ ન હોય, તો તેને પણ બાગ સળગી ગયા પછી રોઝી-રોટીની કોઈ ચિંતા નહિ રહે. એકલો માણસ ગમે તે રીતે તંગી બરદાસ્ત કરીને ગુજારો કરી શકે છે અને જો ઔલાદ પણ હોય, પરંતુ તે યુવાન, સશક્ત તથા નેક હોય તો આશા છે કે, તેઓ પિતાને મદદ કરશે અને તેના કામમાં સહકાર આપશે. આવી પરિસ્થિતિમાં પણ વ્યક્તિને બાગ સળગી જવા અથવા લૂંટાઈ જવાનો કોઈ ભારે આઘાત નહિ લાગે. કારણ કે તેને ઔલાદની કોઈ ફિકર-ચિંતા હોતી નથી. બલ્કે ઔલાદ પોતે તે વ્યક્તિનો ભાર ઉઠાવી શકે છે. મતલબ કે આ ત્રણે બાબતો વસ્તુ-સ્થિતિની ગંભીરતા વર્ણન કરવા માટે લાવવામાં આવી છે કે, એવો વ્યક્તિ જે પોતાનો માલ અને મહેનત ખર્ચ કરીને એક બગીચો લગાવે અને તે બાગ તૈયાર થઈને ફળો પણ આપવા લાગે અને એવી હાલતમાં તે ઘરડો અને અશક્ત થઈ જાય અને આ વ્યક્તિ બાળ-બચ્ચાંવાળો પણ હોય, બાળ-બચ્ચાં નાના-નાના અને અશક્ત હોય. જો આવી પરિસ્થિતિમાં તે બાગ સળગી જાય તો તેનો આઘાત અને રંજ-ગમ ખૂબ વધારે હશે અને તેનાથી એને બેહદ તકલીફ થશે.

એ જ પ્રમાણે જે વ્યક્તિએ રિયાકારીથી સદકહ અને ખયરાત કરી બગીચો લગાવ્યો, ત્યારબાદ મૃત્યુ પછી તે વ્યક્તિની હાલત તે વૃદ્ધ જેવી થઈ ગઈ, જેનામાં કમાવાની અથવા તે બગીચો ફરી લગાવવાની શક્તિ નથી. કારણ કે મૃત્યુ પછી વ્યક્તિ કોઈ અમલ જ નહિ કરી શકે. જેવી રીતે બાળ

-બચ્ચાંવાળો ઘરડો માણસ આવકનો ખૂબ મોહતાઝ હોય છે, અને વિચારે છે કે, જો પાછળની કમાણી સુરક્ષિત રાખી હોત તો ચોક્કસ વૃદ્ધાવસ્થામાં તે કમાણી કામ લાગી શકી હોત ! અને હવે જ્યારે પરિસ્થિતિ એવી થઈ ગઈ છે કે, આ બાગ સળગી ગયો, બધી મૂડી ખતમ થઈ ગઈ તો તેના દુઃખ-દર્દનો કોઈ પાર નથી. બસ, એ જ પ્રમાણે જે સદકહ અને ખૈરાત ફક્ત રિયાકારી, નામના અને શોહરત માટે કરવામાં આવ્યો છે તે આ જ પ્રમાણે તેના હાથમાંથી એવા સમયે જતો રહેશે, જ્યારે તે તેના સવાબનો ખૂબ મોહતાજ હશે (કિયામતના દિવસે તે તેને કંઈ જ કામ નહિ લાગે).

આ આખી આયતનો ખુલાસો એ થયો કે, સદકહ અને ખૈરાત અલ્લાહ તઆલા નજીક સ્વીકાર્ય થવાની એક મોટી શરત ઈખ્લાસ છે. ફક્ત અલ્લાહ તઆલાને રાજી રાખવા માટે ખર્ચ કરવામાં આવે. કોઈ નામના અને પ્રતિષ્ઠાની તેમાં કોઈ દખલગીરી ન હોય.

હવે, આ રુકૂઅ્‌ની બધી આયતો પર નજર નાંખીએ તો એમાં અલ્લાહ તઆલાના રસ્તામાં ખર્ચ કરવામાં આવતા સદકહ અને ખૈરાત કબૂલ થવાની છ શરતોની જાણ થાય છે.

- અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવામાં આવતો માલ હલાલ કમાણીથી આવેલો હોવો જોઈએ.
- અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવામાં આવતો માલ સુન્નત પ્રમાણે ખર્ચ થવો જોઈએ.
- સાચા માર્ગે ખર્ચ થવો જોઈએ.
- ખૈરાત આપનારે અહેસાન ન જતાવવું જોઈએ.
- ખૈરાત આપનારે કોઈ એવો વર્તાવ ન કરવો જોઈએ, જેનાથી ખૈરાત લેનાર વ્યક્તિ પોતાને તુચ્છ અને ઝલીલ સમજવા લાગે.
- જે કંઈ પણ ખર્ચ કરવામાં આવે ઈખ્લાસની નિય્યત સાથે ફક્ત અલ્લાહ તઆલાને રાજી રાખવા માટે ખર્ચ કરવામાં આવે. તેમાં નામના, શોહરત કે પ્રતિષ્ઠાની નિય્યત ન હોય.

બીજી શરત એટલે કે અલ્લાહપાકના રસ્તામાં સુન્નત પ્રમાણે માલ ખર્ચ કરવામાં આવે તેનો અર્થ એ છે કે, અલ્લાહના રસ્તામાં ખર્ચ કરતી વખતે એ બાબતનું ધ્યાન રાખવામાં આવે કે કોઈ હકદારનો હક ન માર્યો જાય, પોતાના બાળ–બચ્ચાં માટે જરૂરી ખર્ચ તેમની પરવાનગી વિના કાપકૂપ કરીને કે, આવો ખર્ચ સદંતર બંધ કરીને ખૈરાત આપવી કોઈ સવાબનું કામ નથી. જરૂરતમંદ વારસદારોને વંચિત કરીને બધો જ માલ સદકહ–ખૈરાત અથવા વક્ફ કરી દેવો સુન્નત વિરૂદ્ધ છે. પછી અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવાના હજારો સ્વરૂપ છે. સુન્નત તરીકો એ છે કે, જેને માલ આપવાનો ઈરાદો કરે તેની જરૂરિયાત અને તેની આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને માલ આપવામાં આવે. મોટેભાગે અલ્લાહપાકના રસ્તામાં ખર્ચ કરનાર આ બાબતનું ધ્યાન રાખતા નથી.

ત્રીજી શરતનો હેતુ એ છે કે, સવાબ મળવા માટે ફક્ત એટલી વાત પૂરતી નથી કે, પોતાની બુદ્ધિ પ્રમાણે ગમે તેને આપવાને નેક કામ સમજે. ભલે, આવો માલ ખર્ચ કરવામાં નેક નિય્યત કેમ ન હોય ! બલકે એ પણ જરૂરી છે શરીઅત પ્રમાણે માલ ખર્ચ કરવો જોઈએ. કોઈ વ્યક્તિ નાજાઈઝ ખેલ–તમાશા માટે અથવા અન્ય નાજાઈઝ કાર્યો માટે પોતાનો માલ વક્ફ કરે છે તો તે સવાબના બદલે અઝાબનો હકદાર થશે અને આ હુકમ શરીઅતના તે બધા જ કામો માટે લાગુ પડે છે, જે શરીઅત પ્રમાણે જાઈઝ નથી. (એટલા માટે અલ્લાહના રસ્તામાં પોતાનો માલ ખર્ચ કરતી વખતે પોતાનો માલ ક્યાં ખર્ચ થઈ રહ્યો છે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવે.

અત્રે એ જાણી લેવું જરૂરી છે કે, કુરૂઆને કરીમે અલ્લાહ તઆલાના માર્ગમાં માલ ખર્ચ કરવા માટે ક્યાંક આ શબ્દ **'ઈન્ફાક'** (ખર્ચ કરવો) વર્ણન કર્યો છે, તો ક્યાંક શબ્દ **'ઈત્આમ'** (ખવડાવવું) કહ્યો છે, તો કોઈ સ્થળે આ શબ્દ **'સદકહ'** (દાન) અને ક્યાંક **'ઈતાઉઝ ઝકાત'** (ઝકાત આપવી) છે. કુરૂઆનના આ શબ્દો અને તેના વિવિધ સ્થળે થયેલા ઉપયોગ ઉપર નજર કરીશું તો જાણ થશે કે, શબ્દ **'ઈન્ફાક, ઈત્આમ, સદકહ'** સામાન્ય છે, જે દરેક પ્રકારના સદકહ અને ખૈરાત તથા અલ્લાહની ખુશનૂદી

પ્રાપ્ત કરવા માટે દરેક પ્રકારના ખર્ચના અર્થમાં છે. ભલે તે ફરજ હોય કે વાજિબ હોય ! નફલ હોય કે મુસ્તહબ ! અને એક ફરજ ખર્ચ એટલે કે 'ઝકાત' માટે કુર્આન શરીફમાં એક ઉત્તમ શબ્દ **'ઈતાઉઝ ઝકાત'**નો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેમાં એ બાબત તરફ ઈશારો છે કે, આ ખાસ પ્રકારનો સદકહ મેળવવા અને ખર્ચ કરવામાં વિશિષ્ટ પ્રકારનો સામાજિક અને આર્થિક સિદ્ધાંત છૂપાયેલો છે અને તેના માટે આગવી શરતો પણ છે.

આ રૂકૂઅમાં મોટાભાગના શબ્દો 'ઈન્ફાક'થી આવ્યા છે અને અમુક જગ્યાએ તેને શબ્દ **'સદકહ'** વડે દર્શાવવામાં આવ્યો છે. જેનો અર્થ એ છે કે, અત્રે સામાન્ય સદકાઓ અને દાનનું વર્ણન છે અને જે હુકમો અહીંયાં વર્ણન કરવામાં આવ્યા, તે દરેક પ્રકારના સદકહ અને અલ્લાહ તઆલા માટે ખર્ચ કરવાના બધા જ સ્વરૂપો માટે છે.

(૧૦) કાફિરોના ખર્ચ કરવાનું ઉદાહરણ

مَثَلُ مَا يُنْفِقُوْنَ فِيْ هٰذِهِ الْحَيٰوةِ الدُّنْيَا كَمَثَلِ رِيْحٍ فِيْهَا صِرٌّ اَصَابَتْ حَرْثَ قَوْمٍ ظَلَمُوْٓا اَنْفُسَهُمْ فَاَهْلَكَتْهُ ؕ وَمَا ظَلَمَهُمُ اللّٰهُ وَلٰكِنْ اَنْفُسَهُمْ يَظْلِمُوْنَ ﴿۱۱۷﴾ (آل عمران:۱۱۷)

આ જગત જીવનમાં તેઓ જે કંઈ ખર્ચે છે તેની મિસાલ એવા પવન જેવી છે કે જેમાં હિમ હોય, (અને) તે (પવન) એવા લોકોની ખેતીને લાગે જેઓએ પોતાના હકમાં ખોટું કર્યું હોય, પછી તે (પવન) તે (ખેતી)નો નાશ કરી નાખે અને (આ નાશ કરવામાં) અલ્લાહે તેઓ પર (જરાય) અન્યાય કર્યો નથી, પરંતુ તેઓ જ (કુફ્ર કરી) પોતાનું નુકસાન કરે છે. (૧૧૭)

તે (કાફિરો) જે કંઈ પણ આ દુનિયાની ઝિંદગીમાં ખર્ચ કરે છે, તેની પરિસ્થિતિ (બરબાદ વ્યર્થ જવામાં) એ પ્રકારનું ઉદાહરણ છે કે, એક પવન ફૂંકાય જેમાં હિમ (એટલે કે કરા) હોય (અને) તે આવા લોકોની ખેતીવાડીને લાગી જાય જેમણે (બેદીનીથી) પોતાનું નુકસાન કરેલ છે. બસ, એ (હવા)

તે (ખેતી)ને બરબાદ કરી નાંખે (એવી જ રીતે આ લોકોનો ખર્ચ કરવો આખિરતમાં બરબાદ અને વ્યર્થ થનાર છે.) અને (એ વ્યર્થ કરવામાં) અલ્લાહ તઆલાએ તેમના ઉપર (કોઈ) જુલમ નથી કર્યો, બલ્કે તેઓ પોતે (કુફ્ર કરવાના કારણે અસ્વીકૃત બનીને) પોતાની જાતને નુકસાન પહોંચાડી રહ્યા હતા. (જો તેઓએ કુફ્ર ન કર્યું હોત તો તેમનું બધું દાન-પૂણ્ય વ્યર્થ ગયું ન હોત).

આગલી આયતમાં ફરમાવ્યું હતું કે મુસલમાનોની સાધારણ નેકી પણ કામ લાગશે. તેના મુકાબલામાં કાફિરો વિશે ફરમાવ્યું કે કાફિર ગમે તેવું નેકીનું કામ કરે, પરંતુ આખિરતમાં તેની કંઈ પણ કીંમત નથી. એ વિશે સંદેહ ઉપસ્થિત થતો કે શા કારણે નહિ કામ લાગે, જો કે તેઓ લાખો રૂપિયા દાન કરી, અનાથો વગેરેની મદદ કરે છે. તેનો અત્રે જવાબ આપવામાં આવે છે કે તેઓના દાનની મિસાલ એવી છે કે કોઈ માણસ બગીચો બનાવીને થોડાક દિવસ તેની લીલા લહેર જોઈ મનમાં ખુશ થઈ અનેક આશાઓ બાંધતો રહે; પરંતુ તેના પર એકાએક હિમ પડી બરબાદ થઈ જાય. એવી જ રીતે કાફિરોનું દાન પણ આખિરત માટે બગીચા સમાન છે, જેનાથી ફાયદો થવાની આશા છે, પરંતુ તેઓના કુફ્રનું હિમ તેનો નાશ કરી નાખે છે. મતલબ કે ઈમાન વગરનું દરેક કાર્ય નિર્જીવ સમાન હોઈ તેનો બદલો પણ નાશવંત છે અને આ નાશવંત જગતમાં ભલે મળતો રહે, પરંતુ અમલને હંમેશ સાચવનારી ચીજ તે ઈમાન જ છે.

(૧૧) વ્યાજ ખાનારાનો ઈબ્રતનાક અંજામ દર્શાવતો દાખલો

اَلَّذِيْنَ يَاْكُلُوْنَ الرِّبٰوا لَا يَقُوْمُوْنَ اِلَّا كَمَا يَقُوْمُ الَّذِىْ يَتَخَبَّطُهُ الشَّيْطٰنُ مِنَ الْمَسِّ ؕ ذٰلِكَ بِاَنَّهُمْ قَالُوْٓا اِنَّمَا الْبَيْعُ مِثْلُ الرِّبٰوا ۘ وَاَحَلَّ اللّٰهُ الْبَيْعَ وَحَرَّمَ الرِّبٰوا ؕ فَمَنْ جَآءَهٗ مَوْعِظَةٌ مِّنْ رَّبِّهٖ فَانْتَهٰى فَلَهٗ مَا سَلَفَ ؕ وَاَمْرُهٗٓ اِلَى اللّٰهِ ؕ وَمَنْ عَادَ فَاُولٰٓئِكَ اَصْحٰبُ النَّارِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿۲۷۵﴾ (بقرہ:۲۷۵)

જે લોકો વ્યાજ ખાય છે તેઓ (કિયામતમાં કબરોથી) ઉઠશે નહિ, પરંતુ એવી રીતે (ઉઠશે) જેવી રીતે કે તે માણસ ઉભો થાય છે. જેને શયતાન વળગી ગાંડો કરી દે છે; આ (શિક્ષા) એટલા માટે થશે કે તેઓએ (વ્યાજને હલાલ કરવા માટે દલીલમાં) કહ્યું હતું કે, વેપાર પણ વ્યાજ લેવા સમાન જ છે. અને જુઓ તો અલ્લાહપાકે વેપારને હલાલ કર્યો છે અને વ્યાજને હરામ કર્યું છે, ત્યારે જેને પોતાના પરવરદિગાર તરફથી (એ વિશે) બોધ પહોંચ્યા પછી તે (વ્યાજ લેવાથી કે તેને હલાલ કહેવાથી) અટકી ગયો તો જે કંઇ (આ હુકમ આવ્યા) પહેલાં લઈ ચૂકયો તે તેનું જ છે, પણ (તૌબા સંબંધી) તેનો મામલો અલ્લાહપાકને હવાલે છે, અને જે કોઇ પાછો (વ્યાજને હલાલ ગણે) તો તેઓ જ દોઝખવાળા છે, જેઓ તેમાં સદા રહેશે. (૨૭૫)

આ આયતમાં શયતાનથી મતલબ ખબીસ જિન છે, જે કદી કોઇક માણસને વળગી ગાંડો બનાવી દે છે, જેને સામાન્ય રીતે લોકો ભૂતપ્રેત વળગવું કહે છે. એ સિવાય ભૂત-પ્રેતની બીજી કંઇ હકીકત નથી. માત્ર જિન્નાતનું મૌજૂદ હોવું કુર્‌આન અને હદીસોથી સ્પષ્ટ રીતે સાબિત છે. માટે વ્યાજ લેનાર અને ખાનાર લોકો જિન વળગેલા માણસ અને ગાંડાની માફક કબરોમાંથી ઉઠશે. કારણ કે એવા લોકોએ બુદ્ધિનો સદ્‌ઉપયોગ નહિ કરતાં બેવકૂફી વાપરી હલાલ-હરામને એકસરખા ગણી લીધા. જાહેરી રીતે બન્નેમાં લાભ જણાવાથી બન્નેને હલાલ કરી બેઠા અથવા વ્યાજ લેવા અને ખાવા લાગ્યા. પણ વેપાર અને વ્યાજમાં તો ઘણો જ ફેર છે કે, વેપારમાં માણસ પોતાની જરૂરત અને હાજત પૂરી કરવા અમુક વસ્તુના બદલે પોતપોતાની હાજતના પ્રમાણમાં ગમે તેટલા પૈસા આપી તેને ખરીદે છે, પણ વ્યાજમાં તેવું નથી. એક રૂપિયા કે પૈસાના બદલે બે લેવામાં આવે તો વધારાના પૈસાનો કંઇ જ બદલો નથી. બાકી આ વાત કે જો એ પૈસા અમારી પાસે હોત તો અમે તેથી ફાયદો ઉઠાવી શકત. તેના બદલામાં વ્યાજની રકમ ગણાશે તો એ વાત સંભવિત છે, યકીની નથી. તેથી અલ્લાહ તઆલાએ વેપાર હલાલ કર્યો અને વ્યાજને હરામ ઠેરવ્યું. છતાં કોઇ એમ કહે કે, આ મસ્અલો વેપાર અને દેશની ઉન્નતિને આડે આવે છે, તો એ તેની મૂર્ખાઇ

છે. કારણ કે આ વાત અનુભવસિદ્ધ છે કે વ્યાજખાઉ લોકો તદ્દન નિર્દય અને ધનના લાલચુ તેમજ હદ ઉપરાંત બુઝદિલ બની જાય છે અને એ જ દુર્ગુણો કૌમની બરબાદીના મુખ્ય કારણો છે.

વ્યાજ હરામ થવા પહેલાં જેટલું લીધું તે માલિકો તરફ પણ પાછું ફેરવવાનો કે માલિકોને તેના પાછું માંગવાનો હુકમ આપવામાં આવતો નથી, પરંતુ હવે પછીથી વ્યાજ લેનાર દોઝખી છે. વળી, હલાલ સમજીને લેશે ત્યારે તો સદાનો દોઝખી થશે.

અલ્લાહપાક વ્યાજ(ના વધારા)ને નાબૂદ કરે છે અને ખયરાત(ની બરકત)ને વધારે છે અને અલ્લાહ તઆલા કોઈ પણ નાફરમાન પાપીને પસંદ કરતો નથી. (૨૭૬)

વ્યાજના પૈસામાં બરકત થતી નથી; બલ્કે કેટલીક વખત અસલ મૂડી પણ ચાલી જાય છે. કેમ કે હદીસ શરીફમાં આવ્યું છે કે વ્યાજનું ધન ગમે તેટલું વધે છતાં પરિણામે તો મોહતાજી જ છે, અને ખયરાતના માલને વધારવાનો મતલબ એ છે કે અલ્લાહ તઆલા ચાહે તેને દુનિયામાં પણ માલ વધારીને બરકત આપે છે. વળી, તેનો સવાબ તો સૌને જ માટે વધારવામાં જ આવે છે. જેમ કે હદીસોમાં સ્પષ્ટ આવેલું છે.

બેશક, જે લોકો ઈમાન લાવ્યા અને સારાં કામો કર્યાં અને (ખાસ કરી) નમાઝ પઢતા રહ્યા તેમજ ઝકાત આપતા રહ્યા તેમના માટે તેમનો સવાબ પોતાના પરવરદિગાર પાસે છે અને (આખિરતમાં) ન તેમને કંઈ ડર હશે અને ન તેઓ દિલગીર થશે. (૨૭૭) હે ઈમાનવાળાઓ ! અલ્લાહપાકથી ડરો અને જો તમે ઈમાન રાખતા હો તો જેટલું વ્યાજ બાકી હોય તેને છોડી દો.(૨૭૮)

મનાઈ થવા પહેલાં જે વ્યાજ લઈ ચૂકયા તે વિશે તમારા ઉપર સખ્તી કરવામાં આવતી નથી; પરંતુ મનાઈ પછી ચઢેલું વ્યાજ તદ્દન માંગો નહિ, ઈમાનવાળાનું એ કામ નથી. બની અમ્ર બિન ઔફ કબીલાની ઈસ્લામ પૂર્વે કબીલા બની મુગીરહ સાથે વ્યાજની લેવડ દેવડ હતી. વ્યાજ હરામ થવા

પછી બની અમ્ર બિન ઔફે બની મુગીરહ પાસે પોતાની વ્યાજની બાકી રકમનો તકાઝો કર્યો. તેઓએ કહયું કે ઈસ્લામ પછી હવે અમે વ્યાજની રકમ આપીશું નહિ, ત્યારે આ આયત ઉતરી.

પછી જો તમે (તેમ) કરશો નહિ તો અલ્લાહ તથા તેના રસૂલ (સલ.) તરફથી લડાઈની ચેલેન્જ સાંભળી લો. અને જો તમે તૌબા કરી લો તો તમને તમારી મુદ્દલ રકમ મળશે, (આ કાયદા પછી) ન તમે કોઈ પર ઝુલ્મ કરવા પામશો અને ન કોઈ તમારા ઉપર ઝુલ્મ કરવા પામશે. (૨૭૯)

સખત મનાઈ તેમજ અત્યંત તાકીદ કરવા છતાં પણ વ્યાજ લેવું અને ગરીબોનું દિલ દુઃખાવવું અલ્લાહપાક અને તેના રસૂલ (સલ.)થી લડાઈ કરવા સમાન જ છે, તેથી આ પ્રમાણે ફરમાવ્યું, અને જો એવા લોકો વ્યાજને હલાલ ગણે તો તેથી મુર્તદ થઈ જશે. ઈસ્લામી હાકિમ એવા લોકોને શિક્ષા કરી તૌબા કરાવે.

જે વ્યાજ તમે લઈ ચૂક્યા તેને મુદ્દલમાં ગણી દેણદાર તેમાંથી કાપી લે, તો એમાં તમારા ઉપર ઝુલ્મ થાત, અને જો મનાઈ પછી ચઢેલું વ્યાજ તમે માંગો તો એ તમારો ઝુલ્મ થાત; પરંતુ હવે આ કાયદા પછી કોઈને એવો ઝુલ્મ કરવાનો હક નથી.

અને જો (દેણદાર) નાદાર હોય તો (તેને) હાથ છૂટો થતાં સુધીની મોહલત આપવી જોઈએ અને જો તમે સમજતા હો તો માફ કરી દેવું તમારા માટે બેહતર છે. (૨૮૦)

જ્યારે વ્યાજની મનાઈ આવી ગઈ અને તેનું લેવું તદ્દન બંધ થઈ ગયું તો હવે એમ સમજીને કે ઢીલ કરવાથી શું ફાયદો ? તમે નાદાર દેણદાર પર મુદ્દલનો તકાજો નહિ કરતાં તેનો હાથ છૂટો થાય ત્યાં સુધી તેને મોહલત આપો, બલકે જો અલ્લાહ તઆલાની તવફીકથી પોતાનું લેણું માફ કરી દો તો બહુ જ સારું છે.

અને તે દિવસથી ડરતા રહો કે જે દિવસે તમે અલ્લાહ તઆલાની તરફ લઈ જવામાં આવશો, પછી દરેક જણને તેની કરણી(નો બદલો) સંપૂર્ણ

આપવામાં આવશે અને કોઈનો કંઈ હક માર્યો જશે નહિ. (૨૮૧)

ગફલતની નિદ્રામાં પડેલા લોકોને ચેતવવા માટે આ આયત એક ચાબખા સમાન છે, ગરીબો પર સખતી નહિ કરતાં દયાભાવથી વર્તે; કારણ કે સૌ બંદાઓ પર અલ્લાહ તઆલાના પણ સેંકડો હકોની માંગણીઓ છે. તો તમે અન્યો પર સખતી કર્યા પછી કિયામતના દિવસે પોતાના ઉપર રહમ થવાની આશા કેવી રીતે રાખી શકો છો ?

જે લોકો વ્યાજ ખાય છે (એટલે કે વ્યાજ લે છે) તે (કિયામતના દિવસે પોતાની કબરોમાંથી) ઊભા નહિ થાય, પરંતુ એવી રીતે કે જેવી રીતે શયતાન (જિન્નાત) કોઈને વળગી તેને ગાંડો બનાવી દે. આ સજા એટલા માટે થશે કે તે (વ્યાજખોર) લોકો (વ્યાજ હલાલ હોવાની દલીલો કરવા માટે) કહેતા હતા કે વેપાર પણ વ્યાજ જેવો જ છે. (કારણ કે તેમાં પણ ઇચ્છિત નફો પ્રાપ્ત કરવામાં આવે છે અને જે રીતે ખરીદ–વેચાણ જાઈઝ છે, એ રીતે વ્યાજ પણ જાઈઝ હોવું જોઈએ.) જ્યારે કે, (એ બંને વચ્ચે ઉઘાડો તફાવત છે) અલ્લાહ તઆલાએ વેપારને હલાલ કર્યો છે અને વ્યાજને હરામ કર્યું છે (એનાથી મોટો બીજો શું તફાવત હોઈ શકે છે ?) પછી જે વ્યક્તિને તેના પરવરદિગાર તરફથી આ નસીહત મળે તો તે (આ વ્યાજના કૃત્યથી અને કુફિયા નિવેદનોથી એટલે કે વ્યાજને હલાલ કહેવાથી) અટકી જાય (એટલે કે વ્યાજને હરામ સમજવા માંડે, અને વ્યાજ લેવાનું છોડી દે) તો જે કંઈ (આ હુકમ આવતાં પહેલાં તેણે વ્યાજ) લીધું હોય તો તે તેનું થયું, તેનો મા'મલો અલ્લાહના હવાલે છે અને જે વ્યક્તિ (ઉપરોક્ત નસીહત સાંભળ્યા પછી પણ આ પ્રમાણે વ્યાજ લેતો રહ્યો અને પોતાના અભિપ્રાય ઉપર) કાયમ રહ્યો તો (વ્યાજ લેવાના કૃત્ય બદલ તે ગુનાહે કબીરામાં સપડાય ગયો અને) આ લોકો જહન્નમમાં જશે (અને પોતાના વ્યાજને વેપારની જેમ હલાલ કહેવાના કુફ્ના કારણે) તે (જહન્નમ)માં હંમેશા રહેશે. (અને વ્યાજ લેવું જાહેરમાં તો માલ વધવાનું કારણ નજરે પડે છે, પરંતુ અંતે) અલ્લાહ તઆલા વ્યાજને નાબૂદ કરે છે (ક્યારેક તો દુનિયામાં જ બધું બરબાદ થઈ જાય છે અને આખિરતમાં તો બરબાદ થવું નક્કી જ

છે. કારણ કે ત્યાં વ્યાજના કારણે અઝાબ થવાનો છે) અને (તેનાથી વિપરીત સદકહ આપવામાં માલ ઓછો લાગે છે, પરંતુ અલ્લાહપાકના રસ્તામાં આપેલા માલને એટલે કે, અલ્લાહ તઆલા) સદકહને વધારી આપે છે (ક્યારેક તો દુનિયામાં જ, નહિતર આખિરતમાં તો ચોક્કસ વધવાનો જ છે. કારણ કે ત્યાં સદકહ પર ઘણો મોટો સવાબ મળવાનો છે. જેમકે ઉપરની આયતોમાં આવી ચૂક્યું છે.) અને અલ્લાહ તઆલા કુફ્ર કરનારને પસંદ નથી કરતો (અને) કોઈ ગુનાહના કામ કરનારને (એટલે કે ઉપરોક્ત પ્રમાણે કુફ્રિયા નિવેદનો મોઢેથી બકવાને પસંદ નથી કરતો કે વ્યાજ તો વેપાર જેવું છે) બેશક ! જે લોકો ઈમાન લાવ્યા અને જેણે સારા કામો કર્યા અને નમાઝ કાયમ કરી તથા ઝકાત આપી તેમના માટે તેનું વળતર તેમના પરવરદિગાર પાસે છે અને (આખિરતમાં) તેમના ઉપર કોઈ ભય નહિ હોય અને ન જ તેઓ દિલગીર થશે.

હે ઈમાનવાળાઓ ! અલ્લાહ તઆલાથી ડરો અને જે કંઈ વ્યાજ બાકી રહ્યું છે તેને છોડી દો, જો તમે ઈમાનવાળા છો. (કારણ કે, ઈમાનનો તકાદો એ જ છે કે અલ્લાહપાકનું આજ્ઞાપાલન કરવામાં આવે) પછી જો તમે (તેના ઉપર અમલ) નહિ કરો તો અલ્લાહપાક અને તેના રસૂલ (સલ.) સાથે યુદ્ધનું એ'લાન સાંભળી લો ! (એટલે કે તમારા વિરૂદ્ધ જિહાદ કરવામાં આવશે) અને જો તમે તવબહ કરી લેશો તો તમારી મૂળ મૂડી મળી જશે (અને આ કાયદા પછી) ન તો તમે કોઈની ઉપર જુલમ કરી શકશો (કે મૂળ મૂડી કરતાં વધારે લેવા માંડો) અને ન જ તમારા ઉપર કોઈ જુલમ કરવામાં આવશે (કે તમને મૂળ મૂડી પણ પાછી આપવામાં ન આવે) અને જો (કરજદાર) તંગદસ્ત (ગરીબ વ્યક્તિ મુદ્દત પૂરી થયે રકમ પાછી ન આપી શકે) છે તો તેને (આર્થિક નાણાંભીડમાં) છૂટછાટ થતાં સુધીની મોહલત આપવાનો હુકમ છે (એટલે કે જ્યાં સુધી તેની પાસે કરજ અદા કરવાની મૂડી આવી ન જાય ત્યાં સુધી મોહલત આપો) અને જો બિલકુલ (જ) માફ કરી આપો તો તે તમારા માટે વધુ સારું છે, જો તમને (તેના સવાબની) ખબર હોય !

અને (હે મુસલમાનો !) તે દિવસથી ડરો, જેમાં તમે (બધા) અલ્લાહ તઆલા સમક્ષ રજૂ કરવામાં આવશો, પછી દરેક વ્યક્તિને તેની કમાણી પૂરેપૂરી મળશે (પૂરેપૂરું વળતર મળશે) અને કોઈના ઉપર કોઈપણ પ્રકારનો અત્યાચાર કરવામાં નહિ આવે (તો તમે અલ્લાહ સમક્ષ હાજર થવા માટે પોતાના અમલોની દુરુસ્તી કરી લો અને અલ્લાહ તઆલાના હુકમો વિરૂદ્ધ કર્મો ન કરો).

ઉપરોક્ત છ આયતો જેમાં વ્યાજ હરામ હોવાના હુકમો વર્ણવવામાં આવ્યા છે, તેમાં પ્રથમ આયતના પ્રથમ વાક્યમાં વ્યાજખોરોનું ખરાબ પરિણામ તથા મહશરમાં તેમના અપમાનિત થવાનો અને તેમની ગુમરાહીનો ઉલ્લેખ છે. વર્ણન થયું છે કે, "જે લોકો વ્યાજ ખાય છે, તેઓ ઊભા નથી થયા, પરંતુ જેવી રીતે કે તે માણસ ઊભો થાય છે જેને કોઈ શયતાને વળગીને ગાંડો બનાવી દીધો હોય." હદીષમાં ઊભા થવાનો અર્થ મહશરમાં કબ્રથી ઊભા થવાનો છે, એટલે કે વ્યાજખોરો જ્યારે કબરમાંથી ઊભા થશે ત્યારે તેઓ ગાંડા અને પાગલ લોકોની જેમ ઊભા થશે. જેમકે કોઈ શયતાન જિન્નાતે વળગીને તેમને પાગલ બનાવી દીધા હોય !

આ વાક્યમાં એક વાત તો એ સાબિત થાય છે કે, જિન્નાત અને શયતાનના પ્રભાવથી મનુષ્ય બેહોશ અને ગાંડો થઈ શકે છે. અનુભવી લોકોના અસંખ્ય જાતઅનુભવો આ બાબતે સાક્ષી છે. હાફિઝ ઇબ્ને કય્યિમે વર્ણન કર્યું છે કે, ડૉક્ટરી વિદ્યા અને ફિલોસોફરોએ પણ એનો સ્વીકાર કર્યો છે કે ગાંડપણ, બેહોશી અથવા પાગલપણાના વિવિધ કારણો હોઈ શકે છે. એમાંથી અમુક કિસ્સાઓમાં શયતાન અથવા જિન્નાતોનો પ્રભાવ પણ એનું કારણ હોય છે. જે લોકોએ એનો ઇન્કાર કર્યો છે, તેમની પાસે દેખીતા ભૌતિક (Physical Science) કારણો સિવાય અન્ય કોઈ દલીલો નથી.

બીજી વાત વિચારવા યોગ્ય એ છે કે, કુર્આને એમ નથી ફરમાવ્યું કે, વ્યાજખોર મહશરમાં પાગલ અથવા મજનૂન બનીને ઊભો થશે. બલ્કે પાગલપણા અથવા બેહોશીના એક ખાસ સ્વરૂપનો ઉલ્લેખ કર્યો છે કે, જેવી

રીતે કોઈ શયતાન વળગીને ઈન્સાનને બદ્‌હવાસ (ચિત્તભ્રમ) બનાવી દે છે, એનાથી કદાચ એ ઈશારો છે કે, બેહોશ અથવા પાગલ તો અમુક સમયે ચૂપચાપ પડ્યો પણ રહે છે, પરંતુ તેમની એવી હાલત નહિ થાય. બલકે, એવી હાલત હશે કે શયતાન વળગીને જે રીતે વ્યક્તિને ''ખુબ્તી'' બનાવે છે અને જે પ્રમાણે બકવાસ અને લવારો કરનાર પાગલોને અન્ય ગાંડાઓ કરતાં અલગ તારવીને પણ ઓળખી શકાય છે. આ વ્યક્તિ એવો હશે.

અને કદાચ એ તરફ પણ ઈશારો છે કે, બીમારીથી બેહોશ અથવા પાગલ થઈ ગયા પછી બુદ્ધિ અને સમજ જતી રહેવાના કારણે તેને તકલીફ અને અઝાબનો પણ અહેસાસ નથી રહેતો. માટે અત્રે આ આયતથી તેમની હાલત આવી થવાનો ભાવાર્થ નથી. બલકે, જે રીતે કોઈને વળગણ થવાથી તે જેવી તકલીફ અનુભવે છે, તે પ્રમાણે તે વ્યાજખોર વ્યક્તિ પણ અઝાબને સંપૂર્ણપણે અનુભવશે.

અત્રે એ જોવાનું છે કે, ગુનાહ અને સજામાં કોઈ બંધબેસતું જોડાણ હોવું જોઈએ. અલ્લાહ તઆલા તરફથી જે સજા કોઈ વ્યક્તિ અથવા સમૂદાયને કોઈ ગુનાહના બદલામાં આપવામાં આવે છે, તે ચોક્કસ તે ગુનાહના પ્રમાણમાં યોગ્ય જ હોય છે. એટલા માટે વ્યાજખોરોને ખુબ્તી (લવારો કરનાર પાગલ) બનાવીને મહશરમાં ઉઠાડવાથી કદાચ એ બાબત જાહેર કરવાનો હેતુ છે કે, વ્યાજખોર રૂપિયા અને પૈસાની લાલચમાં એટલો બધો મદ્‌હોશ અને રચ્યો-પચ્યો બની જાય છે કે, તેને કોઈ ગરીબ ઉપર રહમ પણ આવતી નથી અને કોઈની બે આંખોની શરમ પણ નડતી નથી, તે પોતાની જિંદગી એક રીતે વાસ્તવિક રૂહાની બેહોશીમાં જ પસાર કરી રહ્યો હતો, એટલા માટે મહશરમાં પણ તેને એવી જ હાલતમાં ઉઠાવવામાં આવ્યો, અથવા આ સજા એટલા માટે આપવામાં આવી કે, દુનિયામાં તેણે બુદ્ધિનું દેવાળું ફૂંકી પોતાની મૂર્ખામી જાહેર કરી કે, વેપારને પણ વ્યાજની જેમ જ ઠરાવ્યું. એટલા માટે તેને બુદ્ધિહીન બનાવીને ઉઠાડવામાં આવ્યો.

વ્યાજખોરોની પરિસ્થિતિની સમીક્ષા કરો તો તેમની પાસે તમને બધું

જ મળશે, પરંતુ સંતોષ નામની કોઈ ચીઝ તેમની પાસે નહિ હોય, તે પોતાના કરોડને દોઢ કરોડ, દોઢ કરોડને બે કરોડ અને બે કરોડને ચાર કરોડ બનાવવાની ફિરાકમાં જ રાચેલા હોય છે અને હંમેશા એની જ ચિંતામાં લાગેલા રહે છે, આ ચિંતામાં તેઓ એટલા મસ્ત બની જાય છે કે, ન તેમને ખાવાનું ભાન રહે છે, ન પીવાનું. ન પોતાની પત્નીનું, ન બાળકોનું. ન તો તેમને પોતાના કુટુંબીજનોની કોઈ ફિકર હોય છે. બસ ! ફિકર છે તો ફલાણું જહાઝ ફલાણી જગ્યાએ સાંજ સુધીમાં આવી જવું જોઈએ અને સવાર સુધીમાં ફલાણી જગ્યાએ રવાના થઈ જવું જોઈએ. અફસોસ છે કે, આ દીવાનાઓએ રાહતના સામાનનું નામ જ સંતોષ સમજી લીધું છે, જ્યારે કે હકીકતમાં સંતોષ તેમનાથી હજારો માઈલ દૂર છે. આ પરિસ્થિતિ તો તે રાહત અને સંતોષની છે જે પૈસા ખર્ચીને પણ મેળવી શકાતી નથી. હવે ઈજ્જત પણ જોઈ લો ! આ લોકો ઘણા સખત દિલના અને નિર્દયી હોય છે, તેમનો ધંધો જ એ છે કે, ગરીબોનું લોહી ચૂંસીને પોતાની મૂડી વધારવી અને તેમના લોહીથી પોતાના બદનની પૉલીસ કરવી. એટલા માટે શક્ય જ નથી કે, તેમના દિલમાં ગરીબોની કોઈ ઈજ્જત અથવા માન હોય. આપણા દેશના ઘણા શાહૂકાર વ્યાજખોરો અને સીરિયાના વ્યાજખોર યહૂદીઓનો ઈતિહાસ વાંચશો તો આ બાબતનો જાત અનુભવ કરી લેશો. તેમની પરિસ્થિતિ જોશો તો ખ્યાલ આવશે કે, તેમની તિજોરીઓ વિવિધ પ્રકારના સોના-ચાંદી અને ઝવેરાતોથી ભરેલી છે, પરંતુ દુનિયાના કોઈ પણ ખૂણામાં, કોઈ પણ વર્ગમાં તેમની કોઈ ઈજ્જત નથી. બલ્કે તેમના આવા નિર્દયી વ્યાજખોર આચરણના કારણે તેઓ પ્રત્યે ગરીબ અને નાદાર લોકોના દિલોમાં એક પ્રકારની નફરત અને સૂગ હોય છે. આજકાલ દુનિયામાં મોટાભાગના યુદ્ધોનું આજ સૂગ એક મોટું કારણ છે. આજે મૂડીવાદ અને સામ્યવાદના ઝઘડાઓનું મોટું કારણ આ જ આર્થિક અસમાનતાઓ અને તેના કારણે ઊભી થતી નફરત અને સૂગની દીવાલો છે, સમસ્ત દુનિયાને યુદ્ધ અને ખૂનામરકીનું નર્કાગાર બનાવી દીધું છે. આ હાલત તો કહેવાતી રાહત અને ઈજ્જતની છે ! અનુભવો સાક્ષી છે કે, વ્યાજનો માલ વ્યાજખોરની

આવનારી પેઢીઓને પણ તબાહ–બરબાદ કરી નાંખે છે અથવા તો તેઓ તેની નહૂસતથી માલ-દૌલતનો સારો લાભ ઉઠાવી શકતા નથી તથા અપમાનિત થાય છે. સામાન્ય લોકો યુરોપના વ્યાજખોરોના દાખલાથી કદાચ ધોકામાં આવી જાય છે કે, તે લોકો તો બધા જ સારૂં જીવન જીવે છે, તેમની નસ્લો (જનરેશન) પણ પ્રગતિ અને વિકાસ કરી રહી છે, પરંતુ તેમની પ્રગતિ અને વિકાસ આપણે ઉપર જોઈ ગયા તે પ્રમાણે ફક્ત " ડુંગરા દૂરથી રળિયામણા" લાગે તે પ્રમાણે છે !

આથી ઊલટું સદકહ અને ખૈરાત કરનારા લોકોને જુઓ કે, તેઓ માલ-દૌલત પાછળ ક્યારેય ગાંડાતૂર થઈને દોડશે નહીં, ભલે તેમની પાસે રાહતનો સરસામાન થોડો ઓછો હોય, પરંતુ તેમને ઉપરોક્ત પ્રમાણેના દુનિયાપરસ્ત રઈશો (માલેતુજારો) કરતાં વધારે સંતોષ અને દિલની શાંતિ હશે અને તે જ રાહતનું અસલી સ્વરૂપ છે, જે તેમને પ્રાપ્ત થયું છે, તથા દુનિયાનો પ્રત્યેક વ્યક્તિ તેમને ઈજ્જતની નજરથી જુએ છે.

"યમ્હકૂલ્લાહુ રિબા વયુર્બિસ્સદકાત"

આ આયતમાં ઈરશાદ છે કે, "અલ્લાહ તઆલા વ્યાજને નાબૂદ કરે છે અને સદકહને વધારે છે." આ વિષય આખિરતના અનુસંધાને તો બિલકુલ સ્પષ્ટ છે જ, પરંતુ દુનિયાના સંદર્ભમાં પણ જો થોડીક વાસ્તવિકતા સમજવાની કોશિશ કરવામાં આવે તો બિલકુલ ચોખ્ખી રીતે આ બાબત દેખાશે. આ જ રસૂલે કરીમ (સલ.) હદીષનો પણ અર્થ છે, જેમાં આપ (સલ.)એ ફરમાવ્યું : "વ્યાજ ગમે તેટલું વધારે થઈ જાય, પરંતુ અંતે તેનું પરિણામ ઘટાડો જ છે." *(મુસ્નદે અહમદ અને ઈબ્ને માજહ)*

વ્યાજને હરામ કરવાનો હુકમ નાઝિલ થતાં પહેલાં અરબમાં વ્યાજનો રિવાજ ખૂબ પ્રચલિત હતો. આ આયતની શરૂઆતની આયતોમાં એની મનાઈ કરવામાં આવી તો નિયમ પ્રમાણે બધા જ મુસલમાનોએ વ્યાજુ લેવડ–દેવડ છોડી દીધી, પરંતુ અમુક લોકોની વ્યાજની રકમ ઘણા લોકો પાસે લેવાની બાકી નીકળતી હતી. તેમાં એક ઘટના એવી બની કે, બની

ષકીફ અને બની મખઝૂમ કબીલાઓ પરસ્પર વ્યાજુ લેવડ-દેવડ કરતા હતા અને બનુ ષકીફના અમુક લોકોની વ્યાજની રકમ લેણી નીકળતી હતી. બની મખઝૂમ મુસલમાન બની ગયા અને ઈસ્લામ લાવ્યા પછી તેમણે વ્યાજની રકમ આપવી જાઈઝ ન સમજ્યું, આ બાજુ બની ષકીફના લોકોએ માંગણી શરૂ કરી, કારણ કે તે લોકો મુસલમાન ન થયા હતા, પરંતુ મુસલમાનોએ મશ્વરો કરી લીધો હતો. તેમણે બની મખઝૂમના લોકોને કહ્યું કે, ઈસ્લામમાં દાખલ થયા પછી અમે ઈસ્લામી કમાઈને વ્યાજનું કરજ ભરપાઈ કરવા માટે અદા નહિ કરીએ.

આ ઝઘડો મક્કા મુકર્રમહમાં સામે આવ્યો. તે વખતે મક્કા જીતી લેવાયું હતું. રસૂલ (સલ.) તરફથી મક્કાના અમીર (ગવર્નર) હઝરત મઆઝ (રદિ.) અને બીજી રિવાયત પ્રમાણે હઝરત ઈતાબ બિન ઉસૈદ (રદિ.) હતા, તેમણે આ ઝઘડાનો કિસ્સો રસૂલે કરીમ (સલ.)ની સેવામાં તેમનો શું હુકમ છે તે જાણવા લખી મોકલ્યો. તેના વિશે કુર્આનની આ આયત નાઝિલ થઈ, જેમાં ખુલાસો એ છે કે, ઈસ્લામમાં પ્રવેશ પામ્યા પછી વ્યાજની પાછલી બધી જ લેવડ-દેવડ ખતમ કરી દેવામાં આવે, પાછલું વ્યાજ પણ લેવામાં ન આવે, ફક્ત તમારું મૂળ મુદ્દલ કરજદાર પાસેથી પાછું લઈ શકો છો.

આયતની શરૂઆત જ એવી રીતે કરવામાં આવી છે કે, મુસલમાનોને પ્રથમ સંબોધન કરી ''અલ્લાહના ડર''નો હુકમ આપવામાં આવ્યો કે, અલ્લાહ તઆલાથી ડરો, ત્યાર પછી અસલ હુકમ વર્ણન કરવામાં આવ્યો. આ કુર્આન શરીફની તે ખાસ વર્ણનશૈલી છે, જેમાં તે સમગ્ર દુનિયાના કાનૂનના પુસ્તકો કરતાં એક આગવી હૈસિયત ધરાવે છે કે, જ્યારે કોઈ એવો કાયદો બનાવવામાં આવે કે જેના ઉપર લોકોને અમલ કરવો થોડો મુશ્કેલ હોય તો તેની આગળ-પાછળ અલ્લાહ તઆલા સામે હાજર થવાની, તથા અમલોના હિસાબ-કિતાબ થવાની, તથા આખિરતમાં અઝાબ અને સવાબ થવાની બાબતોનું વર્ણન કરીને મુસલમાનોના દિલ અને દિમાગને તે અમલ કરવા માટે માનસિક રીતે તૈયાર કરવામાં આવે છે, ત્યાર પછી

હુકમ સંભળાવામાં આવે છે. અહીંયાં પણ પાછલા વ્યાજની રકમ છોડી દેવાના હુકમ ઉપર અમલ કરવાથી માનવસ્વભાવ પ્રમાણે થોડું અઘરું લાગી શકે છે. એટલા માટે પ્રથમ "અલ્લાહનો ડર" ફરમાવ્યું, ત્યાર પછી હુકમ આપ્યો "તમારા બાકી નીકળતા વ્યાજના લેણાને છોડી દો." અંતમાં એમ કહીને યાદ અપાવ્યું કે, જો તમે ઈમાનવાળા છો. એમાં ઈશારો કર્યો કે, ઈમાનનો તકાદો એ છે કે, અલ્લાહના હુકમની ઈતાઅત કરવામાં આવે, અલ્લાહના હુકમ વિરૂદ્ધ અમલ કરવો ઈમાનના તકાદાથી વિપરીત બાબત છે. અને આ હુકમ કારણ કે, તબિયત પર ભારે લાગે છે. એટલા માટે હુકમ પહેલાં "અલ્લાહનો ડર" કહીને પછી "જો તમે મો'મિન છો"નો ઈરશાદ પણ કરવામાં આવ્યો. ત્યારબાદ પાંચમી આયતમાં આ હુકમનો વિરોધ કરનારને સખત ચેતવણી સંભળાવવામાં આવી. જેનો વિષય એ છે કે, જો તમે વ્યાજને ન છોડ્યું તો અલ્લાહપાક અને તેના રસૂલ (સલ.) તરફથી યુદ્ધનું એ'લાન સાંભળી લો. આ ચેતવણી એટલી સખત અને કઠોર છે કે, કુફ્ર સિવાય અન્ય કોઈ મોટામાં મોટા ગુનાહ વિશે કુર્આન શરીફમાં આવી ચેતવણી અને ધમકી આવી નથી. અને આ આયતની છેવટમાં ફરમાવવામાં આવ્યું કે, "જો તમે તૌબહ કરી લો અને હવેથી વ્યાજની બાકી નીકળતી રકમને છોડવાનો ઈરાદો કરી લો, તો તમને તમારૂં અસલ મુદ્દલ મળી જશે, ન તો તમે અસલ મુદ્દલથી વધારે પ્રાપ્ત કરવા જુલમ કરવા પામશો અને ન જ કોઈ અસલ મુદ્દલમાં ઓછું અથવા મોડું કરી તમારા ઉપર જુલમ કરી શકશે !" તેમાં અસલ મુદ્દલ આપવાની શરત એ કરવામાં આવી કે, તમે તૌબહ કરી લો અને હવે પછી વ્યાજુ લેવડ–દેવડ કરવાનો ઈરાદો છોડી દો, તો જ અસલ મુદ્દલ મળશે.

તેનાથી ખુલ્લો ઈશારો એ છે કે, જો વ્યાજ છોડવાનો ઈરાદો કરીને તૌબહ ન કરી તો અસલ મુદ્દલ પણ નહીં મળે. તેની સ્પષ્ટતા એ છે કે, જો મુસલમાન બની જવા છતાં વ્યાજને મૂળેથી હરામ જ નથી સમજતો અને વ્યાજ છોડવા માટે તૌબા જ નથી કરતો, તો આવો શખ્શ ઈસ્લામથી ખારિજ અને મુર્તદ (ઈસ્લામ લાવ્યા પછી ફરી જનાર) ગણાશે. જેનો હુકમ એ છે

કે, મુર્તદનો માલ તેની મિલકતમાંથી નીકળી જાય છે, પછી તેણે જે ઇસ્લામ ઉપર હોવાની હાલતમાં કમાણી કરી હતી તે બધી તેના મુસલમાન વારસોને મળી જશે અને પછી જે કુફ્ર પછીની કમાણી હતી તેને બયતુલમાલ (ઇસ્લામિક રાજ્યની સરકારી તિજોરી)માં જમા કરાવવામાં આવશે. એટલા માટે વ્યાજથી તૌબહ ન કરવી જો તેના હલાલ સમજવાના કારણે હોય તો તેને અસલ મુદ્દલ પણ મળશે નહીં.

અને જો વ્યાજને હલાલ તો નથી સમજતો, પરંતુ વ્યાજ ખાવાની આદત છોડતો પણ નથી તો તે ઇસ્લામી હુકૂમત વિરૂદ્ધ બગાવત કરે છે, અને તેની સાથે ઇસ્લામી હુકૂમતે યુદ્ધ કરવું જરૂરી છે. તેનો બધો જ માલ જપ્ત કરીને બયતુલમાલમાં અમાનત રાખવામાં આવશે. ત્યાં સુધી કે જ્યારે તે તૌબહ કરી લે તો તેનો માલ પાછો આપવામાં આવશે. કદાચ આ બાબત તરફ જ ઇશારો કરવા માટે શરત સ્વરૂપે ફરમાવવામાં આવ્યું. એટલે કે, "જો તમે તૌબહ નહીં કરો, તો તમારું મુદ્દલ પણ જપ્ત થઈ જશે."

ત્યાર પછી છટ્ઠી આયતમાં વ્યાજખોરીની માનવતા વિરોધી અત્યંત ઘાતક પ્રવૃત્તિના મુકાબલામાં પવિત્ર અને ઉચ્ચ અખ્લાક તથા ગરીબો અને નાદારો સાથે પ્રેમ-મહોબ્બત અને હમદર્દીની વર્તણૂક કરવાનું શિક્ષણ આપવામાં આવ્યું. ફરમાવવામાં આવ્યું : "તમારા કરજદારો ગરીબ અને મોહતાજ છે, તમારું કરજ અદા કરવાની શક્તિ ધરાવતા નથી તો શરીઅતનો હુકમ છે કે, તેની આર્થિક પરિસ્થિતિમાં સુધારો થાય ત્યાં સુધી તેને મોહલત આપવામાં આવે અને જો તમે પોતાનું કરજ માફ કરી આપો તો તે તમારા માટે વધારે સારું છે."

વ્યાજખોરોની આદત તો એવી હોય છે કે, જો કોઈ કરજદારે જે મુદ્દત નક્કી કરી હોય છે અને તે મુદ્દત ઉપર કરજદાર કરજ અદા ન કરી શકે તો વ્યાજની રકમને પણ મુદ્દલમાં ઉમેરી આપે છે અને આ રીતે ચક્રવૃદ્ધિ વ્યાજનો ક્રમ ચલાવે છે, એ જ પ્રમાણે વ્યાજની ટકાવારી પણ વધારી દે છે.

અહીંયાં અહકમુલ હાકિમીન અલ્લાહ રબ્બુલ ઇજ્જતે પોતે એ કાયદો

બનાવી દીધો છે કે, જો કોઈ કરજદાર કરજ અદા કરવા માટે શક્તિ નથી ધરાવતો તો તેને ત્રાસ આપવો જાઈઝ નથી, બલકે તેને તે સમય સુધી મોહલત આપવી જોઈએ કે, જ્યાં સુધી તે કરજ આપવા માટેની આર્થિક સદ્ધરતા અને છૂટછાટ પ્રાપ્ત કરી લે. સાથે સાથે એ પણ સૂચના આપવામાં આવી કે, જો તમે આ ગરીબને તમારું કરજ માફ કરી આપો, તો તે તમારા માટે ઘણું સારું છે.

વ્યાજ (રિબા)ના આર્થિક નુકસાનો :

વ્યાજ (રિબા)માં જો કોઈ બીજું નુકસાન ન પણ હોય, પરંતુ આ કારણ તેના પ્રતિબંધિત અને ધિક્કારપાત્ર હોવા માટે પૂરતું છે કે, તેના કારણે અમુક લોકોને નફો અને સમગ્ર માનવતાને નુકસાન થાય છે. જ્યારે કે, વ્યાજમાં આ સિવાય પણ ઘણા બધા આર્થિક નુકસાનો અને આધ્યાત્મિક રીતે તબાહ-બરબાદ કરનારી બાબતો જોવા મળે છે.

પ્રથમ એવું સમજી લો કે, વ્યાજના માધ્યમથી કૌમ-સમાજની તબાહી અને મુટ્ઠીભર ગણ્યાં-ગાંઠ્યાં વ્યક્તિઓનો જ ફાયદો કેમ છે ! વ્યાજ (રિબા)ની શાહૂકાર પદ્ધતિ તો એટલી ધિક્કારપાત્ર અને ભૂંડી છે કે, સામાન્ય પ્રજાને તેનું નુકસાન અને અમુક ખાસ વ્યક્તિને તેનો નફો કોઈ જાડી બુદ્ધિના માણસને પણ સમજમાં આવી જતો હતો, પરંતુ આજકાલની આધુનિકતા અથવા નવો પ્રકાશ કે જેને નવું અંધારું કહેવું જ વધારે યોગ્ય છે, જે રીતે શરાબને મશીનોથી સાફ કરી-કરીને, ચોરી-લૂંટફાટના નવા-નવા સ્વરૂપો અપનાવીને, વ્યભિચાર અને બેશરમીના નવા-નવા અડ્ડાઓ શરૂ કરીને બધાને એવો રૂપાળો વાઘો પહેરાવી દીધો છે કે ઉપરછલ્લી નજરથી જોનાર વ્યક્તિને તેના દૂરગામી દુષ્પ્રભાવો અને નુકસાનો નજરે ચઢતા નથી. બસ, એ જ પ્રમાણે વ્યાજ માટે વ્યક્તિગત દુકાનોના બદલે હવે સંગઠિત કંપનીઓ બનાવવામાં આવી છે, જેને બૅન્કિંગ કહેવામાં આવે છે. અને હવે દુનિયાની આંખોમાં ધૂળ નાંખવા માટે સગવડીયા આર્થિક પંડિતો દ્વારા કહેવામાં આવે છે કે, રિબાના આ નવા સ્વરૂપથી સમગ્ર કૌમ અને મિલ્લતને

લાભ મળે છે. કારણ કે જે લોકો પોતાના પૈસાથી વેપાર કરવાની આવડત ધરાવતા નથી અથવા જેમની પાસે વેપાર કરવા જેટલી મૂડી ઉપલબ્ધ નથી, તે બધાના રૂપિયા-પૈસા બેન્કોમાં જમા કરીને તેમાંથી દરેકને ભલે થોડો તો થોડો નફો વ્યાજ સ્વરૂપે પહોંચાડવામાં આવે છે અને મોટા વેપારીઓને એ તક મળે છે કે, બેન્કોમાંથી કરજ લઈને મોટો વેપાર કરી લાભ ઉઠાવી શકે. એ જ પ્રમાણે પ્રચાર માધ્યમો દ્વારા વ્યાજ એવી પવિત્ર વસ્તુ બનાવી દેવામાં આવી છે કે, જાણે સમગ્ર કૌમ અને મિલ્લતના એક-એક વ્યક્તિને તેનાથી લાભ પહોંચી રહ્યો છે !

પરંતુ જરા ન્યાયની દષ્ટિથી જોવામાં આવે તો આ છળકપટ વ્યાજની એક છેતરામણી માયાજાળ નજરે પડશે. જે રીતે દારૂને ગંદી ભટ્ટીઓમાંથી સાફ કરી ચોખ્ખી હોટલોમાં, વ્યભિચારના અડ્ડાઓમાં, સિનેમાઓના હૉલમાં, જુગારની ક્લબોમાં પીરસવામાં આવે છે તથા આ કાતિલ ઝેરને ઝેરનું મારણ તથા એ નુકસાન કરનાર વસ્તુને ફાયદાકારક વસ્તુ તરીકે ખપાવવામાં આવી રહી છે, પરંતુ સમજદાર લોકો સૂર્યપ્રકાશની જેમ ચોક્કસ રીતે જાણે છે કે, આ માનવતા વિરોધી ગુનાહિત કૃત્યોને આધુનિકતાના ગિલાફ ઓઢાડી રજૂ કરવાનું પરિણામ એના સિવાય કંઈ જ નથી કે, ગુનાહોનું પ્રમાણ પહેલાં કરતાં ઓર વધી જશે અને તેના નુકસાનકારક પ્રભાવો સમાજને છિન્નભિન્ન કરી નાંખશે. એ જ પ્રમાણે વ્યાજયુક્ત લેવડ-દેવડના નવા સ્વરૂપોમાં અમુક ટકાવારીના આંકડાઓ લોકોના મોઢે ચઢાવીને તેમને આ ગુનાહોના ભાગીદાર બનાવી લેવામાં આવ્યા છે અને આ રીતે ગુનાહોના એક વિશાળ નેટવર્કનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

કોઈ નથી જાણતું કે, આ વ્યાજની વિવિધ પદ્ધતિઓ દ્વારા નજીવું વ્યાજ આપનાર સેવિંગ્સ બૅન્કો, પોષ્ટ ઑફિસો વગેરે વ્યક્તિની આર્થિક જરૂરિયાતો પૂરી કરી શકે છે કે કેમ ? એટલા માટે સામાન્ય માનવીએ આ લોભામણી જાહેરાતોમાં પડવાના બદલે પોતાનું પેટ ભરવા માટે મજૂરી અથવા નોકરીની શોધખોળ કરવી જોઈએ. વેપાર તરફ તો પ્રથમ લોકોની નજર જ

જતી નથી અને જો કોઈ તે તરફ ધ્યાન પણ અપાવે છે તો પરિસ્થિતિનું નિર્માણ એવું કરવામાં આવ્યું છે કે, સમગ્ર મિલ્લતની મૂડી બૅન્કોમાં જમા થઈને વેપારનું એક નવું જ સ્વરૂપ બની ગયું છે, તેમાં નાના વેપારી માટે પોતાની થોડી મૂડીથી શામિલ થવું પોતાના મૌતને આમંત્રણ આપવા જેવું કામ છે. કારણ કે, બેન્કો કોઈ મોટા વેપારીને કરજ પણ ફક્ત ત્યારે જ આપે છે, જ્યારે કે બજારમાં તેની શાખ હોય, તેનો મોટો વેપાર-ધંધો હોય. જેમકે દશ લાખનો માલિક હોય તો એક કરોડ લોન મળી શકે છે અને તે પોતાના દશ લાખ રૂપિયાને આધારે તેનાથી દશ ઘણો વધારે વેપાર ચલાવી શકે છે અને થોડી મૂડી ધરાવનાર નાના વેપારીઓની કોઈ શાખ હોતી નથી. બેન્કો પણ તેમના ઉપર ભરોસો કરતી નથી કે, તેમની મૂડીથી દશ ઘણું વધારે કરજ આપે. એક હજાર રૂપિયાની માલિકી ધરાવનાર વ્યક્તિને દશ હજાર તો શું પણ એક હજાર રૂપિયા પણ નહિ મળી શકે. આ બાજુ માર્કેટમાં મોટા વેપારીઓને કરજ પણ અમુક હળવા વ્યાજે મળે છે અને આવું કરજ બીચારા નાના વેપારીઓને મળતું નથી. એટલા માટે નાના વેપારીઓ હંમેશા પોતાની મૂડી વેપારમાં મોટેભાગે ગુમાવતા હોય છે અને જો તેણે ભૂલે-ચૂકે કોઈ જોખમી વેપારમાં હાથ નાંખી દીધો તો તેની બધી મૂડી ખતમ થઈને મોટા વેપારીઓના ખાતામાં ચાલી જાય છે. ક્યારેક મોટા વેપારીઓ નાના વેપારીઓને ખતમ કરવા માટે થોડું નુકસાન ઉઠાવીને પણ બજાર ભાવ ઘટાડી દે છે, જેથી નાના વેપારીઓ પોતાનો નફો તો શું, મૂળ મૂડીથી પણ હાથ ધોઈ બેસે છે. તેનું પરિણામ એ આવે છે કે, વેપાર અને માર્કેટ અમુક મૂડીપતિઓની કઠપૂતળી બનીને રહી જાય છે.

સમાજ પર આ કેટલો મોટો અત્યાચાર છે કે, તે વેપારની સાચી ઈસ્લામી પદ્ધતિથી વંચિત થઈને ફક્ત મોટા મૂડીવાદીઓની કઠપૂતળી બની ગયો છે. તેઓ જેટલો નફો નાના વેપારીઓને આપવા ઇચ્છે છે, તે તો જાણે બખ્શિષ તરીકે આપે છે અને બાકીની અર્થવ્યવસ્થા ફક્ત તેમના હાથની કઠપૂતળી હોય છે.

અને બીજું સૌથી મોટું નુકસાન જેના ચક્રવ્યુહમાં આખો સમાજ ફસાઈ ગયો છે, તે એ છે કે માર્કેટમાં સમગ્ર વસ્તુઓના ભાવ-તાલ ઉપર મૂડીપતિઓનો કબજો થઈ ગયો છે. તે ભાવ ઘટાડીને માર્કેટનો બધો માલ ખરીદી લે છે અને તેનો સંગ્રહ કરી માલની અછત ઊભી કરે છે. અને જ્યારે કિંમતો ભડકે બળવા લાગે છે, ત્યારે પોતાનો માલ વેચીને પ્રજાનું લોહી ચૂંસે છે. આ રીતે કિંમતો (ભાવ) વધારવા માટે જ્યારે ઈચ્છે માલ ખરીદી લે છે અને કિંમત ઘટાડવા ચાહે ત્યારે માલની છૂટછાટ કરે છે. જો સમગ્ર કૌમની મૂડી બેન્કો દ્વારા સમેટીને આ સ્વાર્થી મૂડીવાદીઓને આપવામાં ન આવે તો તેઓ મજબૂર થઈ જશે કે, પોતાની માલિકીની મૂડીથી વેપાર કરે તો તેમાં નાના વેપારીઓને કોઈ મુસીબત નહિ પડે અને આ રીતે આ સ્વાર્થી લોહી ચૂંસનાર વહસી દરિન્દાઓ (નરભક્ષો) વેપાર અને અર્થ-વ્યવસ્થાના માલિક નહિ બની શકે. જો નાના વેપારીઓને વેપારનો નફો સામે આવે તો તેમનો ઉત્સાહ વધે અને વેપારનો રિવાજ પ્રચલિત બને, જેનાથી નોકરીઓની તકો વધે અને હજારો જરૂરતમંદ લોકોની જરૂરિયાતો પૂરી થાય, રોઝી-રોટીની તકો વધે અને વેપારનો નફો પણ સામાન્ય લોકો સુધી પહોંચે અને વસ્તુની કૃત્રિમ અછત પણ ઊભી ન થાય તથા પરસ્પર હરિફાઈના કારણે વસ્તુઓની કિંમતો પણ નિયંત્રિત રહે. આ રીતે બજાર અને અર્થવ્યવસ્થામાં એક પ્રકારનું સમતોલપણું જળવાઈ રહે.

બેન્કોના વ્યાજથી કૌમનું એક આર્થિક નુકસાન એ પણ જોવા મળે છે કે, તેણે લોકોની માનસિકતા ખરાબ કરી નાંખી છે, તેઓ બીમારીને તંદુરસ્તી અને તંદુરસ્તીને બીમારી સમજવા લાગ્યા છે. જે વ્યક્તિની મૂડી દશ હજાર રૂપિયા છે અને બેન્ક પાસેથી કરજ લઈને એક લાખનો વેપાર કરે છે, હવે જો કદાચ તેની મૂડી ડૂબી જાય અને તેને વેપારમાં ખોટ જાય તો તે દેવાળિયો બની જશે. હવે વિચાર કરો ! જેણે બેન્કમાંથી કરજ લઈને વેપાર કર્યો હશે અને જો બેન્ક આવા દેવાળું ફૂંકી બેસેલા વેપારીઓની ખોટ પોતે ભોગવતી રહેશે, તો દેખીતું છે કે, તેનું પરિણામ બેન્કમાં પોતાના નાણા જમા કરાવતા બધા જ સભ્યોને ભોગવવું પડશે. એનો અર્થ તો એ

થયો કે, જ્યાં સુધી નફો મેળવવાની વાત હતી, અમુક મૂડીપતિઓ એ નફો પોતે વ્યક્તિગત મેળવતા રહ્યા અને જ્યારે ખોટ ભોગવવાની આવી તો પ્રજાના બધા સભ્યોને સરખી ભોગવવી પડે છે.

વ્યાજનું એક આર્થિક નુકસાન એ પણ છે કે, વ્યાજે કરજ લઈ વેપાર કરનાર જ્યારે નુકસાન ઉઠાવે છે, તો તે ફરી બેઠો થવાની શક્તિ પાછી મેળવે એવી સ્થિતિમાં રહેતો નથી. કારણ કે તેની પાસે એટલી મૂડી તો હતી નહિ કે, જેથી તે આટલો મોટો કારોબાર કરજ લીધા વિના ચલાવી શકે. આ વેપારમાં તેની પોતાની મૂડી તો હતી નહિ. હવે જ્યારે ખોટનો વારો આવ્યો તો તેના ઉપર બે પ્રકારની મુસીબતો આવી છે, એક તો પોતાનો નફો અને મૂડી ગઈ અને ઉપરથી બેન્કના કરજમાં ડૂબી ગયો, જેને ભરપાઈ કરવા માટે તેની પાસે કોઈ સ્ત્રોત નથી. એનાથી વિપરીત બિનવ્યાજુ વેપારમાં ખુદાના ખ્વાસ્તા સમગ્ર મૂડી કોઈ વખતે ધોવાઈ પણ જાય તો ભલે ગરીબ થઈ જશે, પરંતુ કરજદાર તો નહિ રહે !

અત્રે એક સવાલ પૈદા થઈ શકે છે કે, બેન્કો દ્વારા સમગ્ર દેશના નાગરિકોના પૈસા જમા થઈને કંઈને કંઈ ફાયદો સામાન્ય જનતાને પણ મળે છે. ભલે તે થોડો તો થોડો, પણ ફાયદો ચોક્કસ મળે છે. અને મોટા મોટા મૂડીપતિઓએ તેના દ્વારા વધારે લાભ પ્રાપ્ત કરી લીધો હોય તો પણ શું ? જો બેન્કોની વિવિધ યોજનાઓમાં નાણાં જમા કરવાની સિસ્ટમ જ ન હોત તો પ્રાચીન સમય જેવી પરિસ્થિતિ હોત કે, લોકોના નાણાં અને ખજાનાઓ ગુપ્ત ભંડારો સ્વરૂપે જમીનમાં દટાયેલા પડ્યા હોત અથવા તો તિજોરીઓની શોભા બન્યા હોત, જેનો કોઈ પણ લાભ કોઈ અન્ય વ્યક્તિને ન મળ્યો હોત !

એનો જવાબ એ છે કે, ઈસ્લામે જે પ્રમાણે વ્યાજને હરામ ઠરાવીને એ દરવાજો બંધ કરી દીધો કે, સમગ્ર કૌમની દૌલત સમેટાઈને ખાસ-ખાસ મૂડીવાદીઓ સુધી સીમિત ન થઈ જાય. એ જ પ્રમાણે ઝકાતને ફરજ ટેક્ષ સ્વરૂપે લાગુ પાડી દરેક માલદારને મજબૂર કરવામાં આવ્યો કે, તે પોતાની

મૂડીને સ્થિતિપ્રજ્ઞ અને સ્થગિત થયેલ ન રહેવા દે. બલ્કે વેપાર અને ઉદ્યોગમાં લગાવે. કારણ કે ઝકાત મૂડીના ટેક્ષ સ્વરૂપે હોવાની બીના પર જો કોઈ વ્યક્તિ પોતાની રોકડ રકમ, સોનું, ચાંદી વગેરે ખજાનો જમીનમાં દફન કરી દે અથવા તિજોરીઓમાં સંગ્રહ કરી મૂકી દે, તો દર વર્ષે તેનો ચાલીસમો ભાગ ઝકાત સ્વરૂપે તેમાંથી ઓછો થતાં થતાં સમગ્ર મૂડી ખતમ થઈ જશે. એટલા માટે દરેક સમજદાર વ્યક્તિ એ બાબત ઉપર મજબૂર છે કે, પોતાની મૂડીને વેપાર-ધંધામાં કામે લગાડી તેનાથી લાભ ઉઠાવે અને બીજાઓને પણ લાભ પહોંચાડે અને એ જ નફામાંથી ઝકાત પણ અદા કરે.

ઝકાતનો ફરજ એક રીતે વેપારની પ્રગતિ અને વિકાસનો જામીન -દાર છે :

ઉપરોક્ત ખુલાસાથી સ્પષ્ટ થઈ ગયું કે, ઝકાતનો ફરજ અદા કરવામાં તે મહત્વપૂર્ણ લાભ છુપાયેલો છે કે, તેમાં સમગ્ર કૌમના ગરીબ, મિસ્કીન લોકોની મદદ થાય છે. સાથે સાથે મુસલમાનોની આર્થિક પરિસ્થિતિ સુધારવા માટે આ ફરજ વેપારની પ્રગતિ અને વિકાસની એક ઉમદા તક પણ પૂરી પાડે છે. કારણ કે, દરેક વ્યક્તિ એવું અનુભવે છે કે, રોકડ મૂડીને સ્થગિત રાખવાથી પરિણામ એવું આવે છે કે, નફો તો કંઈ થતો નથી અને દર વર્ષે ચાલીસમો ભાગ ઝકાત સ્વરૂપે ઓછો થતો જાય છે, તો ચોક્કસ એ બાબત તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે કે, આ માલને કોઈ વેપારમાં લગાવીએ! હવે બીજી બાજુ વ્યાજ છે અને વ્યાજની લેવડ–દેવડમાં રૂપિયા લગાવવા હરામ ઠરાવવામાં આવ્યા છે, તો વેપારનું એ સ્વરૂપ સ્વીકાર્ય નથી. હવે લાખો વ્યક્તિઓની જમા પૂંજી ફક્ત એક વ્યક્તિના વેપારમાં નહીં લાગે બલ્કે દરેક માલદાર પોતે વેપાર કરવાની ચિંતા કરશે અને જ્યારે મોટામાં મોટો મૂડીપતિ પણ ફક્ત પોતાની જ મૂડીથી વેપાર કરશે તો નાના મૂડીપતિઓને વેપારમાં તે મુશ્કેલીઓ નહીં પડે જે બેન્કોમાંથી વ્યાજે રૂપિયા લઈ વેપાર કરતી વખતે પડે છે. એ જ પ્રમાણે સમગ્ર દેશમાં વેપાર અને તેના ફાયદાઓ સર્વવ્યાપી હશે અને તેના પરિણામે દેશના ગરીબો, ફકીરો અને આર્થિક રીતે બેહાલ લોકોને ઘણો લાભ પહોંચશે.

વ્યાજની આધ્યાત્મિક (રૂહાની) બીમારીઓ :

અહીંયાં સુધી વ્યાજની આર્થિક અને સામાજિક તબાહી અને બરબાદીનો ઉલ્લેખ થયો. હવે સાંભળો કે, વ્યાજયુક્ત લેવડ-દેવડ મનુષ્યના અખ્લાક (વર્તણૂક), નીતિમત્તા અને ચારિત્ર્ય તથા તેની માનસિક સ્થિતિ ઉપર કેટલો મોટો દુષ્પ્રભાવ પાડે છે !

- મનુષ્યના અખ્લાકનું સૌથી શ્રેષ્ઠ પાસું 'સખાવત' અને 'દાનપૂણ્ય' છે. માણસ પોતે તકલીફ વેઠી બીજાઓને મદદ અને રાહત પહોંચાડવાની ભાવના ધરાવે છે, પરંતુ વ્યાજયુક્ત લેવડ-દેવડનો એક આવશ્યક દુષ્પ્રભાવ એ થાય છે કે, બીજા લોકોના દુઃખ દૂર કરવાની ભાવના નષ્ટ પામે છે. વ્યાજખોર પોતાની પાસેથી કોઈને નફો પહોંચાડવાની વાત તો બાજુએ રહી, માલદારીમાં બીજાઓને પોતાના સમકક્ષ માલદાર બનતો પણ સાંખી શકતો નથી.
- વ્યાજખોર મુસીબતમાં સપડાયેલ લોકો ઉપર દયા ખાવાને બદલે તેની મુસીબત અને મજબૂરીનો નાજાઈઝ લાભ ઉઠાવવાની ચિંતામાં રહે છે.
- વ્યાજખોરીના પરિણામે માલની લાલચ એટલી વધી જાય છે કે, તે એમાં જ મદ્દહોશ રહે છે અને પોતાના માટે સારા-નરસાનો ભેદ પણ ભૂલી જાય છે અને પરિણામોથી બિલ્કુલ ગાફેલ રહે છે.

વ્યાજ વિશે રસૂલે કરીમ (સલ.)ના ફરમાનો :

(૧) રસૂલે કરીમ (સલ.)એ ફરમાવ્યું કે, ''નુકસાન પહોંચાડનાર સાત વસ્તુઓથી બચો. સહાબએ કિરામ (રદિ.)એ પૂછ્યું કે, યા રસૂલલ્લાહ (સલ.) ! તે શું છે ? આપ (સલ.)એ ફરમાવ્યું : ''એક અલ્લાહ તઆલા સાથે (ઈબાદતમાં અથવા તેની કોઈ ખાસ સિફતમાં) કોઈ ગયરૂલ્લાહને ભાગીદાર ઠરાવવો. બીજું જાદૂ કરવું, ત્રીજું કોઈ વ્યક્તિની અન્યાયી હત્યા કરવી, ચોથું વ્યાજ ખાવું, પાંચમું યતીમનો માલ ખાઈ જવો, છઠ્ઠું જિહાદ સમયે મૈદાનમાંથી નાસી છૂટવું, સાતમું કોઈ પાકદામન સ્ત્રી પર તોહમત

(બદફેલીનો આક્ષેપ) લગાવવી.'' *(આ હદીષ સહીહ બુખારી અને મુસ્લિમમાં છે)*

(૨) રસૂલુલ્લાહ(સલ.)એ ફરમાવ્યું કે, ''મેં આજે રાત્રે બે વ્યક્તિઓ (ફરિશ્તાઓ)ને જોયા, તેઓ મારી પાસે આવ્યા અને મને બયતુલ મુકદ્દસ સુધી લઈ ગયા, પછી અમે આગળ ચાલ્યા તો એક લોહીની નહેર જોઈ, જેમાં એક વ્યક્તિ ઊભો છે અને બીજો વ્યક્તિ તે (નહેર)ના કિનારે ઊભો છે. જ્યારે નહેરમાં ઊભેલો વ્યક્તિ બહાર આવવાની કોશીશ કરે છે, તો કિનારે ઊભેલો વ્યક્તિ તેના મોઢા ઉપર પથ્થર મારે છે, તેના ઘાથી તે વ્યક્તિ ત્યાં જ પાછો ચાલ્યો જાય છે જ્યાં તે ઊભો હતો, પછી ફરી તે નીકળવાનો ઇરાદો કરે છે તો ફરીવાર કિનારે ઊભેલો વ્યક્તિ આવું જ કરે છે. રસૂલે કરીમ (સલ.) ફરમાવે છે કે, મેં પોતાના તે બંને સાથીઓને પૂછ્યું કે, આ શું ઘટના છે જે હું જોઈ રહ્યો છું ? તેમણે બતાવ્યું કે, લોહીની નહેરમાં કેદ કરવામાં આવેલ વ્યક્તિ વ્યાજખોર છે.'' (જે પોતાના અમલની સજા ભોગવી રહ્યો છે.) *(આ હદીષ બુખારી કિતાબુલ બુયૂઅ્માં છે.)*

(૩) રસૂલે કરીમ (સલ.)એ વ્યાજ લેનાર ઉપર પણ લા'નત કરી અને વ્યાજ આપનાર ઉપર પણ ! અને અમુક રિવાયતોમાં વ્યાજયુક્ત લેવડ-દેવડ ઉપર ગવાહી આપનારા તથા તેનું લખાણ લખનારા ઉપર પણ લા'નત કરી છે. સહીહ મુસ્લિમની એક રિવાયતમાં ફરમાવ્યું : ''તે બધા જ વ્યક્તિઓ ગુનાહમાં સરખા છે.'' અને અમુક રિવાયતોમાં ગવાહ અને વ્યાજયુક્ત લેવડ-દેવડનો હિસાબ લખનાર ઉપર લા'નત એવા સ્વરૂપમાં છે જ્યારે કે તેને એવી ખબર હોય કે આ વ્યાજુ લેવડ-દેવડ છે.

(૪) રસૂલે કરીમ (સલ.)નો ઇરશાદ છે કે, ''ચાર વ્યક્તિઓ એવા છે કે, તેમના વિશે અલ્લાહ તઆલાએ પોતાના માટે જરૂરી કરી લીધું છે કે, તેમને જન્નતમાં પ્રવેશ નહીં આપે અને જન્નતની નેઅ્મતો ચાખવા (પણ) નહીં આપે. તે ચાર આ પ્રમાણે છે. શરાબ પીવાની લત ધરાવનાર, વ્યાજ ખાનારો, યતીમનો માલ અન્યાયી રીતે ખાઈ જનાર અને પોતાના માં-બાપની નાફરમાની કરનારો !'' *(આ રિવાયત મુસ્તદ્રક હાકિમમાં છે.)*

(૫) નબીએ કરીમ (સલ.)એ ફરમાવ્યું કે, "વ્યક્તિ જે સૂદ (વ્યાજ)નો એક દિરહમ ખાય છે તે છત્રીસ વખતે વ્યભિચાર કરવા કરતાં વધારે સખત (કઠોર) ગુનોહ છે. અને અમુક રિવાયતોમાં છે કે, (શરીરનો) જે માંસ હરામના માલથી બન્યો હોય તેના માટે આગ જ વધારે હકદાર છે." આ ઉપરાંત અમુક રિવાયતોમાં છે કે, "કોઈ મુસલમાનની આબરૂ લેવી (બેઈજ્જત કરવો) વ્યાજથી પણ વધુ સખત ગુનોહ છે."

(આ રિવાયત મુસ્નદે અહમદ, તબરાની વગેરેમાં છે.)

(૬) એક હદીષમાં છે કે, રસૂલે કરીમ (સલ.)એ તે બાબતની મનાઈ કરી કે, ફળો ઉપયોગના યોગ્ય બનતાં પહેલાં વેચવામાં આવે અને ફરમાવ્યું કે, "જ્યારે કોઈ વસ્તીમાં વ્યભિચાર અને વ્યાજયુક્ત કારોબાર ફેલાઈ જાય તો તેણે અલ્લાહપાકના અઝાબને પોતાના ઉપર આમંત્રણ આપી દીધું."

(આ રિવાયત મુસ્તદ્‌રક હાકિમમાં છે.)

(૭) રસૂલે કરીમ (સલ.)એ ફરમાવ્યું : "જ્યારે કોઈ કૌમમાં લેવડ-દેવડમાં વ્યાજનો રિવાજ પડી જાય તો અલ્લાહ તઆલા તેમના ઉપર તીવ્ર તંગી (અછત) પૈદા કરી દે છે અને જ્યારે કોઈ કૌમમાં લાંચ પ્રચલિત થઈ જાય તો દુશ્મનોનો રોફ (રુઆબ) અને પ્રભાવ તેમના ઉપર છવાય જાય છે." *(મુસ્નદે અહમદ)*

(૮) રસૂલે કરીમ (સલ.)એ ફરમાવ્યું કે, "શબે મેઅ્‌રાજમાં જ્યારે અમે સાતમા આસમાન ઉપર પહોંચ્યા, તો મેં પોતાના ઉપર ગર્જના અને ચમકતી વીજળી જોઈ, ત્યાર પછી અમે એવી કૌમ પાસેથી પસાર થયા જેમના પેટ રહેણાંક મકાનોની જેમ ફૂલેલા અને ફેલાયેલા હતા, જેમાં સાપ ભરેલા હોય છે, જે બહારથી નજરે પડે છે. મેં જિબ્રઈલ (અલૈ.)ને પૂછ્યું : આ કોણ લોકો છે ? તેમણે ફરમાવ્યું : આ વ્યાજખોરો છે."

(મુસ્નદે અહમદ)

(૯) રસૂલે કરીમ (સલ.)એ ઔફ બિન માલિક (રદિ.)ને ફરમાવ્યું કે, "એવા ગુનાહોથી બચો જે માફ કરવામાં આવતા નથી. એમાંથી એક માલે ગનીમતમાં ચોરી છે અને બીજો વ્યાજ ખાવું છે." *(તબરાની)*

(૧૦) રસૂલે કરીમ (સલ.)એ ફરમાવ્યું, "જે વ્યક્તિને તમે કરજ આપ્યું હોય તેનો હદિયો સ્વીકાર ન કરો." (એવું ન થાય કે આ હદિયો કરજના બદલા સ્વરૂપે આપ્યો હોય જે વ્યાજ છે. એટલા માટે તેનો હદિયો સ્વીકાર ન કરવાની કાળજી રાખવી જોઈએ.)

રિબાની વ્યાખ્યા અને તેની વાસ્તવિકતા તથા તેના દન્યવી તબાહ-બરબાદ કરનાર દુષ્પ્રભાવો વિશે કુર્આન મજીદની સાત આયતો અને રસૂલે કરીમ (સલ.)ની દશ હદીષો અત્રે વર્ણન કરવામાં આવી ચૂકી છે. વિચારનાર, સમજનાર મુસલમાન માટે આટલું પૂરતું છે.

(૧૨) હઝરત ઈસા (અલૈ.)નો દાખલો

إِنَّ مَثَلَ عِيسٰى عِنْدَ اللّٰهِ كَمَثَلِ اٰدَمَ ؕ خَلَقَهٗ مِنْ تُرَابٍ ثُمَّ قَالَ لَهٗ كُنْ فَيَكُوْنُ ﴿۵۹﴾ (آل عمران:۵۹)

હઝરત મુહમ્મદ (સલ.)ના હિજરત કરી મદીનામાં પધાર્યા પછી સત્ય ઈસ્લામનો પ્રકાશ ચોતરફ ફેલાવા લાગ્યો અને મદીનાની આજુબાજુના યહૂદીઓ પણ સત્યતાની દલીલોથી મહાત થઈ નિરુત્તર થઈ ગયા, ત્યારે મદીનાથી થોડે દૂર આવેલા નજરાન શહેરના અગ્રગણ્ય અને મોભાદાર ઈસાઈઓનું એક ડેપ્યુટેશન રસૂલુલ્લાહ (સલ.)થી ધર્મ સંબંધી વાદવિવાદ કરવા મદીનામાં આવ્યું, જેમાં ૬૦ માણસો હતા. તેઓ હઝરત ઈસા (અલૈ.)ને અલ્લાહ તઆલાના પુત્ર માનતા હોવાથી હઝરત મુહમ્મદ (સલ.)ને કહેવા લાગ્યા કે, તમે હઝરત ઈસા (અલૈ.)ને અલ્લાહના પુત્ર માનતા નથી, તો તેમનો બાપ કોણ છે તે બતાવો ? હુઝૂર (સલ.)એ અલ્લાહપાકની તવહીદની સચોટ દલીલો રજૂ કરી ફરમાવ્યું, તમે પણ અલ્લાહને તો અમર માનો છો, પણ હઝરત ઈસા (અલૈ.) તો ખાતા-પીતા, ચાલતા-ફરતા, ઉંઘતા-જાગતા સઘળું કરતા હતા. તે ઉપરાંત તેમને મૌત પણ આવશે અને અલ્લાહ તઆલા તો એવી સૌ બાબતોથી પાક છે ત્યારે હઝરત ઈસા (અલૈ.) પુત્ર કેવી રીતે થઈ શકે ? વળી, દીકરો બાપ જેવો જ થવો જોઈએ. તેથી જો હઝરત ઈસા (અલૈ.) અલ્લાહના પુત્ર હોત તો

અલ્લાહપાકની માફક તે પણ કોઈ વસ્તુના મોહતાજ થાત નહિ; પરંતુ તેમની મોહતાજી જાહેર છે ત્યારે ઈસાઈઓ નિરુત્તર થઈ ગયા. તો આ સૂરતની શરૂઆતથી લઈ એંસી (૮૦)થી પણ વધુ આયતો ઉતરી અને શરૂઆત તવહીદની સાબિતીથી જ કરવામાં આવી.

અલ્લાહ તઆલા જોરાવર હોવાથી એવા પાપીઓ તેના કબ્જામાંથી કદી છૂટી શકતા નથી. એવા પાપીઓને અલ્લાહપાક અવશ્ય શિક્ષા આપશે. એમાં પણ ઈસાઈઓનો એક પ્રકારે રદિયો છે કે, જે સંપૂર્ણ અધિકાર અલ્લાહપાકને માટે સાબિત કર્યો તે હઝરત ઈસા (અલૈ.)માં નથી. હઝરત ઈસા (અલૈ.) બીજા કોઈને શું શિક્ષા આપે ? ઈસાઈઓના કહેવા મુજબ તેઓ તો અત્યંત આજિઝી અને નમ્રતા કરવા છતાં પોતાને ઝાલિમોના પંજાથી છોડાવી શકયા નહિ, તો પછી અલ્લાહપાક કે અલ્લાહપાકના પુત્ર કયાંથી થઈ શકે ?

અલ્લાહ તઆલાનું ઈલ્મ પણ કામિલ હોવાથી જગતની કોઈ વસ્તુ કે સહેજ બાબત પણ પળવાર તેનાથી છૂપી રહી શકતી નથી. એથી પણ સાબિત થયું કે હઝરત ઈસા (અલૈ.) ખુદા થઈ શકતા નથી, કારણ કે તેમને તો અલ્લાહ તઆલા બતાવે તેટલી જ વાતની જાણ થતી. જેમ કે મજકૂર ડેપ્યુટેશનવાળાઓએ હુઝૂરે અકરમ (સલ.)ની રૂબરૂ એનો ઈકરાર કર્યો હતો તેમજ અત્યાર સુધીની ઈન્જીલોથી પણ એ જ સાબિત થાય છે.

નજરાનના ઈસાઈઓએ નિરુત્તર થઈ કહ્યું કે, આપ હઝરત ઈસા (અલૈ.)ને કલિમતુલ્લાહ અને રૂહુલ્લાહ તો માનો છો ? બસ, એથી જ અમારો હેતુ સિદ્ધ થાય છે. મતલબ કે હઝરત ઈસા (અલૈ.) સબંધી આવા શબ્દો જોઈ તેમને અલ્લાહના પુત્ર કહી બેઠા. તો તેઓને સમજાવવા ખાતર એક સામાન્ય કાયદા તરીકે એવો જવાબ આપ્યો, જેને સમજ્યા પછી અનેક વાતોનો ફૈસલો થઈ જાય છે. એટલે કે અલ્લાહ તઆલાએ કુર્આન શરીફ તેમજ આગલી સૌ આકાશી કિતાબોમાં થોડીક એવી વાતો રાખી છે, જેનો મતલબ સ્પષ્ટ નથી. તો પોતાનો હેતુ પાર પાડવા તેનો મતલબ પોતાની

અક્કલથી ઘડી કાઢવો એ ગુમરાહી છે. એનો ખરો મતલબ તો અલ્લાહ તઆલા જ જાણે છે, તે પોતાની કૃપાથી જેને જેટલું બતાવવા ઇચ્છે, તેટલું જ તે જાણી શકે.

બેશક, ઈસા (અલૈ.)(ના પેદા થવા)ની મિસાલ અલ્લાહપાકની નજીક આદમ (અલૈ.) જેવી છે કે, તેમને (માં-બાપ વિના) માટીથી બનાવ્યા. ફરી તેમને હુકમ કર્યો કે (જીવતા) "થઈ જાઓ" તો તે (જીવતા) થઈ ગયા. (૫૯) આ સત્ય વાત આપના પરવરદિગાર તરફથી (બતાવવામાં) આવી છે, જેથી તમે શંકાવાળાઓ(ના પક્ષમાં) રહો નહિ. (૬૦)

સૂરતની શરૂઆતમાં જે ઈસાઈ ડેપ્યુટેશનનું વર્ણન આવ્યું હતું, તેઓના વાદવિવાદ સબંધી પાછું બયાન શરૂ કર્યું. તે લોકોએ હઝરત ઈસા (અલૈ.)ને ખુદા અથવા ખુદાના પુત્ર સાબિત કરવા ઘણાં ફાંફાં માર્યા પણ કંઈ વળ્યું નહિ. અંતે લાચાર થઈ કહેવા લાગ્યા કે હઝરત ઈસા (અલૈ.) અલ્લાહના પુત્ર નથી, તો કોના છે તે બતાવો ! તેના જવાબમાં આ આયત ઉતરી કે, જો હઝરત ઈસા (અલૈ.)નું બાપ વિના પેદા થવું તેમના અલ્લાહ અથવા અલ્લાહના પુત્ર હોવાની દલીલ હોય તો હઝરત આદમ (અલૈ.)ના માતા-પિતા બન્ને ન હોવાથી હઝરત આદમ (અલૈ.) અલ્લાહ તઆલા અથવા અલ્લાહપાકના પુત્ર થવાના વધુ હકદાર છે. છતાં તેમને કોઈ અલ્લાહપાક કે અલ્લાહપાકના પુત્ર માનતું નથી, તો પછી હઝરત ઈસા (અલૈ.) અલ્લાહપાકના પુત્ર કેવી રીતે થઈ શકે ? વળી, હઝરત આદમ (અલૈ.)ને માતા-પિતા વિના જ માટીથી પેદા કરનાર અલ્લાહપાક હઝરત ઈસા (અલૈ.)ને બાપ વિના પેદા કરી શકે છે. એમાં આશ્ચર્યજનક કઈ બીના છે ? તથા યહૂદીઓને પણ એમાં ચેતવણી છે કે હઝરત ઈસા (અલૈ.)ની પેદાઈશ સબંધી ખોટા વિચારો ન કરવા જોઈએ.

બેશક ! (હઝરત) ઈસા (અલૈ.)ની (આશ્ચર્યજનક) હાલત અલ્લાહપાક પાસે (એટલે કે અલ્લાહ તઆલાની કુદરતની યોજનાઓમાં હઝરત) આદમ (અલૈ.) જેવી મિસાલ ધરાવે છે કે, તેમને (એટલે કે હઝ. આદમ અલૈ.ના

પૂતળાને) માટીથી બનાવ્યા, પછી તેને (પૂતળાને) હુકમ આપ્યો કે (સજીવન) "થઈ જા !" બસ, તે (સજીવન) થઈ ગયા અને આ ઘટના (જે ઉપર વર્ણન કરવામાં આવી) તદ્દન સાચી છે, જે તમારા પરવરદિગાર તરફથી (બતાવવામાં આવી) છે. બસ, તમે શંકા કરનારાઓમાંથી ન થશો.

અનુમાન (કયાસ-ઉદાહરણો અને દાખલા-દલીલો દ્વારા વાતને સ્પષ્ટ) કરવાની દલીલ :

"ઈન્ન મષલ ઈસા ઈન્દલ્લાહિ કમષલિ આદમ" આ આયતથી જાણ થાય છે કે, કિયાસ (અનુમાન) પણ શરીઅતમાં હુજ્જત (દલીલ)નો દરજ્જો ધરાવે છે. એટલા માટે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે, ઈસા (અલૈ.)ની પૈદાઈશ એવી છે જેમકે, આદમ (અલૈ.)ની પૈદાઈશ ! એટલે કે જેવી રીતે હઝરત આદમ (અલૈ.)ને વગર પિતાએ (અને માતાએ) પૈદા કરવામાં આવ્યા, એવી જ રીતે હઝરત ઈસા (અલૈ.)ને પણ અલ્લાહપાકે બાપ વિના પૈદા કર્યા. તો અહીંયાં અલ્લાહ તઆલાએ હઝરત ઈસા (અલૈ.)ની પૈદાઈશને હઝરત આદમ (અલૈ.)ની પૈદાઈશ ઉપર કિયાસ કરવા (અનુમાનિત કરવા) તરફ ઈશારો કર્યો છે. *(મઝહરી)*

(૧૩) તૌહીદને સાબિત કરતો અને શિર્કને રદ કરતો દાખલો

قُلْ اَنَدْعُوْا مِنْ دُوْنِ اللّٰهِ مَا لَا يَنْفَعُنَا وَلَا يَضُرُّنَا وَنُرَدُّ عَلٰٓى اَعْقَابِنَا بَعْدَ اِذْ هَدٰىنَا اللّٰهُ كَالَّذِى اسْتَهْوَتْهُ الشَّيٰطِيْنُ فِى الْاَرْضِ حَيْرَانَ ۖ لَهٗٓ اَصْحٰبٌ يَّدْعُوْنَهٗٓ اِلَى الْهُدَى ائْتِنَا ۗ (انعام:۷۱)

(હે નબી સલ. !) આપ ફરમાવી દો કે શું અલ્લાહના સિવાય જે વસ્તુ અમને ફાયદો કે નુકસાન કંઈ ન પહોંચાડી શકે તેની અમે બંદગી કરીએ ? અને જ્યારે અલ્લાહપાક અમને સીધો માર્ગ બતાવી ચૂકયો છે, તો પછી શું અમે (ઈસ્લામથી) ઉલટા પગે પાછા ફરી જઈએ ? (ત્યારે તો એવું જ

થાય) જેમ કે કોઈ માણસને પિશાચોએ જંગલમાં રસ્તો ભૂલવી દીધો, જેથી ભટકતો ફરતો હોય. (અને) તેના સાથીઓ તેને રસ્તા તરફ બોલાવતા હોય કે અમારી પાસે ચાલ્યો આવ (છતાં તે આવતો નથી). આપ ફરમાવી દો કે, ખચીત્ અલ્લાહ તઆલાએ જે માર્ગ બતાવ્યો તે જ (ઇસ્લામ) સીધો માર્ગ છે. વળી, અમને એ હુકમ થયો છે કે કુલ જહાનના પરવરદિગારના પૂરા તાબેદાર બની જઈએ. (૭૧)

હે નબી (સલ.) ! સૌ મુસ્લિમો તરફથી તે ગુમરાહોને ફરમાવી દો કે મુસ્લિમની શાન એ છે કે ગુમરાહોને બોધ આપી સત્ય માર્ગ પર લાવે. તેનાથી એવી આશા રાખવી વ્યર્થ છે કે અલ્લાહ તઆલાના સિવાય એવી હસ્તીને પૂજે કે જે લાભ કે હાનિ પહોંચાડવા શકિતમાન જ નથી. છતાં જો કોઈ શિર્કમાં સપડાઈ જાય તો તેની મિસાલ તે મુસાફિરના જેવી થશે, જે પોતાના માર્ગથી જાણકાર દોસ્તો સાથે જંગલમાં જઈ રહ્યો હતો, અચાનક પિશાચો (શયતાનો)એ તેને ભૂલથાપ આપી વિખૂટો પાડી દીધો. તેથી તે ચોમેર હેરાન ફરી રહ્યો છે અને તેના સાથીઓના બોલાવવા છતાં હેરાનીથી સમજી કે આવી શકતો નથી. તો શું તમે પણ અમને આખિરતની સીધી રાહ ઇસ્લામથી ભટકાવી તેવા જ બનાવવા માંગો છો ? એ બનવાજોગ નથી.

તેમજ (એ પણ હુકમ થયો છે) કે નમાઝને કાયમ રાખો અને તેનાથી ડરતા રહો અને તે જ (અલ્લાહ) છે કે જેની પાસે તમે સૌ (કિયામતમાં) એકઠા કરવામાં આવશો. (૭૨) અને તે જ (અલ્લાહ) છે કે જેણે આકાશો તથા જમીનને યુકિતથી પેદા કર્યાં છે; અને જે દિવસે તે એટલું ફરમાવશે, ''થઈ જા'' તો તે (કિયામત) થઈ જશે. તેનું ફરમાન સાચું છે અને જે દિવસે સૂર ફૂંકવામાં આવશે (તે દિવસે) સંપૂર્ણ સત્તા અલ્લાહપાકની જ હશે; (તે છૂપી અને જાહેર) વાતોને જાણનાર છે અને મહાન હિકમતવાળો (તથા) સઘળી ખબર રાખનાર છે. (૭૩)

કિયામત અને હશરને માત્ર એટલું જ કહેશે : ''કુન'' એટલે થઈ જા, તો તરત જ કિયામત કાયમ થઈ જશે, જરા પણ વાર લાગશે નહિ.

જ્યારે સૂર ફૂંકવામાં આવશે ત્યારે કિયામતના દિવસે અલ્લાહપાકના સિવાય બીજા કોઈની જાહેરી કે નામની પણ સત્તા રહેશે નહિ.

ઉપલી બે-ત્રણ આયતોમાં બયાન થયેલી સિફતોવાળો અલ્લાહપાક જ એ લાયક છે કે, અમે તેના હુકમને આધિન રહીએ અને દરેક વખત તેનાથી ડરતા રહીએ, એ જ બાબતનો અમને હુકમ પણ થયો છે. તો કોઈ પણ સ્થિતિમાં તેનાથી અમે વિમુખ થઈ શકતા નથી. પ્રથમ ફરમાવ્યું હતું કે મુસ્લિમોએ કાફિરોને કહી દેવું જોઈએ કે અમે ગાંડાઓ માફક ભટકતા નથી. તે ઉપરથી તાકીદ માટે આગળ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)નો કિસ્સો બયાન કર્યો કે, તેઓ હિદાયત પામ્યા પછી કૌમના ભમાવવાથી જરાએ ડગ્યા નહિ અને તેમણે કેવી રીતે બોધ આપ્યો, કેવી રીતે પોતાનો અણગમો તથા નારાજી જાહેર કરી તેઓથી જુદા થઈ ગયા. અલ્લાહપાક પર સંપૂર્ણ ભરોસો રાખ્યો વગેરે બાબતો બતાવી કે જેથી મુસ્લિમો તેનું અનુકરણ કરે.

શિર્કનો રદ અને તૌહીદને સાબિત કરવી :

તમે (સૌ મુસલમાનો તરફથી મુશ્રિકોને) કહી આપો કે, શું અમે અલ્લાહ તઆલા સિવાય (તમારી મરજી પ્રમાણે) એવી વસ્તુની ઈબાદત કરીએ કે ન તે(ની ઈબાદત કરવાના સ્વરૂપમાં તે) અમને નફો પહોંચાડે (એટલે કે નફો પહોંચાડવાની શક્તિ ધરાવતા હોય) અને ન જ તે (તેની ઈબાદત ન કરવાના સ્વરૂપમાં) અમને નુકસાન પહોંચાડે (એટલે કે નુકસાન પહોંચાડવાની શક્તિ ધરાવતો હોય, એનો અર્થ એ છે કે બાતિલ મઅ્બૂદોમાંથી નિર્જીવ મૂર્તિઓ વગેરેમાં તો મૂળેથી જ કોઈ શક્તિ નથી અને અમુક સજીવ પ્રાણીઓ કે માણસોને મઅ્બૂદ માને છે તેમનામાં જીવ છે, એવા મઅ્બૂદોમાં ઓછામાં ઓછું પોતાના તરફદારો અને વિરોધી-ઓને લાભ કે નુકસાન પહોંચાડવાની સંપૂર્ણ શક્તિ હોવી જોઈએ, પરંતુ સૌ જાણે છે તેઓ એના માટે પણ સર્વશક્તિમાન નથી. તો શું આવા અશક્ત મઅ્બૂદોની અમે ઈબાદત કરીએ ?) અને શું (મઆઝલ્લાહ !) અમે (ઈસ્લામથી) ઊલટા પગે ફરી જઈએ એ પછી કે અમને અલ્લાહપાકે

(સત્ય માર્ગની) હિદાયત કરી આપી છે ! (એટલે કે પ્રથમ તો શિર્ક પોતે જ એક નિંદનીય બાબત છે, પછી ખાસ વિશેષરૂપે જ્યારે ઈસ્લામને સ્વીકારી લીધો છે, તો એવી પ્રવૃત્તિ વધારે ઘૃણાસ્પદ બની જાય છે, નહિતર અમારું તો એ ઉદાહરણ બની જશે) જેમકે કોઈ વ્યક્તિ હોય કે તેને શયતાને ક્યાંક જંગલમાં (માર્ગ ભટકાવી) ભૂલો પાડી દીધો હોય અને તે ભટકતો ફરતો હોય (અને) તેના અમુક સાથીઓ પણ હતા કે તેને સીધા માર્ગ તરફ (પોકારી-પોકારીને) બોલાવી રહ્યા છે કે (આ બાજુ) અમારી પાસે આવ (પરંતુ તે આશ્ચર્ય અને સ્તબ્ધ થઈ જવાના કારણે સમજતો નથી અને તે તરફ નથી આવતો. મતલબ એ છે કે, જેમકે આ વ્યક્તિ માર્ગ ઉપર હતો, પરંતુ પોતાના મુસાફરીના સાથીઓથી વિખૂટો પડીને જંગલની ભૂલ-ભૂલૈયામાં ગુમ થઈને માર્ગ ભટકી ગયો અને હવે જ્યારે તેને તેના સાથીઓ સીધા માર્ગ ઉપર લાવવા ઈચ્છે છે, પરંતુ તે સીધા માર્ગ ઉપર નથી આવતો, એવી જ અમારી હાલત થઈ જાય કે ઈસ્લામના સીધા માર્ગ ઉપર હોઈને અમારા માર્ગદર્શક પયગમ્બર (સલ.)થી અલગ થઈએ અને ગુમરાહીના દલદલમાં ફસાઈને માર્ગ ભટકી જઈએ અને તે માર્ગદર્શક ભલું ઈચ્છીને ઈસ્લામનું આમંત્રણ આપતા રહે અને અમને ગુમરાહીથી છોડાવે. પરંતુ અમે ગુમરાહી ન છોડીએ ?! એટલે કે, શું અમે તમારી મરજી ઉપર અમલ કરીને પોતાનું આ પ્રકારનું ઉદાહરણ બનાવી લઈએ !?) તમે (તે લોકોને) કહી આપો, (કે જ્યારે આ ઉદાહરણથી જાણ થઈ કે સીધા માર્ગથી ભટકી જવું કેટલી ખરાબ વાત છે અને આ) નિશ્ચિત વાત છે કે સીધો માર્ગ અલ્લાહ તઆલાનો જ (બતાવેલો) માર્ગ છે (અને તે માર્ગ ઈસ્લામ છે. બસ, તે બાબત ચોક્કસ છે કે એને છોડવાથી માર્ગ ભટકી જવાય છે, પછી તેને શા માટે અને કેમ તેને છોડી આપીએ ?) અને (તમે કહી આપો કે અમે શિર્ક કેવી રીતે કરી શકીએ છીએ ?) અમને (તો) એ હુકમ થયો છે કે અમે સંપૂર્ણ તાબેદાર બનીએ સમગ્ર દુનિયાઓના પાલનહારના (જે ઈસ્લામ માટે અનિવાર્ય છે) અને એ (હુકમ થયો છે) કે નમાઝની પાબંદી કરીએ (જેમકે તવહીદ ઉપર કે ઈમાનની તે જાહેર નિશાની છે) અને (આ હુકમ

થયો છે કે) તેનાથી (એટલે કે અલ્લાહપાકથી) ડરીએ (એટલે કે વિરોધ ન કરીએ જેમાં સૌથી વધીને શિર્ક છે) અને તે જ (અલ્લાહપાક) છે, જેની પાસે તમે સૌ (કિયામતના દિવસે કબ્રોમાંથી નીકળીને હિસાબ માટે) એકઠા થવામાં આવશો (ત્યાં મુશ્રિકોને પોતાના શિર્કનું નુકસાન ભોગવવું પડશે).

(૧૪) મુસલમાન અને કાફિર વચ્ચે ઉદાહરણ સાથે ફર્ક

اَوَمَنْ كَانَ مَيْتًا فَاَحْيَيْنٰهُ وَجَعَلْنَا لَهٗ نُوْرًا يَّمْشِيْ بِهٖ فِي النَّاسِ كَمَنْ مَّثَلُهٗ فِي الظُّلُمٰتِ لَيْسَ بِخَارِجٍ مِّنْهَا ؕ كَذٰلِكَ زُيِّنَ لِلْكٰفِرِيْنَ مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿۱۲۲﴾

(انعام:۱۲۲)

એક માણસ જે પ્રથમ મરેલો હતો, પછી અમે તેને જીવતો કર્યો અને તેને અમે એવો (ઈમાનનો) પ્રકાશ આપ્યો કે જેને લઈ લોકોમાં હરેફરે છે. તે માણસ શું તેના સરખો થઈ શકે છે કે જે (ગુમરાહીના) અંધકારોમાં (ઘેરાયેલો) હોય અને તેમાંથી નીકળી શકતો ન હોય ? એવી જ રીતે કાફિરોને તેઓના કામ રૂપાળાં દેખાય છે. (૧૨૨)

પ્રથમ ફરમાવ્યું કે શયતાનો પોતાના મિત્રોના દિલોમાં એવો વસવસો નાખે છે કે તેઓ મુસલમાનો સાથે નકામો ઝઘડો કરે એટલે તેઓ સાથે ખોટી તકરાર કરે અથવા રસિક વાર્તાલાપમાં વાદવિવાદ કરી ધોકામાં નાખે કે તેઓ શંકામાં પડે અને સીધા માર્ગથી હટી જાય, પરંતુ તેમણે એ ખોટા તરંગો દિલમાંથી કાઢી નાખવા જોઈએ. વળી, યાદ રાખો કે તે સમૂહ અથવા તે માણસ જે ગુમરાહીના મૌતથી મરી ચૂકયો હતો, ફરી તેને અલ્લાહ તઆલાએ ઈમાન અને ઈરફાનની રૂહથી સજીવન કર્યો અને કુર્આનનો પ્રકાશ આપ્યો, જેને લઈ લોકસમુદાયમાં બેધડક સીધા માર્ગે ચાલી રહ્યો છે, શું તેનો હાલ શયતાનોની વાતોને માનનાર મિત્રો જેવો થઈ શકે છે, જે ગુમરાહીના અંધકારોમાં પડી ઠોકરો ખાતો ફરે છે. આ બંને કદી સરખા થઈ શકતા નથી.

મુસલમાન-કાફિરનો દાખલો :

એવો વ્યક્તિ જે પ્રથમ મૃત (એટલે કે માર્ગ ભટકેલ) હતો, પછી અમે તેને સજીવન (એટલે કે મુસલમાન) બનાવી દીધો અને અમે તેને એક એવો પ્રકાશ (એટલે કે ઈમાન) આપી દીધો કે તે તેને લઈને લોકો વચ્ચે હરે-ફરે છે, (એટલે કે દરેક સમયે તે તેની સાથે રહે છે જેનાથી તે બધા નુકસાનોથી દાખલા તરીકે ગુમરાહીઓ વગેરેથી સુરક્ષિત અને સલામત રહી નચિંત થઈને હરે-ફરે છે તો) શું એ વ્યક્તિ(ની પરિસ્થિતિ) તે વ્યક્તિ જેવી હોઈ શકે છે, જેની હાલત એવી હોય કે તે (ગુમરાહીના) અંધકારોમાં (ઘેરાયેલો હોય) છે (અને) તેમાંથી નીકળવા જ નથી માંગતો (ભાવાર્થ એ છે કે તે મુસલમાન ન થયો; અને તેના ઉપર આશ્ચર્ય કરવામાં ન આવે કે કાફિરો ઉપર અંધકાર છવાયેલો હોવા છતાં તેઓ કેમ તેના ઉપર મક્કમ રહ્યા ? કારણ એ છે કે જે પ્રમાણે મો'મિનોને પોતાનું ઈમાન સારું જણાય છે) એ જ પ્રમાણે કાફિરોને તેમના આચરણ (કુફ્ર વગેરે) શણગારેલા લાગે છે. (એ કારણથી જ આ મક્કાના આગેવાનો જે રસૂલે કરીમ (સલ.) પાસે વાહિયાત માંગણીઓ, શંકાઓ અને વાદ-વિવાદો રજુ કરતા રહેતા હતા તેઓ પોતાના કુફ્રને સારું સમજીને જ એવું કરતા હતા).

મોમિન સજીવન છે અને કાફિર મૃત છે :

આ દૃષ્ટાંતમાં મોમિનને સજીવન અને કાફિરને મૃત બતાવવામાં આવ્યા છે. જેનું કારણ એ છે કે, મનુષ્ય અને જાનવરો તથા વનસ્પતિ વગેરેમાં જો કે જિંદગી અને જીવનના પ્રકારના વિવિધ સ્વરૂપો હોય છે, પરંતુ એટલી વાતથી કોઈ સમજદાર વ્યક્તિ ઈન્કાર નથી કરી શકતો કે, તેમાંથી દરેકની પોતાની જિંદગીનો એક ખાસ હેતુ અને મકસદ હોય છે અને કુદરતે તેમને આ ધ્યેયપ્રાપ્તિ માટે સંપૂર્ણ ક્ષમતા અને સામર્થ્ય આપ્યું છે. કુર્આન શરીફનો ઇરશાદ છે : **"અઅ્તા કુલ્લ શયઈન ખલ્કહુ ષુમ્મ હદા."** *(૨૦:૫૦)* તેમાં એ વર્ણન છે કે, અલ્લાહ જલ્લ શાનુહૂએ વિશ્વની સૃષ્ટિમાં દરેક વસ્તુ પેદા કરી અને તેને જે હેતુ માટે પેદા કરી હતી તેના સુધી પહોંચવાની તેને સંપૂર્ણ

સૂચના અને માર્ગદર્શન આપી દીધું. જેના આધીન દરેક મખ્લૂક પોતપોતાના જીવનનો સમય અને પોતપોતાની ફરજનો હક અદા કરી રહ્યા છે અને વિશ્વમાં પૃથ્વી, પાણી, હવા, આગ એ જ પ્રમાણે અવકાશી મખ્લૂકોમાં ચંદ્ર, સૂર્ય, તારાઓ વગેરે પોતપોતાની ફરજ સંપૂર્ણ રીતે ઓળખીને તેને પૂર્ણ કરી રહ્યા છે અને આ જ ફરજને પૂર્ણ કરવામાં તેમનામાં જીવન હોવાની સાબિતી છે અને જે સમયે જે પરિસ્થિતિમાં તેમનામાંથી કોઈ વસ્તુ પોતાની ફરજ પૂર્ણ કરવાનું છોડી આપે, તો તે સજીવન નથી બલ્કે મૃત છે. પાણી જો પોતાનું કામ તરસ છીપાવવાનું અથવા મેલ સાફ કરવાનું વગેરે છોડી દે, તો તે પાણી નહીં કહેવાય. આગ સળગવાનું અને સળગાવવાનું છોડી દે, તો એક નિર્જીવ જેવી થઈ ગઈ.

સમગ્ર વિશ્વનું વિસ્તૃત નિરીક્ષણ કર્યા પછી એક મનુષ્ય જેમાં થોડી પણ બુદ્ધિ, સમજદારી અને સભાનતા છે, તે વિચાર કરવા માટે મજબૂર થશે કે, મનુષ્યના જીવનનો હેતુ શું છે ? અને તેની ફરજ શું છે ? અને એ કે, જો તે પોતાના જીવનના હેતુને પૂર્ણ કરી રહ્યો છે, તો તે સજીવન કહેવાડવાને હકદાર છે. અને તે પૂર્ણ નથી કરતો તો તે એક મૃત લાશથી વધારે કોઈ હકીકત ધરાવતો નથી.

હવે વિચારવાનું એ છે કે, માનવ જીવનનો હેતુ શું છે ? અને તેની ફરજો શું છે ? અને ઉપરોક્ત વર્ણન કરેલ સિદ્ધાંતો પ્રમાણે એ નક્કી છે કે, જો તે પોતાના જીવનના હેતુને પૂર્ણ કરી રહ્યો છે અને પોતાની ફરજ અદા કરી રહ્યો છે તો જીવંત છે, નહિતર તે મૃત કહેવાડવાને લાયક છે. જે નાદાન લોકોએ મનુષ્યને દુનિયાનું એક પોતે ઊગી નીકળેલ ઘાસ અથવા એક બુદ્ધિશાળી પ્રાણી ઠરાવ્યું છે અને તેમના મતે મનુષ્ય અને ગધેડા-કૂતરામાં કોઈ તફાવત નથી. એ સૌના જીવનનો હેતુ તેમણે મનેચ્છાઓને પૂર્ણ કરવી, ખાવું-પીવું, સૂવું-જાગવું, પછી મરી જવું જ ઠરાવી દીધું. એ તો બુદ્ધિશાળી અને સમજદાર વ્યક્તિના મતે સંબોધનના લાયક પણ નથી. દુનિયાના બુદ્ધિશાળીઓ ભલે કોઈ પણ ધર્મ કે કૌમ સાથે કે કોઈ પણ

વિચારસરણી સાથે સબંધ ધરાવતા હોય, વિશ્વની શરૂઆતથી લઈ આજ દિન સુધી મનુષ્યને સૃષ્ટિનું સર્વોત્તમ અને શ્રેષ્ઠ સર્જન હોવા ઉપર સહમત રહ્યા છે અને એ દેખીતું છે કે, શ્રેષ્ઠ અને ઉત્તમ એ જ વસ્તુને કહેવા અને સમજવામાં આવી શકે છે કે, જેના જીવનનો હેતુ ઉચ્ચ કક્ષાનો અને શ્રેષ્ઠ હોવાના સંદર્ભમાં વિશિષ્ટ પ્રકારનો હોય અને દરેક સમજદાર વ્યક્તિ એ પણ જાણે છે કે, ખાવું-પીવું, સૂવું-જાગવું, ઓઢવું-પહેરવું, રહેવું-સહેવું વગેરેમાં મનુષ્યને બીજા પ્રાણીઓ કરતાં કોઈ ખાસ વિશેષતા પ્રાપ્ત નથી. બલ્કે ઘણા બધા પ્રાણીઓ તેનાથી સારી રીતે અને એનાથી વધારે ખાય-પીએ છે, એનાથી વધારે કુદરતી કપડામાં શણગરાયેલા છે, એનાથી સુંદર હવા અને પર્યાવરણમાં રહે-વસે છે અને જ્યાં સુધી પોતાના લાભ અને નુકસાનને ઓળખવાની બાબત છે, તેમાં દરેક પ્રાણી બલ્કે દરેક વૃક્ષ એક મર્યાદા સુધી બુદ્ધિ ધરાવે છે. ફાયદાકારક વસ્તુઓને પ્રાપ્ત કરવા તથા નુકસાનકર્તા વસ્તુઓથી બચવાની ખાસ ક્ષમતા પોતાનામાં ધરાવે છે. એ જ પ્રમાણે અન્યો માટે લાભ પહોંચાડવાની બાબતમાં તો બધા જપ્રાણીઓ અને વનસ્પતિના કદમ દેખીતી રીતે મનુષ્યથી પણ આગળ વધેલા નજરે પડે છે કે તેમના માંસ, ચામડાં, હાડકાં અને ઝાડના મૂળિયાંથી લઈને ડાળખીઓ અને પાદડાંઓ સુધી દરેક વસ્તુ મખ્લૂક માટે ઉપયોગી અને જીવનની આવશ્યકતા પેદા કરવામાં અસંખ્ય ફાયદાઓનો સ્ત્રોત છે. તેનાથી વિપરીત મનુષ્ય કે ન તો તેનું માંસ કોઈને કામ લાગે છે, ન ચામડું, ન બાલ, ન હાડકાં અને ન જ અન્ય કંઈ.

હવે જોવાનું એ છે કે, આ પરિસ્થિતિમાં મનુષ્યને કઈ બાબત આધારે સૃષ્ટિમાં સર્વશ્રેષ્ઠ અને ''અફઝલુલ મખ્લૂક'' તથા વિશેષતા ધરાવનાર ઠરાવવામાં આવે છે ? હવે વાસ્તવિકતાને ઓળખવાની મંઝિલ નજીક આવી પહોંચી. થોડો વિચાર કરીએ તો જાણ થશે કે, આ બધી વસ્તુઓ બુદ્ધિ અને સમજદારીની મર્યાદાથી જોતાં ફક્ત ઉપસ્થિત જીવનના કામચલાઉ અને હંગામી લાભ કે નુકસાન સુધી જ છે. અને આવા જીવનમાં તે અન્યોના માટે લાભકારક નજરે પડે છે. આ દુનિયાની જિંદગીથી પહેલાં શું હતું અને

પછી શું થવાનું છે ? તે મેદાનમાં વનસ્પતિ જગત, પ્રાણી જગત વગેરેમાં વિચારીએ તો મોટામાં મોટા હોશિયાર પ્રાણીની બુદ્ધિ અને સમજદારી પણ તે બાબતે કામ નથી આપતી અને ન જ આ બાબતમાં તેમનામાંથી કોઈ વસ્તુ લાભદાયક અને ફાયદાકારક હોઈ શકે છે. બસ, આ જ તે બાબત છે જેમાં સૃષ્ટિના સર્વોત્તમ સર્જન મનુષ્યએ કાર્ય કરવાનું છે અને તેનાથી જ તેની વિશેષતા અન્ય સર્જન ઉપર જાહેર અને સ્પષ્ટ થઈ શકે છે.

જાણ થઈ કે, માનવજીવનનો હેતુ સમગ્ર વિશ્વની શરૂઆત અને અંતને દૃષ્ટિ સમક્ષ રાખીને સૌ પરિણામો ઉપર વિવેકબુદ્ધિથી દૃષ્ટિપાત કરવો અને એ નક્કી કરવું કે, સામૂહિક રીતે કઈ વસ્તુ ફાયદાકારક અને લાભદાયી છે અને કઈ વસ્તુ નુકસાનકારક અને પીડા આપનારી છે ? પછી તેની વિવેકબુદ્ધિની સાથે પોતેપોતાના માટે પણ ફાયદાકારક વસ્તુઓને પ્રાપ્ત કરવી અને નુકસાનકારક વસ્તુઓથી બચવું અને અન્યોને પણ આ ફાયદા-કારક વસ્તુઓ તરફ આમંત્રણ આપવું અને ખરાબ વસ્તુઓથી બચાવવાની કાળજી રાખવાની છે. જેથી કાયમી રાહત, શાંતિ અને સલામતી તથા સંતોષપૂર્વકનું જીવન પ્રાપ્ત થઈ શકે. અને જ્યારે મનુષ્યના જીવનનો હેતુ મનુષ્યની વિશિષ્ટતાનો આ પ્રમાણિત લાભ પોતે પ્રાપ્ત કરવો અને બીજાઓને પહોંચાડવાનો છે, તો હવે કુર્આનના ઉદાહરણો હકીકત બનીને સામે આવી જાય છે કે, સજીવન વ્યક્તિ ફક્ત તે જ છે, જે અલ્લાહ તઆલા અને તેના રસૂલે કરીમ (સલ.) ઉપર ઈમાન લાવ્યો અને દુનિયાની શરૂઆત અને અંત અને તેમાં સંપૂર્ણ સામૂહિક રીતે લાભકારક અને નુકસાનકારક વસ્તુઓને અલ્લાહની વહીના પ્રકાશમાં ઓળખી. કારણ કે, માત્ર મનુષ્યની બુદ્ધિએ ન તો ક્યારેય આ ક્ષેત્રને સર કર્યું છે, ન જ કરી શકે છે. મોટા-મોટા બુદ્ધિ-શાળીઓ અને તત્ત્વચિંતકો તથા વિશ્વના મહાન ફિલોસોફરોએ અંતે આ બાબતનો સ્વીકાર કર્યો છે.

આ કુર્આનના ઉદાહરણો હતા મોમિન અને કાફિર વિશેના કે, મોમિન સજીવન અને કાફિર મૃત છે. બીજું ઉદાહરણ ઈમાન અને કુફ્રનું આપ્યું, જેમાં ઈમાનને પ્રકાશ અને કુફ્રને અંધકાર સાથે સરખાવવામાં આવ્યું છે.

ઈમાન પ્રકાશ છે અને કુફ્ર અંધકાર છે :

અત્રે ઈમાનને પ્રકાશ અને કુફ્રને અંધકાર ઠરાવવામાં આવ્યો છે. થોડો વિચાર કરવામાં આવે તો આ ઉદાહરણ માત્ર કોઈ કાલ્પનિક દાખલો નથી, એક વાસ્તવિકતાનું વર્ણન છે. અહીંયાં પણ પ્રકાશ અને અંધકારના મૂળ હેતુ ઉપર વિચાર કરવામાં આવે તો વાસ્તવિકતા સામે આવી જશે કે, પ્રકાશનો હેતુ એ છે કે તેના દ્વારા નજીક અને દૂરની વસ્તુઓને જોઈ શકાય છે, જેના કારણે નુકસાનકારક વસ્તુઓથી બચવા અને લાભદાયક વસ્તુઓને અપનાવવાનો મોકો મળે છે.

હવે, ઈમાનને જૂઓ કે તે એક પ્રકાશ છે, જેનો પ્રકાશ સમગ્ર આસમાનો અને પૃથ્વી તથા તે ઉપરાંતની બધી જ વસ્તુઓ ઉપર છવાયેલ છે. ફક્ત આ જ પ્રકાશ સમગ્ર દુનિયાના અંજામ અને દરેક પ્રવૃત્તિના સાચા પરિણામો બતાવી શકે છે, જેની સાથે આ પ્રકાશ હોય તો તે પોતે પણ નુકસાનકર્તા વસ્તુઓથી બચી શકે છે અને અન્યોને પણ બચાવી શકે છે. અને જેને આ પ્રકાશ પ્રાપ્ત નથી થયો, તે પોતે અંધકારમાં ડૂબેલો છે. સમગ્ર વિશ્વ અને સમગ્ર જીવનના સંદર્ભમાં કઈ વસ્તુ લાભકારક છે અને કઈ વસ્તુ નુકસાન-કારક, તેમાં કોઈ સનાતન તફાવત નથી કરી શકતું. ફક્ત આજુબાજુની વસ્તુઓને દાબી-ચગદીને કંઈક ઓળખી શકે છે. અત્યારે ઉપસ્થિત દુનિયાનું જીવન આ જ આજુબાજુનું પર્યાવરણ છે. કાફિર આજીવન અને તેના લાભ તથા નુકસાનને તો ઓળખી લે છે, પરંતુ પાછળથી આવનાર કાયમી જિંદગીની તેને કંઈ જ ખબર નથી અને ન જ તેના નફા-નુકસાનની તેને કંઈ ગતાગમ છે.

કુર્આને કરીમે આ જ વિષય માટે ઈરશાદ ફરમાવ્યો છે : **"યઅ્લમૂન જાહિરમ્ મિનલ હયાતિદ્ દુન્યા વહુમ અનિલ્ આખિરતી હુમ ગાફિલુન"** *(૩૦:૭)* એટલે કે, "આ લોકો જાહેર દુન્યવી જિંદગી અને તેના ખરા-ખોટાને તો અમુક અંશે ઓળખી લે છે, પરંતુ આખિરતની દુનિયાથી સદંતર ગાફેલ છે."

બીજી એક આયતમાં ઈન્કારી અને કાફિર ઉમ્મતોનું વર્ણન કર્યા પછી કુર્આને કરીમે ફરમાવ્યું છે : **"વકાનુ મુસ્તબસિરીન"** *(૨૯:૩૭)* એટલે કે, આખિરતની બાબતમાં એવી સખત નિષ્કાળજી અને બુદ્ધિહીનતાથી વર્તનારાઓ આ દુનિયામાં બેવકૂફ અને નાદાન ન હતા, બલ્કે **"મુસ્તબ-સિરીન"** એટલે કે આધુનિક વિચારસરણી ધરાવનાર લોકો હતા, પરંતુ એ ઉપરછલ્લી દૃષ્ટિ ફક્ત અમુક દિવસની જિંદગીને શણગારવાનું જ કામ આપી શકતી હતી, આખિરતના કાયમી જીવનમાં તે દૃષ્ટિએ કંઈ જ કામ ન આપ્યું.

આ વિગતને સાંભળ્યા પછી કુર્આને કરીમની પ્રસ્તુત આયત પણ એક વખતે પઢી લઈએ : **"અવમન્ કાન મયતન ફઅહ્યયનાહુ વ જઅલ્ના લહુ નૂરંય યમ્શી બિહી ફિન્નાસી કમમ્ મષલુહુ ફી ઝુલુમાતિ લય્સ બિખારિજિમ્ મિન્હા."** મતલબ એ છે કે, તે વ્યક્તિ જે પ્રથમ મૃત એટલે કે કાફિર હતો, પછી અમે તેને સજીવન કરી આપ્યો, એટલે કે મુસલમાન બનાવી દીધો અને અમે તેને એક એવો પ્રકાશ એટલે કે ઈમાન આપી દીધું જેને લઈને તે લોકોમાં હરે-ફરે છે, (હવે શું) તે વ્યક્તિ સમાન હોઈ શકે છે, જેનું ઉદાહરણ એવું છે કે, તે પ્રકાર-પ્રકારના અંધારાઓમાં ઘેરાયેલો હોય છે અને તેમાંથી નીકળવા નથી પામતો. એટલે કે, કુફ્રના અંધારાઓમાં સપડાયેલો છે. તે પોતે જ પોતાના લાભ અને નુકસાનને નથી ઓળખતો અને પોતાને પોતાનો સત્યાનાશ થવાથી નથી બચાવી શકતો. ભલા ! તે અન્યોને શું લાભ પહોંચાડી શકવાનો છે ?

ઈમાનના પ્રકાશનો લાભ અન્યોને પણ પહોંચે છે :

આ આયતમાં **"નૂરંય યમ્શી બિહી ફિન્નાસી"** ફરમાવીને એ તરફ પણ માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, ઈમાનનો પ્રકાશ ફક્ત કોઈ મસ્જિદ અથવા ખાનકાહ અથવા કોઈ ઓરડાના ખૂણા સાથે જોડાયેલો નથી. જેને અલ્લાહપાકે આ નૂર (પ્રકાશ) આપ્યું છે, તે તેને લઈને દરેક સ્થળે લોકો વચ્ચે ફરે છે અને દરેક સ્થળે આ પ્રકાશથી પોતે પણ લાભ ઉઠાવે છે અને

અન્યોને પણ લાભ પહોંચાડે છે. આ પ્રકાશ કોઈ અંધકારથી દબાઈ નથી શકતો. જેમકે અનુભવોથી સાબિત થયેલ છે કે, એક ટમટમતા દીપકને પણ અંધારું હરાવી નથી શકતું. હા ! તેનો પ્રકાશ દૂર સુધી નથી પહોંચતો. વળી તેજસ્વી પ્રકાશ હોય તો તે દૂર સુધી ફેલાય છે. જો પ્રકાશ થોડો હોય તો તે થોડી જગ્યાને પ્રકાશિત કરે છે, પરંતુ અંધારા ઉપર દરેક પરિસ્થિતિમાં તે જ વિજયી અને છવાયેલો રહે છે. અંધારું ટમટમતા દીપક ઉપર પણ છવાઈ નથી શકતું અને તે પ્રકાશ જ ન કહેવાય, જે અંધારા ઉપર છવાઈ ન શકે. આ જ પ્રમાણે તે ઈમાન જ નથી જે કુફ્રથી પરાજિત અથવા પ્રભાવિત થઈ જાય. આ ઈમાનનું નૂર મનુષ્યના જીવનના દરેક ક્ષેત્રમાં અને દરેક પરિસ્થિતિમાં, દરેક યુગમાં તેમની સાથે હોય છે.

એ જ પ્રમાણે આ ઉદાહરણમાં એક અન્ય ઈશારો પણ છે કે, જે પ્રમાણે પ્રકાશનો લાભ દરેક મનુષ્ય અને પ્રાણીઓ ઈરાદાથી અથવા વિના ઈરાદે દરેક પરિસ્થિતિમાં કંઈને કંઈ મેળવે છે. કલ્પના કરો કે, ન તો પ્રકાશ-વાળો એવું ઈચ્છે છે કે અન્યોને લાભ પહોંચાડે, ન જ બીજાઓ એવો ઈરાદો રાખી નીકળે છે કે તેના પ્રકાશથી મને લાભ પહોંચે, પરંતુ જ્યારે પ્રકાશ કોઈની સાથે હશે તો તેનો લાભ આપમેળે કુદરતી રીતે બધાને જ પહોંચશે. તે પ્રકાશની પ્રકૃતિ જ અંધકારને દૂર કરવાની છે. એ જ પ્રમાણે મોમિનના ઈમાનથી અન્યોને પણ કંઈને કંઈ લાભ પહોંચે જ છે. ભલે તેની અનુભૂતિ (અણસાર) થાય કે ન થાય. અંતિમ આયતમાં ઈરશાદ ફરમાવ્યો : **"કઝાલિક યુખ્ખિન લિલ કાફિરીન મા કાનૂ યઅ્મલૂન"** એટલે કે, આ સ્પષ્ટ ખુલ્લી દલીલો હોવા છતાં ઈન્કારીઓ અને કાફિરો જે વાતને નથી માનતા તેનું કારણ એ છે કે, શયતાન અને મનેચ્છાઓએ તેમની દૃષ્ટિમાં તેમના બુરા આચરણ ઉપર ખૂબ શણગાર કરી રૂપાળા બનાવી રજૂ કર્યા છે, જે (તેઓની) ઘણી સખત ભૂલ છે. નઊઝુબિલ્લાહી મિન ઝાલિક.

(૧૫) અલ્લાહપાકની સંપૂર્ણ કુદરત-તાકાત દર્શાવતું ઉદાહરણ

وَهُوَ الَّذِیْ یُرْسِلُ الرِّیٰحَ بُشْرًۢا بَیْنَ یَدَیْ رَحْمَتِهٖ ؕ حَتّٰۤی اِذَاۤ اَقَلَّتْ سَحَابًا ثِقَالًا سُقْنٰهُ لِبَلَدٍ مَّیِّتٍ فَاَنْزَلْنَا بِهِ الْمَآءَ فَاَخْرَجْنَا بِهٖ مِنْ كُلِّ الثَّمَرٰتِ ؕ كَذٰلِكَ نُخْرِجُ الْمَوْتٰی لَعَلَّكُمْ تَذَكَّرُوْنَ ۝ وَالْبَلَدُ الطَّیِّبُ یَخْرُجُ نَبَاتُهٗ بِاِذْنِ رَبِّهٖ ۚ وَالَّذِیْ خَبُثَ لَا یَخْرُجُ اِلَّا نَكِدًا ؕ كَذٰلِكَ نُصَرِّفُ الْاٰیٰتِ لِقَوْمٍ یَّشْكُرُوْنَ ۝ (اعراف:૫૭،૫૮)

અને તે જ (અલ્લાહ તઆલા એવો) છે, જે પોતાની રહમત (વરસાદ) પહેલા ખુશખબર લાવનાર પવન ચલાવે છે; એટલે સુધી કે જ્યારે તે પવન ભારે વાદળોને ઉઠાવી લાવે છે, તો અમે તેને અમુક સૂકા પ્રદેશ તરફ હાંકીએ છીએ. ફરી તેમાંથી પાણી વરસાવીએ છીએ. પછી અમે તે પાણી વડે દરેક જાતનાં ફળ કાઢીએ છીએ, એવી જ રીતે અમે મુરદાઓને (જમીનથી) પાછા કાઢીશું કે જેથી તમે બોધ ગ્રહણ કરો. (૫૭) અને જે જમીન સારી હોય છે તેની પેદાશ અલ્લાહપાકના હુકમથી ખૂબ નીકળે છે, પણ જે જમીન ખરાબ છે તેમાં અધૂરી પેદાશ સિવાય કંઈ નીકળતું નથી. એવી જ રીતે કદર કરનારા લોકો માટે અમે દલીલોને હેરફેર કરી બયાન કરીએ છીએ. (૫૮)

આગલી આયતમાં અર્શ પર કાયમ થવાના વર્ણન સાથે આકાશમાંથી વસ્તુઓ પર અલ્લાહ તઆલાના કબજા અને વહીવટનું થોડુંક વર્ણન કર્યા પછી દરમિયાનમાં બંદાઓને થોડીક યોગ્ય નસીહતો કરવામાં આવી. તે પછી અત્રે આકાશ નીચેથી વસ્તુઓમાં ખુદાઈ વહીવટનું બયાન કર્યું, જેથી લોકો જાણી લે કે આકાશ અને પૃથ્વી તથા એ બન્નેની વચ્ચેના ભાગની સઘળી સત્તા અલ્લાહ તઆલાના જ કબજામાં છે. હવાઓ ચલાવવી, વરસાદ વરસાવવો, અનેક પ્રકારનાં ફળ-ફુલ ઉત્પન્ન કરવા, દરેક જમીનમાં તેની સ્થિતિ અનુકુળ ખેતી અને લીલોતરી ઉગાડવી એ બધું જ તેની કામિલ

કુદરત અને સંપૂર્ણ હિકમતની નિશાનીરૂપ છે. અને એનું ઉદાહરણ આપી તેની સાથે જ મરણ પછી મુરદાઓનું કબરોથી સજીવન થઈ નીકળવાનું પણ સમજાવ્યું. વળી, મુરદાઓનું નીકળવું એક તો કિયામતમાં છે અને બીજું દુનિયામાં પણ છે, એટલે મુરદા સમાન અદના અજ્ઞાન કૌમમાં મહાન નબી મોકલ્યા અને તેમને ઈલ્મ આપ્યો, જગતના સરદાર બનાવ્યા. તો જેઓ સ્વચ્છ અને સદ્‌બુદ્ધિવાળા હતા તેઓ પ્રવીણતાને પહોંચી સજીવન થયા અને જેમની સમજશકિત અપૂર્ણ કે ખરાબ હતી, તેઓને પણ અધૂરો લાભ થયો. તો એ તેઓની જ ખામી હતી. સારાંશ કે જાણે આ આખા રુકૂઅમાં બતાવ્યું કે જ્યારે અલ્લાહ તઆલાએ પોતાની કૃપાથી રાતના અંધકારને નષ્ટ કરવા સૂર્ય, ચંદ્ર, તારા બનાવ્યા અને મનુષ્યો તથા પશુઓને જીવતા રાખવા માટે સૂકી જમીન પર વરસાદ મોકલી જિંદગીના સાધનો ઉત્પન્ન કરે છે ત્યારે આવો કૃપાળુ અલ્લાહ તઆલા પોતાની મખ્લૂકને ગુમરાહીના અંધકારોથી બચાવવા સૂર્ય, ચંદ્ર તારારૂપી ઉપદેશકો પેદા ન કરે અને મનુષ્યોને રૂહાની ખોરાક તૈયાર કરવા અને આત્મિક ખેતીના સિંચન માટે રહમતની વર્ષા ન વરસાવે એ અસંભવિત છે. તેથી જ દરેક કાળની આવશ્યકતા અને પોતાની હિકમત અનુસાર નબીઓને મોકલ્યા, જેથી દુનિયામાં આત્મિક પ્રકાશ ફેલાયો અને ખુદાઈ વહીઓનો વરસાદ વરસ્યો અને લોકોએ પોતપોતાની લાયકાત મુજબ તેથી લાભ ઉઠાવ્યો.

અલ્લાહપાક જ મુદબ્બીર (રક્ષક) છે :

અને તે (અલ્લાહ તઆલા) એવો છે કે પોતાના રહમતના વરસાદથી પહેલાં પવન મોકલે છે કે તે (વરસાદની આશા અપાવીને દિલને) ખુશ કરી આપે છે. એટલે સુધી કે જ્યારે તે પવન ભારે વાદળોને ઉઠાવી લાવે છે, તો અમે તે વાદળોને કોઈ સૂક્કા પ્રદેશ તરફ હાંકી જઈએ છીએ, પછી તે વાદળોથી પાણી વરસાવીએ છીએ, પછી તે પાણીથી દરેક પ્રકારના ફળ કાઢીએ છીએ (જેનાથી અલ્લાહ તઆલાની તવહીદ અને મૃતકોને સજીવન કરવાની બાબત સાબિત થાય છે, એટલા માટે ફરમાવ્યું કે), એ જ રીતે (કિયામતના દિવસે) અમે મૃતકોને (જમીનમાંથી) કાઢીને ઊભા કરીશું (આ

બધું એટલા માટે બનાવ્યું) જેથી તમે સમજો, (અને કુર્આન તથા રસૂલુલ્લાહ (સલ.)નું માર્ગદર્શન જો કે બધા માટે સર્વસામાન્ય છે, પરંતુ તેનાથી લાભ ઉઠાવનારા ઓછા લોકો હોય છે. તેનો દાખલો આ જ વરસાદથી સમજી લો કે, વરસાદ તો દરેક પ્રકારની જમીન ઉપર વરસે છે, પરંતુ ખેતી અને વૃક્ષો તથા વનસ્પતિ દરેક જગ્યાએ ઉત્પન્ન થતી નથી, ફક્ત તે જ જમીનમાં પેદા થાય છે, જેમાં તે ઉગાડવાની ક્ષમતા છે. એટલા માટે ફરમાવ્યું કે, જે જમીન પાક (સારી) હોય છે, તેની પેદાશ (વનસ્પતિ) તો અલ્લાહના હુકમથી ખૂબ નીકળે છે, અને જે ખરાબ છે તેની પેદાશ (જો નીકળે પણ છે તો) ઘણી ઓછી નીકળે છે. એ જ પ્રમાણે અમે (હંમેશા) દલીલોને વિવિધ પ્રકારે વર્ણન કરતા રહીએ છીએ, (પરંતુ એ બધું) તે લોકો માટે જ (લાભદાયક હોય છે) જેઓ (તેની) કદર કરે છે.

પ્રથમ આયતમાં પણ આ પ્રકારની મહત્ત્વની અને મોટી નેઅ્મતોનું વર્ણન છે, જેના ઉપર મનુષ્ય અને જમીનની સઘળી મખ્લૂકના અસ્તિત્વ અને તેના ટકી રહેવાનો આધાર છે. દા.ત. વરસાદ અને તેનાથી ઉત્પન્ન થનાર વૃક્ષો, ખેતીઓ, વનસ્પતિ અને હરિયાળી વગેરે. ફરક એ છે કે, પાછલી આયતોમાં તે નેઅ્મતોનું વર્ણન હતું, જે ઉચ્ચ અવકાશી દુનિયાથી સંબંધિત છે અને અહીંયાં એ નેઅ્મતોનું વર્ણન છે, જે પૃથ્વીગ્રહ સાથે સંબંધિત છે. *(બહરે મુહીત)*

બીજી આયતમાં એક ખાસ વાત એ બતાવવામાં આવી છે કે, તમારી આ મહાન નેઅ્મતો જો કે, પૃથ્વીના દરેક વિભાગ ઉપર સર્વસામાન્ય છે. વરસાદ જ્યારે વરસે છે તો નદી ઉપર પણ વરસે છે, પહાડ ઉપર પણ વરસે છે, બંજર જમીન અને રણ વિસ્તારમાં પણ વરસે છે તથા ફળદ્રુપ અને ઉત્તમ કક્ષાની ભૂમિ ઉપર પણ સરખી રીતે જ વરસે છે. પરંતુ ખેતી, વૃક્ષો, હરિયાળી અને વનસ્પતિ ફક્ત તે જ જમીનમાં પેદા થાય છે, જેમાં તેને ઉગાડવાની ક્ષમતા છે. પથરીલી અને રણ વિસ્તારની જમીનો વરસાદની રહમતથી આ પ્રમાણે લાભવંત થતી નથી.

પ્રથમ આયતથી આ પરિણામ કાઢીને બતાવવામાં આવ્યું કે, જે પવિત્ર જાત મૃત જમીનને હરિયાળી વનસ્પતિનું જીવન અર્પણ કરી આપે છે, તેના માટે આ શું મુશ્કેલ છે કે જે માનવી પ્રથમ જીવીત હતો, પછી મૃત્યુ પામ્યો અને તેને ફરીવાર જીવન આપી પેદા કરી આપે. આ જ પરિણામને આ આયતમાં સ્પષ્ટ રીતે ફરમાવવામાં આવ્યું અને બીજી આયતમાં એ પરિણામ કાઢવામાં આવ્યું કે,અલ્લાહ તઆલા તરફથી આવનારી હિદાયત આસમાની કિતાબોમાં અને અંબિયા (અલૈ.), ત્યાર બાદ તેમના નાયબો, ઉલમા અને મશાઈખોનું શિક્ષણ અને કેળવણી પણ વરસાદની જેમ દરેક મનુષ્ય માટે સર્વસામાન્ય છે, પરંતુ જે પ્રમાણે વરસાદની રહમતથી દરેક જમીન લાભ નથી ઉઠાવી શકતી, એ જ પ્રમાણે આ આધ્યાત્મિક અને રૂહાની વરસાદનો ફાયદો પણ માત્ર તે જ લોકો પ્રાપ્ત કરે છે, જેમનામાં તે ક્ષમતા હોય છે. અને જે લોકોના દિલો પથરીલા અથવા રેતાળ જમીન કે રણ વિસ્તાર જેવા હોય છે, જેમનામાં ઈમાનની હરિયાળી કે વનસ્પતિ ઉગાડવાની ક્ષમતા નથી, તે સૌ સ્પષ્ટ હિદાયતો અને ખુલ્લી દલીલો હોવા છતાં પોતાની ગુમરાહી ઉપર મક્કમ રહે છે.

આ પરિણામ તરફ બીજી આયતના અંતિમ વાક્યમાં ઈર્શાદ ફરમાવ્યો S# **"કઝાલિક નુસર્રિફુલ આયાતિ લિકવ્મિંય યશ્કુરૂન"** એટલે કે "અમે એ જ પ્રમાણે પોતાની દલીલો વિવિધ પ્રકારે વર્ણન કરીએ છીએ, તે લોકો માટે જેઓ કદર કરે છે." ભાવાર્થ એ છે કે, જો કે વાસ્તવમાં આ વર્ણન તો બધા માટે જ હતું, પરંતુ પરિણામના આધારે સફળ થવું તે લોકો માટે જ સાબિત થયું જેમનામાં તેની ક્ષમતા છે અને જેઓ તેની કદર જાણે છે અથવા તેના મહત્ત્વને ઓળખે છે. એ જ પ્રમાણે પ્રસ્તુત બે આયતો મનુષ્યના અસ્તિત્વમાં આવવાના તથા તેના મૃત્યુ પછી સજીવન થવાના વિષય ઉપર છણાવટ કરે છે.

બીજી આયતમાં ઈરશાદ છે : **"વલ્બલદુત્તય્યિબુ યખ્રુજુ નબાતુહુ બિઇઝની રબ્બિહી વલ્લઝી ખબુસ લા યખ્રુજુ ઈલ્લા નકિદા."** તેમાં

'નકિદ્' તે વસ્તુને કહે છે, જે વસ્તુઓ લાભરહિત હોય અને પ્રમાણમાં નાની અને થોડી માત્રામાં હોય. ભાવાર્થ એ છે કે, જો કે રહમતના વરસાદનો લાભ દરેક શહેર અને દરેક જમીન ઉપર સમાન રીતે હોય છે, પરંતુ પરિણામ અને લાભના આધારે જમીનના બે પ્રકારો હોય છે. એક ઉત્તમ, સારી અને ફળદ્રુપ જમીન, જેમાં વનસ્પતિ અને હરિયાળી ઉગાડવાની ક્ષમતા છે. તેમાં તો દરેક પ્રકારના ફળ-ફૂલ ઉત્પન્ન થાય છે અને લાભ પ્રાપ્ત થાય છે. બીજી તે સખત-કઠણ અથવા ખારપાટવાળી જમીન જેમાં વનસ્પતિ કે હરિયાળી ઉગાડવાની ક્ષમતા હોતી નથી. તેમાં પ્રથમ તો અમુક વનસ્પતિ પેદા જ નથી થતી, પછી જો કંઈ થાય પણ છે, તો ઘણી ઓછી માત્રામાં હોય છે અને જેટલું ઉત્પન્ન થાય છે, તે પણ બેકાર અને ખરાબ હોય છે.

અંતિમ આયતમાં ઇરશાદ ફરમાવ્યો : **"કઝાલિક નુસર્રિફુલ આયાતિ લિકવ્વિમંય યશ્કુરૂન"** એટલે કે, "અમે પોતાની કુદરતની દલીલો વિવિધ પ્રકારે વર્ણન કરીએ છીએ, તે લોકો માટે જેઓ કદર કરનારા છે."

એમાં ઇશારો છે કે, જો કે અલ્લાહની રહમતનો, અલ્લાહની હિદાયત અને સ્પષ્ટ ખુલ્લી દલીલોનો લાભ સામાન્ય રીતે બધા જ મનુષ્યો માટે સર્વસામાન્ય છે, પરંતુ જે પ્રમાણે દરેક પ્રકારની જમીન વરસાદથી લાભ ઉઠાવી શકતી નથી, તે જ પ્રમાણે દરેક મનુષ્ય અલ્લાહ રબ્બુલ ઇજ્જતની હિદાયતથી નફો પ્રાપ્ત નથી કરતા, બલ્કે નફો અને લાભ માત્ર તે લોકો જ પ્રાપ્ત કરે છે, જેઓ અલ્લાહનો આભાર માને છે, તેના શુક્રગુઝાર હોય છે અને તેની કદર જાણે છે.

(૧૬) દુન્યાની લાલચમાં પોતાના જ્ઞાન વિરૂદ્ધ અમલ કરનારનો કુતરા જેવો દાખલો

وَاتْلُ عَلَيْهِمْ نَبَاَ الَّذِيْٓ اٰتَيْنٰهُ اٰيٰتِنَا فَانْسَلَخَ مِنْهَا فَاَتْبَعَهُ الشَّيْطٰنُ فَكَانَ
مِنَ الْغٰوِيْنَ ﴿١٧٥﴾ وَلَوْ شِئْنَا لَرَفَعْنٰهُ بِهَا وَلٰكِنَّهٗٓ اَخْلَدَ اِلَى الْاَرْضِ وَاتَّبَعَ

هَوٰىهُ ۚ فَمَثَلُهٗ كَمَثَلِ الْكَلْبِ ۚ اِنْ تَحْمِلْ عَلَيْهِ يَلْهَثْ اَوْ تَتْرُكْهُ يَلْهَثْ ؕ ذٰلِكَ مَثَلُ الْقَوْمِ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا ۚ فَاقْصُصِ الْقَصَصَ لَعَلَّهُمْ يَتَفَكَّرُوْنَ ﴿۱۷۵﴾ سَآءَ مَثَلًا الْقَوْمُ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا وَاَنْفُسَهُمْ كَانُوْا يَظْلِمُوْنَ ﴿۱۷۷﴾ (اعراف:۱۷۵،۱۷۶،۱۷۷)

અને તેઓને તે માણસનો હાલ સંભળાવો કે જેને અમે અમારી આયતો (હુકમોની માહિતી) આપી હતી, પછી તે આયતોથી તે તદ્દન નીકળી ગયો. ફરી શયતાન તેની પાછળ લાગ્યો, જેથી તે ગુમરાહો માંહેનો થઈ ગયો. (૧૭૫) અને જો અમે ચાહત તો તે (અનુસાર ચાલવા)ની બરકતથી તેનો રુત્બો વધારી દેત, પરંતુ તે તો દુનિયાની તરફ જ ઝુકી પડયો અને પોતાની મનેચ્છાને વશ થઈ ગયો, તો તેનો હાલ કૂતરાના જેવો થઈ ગયો કે, જો તું તેના પર હુમલો કરે (અને હાંકી કાઢે) તો હાંફે અને (તેની સ્થિતિ પર) છોડી દે તો પણ હાંફયા કરે. આ ઉદાહરણ તે લોકોનું છે કે, જેઓએ અમારી આયતોને જુઠાડી; માટે આપ (તેઓને) આ સમાચાર સંભળાવી દો કે જેથી તેઓ કંઈ લક્ષ આપે. (૧૭૬)

જે વખતે હઝરત મૂસા (અલૈ.)એ કિનઆની કાફિરોના બાદશાહ પર ચઢાઈ કરી, તો તે લોકોમાં બલઅમ બિન બાઉર નામનો એક દુરવેશ હતો, જે ઈબ્રાહીમ (અલૈ.)ના સહીફા પઢેલો હતો અને ઈસ્મે આઝમ જાણતો હોવાથી તેની દરેક દુઆ કબૂલ થતી હતી. તેથી બાદશાહે તેની પાસે મદદ માંગી કહ્યું કે, મૂસા (અલૈ.) અને તેની કૌમ પર બદદુઆ કર. પ્રથમ તેણે ઈન્કાર કર્યો, ત્યારે બાદશાહે તેની સ્ત્રીને માલ-દૌલતથી લલચાવી. અંતે તેણીએ તેને રાજી કર્યો, તો લાંચ લઈ બદદુઆ કરવા લાગ્યો. પ્રથમ તેને બદદુઆ માટે મનાઈ કરવામાં આવી, પણ દૌલતની ખાતર તેથી અટકયો નહિ. તેમજ જ્યારે રવાના થયો તો જે ગધેડા પર સવાર હતો, તેણે કહ્યું કે એ રસ્તાથી ફરી જા, છતાં તેણે માન્યું નહિ. આખરે રસ્તામાં એક ખુલ્લી તલવાર સાથે એક ફરિશતો મળ્યો, તો તેને પૂછયું : જો હુકમ ન હોય તો હું ન જાઉં. તેણે કહ્યું : જા, પણ બદદુઆ કરીશ નહિ. તે પછી બાદશાહ પાસે

જઈ બદ્દુઆ કરવા લાગ્યો, તો ઈસ્મે આ'ઝમ ભૂલી ગયો અને મોઢેથી બદ્દુઆને બદલે ભલી દુઆ નીકળવા લાગી. જ્યારે તેણે જોયું કે મારો અમલ ચાલતો નથી તો લાચાર થઈ બાદશાહને યુકિત બતાવી કે મૂસા (અલૈ.)ના લશ્કરમાં વ્યભિચારી સ્ત્રીઓ મોકલે તો લોકો બદફેઅલીમાં સપડાઈ જશે, જેથી તેમના ઉપર ઝિલ્લત આવી પડશે. પરંતુ અલ્લાહ તઆલાએ મૂસા (અલૈ.)ની બરકતથી તે યુકિત પણ ચાલવા દીધી નહિ અને શીખવનાર બેઈમાન મરદૂદ થઈ ગયો અને કૂતરાની માફક ગભરાટમાં પડી જઈ તેની જીભ છાતી સુધી લટકી પડી. વળી, કેટલાકના કહેવા મુજબ તેને એ અઝાબ આખિરતમાં થશે. અલ્લાહપાકે આ બનાવ યહૂદીઓને સંભળાવી જાહેર કર્યું કે, ગમે તેટલું ઈલ્મ ઘરાવતો હોય, પણ ફાયદો ત્યારે જ આપશે, જ્યારે પોતે તેને આધીન થાય. પરંતુ મનેચ્છાને તાબે હોય અને ચાહે કે ઈલ્મ મારા કામ લાગે તો એવી સ્થિતિમાં કંઈ વળવાનું નથી. માટે તેઓને જોઈએ કે નસીહત પકડે, કારણ કે તેઓનો હાલ પણ લાંચ લેવામાં મજકૂર માણસ જેવો જ છે.

જે લોકોએ અમારી આયતોને જૂઠાડી, તેઓની (પણ એવી જ) બુરી મિસાલ છે. અને (એથી) તેઓ પોતાનું જ નુકસાન કરતા રહ્યા છે. (૧૭૭) જેને અલ્લાહપાક (પોતાની કૃપાથી) સત્ય માર્ગ બતાવે, તો તે જ સીધો માર્ગ મેળવનાર છે. અને જેને અલ્લાહપાક અવળે માર્ગે દોરે, તો તે લોકો જ (સદા) નુકસાનમાં છે. (૧૭૮)

અલ્લાહ તઆલાએ જેને જેટલો ઈલ્મ આપ્યો છે, તેના પર ઈલ્મના પ્રમાણમાં પૂરતો અમલ નહિ કરનારાઓની મિસાલ જે ઉપર બયાન કરી તે એવી ખરાબ છે કે, કોઈ પણ સદ્પુરુષ યથાશકિત તેને પોતાના ઉપર લાગુ પાડવા દઈ શકતો નથી. આ વિશે ઈલ્મવાળાઓએ વિચારવું જોઈએ.

બલ્આમનો વિગતવાર કિસ્સો :

અને તે લોકોને (બોધપાઠ ગ્રહણ કરવા માટે) તે વ્યક્તિની હાલતનું વર્ણન સંભળાવી આપો, જેને અમે અમારી આયતો આપી (અને પોતાના

હુકમોનું જ્ઞાન આપ્યું). પછી તે એ (આયતો)થી બિલ્કુલ જ નીકળી ગયો, પછી શયતાન તેની પાછળ લાગી ગયો. બસ, (પછી) તે માર્ગ ભટકેલા લોકોમાં સામેલ થઈ ગયો અને જો અમે ઇચ્છયું હોત તો તેને તે આયતો(ના તકાદા ઉપર અમલ કરવા)ના બદલામાં ઉચ્ચ કક્ષાનો દરજ્જો આપ્યો હોત (એટલે કે, જો તેણે આ આયતો ઉપર અમલ કર્યો હોત, જે અલ્લાહ તબારક વ તઆલા તરફથી હોવાની અને જે કદર કરવાપાત્ર હોવાની ખબર છે, તો તેની સ્વીકૃતિનો દરજ્જો વધી ગયો હોત), પરંતુ તે તો દુનિયા તરફ કેન્દ્રિત થઈ ગયો અને (તેના આ વલણના કારણે) પોતાની મનેચ્છાઓનું અનુસરણ કરવા લાગ્યો (અને આયતો અને હુકમો ઉપર અમલ કરવાનું છોડી દીધું). બસ, (આયતોને છોડીને જે પરેશાની અને કાયમી અપમાન તેને નસીબ થયું તે આધારે) તેની હાલત કૂતરા જેવી થઈ ગઈ કે જો તું તેના ઉપર હુમલો કરે (અને મારીને કાઢી મૂકે) તો પણ હાંફે અથવા તેને (યથાસ્થિતિ ઉપર જ) છોડી મૂકે તો પણ હાંફે (કોઈ પણ પરિસ્થિતિમાં તેને રાહત નથી, એ જ પ્રમાણે એ વ્યક્તિ અપમાનમાં તો કૂતરા સમાન થઈ ગયો અને પરેશાનીમાં પણ કૂતરાના એ ગુણમાં સામેલ થઈ ગયો, બસ જેવી આ વ્યક્તિની હાલત થઈ છે) એ જ હાલત (સામાન્ય રીતે) તે લોકોની છે, જેમણે અમારી આયતોને (કે જે તવહીદ અને રિસાલતની દલીલ છે) જૂઠાડી (કે સત્ય જાહેર થયા પછી ફક્ત મનેચ્છાઓનું અનુસરણ કરવાના કારણે સત્યને છોડી દીધું). બસ, તમે આ અહેવાલને વર્ણન કરી આપો જેથી તે લોકો (તેને સાંભળીને) કંઈ વિચારે; (વાસ્તવમાં) તે લોકોની હાલત પણ ખરાબ હાલત છે, જે અમારી આયતો (તવહીદ અને રિસાલતની દલીલ)ને જૂઠાડે છે અને (આ જૂઠાડવાથી) તેઓ પોતાનું (જ) નુકસાન કરે છે.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં બની ઈસ્રાઈલનો એક ઈબ્રતનાક (બોધપાઠ ગ્રહણ કરવાપાત્ર) કિસ્સો પ્રસ્તુત છે, જેમાં બની ઈસ્રાઈલના એક મોટા આલિમ અને જેમનું અનુસરણ કરવામાં આવતું હતું તેવા પ્રખ્યાત વિદ્વાન અને ઉચ્ચ કક્ષાના દીની જ્ઞાનના હોદ્દા ઉપર પહોંચ્યા પછી અચાનક માર્ગ ભટકી

ગયેલા અને નિંદાપાત્ર બની ગયેલા વ્યક્તિની ઘટના તેના કારણો સહિત અત્રે વર્ણન થઈ છે, અને તેમાંથી ઘણી બધી શિખામણો પ્રાપ્ત થાય છે.

આ કિસ્સાનો સંદર્ભ પાછળની આયતો સાથે એ છે કે, તેમાં જે કરાર અને વચનનું વર્ણન હતું, જે અઝલમાં અલ્લાહ તબારક વ તઆલાએ સમગ્ર મનુષ્યજાતિ પાસેથી લીધું હતું અને ત્યારબાદ ખાસ-ખાસ પરિસ્થિતિઓમાં ખાસ-ખાસ કોમો યહૂદીઓ અને નસારાઓ વગેરે પાસેથી લીધું હતું, અને પ્રસ્તુત આયતોમાં એનું પણ વર્ણન આવ્યું હતું કે, કરાર લેનારાઓમાંથી ઘણા લોકો આ કરાર અને વચન ઉપર કાયમ નથી રહ્યા. જેમકે યહૂદીઓ કે તેમણે ખાતમુન્નબિય્યિન (સલ.)ના આ દુનિયામાં આવતા પહેલાં તેમની રાહ જોઈ અને તેઓ રસૂલે કરીમ (સલ.)ના ગુણ-લક્ષણો તથા તેમની નિશાનીઓ લોકો સામે વર્ણન કર્યા કરતા હતા, અને તેની ખરાઈ કર્યા કરતા હતા. પરંતુ જ્યારે રસૂલે કરીમ (સલ.) મબઊષ થયા, તો દુનિયાના તુચ્છ સ્વાર્થ માટે આપ (સલ.) ઉપર ઈમાન લાવવાથી અને આપ (સલ.)નું અનુસરણ કરવાથી ઇન્કારી થઈ ગયા.

બની ઈસ્રાઈલના એક વિદ્વાન આલિમ અને અનુકરણીય વ્યક્તિની ગુમરાહીનો ઇબ્રતનાક (બોધપાઠ ગ્રહણ કરવાપાત્ર) કિસ્સો :

આ આયતોમાં રસૂલે કરીમ (સલ.)ને હુકમ થયો છે કે, તમે પોતાની કોમ સમક્ષ આ ઘટના પઢીને સંભળાવો કે, જેમાં બની ઈસ્રાઈલના એક મોટા વિદ્વાન અને આલિમ તથા પ્રખ્યાત આગેવાનની એવી જ પ્રગતિ પછી અધોગતિ, ઉચ્ચતા પછી નિમ્નતા અને હિદાયત પછી માર્ગ ભટકી જવાનો કિસ્સો પ્રસ્તુત છે કે, વિશાળ જ્ઞાન અને સંપૂર્ણ મઅ્રિફત (અલ્લાહપાકનો પરિચય) પ્રાપ્ત કર્યા છતાં જ્યારે વ્યક્તિગત સ્વાર્થ તેના ઉપર હાવી થઈ ગયો ત્યારે આ બધું જ્ઞાન અને મઅ્રિફત તથા તેની સ્વીકૃતિ નષ્ટ થઈને તે ગુમરાહ અને અપમાનિત થઈ ગયો.

કુર્આને કરીમમાં આ વ્યક્તિનું નામ અને કોઈ ઓળખ ચોક્કસ નથી કરવામાં આવી. વિવરણકાર ઈમામો સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)

દ્વારા તેના વિશે વિવિધ રિવાયતો નકલ થઈ છે, જેમાંથી વધારે પ્રખ્યાત અને સર્વસ્વીકૃત અથવા ભરોસાપાત્ર રિવાયત તે છે, જે હઝરત ઈબ્ને મરદૂયાએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી નકલ કરી છે કે, ''તે વ્યક્તિનું નામ 'બલ્અમ બિન બાઊરા' છે. તે સિરીયામાં બયતુલ મુકદ્દસ પાસે કનૂઆનનો નિવાસી હતો અને એક રિવાયતમાં છે કે તે બની ઈસ્રાઈલમાંથી હતો. અલ્લાહ તઆલાની અમુક કિતાબોનું જ્ઞાન તેને હતું. કુર્આને કરીમમાં તેનો જે ગુણ **'અલ્લઝી આતયનાહુ આયાતિના'** બતાવ્યો છે, એનાથી તેના આ જ જ્ઞાન તરફ ઈશારો છે.''

જ્યારે ફિરઔનીઓ ડૂબીને નાશ પામ્યા અને મિસ્ર (ઈજિપ્ત)ના વિજય પછી હઝરત મૂસા (અલૈ.) અને બની ઈસ્રાઈલને 'જબ્બારીન' કોમ સાથે જિહાદ કરવાનો હુકમ મળ્યો અને જબ્બારીને જોયું કે, હઝરત મૂસા (અલૈ.) સમગ્ર બની ઈસ્રાઈલનું લશ્કર લઈને આવી પહોંચ્યા છે તથા તેમને બની ઈસ્રાઈલની દુશ્મન કોમ ફિરઔનીઓના ડૂબી જવાની તથા તેમના સર્વનાશ થવાની ઘટનાની પ્રથમથી જ જાણ હતી, તો તેમને ચિંતા થવા લાગી. તેઓ ભેગા થઈને બલ્અમ બિન બાઊરા પાસે આવ્યા અને કહ્યું કે, ''મૂસા (અલૈ.) કઠોર સ્વભાવના વ્યક્તિ છે, અને તેમની સાથે મોટું લશ્કર છે તથા તેઓ એટલા માટે આવે છે કે અમને અમારા પ્રદેશમાંથી કાઢી મૂકે. તમે અલ્લાહ તઆલા પાસે એ દુઆ કરો કે તેમને અમારો મુકાબલો ન કરતાં પાછા વાળી દે.'' કારણ એ હતું કે, બલ્અમ બિન બાઊરાને 'ઈસ્મે આ'ઝમ'ની જાણ હતી, તે તેના દ્વારા જે પણ દુઆ કરતો હતો તે કબૂલ થઈ જતી હતી.

બલ્અમે કહ્યું : ''અફસોસ છે ! તમે કેવી વાત કહો છો ? તે અલ્લાહ તઆલાના નબી છે અને તેમની સાથે અલ્લાહપાકના ફરિશ્તાઓ છે, હું તેમના વિરુદ્ધ કઈ રીતે બદ્દુઆ કરી શકું ! જ્યારે કે તેમનું અલ્લાહપાકની નિકટ જે સ્થાન છે, તે પણ હું જાણું છું. જો હું એવું કરું તો મારો દીન અને દુનિયા બંને તબાહ-બરબાદ થઈ જશે.''

તે લોકોએ ખૂબ આગ્રહ કર્યો તો બલ્અમે કહ્યું : ''સારું, હું મારા પરવરદિગાર પાસેથી આ ઘટના સંદર્ભે જાણી લઈશ કે, આવી દુઆ કરવાની પરવાનગી છે કે નહીં ?'' તેણે 'ઈસ્તિખારહ' દ્વારા જાણવા માટે કોઈ અમલ કર્યો. સ્વપ્નમાં તેને બતાવવામાં આવ્યું કે, તે કદાપિ એવું ન કરે. તેણે કોમને બતાવી આપ્યું કે, ''મને બદ્દુઆ કરવાની મનાઈ કરવામાં આવી છે.'' તે સમયે જબ્બારીન કોમે બલ્અમને કોઈ મોટી ભેટ-સોગાતો આપી અને વાસ્તવમાં એ લાંચ હતી, તેણે ભેટ સ્વીકાર કરી લીધી. ત્યાર પછી તે કોમના લોકો તેની પાછળ પડી ગયા કે હવે તમે અમારું આ કામ ચોક્કસ કરી આપો. જ્યારે આગ્રહની કોઈ સીમા ન રહી તો અમુક રિવાયતોમાં આવે છે કે, તેની પત્નીએ સલાહ આપી કે, આ લાંચ સ્વીકારી લો અને તેમનું કામ કરી આપો. એ સમયે પત્નીને રાજી રાખવા માટે અને માલ-દોલતની મહોબ્બતમાં તે આંધળો થઈ ગયો. એણે હઝરત મૂસા (અલૈ.) અને બની ઈસ્રાઈલ વિરુદ્ધ બદ્દુઆ કરવાનું શરૂ કર્યું.

તે સમયે અલ્લાહ તઆલાની કુદરતનો એક આશ્ચર્યજનક ચમત્કાર થયો કે તે જે બદ્દુઆના વાક્યો હઝરત મૂસા (અલૈ.) અને તેમની કોમ માટે કહેવા ઇચ્છતો હતો, તેની જીભથી બદ્દુઆના શબ્દો પોતે પોતાની જબ્બારીન કોમ માટે નીકળી ગયા. તે કોમ શોર-બકોર કરવા માંડી કે, તું તો અમારા વિરુદ્ધ બદ્દુઆ કરી રહ્યો છે. બલ્અમે કહ્યું કે, આ બાબત મારા અધિકાર-ક્ષેત્રથી બહારની બાબત છે, મારી જીભ તેમના વિરુદ્ધ બોલવા માટે મારા કાબૂમાં નથી.

પરિણામ એ આવ્યું કે, તે કોમ ઉપર પણ તબાહી નાઝિલ થઈ અને બલ્અમને આ સજા મળી કે તેની જીભ તેના મોઢામાંથી બહાર નીકળી છાતી સુધી લટકી ગઈ અને તેણે પોતાની કોમને કહ્યું કે, મારી તો આખિરત અને દુનિયા બંને તબાહ થઈ ગઈ, હવે મારી દુઆની કોઈ અસર રહી નથી. પરંતુ હું તમને એક યુક્તિ બતાઉં છું, જેના દ્વારા તમે હઝરત મૂસા (અલૈ.) ઉપર વિજય પ્રાપ્ત કરી શકો છો.

તે એ કે તમે પોતાની સ્વરૂપવાન યુવતીઓને શણગારીને બની ઈસ્રાઈલના લશ્કરમાં મોકલી આપો અને તેમને તાકીદપૂર્વક એવી સૂચના આપો કે, બની ઈસ્રાઈલના લોકો તેમની સાથે જે કંઈ કરે, કરવા દે, અવરોધ ઊભો ન કરે. આ લોકો પ્રવાસીઓ છે, પોતાના ઘરોએથી લાંબા સમયથી બહાર નીકળેલા છે, આ યુક્તિથી શક્ય છે કે તે લોકો દુષ્કૃત્યોમાં સપડાય જશે અને અલ્લાહપાક નજીક વ્યભિચાર અત્યંત નિંદાપાત્ર અને તેના ગુસ્સાને ઉભારનારી વસ્તુ છે. જે કોમમાં વ્યભિચાર હોય છે, તેમના ઉપર અવશ્ય અલ્લાહનો ક્રોધ નાઝિલ થાય છે અને તે ક્યારેય વિજય પ્રાપ્ત કરવા માટે સમર્થ થઈ શકતી નથી.

બલ્અમનું આ શયતાની ષડયંત્ર તે કોમની સમજમાં આવી ગયું, તેના ઉપર અમલ કરવામાં આવ્યો. બની ઈસ્રાઈલનો એક મોટો વ્યક્તિ આ ચાલનો શિકાર બની ગયો. હઝરત મૂસા (અલૈ.)એ તેને એ વબાલથી અટકાવ્યો, પરંતુ તે અટક્યો નહીં અને શયતાનના ષડયંત્રમાં સપડાઈ ગયો.

જેનું પરિણામ એ આવ્યું કે, બની ઈસ્રાઈલમાં સખત પ્રકારનો પ્લેગ ફેલાઈ ગયો, જેમાં એક જ દિવસમાં સિત્તેર હજાર બની ઈસ્રાઈલના લોકો મોતના ઘાટ ઊતરી ગયા. અંતે જે કોઈપણ સ્ત્રી-પુરુષે દુષ્કૃત્ય આચર્યું હતું તેમને બની ઈસ્રાઈલે કતલ કરી જાહેર સ્થળે લટકાવી દીધા કે તેનાથી બધા લોકો બોધપાઠ ગ્રહણ કરે. આ જોઈ બધાએ તવબહ કરી અને તે સમયે પ્લેગ દૂર થઈ ગયો.

કુર્આને કરીમની પ્રસ્તુત આયતમાં એના વિશે ફરમાવ્યું : **"ફન્સલખ મિન્હા"** એટલે કે, "અમે પોતાની આયતો અને તેનું જ્ઞાન અને મઅ્રિફત તે વ્યક્તિને અર્પણ કરી હતી, પરંતુ તે તેનાથી નીકળી ગયો." ઈન્સિલાખનો શબ્દ વાસ્તવમાં જાનવરનું ચામડાની અંદરથી અથવા સાપનું કાંચળીમાંથી નીકળી જવાને કહેવામાં આવે છે. આ સ્થળે આયતોના જ્ઞાનને પહેરવેશ અથવા ચામડાં સાથે સરખાવીને એ બતાવવામાં આવ્યું છે કે, એ વ્યક્તિ જ્ઞાન અને મઅ્રિફતથી બિલકુલ જ અલગ થઈ ગયો. **"ફઅત્બઅહુશ્-**

શયતાન" એટલે કે, ''તેની પાછળ શયતાન લાગી ગયો.'' ફરક એ છે કે, જ્યાં સુધી આયતોનું જ્ઞાન અલ્લાહ તઆલાના ઝિકની સાથે હતું, શયતાનનો કાબૂ તેના ઉપર ચાલી શકતો ન હતો. પરંતુ જ્યારે તે ઝિક્ર જતો રહ્યો તો શયતાને તેના ઉપર કાબૂ મેળવી લીધો. **"ફકાન મિનલ ગાવીન"** એટલે કે, ''પછી તે ગુમરાહોમાંથી થઈ ગયો.'' તેનો ભાવાર્થ એ છે કે, શયતાનના કાબૂ હેઠળ આવી જવાનું પરિણામ એ આવ્યું કે, તે ગુમરાહોમાં સામેલ થઈ ગયો.

બીજી આયતમાં **"વલવ શિઅના લરફઅ્નાહુ બિહા વલા કિન્નહુ અખ્લદ ઈલલ અર્દિ વત્તબઅ હવાહુ"** ઇરશાદ ફરમાવ્યો. એટલે કે ''જો અમે ઇચ્છયું હોત તો તેને આયતો દ્વારા ઉચ્ચ કક્ષાનો મરતબો આપ્યો હોત, પરંતુ તે દુનિયા તરફ કેન્દ્રિત થઈ ગયો અને મનેચ્છાઓની પેરવી કરવા માંડ્યો.'' શબ્દ 'અખ્લદ' તે 'ઇખ્લાદ'થી બન્યો છે. જેનો અર્થ છે ''કોઈ વસ્તુ તરફ આકર્ષાવું અથવા કોઈ સ્થળને આવશ્યક બનાવી લેવું.'' અને 'અર્દ'નો અસલી અર્થ 'જમીન' છે. દુનિયાની જેટલી વસ્તુઓ છે, તે બધી યા તો પોતે જમીન છે અથવા જમીનથી સંબંધિત છે. જેમકે ઘર, ખેતી, બાગ-બગીચા, જાયદાદ વગેરે અથવા જમીનથી જ પેદા થનારી કરોડો વસ્તુઓ છે, જે મનુષ્યની જિંદગીના અસ્તિત્વ માટે તથા તેના માટે રાહત અને સહૂલતનો આધાર છે. તેના માટે શબ્દ 'અર્દ' કહીને આ સ્થળે સમગ્ર દુનિયા અર્થ તરીકે લેવામાં આવી છે. આ આયતમાં એ તરફ ઇશારો કરવામાં આવ્યો કે, અલ્લાહની આયતો અને તેનું જ્ઞાન જ વાસ્તવમાં ઉચ્ચ કક્ષાએ પહોંચવા માટેનું તથા પ્રગતિનું માધ્યમ છે. પરંતુ જે વ્યક્તિ આ આયતોનું સન્માન ન કરે અને દુનિયાની ઝલીલ મનેચ્છાઓને અલ્લાહની આયતો ઉપર અગ્રિમતા આપે તો તેના માટે જ્ઞાન એક વબાલ બની જાય છે.

આ જ વબાલનું વર્ણન આયતમાં આ પ્રમાણે કરવામાં આવ્યું છે : **"ફમષલુહુ કમષલિલ્ કલ્બિ ઈન તહ્મિલ અલયહિ યલ્હષ અવ તત્રુકહુ યલ્હષ"** શબ્દ ''લહષ''નો વાસ્તવિક અર્થ એ છે કે, ''જીભ મોઢામાંથી બહાર કાઢી જોર જોરથી શ્વાસ લેવો.'' એટલે કે ''હાંફવું.''

દરેક સજીવ પોતાની જિંદગીમાં એ બાબતનો મોહતાજ છે કે, પોતાના શરીરના ગરમ અને ઝેરીલા ઉચ્છવાસને બહાર ફેંકે અને બહારથી તાજી હવા નાક અને ગળાના માર્ગે અંદર લઈ જાય, તેના ઉપર જ સજીવની જિંદગીનો આધાર છે અને અલ્લાહ તઆલાએ દરેક સજીવ માટે આ અગત્યના કામને એટલું સરળ બનાવી દીધું કે, ઈરાદો કર્યા વગર કોઈપણ પ્રકારની મહેનત વિના નાકના નસકોરાઓમાંથી અંદરની હવા બહાર અને બહારની તાજી હવા અંદર જાય છે. તેમાં ન તો તેને કોઈ જોર લગાવવું પડે છે અને ન જ કોઈ મહેનત કે સંઘર્ષની આવશ્યકતા હોય છે. કુદરતી અને સ્વાભાવિક રીતે આ કામ સતત આપમેળે થતું જ રહે છે.

સજીવોમાં ફક્ત કૂતરું એવું જાનવર છે, જેને શ્વાસ લેવા અને બહાર કાઢવામાં જીભ બહાર કાઢીને જોર લગાવી મહેનત કરવી પડે છે, અને બીજા જાનવરોની એવી પરિસ્થિતિ ફક્ત એવા સમયે હોય છે જ્યારે કે કોઈ તેમના ઉપર હુમલો કરે અથવા તેઓ થાકી જાય અથવા કોઈ અચાનક મહેનતનું કામ તેમને કરવું પડે.

કુર્આને કરીમે તે વ્યક્તિને કૂતરા સાથે સરખાવ્યો, તેનું કારણ એ છે કે અલ્લાહના હુકમના વિરુદ્ધ વર્તન કરનારને એ સજા મળી હતી કે, તે વ્યક્તિ બલઅમ બિન બાઊરાની જીભ મોઢામાંથી બહાર નીકળીને છાતી સુધી લટકી ગઈ હતી અને તે બરાબર કૂતરાની જેમ જ હાંફતો રહેતો હતો. કોઈ તેના ઉપર હુમલો કરે અથવા ન કરે તે દરેક હાલતમાં હાંફતો હતો.

ત્યારબાદ ફરમાવ્યું : **"ઝાલિક મષલુલ્ કમ્મિલ્લઝીન કઝ્ઝબુ બિઆયાતિના"** એટલે કે, "આ જ ઉદાહરણ છે તે લોકોનું જેમણે અમારી આયતો જૂઠાડી." હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું : "એનો અર્થ મક્કાના નિવાસીઓ છે કે, તેઓ કાયમ એવી ઈચ્છા અને તમન્ના કર્યા કરતા હતા કે તેમની પાસે કોઈ માર્ગદર્શક અને રહેબર આવી જાય જે તેમને અલ્લાહ તઆલાના અનુસરણ તરફ આમંત્રણ આપે અને અનુસરણ કરવાની સાચી રીત શિખવાડે. પછી જ્યારે તે માર્ગદર્શક આવી ગયા અને એવી

ખુલ્લી નિશાનીઓ સાથે આવ્યા કે તેમના સાચા હોવામાં જરા પણ શંકા-કુશંકાની સંભાવના બાકી ન રહી, તો તેમને જૂઠાડવા લાગ્યા અને અલ્લાહની આયતોથી મોઢું ફેરવવા લાગ્યા.''

અમુક વિવરણકારોએ ફરમાવ્યું કે, તેનો ભાવાર્થ બની ઈસ્રાઈલ છે, જે નબીએ કરીમ (સલ.)ની બઅ્ષત પહેલાં આપ (સલ.)ની નિશાનીઓ અને ખાસિયતોને તવરાતમાં પઢીને લોકોને બતાવ્યા કરતા હતા અને રસૂલે કરીમ (સલ.)ના આવવાનો ઈન્તેઝાર કર્યા કરતા હતા, પરંતુ જ્યારે આપ (સલ.) તશરીફ લાવ્યા ત્યારે સૌથી વધારે દુશ્મની અને વિરોધ એ જ લોકોએ કર્યો અને તવરાતના હુકમોથી એવા સાફ રીતે નીકળીને અળગા થઈ ગયા, જેમકે બલ્અમ બિન બાઊરા અલગ થઈને નીકળી ગયો હતો.

અંતિમ આયતમાં ફરમાવ્યું કે, **''ફક્સુસિલ્ કસસ લઅલ્લહુમ યતફક્કરૂન''** એટલે કે, ''(હે નબી સલ. !) તમે તે વ્યક્તિનો કિસ્સો તે લોકોને સંભળાવી આપો, કદાચ તેઓ કંઈ વિચારે અને તે ઘટનાથી બોધપાઠ ગ્રહણ કરે.''

ત્રીજી આયતમાં ફરમાવ્યું કે, અલ્લાહની આયતોને જૂઠાડનારાઓની ખરાબ હાલત થાય છે અને આ લોકો પોતાની જ જાત ઉપર અત્યાચાર કરી રહ્યા છે અને તેઓ કોઈનું કંઈ જ બગાડી રહ્યા નથી.

પ્રસ્તુત આયતો અને તેમાં વર્ણન કરવામાં આવેલ ઘટનાઓમાં ચિંતન કરનાર લોકો માટે ઘણા બધા લાભો અને બોધપાઠ તથા શિખામણો છે.

પ્રથમ એ કે કોઈ વ્યક્તિએ પોતાના જ્ઞાન, આવડત, મહેનત અને ઈબાદત ઉપર નાઝ (ગર્વ) ન કરવો જોઈએ. હાલત બદલાતાં અને બગડતાં વાર નથી લાગતી. બલ્અમ બિન બાઊરાનું જે પરિણામ આવ્યું તે સૌની સામે છે. એટલા માટે અલ્લાહની ઈતાઅત અને ઈબાદતની સાથે-સાથે તેનો આભાર માની દુઆ કરવી જોઈએ અને અલ્લાહ તઆલા ઉપર જ દરેક મનુષ્યએ ભરોસો કરવો જોઈએ.

બીજું એ કે, આ પ્રકારની પરિસ્થિતિઓ અને તેના કારણોથી પણ

વ્યક્તિએ બચવું જોઈએ. જ્યાં પણ તેને પોતાના દીનમાં ખરાબી થવાની શંકા હોય, ખાસ કરીને માલ અને સંતાનોના પ્રેમમાં; જેમકે આ ઘટનામાં વર્ણવેલ ખરાબ પરિણામને હંમેશા નજર સમક્ષ રાખવું જોઈએ.

ત્રીજું એ કે, ફસાદખોર અને માર્ગ ભટકેલ લોકો સાથે સંબંધ રાખવો અથવા તેમની ભેટ-સોગાતો અથવા દા'વત વગેરેનો સ્વીકાર કરવાથી પણ બચવું જોઈએ. બલ્‌અમ આ મુસીબતમાં તેમની ભેટ સ્વીકારવાના કારણે સપડાઈ ગયો હતો.

ચોથું એ કે, નિર્લજ્જતા અને વ્યભિચાર સમગ્ર કોમની તબાહી અને વિનાશ માટેનો સામાન હોય છે. જે કોમ પોતાને બલાઓ, આફતો અને મુસીબતોથી સુરક્ષિત રાખવા ઇચ્છતી હોય તેના માટે જરૂરી છે કે, તે કોમે નિર્લજ્જતા અને બેહયાઈના કાર્યોથી સંપૂર્ણ બચવું જોઈએ અને તેને રોકવાની સંપૂર્ણ કાળજી રાખવી જોઈએ. નહિતર દુષ્કૃત્યો અલ્લાહનો અઝાબ નોંતરશે.

પાંચમું એ કે, અલ્લાહ તઆલાની આયતોનો વિરોધ કરવો પોતે પણ એક અઝાબ જ છે, અને તેના કારણે શયતાન એવા વ્યક્તિ ઉપર કાબૂ પ્રાપ્ત કરીને તેને હજારો પ્રકારના દુષ્કૃત્યોમાં સંડોવી દે છે. એટલા માટે જે વ્યક્તિને અલ્લાહ તઆલાએ દીનનું જ્ઞાન અર્પણ કર્યું હોય તેની કદર કરવી જોઈએ અને પોતાના અમલની સુધારણાથી બેફિકર અને નચિંત થઈને ન બેસી જવું જોઈએ.

(૧૭) મુનાફિકોની શરારતી - મસ્જિદનું ઉદાહરણ

أَفَمَنْ أَسَّسَ بُنْيَانَهُ عَلَىٰ تَقْوَىٰ مِنَ اللَّهِ وَرِضْوَانٍ خَيْرٌ أَمْ مَّنْ أَسَّسَ بُنْيَانَهُ عَلَىٰ شَفَا جُرُفٍ هَارٍ فَانْهَارَ بِهِ فِي نَارِ جَهَنَّمَ ۗ وَاللَّهُ لَا يَهْدِي الْقَوْمَ الظَّالِمِينَ ﴿١٠٩﴾ (توبہ:۱۰۹)

અને કેટલાક એવા પણ છે, જેઓએ એક મસ્જિદ (ઇસ્લામને) નુકસાન પહોંચાડવા અને કુફ્ર કરવા તથા મુસલમાનોમાં ફૂટ નાખવા અને તે માણસના ઉતારા માટે બનાવી છે, જે અલ્લાહ અને તેના રસૂલ (સલ.) સાથે પ્રથમથી

જ વિરુદ્ધતા કરી રહયો છે અને તેઓ (એ સબંધી પૂછતા) સોગંદો ખાશે કે અમે તો (એ વડે) માત્ર ભલાઈ જ ઈચ્છી હતી, પણ અલ્લાહ તઆલા સાક્ષી આપે છે કે, તેઓ તદ્દન જૂઠા છે. (૧૦૭) (તો હે રસૂલ (સલ.)!) આપ તેમાં (નમાઝ માટે) કદી ઉભા ન થજો. અલબત્ત, જે મસ્જિદનો પાયો પ્રથમ દિવસથી જ તકવા (પરહેઝગારી) પર નાખવામાં આવ્યો છે તે ખરેખર, એ લાયક છે કે આપ તેમાં (નમાઝ માટે) ઉભા રહો. તેમાં એવા (નેક) પુરુષો છે કે જેઓ ખૂબ પાક રહેવાને પસંદ કરે છે અને અલ્લાહ ખૂબ પવિત્ર રહેનારાઓને જ ચાહે છે. (૧૦૮)

હુઝૂર (સલ.) મક્કાથી હિજરત કરીને આવ્યા તો પ્રથમ મદીનહની બહાર એક મહોલ્લો બની અમ્ર બિન ઔફનો હતો ત્યાં ઉતર્યા. ચૌદ દિવસ પછી શહેરમાં પધારી મસ્જિદે નબવી બનાવી. તે મહોલ્લામાં જ્યાં આપ (સલ.) નમાઝ પઢતા હતા, ત્યાં પણ મસ્જિદ બનાવવામાં આવી અને જમાઅતની નમાઝ કાયમ જ રહી. તે 'મસ્જિદે કુબા' કહેવાય છે. મદીનાની સૌથી પહેલી એ જ મસ્જિદ છે. હુઝૂર (સલ.) ખાસ કરી દર શનિવારે ત્યાં પધારતા અને નમાઝ પઢતા હતા. તેમાં નમાઝ પઢવાનો સવાબ ઉમરહ કરવા સમાન છે. તે મહોલ્લામાં થોડાક મુનાફિકો પણ રહેતા હતા. તેઓએ મુસલમાનોના મુકાબલામાં એક બીજું મકાન મસ્જિદના નામથી બનાવી પોતાની જુદી જમાઅત કરવા અને કેટલાક સીધા-સાદા મુસલમાનોને 'મસ્જિદે કુબા'થી હટાવી ફૂટફાટ નાખવા ચાહયું. મૂળ આ યોજનાનો ઘડનાર અબૂ આમિર ખઝરજી નામનો એક મુનાફિક હતો, તે હિજરત પહેલાં મદીનામાં રહેતો હતો અને હુઝૂર (સલ.)ની જાહેર થવાની ખબર આપી આપના વખાણ કરતો હતો. મદીનહ અને તેની આજુબાજુના લોકો એને ઘણું માન આપતા હતા. જ્યારે હુઝૂર (સલ.) મદીનહમાં પધાર્યા ત્યારે લોકો તેને છોડી હુઝૂર (સલ.) તરફ ઝૂકી પડયા, તેથી તેને અદેખાઈ આવી અને બદગોઈ કરવા લાગ્યો. બદ્રની લડાઈ પછી જ્યારે ઈસ્લામનો પાયો મજબૂત થઈ ગયો અને મુસલમાનોની ચડતી થવા લાગી ત્યારે અબૂ આમિરથી મદીનહમાં રહી શકાયું નહિ તો ત્યાંથી નાસી મક્કાના કાફિરોને

રસૂલુલ્લાહ (સલ.)ની સામે ઉશ્કેરવા લાગ્યો. ઉહુદની લડાઈમાં કુરૈશીઓ સાથે પોતે પણ આવ્યો અને હુનૈનની લડાઈ સુધી દરેક લડાઈમાં કાફિરોની સાથે રહી મુસલમાનોથી લડતો રહયો. હુનૈન પછી જ્યારે તેણે જોયું કે હવે અરબની કોઇ તાકાત ઇસ્લામને કચડી નાખવાને શકિતમાન નથી ત્યારે ત્યાંથી નાસી શામ દેશમાં પહોંચ્યો અને મદીનહના મુનાફિકોને કાગળ લખ્યો કે રૂમના બાદશાહને મળી એક ભારે સૈન્ય, મુહમ્મદ (સલ.)ના મુકાબલા માટે લાવનાર છું, જે મુસલમાનોનો જડમૂળથી નાશ કરી નાખશે. તમે હાલ એટલું કરો કે એક મકાન મસ્જિદના નામથી બનાવો કે (યાં નમાઝના બહાનાથી એકત્ર થઈ ઇસ્લામ વિરુદ્ધ દરેક પ્રકારના પ્રપંચ કરી શકાય અને મારા કાગળો કાસિદ ત્યાં જ તમને પહોંચાડતો રહે અને હું પણ મદીનહ આવું તો તે જગ્યા ખાસ ઉતરવા તથા લોકોને મળવાની રહે. આ દુષ્ટ હેતુઓને માટે 'મસ્જિદે દિરાર' બનાવવામાં આવી અને હુઝૂર (સલ.)થી દરખ્વાસ્ત કરી કે હુઝૂર (સલ.) એકવાર ત્યાં પધારી નમાઝ પઢી લો તો પછી અમે જમાઅત ચાલુ કરીએ. તે એટલા માટે કે હુઝૂર (સલ.)ને જોઈ બીજા કેટલાક ભોળા મુસલમાનો તેમની જાળમાં ફસાઈ જાય. હુઝૂર (સલ.)ને તેમની દગાબાજાની ખબર ન હતી તેથી ફરમાવ્યું કે હાલ લડાઈમાં જઈએ છીએ. તબૂકની લડાઈથી પાછા ફરતાં અલ્લાહ તઆલાએ ચાહયું છે તો પ્રથમ ત્યાં નમાઝ પઢવા પછી શહેરમાં દાખલ થઈશું. જ્યારે હુઝૂરે અકરમ (સલ.) 'તબૂક'થી પાછા ફરી મદીનહની નજદીક પહોંચ્યા ત્યારે આ આયત ઉતરી, જેમાં મુનાફિકોના નાપાક હેતુઓથી ખબરદાર કરી મસ્જિદે દિરારનું રહસ્ય ખોલી દીધું અને પેલા મુનાફિકોના બનાવેલા ઘરથી ઘણી ખરાબીઓ ફેલાવાનો સંભવ હતો, જેથી હુઝૂરે અકરમ (સલ.)એ તે મકાન તોડાવી બાળી મુકાવ્યું. એવી રીતે મુનાફિકો તથા અબૂ આમિર ફાસિકના બધા મનસૂબા દિલમાં જ રહી ગયા. આ આયતમાં મન હારબલ્લાહ વ-રસૂલહૂથી એ જ અબૂ આમિર ફાસિક મુરાદ છે.

જેણે અલ્લાહ તઆલાથી ડરવા અને તેની ખુશનુદી(ની આશા) પર પોતાની ઈમારત (દીન)નો પાયો નાખ્યો તે બહેતર છે અથવા તે, જેણે એક

એવી ભેખડના કિનારે, જે પડવાની તૈયારીમાં છે, પોતાની ઈમારતનો પાયો ચણ્યો ? ફરી તે (બનાવનારને) સાથે લઈ જહન્નમની આગમાં ધસી પડી; અને અલ્લાહ એવા જુલ્મી લોકોને (સીધો) માર્ગ દેખાડતો નથી. (૧૦૯)

આ મસ્જિદ જેનો પાયો માત્ર જિદ, કુફ્ર, નિફાક અને ઈસ્લામની દુશ્મની તેમજ અલ્લાહ અને રસૂલ (સલ.)ની વિરુદ્ધતા ઉપર રાખવામાં આવ્યો છે, માટે તેમાં આપ કદી નમાઝ માટે ઉભા રહેશો નહિ. આપની નમાઝને લાયક તે મસ્જિદ છે, જેનો પાયો પ્રથમ દિવસથી જ તકવા અને પરહેઝગારી પર કાયમ થયો છે. (પછી તે મસ્જિદે નબવી હોય કે મસ્જિદે કુબા) તેના નમાઝીઓ એવા છે કે ગુનાહો અને શરારતો તેમજ દરેક પ્રકારની નાપાકીથી પોતાનું જાહેર અને બાતિન પવિત્ર રાખવાની કાળજી રાખે છે અને એટલા જ માટે અલ્લાહ તેઓને ચાહે છે.

હદીસમાં છે કે આપ (સલ.)એ કુબાવાળાઓને પૂછયું કે તમે કેવી રીતે પવિત્રતા રાખો છો કે અલ્લાહ તઆલાએ તમારાં વખાણ કર્યા ? તેમણે જવાબ આપ્યો કે ત્રણ ઢેલાથી ખડુ કર્યા પછી અમે હાથપાણી લઈએ છીએ અને ગુસલની હાજત હોવાની હાલતમાં ગુસલ કર્યા વિના ઊંઘતા નથી.

સારાંશ કે જે કામનો પાયો માત્ર યકીન તથા પરહેઝગારી ઉપર અને અલ્લાહને ખુશ કરવા ખાતર જ રચાયો હોય તે ખરેખર મજબૂત અને અચળ છે, પણ નિફાક તથા દગાબાફ અને ચાલાકી પર રચાયેલું કામ જાહેરમાં ગમે તેવું સફળતાપૂર્ણ અને સરસ દેખાય; પરંતુ ખરી રીતે તે અસ્થિરતા અને નિષ્ફળતામાં અમુક ભેખડના કિનારે ચણાયેલી ઈમારત સમાન જ છે કે પાણીના વહેણ અથવા મોજાઓના ધસારાથી કે બીજા કોઈ પણ કારણસર સહેજ પણ જમીન ધસી પડતાં સઘળી ઈમારતનો નાશ થઈ જશે અને અંતે તે દોઝખના ખાડામાં જઈ પડશે.

અતિશય અન્યાયના કારણે તેમની એ દશા થઈ ગઈ કે જો તેઓ કોઈ નેક અમલ કરવા ચાહે તો પણ તેને કરવા શકિતમાન થતા નથી. ઉપર બયાન કરવામાં આવેલા મકાનને તોડવામાં ભાગ લેનાર કેટલાક સહાબા

(૨દી.) કહેતા કે તે મુનાફિકોની બનાવેલી મસ્જિદના નામની ઈમારતને ખોદવા પછી જમીનમાંથી ધૂમાડો નીકળતાં અમે નજરે જોયો છે, જે દોઝખની આગની નિશાનીરૂપ છે. તેથી જ આયતમાં ફરમાવ્યું કે તે દોઝખના ખાડામાં જઈ પડી.

તેઓની આ ઈમારત જેને તેઓએ બનાવી છે, તેઓનાં દિલોમાં સદા શંકા(નું કારણ બનીને) રહેશે. એટલે સુધી કે તેઓનાં દિલોના ટુકડે ટુકડા થઈ જાય અને અલ્લાહ સર્વજ્ઞ અને મહાન હિકમતવાળો છે. (૧૧૦)

તેમના આ કુકર્મની અસરથી તેમનાં દિલોમાં સદા માટે નિફાક કાયમ થઈ ગયો. આયતમાં આવેલા શબ્દ 'રીબતન' અર્થાત્ શંકાથી મતલબ નિફાક છે, તો જ્યાં સુધી મૌત તેમના શરીરના દરેક અવયવ દિલ વગેરેના ટુકડે ટુકડા કરી ન નાખે; ત્યાં સુધી તેમનો નિફાક ટળશે નહિ. જેમ કે એ જ મતલબની એક આયત પ્રથમ પણ આવી ગઈ છે.

મસ્જિદે ઝિરાર :

અને અમુક એવા છે જેમણે એ હેતુ માટે મસ્જિદ બનાવી છે કે (ઈસ્લામને) નુકસાન પહોંચાડે અને (તેમાં બેસીને) કુફ્ર (એટલે કે રસૂલ સલ.ની દુશ્મની)ની વાતો કરે અને (એ કારણે કે) ઈમાનવાળાઓ(ના સમૂહ)માં ફૂટ નાંખે(કારણ કે જ્યારે બીજી મસ્જિદ બનાવવામાં આવે તો જાહેર કરવામાં આવે કે તે સારી નિય્યતે બની છે, તો ચોક્કસ એવું બનશે કે પ્રથમ મસ્જિદના નમાઝીઓ થોડા-થોડા વહેંચાશે) અને (એ પણ હેતુ છે કે) તે વ્યક્તિના થોભવાની તૈયારી કરે જે આ (મસ્જિદ બનાવતા) પહેલાં અલ્લાહ અને તેના રસૂલ (સલ.)નો વિરોધી છે (એ વ્યક્તિ અબૂ આમિર રાહિબ છે) અને (તેમને પૂછશો તો) કસમો ખાશે (જેમકે એક વખતે અગાઉ પણ પૂછવાથી કસમો ખાઈ ચૂક્યા છે) કે ભલાઈ સિવાય અમારી કોઈ બીજી નિય્યત નથી અને અલ્લાહ ગવાહ છે કે તેઓ (તેમના દા'વામાં) બિલકુલ જૂઠા છે (જ્યારે આ મસ્જિદની એ પરિસ્થિતિ છે કે તે વાસ્તવમાં મસ્જિદ જ નથી, બલ્કે ઈસ્લામને નુકસાન પહોંચાડનારી છે તો) તમે તેમાં

કદાપિ (નમાઝ માટે) ઊભા ન થાઓ. અલબત્ત, તે મસ્જિદ (એટલે કે મસ્જિદે કુબા)નો પાયો પ્રથમ દિવસથી જ (એટલે કે જ્યારથી તેની યોજના બનાવવામાં આવી) તકવા (અને ઈખ્લાસ) ઉપર મૂકવામાં આવ્યો છે એ (વાસ્તવમાં) એના લાયક છે કે તમે તેમાં (નમાઝ માટે) ઊભા થાઓ (એટલા માટે ક્યારેક-ક્યારેક આપ (સલ.) ત્યાં નમાઝ પઢવા માટે જતા હતા) તે (મસ્જિદે કુબા)માં એવા (સારા) લોકો છે કે તેઓ ખૂબ પવિત્ર રહેવાને પસંદ કરે છે અને અલ્લાહ તઆલા ખૂબ પવિત્ર રહેનારાઓને પસંદ કરે છે (જ્યારે બંને મસ્જિદોના કર્તા-ધર્તાઓની હાલત જાણ થઈ ગઈ તો) પછી (સમજી લો કે) વારું, એવો વ્યક્તિ શ્રેષ્ઠ છે જેણે પોતાની ઈમારત (એટલે કે મસ્જિદ)નો પાયો કોઈ ખીણ (એટલે કે ભેખડ)ના કિનારા ઉપર કે જે પડવાની તૈયારીમાં છે મૂક્યો હોય (અર્થ એ છે કે કુફ્ના સ્વાર્થી હેતુઓ છે કે જે બિલ્કુલ અસ્થાયી અને ટકી શકવાના નથી, તે અત્રે એવા પ્રતીક સ્વરૂપે વર્ણન થયું છે) પછી તે (ઈમારત) એ (તેના કર્તા-ધર્તા)ને લઈને જહન્નમના ખાડામાં જઈ પડે છે (એટલે કે તે ઈમારત પડું-પડું થતી ભેખડ ઉપર બનાવવામાં આવી હોવાના કારણે પડી ગઈ. જ્યારે તે કિનારો પાણીમાં કપાઈને પડી જશે, તો આ ઈમારત પણ પડી જશે અને તેનો કર્તા-ધર્તા પણ તેમાં પડી જશે. કારણ કે તે આ ઈમારતમાં રહેતો હતો અને તેનો ભાવાર્થ તે લોકોના કુફ્ના સ્વાર્થી હેતુઓની પૂર્તિ છે, જે જહન્નમના ખાડામાં લઈ જનાર છે. એટલા માટે એવું ફરમાવવામાં આવ્યું કે તે તેમને જહન્નમમાં લઈ જઈને પડી) અને અલ્લાહપાક એવા જાલિમોને (દીનની) સમજ જ નથી આપતો (કે તેમણે મસ્જિદના નામ ઉપર ઈમારત બનાવી, જે દીનના પ્રતીકોમાંથી છે અને તેમાં તેમનો હેતુ કેટલો ફસાદ ફેલાવવાનો હતો !) તેમની આ ઈમારત (મસ્જિદ) જે તેમણે બનાવી છે, હંમેશા તેમના દિલોમાં (કાંટાની જેમ) ખટકતી રહેશે. (કારણ કે તેને જે હેતુથી બનાવવામાં આવી હતી તે હેતુ પૂર્ણ ન થયો અને તેમના ષડયંત્રો જાહેર થઈ ગયા તે તો અલગ! અને પછી ઉપરથી તેને જમીનદોસ્ત કરી નાંખવામાં આવી. મતલબ કે તેમના કોઈ અરમાન પૂરા ન થયા એટલા માટે તેમને સમગ્ર જિંદગી

અફસોસ અને પસ્તાવો જ નસીબ થયો). હા, જો તેમના (તે) દિલ જ (જે દિલમાં જ તેઓ તમન્ના રાખે છે તે) ફના થઈ જાય તો ભલે ! (તે અરમાન પણ તે સમયે નાશ પામશે) અને અલ્લાહ સર્વજ્ઞ અને મહાન હિકમત-વાળો છે (તેમની પરિસ્થિતિને જાણે છે અને તેના યોગ્ય જ સજા આપશે).

મસ્અલા અને બોધપાઠ :

મુનાફિકોની પરિસ્થિતિ અને ઈસ્લામ વિરુદ્ધ તેમની પ્રવૃત્તિઓનું વર્ણન ઉપર ઘણી બધી આયતોમાં આવી ચૂક્યું છે. પ્રસ્તુત આયતોમાં પણ તેમના એક ષડયંત્રનું વર્ણન છે, જેની ઘટના એવી છે કે, મદીના તય્યિબહમાં એક વ્યક્તિ અબૂ આમિર નામનો અજ્ઞાનતાના સમયમાં ખ્રીસ્તી હતો, અને તે અબૂ આમિર રાહિબના નામથી પ્રખ્યાત હતો. આ તે જ વ્યક્તિ છે, જેનો પુત્ર હઝરત હન્ઝલા (રદી.) ઘણા પ્રખ્યાત સહાબી છે, જેમની લાશને ફરિશ્તાઓએ ગુસ્લ આપ્યું હતું, એટલા માટે તેઓ **'ગસીલુલ મલાઈકહ'**ના નામથી પ્રખ્યાત થયા. પરંતુ તેમના પિતા પોતાની ગુમરાહી અને ખ્રીસ્તી ધર્મ ઉપર જ કાયમ રહ્યા.

જ્યારે રસૂલે કરીમ (સલ.) મદીના તય્યિબહ તશરીફ લાવ્યા, તો અબૂ આમિર રાહિબ સેવામાં ઉપસ્થિત થયો અને ઈસ્લામ ઉપર વાંધા ઉઠાવ્યા. રસૂલે કરીમ (સલ.)ના જવાબથી પણ તે બદ્નસીબને સંતોષ ન થયો, બલ્કે તેણે એવું કહ્યું કે આપણા બંનેમાંથી જે જૂઠો હોય તે ધિક્કારપાત્ર બને અને પોતાના સગા-વ્હાલાઓથી દૂર મુસાફરીમાં મરે અને કહ્યું કે, તમારા મુકાબલામાં જે પણ દુશ્મન આવશે, હું તેની મદદ કરીશ. તેથી ગઝ્વએ હુનૈન સુધી બધા જ ગઝ્વાતમાં તે મુસલમાનોના દુશ્મનોના લશ્કરમાં સામેલ રહ્યો. જ્યારે હવાઝિનનો મજબૂત કબીલો પણ હાર ખાઈ ચૂક્યો, તો તે નિરાશ અને હતાશ થઈને સિરીયા નાસી છૂટ્યો. કારણ કે આ જ દેશ ખ્રીસ્તીઓનું કેન્દ્ર હતો. ત્યાં જઈને પોતાના સગા-સબંધીઓથી દૂર મૃત્યુ પામ્યો. જે દુઆ તેણે કરી હતી, તે તેની સામે આવી ગઈ. જ્યારે કોઈ વ્યક્તિને અપમાન નસીબ થાય છે, તો તે આવું જ કાર્ય કરતો હોય છે. તે

પોતાની જ દુઆથી અપમાનિત અને ઝલીલ થયો.

પરંતુ જ્યાં સુધી જીવતો રહ્યો, ઈસ્લામ અને મુસલમાનો વિરુદ્ધ ષડયંત્રો રચતો રહ્યો. તેથી રૉમન સમ્રાટ (કયસર)ને એ બાબતે રાજી કરવાનો પ્રયત્ન કર્યો કે, તે પોતાના લશ્કર સાથે મદીના ઉપર ચઢાઈ કરે અને ત્યાંથી મુસલમાનોને કાઢી મૂકે.

આ ષડયંત્રની એક ઘટના એવી બની કે તેણે મદીનાના મુનાફિકો કે જેમની સાથે તેની સાંઠ-ગાંઠ હતી, પત્રો લખ્યા કે હું એ બાબતનો પ્રયત્ન કરી રહ્યો છું કે, રૉમન સમ્રાટને મદીના ઉપર ચઢાઈ કરવા રાજી કરીશ, પરંતુ તમારા લોકોની સામૂહિક અને સંગઠિત શક્તિ જોઈશે જે તે સમયે રૉમન સમ્રાટની મદદ કરે. તેનું સ્વરૂપ એવું છે કે, તમે મદીનામાં એક મકાન બનાવો અને એવું જાહેર કરો કે, અમે મસ્જિદ બનાવી રહ્યા છે જેથી મુસલમાનોને શંકા ન થાય. પછી તે મકાનમાં તમે પોતાના લોકોને ભેગા કરો અને જેટલા પ્રમાણમાં હથિયારો અને સરંજામ ભેગો કરી શકતા હોય, તે પણ ભેગો કરો અને ત્યાં મુસલમાનો વિરુદ્ધ પરસ્પર સલાહ-મશ્વરા કરી યોજનાઓ ઘડતા રહો.

તેની સલાહ ઉપર બાર મુનાફિકોએ મદીના તય્યિબહના કુબા મહોલ્લામાં કે જ્યાં પ્રથમ હિજરત વખતે રસૂલુલ્લાહ (સલ.) થોભ્યા હતા અને એક મસ્જિદ બનાવી હતી, ત્યાં જ એક બીજી મસ્જિદનો પાયો નાંખ્યો. આ મુનાફિકોના નામ પણ ઈબ્ને ઈસ્હાક વગેરેએ વર્ણન કર્યા છે. પછી મુસલમાનોને ધોકો આપવા માટે અને અંધારામાં રાખવા માટે એવો ઈરાદો કર્યો કે પોતે રસૂલે કરીમ (સલ.) પાસે એક નમાઝ આ સ્થળે પઢાવી લે, જેથી બધા મુસલમાનોને સંતોષ થઈ જાય કે આ પણ એક મસ્જિદ છે, જેમકે આ અગાઉ એક મસ્જિદ પ્રથમથી જ અહીંયાં બની ચૂકી છે.

તેમનું એક પ્રતિનિધિમંડળ રસૂલે કરીમ (સલ.)ની સેવામાં હાજર થયું અને વિનંતી કરી કે, કુબાની હાલની મસ્જિદ ઘણા બધા લોકો માટે દૂર પડે છે, અશક્ત અને બીમાર વ્યક્તિઓને ત્યાં સુધી પહોંચવું મુશ્કેલ છે, અને

મસ્જિદે કુબા એટલી વિશાળ પણ નથી કે સમગ્ર વસ્તીના લોકો તેમાં સમાવી શકાય. એટલા માટે અમે એક બીજી મસ્જિદ આ કામ માટે બનાવી છે, જેથી કમજોર મુસલમાનોને લાભ પહોંચે. તમે આ મસ્જિદમાં એક નમાઝ પઢી લો જેથી બરકત થઈ જાય.

રસૂલુલ્લાહ (સલ.) તે સમયે ગઝ્વએ તબૂકની તૈયારીમાં મશ્ગૂલ હતા. આપ (સલ.)એ એ વાયદો કરી લીધો કે, અત્યારે તો હું મુસાફરીની તૈયારીમાં છું, પરત આવ્યા પછી અમે તેમાં નમાઝ પઢીશું. પરંતુ ગઝ્વએ તબૂકથી પાછા ફરવાના સમયે જ્યારે કે રસૂલે કરીમ (સલ.)એ મદીના તય્યિબહ પાસે એક સ્થળ ઉપર પડાવ નાંખ્યો હતો ત્યારે પ્રસ્તુત આયત રસૂલે કરીમ (સલ.) ઉપર નાઝિલ થઈ, જેમાં આ મુનાફિકોના ષડયંત્રને ખુલ્લું પાડવામાં આવ્યું હતું.

આયતો નાઝિલ થવાથી આપ (સલ.) પોતાના અમુક સહાબીઓ જેમાં આમિર બિન સકન અને વહશી કે જેઓ હઝરત હમ્ઝા (રદી.)ના કાતિલ પણ છે, વગેરે સામેલ હતા. તેમને હુકમ આપ્યો કે, હમણાં જ જઈને તે મસ્જિદને જમીનદોસ્ત કરી નાંખો અને તેમાં આગ લગાવી દો. આ બધા લોકો તે જ સમયે ગયા અને હુકમનો અમલ કરીને તે ઈમારતને જમીનદોસ્ત કરી નાંખી. આ સમગ્ર ઘટના તફસીરે કુર્તુબી અને મઝહરીએ વર્ણન કરેલ રિવાયતોમાંથી લેવામાં આવેલી છે.

તફસીરે મઝહરીમાં મુહમ્મદ બિન યૂસુફ સાલિહીના હવાલાથી એ પણ વર્ણન થયું છે કે, જ્યારે રસૂલે કરીમ (સલ.) કુબાથી મદીના મુનવ્વરહ પહોંચી ગયા, તો "મસ્જિદે જિરાર"ની જગ્યા ખાલી પડી હતી. રસૂલે કરીમ (સલ.)એ આસિમ બિન અદ્દીને એ બાબતની પરવાનગી આપી કે, તેઓ તે સ્થળે પોતાનું ઘર બનાવી લે. તેમણે વિનંતી કરી કે, યા રસૂલુલ્લાહ (સલ.) ! જે સ્થળ વિશે કુર્આને કરીમની આ આયતો નાઝિલ થઈ ચૂકી છે, હું તો તે મન્હૂસ સ્થળે પોતાનું ઘર બનાવવાનું પસંદ નથી કરતો. અલબત્ત ષાબિત બિન અકરમ જરૂરિયાતમંદ છે, તેમની પાસે કોઈ ઘર નથી, તેમને

પરવાનગી આપી દો કે તેઓ ત્યાં પોતાનું ઘર બનાવી લે. એટલા માટે આપ (સલ.)એ તેમની સલાહ ઉપર આ સ્થળ તેમને આપી દીધું. પરંતુ થયું એમ કે જ્યારથી હઝરત ષાબિત (રદી.) તે મકાનમાં સ્થાયી થયા, તેમને ન તો કોઈ બાળક પેદા થયું અથવા જીવતું ન રહ્યું.

ઈતિહાસકારોએ નોંધ્યું છે કે, આ સ્થળ મનુષ્ય તો શું કોઈ પક્ષી પણ ઈંડા કે બચ્ચાં આપવા યોગ્ય ન રહ્યું. કોઈ કબૂતર કે જાનવરનો પણ ત્યાં વંશવેલો વધ્યો નહીં. એટલા માટે ત્યાર પછી આ સ્થળ આજદિન સુધી મસ્જિદે કુબાના અમુક અંતરે વેરાન પડેલી હાલતમાં છે.

ઘટનાની વિગત સાંભળ્યા પછી પ્રસ્તુત આયતના શબ્દોને જૂઓ, પ્રથમ આયતમાં ફરમાવ્યું : **"વલ્લઝીનત્તખઝુ મસ્જિદા"** એટલે કે, જે પ્રમાણે ઉપરોક્ત બીજા મુનાફિકોને અઝાબ, અપમાન અને રુસ્વાઈનું વર્ણન થયું છે, એમ આ મુનાફિકો પણ તેમાં સામેલ છે જેમણે મસ્જિદનું નામ આપી એક એવી ઈમારત બનાવી, જેનો હેતુ મુસલમાનોને નુકસાન પહોંચાડવાનો હતો.

આ આયતમાં પ્રસ્તુત મસ્જિદ બનાવવાના ત્રણ હેતુઓ વર્ણન કરવામાં આવ્યા છે. પ્રથમ "જિરારન" એટલે કે, મુસલમાનોને નુકસાન પહોંચાડવા માટે; શબ્દ "જરર" અથવા "જિરાર" બંને અરબી ભાષામાં નુકસાન પહોંચાડવાના અર્થમાં ઉપયોગ થાય છે. અમુક લોકોએ એ તફાવત વર્ણન કર્યો છે કે, "જરર" તો તેને કહેવામાં આવે છે, જેમાં તે પ્રવૃત્તિ કરનારનો પોતાનો કોઈ લાભ હોય અને બીજાઓને નુકસાન પહોંચે. અને "જિરાર" અન્યોને એ નુકસાન પહોંચાડવાનું હોય છે, જેમાં તે નુકસાન પહોંચાડનારનો પોતાનો કોઈ લાભ પણ ન હોય. કારણ કે આ મસ્જિદનું પરિણામ એ જ આવવાનું હતું કે તેને બનાવનારાઓને તેનાથી કોઈ લાભ મળ્યો નહીં તેથી અહીંયાં ફક્ત "જિરાર" શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

બીજો હેતુ આ મસ્જિદનો **"તફ્રીકમ બયનલ મુઅ્મિનીન"** બતાવવામાં આવ્યો છે. એટલે કે તેમનો મકસદ આ મસ્જિદ બનાવવા પાછળ એ

હતો કે, મુસલમાનોના સમૂહના બે ટૂકડા થઈ જાય. એક ટૂકડો આ મસ્જિદમાં નમાઝ પઢનારાઓનો અલગ થઈ જાય અને આ જુની મસ્જિદે કુબાના નમાઝી ઘટી જાય અને અમુક લોકો અહીંયાં નમાઝ પઢવા આવે.

ત્રીજો હેતુ **"ઈરસાદલ્લિમન્ હારબલ્લાહ"** બતાવવામાં આવ્યો. જેનો ખુલાસો એ છે કે, આ મસ્જિદથી આ કામ પણ લેવું હતું કે, અહીંયાં અલ્લાહપાક અને રસૂલ (સલ.)ના દુશ્મનોને આશરો મળે અને અહીંયાં મુસલમાનો વિરુદ્ધ ષડયંત્રો રચવામાં આવે.

આ બધા કારણોથી એ સાબિત થઈ ગયું કે, જે મસ્જિદને કુર્આને કરીમે ''મસ્જિદે જિરાર'' ઠરાવી દીધી અને હુઝૂર (સલ.)ના હુકમથી તેને જમીનદોસ્ત કરી દેવામાં આવી અને આગ લગાવી દેવામાં આવી. વાસ્તવમાં તે ન તો મસ્જિદ હતી, અને ન જ તેનો મકસદ નમાઝ પઢવા માટે હતો. બલ્કે તેના ત્રણ હેતુઓ હતા, જેનું ઉપર વર્ણન થયું. એનાથી જાણ થઈ કે આજકાલ જો કોઈ મુસલમાન એક મસ્જિદના મુકાબલામાં પાસે જ કોઈ બીજી મસ્જિદ બનાવી દે અને તે બનાવવાનો હેતુ માત્ર પરસ્પર અલગાવ અને પ્રથમ મસ્જિદની જમાઅતને તોડવાનો વગેરે ફસાદી હેતુઓ હોય, પરંતુ તેમ છતાં આ સ્થળને શરઈ હેસિયતથી મસ્જિદ જ કહેવામાં આવશે અને બધા જ અદબો અને હુકમો મસ્જિદના જ તેના ઉપર લાગુ પડશે. તેને જમીનદોસ્ત કરવી કે આગ લગાડવી જાઈઝ નથી. અને જે લોકો તેમાં નમાઝ પઢશે, તેમની નમાઝ પણ અદા થઈ જશે. જો કે આવા હેતુથી મસ્જિદ બનાવવી એક આગવો ગુનોહ છે તે અલગ બાબત છે.

તેનાથી એ પણ જાણ થઈ ગઈ કે, આ પ્રમાણે દેખાડા કે નામના માટે કે પછી જીદ અને દુશ્મનાવટના કારણે જો મુસલમાન કોઈ મસ્જિદ બનાવી લે, જો કે મસ્જિદ બનાવનારને તેનો સવાબ મળશે નહીં બલ્કે ગુનોહ થશે. પરંતુ તેને કુર્આનની પરિભાષિત કરેલી ''મસ્જિદે જિરાર'' કહેવામાં નહીં આવે. અમુક લોકો જે આ પ્રકારની મસ્જિદને ''મસ્જિદે જિરાર''નું ઉપનામ આપે છે, તે યોગ્ય નથી. અલબત્ત, તેને મસ્જિદે જિરાર સમકક્ષ કહી શકાય

છે. એટલા માટે આવી મસ્જિદ બનાવવાને રોકી પણ શકાય છે. જેમકે હઝરત ફારૂકે આ'ઝમ (રદી.)એ એક ફરમાન બહાર પાડ્યું હતું, જેમાં સૂચના આપવામાં આવી હતી કે, એક મસ્જિદની બિલકુલ પાસે બીજી મસ્જિદ ન બનાવવામાં આવે કે જેનાથી પ્રથમ મસ્જિદની જમાઅત અને રોનક પ્રભાવિત થતી હોય. *(તફસીરે કશ્શાફ)*

આ મસ્જિદે જિરાર વિશે બીજી આયતમાં રસૂલે કરીમ (સલ.)ને આ હુકમ આપવામાં આવ્યો **"لا تقم فيه ابدا"** તેમાં કયામનો અર્થ ''નમાઝ માટે ઊભા થવું'' થાય છે. મતલબ એ છે કે, તમે તે નામની મસ્જિદમાં કદાપિ નમાઝ ન પઢો.

મસ્અલો :

તેનાથી એટલી જાણ થાય છે કે, જો આજે પણ કોઈ નવી મસ્જિદ પ્રથમ મસ્જિદની બિલ્કુલ નજીક વિના કોઈ જરૂરતે ફક્ત દેખાડા અને નામના માટે અથવા જીદ કે દુશ્મનાવટના લીધે બનાવવામાં આવે, તો તેમાં નમાઝ પઢવું સારું નથી, જો કે નમાઝ થઈ જાય છે. આ જ આયતમાં રસૂલે કરીમ (સલ.)ને એ પણ સૂચના આપી દેવામાં આવી છે કે, તમારા માટે નમાઝ પઢવી તે જ મસ્જિદમાં યોગ્ય છે, જેનો પાયો પ્રથમથી જ તકવા ઉપર મૂકવામાં આવ્યો છે. અને તેમાં એવા લોકો નમાઝ પઢે છે, જેમને પવિત્રતા અને સ્વચ્છતાની પૂરી કાળજી રાખવાનું પસંદ છે, અને અલ્લાહ તઆલા પણ એવા પવિત્ર લોકોને પસંદ કરે છે.

પાછલી આયતથી જાહેર થાય છે કે, આ મસ્જિદ એ ''મસ્જિદે કુબા'' છે, જેમાં તે વખતે રસૂલે કરીમ (સલ.) નમાઝ પઢવા માટે ક્યારેક ક્યારેક જતા હતા અને રિવાયતની હદીષોથી એનું સમર્થન પણ મળે છે.

અને અમુક રિવાયતોમાં જે એ પ્રમાણે આવ્યું છે કે તેનો અર્થ મસ્જિદે નબવી (સલ.) છે, તો તેનો પણ નકાર નથી થતો. કારણ કે મસ્જિદે નબવી (સલ.) જેનો પાયો વહી પ્રમાણે રસૂલે કરીમ (સલ.)એ પોતાના હાથ મુબારકથી મૂક્યો હોવાનું જગજાણીતું છે, અને તેના કારણે તેની બુનિયાદ

તકવા ઉપર છે. કારણ કે રસૂલે કરીમ (સલ.)થી વધારે પવિત્ર કોણ હોઈ શકે છે ? એટલા માટે તે પણ આ આયતના અર્થ તરીકે હોઈ શકે છે.

"ફીહિ રિજાલુય્ યુહિબ્બુન અંય્યતતહ્હરૂ" પ્રસ્તુત આયતમાં રસૂલે કરીમ (સલ.)ને નમાઝ પઢવા માટે તે મસ્જિદને યોગ્ય ઠરાવી, જેનો પાયો પ્રથમથી જ તકવા ઉપર મૂકવામાં આવ્યો. જેના અર્થમાં "મસ્જિદે કુબા" અને "મસ્જિદે નબવી (સલ.)" બંને સામેલ છે. આ મસ્જિદની એક શ્રેષ્ઠતા એ પણ બતાવવામાં આવી કે, તે મસ્જિદના નમાઝીઓ એવા લોકો છે, જેઓ પવિત્રતા અને સ્વચ્છતાનો ઘણો જ ખ્યાલ રાખી કાળજી રાખે છે. સ્વચ્છતા અને પવિત્રતાનો અર્થ આ સ્થળે સામાન્ય ગંદકીઓ અને નાપાકીઓથી પાક થવું પણ સામેલ છે. અને ગુનાહો તથા દુષ્કૃત્યોથી પવિત્ર થવું પણ તેમાં દાખલ છે. મસ્જિદે કુબા અને મસ્જિદે નબવી (સલ.)ના આ નમાઝીઓ મોટા ભાગે આ સદ્‌ગુણો ધરાવનારા હતા.

ખુલાસો :

તેનાથી એ પણ જાણ થઈ કે કોઈ મસ્જિદની શ્રેષ્ઠતાનો વાસ્તવિક આધાર એ બાબત ઉપર છે કે, તે નિખાલસતાથી માત્ર અલ્લાહ માટે જ બનાવવામાં આવી હોય. તેમાં કોઈ દેખાડો, નામના અથવા કોઈ અન્ય સ્વાર્થી હેતુઓની કોઈ દખલગીરી ન હોય. અને એ પણ જાણ થઈ ગઈ કે નમાઝીઓ નેક, સદ્‌ગુણી, વિદ્વાન, ઈબાદતગુઝાર હોવાથી પણ મસ્જિદની શ્રેષ્ઠતા વધી જાય છે. જે મસ્જિદના નમાઝીઓ સામાન્ય રીતે વિદ્વાનો, સદ્‌કૃત્ય આચરનારા લોકો, પરહેઝગારો હોય, તો તે મસ્જિદમાં નમાઝ પઢવાની શ્રેષ્ઠતા વધારે છે.

ત્રીજી અને ચોથી આયતમાં આ સ્વીકૃતિપ્રાપ્ત મસ્જિદના મુકાબલામાં મુનાફિકોની બનાવેલી મસ્જિદે દિરારની ટીકા કરવામાં આવી છે કે, તેનું ઉદાહરણ એવું છે જેમકે દરિયાના કિનારા ઉપર અમુક સમયે પાણી જમીનની ભેખડને નીચેથી કોરી ખાય છે અને ઉપર જમીનની સપાટી સરખી નજરે પડે છે. જો તેના ઉપર કોઈ ઈમારત ચણે તો દેખીતું છે કે તે

તરત જ પડી જશે. એ જ પ્રમાણે આ મસ્જિદે દિરારનો પાયો પણ ટકાઉ ન હતો, તેનું પરિણામ એ આવ્યું છે કે તેને પાડી નાંખવામાં આવી અને તે જહન્નમની આગમાં ચાલી ગઈ. જહન્નમની આગમાં જવાનો અર્થ પ્રતિકાત્મક સ્વરૂપે હોઈ શકે છે કે, તેનાથી તેને બનાવનારા લોકો માટે તેણે જહન્નમનો માર્ગ મોકળો કરી આપ્યો અને અમુક લોકોએ તેને વાસ્તવિક શબ્દો સાથે પણ પરિભાષિત કર્યું છે કે, વાસ્તવમાં જ્યારે આ મસ્જિદ જમીનદોસ્ત કરી નાંખવામાં આવી તો તે જહન્નમમાં ચાલી ગઈ. વલ્લાહુ અઅ્લમુ.

આગળ ફરમાવ્યું કે, તેનું આ ચણતર હંમેશા તેમની શંકા અને નિફાકને વધારતું રહેશે. જ્યાં સુધી કે તેમના દિલો ટૂકડે-ટૂકડા ન થઈ જાય, એટલે સુધી કે જ્યાં સુધી તેમની જિંદગી સમાપ્ત ન થઈ જાય. તેમની શંકા, નિફાક અને ઈર્ષ્યા તથા ક્રોધની અગ્નિ દિલમાં ભભૂકતી જ રહેશે.

(૧૮) કમઝોર અને ફાની દુન્યાનો દાખલો

اِنَّمَا مَثَلُ الْحَيٰوةِ الدُّنْيَا كَمَآءٍ اَنْزَلْنٰهُ مِنَ السَّمَآءِ فَاخْتَلَطَ بِهٖ نَبَاتُ الْاَرْضِ مِمَّا يَاْكُلُ النَّاسُ وَالْاَنْعَامُ ؕ حَتّٰٓى اِذَآ اَخَذَتِ الْاَرْضُ زُخْرُفَهَا وَازَّيَّنَتْ وَظَنَّ اَهْلُهَآ اَنَّهُمْ قٰدِرُوْنَ عَلَيْهَآ ۙ اَتٰىهَآ اَمْرُنَا لَيْلًا اَوْ نَهَارًا فَجَعَلْنٰهَا حَصِيْدًا كَاَنْ لَّمْ تَغْنَ بِالْاَمْسِ ؕ كَذٰلِكَ نُفَصِّلُ الْاٰيٰتِ لِقَوْمٍ يَّتَفَكَّرُوْنَ ﴿۲۴﴾ (يونس:۲۴)

બસ, દુનિયાની જિંદગીની હાલત એવી જ છે, જેવી રીતે કે અમે આકાશથી પાણી વરસાવ્યું, ફરી તે વડે જમીનની તે લીલોતરી ગીચ રીતે ઉગી નીકળી, જેમાંથી માણસો અને પશુઓ ખાય છે; એટલે સુધી કે જ્યારે તે પૃથ્વીએ સંપૂર્ણ ખૂબસુરતી પકડી અને અતિ સુશોભિત થઈ ગઈ અને તેના માલિકોએ ધારી લીધું કે તે(નો પાક) અમારા હાથ લાગશે, કે અચાનક તેના ઉપર રાત્રે અથવા દિવસે અમારો વિનાશનો હુકમ આવી પહોંચ્યો. પછી અમે તેને એવી સાફ કરી નાખી કે જાણે કાલે (ત્યાં) કાંઈ જ ન હતું. એવી જ રીતે અમે તે લોકો માટે દલીલોને સ્પષ્ટ વર્ણવીએ છીએ કે જેઓ

વિચાર કરે છે. (૨૪)

પાણી વડે જમીનમાંથી ઉગતી વસ્તુઓમાંથી અનાજ, ફળ, વગેરેને માણસો અને ઘાસ-પાંદડાં વગેરે વસ્તુઓને પશુઓ ખાય છે.

જાહેરમાં ખેતી તૈયાર થતાં માલિકોને સંપૂર્ણ ભરોસો થઇ ગયો કે હવે અમે એથી પૂરેપૂરો લાભ લઇ શકીશું. તેવામાં અલ્લાહપાકના હુકમથી રાત્રે એટલે ગફલતના વખતે અથવા દિવસે એટલે હોશિયારીના વખતે કોઈ આફત આવી પહોંચી એટલે હીમ વગેરેથી બળી ગઇ અથવા તીડ ખાઈ ગયાં અથવા કોઇ શત્રુની ફોજે આવી તેને કાપી કે બાળી નાખી તો તેનું નિશાન પણ રહેવા પામ્યું નહિ. એવી જ રીતે આજીવિકાને સમજો કે, તે ગમે તેવી સરસ અને સફળ દેખાય, પરંતુ થોડી મુદ્દતમાં મૃત્યુ થતાં તેની સઘળી ખૂબીઓ ધૂળધાણી ને વા પાણી થઇ જશે. હઝરત શાહ અબ્દુલ કાદિર દહેલવી (રહ.)એ આ મિસાલને સરસ ઢબથી માનવજીવન ઉપર બંધ બેસાડી છે. તેઓ લખે છે કે આકાશથી પાણી આવે છે તે મુજબ રૂહ પણ આકાશ ઉપરથી (આત્મિક જગતમાંથી) આવી અને માટીના શરીરમાં પ્રવેશ કરી શકિતવાન બની અને એક માનવી તરીકે જીવન ગાળતાં માનુષી અને ગેરમાનુષી કામો કર્યાં, જ્યારે દરેક બાબતમાં માનવી પ્રવીણ બન્યો અને તેના સગા-સંબંધીઓને તેનાથી પૂરતો લાભ લેવા સંબંધી તેના ઉપર સંપૂર્ણ ભરોસો થયો કે અચાનક મૌત આવી પહોંચતા સઘળી બાજી બગડી જાય છે. ફરી એવો નામનિશાન વગરનો થઇ જાય છે કે જાણે તે કોઇ કાળે પૃથ્વી પર વસતો જ ન હતો.

અને અલ્લાહ સલામતીના ઘર (જન્નત) તરફ બોલાવે છે અને જેને ચાહે છે તેને સીધો માર્ગ દેખાડે છે. (૨૫)

દુનિયાની આ વિનાશી જિંદગી ઉપર રાજી થઇ બેસી ન રહો, બલ્કે જન્નત જે સલામતી અને સદાનું ઘર છે અને તેની તરફ અલ્લાહ તઆલા બોલાવવા ઉપરાંત તેનો માર્ગ પણ દેખાડે છે તો તેની તરફ સત્વરે આવો. ત્યાં જ સઘળી સુખ-શાંતિ મળવા ઉપરાંત ફરિશ્તાઓ સન્માન તરીકે તમને

સલામ કરશે તેમજ અલ્લાહ તઆલા તરફથી ત્યાંના રહીશોને મુબારકબાદ તરીકે સલામનો તોહફો પહોંચશે.

જેમણે નેકી કરી છે, તેમના માટે ખૂબી (જન્નત) અને વધારો (અલ્લાહનો દીદાર) છે. વળી, તેમના મુખો પર (ચિંતાની) ન કાળાશ છવાયેલી હશે અને ન રૂસ્વાઈ; એઓ જ જન્નતવાસીઓ છે, તેઓ તેમાં સદા રહેશે. (૨૬)

સદાચારીઓને જન્નત અને તેની સઘળી નેઅમતો મળશે અને વધારામાં અલ્લાહ તઆલાની ખુશનુદી અને તેના દીદારની મહાન નેઅમત નસીબ થશે. હદીસ શરીફમાં છે કે જન્નતીઓ જન્નતમાં જશે ત્યારે એક પુકારનાર પુકારશે કે હે જન્નતીઓ ! તમારો એક વાયદો અલ્લાહ તઆલા પૂરો કરવા ચાહે છે. તેઓ કહેશે કે અમને સર્વ કંઈ મળી ચૂક્યું, હવે શું બાકી છે ? ત્યારે જન્નતમાં પરદા ઉઠાવવામાં આવતાં જ જન્નતીઓ અલ્લાહપાકને સ્પષ્ટ જોઈ લેશે તો તેમને મળેલી નેઅમતો પૈકી કોઈ નેઅમતને દીદારની નેઅમતથી વધુ પ્યારી ગણશે નહિ અને કોઈ વસ્તુ એનાથી વધુ તેઓના દિલ અને આંખોને ઠંડક આપી શકશે નહિ. અલ્લાહ તઆલા પોતાની કૃપાથી આપણને એ નેઅમત અર્પે, આમીન.

દુન્યાનું ફાની હોવું :

બસ, દુનિયાની જિંદગીની હાલત તો એવી છે, જેમકે અમે આસમાનથી પાણી વરસાવ્યું, પછી તે (પાણી)થી જમીનની વનસ્પતિ જેને મનુષ્ય અને પ્રાણીઓ ખાય છે, ખૂબ ગીચ કરીને ઉગાડી. એટલે સુધી કે જ્યારે તે જમીન પોતાના શણગારનો સંપૂર્ણ હિસ્સો લઈ ચૂકી અને તે ખૂબ સુશોભિત થઈ ગઈ (એટલે કે હરિયાળીથી ચારેબાજુ ખુશનૂમા લાગવા માંડી) અને તે (જમીન)ના માલિકોએ સમજી લીધું કે હવે અમારો તે(ની વનસ્પતિ અને ફળો)ના ઉપર બિલકુલ કબ્જો થઈ ગયો છે, તો (એવી પરિસ્થિતિમાં) દિવસે અથવા રાત્રે તેના ઉપર અમારા તરફથી કોઈ દુર્ઘટના આવી ગઈ (જેમકે હિમવર્ષા અથવા દુષ્કાળ કે અન્ય કંઈ). બસ, અમે તેમને એવી

સાફ કરી દીધી કે જાણે કાલે (ત્યાં) તે ઉપસ્થિત જ ન હતી. (બસ, આ વનસ્પતિની જેમ જ દુનિયાની જિંદગી પણ છે), અમે આ પ્રમાણે આયતોને સાફ-સાફ વર્ણન કરીએ છીએ એવા લોકોને (સમજાવવા) માટે, જેઓ ચિંતન-મનન કરે છે.

(૧૯) મુસલમાન અને કાફિરનું ઉદાહરણ

مَثَلُ الْفَرِيْقَيْنِ كَالْاَعْمٰى وَالْاَصَمِّ وَالْبَصِيْرِ وَالسَّمِيْعِ ؕ هَلْ يَسْتَوِيٰنِ مَثَلًا ؕ اَفَلَا تَذَكَّرُوْنَ ﴿۲۴﴾ (هود:۲۴)

અને જે કોઈ અલ્લાહ તઆલા પર જૂઠું બોલે તેનાં કરતાં વધુ જુલ્મી કોણ હશે ? એવા લોકો (કિયામતના દિવસે) પોતાના માલિકની રૂબરૂ હાજર કરવામાં આવશે અને સાક્ષીઓ (ફરિશ્તા) કહેશે કે એ લોકો તે જ છે કે જેઓએ પોતાના પરવરદિગાર સંબંધી જૂઠું કહ્યું હતું. સાંભળી લો ! એવા જુલ્મીઓ પર અલ્લાહ તઆલાની ફિટકાર છે. (૧૮) જેઓ કે (અન્યોને પણ) અલ્લાહપાકના માર્ગથી રોકે છે અને તેમાં વાંક (શંકાઓ) શોધે છે અને તેઓ જ આખિરતના પણ મુનકિર છે. (૧૯) એ લોકો (વિશાળ) પૃથ્વી પર નાસીને (અલ્લાહપાકને) થકવી શકનાર નથી તેમજ અલ્લાહ સિવાય તેઓનો કોઈ મદદગાર નથી. એવાઓ માટે બમણો અઝાબ છે; કારણ કે એ લોકો (દુનિયામાં અલ્લાહનું કલામ) સાંભળી શકતા ન હતા અને (સીધી રાહને) જોતા ન હતા. (૨૦) એ લોકો તે જ છે કે જેઓએ પોતાની ઝાતનું જ નુકસાન કર્યું અને જે જૂઠાણું તેઓ ઘડતા હતા તે તેઓથી ગુમ થઈ ગયું. (૨૧) એમાં શક નથી કે એ જ લોકો આખિરતમાં પણ સૌથી વધુ નુકસાનમાં હશે. (૨૨) અલબત્ત, જે લોકો ઈમાન લાવ્યા અને સદ્કર્મો કર્યા અને પોતાના માલિકની સામે આજિજી કરી તો તેઓ જ જન્નતવાસીઓ છે. તેઓ તેમાં જ સદા રહેશે. (૨૩) આ બન્ને ફિરકાઓ (મુઅમિનો અને કાફિરો)નો દાખલો એવો છે, જેમ કે એક માણસ તો આંધળો અને બહેરો હોય અને બીજો દેખતો-સાંભળતો હોય; શું એ બન્નેનો હાલ સરખો થઈ શકે છે ? (કદી નહિ.) છતાં તમે કેમ સમજતા નથી ? (૨૪) *(સૂરહ હૂદ)*

કાફિરોના બુરા પરિણામ સાથે મુઅમિનોનું સારું પરિણામ બતાવ્યું કે તેઓએ તમામ ફર્ઝ, વાજિબ અદા કર્યા. તેમજ નફલી ઈબાદત જાન-માલથી કરી અને અલ્લાહ તઆલાની યાદમાં તલ્લીન રહ્યા. અન્યોની લાલચ છોડી અલ્લાહપાકની સામે ઝુકયા, તેથી અલ્લાહપાકને ગમ્યા તો પોતાની કાયમી ખુશનૂદીની જગ્યા જન્નત આપી.

કાફિરને આંધળા-બહેરા સમાન બતાવ્યો, કારણ કે તે અલ્લાહપાકની કુદરતની નિશાનીઓ જોતો નથી અને સત્ય કલામને ધ્યાન દઈ સાંભળતો નથી, પણ ઈમાનવાળા નિશાનીઓ જોઈ તેનું કલામ સાંભળી અમલ કરે છે, તેથી તેમને દેખતા-સાંભળતાં કહ્યા. તો બન્નેનું પરિણામ એકસરખું કેવી રીતે થઈ શકે ? એ જ બાબતના ટેકારૂપ આગળ હઝરત નૂહ (અલૈ.)ની કૌમનું વર્ણન કર્યું.

મુઅમિન-કાફિરનો દાખલો :

અને એવા વ્યક્તિઓથી વધારે કોણ જાલિમ હશે, જે અલ્લાહ તઆલા ઉપર જૂઠું બોલે ? (કે તેની તવહીદનો, તેના રસૂલની રિસાલતનો અને તેના કલામનો ઈન્કાર કરે) આવા લોકો (કિયામતના દિવસે) પોતાના પરવર-દિગારની સામે (જૂઠો આક્ષેપ કરનાર સ્વરૂપે) રજુ કરવામાં આવશે અને (અમલોના) ગવાહ ફરિશ્તા (ખુલ્લમ-ખુલ્લા) એવું કહેશે કે, આ તે લોકો છે, જેમણે પોતાના પરવરદિગારનો જૂઠી વાતો સાથે સંબંધ બાંધ્યો હતો. બધા સાંભળી લો કે, આવા જાલિમો ઉપર અલ્લાહની (ખૂબ) લા'નત છે. જેઓ (પોતાના કુફ્ર અને અત્યાચાર કરવા સાથે સાથે) બીજાઓને પણ અલ્લાહના માર્ગ (એટલે કે દીન)થી રોકતા હતા અને તે (દીનના માર્ગ)માં ખોટ (અને શંકાઓ) કાઢવાની શોધખોળ (અને ચિંતા)માં રહ્યા કરતા હતા (જેથી બીજાઓને પણ ગુમરાહ કરે) અને આખિરતના પણ ઈન્કારી હતા, (આ ફરિશ્તાઓના એ'લાનનો વિષય હતો... આગળ અલ્લાહ તઆલાનો ઈરશાદ છે કે, આ લોકો (સમગ્ર) પૃથ્વી (પટ) ઉપર (પણ) અલ્લાહપાકને લાચાર કરી શકતા ન હતા (કે ક્યાંક જઈને સંતાઈ જાય અને અલ્લાહ

તઆલાના હાથમાં ન આવે, નઊઝુબિલ્લાહ !) અને ન જ તેમનો અલ્લાહ તઆલાના સિવાય કોઈ મદદગાર થયો (કે તેમને પકડ્યા પછી છોડાવીને લઈ જાય) તેવાઓને (બીજાઓ કરતા) બમણી સજા થશે. (એક કાફિર હોવાની અને બીજી બીજાઓને કાફિર બનાવવાનો પ્રયત્ન કરવાની.) આ લોકો (નફરતના કારણે અલ્લાહપાકના હુકમોને) સાંભળી શકતા ન હતા અને (દુશ્મનાવટ તથા સત્ય માર્ગથી વેરભાવના કારણે) ન જ (સત્ય માર્ગને) જોતા હતા, આ તે લોકો છે, જેઓ પોતાની જાતને બરબાદ કરી બેઠા અને જે મઅ્બૂદ તેમણે ઘડી રાખ્યા હતા (આજે) બધા તેમનાથી ગાયબ (અને ગુમ) થઈ ગયા (કોઈ પણ કામ ન આવ્યું. બસ,) આવશ્યક બાબત છે કે, આખિરતમાં સૌથી વધારે નુકસાનમાં આ જ લોકો હશે. (આ તો કાફિરોનો અંજામ થશે.... આગળ મુસલમાનોનો અંજામ વર્ણન થયો છે કે) બેશક ! જે લોકો ઈમાન લાવ્યા અને તેમણે સારા સારા કર્મો કર્યા અને(દિલથી) પોતાના પરવરદિગાર તરફ ઝૂક્યા (એટલે કે દિલમાં નમ્રતા અને એકાગ્રતા પેદા કરી), આવા લોકો જન્નતવાળા છે (અને) તેઓ તેમાં હંમેશા રહેશે. આ બંનેના પરિણામનો તફાવત અત્રે વર્ણન કરવામાં આવ્યો.... આગળ વર્તમાન પરિસ્થિતિનો તફાવત એક ઉદાહરણ દ્વારા વર્ણન થયો છે જેના ઉપર તેમના અંજામનો તફાવત નક્કી થાય છે. ઈરશાદ છે કે) બંને પક્ષો (પ્રસ્તુત બંને એટલે કે મો'મિનો અને કાફિરો)ની હાલત એવી છે, જેમકે એક વ્યક્તિ હોય જે આંધળો પણ હોય અને બહેરો પણ (જે ન તો વાતને સાંભળે અને ન જ ઈશારાને જોઈ શકે તો તેને સમજવા-સમજાવવાની કોઈ રીત નથી) અને એક વ્યક્તિ છે, જે જૂએ પણ છે અને સાંભળે પણ છે (તેના માટે કોઈ બાબતનું સમજવું ઘણું સરળ છે). શું આ બંને વ્યક્તિઓ પરિસ્થિતિમાં સમાન છે ? (કદાપિ નહીં ! આ જહાલત કાફિરો અને મુસલમાનોની છે કે કાફિરો હિદાયતથી ઘણા દૂર છે અને મુસલમાનો હિદાયત પામી ચૂક્યા છે) શું તમે (આ ફરકને) સમજતા નથી ? (આ બંનેમાં ફરક ઉઘાડો છે, અને તેમાં શંકાની કોઈ સંભાવના નથી).

(૨૦) આપણી પુકાર સાંભળનાર ફક્ત એક અલ્લાહપાક

لَهٗ دَعْوَةُ الْحَقِّ ؕ وَالَّذِيْنَ يَدْعُوْنَ مِنْ دُوْنِهٖ لَا يَسْتَجِيْبُوْنَ لَهُمْ بِشَيْءٍ اِلَّا كَبَاسِطِ كَفَّيْهِ اِلَى الْمَآءِ لِيَبْلُغَ فَاهُ وَمَا هُوَ بِبَالِغِهٖ ؕ وَمَا دُعَآءُ الْكٰفِرِيْنَ اِلَّا فِيْ ضَلٰلٍ ﴿۱۴﴾ (رعد:۱۴)

(વળી તે એવો છે કે) તેને જ પુકારવું સત્ય છે અને અલ્લાહના સિવાય જેઓને તેઓ પુકારે છે તે તેઓના જરાય કામ આવતા નથી; પરંતુ જેમ કે કોઈ પોતાના બન્ને હાથ પાણી તરફ ફેલાવે કે પાણી તેના મોં સુધી આવી પહોંચે, પણ તેના મોં સુધી તે પહોંચનાર જ નથી અને કાફિરોની જેટલી દરખાસ્ત છે તે નરી ગુમરાહી જ છે. (૧૪)

કાફિરો જેઓની પાસે દરખાસ્ત કરે છે, તેમાંથી કેટલીક તો કલ્પિત ચીજો છે અને કેટલાક જિન્નાત છે અને કેટલીક એવી વસ્તુઓ છે, જેમાં કંઈક અસર હોય છે, પરંતુ તે પોતાના અસરની માલિક નથી. જેમ કે આગ, પાણી, વગેરે અને ગ્રહો પણ એમાં જ શામિલ છે. તેના માટે મિસાલ ફરમાવી કે કોઈ દૂરથી પાણી સામે હાથ ફેલાવે છે અને આજિઝી કરે કે પાણી મારા મોંમાં આવી જાય, તો જે પ્રમાણે પાણી તેઓની દરખાસ્ત કબૂલ કરવાથી લાચાર છે, તેવી જ રીતે તેઓના પૂજ્યો પણ તેઓની માંગણી પૂરી કરવા અશકત છે.

(હે નબી સલ. !) આપ પૂછો કે આકાશો તથા પૃથ્વીનો માલિક કોણ છે ? આપ ફરમાવી દો કે અલ્લાહપાક જ છે. (પછી) કહો કે શું ફરી પણ તમે અલ્લાહ તઆલાના સિવાય એવા મદદગારો બનાવ્યા છે કે જે પોતે પોતાના લાભ કે નુકસાનનો અધિકાર રાખતા નથી ? આપ ફરમાવી દો કે શું આંધળો અને દેખતો બરાબર થઈ શકે છે ? અથવા અંધકાર અને પ્રકાશ સરખા થઈ શકે છે ? શું તેઓએ અલ્લાહ તઆલાના માટે એવા ભાગીદાર ઠેરવ્યા છે જેઓએ અલ્લાહપાકના પેદા કરવા મુજબ કંઈક પેદા કર્યું હોય.

ફરી તેઓની નજરમાં તે (બંનેનું) ઉત્પન્ન કરવું ભેળસેળ થઈ ગયું ? આપ ફરમાવી દો કે એકલો અલ્લાહ જ દરેક વસ્તુનો ઉત્પન્ન કર્તા છે અને તે જ એકલો (અજોડ હોય સૌથી) જબરદસ્ત છે. (૧૬)

મતલબ કે મૂર્તિપૂજકો આંધળા સમાન છે. તેઓને નથી દેખાતું કે જે મૂર્તિઓ પોતે જ લાચાર છે તે બીજાઓની શું મદદ કરી શકશે ? અને મુસલમાનોને દેખતા ફરમાવ્યું, કારણ કે અલ્લાહ તઆલાની કુદરતની નિશાનીઓ જોઈ તેને ઓળખે છે અને તેને જ માને છે તેમજ ઈસ્લામ અને કુફ્રનો મુકાબલો એવો જ સમજો જેવો કે પ્રકાશ અને અંધકાર છે. તો શું એ બન્ને પરિણામની રૂએ એકસરખા થઈ શકે છે ?

હે મૂર્તિપૂજકો ! અલ્લાહપાકે જેવી મખ્લૂક પેદા કરી છે તેના જેવી કોઈ પણ વસ્તુ તમારા દેવતાઓએ પેદા કરી છે કે તે જોઈ તેઓના પૂજ્ય હોવાની શંકા થાય ? તેઓ તો એક માખીનો પર કે મચ્છરનો પગ સરખો પણ બનાવી શકતા નથી, બલકે સઘળી વસ્તુઓ માફક પોતે પણ તે જ એકલા જબરદસ્ત અલ્લાહપાકની મખ્લૂક છે છતાં એવી લાચાર વસ્તુઓને પૂજ્ય હોવાની પદવી આપવી કેટલી બધી બેઅદબી અને બેશરમી છે ?

મુશ્રિકો અને તેમના માબૂદોનો દાખલો :

અને તે (અલ્લાહપાક) એવો દુઆઓને કબૂલ કરનારો છે કે) સાચું પોકારવું તેના જ માટે ખાસ છે. (કારણ કે એને કબૂલ કરવાની શક્તિ તેની જ છે) અને અલ્લાહપાકના સિવાય જેને આ લોકો (જરૂરતો અને પોતાની મુસીબતોમાં) પોકારે છે તેઓ (શક્તિ ન હોવાના કારણે) તેમની દરખાસ્તને એથી વધારે મંજૂર નથી કરી શકતા (જાણે કે) જેટલું પાણી તે વ્યક્તિની દરખાસ્તને મંજૂર કરે છે જેણે પોતાના બંને હાથ પાણી તરફ ફેલાવેલા હોય છે (અને તેને ઈશારાથી પોતાના તરફ બોલાવી રહ્યો હોય) જેથી તે (પાણી) તેના મોઢાં સુધી (ઉડીને) આવી જાય અને તે (પોતે) તેના મોઢાં સુધી (માત્ર ઈશારાથી કોઈ પણ રીતે) આવવાનું નથી. (બસ, જે પ્રમાણે પાણી તેની દરખાસ્ત કબૂલ કરવાથી લાચાર છે, એ જ પ્રમાણે તેમના

મઅ્બૂદો પણ લાચાર છે. એટલા માટે) કાફિરોની (તેમને) દરખાસ્ત કરવી માત્ર બિનઅસરકારક છે અને અલ્લાહ તઆલા (એવો સર્વશકિતમાન છે કે તેની) સામે જ બધા આજ્ઞાપાલક બનેલ છે. જેટલું કંઈ આસમાનોમાં છે અને જે કંઈ જમીનમાં છે (અમુક) ખુશીથી અને (અમુક) મજબૂરીથી (ખુશીથી એ કે સ્વેચ્છાએ આપમેળે ઈબાદત કરે છે અને મજબૂરીથી એ ભાવાર્થ છે કે અલ્લાહ તઆલા જે મખ્લૂકમાં જે ફેરફાર કરવા ઈચ્છે છે, તે તેનો વિરોધ નથી કરી શકતી) અને તે (જમીનવાળાઓ)ના પડછાયા પણ (આજ્ઞાપાલક છે) સવાર અને સાંજના સમયમાં (એટલે કે પડછાયાને જેટલો ઈચ્છે વધારે, જેટલો ઈચ્છે ઘટાડે અને સવાર અને સાંજના સમયે પડછાયા લાંબા હોય છે. અને તેના ઘટવા-વધવાને વધારે સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. એટલા માટે આ ખાસિયત વર્ણન થઈ, નહિતર પડછાયા પણ આ અર્થમાં દરેક રીતે આજ્ઞાપાલક છે).

(૨૧) હક હંમેશા બાકી રહેનાર અને બાતિલ ફના થનાર છે

اَنْزَلَ مِنَ السَّمَآءِ مَآءً فَسَالَتْ اَوْدِيَةٌۢ بِقَدَرِهَا فَاحْتَمَلَ السَّيْلُ زَبَدًا رَّابِيًا ؕ وَمِمَّا يُوْقِدُوْنَ عَلَيْهِ فِي النَّارِ ابْتِغَآءَ حِلْيَةٍ اَوْ مَتَاعٍ زَبَدٌ مِّثْلُهٗ ؕ كَذٰلِكَ يَضْرِبُ اللّٰهُ الْحَقَّ وَالْبَاطِلَ ؕ فَاَمَّا الزَّبَدُ فَيَذْهَبُ جُفَآءً ۚ وَاَمَّا مَا يَنْفَعُ النَّاسَ فَيَمْكُثُ فِي الْاَرْضِ ؕ كَذٰلِكَ يَضْرِبُ اللّٰهُ الْاَمْثَالَ ؕ﴿۱۷﴾ (رعد:۱۷)

તેણે જ આકાશથી પાણી વરસાવ્યું. પછી નદી-નાળાં પોતપોતાના પ્રમાણમાં વહેવા લાગ્યાં. પછી તે વહેણ ફુલેલું ફીણ ઉપર લાવ્યું તેમ જે વસ્તુને ઘરેણાં કે બીજો સામાન બનાવવા માટે આગમાં તપાવે છે તેમાં પણ એવો જ મેલ ઉપર આવે છે. એવી જ રીતે અલ્લાહપાક સત્ય (ઈમાન) અને અસત્ય (કુફ્ર)ને મિસાલ આપી બયાન કરે છે તો તે ફીણ સૂકાઈને જતું રહે છે અને જે વસ્તુ લોકોને કામ આવે છે તે જમીનમાં રહી જાય છે. એવી જ રીતે અલ્લાહ તઆલા (ખરા અને ખોટાના) ઉદાહરણો વર્ણન કરે

છે. (૧૭) *(સૂરહ રઅદ)*

આકાશ તરફથી વરસાદ પડતાં નદી-નાળાં પોતપોતાના પ્રમાણમાં ભરાઈને ઉભરાઈ જતાં, વહેણમાં પૃથ્વી પરની માટી તથા કચરો ભળી જવાથી પાણી ડહોળું થઈ કચરો તથા ફીણ ફુલીને ઉપર આવી જાય છે. તેવી જ રીતે સોનું, ચાંદી, તાંબુ, લોખંડ, વગેરે ધાતુઓને ઘરેણાં કે વાસણ, હથિયાર, વગેરે બનાવવા ખાતર આગમાં પીગળાવે છે ત્યારે તેમાં પણ તેવી જ રીતે ફીણનો જોશ આવે છે, પરંતુ થોડીવારમાં તે ફીણ સુકાઈને કે વિખેરાઈને નાશ પામે છે અને મૂળ ઉપયોગી વસ્તુ પાણી તેમજ ઢાળેલી ધાતુઓ રહી જાય છે અને તેના વડે લોકો અનેક પ્રકારે લાભ ઉઠાવે છે. એ જ પ્રમાણે સત્ય-અસત્યને સમજો કે જ્યારે આકાશી વહી સત્ય દીનને લઈ ઉતરે છે તો પ્રત્યેક માનવીનું દિલ પોતે પોતાની લાયકાતના પ્રમાણમાં લાભ મેળવે છે. પછી સત્ય અને અસત્ય ભેળસેળ થઈ જતાં અસત્ય રૂપી મેલ થોડા વખત માટે ઉભરાઈ આવે છે અને જાહેરમાં ફીણની માફક સત્યને ઢાંકી દે છે પણ અંતે તેનો જોશ નાબૂદ થઈ તેમાં ઢંકાયેલી સત્ય બાબત તરી આવે છે. જુઓ, અલ્લાહ તઆલાની બયાન કરેલી મિસાલો કેવી હોય છે ! કેવી અસરકારક ઢબથી સમજાવ્યું કે, દુનિયામાં જ્યારે મુકાબલો થાય છે ત્યારે ભલેને થોડા દિવસ માટે અસત્ય તરતું દેખાય, પરંતુ આખરે અસત્યને વિખેરી નાખી સત્ય જ જાહેર થઈને રહે છે. તેથી કોઈ મુસ્લિમે અસત્યના ભપકાથી ધોકામાં ન પડવું જોઈએ. એવી જ રીતે કોઈના દિલમાં સત્ય પ્રવેશ થતાં થોડી વાર માટે વસવસાઓનું જોર વધે તો ગભરાવું પણ ન જોઈએ. અંતે તે જોશ ઠંડો પડી સત્ય જ કાયમ રહી જશે. પ્રથમ તવહીદ અને શિર્કનું ઉદાહરણ આપી અત્રે સત્ય અને અસત્યના મુકાબલાની બાબત સમજાવી. આગળ બન્નેનું પરિણામ સ્પષ્ટ રીતે બયાન કરવામાં આવે છે.

જે લોકોએ પોતાના પરવરદિગારનો હુકમ માન્યો તેમને માટે ભલાઈ (જન્નત) છે, અને જે લોકોએ તેનો હુકમ માન્યો નહિ તેઓની પાસે (કિયામતના દિવસે) કદાચ પૃથ્વીમાં જે કાંઇ છે તે સઘળું હોય અને તેની

સાથે તેટલું બીજું પણ હોય તો તે સઘળું પોતાના છૂટકારા માટે આપી દે (પણ કંઈ વળે નહિ) તે લોકો માટે જ સખ્ત હિસાબ છે અને તેઓનું ઠેકાણું જહન્નમ છે અને તે બહુ ખરાબ રહેઠાણ છે. (૧૮)

નેક મુઅમિનો માટે જ બન્ને જહાનની ભલાઈ છે. સાચી ખુશી અને શાંતિ એ લોકો સિવાય બીજા કોઈને મળી શકતી નથી.

હક્ક-બાતિલનો દાખલો :

આપ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) (તેમને એવું) કહી આપો કે આસમાનો અને જમીનનો પરવરદિગાર (એટલે કે સર્જનહાર અને સુરક્ષા કરનાર હંમેશા મોજૂદ) કોણ છે ? (અને કારણ કે તેનો જવાબ નક્કી જ છે એટલા માટે જવાબ પણ) તમે (જ) કહી આપો કે અલ્લાહ તઆલા છે, (પછી) તમે એ કહો કે શું (આ તવહીદની દલીલો સાંભળી) છતાં પણ તમે અલ્લાહ તઆલાના સિવાય અન્યને મદદગાર (એટલે કે મઅ્બૂદ) ઠરાવી રાખ્યા છે જે (અશક્ત હોવાના કારણે) પોતે જ પોતાની જાતનો લાભ અથવા નુકસાનનો પણ અધિકાર ધરાવતા નથી ? (શિર્કના રદિયા અને તવહીદની સત્યતા પુરવાર કર્યા પછી તવહીદની માન્યતા ધરાવનાર તથા શિર્ક કરનાર તથા પોતે શિર્ક અને તવહીદ વચ્ચે તફાવત જાહેર કરવા માટે) તમે એ (પણ) કહી આપો કે શું આંધળો અને દૃષ્ટિવાળો સમાન હોઈ શકે છે ? (આ ઉદાહરણ મુશ્રિકો અને તવહીદની માન્યતા ધરાવનારાઓ માટેનું છે) અથવા કયારેય અંધારુ અને અજવાળું સમાન હોઈ શકે છે ? (આ ઉદાહરણ શિર્ક અને તવહીદનું છે) અથવા તેમણે અલ્લાહપાકના એવા ભાગીદાર ઠરાવી રાખ્યા છે કે, તેમણે પણ (કોઈ વસ્તુનું) સર્જન કર્યું છે. જેમકે અલ્લાહપાક (તેમના સ્વીકાર પ્રમાણે પણ) સર્જન કરે છે ? પછી (આ કારણે) તેમને (બંનેનું) પેદા કરવું એકસમાન લાગે છે ? (અને એથી દલીલ કરી હોય કે જ્યારે બંને સરખા સર્જક છે, તો બંને સરખા મઅ્બૂદ પણ થશે તે વિશે પણ) તમે કહી આપો કે અલ્લાહ તઆલા જ દરેક વસ્તુનો સર્જક છે અને તે જ (પોતાની જાત અને પરિપૂર્ણ લક્ષણોમાં) એકમાત્ર છે

(અને બધી મખ્લૂક ઉપર) ગાલિબ છે. અલ્લાહ તઆલાએ આસમાનથી પાણી વરસાવ્યું, પછી (તે પાણીથી) નાળાઓ પોતાના પ્રમાણમાં (પાણી ભરીને) વહે છે (એટલે કે નાના ઝરણાંમાં થોડું પાણી અને મોટી નદીઓમાં વધારે પાણી). પછી તે વહેતુ (પાણી) ફૂલેલા ફીણને વહાવી લાવ્યું, જે તે (પાણી)ની (સપાટી) ઉપર (આવી રહયું) છે. (એક મેલ તો આ પ્રકારનો છે) અને જે વસ્તુઓને આગની અંદર (નાંખીને) ઘરેણાં અથવા અન્ય સામાન (વાસણો વગેરે) બનાવવાના હેતુથી તપાવવામાં આવે છે, તેમાં પણ એવો જ મેલ (ફીણ ઉપર આવી જાય) છે. (બસ, આ બે ઉદાહરણો તે બાબતો છે, એક કામની વસ્તુ કે અસલ પાણી અને ચોખ્ખો માલ અને ધાતુ છે તથા બીજી નકામી વસ્તુ જેમકે ફીણ અને ધાતુનો મેલ વગેરે છે, મતલબ કે) અલ્લાહ તઆલા સત્ય (એટલે કે તવહીદ અને ઈમાન વગેરે) અને બાતિલ (એટલે કે કુફ્ર અને શિર્ક વગેરે)નું આ જ પ્રમાણે ઉદાહરણ વર્ણન કરે છે (જેની પૂર્ણતા આગલા વિષયથી થઈ જાય છે). બસ, (આ બંને પ્રસ્તુત ઉદાહરણોમાં) જે મેલ હતો, તે તો ફેંકી દેવામાં આવે છે અને જે વસ્તુ લોકો માટે લાભદાયી છે, તે દુનિયામાં (લાભ પહોંચાડવાની સાથે) બાકી રહે છે (અને જે રીતે સત્ય અને અસત્યને ઉદાહરણ આપી વર્ણન કરવામાં આવ્યું), અલ્લાહ તઆલા એ જ પ્રમાણે (દરેક જરૂરી બાબતમાં) ઉદાહરણો વર્ણન કરે છે.

મસ્અલા અને બોધપાઠ :

આ બંને ઉદાહરણોનો ખુલાસો એ છે કે, જે રીતે મેલ અને કચરો અમુક અસલી વસ્તુઓની ઉપર તરી આવે છે, પરંતુ અંતે તે ફેંકી દેવામાં આવે છે અને અસલી વસ્તુ જ બાકી રહી જાય છે. એ જ પ્રમાણે બાતિલ (અસત્ય) ભલે અમુક દિવસ સત્ય ઉપર છવાયેલું કે ગાલિબ નજરે પડે, પરંતુ અંતે બાતિલ પરાજિત અને નષ્ટ થઈ જનાર છે અને સત્ય જ બાકી અને કાયમ રહે છે.

❋ ❋ ❋

(૨૨) કાફિરોના અમલો-કૃત્યોનું ઉદાહરણ

مَثَلُ الَّذِيْنَ كَفَرُوْا بِرَبِّهِمْ اَعْمَالُهُمْ كَرَمَادِ ِاشْتَدَّتْ بِهِ الرِّيْحُ فِيْ يَوْمٍ عَاصِفٍ ؕ لَا يَقْدِرُوْنَ مِمَّا كَسَبُوْا عَلٰى شَيْءٍ ؕ ذٰلِكَ هُوَ الضَّلٰلُ الْبَعِيْدُ ⑱

(ઇબ્રાહીમ:૧૮)

જે લોકોએ પોતાના પરવરદિગારનો ઇન્કાર કર્યો, તેઓનો હાલ એટલે તેઓની (ભલી) કરણીઓ(ની સ્થિતિ) એવી રાખોડીના જેવી છે કે, જેના ઉપર વંટોળિયાના દિવસે જોશભેર પવન ચાલે (તો ઉડી જાય.) પોતાની કરણીમાંથી કંઇ પણ તેઓના હાથમાં રહેશે નહિ; એ જ તો બહુ દૂરની ગુમરાહી છે. (૧૮) *(સૂરહ ઇબ્રાહીમ)*

કેટલાક કાફિરોને એમ વિચાર થઇ શકતો હતો કે અમે ઘણાં પરોપકારી કાર્યો કરીએ છીએ, દાન આપીએ છીએ, સદાચારી તરીકે પ્રખ્યાત છીએ, ઘણા લોકોના દુઃખદર્દમાં સહાય આપીએ છીએ, કોઇ ન કોઇ રીતે માલિકની પૂજા પણ કરીએ છીએ તો શું એ બધું કર્યું-કરાવ્યું અને આપ્યું-મૂકયું તે વખતે કામ નહિ લાગે ? તેનો જવાબ આ ઉદાહરણમાં આપ્યો. મતલબ કે તવહીદ અને રિસાલતની માન્યતા ઉપર જ દરેક કરણીના કબૂલ થવાનો આધાર છે. તેથી અલ્લાહ અને નબી (સલ.) પર ખરી રીતે ઇમાન લાવ્યા વિનાની પૂજા માત્ર અટકળ તરીકે જ છે, તેમજ બાકીના કામો પણ નજીવા વ્યર્થ છે. જેવી રીતે વંટોળિયામાં ધૂળની રજકણો ઉડી જાય છે તેવી જ રીતે મહેશરમાં તે સૌ ઉડી જતાં કાફિરો ખાલી હાથ રહી જશે. ખાસ જરૂર વખતે જ્યારે બીજા લોકો પોતાની નેકીઓના પ્રતાપે મીઠાં ફળોનો લ્હાવો લેતા હશે ત્યારે તેઓને પોતાના જે કામોના લાભકારક હોવાની ખાતરી હતી, તે તદ્દન નકામા થઇ જતાં કેટલો બધો ખેદ અને પસ્તાવો થશે. છતાં સમજતા નથી. એ જ ઘણી દૂરની ગુમરાહી અને મહા ભૂલ છે.

શું આપે નથી જોયું કે અલ્લાહપાકે આકાશો અને પૃથ્વીને જેવાં જોઇએ તેવા જ બનાવ્યા ! અગર તે ચાહે તો તમારો નાશ કરી નાખે અને (તમારી

જગ્યાએ) બીજી નવી મખ્લૂક લઈ આવે, (૧૯) અને એ કામ અલ્લાહપાકને (માટે) કંઈ પણ મુશ્કેલ નથી. (૨૦)

કદાચ કાફિરો સમજતા હોય કે મરીને માટી થવા પછી કયાંથી જીવતા થઈશું ! કિયામતના અઝાબ વગેરે સૌ કલ્પિત વાર્તાઓ સમાન છે, તો અલ્લાહ તઆલાએ તેઓને જાણ કરવા માટે પોતાની કુદરતનો હાલ બયાન કર્યો કે, આકાશો અને જમીનનું પેદા કરવું સૌથી મુશ્કેલ છે. કારણ કે એમાં અજબ અજબ હિકમતો છે. તો જેણે એ બધું પેદા કર્યું તેને નવી મખ્લૂક પેદા કરવી કંઈ પણ મુશ્કેલ નથી. ત્યારે માનવજાતિની ઉત્પત્તિનો મૂળ હેતુ અને હિકમત જાહેર કરવા તમને જ કિયામતમાં બીજી વખત પેદા કરવામાં શું અડચણ છે ? તો જે અલ્લાહપાક એવો સમર્થ હોય તેના અઝાબથી ડરવું જોઈએ અને તેના સવાબની આશા પર તેની જ બંદગી કરવી જોઈએ; તેના સિવાય કોઈ બંદગીને લાયક જ નથી.

અને (કિયામતમાં) અલ્લાહની સામે સૌ ઉભા થશે, પછી અશકતો (તાબેદારો) તે લોકો (સરદારો)ને જેઓ ગર્વિષ્ઠ હતા એમ કહેશે કે બેશક, અમે તો (દુનિયામાં) તમારે તાબે હતા, તો શું (આજે) અલ્લાહના કોઈ પણ અઝાબમાંથી સહેજ પણ અમારાથી ટાળી શકો છો ? તેઓ કહેશે : અગર અલ્લાહે અમને બચાવવાનો કોઈ માર્ગ બતાવ્યો હોત તો અમે પણ તમને તે માર્ગ બતાવી દેત. હવે તો અમારા હકમાં સૌ સરખું છે. અમે તો ગભરાયા કરીએ અથવા સહન કરીએ અમારા માટે છૂટકારો જ નથી. (૨૧)

કિયામતમાં સૌ મખ્લૂક અલ્લાહ તઆલાની રૂબરૂ ઉભી કરવામાં આવશે. ફરી સૌની કરણીઓ જાહેર કરવામાં આવશે કે, જેથી સૌને એકબીજાના મામલાની ખબર પડી જતાં જે કંઈ શિક્ષા વગેરે આપવામાં આવે તેને અન્યાય ગણવામાં આવે નહિ; મતલબ કે ફૈસલા પછી અઝાબ થશે ત્યારે સામાન્ય કાફિરો પોતાના કાફિર સરદારોની આગળ બચાવવા માટે ફરિયાદ કરશે, તો સરદારો જવાબ આપશે કે અમે પોતે જ દુનિયામાં ગુમરાહ હતા તો શું કરીએ ? જો અમને હિદાયત મળી હોત તો તમને પણ

તે જ માર્ગે દોરત. અહીં પણ જો કોઈ બચાવના માર્ગની અલ્લાહ તઆલાએ સૂજ આપી હોત તો પોતે બચી જાત અને તમને પણ તે જ યુકિત બતાવત. જોતા નથી, અમે પોતે જ બમણી સજા ભોગવીએ છીએ, (તો) તમને કયાંથી બચાવીએ ? ફરી તેઓ કહેશે : આવો, સૌ મળી શોર મચાવીએ અને ફરિયાદ કરીએ, કદાચ છૂટકારો મળે. તો પાંચસો વર્ષ શોરબકોર અને ફરિયાદ કરશે, પણ કંઈ ફાયદો નહિ થાય ત્યારે કહેશે : હવે સબર કરો. પેલા લોકો પણ દુનિયામાં સબર કરતા હતા તેથી જન્નતમાં ગયા. કદાચ અમે પણ છૂટી જઈએ. ફરી પાંચસો વર્ષ એવી સબર કરશે કે કોઈએ કરી નથી, તો પણ છૂટશે નહિ ત્યારે કહેશે કે ગમેતેમ કરો. હવે કોઈ પ્રકારે છૂટકારો નથી.

(અને કાફિરો જો પોતાના છૂટકારા વિશે એવું વિચારતા હોય કે અમારા અમલો અમને લાભ પહોંચાડશે, તો તેનો નિયમ સાંભળી લો કે) જે લોકો પોતાના પરવરદિગારની સાથે કુફ્ર કરે છે, તેમની હાલત તેમના અમલના આધારે એવી છે (એટલે કે તેમના અમલોનો એવો દાખલો છે), જેમકે કોઈ રાખ હોય (જે ઉડવામાં ઘણી હલકી હોય છે), જેને તેજ આંધીના દિવસે તેજ ગતિની હવા ઉડાવીને લઈ જાય (કે આવા સ્વરૂપમાં તે રાખનું નામોનિશાન પણ નહીં રહે, એ જ પ્રમાણે) એ લોકોએ જે કંઈ અમલો કર્યા હતા તેનો કોઈ ભાગ (એટલે કે અસર અને લાભની દ્રષ્ટિએ) તેમને પ્રાપ્ત ન થશે (તે રાખની જેમ બરબાદ અને વ્યર્થ થઈ જશે) એ પણ ઘણી દૂર સુધીની ગુમરાહી છે (કે તેમને ધારણા તો એવી હતી કે, અમારા અમલો નેક નફાકારક છે. અને પછી તે લાભ આપવાના બદલે ખરાબ અને નુકસાનકર્તા સાબિત થયા. જેમકે મૂર્તિઓની પૂજાપાઠ અને તેમના અમલો નુકસાનકર્તા થયા. જેમકે સીલારહમી કેદીઓને છોડાવવા વગેરે, કારણ કે સત્યથી તે અમલો ઘણા વેગળા છે.

મસ્અલા અને બોધપાઠ :

આયતમાં અલ્લાહ તઆલાએ કાફિરોના કર્મોનું એ ઉદાહરણ વર્ણન

કર્યું છે કે, તેઓ રાખ જેવા છે જેના ઉપર તેજ ગતિની હવા ચાલે તો તેના કણે-કણ હવામાં વિખરાઈને ઉડી જાય છે અને તેનું નિશાન સુદ્ધાં બાકી રહેતું નથી. પછી તેને કોઈ ભેગી કરવા અથવા તેનાથી કામ લેવા ઈચ્છે તો તે અશક્ય બની જાય છે. **"મષલુલ્લઝીન કફરૂ બિરબ્બિહીમ અઅ્માલુહુમ કરમાદી નિશ્તદ્દત્ બિહી રીહુ ફી યવ્મિન આસિફ"** ભાવાર્થ એ છે કે, કાફિરોના કર્મો જે જાહેરમાં સારા પણ હોય તે પણ અલ્લાહ તઆલા સમીપ સ્વીકાર્ય નથી. એટલા માટે બધું વ્યર્થ અને બેકાર છે.

(૨૩) ઈમાન અને કુફ્રના શબ્દોનું ઉદાહરણ

اَلَمْ تَرَ كَيْفَ ضَرَبَ اللّٰهُ مَثَلًا كَلِمَةً طَيِّبَةً كَشَجَرَةٍ طَيِّبَةٍ اَصْلُهَا ثَابِتٌ وَّفَرْعُهَا فِي السَّمَآءِ ﴿٢٤﴾ تُؤْتِيْٓ اُكُلَهَا كُلَّ حِيْنٍۭ بِاِذْنِ رَبِّهَا ؕ وَيَضْرِبُ اللّٰهُ الْاَمْثَالَ لِلنَّاسِ لَعَلَّهُمْ يَتَذَكَّرُوْنَ ﴿٢٥﴾ وَمَثَلُ كَلِمَةٍ خَبِيْثَةٍ كَشَجَرَةٍ خَبِيْثَةِ ِۨاجْتُثَّتْ مِنْ فَوْقِ الْاَرْضِ مَا لَهَا مِنْ قَرَارٍ ﴿٢٦﴾ يُثَبِّتُ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا بِالْقَوْلِ الثَّابِتِ فِي الْحَيٰوةِ الدُّنْيَا وَفِي الْاٰخِرَةِ ۚ وَيُضِلُّ اللّٰهُ الظّٰلِمِيْنَ ۙ وَيَفْعَلُ اللّٰهُ مَا يَشَآءُ ﴿٢٧﴾ (ابراહીમ:૨૪-૨૭)

શું આપને ખબર નથી કે અલ્લાહે કલિમએ તય્યિબહનું કેવું ઉદાહરણ બયાન કર્યું ? કે જાણે એક ઘણું સારું ઝાડ છે કે, જેનું મૂળ (જમીનમાં) મજબૂત હોય અને તેની ડાળીઓ આકાશમાં હોય. (૨૪) તે અલ્લાહના હુકમથી દરેક ફસલ વખતે પોતાનું ફળ આપતું હોય અને અલ્લાહ તઆલા લોકો માટે એવા ઉદાહરણો બયાન કરે છે કે જેથી તેઓ શીખામણ લે. (૨૫)

અલ્લાહ તઆલાએ કલિમએ તય્યિબહ 'લા ઈલા-હ ઈલ્લલ્લાહ'ની મિસાલ એક ઝાડથી આપી અને એ ઝાડથી મુરાદ ખજૂરી છે. ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે એક દિવસે હુઝૂર (સલ.)એ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ તે ઈમાનની મિસાલ એક ઝાડથી બયાન કરી છે, બતાવો તે કયું ઝાડ છે ? તો લોકો વિચારવા લાગ્યા. તે સમયે હું બાળક હતો. એ વિશે મારા દિલમાં આવ્યું કે તે ખજૂરીનું ઝાડ છે, પણ સૌથી નાનો હોવાથી કહેતાં

મને બીક લાગી. આખરે હુઝૂર (સલ.)એ ફરમાવ્યું કે તે ખજૂરીનું ઝાડ છે. લોકો તેની દરેક વસ્તુથી સદા ફાયદો ઉઠાવે છે. તેવી જ રીતે કલિમએ તવહીદ મુસલમાનના દિલમાં મજબૂતીથી કાયમ છે અને ડાળીઓ એટલે તેના નેક અમલો આકાશ પર ચઢે છે અને દરેક વખતે ફળ એટલે તેનો બદલો અને બરકતો દુનિયામાં પણ મળે છે. તે પૈકી એક ખાસ બરકત એ છે કે કલિમહના ઝિકથી દિલમાં નૂર પેદા થાય છે. બુઝુર્ગોથી એનો તરીકો શીખવો જોઈએ અને આખિરતમાં પણ અનેકગણો સવાબ મળશે તે તો જુદો જ છે. સારાંશ કે આવી બંધબેસતી મિસાલમાં જેમ વિચાર કરે તેમ બુદ્ધિશાળીને સેંકડો બારીકીઓ નજર આવશે.

અને નાપાક વાત (એટલે કુફ્ર અને શિર્ક)ની મિસાલ એક ખરાબ છોડ જેવી છે કે જેને જમીન ઉપરથી જ ઉખેડી લેવામાં આવે, તેની કંઈ પણ મજબૂતી ન હોય. (૨૬)

ખરાબ છોડથી મતલબ ઈંદ્રાયન છે, જે અતિશય કડવું હોય છે. તેથી તે છોડ કે તેનું ફળ કંઈ જ ઉપયોગી નથી. સારાંશ કે મુસલમાનોનો દાવો દુરુસ્ત હોઈ તેની દલીલ પણ સાચી છે અને દિલમાં તેની અસર કાયમ હોઈ દિન-પ્રતિદિન વધે છે, પણ કાફિરોના દાવાનું મૂળ નથી, સહેજ વિચારવાથી જૂઠો જણાઈ આવે છે અને તેથી દિલમાં કદી નૂર પેદા થતું નથી.

અલ્લાહપાક ઈમાનવાળાઓને તે પાકી વાત (કલિમહની બરકત)થી દુનિયામાં તેમજ આખિરતમાં મજબૂત રાખે છે અને અલ્લાહપાક જુલ્મીઓને (કુફ્રના કારણે) માર્ગ ભૂલવી દે છે અને અલ્લાહપાક (હિકમત અનુસાર) જે ચાહે છે (તે) કરે છે. (૨૭)

આયતમાં કબરના સવાલ-જવાબ તરફ ઈશારો છે કે જે મજબૂત વાત કહેશે તે સારું ઠેકાણું મેળવશે અને જેનાથી જવાબ નહિ બને, તે ખરાબ થશે. તો અલ્લાહ તઆલાની મહેરબાનીથી દુનિયામાં મરતી વખતે અને આખિરતમાં એટલે કબ્રમાં જવાબ વખતે અથવા કિયામતમાં હિસાબ વખતે મુસલમાનોના મોંથી કલિમએ તય્યિબહ નીકળશે તેથી નજાત થઈ જશે,

પરંતુ જુલ્મી કાફિરો-મુશરિકો પોતાની શરારતોના કારણે દુનિયામાં માર્ગ ભૂલ્યા તો છેવટ સુધી માર્ગ ભૂલતા જ રહેશે. કદી પણ તેઓને સફળતાનો માર્ગ મળશે જ નહિ.

કલિમએ ઈમાન + કુફ્રનો દાખલો :

અને નાપાક (ગંદી) વાતનું (એટલે કે કુફ્ર અને શિર્કના કલિમાનું) ઉદાહરણ એવું છે જેમકે એક ખરાબ વૃક્ષ હોય (ભાવાર્થ કાંટાળા થોરનું ઝાડ) કે તેને જમીનની ઉપર-ઉપરથી જ ઉખેડી લેવામાં આવે (અને) તેને (જમીનમાં) કોઈ સ્થાયિત્વ ન હોય, (આ વૃક્ષને એ આધારે ખરાબ કહ્યું કે તે વૃક્ષનો સ્વાદ અને રંગ અથવા તેના ફળની ગંધ અને રંગ ખરાબ છે. આ ગુણો પવિત્રતાના વિરુદ્ધ કહેવાય અને ઉપરથી ઉખેડી લેવાનો ભાવાર્થ એ છે કે તેના મૂળિયાં દૂર સુધી ન પહોંચ્યા હોય, બલ્કે તે ઉપર ઉપર જ રહ્યા છે. આ **'અસ્લુહા સાબિત'**થી વિપરીત છે અને **'મા લહા મિન કરાર'** આ જ તાકીદ માટે ફરમાવ્યું અને તેના ડાળખાંઓનું ઊંચે ન જવું અને તેના ફળનું **'તફક્કુહ'** 'ફળ તરીકે ખાવાપાત્ર' ન હોવું દેખીતું છે. આ જહાલત કુફ્રના કલિમાની છે કે ભલે કાફિરના દિલમાં તેની જડો છે, પરંતુ સત્ય સામે તે બિલ્કુલ પરાજિત અને પરાસ્ત થઈ જવા સમાન છે. જેમકે તેને મૂળિયા જ ન હોય **'હુજ્જતુહુમ દાહિદતુન'** અને કદાચ **'મા લહા મિન કરાર'**ના ખુલાસાથી કુફ્રની આ જ કમજોરી અને પરાજય બતાવવાનો હેતુ છે અને કારણ કે તેમના કર્મો સ્વીકૃત નથી હોતા. એટલા માટે જાણે કે આ વૃક્ષની ડાળખીઓ પણ ઊંચે સુધી નથી ફેલાતી અને એ જ પ્રમાણે તેમના અમલો ઉપર અલ્લાહની ખુશી અને તેનો રાજીપો નથી હોતો એટલા માટે તેના ફળનો પણ નકાર જાહેર થાય છે, કારણ કે સ્વીકૃતિ અને રાજીપાની કાફિર માટે બિલ્કુલ શક્યતા નથી હોતી. એટલા માટે દાખલો આપતી વખતે કુફ્રના કલીમા વિશે તેના ફળો અને ડાળખીઓનું વર્ણન છોડી દેવામાં આવ્યું, તેનાથી વિપરીત ફક્ત કુફ્રનું વર્ણન એટલા માટે થયું કે તેનું અસ્તિત્વ અનુભવી પણ શકાય છે તથા તે જિહાદ વગેરેના હુકમોમાં ભરોસાપાત્ર

પણ છે. આ તે બંને વૃક્ષોનું ઉદાહરણ આવી ગયું, આગળ તેની અસરનું વર્ણન છે કે) અલ્લાહ તઆલા ઈમાનવાળાઓને આ પાકી વાત (એટલે કે કલિમએ તય્યિબહ મજબૂત મૂળિયાંવાળા વૃક્ષની બરકત)થી દુનિયામાં અને આખિરત (બંને સ્થળો)માં (દીનમાં અને કસોટીમાં) મજબૂત રાખે છે અને (કુફ્રના તે નાપાક કલિમાની નહૂસતથી) જાલિમો (એટલે કે કાફિરો)ને (બંને સ્થળે દીનમાં અને કસોટીમાં) પરાસ્ત કરે છે અને (કોઈને મજબૂત રાખવા અને તેને પરાસ્ત કરવામાં હજારો હિકમતો છે, અલબત્ત) અલ્લાહ તઆલા (પોતાની હિકમતથી) જે ઈચ્છે છે કરે છે. શું તમે તે લોકોને નથી જોયા (એટલે કે તેમની આશ્ચર્યજનક પરિસ્થિતિ નથી જોઈ), જેમણે અલ્લાહપાકની નેઅમતોના (આભાર માનવાને) બદલે કુફ્ર કર્યું. (તેનો ભાવાર્થ તે મક્કાના કાફિરો છે.) અને જેમણે પોતાની કૌમને હલાકતના ઘર એટલે કે જહન્નમમાં પહોંચાડયા (એટલે કે તેમને પણ કુફ્રની તઅલીમ આપી, જેનાથી) તેઓ તે (જહન્નમ)માં દાખલ થશે અને તે રહેવાનું ઘણું ખરાબ ઠેકાણું છે (તેમાં ઈશારો થઈ ગયો કે તેમાં પ્રવેશ પામવો સદાના માટે અને કાયમી હશે).

પ્રથમ મુઅ્મિન અને તેમના અમલોનું નેક ઉદાહરણ આપવામાં આવ્યું છે. પછી કાફિરો અને મુનાફિકોના અમલોનો દાખલો આપવામાં આવ્યો. પ્રથમ આયતમાં મુઅ્મિન અને તેમના કર્મોનું ઉદાહરણ એક એવા વૃક્ષથી આપવામાં આવ્યું છે, જેનું થડ મજબૂત અને ઉંચું હોય તથા તેના મૂળિયાં ખૂબ ઉંડે સુધી ઉતર્યા હોય અને જમીનની નીચેથી પાણીના ઝરણાંઓના પાણીથી તે સિંચાતા હોય. ઉંડા મૂળિયાંઓના કારણે આ વૃક્ષને સ્થિરતા અને મજબૂતી પણ પ્રાપ્ત થઈ હોય કે હવાના સૂસવાટાથી તે પડી ન જાય અને જમીનની સપાટીથી ઉંચે હોવાના કારણે તેના ફળો ગંદકીથી પાક અને સ્વચ્છ રહેતા હોય. બીજું લક્ષણ આ વૃક્ષનું એ છે કે, તેના ડાળખાં ઉંચાઈ પણ આસમાન તરફ હોય અને ત્રીજી ખાસિયત આ વૃક્ષની એ છે કે, તેના ફળો દરેક સમયે દરેક પરિસ્થિતિમાં ખાઈ શકાય. આ ઝાડ ક્યું અને ક્યાં છે ? તેના વિશે વિવરણકારોના વિવિધ નિવેદનો છે. પરંતુ મોટેભાગે આ

ઝાડ ખજૂરનું ઝાડ હોય તેમ લાગે છે. તેનું સમર્થન અનુભવ અને પ્રત્યક્ષ સાબિતીથી પણ થઈ શકે છે તથા રિવાયતો અને હદીષથી પણ. ખજૂરના ઝાડનું થડ ઉંચું હોવું તથા મજબૂત હોવું તો અનુભવની વસ્તુ છે, બધા જ જાણે છે કે તેના મૂળિયાંનું જમીનમાં ખૂબ ઉંડે સુધી પહોંચવું પણ ખૂબ પ્રખ્યાત બાબત છે અને તેના ફળો પણ દરેક પરિસ્થિતિમાં દરેક ઋતુમાં ખાઈ શકાય છે. જે સમયે તેનું ફળ વૃક્ષ ઉપર લાગે છે, તે સમયથી તે પાકવાના સમયગાળા સુધી દરેક પરિસ્થિતિમાં અને દરેક સ્વરૂપમાં તેનું ફળ વિવિધ પદ્ધતિએ ચટણી અથવા અચાર (અથાણાં) સ્વરૂપે પણ અથવા અન્ય રીતે ખાઈ શકાય છે. પછી ફળ પાકી ગયા પછી તેનો સંગ્રહ આખું વર્ષ કરી શકાય છે. સવાર અને સાંજ, દિવસ અને રાત, ગરમી અને ઠંડી, મતલબ કે દરેક ઋતુ અને દરેક સમયે તે કામ લાગે છે. આ વૃક્ષનો ગુદો પણ ખાઈ શકાય છે, તેના પાંડદાઓ પણ ઘણા લાભદાયક વસ્તુઓ છે. જેનાથી ચટાઈ વગેરે બને છે, તેના ઠળિયા પ્રાણીઓનો ખોરાક છે. બીજા વૃક્ષો આ ઝાડ જેવા નથી, કારણ કે તે વૃક્ષોના ફળો એક ખાસ ઋતુમાં જ આવે છે અને સમાપ્ત થઈ જાય છે. તેનો સંગ્રહ નથી કરી શકાતો અને ન જ તેની દરેક વસ્તુથી લાભ ઉઠાવી શકાય છે.

તિરમિઝી, નસઈ, ઈબ્ને હિબ્બાન અને હાકિમે હઝરત અનસ (રદી.)ની રિવાયતથી નકલ કર્યું છે કે, રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ ફરમાવ્યું કે, ''શજૂરે તય્યિબહ'' (જેનું વર્ણન કુર્‌આનમાં છે) ખજૂરનું ઝાડ છે અને ''શજૂરે ખબીષહ'' હન્ઝલ (કાંટાળા થોર Colocynth, Citrullus Colocynthis)નું ઝાડ. *(મઝહરી)*

મુસ્નદે અહમદમાં હઝરત મુજાહિદ (રહ.)ની રિવાયતથી નકલ થયેલ છે કે, ''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદી.)એ ફરમાવ્યું કે, એક દિવસે અમે રસૂલે કરીમ (સલ.)ની સેવામાં હાજર થયા. કોઈ વ્યક્તિ આપ (સલ.) પાસે ખજૂરના ઝાડનો માવો (થડનો ગર્ભ) લાવ્યો. તે સમયે રસૂલે કરીમ (સલ.)એ સહાબએ કિરામ (રદી.)ને સવાલ કર્યો કે, વૃક્ષોમાંથી એક એવું વૃક્ષ પણ છે, જે મુઅ્મિન પુરૂષનું ઉદાહરણ છે (અને બુખારીની રિવાયતમાં

આ સ્થળે એવું પણ વર્ણન છે કે, રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, તે વૃક્ષના પાંડદા કોઈપણ ઋતુમાં ખરતા નથી), બતાવો તે વૃક્ષ ક્યું છે ? ઈબ્ને ઉમર (રદી.) ફરમાવે છે કે, મારા દિલમાં એ આવ્યું કે હું કહી આપું કે તે ખજૂરનું વૃક્ષ છે. પરંતુ મજલિસમાં હઝરત અબૂબક્ર (રદી.) અને હઝરત ઉમર (રદી.) તથા અન્ય વડીલ સહાબાઓ મૌજૂદ હતા, તેમને મૌન જોઈને હું બોલવાની હિંમત ન કરી શક્યો, પછી પોતે રસૂલે કરીમ (સલ.)એ ફરમાવ્યું કે તે ખજૂરનું વૃક્ષ છે.

મુઅ્મિનનું ઉદાહરણ આપવાનું એક કારણ એ છે કે, કલિમએ તય્યિબહમાં ઈમાન તેનું મૂળ છે, જે ઘણું જ મજબૂત અને સ્થાયી છે. દુન્યાનો વા-વંટોળ (દુર્ઘટનાઓ) તેને હલાવી શકતા નથી. પૂર્ણ મુઅ્મિનોના, સહાબા (રદી.)ના, તાબિઈન (રહ.)ના બલ્કે દરેક યુગના પાકા મુસલમાનોના આવા ઉદાહરણો કંઈ કમ નથી કે, ઈમાનના મુકાબલામાં તેઓએ ન તો પ્રાણની પરવા કરી અને ન જ કોઈ અન્ય વસ્તુની; (ઉદાહરણ આપવાનું) બીજું કારણ તેની સફાઈ અને સ્વચ્છતા છે કે, દુન્યાની ગંદકીઓ અને નાપાકીઓથી તે પ્રભાવિત નથી થતું. જેમકે મોટા વૃક્ષો ઉપર પૃથ્વીની સપાટી ઉપરની ગંદકીની કોઈ અસર નથી થતી. આ બે લક્ષણો **"અસ્લુહા ષાબિત"**નું ઉદાહરણ છે. ત્રીજું કારણ એ છે કે, જેવી રીતે ખજૂરના વૃક્ષના ડાળખાંઓ ઉંચે આસમાન તરફ હોય છે, મુઅ્મિનના ઈમાનની ઉપજ એટલે કે તેના અમલો પણ આસમાન તરફ ઉઠાવવામાં આવે છે. કુરૂઆને કરીમમાં છે : **"ઈલય્હિ યસ્અદુલ્ કલિમુત્તય્યિબુ"** એટલે કે, "અલ્લાહ તઆલા તરફ ઉઠાવવામાં આવે છે પવિત્ર કલિમાઓ." મતલબ એ છે કે, જે પ્રમાણે ખજૂરનું ફળ દરેક સમયે, દરેક પરિસ્થિતિમાં, દરેક ઋતુમાં, દિવસે અને રાત્રે ખાવામાં આવે છે, મુઅ્મિનના નેક અમલો પણ દરેક સમયે, દરેક ઋતુમાં અને દરેક પરિસ્થિતિમાં સવાર-સાંજ ચાલુ જ રહે છે અને જે પ્રમાણે ખજૂરના વૃક્ષની દરેક વસ્તુ લાભદાયક છે, મુઅ્મિનનું દરેક વચન અને પ્રવૃત્તિ તથા તેનું હરવું ફરવું કે મૌન રહેવું અને તેનાથી ઉપસ્થિત થનાર અસરો સમગ્ર દુનિયા માટે લાભદાયક અને ફાયદાકારક હોય છે.

શરત માત્ર એટલી છે કે, તે પૂર્ણ મુઅ્મિન હોય તથા અલ્લાહ તઆલા અને રસૂલે કરીમ (સલ.)ની તઅલીમનો પાબંદ હોય.

પ્રસ્તુત ચર્ચાથી જાણ થઈ કે, **'તુઉ્તી ઉકુલહા કુલ્લ હીન'**માં **'ઉકુલ'**નો ભાવાર્થ ''ફળ અને ખાવાલાયક વસ્તુ'' છે, અને **'હીન'**નો ભાવાર્થ ''દરેક સમયે, દરેક પરિસ્થિતિમાં'' છે. મોટાભાગના વિવરણકારોએ એને જ અગ્રિમતા આપી છે. અમુક લોકોએ બીજા નિવેદનો પણ કર્યા છે.

કાફિરોનું ઉદાહરણ :

તેનાથી વિપરીત બીજું ઉદાહરણ કાફિરોનું **'શજરએ ખબીષહ'**થી આપવામાં આવ્યું છે. જે પ્રમાણે 'કલિમતુ તય્યિબહ'નો ભાવાર્થ **'લા ઈલાહ ઈલ્લલ્લાહ'**નું કથન છે. એટલે કે 'ઈમાન' છે. એ જ પ્રમાણે **'કલિમએ ખબીષહ'**નો ભાવાર્થ ''કુફ્રના વાક્યો અને કુફ્રની પ્રવૃત્તિઓ'' છે. શજ્રએ ખબીષહનો ભાવાર્થ 'હન્ઝલ' (કાંટાળા થોર)નું ઝાડ છે અને અમુકે 'લસણ' વગેરેને કહ્યું છે. વલ્લાહુ અઅ્લમુ.

આ 'શજ્રએ ખબીષહ'નું કુર્આને એ વર્ણન કર્યું છે કે, તેના મૂળિયાં જમીનની અંદર વધારે ઉંડા નથી ઉતરતા. એટલા માટે જ્યારે કોઈ ઈચ્છે તે ઝાડને સંપૂર્ણ મૂળ સહિત જમીનમાંથી ઉખેડી શકે છે. **''ઉજતુષ્ષત્ મિન ફ્વ્કિલ્ અર્દ''**નો આ જ અર્થ છે. કારણ કે 'ઉજતુષ્ષત્'નો મૂળ અર્થ એ છે કે, ''કોઈ વસ્તુને મૂળિયાં સહિત પૂરેપૂરૂં ઉઠાવી લેવામાં આવે.''

કાફિરના અમલો તે વૃક્ષ સાથે સરખાવવાનું કારણ દેખીતું છે કે, પ્રથમ તો તેમના અકીદાઓ (માન્યતાઓ)નું કોઈ મૂળ કે પાયો જ નથી, થોડીવારમાં જ હલી જાય છે. બીજું દુનિયાની ગંદકીથી પ્રભાવિત થાય છે. ત્રીજું તેમના વૃક્ષના ફળ-ફૂલ એટલે કે તેમના અમલો અને પ્રવૃત્તિઓ અલ્લાહ તઆલા સમીપ નિરર્થક છે.

ઈમાનનો ખાસ પ્રભાવ (અસર) :

ત્યાર બાદ મુઅ્મિનના ઈમાન અને કલિમએ તય્યિબહનો એક ખાસ

પ્રભાવ બીજી આયતમાં વર્ણન કરવામાં આવ્યો છે. **"યુષબ્બિતુલ્લાહુલ્-લઝીન આમનુ બિલ્કવ્લિસ્ષાબિતી ફિલ્ હયાતિદ્ દુન્યા વફીલ આખિરહ"** એટલે કે, મુઅ્મિનનો કલિમએ તય્યિબહ મજબૂત અને સ્થાયી વૃક્ષની જેમ એક પાકું અને મક્કમ વચન છે, જેને અલ્લાહ તઆલા હંમેશા કાયમ અને ટકાવી રાખે છે, દુનિયામાં પણ અને આખિરતમાં પણ. એ શરતે કે, આ કલિમો ઈખ્લાસ સાથે કહેવામાં આવે અને "લા ઈલાહ ઈલ્લલ્લાહ"ના ભાવાર્થથી સંપૂર્ણ રીતે સમજીને અપનાવવામાં આવે.

મતલબ એ છે કે, આ કલિમએ તય્યિબહ ઉપર ઈમાન રાખનારનું દુનિયામાં પણ અલ્લાહ તઆલા તરફથી સમર્થન થાય છે. જેના કારણે તે મૃત્યુ સુધી આ કલિમા ઉપર કાયમ રહે છે. ભલે તેના વિરૂદ્ધ કેટલીય દુર્ઘટનાઓનો મુકાબલો કરવો પડે અને આખિરતમાં આ કલિમાને કાયમ અને ટકાવી રાખીને તેની મદદ કરવામાં આવે છે. સહીહ બુખારી અને મુસ્લિમની એક હદીષમાં છે કે, આખિરતનો ભાવાર્થ આ આયતમાં 'બરઝખ' એટલે કે "કબ્રની દુનિયા" છે.

(૨૪) ગફલતમાં પડેલા લોકોનો પશુઓ જેવો દાખલો

وَلَقَدْ ذَرَاْنَا لِجَهَنَّمَ كَثِيْرًا مِّنَ الْجِنِّ وَالْاِنْسِ ۖ لَهُمْ قُلُوْبٌ لَّا يَفْقَهُوْنَ بِهَا ۡ وَلَهُمْ اَعْيُنٌ لَّا يُبْصِرُوْنَ بِهَا ۡ وَلَهُمْ اٰذَانٌ لَّا يَسْمَعُوْنَ بِهَا ؕ اُولٰٓئِكَ كَالْاَنْعَامِ بَلْ هُمْ اَضَلُّ ؕ اُولٰٓئِكَ هُمُ الْغٰفِلُوْنَ ﴿۱۷۹﴾ (اعراف:۱۷۹)

અને અમે એવા ઘણા જિન્નાતો અને ઈન્સાનો દોઝખ(માં જ રહેવા) માટે પેદા કર્યા છે, જેઓનાં દિલ એવાં છે કે તે વડે તેઓ (સત્ય હકીકતને) સમજતા નથી અને આંખો એવી છે કે તે વડે (સત્યને) જોતા નથી અને કાન એવા છે કે તે વડે (કુર્આનને) સાંભળતા નથી. તેઓ (આખિરતના વિષયમાં) પશુઓ જેવા છે, બલકે તે પશુઓથી પણ વધુ બદતર છે; (કારણ કે) એ લોકો (લક્ષ દોરવા છતાં) બેખબર છે. (૧૭૯)

કેટલાક જિન્નો અને માણસોને દોઝખમાં રહેવા માટે પેદા કરવાનો મતલબ એ છે કે, જો કે અલ્લાહ તઆલાએ સૌને તેની ઈબાદતના માટે પેદા કર્યા છે; છતાં જે કમનસીબો ઈમાનથી વિમુખ રહી ઈબાદત કરશે નહિ, તેઓ પરિણામે દોઝખમાં જઈ સદા તેમાં રહેશે. તેથી જાણે એમ જ થયું કે દોઝખ માટે જ પેદા કર્યા હતા, કારણ કે તેઓનાં દિલ, આંખ, કાન સૌ કંઈ હોવા છતાં દિલથી અલ્લાહની આયતો તરફ લક્ષ આપી વિચારતા નથી. તેમજ કુદરતની નિશાનીઓનું ઊંડી નજરથી અવલોકન કરતા નથી. ખુદાઈ વાતોને ગ્રહણ કરવા ખાતર સાંભળતા નથી. પશુઓ માફક પોતાની સર્વ શકિતઓને માત્ર દુન્યવી લઝઝતો અને મનેચ્છાઓ તેમજ વાસનાઓને વશ કરી દીધી. માનસિક કમાલો અને ફરિશ્તાઓ જેવી ખૂબીઓની પ્રાપ્તિ તરફ લક્ષ આપતા જ નથી, તેથી પશુઓ જેવા, બલકે ખરું જોતાં પશુઓ કરતાં પણ ભૂડાં છે, કારણ કે પશુ પોતાના માલિકના બોલાવતાં તેની પાસે આવી જાય છે; તેની ધમકીથી અટકી જાય છે; પરંતુ એવા લોકો કદી પણ પોતાના સાચા માલિકની વાત પર લક્ષ આપતા નથી. વળી, પશુઓને આખિરત સંબંધી પરિણામ સમજવાની શકિત આપવામાં આવી નથી તેથી તે સમજી શકતા નથી; પરંતુ એવા લોકોને એ શકિત આપવા ઉપરાંત તે સંબંધી સમજાવવા અને તે તરફ લક્ષ દોરવા છતાં દુર્લક્ષ સેવે છે, તો પશુઓ કરતાં પણ બુરા થયા.

અને સઘળાં સારાં સારાં નામ અલ્લાહ તઆલાનાં જ છે, માટે તે નામો વડે તેને જ પુકારો અને એવા લોકોથી સંબંધ પણ ન રાખો કે જેઓ (નાદાનીથી) તેનાં નામોમાં અવળા માર્ગે દોરાય છે; તેઓ પોતાની કરણીની જરૂર શિક્ષા ભોગવી લેશે. (૧૮૦)

ગાફિલોનું પરિણામ બતાવી મુઅમિનોને ચેતવણી આપી કે તમે ગફલત ત્યજી દો. અલ્લાહ તઆલાની યાદ ગફલતને દૂર કરનાર હોવાથી તમે સદા તેને તેનાં નામો જે સૌ સારાં જ છે, તે વડે તેને પુકારો અને સારી સિફતોથી યાદ કરો. અલ્લાહ તઆલાના ગુણો દર્શાવતા નવ્વાણું નામો છે, તેના વડે

દુઆ માંગશો તો તે તમારા ઉપર રહમતો વરસાવશે, તેનાં નામો અને સિફતોમાં અવળા માર્ગે દોરાવું એ છે કે તેનાં નામો અને ગુણોને શરીઅત વિરુદ્ધ બયાન કરે અથવા બીજા માટે સાબિત કરે અથવા તેનાં નામોને જાદૂ અથવા અન્ય કોઈ ગુનાહના કામમાં ઉપયોગ કરે.

અને અમારી મખ્લૂક (જિન્ન અને ઈન્સાન)માંથી એક સમૂહ એવો પણ છે કે જે સત્ય (ઈસ્લામ)નો માર્ગ બતાવે છે અને તેની માફક જ ઈન્સાફ પણ કરે છે (૧૮૧) અને જે લોકો અમારી આયતોને જુઠાડે છે, તેઓને અમે ધીમે ધીમે એવી રીતે પકડીશું કે તેઓને ખબર પણ પડશે નહિ. (૧૮૨) અને હાલ હું તેઓને ઢીલ આપું છું. બેશક, મારી યુકિત બહુ ચોક્કસ છે. (૧૮૩)

જુઠાડનારા પાપીઓને ઘણી વખત તાત્કાલિક શિક્ષા મળતી નથી; બલ્કે દુન્યવી ઐશ-આરામ અને ધન-દૌલતના દરવાજા ખોલી દેવામાં આવે છે. એટલે સુધી કે ખુદાઈ શિક્ષાથી નચિંત બની ગુનાહો કરવા પર વધુ હિંમતવાન બની જાય છે. આ પ્રમાણે તેઓ ધીમે ધીમે સ્પષ્ટ અને સંપૂર્ણ રીતે તે છેવટની શિક્ષાને પાત્ર થઈ જાય છે; જે તેઓ માટે નિર્માણ થઈ છે, એ જ અલ્લાહપાકના તરફથી ઢીલ છે, પરંતુ તેઓ મૂર્ખતાથી એમ સમજે છે કે અમારા ઉપર મહેરબાની થઈ રહી છે, એને જ અલ્લાહ તઆલાએ પોતાના દાવ અથવા ગુપ્ત યુકિત ફરમાવેલ છે. એટલે તે જાહેરમાં રહમત, પણ બાતિનમાં કોપ અને અઝાબ હોય છે. બેશક, અલ્લાહ તઆલાની યુકિત એવી અચૂક અને મજબૂત છે કે તે અન્ય કોઈના દાવપેચ અને યુકિતથી ટળી શકતી નથી.

ગફલતવાળાનો દાખલો :

જેને અલ્લાહ તઆલા હિદાયત આપે છે, બસ તે જ હિદાયત પ્રાપ્ત કરનાર હોય છે. અને જેને ગુમરાહ કરે, બસ એવા જ લોકો (કાયમી) નુકસાનમાં પડી જાય છે (પછી તેમનાથી હિદાયતની આશા કરવી અને હિદાયત ન મળવાથી દિલગીર થવું બેકાર છે). અને (જ્યારે તે લોકો

પોતાની સમજશક્તિથી કામ જ નથી લેતા, તો હિદાયત ક્યાંથી થાય ? બસ, તેમના નસીબમાં તો દોઝખ જ છે, આથી) અમે એવા ઘણા બધા જિન્નાતો અને મનુષ્યો દોઝખ(માં રહેવા) માટે પેદા કર્યા છે, જેમના (કહેવા માટે તો) દિલ (છે, પરંતુ) એવા છે જેનાથી તેઓ (સત્ય વાતને) સમજતા નથી (એટલા માટે સમજવાનો પ્રયત્ન પણ કરતા નથી), અને જેમની (કહેવા માટે તો) આંખો છે, પરંતુ એવી છે જેનાથી (ધ્યાન આપીને સત્ય વાતને અને દલીલ સ્વરૂપે કોઈ પણ હકીકતને) જોતા નથી અને જેમના (નામ પૂરતા) કાન (છે પરંતુ) એવા છે જેનાથી (ધ્યાન કેન્દ્રિત કરી સત્ય વાતને) સાંભળતા નથી. મતલબ કે આ લોકો (આખિરત તરફથી બેધ્યાન થવામાં) પશુઓ જેવા છે, બલ્કે (એવી હાલતમાં છે કે પશુઓને તો આખિરત તરફ ધ્યાન કેન્દ્રિત કરવાની કે લક્ષ આપવાની જરૂર પણ નથી અને તેમને તેના જવાબદાર પણ બનાવવામાં આવ્યા નથી. માટે આ પશુઓનું આ બાબત તરફ ધ્યાન કેન્દ્રિત ન કરવું અથવા લક્ષ ન આપવું કોઈ નિંદાપાત્ર બાબત નથી અને આ દુષ્ટ લોકોને તો આ હુકમ છે તો પણ દુર્લક્ષ સેવે છે. બસ, એ આધારે આ લોકો (તે પશુઓથી પણ) વધારે બદ્તર છે (કારણ કે) આ લોકો (ધ્યાન અપાવવા છતાં આખિરતથી) ગાફેલ (એટલે કે દુર્લક્ષ સેવનાર) છે.

મસ્અલા અને બોધપાઠ :

આ પ્રથમ આયતનો વિષય એ છે કે, જેને અલ્લાહ તઆલાએ સીધા માર્ગની હિદાયત આપી દીધી તે હિદાયત મેળવનાર છે, અને જેને ગુમરાહ કરી દીધો તે જ નુકસાન ઉઠાવનારો છે.

આ વિષય કુર્આન શરીફની ઘણી બધી આયતોમાં વારંવાર આવ્યો છે. જેમાં બતાવવામાં આવ્યું છે કે હિદાયત અને ગુમરાહી તથા દરેક ભલાઈ અને બુરાઈ તથા સારા-નરસાનો સર્જનહાર ફક્ત અલ્લાહ જલ્લ શાનહુ જ છે. મનુષ્ય સમક્ષ સારા અને નરસા, સાચા અને ખોટા, ભલા અને બુરા બંને માર્ગો ખુલ્લા કરી દેવામાં આવ્યા છે અને તેને એક ખાસ

પ્રકારનો અધિકાર આપવામાં આવ્યો છે. તે પોતાના આ અધિકારથી જો સાચા અને સીધા માર્ગ ઉપર ચાલે તો સવાબ અને જન્નતનો હકદાર બને છે તથા ખરાબ અને ખોટા માર્ગે ચાલે તો અઝાબ અને જહન્નમમાં તેમનું ઠેકાણું હોય છે.

અત્રે એ વાત પણ વિચારવા યોગ્ય છે કે, હિદાયત પ્રાપ્ત કરી લેવાને એકવચનથી વર્ણન કરવામાં આવ્યું છે અને ગુમરાહી અપનાવનારાઓનો બહુવચનમાં ઉલ્લેખ થયો છે. તેમાં ઈશારો એ વાત તરફ છે કે, હિદાયતનો માર્ગ એક જ છે, તે સત્ય દીન છે, જે હઝરત આદમ (અલૈ.)થી શરૂ થઈને ખાતમુલ અંબિયા (સલ.) સુધી બધા જ અંબિયા (અલૈ.)ની રીતભાત રહી છે. દરેકના મૂળભૂત સિદ્ધાંતો જેમકે તવહીદ (એકેશ્વરવાદ) વગેરે એકસમાન અને એક જ છે. એટલા માટે સત્યનું અનુસરણ કરનારા ભલે કોઈ પણ યુગમાં અથવા કોઈ પણ નબીની ઉમ્મતમાં હોય તથા કોઈ પણ નબીના દીન સાથે સંબંધ ધરાવતા હોય તે બધા એક જ છે.

અને ગુમરાહીના હજારો માર્ગો જુદા-જુદા છે, એટલા માટે ગુમરાહો (માર્ગ ભટકેલાઓ)ને બહુવચનમાં **'ફઉલાઈક હુમુલ્ ખાસિરૂન'** કહીને વર્ણન કરવામાં આવ્યા.

વળી આ આયતમાં એ વાત પણ લક્ષ આપવાપાત્ર છે કે, ગુમરાહી અને ખોટો માર્ગ ધારણ કરનારા લોકોને તો છેલ્લે ખરાબ પરિણામ ભોગવવાનું વર્ણન કરવામાં આવ્યું કે તે લોકો નુકસાનમાં પડનારા છે. તેનાથી વિપરીત હિદાયત પામનારા લોકો માટે કોઈ ખાસ બદલાનું અત્રે વર્ણન કરવામાં આવ્યું નથી, બલ્કે ફક્ત એટલું કહેવાને પૂરતું સમજી લેવામાં આવ્યું છે કે, "તેઓ હિદાયત પામેલા છે." તેમાં એ બાબત તરફ ઈશારો છે કે, આવી મહાન નેઅ્મત એટલે કે, હિદાયત પ્રાપ્ત થઈ ગઈ કે જે દીન અને દુનિયાની સમગ્ર નેઅ્મતો અને રહમતો ઉપર વર્ચસ્વ ધરાવે છે, દુનિયામાં પવિત્ર જિંદગી અને આખિરતમાં જન્નતની અનંતકાલીન નેઅ્મતો હિદાયત સાથે જ સંલગ્ન છે. આ આધારે હિદાયત પોતે જ એક

અગત્યની મહાન નેઅ્મત અને મોટું ઈનામ છે. જેને પ્રાપ્ત કર્યા પછી તે નેઅ્મતોનો ઉલ્લેખ કરવાની આવશ્યકતા નથી રહેતી, જે હિદાયતના બદલામાં પ્રાપ્ત થનારી છે.

એનું ઉદાહરણ એવું છે જેમકે કોઈ મોટી હુકૂમત અથવા રાજ્યનો માલિક કોઈ વ્યક્તિને એવું કહી આપે કે તમે અમારા નિકટવર્તી વર્તુળમાંથી છો, અમે તમારી વાત સાંભળીશું અને માની લઈશું, તો દરેક જાણકાર જાણે છે કે, દુન્યવી દૃષ્ટિએ આ સન્માનથી વધીને કોઈ મોટો હોદ્દો અથવા સન્માન કે કોઈ દોલત નથી હોઈ શકતી.

એ જ પ્રમાણે જ્યારે અલ્લાહ તઆલાએ કોઈ વ્યક્તિને ''હિદાયત પામી ચૂકેલા''નું ઉપનામ આપી દીધું, તો તેને દીન અને દુનિયાની સમગ્ર નેઅ્મતો પ્રાપ્ત થઈ ગઈ. એટલા માટે પુરોગામી બુઝૂર્ગોએ ફરમાવ્યું કે, અલ્લાહ તઆલાનો ઝિક્ર અને ઈબાદત પોતે જ પોતાનો બદલો અને અલ્લાહ તઆલાની મહાન દેણ છે. જે વ્યક્તિ અલ્લાહપાકના ઝિક્રમાં પરોવાયેલો રહે છે તે, તે જ વખતે અલ્લાહ તઆલાનું ઈનામ અને તેનો રોકડ બદલો મેળવી રહ્યો છે. આખિરત અને જન્નતનું ઈનામ એ બીજું ઈનામ અને નેઅ્મત છે. તેને કુર્આને કરીમના આ આયતના ભાવાર્થથી સમજી શકાય છે, જેમાં ફરમાવ્યું : **"જઝાઅમ્ મિર્બ્બિક અતાઅન"** કે એક જ વસ્તુને 'બદલો' પણ કહેવામાં આવ્યો અને 'ભેટ' પણ; જ્યારે કે બંને વસ્તુઓ અલગ-અલગ છે. બદલો કોઈ પ્રવૃત્તિનું વળતર હોય છે, અને ભેટ કોઈ વળતર વિના પણ હોઈ શકે છે.

એમાં જ બદલો અને ભેટની વાસ્તવિકતા બતાવી આપી કે જે વસ્તુને તમે ભેટ અથવા અમલનું વળતર કે બદલો સમજી રહ્યા છો તે પણ વાસ્તવમાં અમારી ભેટ અને ઈનામ જ છે. કારણ કે જે અમલનો આ બદલો મળ્યો છે તે અમલ પોતે જ અમારું ઈનામ હતું.

બીજી આયતમાં પણ આ જ વિષયની વધારે સ્પષ્ટતા કરવામાં આવી છે કે, હિદાયત અને ગુમરાહી બંને અલ્લાહ તઆલાના કાબૂ અને કબજામાં

છે. જેને હિદાયત મળી ગઈ તે વ્યક્તિથી બધા કાર્યો હિદાયતને યોગ્ય હોય એવા જ થાય છે. અને જે ગુમરાહીમાં પડી ગયો તેના દ્વારા બધા કાર્યો તે પ્રમાણેના જ થશે.

એટલા માટે ફરમાવ્યું કે, અમે જહન્નમ માટે ઘણા બધા જિન્નાતો અને મનુષ્યોને પેદા કર્યા છે, જેમની નિશાનીઓ એ છે કે તેમની પાસે સમજવા માટે દિલો અને જોવા માટે આંખો અને સાંભળવા માટે કાન છે, કે જેમનો તે સાચો ઉપયોગ કરે તો સીધો માર્ગ પામી લે અને લાભ તથા નુકસાનને સમજી લે. પરંતુ તેમની પરિસ્થિતિ એ છે કે, ન તો તેઓ દિલોથી વાતને સમજે છે અને ન જ આંખોથી વસ્તુઓને જુએ છે અને ન તો કાનોથી સાંભળવાની બાબતોને સાંભળે છે.

એમાં એ બતાવવામાં આવ્યું કે, જો કે અલ્લાહની તકદીર એક અત્યંત ગૂઢ રહસ્ય છે, જેનું આ જગતમાં કોઈને જ્ઞાન નથી હોતું. પરંતુ નિશાનીઓથી અમુક અંદાજો અને અનુમાન લગાવી શકાય છે. જેમકે, જહન્નમવાળાઓની નિશાનીઓ એ છે કે તેઓ અલ્લાહ તઆલાએ આપેલી શક્તિ, ક્ષમતા અને સામર્થ્ય અનુસાર યોગ્ય કામો નથી કરતા. સાચા જ્ઞાન અને મઅ્રિફત માટે જે અલ્લાહ જલ્લ શા'નુહૂએ બુદ્ધિ અને આંખો કે કાન અર્પણ કર્યા છે, તેને પણ યોગ્ય સ્થાને વાપરતા નથી અને તેનો જે વાસ્તવિક હેતુ કે જેના દ્વારા કાયમી અને અંતવિહીન્ રાહત અને સહૂલત મળી શકતી હતી, તે તેના તરફ લક્ષ પણ આપતા નથી.

આયતમાં કાફિરોમાં સમજવા, જોવા અને સાંભળવાની શક્તિ ન હોવાનું જાહેર થાય છે, જે દેખીતી રીતે વાસ્તવિકતા વિરૂદ્ધ લાગે છે, પણ એવું નથી. - યોગ્ય ખુલાસો :

આ આયતમાં તે લોકોની સમજવાની, જોવાની તથા સાંભળવાની શક્તિ ન હોવાની જાહેરાત થાય છે કે, તેઓ ન તો કંઈ સમજે છે, ન જ કોઈ વસ્તુને જુએ છે, ન જ કોઈ વાત સાંભળે છે. જ્યારે કે વાસ્તવિકતા અને સાબિતી એ છે કે આ લોકો ન તો પાગલ અથવા ગાંડા હોય છે કે કંઈ જ

ન સમજી શકે અને ન જ તેઓ આંધળા હોય છે કે કંઈ જોઈ ન શકે અને ન જ બહેરા હોય છે કે કંઈ જ સાંભળતા નથી, બલ્કે સાબિતી અને પ્રત્યક્ષ હકીકત એ છે કે, દુનિયાના કાર્યોમાં આ લોકો મોટે ભાગે વધારે ચાલાક અને હોશિયાર નજરે પડે છે.

પરંતુ વાત એમ છે કે, અલ્લાહ તઆલાએ પોતાની મખ્લૂકોમાંથી દરેક સર્જનમાં તેની આવશ્યકતા પ્રમાણે તેની જિંદગીના મૂળભૂત ઉદ્દેશને સમજવા માટેની અક્કલ અને બુદ્ધિ આપી રાખી છે, જેનાથી તે વસ્તુસ્થિતિનો વિચાર કરી શકે છે. હવે જે વસ્તુઓને આપણે સુધ-બુધ વગરની અથવા તો બુદ્ધિહીન સમજીએ છીએ, વાસ્તવમાં તે પણ પોતાની કક્ષા પ્રમાણે બુદ્ધિ કે સમજદારીથી ખાલી નથી. અલબત્ત, આ વસ્તુઓમાં તેમની પોતાની ક્ષમતા અને પ્રમાણ હોય છે, જે પ્રમાણ તેમના અસ્તિત્વના હેતુને પૂર્ણ કરવા માટે પૂરતું હોય છે. સૌથી ઓછી બુદ્ધિ ધરાવનાર અને સમજદારી ધરાવનાર જેને કુત્રિમ અને માનવસર્જિત વ્યાખ્યા પ્રમાણે નિર્જીવ સમજવામાં આવે છે. જેમકે માટી, પથ્થર વગેરે જે ન તો વૃદ્ધિ પામે છે અને ન જ પોતાના સ્થળેથી હલન-ચલન કરી શકે છે, અને તેમનામાં જીવનની કોઈ નિશાની ઓળખવી પણ અત્યંત મુશ્કેલ છે. હવે તેનાથી થોડી ઉપલી કક્ષાના સર્જન એટલે કે વનસ્પતિમાં વિચાર કરીએ કે, જેના અસ્તિત્વનો હેતુ વૃદ્ધિ પામવું, ફળવું-ફૂલવું વગેરે છે. તેને તેના પ્રમાણમાં સમજદારી અને બુદ્ધિ આપવામાં આવી. ત્યાર પછી પ્રાણીઓ અને પશુ-પક્ષીઓ કે જીવ-જંતુઓનો નંબર છે, જેમના જીવનના હેતુમાં વૃદ્ધિ પામવી પણ સામેલ છે, હલન-ચલન કરીને પોતાનો ખોરાક શોધવો પણ તથા નુકસાનકર્તા વસ્તુઓથી બચવું અને પોતાનો વંશ પેદા કરવો પણ સામેલ છે. એટલા માટે તેમને જે બુદ્ધિ અને સમજદારી મળી છે તે આ માનવસર્જિત વ્યાખ્યા પ્રમાણેના નિર્જીવો કરતા થોડી વધારે મળી. પરંતુ એટલું જ કે તેનાથી તેઓ પોતાનો ખોરાક પ્રાપ્ત કરી પેટ ભરે, સૂએ-જાગે વગેરેની વ્યવસ્થા કરે, દુશ્મનથી પોતાનો જીવ બચાવે, વગેરે. ત્યારબાદ મનુષ્યનો નંબર છે, જેના અસ્તિત્વનો હેતુ બધી જ વસ્તુઓ કરતાં ઉચ્ચ કક્ષાનો એ છે કે તે પોતાના પેદા કરનાર,

પોષણ આપનાર પાલનહારને ઓળખે, તેની મરજી પ્રમાણે ચાલે, તેને નાપસંદ હોય એવી અપ્રિય વસ્તુઓથી બચે, સમગ્રસર્જનની વાસ્તવિકતા ઉપર દૃષ્ટિપાત કરે અને તે સર્જનને પોતાના ઉપયોગમાં કામે લગાડે અને દરેક વસ્તુઓના પરિણામો અને હેતુઓને સમજે. ખરા-ખોટા, સારા-નરસાને પારખે, બુરાઈઓથી બચે, ભલાઈઓને અપનાવે, આ જ મનુષ્ય જાતિની ખાસિયત છે કે તેને પ્રગતિ કરવા માટે મોકળું મેદાન મળ્યું છે, જે અન્ય પ્રાણી કે સજીવને પ્રાપ્ત થયું નથી કે, જ્યારે તે પ્રગતિ કરે છે તો ફરિશ્તાઓની હરોળથી આગળનું સ્થાન પ્રાપ્ત કરી લે છે. તેની ખાસિયત એ છે કે, તે સારા આચરણ અને સારી પ્રવૃત્તિ ઉપર સારો બદલો અને દુષ્કૃત્યો ઉપર સજા પણ મેળવશે. એટલા માટે તેને બુદ્ધિ અને સમજદારી પણ સૃષ્ટિના સર્જનમાં સૌથી વધારે અર્પણ કરવામાં આવી છે, જેથી તે સામાન્ય પશુ-પ્રાણીઓના સ્તરથી ઊંચો ઊઠીને પોતાના અસ્તિત્વનો હેતુ પૂર્ણ કરવા યોગ્ય કાર્યોમાં લાગી જાય. અલ્લાહ તઆલાની આપેલી વિશેષ બુદ્ધિ અને સમજદારી અને તેની બખ્શેલી દિર્ઘદૃષ્ટિ તથા અંતઃચક્ષુથી જોવાની, નિહાળ વાની શક્તિને ખર્ચે અને તે અનુસાર કાર્યરત થાય.

જ્યારે આ વાસ્તવિકતા સામે આવી ચૂકી ત્યારે એક મનુષ્યનું વસ્તુ-સ્થિતિને સમજવું, જોવું, સાંભળવું અન્ય પશુઓના સમજવા, જોવા અને સાંભળવાથી અલગ પ્રકારનું હોવું જોઈએ. જો તેણે તેમાં પણ તે જ પ્રમાણે પોતાની બુદ્ધિ, દૃષ્ટિ તથા શ્રવણશક્તિની ક્ષમતાને કામે લગાવી દીધી. જેમકે બીજા જાનવરો તે પ્રવૃત્તિઓમાં રત હોય છે અને જે મનુષ્યજાતિ માટે વિશેષ પ્રકારનું કાર્ય અને પ્રવૃત્તિ હતી જેમકે દરેક વસ્તુના પરિણામ અને અંજામ ઉપર દૃષ્ટિ કરે, બુરાઈથી બચે, ભલાઈઓને અપનાવે; તેના ઉપર ધ્યાન ન આપ્યું તો તેનામાં અક્કલ હોવા છતાં પણ બુદ્ધિહીન તથા જોવાની શક્તિ હોવા છતાં પણ આંધળો અને સાંભળવાની શક્તિ હોવા છતાં પણ બહેરો જ કહેવામાં આવશે. કુર્આને કરીમે અન્ય સ્થળે **"સુમ્મુમ બુકમુન ઉમ્યુન"** કહ્યું છે કે, "આવા લોકો બહેરા, મૂંગા અને આંધળા છે."

એમાં એનો ઉલ્લેખ નથી કે તેઓ પોતાના ખાવા-પીવા, રહેવા-સહેવા અને સૂવા-જાગવાની આવશ્યકતાઓને પણ સમજશે નહીં અથવા એ કે, તેનાથી સંબંધિત વસ્તુઓને જોતા-સાંભળતા નથી. બલ્કે પોતે કુર્આને કરીમે તે લોકો વિશે એક સ્થળે **"યઅ્લમુન ઝાહિરમ્ મિનલ હયાતિદ્ દુન્યા વહુમ અનિલ્ આખિરતી હુમ ગાફિલૂન"** *(૩૦:૭)* ફરમાવ્યું. એટલે કે આ લોકો દેખીતી દુનિયાની જિંદગીને ખૂબ સારી રીતે જાણે છે, પરંતુ આખિરતથી બેદરકાર, જાહિલ અને અજ્ઞાન છે. ફિરઔન અને હામાન અને એમની કોમ વિશે ફરમાવ્યું : **"વકાનુ મુસ્તબ્સિરીન"** *(૨૯:૩૮)* એટલે કે, આ લોકો મોટા તેજસ્વી બુદ્ધિના છે, પરંતુ કારણ કે તેમની બુદ્ધિ અને દૃષ્ટિનો સમગ્ર હેતુ અને વર્તુળ ફક્ત એટલું જ રહ્યું છે, જેટલું કે સામાન્ય પશુઓનું હોય છે કે તે પોતાના શરીરની સેવા કરાવી અને પોતાની રૂહની સેવા અને તેની રાહત વિશે કંઈ જ ન વિચાર્યું, ન જોયું. એટલા માટે તેઓ પોતાના આર્થિક ઉપાર્જનમાં તથા દુનિયાની જિંદગીમાં કેટલીય પ્રગતિ કરી લે, ચાંદ અને ગ્રહો ઉપર વિજય પ્રાપ્ત કરી લે, કૃત્રિમ ઉપગ્રહોને દુનિયાના વાતાવરણમાં ફેરવી દે, પરંતુ આ બધી સેવા ફક્ત પોતાના શરીરના પાંચ-છ ફૂટના માળખા માટે અને પેટ માટે જ છે, તેનાથી આગળ કશું જ નથી કે જે રૂહ માટે સંપૂર્ણ રાહત અને સહૂલતનો સામાન બને. આથી કુર્આને કરીમે તેમને આંધળા અને બહેરા કહ્યા છે. અને આ આયતમાં તેમની સમજવાની, જોવાની અને સાંભળવાની શક્તિ હણાઈ ચૂકી છે, એવું જાહેર કરવામાં આવ્યું છે. મતબલ એ છે કે, તે લોકોએ જે સમજવું જોઈતું હતું તે ન સમજ્યું, જે નિહાળવું જોઈતું હતું તે ન જોયું અને ન જ સાંભળ્યું. જેમકે સામાન્ય પશુઓના સ્તરની શારીરિક ક્ષમતાઓ હોય છે. જેમકે ગધેડા, ઘોડા, બળદ, બકરી વગેરે.

આથી પ્રસ્તુત આયતના અંતે આ લોકો વિશે ફરમાવ્યું : **"ઉલાઈક કલ્-અન્આમ"** એટલે કે, "આ લોકો પશુઓ જેવા છે." કે તેઓ ફક્ત પોતાના શરીરના માળખાની સેવામાં લાગ્યા છે. રોટી અને પેટ તથા તેની ફિકર-ચિંતા જ તેમના જીવનનો અંતિમ ઉદ્દેશ્ય છે. પછી ફરમાવ્યું, **"બલ્-**

હુમ અદલ્લુ" એટલે કે, "બલ્કે આ લોકો પશુઓ અને જાનવરોથી પણ વધારે મૂર્ખ છે." કારણ એ છે કે, જાનવરો તો શરીરના હુકમોના બાધ્ય પણ નથી, તેમના માટે સજા અને જઝાઅ્ નથી, તેમના જીવનનો હેતુ ફક્ત પોતાની આ જિંદગી અને શરીરના આ ઢાંચાની દુરુસ્તી સુધી રહે તો ઠીક છે, પરંતુ મનુષ્યને તો પોતાના અમલોનો હિસાબ આપવાનો છે અને તેના અમલો ઉપર સજા અથવા જઝાઅ્ (સારો બદલો) મળવાનો છે. એટલા માટે પોતાની આ જ પ્રવૃત્તિઓને પોતાના જીવનનો હેતુ અને મકસદ સમજવો એ પશુઓ કરતા પણ વધારે મૂર્ખામી છે, તદુપરાંત પશુઓ પોતાના માલિકની સેવા-ચાકરી સંપૂર્ણ રીતે કરે છે અને અવજ્ઞાકારી (નાફરમાન) માનવી તો પોતાના પાલનહાર અને માલિકની સેવામાં પણ ઊણો ઉતર્યો છે. આથી તે જાનવરોથી પણ વધારે મૂર્ખ, ગાફેલ અને બેદરકાર ઠરાવવામાં આવ્યો. કારણ કે તે આ બાબતો તરફ દુર્લક્ષ સેવે છે, તેને જ **"ઉલાઈક હુમુલ ગાફિલૂન"** ફરમાવવામાં આવ્યું.

(૨૫) જૂઠા મઅ્બૂદોનો દાખલો

إِنَّ الَّذِيْنَ تَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ عِبَادٌ اَمْثَالُكُمْ فَادْعُوْهُمْ فَلْيَسْتَجِيْبُوْا لَكُمْ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿۱۹۴﴾ اَلَهُمْ اَرْجُلٌ يَّمْشُوْنَ بِهَآ اَمْ لَهُمْ اَيْدٍ يَّبْطِشُوْنَ بِهَآ اَمْ لَهُمْ اَعْيُنٌ يُّبْصِرُوْنَ بِهَآ اَمْ لَهُمْ اٰذَانٌ يَّسْمَعُوْنَ بِهَا

(اعراف: ૧૯૪، ૧૯૫)

શું તે લોકો એવાઓને (અલ્લાહ તઆલાના) શરીક ઠેરવે છે જેઓ કંઈ જ વસ્તુ બનાવી શકતા નથી, પણ તેઓ પોતે જ બનાવવામાં આવે છે ? ! (૧૯૧) વળી, તે (એવા લાચાર છે કે) તેઓની કોઈ પ્રકારની (પણ) મદદ કરી શકતા નથી, તેમજ ખુદ પોતાની પણ મદદ કરી શકતા નથી. (૧૯૨) અને જો તમે તેઓની કોઈ બાબત સૂચવવાને બોલાવો; તો તમારા કહેવા પર નહિ ચાલે; તમારા માટે સરખું જ છે કે તેઓને તમે પુકારો અથવા ચૂપ રહો. (૧૯૩)

એક અમુક પ્રકારના શિર્કનું વર્ણન આવતાં તેના સંબંધથી તેની સાથે મૂર્તિપૂજા અને સ્પષ્ટ શિર્કનો રદ કરતાં ફરમાવ્યું કે, જે વસ્તુ કોઈને ઉત્પન્ન કરવા શકિતમાન ન હોય, બલ્કે તમારા જ હાથોની બનેલી હોય તે તમારા મઅ્બૂદ બનવાપાત્ર કયાંથી થઈ શકે ? જે મૂર્તિઓને તમે પૂજ્ય ઠેરવી ખુદાઈનો હક આપ્યો છે, તે મૂર્તિઓ જ્યારે પોતાનું જ રક્ષણ કરવા શકિતમાન નથી, તો પછી તમારું કલ્યાણ શું કરી શકે ? વળી, મૂર્તિઓ તમારા હાથોની બનાવટ હોઈ તેના જાહેરમાં હાથ, પગ, નાક, કાન સઘળું જ હોય છે. છતાં (તે અવયવોમાં) એટલી શકિત નથી કે તમારા પુકારવાથી તે પગો વડે ચાલી શકે અથવા હાથ વડે કાંઈ પકડી શકે અને આંખો વડે જોઈ શકે તેમજ કાનો વડે સાંભળી શકે. જો પુકારીને તમે થાકી જાઓ તો પણ તમારા અવાજને સાંભળીને ચાલવા કે જવાબ આપવા સમર્થ નથી, તો પછી તમે તેની સમક્ષ પુકારતા રહો અથવા ચૂપ રહો, બન્ને વાતો એક સરખી જ છે, તેથી કંઈ લાભ થવો અસંભવિત છે ત્યારે જે ચીજ તમારા જેવી મખ્લૂક અને તમારા જેવી જ મોહતાજ હોય, બલકે તમારા કરતાં નીચ દરજાની અને તમારાથી પણ વધુ લાચાર હોય, તેને ખુદા ઠેરવી લેવું એ કેવી અચંબાજનક બાબત ગણાય.

ખરેખર, અલ્લાહ તઆલાને છોડી તમે જેઓની બંદગી કરો છો; તે પણ તમારા જેવા જ બંદા છે, છતાં જો તમે (તમારા દાવામાં) સાચા છો, તો તમે તેઓને પુકારો (અને) તે પછી તેઓને જોઈએ કે તમારું કહેલું કરી આપે.(૧૯૪)

આટલું સમજાવ્યા છતાં તમે ન માનો અને તે મૂર્તિઓના મઅબૂદ હોવાનો દાવો કરો તો તે મૂર્તિઓ સમક્ષ તમારી કોઈ અરજી રજૂ કરી તે પ્રમાણે કરાવીને બતાવી આપો; પરંતુ તે મૂર્તિઓ શું કરી શકે ? જેની પાસે શકિતનાં સાધનો જ નથી, જેમકે આગળ ફરમાવ્યું.

શું તેઓના પગ છે કે જે વડે (તમારી માફક) ચાલતા હોય અથવા તેઓના હાથ છે કે જે વડે (કોઈ વસ્તુ) પકડી શકે યા તેઓની આંખો છે

કે જે વડે (તમારી માફક) જોતા હોય અથવા તેઓના કાન છે કે જે વડે સાંભળતા હોય ? આપ (એ પણ) ફરમાવી દો કે તમે તમારા સઘળા શરીકોને બોલાવી લો, પછી (સઘળા મળી) મારી સામે કાવતરું રચો અને મને (સહેજ પણ) મોહલત ન આપો. (પછી જુઓ કે તેઓ મારું શું બગાડે છે ?) (૧૯૫) બેશક, મારો મદદગાર તો અલ્લાહ જ છે કે જેણે આ (સત્ય) કિતાબ ઉતારી છે અને તે તો નેક બંદાઓની મદદ કર્યા જ કરે છે. (૧૯૬)

એથી વધુ અચરજ પમાડનાર અને હાસ્યજનક એ બીના હતી કે એવી અશકત અને તદ્દન લાચાર મૂર્તિઓનું ખંડન કરતાં મુશરિકો તે મૂર્તિઓથી નુકસાન પહોંચવાની ધમકી આપતા હતા અને એ શુભ કાર્ય પડતું મૂકવા આગ્રહ કરતા; તેના જવાબમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે જો તમે એમ ધારતા હો કે એ મૂર્તિઓ મને નુકસાન પહોંચાડવા શકિતમાન છે તો તમારા અરમાન પૂરા કરવા માટે તત્કાળ તમારા શરીકોને બોલાવી મારી વિરુદ્ધ સઘળી યુકિતઓ અને મનસૂબા તૈયાર કરીને એક મિનિટની પણ મોહલત આપ્યા વિના જે ધારો તે બધું કરી નાંખો. હું પણ જોઉં છું કે તમે મારું શું બગાડી શકો છો ? પરંતુ યાદ રાખો, કંઈ જ થવાનું નથી, કારણ કે તમારા શરીકો તો તદ્દન નમાલા છે અને તમે એકલા પણ કંઈ કરી શકતા નથી, કારણ કે અલ્લાહ તઆલા મારો સહાયક અને રક્ષક છે, તેથી જ તેણે મારા ઉપર બન્ને જગતની ભલાઈઓથી તદઉપરાંત આ પણ ખુદાઈ નિયમ છે કે તે નેક બંદાઓની સહાય કરે છે. તો હું નબી છું તેથી અવશ્ય તે મારી મદદ કરશે. સારાંશ કે જેના નુકસાનથી તમે ડરાવો છો, તે તદ્દન અશકત હોઈ મને બચાવનાર સર્વ શકિતમાન અલ્લાહ તઆલા છે, તો પછી બીક શાની ?

જુઠા માબૂદોની કમીઓ :

(મતલબ કે) ખરેખર તમે અલ્લાહને છોડીને જેની પૂજા કરો છો તે પણ તમારા જેવા જ (અલ્લાહને આધીન તેના ગુલામ) બંદાઓ છે (એટલે

કે તમારાથી વધીને નથી ભલે તે કંડારેલી મૂર્તિઓ હોય). બસ, (અમે તો તમને સાચા ત્યારે જ માનીશું કે) તમે તેમને પોકારો (અને) પછી તે તમારું કહેલું કરવા જોઈએ. જો તમે (તેમના મઅ્બૂદ હોવાના અકીદહમાં) સાચા છો (અને તે બીચારા તમારું કહેલું કઈ રીતે કરશે ? કહેવા અને સાંભળ વાની ઇન્દ્રી સુદ્ધાં તેમને નસીબ નથી થઈ, જોઈ લો) શું તેમના પગો છે, જેનાથી તેઓ ચાલતા હોય ? અથવા તેમના હાથ છે, જેનાથી કોઈ વસ્તુને પકડી શકે? અથવા તેમની આંખો છે, જેનાથી તેઓ જોતા હોય ? અથવા તેમના કાન છે, જેનાથી તેઓ સાંભળતા હોય ? (જ્યારે તેમનામાં કોઈ શક્તિ નથી તો કોઈ પ્રવૃત્તિ તેઓ કઈ રીતે કરી શકવાના છે ? અને) તમે (એ પણ) કહી આપો કે, (જે પ્રમાણે તેઓ પોતાના અનુયાયીઓને લાભ પહોંચાડવાથી લાચાર છે, એ જ પ્રમાણે પોતાના વિરોધીઓને નુકસાન પણ પહોંચાડી શકતા નથી. જેમકે તમે કહ્યા કરો છો કે, અમારી મૂર્તિઓ સાથે અસભ્યતાથી ન વર્તો, નહિતર તે તમારા ઉપર કોઈ આફત ઉતારી દેશે, અને જો તમે સમજતા હોય કે, તેઓ મને કોઈ નુકસાન પહોંચાડી શકે છે તો) તમે (પોતાના મનની મુરાદ પૂરી કરો અને) પોતાના બધા ભાગીદારોને બોલાવી લો, પછી (સૌ મળીને) મને નુકસાન પહોંચાડવાની યુક્તિઓ કરો, પછી (જ્યારે તમારા ષડયંત્રો રચાઈ જાય તો) મને જરા પણ મહોલત ન આપો (બલ્કે તરત તેને લાગુ કરો, જુઓ શું થાય છે ? અને કંઈ જ થવાનું નથી, કારણ કે તમારા ભાગીદારો તો માત્ર બનાવટી છે અને રહી વાત તમારી, તો તમે જે કંઈ હાથ-પગ મારી શકતા હોય તેનાથી તમે મારું કંઈ જ બગાડી શકવાના નથી કે) ચોક્કસ મારો મદદગાર અલ્લાહ તઆલા છે, જે (મારો મદદગાર અને સહાયક હોવાની ખુલ્લી સાબિતીએ છે કે તેણે (મારા ઉપર) આ કિતાબ (ઠોસ અને બધી જ પ્રકારની ભલાઈઓ સાથે) નાઝિલ કરી (અને જો અલ્લાહ મારો સહાયક અને મદદગાર ન હોત તો મને આટલી મોટી નેઅ્મત શા માટે અર્પણ કરે ?) અને (આ વિશિષ્ટ પ્રકારની દલીલ સિવાય એક સામાન્ય નિયમથી પણ તેનું મદદગાર હોવું જાહેર છે. તે નિયમ એ છે કે) તે (સામાન્ય રીતે) નેક બંદાઓની મદદ કર્યા

કરે છે, (તો અંબિયા અલૈ. તો આ નેક બંદાઓમાં શ્રેષ્ઠ અને સંપૂર્ણ કક્ષાના છે, અને હું નબી છું, તો મારો પણ અવશ્ય તે મદદગાર થશે. મતલબ એ કે જેના નુકસાનથી તમે મને ડરાવો છો, તે પોતે લાચાર છે. અને જે મને નુકસાનથી બચાવે છે, તે સર્વશક્તિમાન છે. પછી મને શા માટે કોઈ ભય કે ડર હોય ?) અને (જો કે આ જૂઠા મઅ્બૂદો મૂર્તિઓ વગેરેનું લાચાર હોવાનું કારણ તો જગજાહેર થઈ ચૂક્યું છે. કારણ કે અત્રે અલ્લાહપાકની શ્રેષ્ઠતા અને સર્વશક્તિમાન હોવાના વર્ણનને રસપ્રદ બનાવવા માટે તથા અલ્લાહ સિવાય અન્ય ગયરૂલ્લાહનો નકાર દલીલયુક્ત કરવાનો અને તેઓ દરેક વાતે અસમર્થ અને નિઃસહાય હોવાની જાહેરાત કરવાનો હેતુ છે, એટલા માટે ફરમાવવામાં આવ્યું કે) તમે જે લોકોની અલ્લાહપાકને છોડીને ઇબાદત કરો છો, તે (તમારા દુશ્મનોના મુકાબલામાં) તમારી કંઈ જ મદદ કરી શકતા નથી. અને (પોતાના દુશ્મનોના મુકાબલામાં જેમકે હું તેમનો દુશ્મન છું, પરંતુ મારા વિરુદ્ધ પણ તેઓ) ન જ પોતાની મદદ કરી શકે છે અને (મદદ કરવી તો ઘણી મોટી વાત છે) તેમને (તો) જો કોઈ વાત બતાવવા માટે પોકારો તો તેને (પણ) સાંભળશે નહીં. (તેનો પણ તે જ ઉપરોક્ત પ્રમાણેનો અર્થ હોઈ શકે છે) અને (જેમકે તેમની પાસે સાંભળ વાની ઇન્દ્રિય છે જ નથી. એ જ પ્રમાણે જોવા માટે આંખો પણ નથી અને તેમની કલ્પનાથી તે મૂર્તિઓની જે આંખો બનાવવામાં આવે છે, તે તો ફક્ત નામ પૂરતી હોય છે, તે કોઈ જ કામની નથી હોતી. એટલા માટે) તે (મૂર્તિઓ)ને તમે જુઓ છો કે જાણે કે તે તમને તાકી રહી છે (કારણ કે, તેમની શકલમાં આંખો બનાવેલી હોય છે) અને તે (વાસ્તવમાં) કંઈ પણ જોતા નથી (કારણ કે વાસ્તવમાં તે તો આંખો નથી. તેના ઉપર હાથ, પગ, સ્પર્શ વગેરે દરેક પ્રકારની ઇન્દ્રિય–Senses ન હોવાની જાહેરાત થાય છે. બસ, તો આવી લાચાર મૂર્તિઓનો ડર શું જોઈને બતાવો છો ?)

મસ્અલા અને બોધપાઠ :

"ઈન્ન વલિય્યિલ્લાહુલ્લઝી નઝ્ઝલલ્ કિતાબ વહુવ યતવલ્લસ્ સાલિહીન" અત્રે 'વલી'નો અર્થ "રક્ષક" અને "સહાયક" થાય છે. અને

'કિતાબ'નો અર્થ "કુર્આન" તથા 'સાલિહીન'નો અર્થ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ના મતે તે લોકો છે, જેઓ અલ્લાહ તઆલાની સાથે કોઈની બરાબરી ન કરે. તેમાં અંબિયા (અલૈ.)થી લઈને સામાન્ય નેક મુસલમાનો સુધી બધા શામેલ છે.

અને આયતનો અર્થ એ છે કે, મને તમારા વિરોધની એટલા માટે પરવાનથી કે મારો રક્ષક અને મદદગાર અલ્લાહ તઆલા છે, જેણે મારા ઉપર કુર્આન નાઝિલ કર્યું.

અત્રે અલ્લાહ તઆલાની બધી સિફતોમાંથી કુર્આન નાઝિલ કરવાની સિફતને વિશેષ સ્વરૂપે એટલા માટે વર્ણન કરવામાં આવ્યું કે, તમે જે મારી દુશ્મની અને વિરોધ ઉપર અડેલા છો, તો તેનું કારણ કુર્આનનું શિક્ષણ અને તેનું આમંત્રણ છે. જે હું તમને આપું છું, તો જેણે મારા ઉપર આ કુર્આન નાઝિલ કર્યું છે તે જ મારો સહાયક અને સંરક્ષક છે. આથી મને શા માટે કોઈ ફિકર-ચિંતા હોય ?

ત્યાર બાદ અંતિમ વાક્યમાં સામાન્ય નિયમ બતાવવામાં આવ્યો કે, અંબિયા (અલયહિસ્સલામ)ની તો ઘણી મોટી શા'ન છે. કોઈ સામાન્ય નેક મુસલમાનનો પણ અલ્લાહ તઆલા જ રક્ષક અને તેની દેખરેખ રાખનાર છે, તે તેની સહાય કરે છે. એટલા માટે તેમને કોઈ દુશ્મનથી અથવા કોઈની દુશ્મનીથી નુકસાન થતું નથી. મોટાભાગે તો દુનિયામાં જ તે તેને ગાલિબ (વિજયી) કરી આપે છે. અને જો કોઈ સમયે હિકમતના તકાદા સ્વરૂપે ગાલિબ ન પણ થાય, તો પણ તે તેના મૂળ હેતુમાં કોઈ ઉણપ કે ત્રુટી નથી. તે જાહેરમાં નિષ્ફળ દેખાતો હોવા છતાં પોતાના મૂળ મકસદના આધારે સફળ જ થયો હોય છે. કારણ કે મો'મિન સાલિહનો મૂળ હેતુ દરેક કામમાં અલ્લાહ તબારક વ તઆલાને રાઝી કરવો અને તેનું આજ્ઞાપાલન કરવાનો છે. જો તે દુનિયામાં કોઈ કારણથી નિષ્ફળ પણ થઈ જાય તો પણ અલ્લાહ તઆલાની ખુશીનો મૂળ હેતુ તો તેને પ્રાપ્ત થાય જ છે અને તે સફળ જ છે. વલ્લાહુ અઅ્લમુ.

(૨૬) તૌહીદ વગરના અમલોનું ઉદાહરણ

اَجَعَلْتُمْ سِقَايَةَ الْحَآجِّ وَعِمَارَةَ الْمَسْجِدِ الْحَرَامِ كَمَنْ اٰمَنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَجٰهَدَ فِيْ سَبِيْلِ اللّٰهِ ؕ لَا يَسْتَوٗنَ عِنْدَ اللّٰهِ ؕ وَاللّٰهُ لَا يَهْدِى الْقَوْمَ الظّٰلِمِيْنَ ﴿۱۹﴾ (توبہ:۱۹)

મુશરિકોનું આ કામ નથી કે પોતાની ઉપર કુફ્રને કબૂલ કરવાની હાલતમાં અલ્લાહની મસ્જિદોને આબાદ કરે, તે લોકોની સૌ કરણીઓ વ્યર્થ ગઈ અને દોઝખમાં જ તેઓ સદા રહેશે. (૧૭) અલ્લાહપાકની મસ્જિદોને આબાદ કરવી તે લોકોનું જ કામ છે કે જેઓ અલ્લાહ તઆલા પર અને આખિરતના દિવસ પર ઈમાન લાવ્યા હોય અને નમાઝ કાયમ રાખતા હોય અને ઝકાત આપ્યા કરતા હોય અને અલ્લાહ તઆલા સિવાય કોઈથી ડરતા ન હોય તો એવા લોકો સંબંધી આશા (એટલે વાયદો) છે કે તેઓ હિદાયત પામેલાઓમાં (દાખલ) થઈ જાય. (૧૮)

પ્રથમ ફરમાવ્યું હતું કે મુસલમાનો પરીક્ષા લેવાયા વિના છોડી દેવામાં આવનાર નથી, બલકે મહાન સખત કામો એટલે જિહાદ વગેરેમાં તેઓની અડગતા અને ધૈર્યતા જોવામાં આવશે. તેમજ આ જીવનના સઘળા સંબંધો કરતાં અલ્લાહ તથા રસૂલ (સલ.)ના સંબંધને કેવી રીતે અગ્રિમતા આપે છે, તે પણ જોવામાં આવશે. તે પછી અત્રે એ બતાવ્યું કે અલ્લાહપાકની મસ્જિદો ખરું જોતાં એવા જ ઉચ્ચ કોટિના મુસ્લિમો વડે આબાદ રહી શકે છે. મસ્જિદોની ખરી આબાદી એ જ છે કે તેમાં અલ્લાહ તઆલાની ઈબાદત તેની શાનને લાયક થતી રહે. અલ્લાહપાકની યાદ કરનારા ઘણા લોકો ત્યાં કોઈ પણ પ્રકારનાં અવરોધ વિના તેની યાદ કરતા રહે. નકામી અને અયોગ્ય બાબતોથી તે પવિત્ર સ્થળો જળવાય. તો આ બાબત કાફિરોથી બની શકે તેમ નથી. જુઓ, મક્કાના મુશરિકો પોતાને ઘણા ગર્વ સહિત મસ્જિદે હરામના મુતવલ્લી અને સેવક કહેતા હતા, પરંતુ તેઓની મુખ્ય સેવા એ હતી કે સેંકડો મૂર્તિઓ કઅબહમાં મૂકી તેમને ખુદાઈના હક્કો આપી દીધા હતા, નગ્ન થઈ તવાફ કરતા અને કરાવતા, અલ્લાહપાકની યાદના બદલે

સીટીઓ અને તાળીઓ વગાડતા અને અલ્લાહના સાચા પૂજારીઓને ત્યાં પહોંચવા દેતા ન હતા. ઈબાદતની ગણતરીમાં આવી શકે તેવું કામ માત્ર એટલું જ હતું કે હાજીઓને પાણી પિવડાવ્યું, હરમ શરીફમાં બત્તી સળ ગાવી, ખાનએ કઅબહ પર ગિલાફ ચઢાવ્યો, જરૂર વખતે તેની દુરુસ્તી કરાવી, પરંતુ એ કામ મુશરિક હોવાના કારણે ખાસ અલ્લાહપાકની ખાતર નહિ હોવાથી અલ્લાહપાકને ત્યાં મકબૂલ નથી, એટલે તે અકારત-વ્યર્થ ગણાશે. સારાંશ કે મુશરિકોથી મસ્જિદોની ખરી આબાદી સંભવિત નથી. એ કામ તો માત્ર તે લોકોનું જ છે, જેઓ અલ્લાહપાક પર અંતઃકરણપૂર્વક ઈમાન લાવી નમાઝ-ઝકાત અદા કરે છે અને અલ્લાહપાક સિવાય કોઈથી ડરતા નથી. તેઓને જિમ્મે મસ્જિદોથી મુશરિકોને કાઢી મૂકી પોતે તેની સંભાળ કરવી જરૂરી છે. જેમકે મુશરિકોથી મસ્જિદોની આબાદીને બદલે બરબાદી થાય છે.

શું તમે હાજીઓના પાણી પિવડાવવાને અને મસ્જિદે હરામ (એટલે ખાનએ કઅબહ)ના આબાદ રાખવાને તે માણસના (અમલોની) બરાબર કરી દીધું છે કે જે અલ્લાહ તઆલા પર અને આખિરતના દિવસ પર ઈમાન લાવ્યો હોય અને તેણે અલ્લાહ તઆલાના માર્ગમાં જિહાદ કર્યો હોય ? અલ્લાહ તઆલાની નજીક એ લોકો સરખા નથી અને અલ્લાહ તઆલા અન્યાયી લોકોને સદ્‌બુદ્ધિ આપતો નથી. (૧૯)

મક્કાના મુશરિકો આ વાત પર ઘણો ગર્વ રાખતા હતા કે અમે હાજીઓની સેવા કરી તેમને પાણી પિવડાવીએ છીએ, મસ્જિદે હરામની મરામત કરીએ છીએ, કઅબહના પરદા તથા ત્યાંની રોશનીનો બંદોબસ્ત કરીએ છીએ, તેથી જો મુસલમાનો પોતાના જિહાદ તથા હિજરત વગેરે અમલો પર ગર્વ કરે છે, તો મુકાબલામાં અમારી પણ ઉપરોકત મહાન ઈબાદતો છે. હઝરત અબ્બાસ (રદિ.)એ સૌથી છેલ્લી હિજરત કરી હતી. તે ઉપરથી હઝરત અલી (રદિ.)એ તેમને એક વખતે કહયું કે, જો તમે પણ પ્રથમથી હિજરત કરી હોત તો જિહાદમાં શામિલ થઈ અમારી માફક તમે પણ બુલંદ મર્તબો મેળવત. ત્યારે તેમણે પણ એ જ જવાબ આપ્યો હતો.

વળી, મુસ્લિમ શરીફમાં રિવાયત છે કે, એક વખત કેટલાક મુસલમાનોએ એ વિશે વાદવિવાદ કર્યો હતો. એકે કહયું કે, ઈસ્લામ પછી સર્વોત્તમ ઈબાદત હાજીઓને પાણી પિવડાવવું છે. બીજાએ કહયું, સર્વશ્રેષ્ઠ ઈબાદત મસ્જિદે હરામની સેવા (ઝાડુ–બત્તી વગેરે) છે. ત્રીજાએ કહયું કે, અલ્લાહ તઆલાના માર્ગમાં જિહાદ કરવું સર્વોત્તમ અને શ્રેષ્ઠ છે. હઝરત ઉમર (રદિ.)એ તેઓને દબાવ્યા કે, તમે જુમ્અહના વખતે રસૂલુલ્લાહ (સલ.)ના મિમ્બર પાસે આવો વાદવિવાદ કરો છો ? થોભો, નમાઝ થઈ ગયા પછી હુઝૂર (સલ.)ને પૂછી લેવામાં આવશે. નમાઝ બાદ સવાલ થયા પછી આ આયતો ઉતરી કે એ કામો ઈમાન અને જિહાદની બરાબર પણ થઈ શકતા નથી. શ્રેષ્ઠ હોવાની તો વાત જ કયાં રહી ? જિહાદથી પહેલાં ઈમાનનું વર્ણન કરી બતાવી આપ્યું કે, ઈમાન સઘળી ઈબાદતો માટે પ્રાણરૂપ છે. તે વિના કોઈ કામ ઈબાદત ગણવાને પાત્ર બની શકતું નથી. તો મુશરિકોની સેવાની કંઈ ગણતરી નથી. આ બાબતને સદાચારીઓ જ સમજી શકે છે. અયોગ્ય વર્તનવાળા જુલ્મીઓ એને સમજી શકતા નથી. વળી, અત્રે આ વાત પણ સ્પષ્ટ થઈ ગઈ કે નબીની સગાઈ કરતાં અમલનો રુત્બો મોટો છે. કારણ કે હઝરત અબ્બાસ (રદિ.) સગાઈમાં વધારે હોવા છતાં હઝ. અલી (રદિ.)ના અમલ વધારે શ્રેષ્ઠ થયા.

જે લોકો ઈમાન લાવ્યા અને (તેની ખાતર) વતન છોડયું તેમજ અલ્લાહના માર્ગમાં પોતાના માલ અને જાનથી લડયા તેઓ જ અલ્લાહને ત્યાં દરજ્જામાં ઘણા મોટા છે અને એ લોકો જ સંપૂર્ણ સફળતાવાળા છે. (૨૦) તેમનો પરવરદિગાર તેમને પોતાના તરફથી મહાન રહમત અને અતિશય ખુશનુદીની તેમજ એવા બગીચાઓની ખુશખબર આપે છે, જેમાં તેઓ માટે સદાની નેઅમતો છે. (૨૧) તેમાં જ તેઓ સદા રહ્યા કરશે. બેશક, અલ્લાહ તઆલાની પાસે મહાન બદલો છે. (૨૨)

આગલી આયતમાં વર્ણન કરેલ ત્રણ વસ્તુઓ ઈમાન, જિહાદ અને હિજરતના મુકાબલામાં અત્રે ત્રણ વસ્તુઓની ખુશખબર આપી. ઈમાનના મુકાબલામાં અલ્લાહ તઆલાની રહમત, જિહાદના બદલે સૌથી મહાન

નેઅ્મત અલ્લાહ તઆલાની ખુશનુદી અને હિજરતના મુકાબલામાં જન્નતનો કાયમી ઐશ-આરામ છે.

કાફિરોના સારા કૃત્યોનો જવાબ :

મુશ્રિકોની એ લાયકાત જ નથી કે તેઓ અલ્લાહ તઆલાની મસ્જિદોને (જેમાં મસ્જિદે હરામ પણ આવી ગઈ) આબાદ કરે જે હાલતમાં તેઓ પોતે પોતાના કુફ્ર(ની વાતો)નો સ્વીકાર કરી રહ્યા છે (એટલા માટે તેઓ પોતે પોતાનો ધર્મ એવો બતાવતા હતા અને એવી માન્યતાઓને સ્વીકાર કરતા હતા જે વાસ્તવમાં કુફ્ર છે. મતલબ એ કે મસ્જિદને બાંધવી જો કે ખૂબ પ્રતિષ્ઠિત અને નેક અમલ છે, પરંતુ તેમનું શિર્ક આ પ્રતિષ્ઠાનું વિરોધી છે. આ પ્રવૃત્તિની સ્વીકૃતિ જ તેઓ અક્ષમ હોવાના કારણે અમાન્ય છે અને એટલા માટે તેઓ મસ્જિદના અદબ જાળવનારાઓમાંથી નથી. પછી તેમના માટે ગર્વ કરવાની શું સંભાવના છે !) આ લોકોના (જેઓ મુશ્રિક છે) બધા અમલો (નેક અમલ જેમકે મસ્જિદને આબાદ કરવું વગેરે) વ્યર્થ (અને બરબાદ) છે. (એ કારણે કે તે અમલોની સ્વીકૃતિની શરત પૂરી થતી નથી. હવે વ્યર્થ થયેલા અમલો ઉપર ગર્વ કરવાનું કોઈ કારણ નથી) અને તે લોકો હંમેશા દોઝખમાં રહેશે (કારણ કે તેઓ તે અમલ કે જે છુટકારાનું કારણ છે તેને તો બરબાદ કરી રહ્યા હતા). હા ! અલ્લાહપાકની મસ્જિદોને આબાદ કરવી તે લોકોનું કામ છે (એટલે કે તે લોકોનું આ કાર્ય અલ્લાહપાક નજીક સ્વીકૃતિ પ્રાપ્ત છે), જેઓ અલ્લાહપાક ઉપર અને કિયામતના દિવસ ઉપર (દિલથી) ઈમાન લાવે (અને જાહેર પ્રવૃત્તિઓ પણ તે પ્રમાણે હોય, દાખલા તરીકે) નમાઝની પાબંદી કરે અને ઝકાત આપે અને (અલ્લાહ તઆલા ઉપર એવો ભરોસો રાખતા હોય કે) અલ્લાહપાક સિવાય કોઈ અન્યથી ન ડરે. બસ, એવા લોકો વિશે આશા (એટલે કે વાયદો) છે કે, પોતાના ઉદ્દેશ્ય (એટલે કે જન્નત અને છુટકારા) સુધી પહોંચી જશે. (કારણ કે તેમના અમલો ઈમાનના કારણે સ્વીકૃત થશે, તેથી આખિરતમાં લાભ થશે. અને મુશ્રિકો આ શરતથી વંચિત છે અને તેમના અમલ વ્યર્થ અને લાભથી વંચિત હશે તથા તેમનું ગર્વ કરવું પણ વિના કારણનું છે).

શું તમે લોકોએ હાજીઓને પાણી પીવડાવવાને અને મસ્જિદે હરામને આબાદ રાખવાને તે લોકો(ની પ્રવૃત્તિ) સમાન ઠરાવી લીધું છે કે, જેઓ અલ્લાહ તઆલા ઉપર અને કિયામતના દિવસ ઉપર ઈમાન લાવ્યા હોય અને તેમણે અલ્લાહના માર્ગમાં જિહાદ કર્યો હોય ? (તે અમલ ઈમાન અને જિહાદ છે, એટલે કે હાજીઓને પાણી પીવડાવવાની પ્રવૃત્તિ અને ઈમાન લાવી જિહાદ કરવો આ બાબતો સરખી નથી અને જ્યારે આ બંને અમલો સરખા નથી તો) આ (પ્રવૃત્તિ કરનાર) લોકો (પણ પરસ્પર) અલ્લાહ તઆલા નજીક સરખા નથી. (મતલબ કે આ બંનેની પ્રવૃત્તિઓ અને બંને પોતે પણ પરસ્પર સરખા નથી હોઈ શકતા. તેનો હેતુ એ છે કે, ઈમાન અને જિહાદ કરવો આગવી વિશેષતા અને શ્રેષ્ઠતા ધરાવે છે અને મસ્જિદની સાર-સંભાળ વગેરે કરતા ઈમાન અને જિહાદ શ્રેષ્ઠ છે. અને તેનાથી મુશ્રિકોની વાતનો જવાબ થઈ ગયો કે, તેમનામાં ઈમાન ન હતું અને જિહાદ પણ; અને આ બંને બાબતો એટલે કે હાજીઓને પાણી પીવડાવવા અને મસ્જિદની સાર-સંભાળ રાખવાથી શ્રેષ્ઠ છે અને આ અમુક મો'મિનોની તે વાતનો પણ જવાબ થઈ ગયો કે, ઈમાન પછી સાર-સંભાળ અને પાણી પીવડાવવાને જિહાદ કરતા શ્રેષ્ઠ સમજતા હતા) અને (આ પ્રવૃત્તિ ખૂબ જ સ્પષ્ટ અને જાહેર છે. પરંતુ) જે લોકો અન્યાયી છે (એટલે કે મુશ્રિકો) અલ્લાહ તઆલા તેમને સમજ નથી આપતો (એટલા માટે તેઓ ઈમાન-વાળાઓ જેમ નથી માનતા. જેમકે ઈમાનવાળાઓએ આ બાબતને તરત જ માની લીધી. આગળ આ જ વિષયનો ખુલાસો છે, જે ઉપર **'لا يستوون'**નો હેતુ હતો. એટલે કે) જે લોકો ઈમાન લાવ્યા અને (અલ્લાહ માટે) તેમણે વતન છોડ્યું અને અલ્લાહપાકના માર્ગમાં પોતાના માલ અને પ્રાણથી જિહાદ કર્યો, તે દરજ્જામાં અલ્લાહ સમીપ (પાણી પીવડાવવા અને મસ્જિદના વ્યવસ્થાપન કરતા) ઘણા મોટા છે. (કારણ કે જો પાણી પીવડાવનાર અને મસ્જિદને આબાદ કરનારામાં ઈમાન ન હોય તો આ મોટાઈ તે જ મુહાજિર મો'મિનો અને મુજાહિદો માટે ખાસ છે. અને જો તેમનામાં ઈમાન હોય તો તેઓ પણ મોટા છે, પરંતુ આ મુહાજિરો અને

મુજાહિદો વધારે મોટા છે) અને આ જ લોકો સંપૂર્ણ સફળ છે. (કારણ કે જો તેમના વિરોધીઓમાં ઈમાન ન હોય, તો તો પછી સફળતાનો પ્રશ્ન જ નથી અને જો ઈમાન હોય તો સફળતા સંયુક્ત રીતે સરખી છે, પરંતુ મુજાહિદોની સફળતા તેમનાથી શ્રેષ્ઠ છે. આગળ આ જ દરજ્જાનું વર્ણન કર્યું છે કે) તેમનો પરવરદિગાર તેમને પોતાના તરફથી ખુશખબરી આપે છે તેમના માટે મહાન રહમત અને મોટી ખુશનૂદીની અને (જન્નતના) એવા બગીચાઓની કે તે (બગીચાઓ)માં કાયમી નેઅ્મત હશે (અને) તેમાં તેઓ હંમેશા-હંમેશા રહેશે. નિઃશંક, અલ્લાહપાક પાસે મોટો બદલો છે (તેમાંથી તેમને આપવામાં આવશે). હે ઈમાનવાળાઓ ! પોતાના બાપદાદાઓને અને પોતાના ભાઈઓને (પોતાના) મિત્ર ન બનાવો, જો તે લોકો કુફ્રને ઈમાનના મુકાબલામાં (એવું) પ્રિય રાખે (કે તેમનાથી ઈમાન લાવવાની ઉમ્મીદ જ ન રહે) અને જે વ્યક્તિ તમારામાંથી તેમની સાથે મિત્રતા રાખશે. બસ, એવા લોકો જ મોટા નાફરમાન છે. (મતલબ એ કે તે લોકોની સગાઈ-સંબંધ હિજરત કરવામાં મોટી અડચણ અને અવરોધ છે. જ્યારે આ સંબંધ જ જાઈઝ નથી, તો હિજરતમાં શું મુશ્કેલી ?)

મસ્અલા અને બોધપાઠ :

શરૂની ચાર આયતો ૧૯ થી ૨૩ સુધી એક ખાસ ઘટનાના સંદર્ભમાં છે તે એ કે, ઘણા બધા મક્કાના મુશ્રિકો મુસલમાનોના મુકાબલામાં ગર્વ કર્યા કરતા હતા કે, અમે મસ્જિદે હરામને આબાદ રાખીએ છીએ અને હાજીઓને પાણી પીવાડવાની વ્યવસ્થા કરીએ છીએ, તેનાથી વધીને અન્ય કોઈ પ્રવૃત્તિ મોટી હોઈ નથી શકતી. ઈસ્લામ લાવતા પહેલાં જ્યારે હઝરત અબ્બાસ (રદી.) ગઝ્વએ બદ્રમાં કેદ થઈને મુસલમાનોના કબ્જામાં આવ્યા અને તેમના સગાં-વ્હાલાંઓએ એ બાબતની નીંદા કરી કે, તમે ઈમાનની નેઅ્મતથી વંચિત છો, તો તેમણે પણ એ જ કહ્યું હતું કે, તમે લોકો ઈમાન અને હિજરતને પોતાની પ્રતિષ્ઠાની મોટી મૂડી સમજી રહ્યા છો. પરંતુ અમે પણ મસ્જિદે હરામની સાર-સંભાળ અને હાજીઓને પાણી પીવાડવાની મહત્ત્વની સેવાના વ્યવસ્થાપકો છે, જેના સમકક્ષ કોઈ પ્રવૃત્તિ હોઈ જ નથી

શકતી. તે ઉપર આ આયતો નાઝિલ થઈ.

(૨૭) તમામ સૃષ્ટિને પેદા કરનાર ફક્ત એક અલ્લાહપાક જ

قُلْ مَنْ رَّبُّ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ قُلِ اللّٰهُ ؕ قُلْ اَفَاتَّخَذْتُمْ مِّنْ دُوْنِهٖۤ اَوْلِيَآءَ لَا يَمْلِكُوْنَ لِاَنْفُسِهِمْ نَفْعًا وَّلَا ضَرًّا ؕ قُلْ هَلْ يَسْتَوِى الْاَعْمٰى وَالْبَصِيْرُ ۙ اَمْ هَلْ تَسْتَوِى الظُّلُمٰتُ وَالنُّوْرُ ۚ اَمْ جَعَلُوْا لِلّٰهِ شُرَكَآءَ خَلَقُوْا كَخَلْقِهٖ فَتَشَابَهَ الْخَلْقُ عَلَيْهِمْ ؕ قُلِ اللّٰهُ خَالِقُ كُلِّ شَىْءٍ وَّهُوَ الْوَاحِدُ الْقَهَّارُ ﴿۱۶﴾ (رعد:૧૬)

(હે નબી સલ. !) આપ પૂછો કે આકાશો તથા પૃથ્વીનો માલિક કોણ છે ? આપ ફરમાવી દો કે, અલ્લાહ જ છે. (પછી) કહો કે, શું ફરી પણ તમે અલ્લાહ તઆલાના સિવાય એવા મદદગારો બનાવ્યા છે કે જે પોતે પોતાના લાભ કે નુકસાનનો અધિકાર રાખતા નથી ? આપ ફરમાવી દો કે શું આંધળો અને દેખતો બરાબર થઈ શકે છે ? અથવા અંધકાર અને પ્રકાશ સરખા થઈ શકે છે ? શું તેઓએ અલ્લાહપાકના માટે એવા ભાગીદાર ઠેરવ્યા છે જેઓએ અલ્લાહપાકના પેદા કરવા મુજબ કંઈક પેદા કર્યું હોય. ફરી તેઓની નજરમાં તે (બંનેનું) ઉત્પન્ન કરવું ભેળસેળ થઈ ગયું ? આપ ફરમાવી દો કે એકલો અલ્લાહ જ દરેક વસ્તુનો ઉત્પન્ન કર્તા છે અને તે જ એકલો (અજોડ હોય સૌથી) જબરદસ્ત છે. (૧૬)

મતલબ કે મૂર્તિપૂજકો આંધળા સમાન છે. તેઓને નથી દેખાતું કે જે મૂર્તિઓ પોતે જ લાચાર છે તે બીજાઓની શું મદદ કરી શકશે ? અને મુસલમાનોને દેખતા ફરમાવ્યું, કારણ કે અલ્લાહ તઆલાની કુદરતની નિશાનીઓ જોઈ તેને ઓળખે છે અને તેને જ માને છે તેમજ ઈસ્લામ અને કુફ્રનો મુકાબલો એવો જ સમજો જેવો કે પ્રકાશ અને અંધકાર છે. તો શું એ બન્ને પરિણામની રૂએ એકસરખા થઈ શકે છે ?

હે મૂર્તિપૂજકો ! અલ્લાહ તઆલાએ જેવી મખ્લૂક પેદા કરી છે તેના

જેવી કોઈ પણ વસ્તુ તમારા દેવતાઓએ પેદા કરી છે કે, તે જોઈ તેઓના પૂજ્ય હોવાની શંકા થાય ? તેઓ તો એક માખીનો પર કે મચ્છરનો પગ સરખો પણ બનાવી શકતા નથી, બલકે સઘળી વસ્તુઓ માફક પોતે પણ તે જ એકલા જબરદસ્ત અલ્લાહની મખ્લૂક છે છતાં એવી લાચાર વસ્તુઓને પૂજ્ય હોવાની પદવી આપવી કેટલી બધી બેઅદબી અને બેશરમી છે ?

(૨૮) અલ્લાહપાક જેવા કોઈ નથી

فَلَا تَضْرِبُوْا لِلّٰهِ الْاَمْثَالَ ؕ اِنَّ اللّٰهَ يَعْلَمُ وَاَنْتُمْ لَا تَعْلَمُوْنَ ۝ (نحل:۷۴)

માટે તમે અલ્લાહ તઆલા પર (ખોટી) મિસાલો લાગુ પાડો નહિ. બેશક, અલ્લાહ તઆલા જાણે છે અને તમે જાણતા નથી. (૭૪) *(સૂ. નહલ)*

મુશરિકો કહેતા કે સૌનો માલિક તો અલ્લાહ જ છે, પણ એ મૂર્તિઓ વગેરે તેની સરકારમાં અધિકારી છે તેથી તેઓની પૂજા કરીએ છીએ. અમારે તેમની સાથે જ કામ પડે છે; એમના વગર વડી સરકારમાં પહોંચી શકતા નથી તો એ મિસાલ તદ્દન ગલત છે. અલ્લાહ તઆલા સઘળું પોતે જ કરે છે. કોઈને સોંપી દીધું નથી કે તે ચાહે તેમ કરે. જેમ કે દુનિયાના બાદશાહો પોતાના તાબાના અધિકારીઓને અમુક હદ સુધી સત્તા આપે છે, પરંતુ સત્તા સોંપ્યા પછી તે અધિકારીઓ પોતાની સત્તા ચલાવવામાં આઝાદ હોય છે. કોઈ જજના ફૈંસલા વખતે બાદશાહ કે પાર્લામેન્ટને તે બનાવની કે ફૈંસલાની કંઈ જ ખબર હોતી નથી. તેમજ તે ખાસ બનાવનો ફૈંસલો બાદશાહના ઈરાદાપૂર્વક થતો નથી, પણ અલ્લાહને ત્યાં એવું નથી, બલકે દરેક નાનું–મોટું કામ અને સાધારણમાં સાધારણ બનાવ પણ ભલેને સાધનોના વાસ્તાથી થાય તો પણ તેની જાણ બહાર નથી અને તેના ઈરાદા વગર થઈ શકતું નથી. તેથી જરૂરી છે કે માણસ દરેક વસ્તુનો કર્તા અલ્લાહ તઆલાને જ માની તેને એકલાને જ મઅબૂદ સમજે.

અલ્લાહ તઆલા જાણે છે કે તમારી આવી વાતો તદ્દન નકામી છે અને તમે જાણતા નથી કે અલ્લાહ તઆલાની શાન કેવી છે અને તેના માટે કેવી

મિસાલ ઘટે છે. તેથી જ ફાવે તેમ બકતા રહો છો. જો ખરી મિસાલ ચાહતા હો તો જુઓ, આગળ અલ્લાહ તઆલાએ જ બે મિસાલો બયાન કરી છે.

"ફલા તદરિબુ લિલ્લાહિલ્ અમ્ષાલ"માં એક મહત્વની વાસ્તવિકતા સ્પષ્ટ કરવામાં આવી છે. જેના પ્રત્યે બેદરકારી વર્તવી બધા જ પ્રકારના કુફ્ર, શંકા અને સંદેહને જન્મ આપે છે. તે એ કે, સામાન્ય રીતે લોકો અલ્લાહ તઆલાને પોતાના જેવી માનવજાતિ ઉપર અનુમાનિત કરીને તેનામાં ઉચ્ચ કક્ષાના મનુષ્યના દાખલા તરીકે રાજા અને તેની રય્યત જેવા ઉદાહરણો ઘડી કાઢે છે અને પછી આ ખોટા પાયાઓ ઉપર અલ્લાહ તઆલાના કુદરતના વ્યવસ્થાપનતંત્રને પણ માનવસમાજના રાજાઓના વ્યવસ્થાપનતંત્રો જેવા ધારીને એવું કહેવા લાગે છે કે, જે પ્રમાણે કોઈ રાજા પોતાના રાજ્યમાં એકલો સમગ્ર રાજ્ય વ્યવસ્થાપનંત્રના કાર્યો પૂર્ણ નથી કરી શકતો, બલ્કે પોતાના નાયબો, પ્રધાનો અને બીજા કર્મચારીઓને અધિકાર સોંપીને તેમના દ્વારા રાજ્યનો વહીવટ ચલાવવામાં આવે છે. એ જ પ્રમાણે આ પણ એવું જ હોવું જોઈએ કે, અલ્લાહ તઆલાના હાથ નીચે અમુક બીજા મઅ્બૂદો પણ હોય, જે અલ્લાહના કાર્યમાં તેને સહાય કરે, આ જ બધા મૂર્તિપૂજકો અને મુશ્રિકોની સામાન્ય માન્યતા છે. આ વાક્યએ તે શંકાને જડમાંથી નિર્મૂળ કરી નાંખી કે અલ્લાહ તઆલા માટે મખ્લૂકના ઉદાહરણો રજૂ કરવા પોતે મૂર્ખાઈ અને બુદ્ધિહીનતા છે, તે ઉદાહરણો અને દૃષ્ટાંતોથી બલ્કે મનુષ્યની કલ્પના અને અનુમાનથી પણ ઉપરવટ છે.

(૨૯) શિર્કને રદ્ કરનારા બે દાખલાઓ

ضَرَبَ اللّٰهُ مَثَلًا عَبْدًا مَّمْلُوْكًا لَّا يَقْدِرُ عَلٰى شَيْءٍ وَّمَنْ رَّزَقْنٰهُ مِنَّا رِزْقًا حَسَنًا فَهُوَ يُنْفِقُ مِنْهُ سِرًّا وَّجَهْرًا ؕ هَلْ يَسْتَوٗنَ ؕ اَلْحَمْدُ لِلّٰهِ ؕ بَلْ اَكْثَرُهُمْ لَا يَعْلَمُوْنَ ﴿۷۵﴾ وَضَرَبَ اللّٰهُ مَثَلًا رَّجُلَيْنِ اَحَدُهُمَاۤ اَبْكَمُ لَا يَقْدِرُ عَلٰى شَيْءٍ وَّهُوَ كَلٌّ عَلٰى مَوْلٰىهُ ۙ اَيْنَمَا يُوَجِّهْهُّ لَا يَاْتِ بِخَيْرٍ ؕ هَلْ يَسْتَوِيْ هُوَ ۙ وَمَنْ يَّاْمُرُ بِالْعَدْلِ ۙ وَهُوَ عَلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿۷۶﴾ (نحل:۷۵،۷۶)

અલ્લાહ એક મિસાલ વર્ણવે છે કે એક ગુલામ છે, જે બીજાની મિલકત છે, તે કોઈ વસ્તુનો અધિકાર રાખતો નથી અને એક એવો માણસ છે, જેને અમે પોતાના તરફથી ભલી રોજી આપી છે, જેથી તે તેમાંથી છૂપી તેમજ જાહેર રીતે ખર્ચ કરે છે; શું તેઓ (બંને) સરખા થઈ શકે છે ? (કદી નહિ.) સઘળા વખાણ અલ્લાહ તઆલાને જ ઘટે છે, પણ ઘણાખરા લોકો જાણતા નથી. (૭૫)

એક ગુલામ જેને કંઈ અધિકાર નથી, વાતવાતમાં માલિકની પરવાનગી -નો મોહતાજ હોય છે તે બીજા એવા આઝાદ માણસની બરાબર થઈ શકતો નથી, જેને પોતાનું ધન ખર્ચ કરવામાં કોઈ અટકાવનાર નથી. તો એવી જ રીતે સમજો કે અલ્લાહ તઆલા દરેક વસ્તુનો મૂળ માલિક છે. સઘળાં વખાણ અને ખૂબીઓ તેના ખજાનામાં છે. જેને કંઈ આપવા ચાહે તેને ફાવે ત્યારે, ચાહે તેટલા પ્રમાણમાં આપી શકે છે. તેને કોઈ અટકાવનાર નથી. છતાં જે મૂર્તિઓ કોઈ વસ્તુની માલિક નથી, બલ્કે બીજાની મિલ્કત હોઈ કોઈ પ્રકારનો કંઈ જ અધિકાર રાખતી નથી. તેને ખુદાઈમાં શરીક ઠેરવવી કેટલો બધો અન્યાય અને જુલ્મ છે ! તેવી જ રીતે અલ્લાહપાકે જેને ઈમાન અને ઈલ્મ આપ્યું હોય અને તે આ નેઅમત લોકોમાં વહેંચતો હોય તે એવા મુશરિકની બરાબર થઈ શકતો નથી, જેની કોઈ નેકી કબૂલ થતી નથી.

અને અલ્લાહ એક બીજી મિસાલ વર્ણવે છે કે બે માણસો છે. એક તેમાંથી (ગુલામ હોવા ઉપરાંત) ગૂંગો (પણ છે કે કાંઈ કામ કરી શકતો નથી) અને (તેથી) તે પોતાના માલિકના ઉપર બોજા (સમાન) છે. તેને જ્યાં મોકલે છે કોઈ કામ સીધું કરી લાવતો નથી; શું તે માણસ અને એવો માણસ સરખા થઈ શકે છે જે ભલી વાતોનું શિક્ષણ આપે છે અને પોતે પણ સીધા માર્ગ પર છે ? (૭૬)

અલ્લાહ તઆલાના બે બંદા છે. એક તો મૂર્તિ જે હાલી કે ચાલી શકતી નથી, જાણે ગૂંગો–બહેરો ગુલામ અને બીજો બંદો રસૂલ છે. જે હજારો–લાખોને અલ્લાહપાકની રાહ બતાવે છે અને પોતે પણ અલ્લાહ તઆલાની

બંદગી પર કાયમ છે. તો એ બંને સરખાં થઈ શકતા નથી. ફરી રસૂલને તાબે થવું બહેતર છે અથવા મૂર્તિને ? તેમજ એ પણ જણાયું કે જ્યારે મૂર્તિઓ અલ્લાહ તઆલાના મકબૂલ બંદાની જ બરાબરી કરી શકતી નથી તો અલ્લાહ તઆલાની બરાબરીની વાત જ કયાં રહી ?

તવહીદ સમજાવવાના બે દાખલાઓ :

અને (ઉપરોક્ત તવહીદની અને અલ્લાહની નેઅ્મતોની દલીલોમાંથી એક મોટી નેઅ્મત અને અલ્લાહપાકની શક્તિની દલીલ પોતે તમારા માનવી તરીકેના અસ્તિત્વની છે કે) અલ્લાહ તઆલાએ તમારામાંથી જ (એટલે કે તમારી જ માનવજાતમાંથી) તમારા માટે પત્નીઓ બનાવી અને (પછી) આ પત્નીઓ દ્વારા તમારા પુત્રો અને પૌત્ર પેદા કર્યા (કે એ તમારા ગૌત્રનું અસ્તિત્વ ટકાવી રાખે છે) અને તેમને સારી-સારી વસ્તુઓ ખાવા(-પીવા) માટે આપી (કે એ તમારા માનવ તરીકેના અસ્તિત્વને ટકાવી રાખે છે અને કારણ કે માનવનું અસ્તિત્વ ખોરાક ઉપર અવલંબિત છે. એ બાબતનો પણ આમાં ઈશારો થઈ ગયો), શું (આ બધી દલીલો અને નેઅ્મતો સાંભળીને) પછી પણ આધારવિહીન વસ્તુઓ ઉપર (એટલે કે મૂર્તિઓ વગેરે ઉપર કે જેના મઅ્બૂદ હોવાની કોઈ દલીલ નથી, બલ્કે તે દલીલથી વિપરીત છે) ઈમાન રાખશો ? અને અલ્લાહ તઆલાની નેઅ્મતની નાશુક્રી (અને બેકદરી) કરતા રહેશો ? અને (આ નાશુક્રીનો અર્થ એ છે કે) અલ્લાહપાકને છોડીને એવી વસ્તુઓની ઈબાદત કરતા રહેશો, જે તમને ન તો આસમાનોમાંથી રોજી પહોંચાડવાનો અધિકાર ધરાવે છે અને ન જ જમીનમાંથી (એટલે કે ન તો આકાશમાંથી વરસાદ વરસાવવાનો અધિકાર ધરાવે છે, અને ન જ તેઓ જમીનમાંથી કંઈ ઉગાડી કે પેદા કરી શકે છે) અને ન જ (અધિકાર પ્રાપ્ત કરવાની) શક્તિ ધરાવે છે (તેમના નકારથી વધારે સ્પષ્ટ થઈ ગયું, કારણ કે અમુક વખતે એવું જોવા મળે છે કે, એક વ્યક્તિને પ્રત્યક્ષ રીતે તો કોઈ અધિકાર નથી હોતો, પરંતુ રાત-દિવસ મહેનત કર્યા પછી તે આવી શક્તિ પ્રાપ્ત કરી લે છે. એટલા માટે એ બાબતનો પણ નકાર કરવામાં

આવ્યો કે તેઓ કદાપિ આવી શક્તિ પ્રાપ્ત કરી શકશે નહીં) બસ, (જ્યારે શિર્ક જૂઠું હોવાનું સાબિત થઈ ગયું છે તો) તમે અલ્લાહ તઆલા માટે ઉદાહરણો ન ઘડો. (એટલે કે એવું ન ધારો કે અલ્લાહ તઆલાનું ઉદાહરણ દુનિયાના રાજાઓ જેવું છે કે, દરેક વ્યક્તિ તેમની પાસે પોતાની જરૂરિયાતની વિનંતી નથી કરી શકતો. એટલા માટે તેના નાયબો હોય છે કે, સામાન્ય જનતા તેમને પોતાની જરૂરિયાતની વિનંતી કરે છે, પછી તેઓ વચ્ચેવાળા રાજાઓને વિનંતી કરે છે. અલ્લાહ તઆલા (સારી પેઠે) જાણે છે (કે આવા ઉદાહરણો વ્યર્થ છે) અને તમે (ચિંતન અને મનનના અભાવના કારણે) નથી જાણતા (એટલા માટે જેવું ઈચ્છો છો બકી નાંખો છો અને) અલ્લાહ તઆલા (શિર્કના જૂઠાપણાંને જાહેર કરવા માટે) એક ઉદાહરણ વર્ણન કરે છે કે (કલ્પના કરો કે) એક ગુલામ છે (કોઈના) માલિકીપણાં હેઠળ કે (માલિકના માલ અને અન્ય વસ્તુઓમાંથી) કોઈ વસ્તુનો (માલિકની પરવાનગી વિના) અધિકાર નથી ધરાવતો અને (બીજો) એક વ્યક્તિ છે, જેને અમે પોતાની પાસેથી ઘણી સારી રોજી આપી રાખી, તો તેમાંથી ગુપ્ત અને જાહેર રીતે (જે પ્રમાણે ઈચ્છે છે, જ્યાંથી ઈચ્છે છે) ખર્ચ કરે છે. (તેને કોઈ રોકનાર-ટોકનાર નથી) શું આ પ્રકારના વ્યક્તિઓ પરસ્પર એકસમાન હોઈ શકે છે ? (બસ, જ્યારે ભૌતિક મિલ્કતના માલિક અને તેનાથી વંચિત એકસમાન નથી હોઈ શકતા, તો હકીકી માલિક અને તેની હકીકી મખ્લૂક કઈ રીતે એકસમાન હોઈ શકે છે ? અને ઈબાદતનો અધિકાર સમાનતા ઉપર અવલંબિત હોય તો તે પણ અત્રે બિલ્કુલ નથી) બધા જ વખાણો અલ્લાહ તઆલાના જ માટે છે (કારણ કે સંપૂર્ણ જાત અને સિફાત-ગુણ-લક્ષણો અને ખાસિયતો તેની જ છે, બસ મઅ્બૂદ પણ એકમાત્ર તે જ છે, પરંતુ તો પણ મુશ્રિકો અલ્લાહપાકને છોડીને અન્યની ઈબાદત કરે છે અને તેને છોડતા નથી) બલ્કે તેમનામાંના ઘણા તો (ચિંતન-મનનના અભાવના કારણે) જાણતા જ નથી (અને કારણ કે જ્ઞાનનો અભાવ પોતે જ તેમના ચિંતન અને મનનના અભાવનું કારણ છે. એટલા માટે તેમને લાચાર પણ સમજવામાં નહીં આવે) અને અલ્લાહ તઆલા (તેમના ખુલાસા સ્વરૂપે)

એક અન્ય ઉદાહરણ વર્ણન કરે છે કે (કલ્પના કરો) બે વ્યક્તિઓ છે, જેમાંથી એક તો (ગુલામ હોવા ઉપરાંત) ગૂંગો (અને બહેરો પણ) છે (અને બહેરો, આંધળો, બુદ્ધિ વિનાનો હોવાને કારણે) કોઈ કામ નથી કરી શકતો અને (આ કારણે) તે પોતાના માલિક ઉપર ભારરૂપ છે (કે તે માલિક જ તેના સઘળા કાર્યો કરે છે અને) તે (માલિક) તેને જ્યાં પણ મોકલે છે, કોઈ કામ સીધું કરીને નથી લાવતો (એટલે કે પોતે તો શું વ્યવસ્થિત કામ કરે અન્યના શિખવાડવાથી પણ તે કોઈ સીધું કામ કરી શકતો નથી. બસ,) શું આ વ્યક્તિ અને તે વ્યક્તિ પરસ્પર એકસમાન હોઈ શકે છે, જે સારી વાતોની તઅલીમ આપે છે ? (જેમાં તેના બુદ્ધિશાળી, વ્યવસ્થિત તથા શક્તિશાળી અને જ્ઞાની હોવાની જાણ થાય છે) અને પોતે પણ (દરેક પ્રવૃત્તિમાં) મધ્યમ માર્ગ ઉપર (ચાલતો) હોય (જેનાથી તેમાં પ્રવૃત્તિ અને વ્યવસ્થાપન સાચવવાની આવડત કે કુનેહની જાણ થાય છે અને મખ્લૂકમાં પરસ્પર સમાનતા અને કુનેહ કે આવડતની ખાસિયતોમાં આ તફાવત છે, તો પછી સર્જનહાર અને સર્જનની તો વાત જ ક્યાં કરવી ?

અંતિમ બે આયતોમાં મનુષ્યના જે બે ઉદાહરણો રજૂ કરવામાં આવ્યા છે, તેમાંથી પ્રથમ ઉદાહરણમાં માલિક અને ગુલામ એટલે કે માલિક અને તેની મિલ્કતનું ઉદાહરણ આપીને બતાવવામાં આવ્યું કે, જ્યારે આ બંને એક જ પ્રકારના એટલે કે માનવજાતિ છે, તે છતાં પણ તેઓ પરસ્પર એકસમાન નથી હોઈ શકતા, તો કોઈ મખ્લૂક (સર્જન)ને અલ્લાહ તઆલા સમકક્ષ કઈ રીતે ઠરાવી શકાય છે ?

અને બીજા ઉદાહરણમાં એક બાજુ એક વ્યક્તિ છે, જે લોકોને ન્યાયની અને બીજી સારી વાતો શિખવાડે છે. જે તેના જ્ઞાન અને વિદ્વતાની શક્તિની ખાસિયત છે અને પોતે પણ મધ્યમમાર્ગી છે અને સીધા માર્ગ ઉપર ચાલે છે, જે તેના આચરણની ખાસિયત છે. આ જ્ઞાન અને આચરણની શક્તિમાં સંપૂર્ણ માનવીથી વિપરીત તે બીજો વ્યક્તિ છે, જે ન તો પોતે પોતાનું કાર્ય કરી શકે છે, અને ન જ કોઈ બીજાના કાર્યને ઠીક રીતે કરી શકે છે. આ બંને

પ્રકારના વ્યક્તિઓ એક જ માનવજાતિ અને એક જ કૌમના, એક જ જ્ઞાતિના હોવા છતાં પરસ્પર એકસમાન નથી હોઈ શકતા તો સર્જનહાર અને સૃષ્ટિના માલિક, હકીમે મુતલક તથા સર્વશક્તિમાન સર્વજ્ઞ અલ્લાહ તઆલાની સાથે કોઈ મખ્લૂક કેવી રીતે સમાનતા ધરાવી શકે છે !?

(૩૦) વાયદાભંગ - તૌહીદ તથા બીજા વ્યવહારમાં

وَلَا تَكُوْنُوْا كَالَّتِيْ نَقَضَتْ غَزْلَهَا مِنْۢ بَعْدِ قُوَّةٍ اَنْكَاثًا ؕ تَتَّخِذُوْنَ اَيْمَانَكُمْ دَخَلًۢا بَيْنَكُمْ اَنْ تَكُوْنَ اُمَّةٌ هِيَ اَرْبٰى مِنْ اُمَّةٍ ؕ اِنَّمَا يَبْلُوْكُمُ اللّٰهُ بِهٖ ؕ وَلَيُبَيِّنَنَّ لَكُمْ يَوْمَ الْقِيٰمَةِ مَا كُنْتُمْ فِيْهِ تَخْتَلِفُوْنَ ﴿۹۲﴾ (نحل:۹۲)

અને જ્યારે તમે કોલકરાર કરો તો અલ્લાહ તઆલાના કરારને પૂરો કરો અને સોગંદોને પાકા કર્યા પછી તેને તોડો નહિ અને તમે તો અલ્લાહ તઆલાને પોતાનો સાક્ષી બનાવી ચૂક્યા છો. બેશક, તમે જે કંઈ કરો છો તેને અલ્લાહપાક જાણે છે. (૯૧)

ઉપલી આયતમાં જે ચીજો કરવા–ન કરવાનો હુકમ હતો તેમાંથી વચન પાળવાનું ખાસ રીતે જૂદું બયાન કર્યું. આ વસ્તુ જો કે મૂળમાં જ મહત્તા ધરાવે છે, છતાં તે સમયના લોકોની સ્થિતિને વધુ અનુસરતી હતી. વળી, મુસ્લિમ કૌમની ચડતી અને ભવિષ્યની સફળતા પર એની અસર થનાર હતી. તેથી ખાસ હુકમ કર્યો કે જ્યારે અલ્લાહ તઆલાનું નામ લઈ અને સોગંદો સહિત કોલ કરાર કરો તો અલ્લાહ તઆલાના નામની ઈઝઝત બાકી રાખો. આ શરીઅત મુજબ કરેલા કરારો પૂરા કરવા મુસ્લિમોની ફર્ઝ છે. ભલેને તેમાં ગમે તેટલાં સંકટો અને કષ્ટો વેઠવાં પડે. ખાસ કરી જે કરારોમાં અલ્લાહ તઆલાના સોગંદ ખાધા હોય તેમાં તો સમજવું જોઈએ કે એનો સાક્ષી અને જામિન થયો છે. માટે વધુ કાળજી રાખવી જોઈએ. એ પછી તમે જે કંઈ કરો તેને અલ્લાહ તઆલા જાણે છે. એટલે કરાર પૂરા કરશો, તો સવાબ મળશે અને તોડી નાખશો, તો સખત શિક્ષા આપશે.

અને જે (દીવાની) ઔરતે પોતાના કાંતેલા સૂતરને મજબૂત કર્યા પછી

તોડી ટુકડે ટુકડા કરી નાખ્યું તેણીના જેવા તમે (પણ કરાર તોડી) ન બનો કે પોતાના સોગંદોને માંહોમાંહે ફસાદ નાખવાનું બહાનું બનાવી લો માત્ર એટલા માટે કે એક જૂથ બીજા જૂથથી વધી જાય. વાત એમ છે કે અલ્લાહ એથી તમને અજમાવે છે અને જે વાતમાં તમે મતભેદ કરતા રહ્યા તેને કિયામતના દિવસે તમારી આગળ ખોલી દેશે. (૯૨)

કોલકરાર કર્યા પછી દગો કરવાનું કારણ એટલું જ છે કે જોરાવરને નમાવે અને કમજોર મોકો જોઈ બળવાન બને. જેમ કે આજકાલ યુરોપીયનોનો તદ્દન એ જ રિવાજ છે, પરંતુ અમુક કૌમોની શક્તિ અને અમુકની અશક્તિ તેમજ અમુકની ચડતી, અમુકની પડતી એ અલ્લાહ તઆલાના તરફથી આજમાઈશ છે. તે કોઈના બદલી નાખવાથી બદલાતી નથી. ચડતી પછી પડતી એ અલ્લાહ તઆલા લાવે તો જ આવે છે, પણ કરાર તોડવાનો વિચાર પડતી આવવાની હોય ત્યારે જ આવે છે. તો બીજાને નુકસાન થાય અથવા ન થાય પ્રથમ પોતે જ પડે છે અને પોતાના બનેલા કામને ખરાબ કરે છે. જેવી રીતે કે મક્કામાં એક માલદાર ઔરત ગાંડી હતી. તે આખું વર્ષ સગા–વહાલાઓને ભેટ આપવા સૂતર કંતાવતી હતી, પણ જ્યારે શરદીની મોસમ આવતી તો સૂતરના ટુકડે ટુકડા કરી સૌને વહેંચતી હતી તો કરાર તોડવાથી તે ગાંડી સ્ત્રી માફક તમારું જ નુકસાન થશે. વળી, અહીં તમારી આજમાઈશ છે. કિયામતમાં પરિણામ જાહેર થઈ સઘળા ફૈંસલા થઈ જશે.

વાયદાભંગ :

અને તમે અલ્લાહપાકના કરારને (એટલે કે જે કરારને પૂરો કરવાનો અલ્લાહપાકે હુકમ આપ્યો છે, તેને) પૂરો કરો (અને તેનાથી તે કરારો બાકાત છે જે શરીઅત વિરૂદ્ધ હોય, બાકીના બધા શરીઅત પ્રમાણેના કરારો ભલે તે અલ્લાહ તઆલા સાથે હોય કે બંદાઓ સાથે હોય તેમાં સામેલ થઈ ગયા) જ્યારે કે તમે (ખાસ સ્વરૂપે અથવા સામાન્ય રીતે) પોતાના માથે જવાબદારી લઈ લો (વિશેષ સ્વરૂપોના કરારોનો આ ખુલાસો કોઈ કામની

જવાબદારી લેવાનો અને સામાન્ય પ્રકારના કરારો જેમાં ઈમાન લાવવું વગેરે તો આ બધા વાજિબ હુકમોની જવાબદારી તેના સંદર્ભમાં આવી ગઈ) અને (ખાસ કરીને જ્યારે કરારમાં સોગંદ ખાધી હોય તો તે વધારે કાળજી રાખવાપાત્ર છે કે બસ તેમાં) તે કસમોને મજબૂત કર્યા પછી (એટલે કે અલ્લાહનું નામ લઈને કસમ ખાધા પછી) ન તોડો અને તમે (તે કસમોના કારણે તે કરારોના) અલ્લાહ તઆલાને ગવાહ પણ બનાવી ચૂક્યા છો (આ શરતો **'બઅ્દ તવ્કીદિહા'** અને **'કદ જઅલ્તુમ'** દ્વારા વાસ્તવિક શરતો છે અને કરાર પૂર્ણ કરવાની વચનબદ્ધતાની તાકીદ સ્વરૂપે ખુલાસો કરવામાં આવ્યો છે) બેશક ! અલ્લાહ તઆલાને ખબર છે જે કંઈ તમે કરો છો (ભલે તે કરાર પૂર્ણ કરે અથવા તેનો ભંગ કરે. બસ, તે એ જ પ્રમાણે તેનો બદલો અને સજા આપશે) અને તમે (કરાર કરીને) તે (મક્કામાં રહેનારી પાગલ) સ્ત્રી જેવા ન થઈ જાઓ, જેણે પોતાના સૂતરને કાંતી લીધા પછી ટૂકડે ટૂકડા કરી તોડી નાંખ્યું કે (તેના જેમ) તમે (પણ) પોતાની કસમોને (દુરૂસ્તી કર્યા પછી તોડીને તેને) પરસ્પર ફસાદ નાંખવાનું માધ્યમ બનાવવા લાગો (કારણ કે સોગંદ અને કરાર તોડવાથી પરસ્પર બંને પક્ષોમાંથી ભરોસો ઉઠી જાય છે તથા વિરોધ, મતભેદ અને ક્રોધ ભભૂકી ઉઠે છે અને મૂળ ફસાદની જડ આ જ છે અને તે કરારને તોડવો પણ માત્ર એટલા માટે કે) એક વર્ગને બીજા વર્ગથી (લાભમાં) વધારો થઈ જાય (એટલે કે કાફિરોના બે પક્ષોમાં મતભેદ હોય અને તમારે એકની સાથે સુલેહ થઈ જાય, પછી બીજા તરફ પલ્લું ઝૂકેલું જોઈને જે વર્ગ સાથે સુલેહ કરી હતી તેમની સાથે બહાનું કાઢીને બીજા પક્ષ સાથે સાઠગાંઠ કરી લો અથવા દાખલા તરીકે કોઈ મુસલમાન થઈને મુસલમાનોમાં દાખલ થયો, પછી કાફિરોમાં જોર જોયું તો ઈસ્લામ સાથેનો કરાર તોડીને મુર્તદ બની જાય અને આ જે એક વર્ગ બીજા વર્ગથી વધેલો હોય છે અથવા બીજા કોઈ વર્ગમાં સામેલ થવાથી વધી જાય છે તો) બસ એ (વધેલા)થી અલ્લાહ તઆલા તમારી કસોટી કરે છે (કે જૂએ કરારનું પાલન કોણ કરે છે અને ઝૂકતું પલ્લું જોઈને કોણ તે બાજુ થઈ જાય છે ?) અને જે વસ્તુઓમાં તમે મતભેદ કરતા રહ્યા (અને વિરૂદ્ધ

દિશાએ ચાલતા રહ્યા) કિયામતના દિવસે તે સૌ(ની હકીકત)ને તમારી સામે (અમલી સ્વરૂપે) જાહેર કરવામાં આવશે (કે હકવાળાઓને બદલો અને જૂઠાઓને સજા થશે).

(૩૧) નેઅમતો (નબી-કુરઆન શરીફ)ની નાકદરી કરવી પરેશાનીઓનું કારણ બને છે

وَضَرَبَ اللّٰهُ مَثَلًا قَرْيَةً كَانَتْ اٰمِنَةً مُّطْمَئِنَّةً يَّاْتِيْهَا رِزْقُهَا رَغَدًا مِّنْ كُلِّ مَكَانٍ فَكَفَرَتْ بِاَنْعُمِ اللّٰهِ فَاَذَاقَهَا اللّٰهُ لِبَاسَ الْجُوْعِ وَالْخَوْفِ بِمَا كَانُوْا يَصْنَعُوْنَ ﴿۱۱۲﴾ (نحل:۱۱۲)

અને અલ્લાહપાક (કુફ્રનો વબાલ જાહેર કરવા) એક મિસાલ વર્ણવે છે કે એક વસતીવાળા સુખચેનથી હતા. તેઓની પાસે તેમની મનમાની રોજી ચારે બાજુથી ચાલી આવતી હતી. પછી તેઓએ અલ્લાહ તઆલાની નેઅમતોની નાશુક્રી કરી તો તેઓ જે કંઈ કરતા હતા તેના બદલે અલ્લાહ તઆલાએ તેમને એવી મજા ચખાડી કે ભૂખ અને ડર તેમનો પોશાક થઈ ગયો. (૧૧૨) *(સૂ.નહલ)*

ત્યાંના રહીશોને બહારથી કોઈ શત્રુના ચઢી આવવાની કે લૂંટફાટની બીક ન હતી તેમજ દેશમાં કોઈ પ્રકારની ચળવળ વગેરે કંઈ જ ન હતું. ઘણી જ સુખ-શાંતિથી જીવન વ્યતિત થતું હતું.

ખાવા માટે અનાજ, ફળફળાદી, વગેરે દરેક જરૂરી વસ્તુઓ બહારથી ખેંચાઈને ચાલી આવતી હતી. દરેક વસ્તુની પૂરી છૂટ હતી, ઘર બેઠાં દુનિયાની સર્વ નેઅમતો મળતી હતી.

તે વસ્તીવાળાઓએ ખુદાઈ ઉપકારોની કદર ન કરી દુનિયાના મોજ-શોખમાં પડી એવા ગાફિલ અને મસ્ત બન્યા કે ખરા ઉપકારકર્તા અલ્લાહ તઆલા પ્રત્યે લક્ષ જ ન રહ્યું, બલકે તેના મુકાબલામાં ઉતરી આવ્યા. તો આખરે અલ્લાહપાકે તેઓને નાશુક્રીની એવી મજા ચખાડી કે સુખ-શાંતિના

બદલે બીક અને ગભરાહટમાં સપડાયા અને બહોળી રોજીના બદલે કારમો ભૂખમરો અને દુકાળની મુસીબતે એવી રીતે ઘેરી લીધા, જેવી રીતે પહેરેલાં કપડાં શરીરને ઘેરી લે છે. સારાંશ કે પળવાર માટે પણ ભૂખ અને ચિંતા મટતી ન હતી.

અને તેમની પાસે તેઓમાંથી એક રસૂલ આવ્યા છતાં તેઓએ તેને જૂઠાડયા, જેથી તેઓને અઝાબે એવી હાલતમાં પકડી લીધા કે તેઓ જુલ્મ પર જ કેડ બાંધેલા હતા. (૧૧૩)

તે લોકોને વર્ણિત જાહેરી નેઅમતો ઉપરાંત એક મહાન બાતિની નેઅમત પણ આપવામાં આવી હતી. એટલે તેઓની જ કૌમમાંથી એક રસૂલ મોકલવામાં આવ્યા હતા કે તેમની તાબેદારી કરી તેઓ અલ્લાહ તઆલાની ખુશ્નુદીના ઉચ્ચ દરજા મેળવી શકતા હતા, પરંતુ તેઓએ રસૂલની તાબેદારીના બદલે તે રસૂલને જૂઠાડી, વિરુદ્ધતા પર કમર બાંધી, જેથી પડતી તરફ ઘસડાતા ગયા. આખરે અલ્લાહપાકના અઝાબે તે અત્યાચારી પાપી-ઓને પકડયા ત્યારે કોઈની કાંઇ યુક્તિ ચાલી ન શકી. કેટલાક મુફસ્સિરો કહે છે કે આ આયતોમાં કોઇ ખાસ વસ્તીનું વર્ણન નથી; માત્ર ઉદાહરણ રૂપે પ્રથમ હલાક થયેલી વસતીઓ પૈકી કોઇ પણ એક વસ્તીનો દાખલો આપી મક્કાના કાફિરોને ચેતવણી આપી કે જો તમે પણ તે લોકોના જેવું વર્તન રાખશો તો તમારી પણ તે જ દશા થશે અને કેટલાક આલિમોના મત પ્રમાણે આ મિસાલમાં વસતીથી મતલબ મક્કા છે કે ત્યાં દરેક પ્રકારની સુખશાંતિ હતી. અનાજ, મેવા પણ બહારથી ખૂબ ચાલ્યા આવતા હતા, પરંતુ તેઓએ આ નેઅમતોની કદર ન કરી અને શિર્ક, પાપો, નિર્લજ્જતા તથા વહેમ પરસ્તીમાં લીન થઇ ગયાં. વળી, અલ્લાહ તઆલાએ સૌથી મહાન નેઅમત હઝરત મુહમ્મદ (સલ.)ના સ્વરૂપમાં મોકલી તો તેનો ઇન્કાર કરી વિરુદ્ધતામાં પાછીપાની ન કરી ત્યારે અલ્લાહ તઆલાએ શાંતિના બદલે મુસલમાનોની બીકમાં અને બહોળી રોજીના બદલે સાત વર્ષના દુકાળમાં સપડાવ્યા, જેમાં તેઓ કૂતરા વગેરે મુરદાર ખાતા અને લોહી પીતા

થઈ ગયા હતા. પછી બદ્રની લડાઈમાં મુજાહિદોના હાથે ખુદાઈ અઝાબ તૂટી પડયો અને બાકીનાઓ પર એવી ધાક બેસી ગઈ કે શામ દેશમાં વેપાર અર્થે જવું-આવવું છોડી દીધું અને રાત-દિવસ પોતાના જાનમાલ પર ભયભીત રહેવા લાગ્યા; પછી મક્કા ફતહ થતાં તેઓનો અંત જ આવી ગયો અને આ બાજુ નબીના સાચા ફરમાંબરદારોને જેઓ જાલિમોના અત્યાચારથી તંગ આવી ઘરબાર છોડી ચાલ્યા ગયા હતા તેમને અલ્લાહપાકે શ્રેષ્ઠ ઠેકાણું આપ્યું અને રોજીના ખજાના ઉઘાડી ચઢતીના શિખરે પહોંચાડયા કે સલ્તનતોના માલિક અને પરહેઝગારોના ઈમામ બનાવ્યા તો ઘણું કરી એ જ કારણથી આયતોમાં મક્કાના કાફિરોનો હાલ સંભળાવી આગલી આયતમાં મુસલમાનોને સંબોધી ફરમાવ્યું કે, જે દુરાચરણો વડે મક્કા-વાળાઓ પર મુસીબત આવી પડી તેનાથી તમે બચતા રહેજો.

(કુફ્રની બુરાઈ જાણી લીધી) તો અલ્લાહે જે પવિત્ર હલાલ રોજી તમને આપી છે તેમાંથી ખાઓ અને જો તેની જ બંદગી કરતા હો તો અલ્લાહની નેઅમતોનો શુક્ર કરતા રહો. (૧૧૪)

જે કોઈ અલ્લાહપાકની બંદગીનો દાવો કરતો હોય તો તેને જોઈએ કે અલ્લાહ તઆલાની આપેલી પવિત્ર રોજીથી લાભ ઉઠાવે અને તેનો ઉપકાર માની શુક્ર કરે. પોતાની અક્કલથી કોઈ હલાલ વસ્તુને હરામ ન ઠેરવે અને નેઅમતોથી લાભ લેતાં શુક્ર તરીકે અલ્લાહ અને રસૂલ (સલ.) પર ઈમાન રાખી તેમના હુકમોની તાબેદારી કરે.

કુફ્ર અને નાશુક્રીનો બદલો દર્શાવતું ઉદાહરણ :

અને અલ્લાહ તઆલા એક વસ્તીવાળાઓની આશ્ચર્યજનક હાલત વર્ણન કરે છે કે, તેઓ (મોટા) સુખ-ચેનમાં રહેતા હતા (અને) તેમના ખાવા-પીવાની, પહેરવાની વસ્તુઓ ઘણી છૂટછાટથી ચારે બાજુથી તેમની પાસે પહોંચ્યા કરતી હતી (અને તે લોકોએ અલ્લાહપાકની નેઅ્મતોનો શુક્ર અદા ન કર્યો, બલ્કે) તેમણે અલ્લાહપાકની નેઅ્મતોની નાકદરી કરી (એટલે કે કુફ્ર અને શિર્ક તથા ગુનાહોમાં સપડાયેલા રહ્યા) તેના ઉપર અલ્લાહ

તઆલાએ તેમને તેમના કૃત્યોના કારણે એક ભયંકર દુષ્કાળ અને ડરની મજા ચખાડી (કે માલ-દૌલતની છૂટછાટ તંગીમાં બદલાઈ ગઈ અને દુકાળ તથા ભૂખમરામાં સપડાઈ ગયા તથા દુશ્મનોનો ડર તેમના ઉપર છવાઈ ગયો અને એ રીતે તેમની વસ્તીઓનું સુખ-ચેન પણ છીનવાઈ ગયું) અને (આ સજામાં અલ્લાહપાક તરફથી કોઈ ઉતાવળ કરવામાં આવી નથી, બલ્કે પ્રથમ તો તેમની સુધારણા અને ચેતવણી માટે) તેમની પાસે તેમનામાંના જ એક રસૂલ પણ (અલ્લાહ તઆલા તરફથી) આવ્યા (જેમની સત્યતા અને પ્રમાણિકતાની હાલત પોતે પોતાની કૌમના હોવાના કારણે તેમને સંપૂર્ણ રીતે ખબર હતી). બસ, તે (રસૂલ)ને (પણ) તેમણે જૂઠા બતાવ્યા ત્યારે તેમને અઝાબે પકડી લીધા. જ્યારે કે તેઓ જુલમ ઉપર બિલ્કુલ જ કમર કસી ચૂક્યા હતા.

મસ્અલા અને બોધપાઠ :

અંતિમ આયતમાં ભૂખ અને ડરની મજા ચખાડવા માટે ''લિબાસ'' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ''ભૂખ અને ડરનો લિબાસ (પોષાક) ચખાડવામાં આવ્યો'' જ્યારે કે લિબાસ કે પોષાક કોઈ ચાખવાની વસ્તુ નથી, પરંતુ અત્રે ''લિબાસ''નો શબ્દ ઠોસ અને તેમના સંપૂર્ણ અસ્તિત્વ ઉપર લિબાસની જેમ છવાઈ જવાની સમાનતા સ્વરૂપે રૂઢિપ્રયોગ તરીકે ઉપયોગ થયો છે કે, તેઓના ઉપર ભૂખમરો અને ડર એવી રીતે છવાઈ ગયો કે જેવી રીતે પોષાક શરીરને ઢાંકી દે છે અને આ ભૂખ તથા ભય પણ તેમના ઉપર એ જ પ્રમાણે થોપી દેવામાં આવ્યો.

જે ઉદાહરણ આ આયતમાં વર્ણન કરવામાં આવ્યું છે, અમુક તફસીરના ઉલમાના અભિપ્રાય પ્રમાણે સામાન્ય ઉદાહરણ છે, કોઈ ખાસ વસ્તી સાથે તેનો સબંધ નથી અને મોટાભાગના લોકોએ તેને મક્કએ મુકર્રમહની ઘટના ઠરાવી દીધી છે કે, તેઓ સાત વર્ષો સુધી સખત દુષ્કાળમાં સપડાયેલા રહ્યા. એટલે સુધી કે મરેલા જાનવરો તથા કૂતરા વગેરે ગંદકી ખાવા માટે પણ મજબૂર થઈ ગયા અને મુસલમાનોનો ડર તેમના ઉપર છવાઈ ગયો. ત્યાર

બાદ મક્કાના સરદારોએ રસૂલે કરીમ (સલ.)ને વિનંતી કરી કે, કુફ્ર અને નાફરમાનીના કુસૂરવાર તો પુરૂષો છે, સ્ત્રીઓ અને બાળકો નિર્દોષ છે. ત્યારે રસૂલે કરીમ (સલ.)એ તેમના માટે મદીના તય્યિબહથી ખાવા-પીવા વગેરેનો સામાન મોકલ્યો. *(મઝહરી)*

અબૂ સુફિયાને કુફ્રની હાલતમાં રસૂલે કરીમ (સલ.)ને દરખાસ્ત કરી કે, તમે તો ભલાઈ, સીલારહમી તથા માફી અને દરગુઝરની તઅલીમ આપો છો, આ તમારી કૌમ હલાક થઈ રહી છે, તમે અલ્લાહ તઆલા પાસે દુઆ કરો કે આ દુકાળ અમારા ઉપરથી દૂર થઈ જાય. તેથી રસૂલે કરીમ (સલ.)એ તેમના માટે દુઆ કરી અને દુષ્કાળ ખતમ થયો.

(૩૨) ધન-દૌલત ઉપર અભિમાન અને કુફ્ર કરવાની સજારૂપ દાખલો

وَاضْرِبْ لَهُمْ مَّثَلًا رَّجُلَيْنِ جَعَلْنَا لِاَحَدِهِمَا جَنَّتَيْنِ مِنْ اَعْنَابٍ
وَّحَفَفْنٰهُمَا بِنَخْلٍ وَّجَعَلْنَا بَيْنَهُمَا زَرْعًا ﴿٣٢﴾ كِلْتَا الْجَنَّتَيْنِ اٰتَتْ اُكُلَهَا وَلَمْ
تَظْلِمْ مِّنْهُ شَيْـًٔا ۙ وَّفَجَّرْنَا خِلٰلَهُمَا نَهَرًا ﴿٣٣﴾ وَّكَانَ لَهٗ ثَمَرٌ ۚ فَقَالَ لِصَاحِبِهٖ
وَهُوَ يُحَاوِرُهٗٓ اَنَا اَكْثَرُ مِنْكَ مَالًا وَّاَعَزُّ نَفَرًا ﴿٣٤﴾ وَدَخَلَ جَنَّتَهٗ وَهُوَ ظَالِمٌ
لِّنَفْسِهٖ ۚ قَالَ مَآ اَظُنُّ اَنْ تَبِيْدَ هٰذِهٖٓ اَبَدًا ﴿٣٥﴾ وَّمَآ اَظُنُّ السَّاعَةَ قَآئِمَةً ۙ
وَّلَئِنْ رُّدِدْتُّ اِلٰى رَبِّيْ لَاَجِدَنَّ خَيْرًا مِّنْهَا مُنْقَلَبًا ﴿٣٦﴾ قَالَ لَهٗ صَاحِبُهٗ
وَهُوَ يُحَاوِرُهٗٓ اَكَفَرْتَ بِالَّذِيْ خَلَقَكَ مِنْ تُرَابٍ ثُمَّ مِنْ نُّطْفَةٍ ثُمَّ سَوّٰىكَ
رَجُلًا ﴿٣٧﴾ لٰكِنَّا۠ هُوَ اللّٰهُ رَبِّيْ وَلَآ اُشْرِكُ بِرَبِّيْٓ اَحَدًا ﴿٣٨﴾ وَلَوْلَآ اِذْ دَخَلْتَ جَنَّتَكَ
قُلْتَ مَا شَآءَ اللّٰهُ ۙ لَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ ۚ اِنْ تَرَنِ اَنَا اَقَلَّ مِنْكَ مَالًا وَّوَلَدًا ﴿٣٩﴾
فَعَسٰى رَبِّيْٓ اَنْ يُّؤْتِيَنِ خَيْرًا مِّنْ جَنَّتِكَ وَيُرْسِلَ عَلَيْهَا حُسْبَانًا مِّنَ السَّمَآءِ
فَتُصْبِحَ صَعِيْدًا زَلَقًا ﴿٤٠﴾ اَوْ يُصْبِحَ مَآؤُهَا غَوْرًا فَلَنْ تَسْتَطِيْعَ لَهٗ طَلَبًا ﴿٤١﴾
وَاُحِيْطَ بِثَمَرِهٖ فَاَصْبَحَ يُقَلِّبُ كَفَّيْهِ عَلٰى مَآ اَنْفَقَ فِيْهَا وَهِيَ خَاوِيَةٌ عَلٰى

عُرُوْشِهَا وَيَقُوْلُ يٰلَيْتَنِيْ لَمْ اُشْرِكْ بِرَبِّيْٓ اَحَدًا ﴿٤٢﴾ وَلَمْ تَكُنْ لَّهٗ فِئَةٌ
يَّنْصُرُوْنَهٗ مِنْ دُوْنِ اللّٰهِ وَمَا كَانَ مُنْتَصِرًا ﴿٤٣﴾ هُنَالِكَ الْوَلَايَةُ لِلّٰهِ الْحَقِّ ؕ
هُوَ خَيْرٌ ثَوَابًا وَّخَيْرٌ عُقْبًا ﴿٤٤﴾ (કહ્ફ:૩૨-૪૪)

અને આપ એ લોકોને બે માણસોનો હાલ બત ાવો કે તે બંનેમાંથી એકને માટે અમે દ્રાક્ષના બે બગીચા બનાવી લીધા તથા તે બંને (બગીચા)ને ખજૂરીઓ વડે ઘેરી લીધા હતા અને તે બંનેની વચ્ચે ખેતી પણ રાખી હતી. (૩૨)

અત્રે ધનવાન કાફિરો અને કંગાલ મુઅમિનના ઉદાહરણથી દુનિયાના વિનાશ, કુફ્ર અને ગર્વના બૂરા પરિણામ તેમજ ઈમાન અને તકવાના મકબૂલ હોવા પર ચેતવણી આપી. મતલબ કે તેમણે બગીચાઓની આજુબાજુ ખજૂરીઓની વાડ અને મધ્ય ભાગમાં ખેતી માટે જમીન રાખી કે અનાજ તથા મેવા સઘળું તૈયાર મળે.

(અને) બંને બગીચા પોતાના પૂરતાં ફળો આપતા હતા અને કોઈના ફળમાં જરાયે કમી રહેતી ન હતી અને તે બંનેની વચ્ચે અમે નહેર વહેતી કરી હતી. (૩૩)

સામાન્ય રીતે સૌ ઝાડ એકસરખાં ફળતાં નથી. કદી કોઈ ઝાડમાં તો કદી આખા બગીચામાં ફળ ઓછા આવે છે, પરંતુ તેના બગીચામાં સદા સરખાં ફળ આવતાં હતાં. વળી, વચમાં એવી ઢબથી નહેર વહેતી હતી કે સુંદર દેખાવથી મજા આપે અને વરસાદની પણ જરૂર ન રહે.

અને તેને ફળ મળ્યું, તે પછી (એક વાર) પોતાના સાથી જોડે આમ-તેમની વાતો કરતાં કહેવા લાગ્યો : હું તારા કરતાં માલ (દૌલત)માં વધારે છું અને જથ્થાની રૂએ પણ વધુ માનવંત છું. (૩૪)

બગીચા પર તેણે જે કંઈ ખર્ચ કર્યો તેનું અથવા જે ધંધો કર્યો હતો તેનું ફળ સારું મળ્યું અને દરેક પ્રકારના ઐશ-આરામના પૂરતાં સાધનો થઈ ગયા. નિકાહ કર્યા તો તેનું પણ સારું ફળ મળ્યું એટલે ઘણી અવલાદ થઈ. વળી, નોકર-ચાકર પણ રાખ્યા, તે ઉપરથી ઈતરાઈને પોતાના સાથીને

કહેવા લાગ્યો કે દૌલત તથા માનવ જથ્થામાં હું તારા કરતાં ઘણો જ અધિક છું. જો હું ખોટા ધર્મ પર હોત તો આવો ઐશ-આરામ કેવી રીતે ભોગવી શકત ! આ વાત તેણે તે વખતે કરી, જ્યારે તેનો પાકો ઈમાનવાળો ગરીબ સાથી શિર્કને બાતિલ ઠેરવી તેને શિર્કથી તૌબા કરવા શિખામણ આપતો હશે. જવાબનો સાર એ છે કે તારા જેવા કંગાલના સત્ય ધર્મ પર હોવાની મને ખાતરી થતી નથી.

અને તે પોતાના ઉપર જુલ્મ (કુફ્ર) કરવાની હાલતમાં (પોતાના) સાથીને લઈ પોતાના બગીચામાં પહોંચ્યો (અને) કહેવા લાગ્યો કે આ બગીચો કદી પણ બરબાદ થાય એમ હું ધારતો નથી. (૩૫)

તે શિર્કમાં સપડાયેલો હોઈ ગર્વના નશામાં અન્યોને તુચ્છ ગણતો હતો. અલ્લાહ તઆલાની કુદરત અને તેની મોટાઈ પ્રત્યે લક્ષ ન હતું. પરિણામ શું આવનાર છે ? તેનું પણ ભાન ન હતું. બસ, આ બગીચા જ તેની જન્નત હતી, જેને સદા તેવા જ ફલ્યા ફૂલ્યા રહેવાનું ધારતો હતો.

વળી, હું એ પણ ધારતો નથી કે કિયામત આવનાર છે અને જો હું મારા પરવરદિગારની પાસે પહોંચાડવામાં આવીશ તો ત્યાં એનાથી ઉત્તમ જગ્યા મેળવીશ. (૩૬)

અત્યારે તો ઐશ-આરામમાં છું. વળી, મેં એવા બંદોબસ્ત કર્યા છે કે જિંદગીપર્યંત આ બગીચા વેરાન થવાનો લેશમાત્ર ડર નથી. બાકી મરણ પછીનો મામલો રહ્યો તો હાડકાંનો ચૂરો થઈ જવા પછી ફરી સજીવન થઈ અલ્લાહની સામે હાજરી આપવા બાબત મને ખાતરી થતી નથી અને કદાચ એવું થાય તો ત્યાં પણ મને અહીંથી વધુ જ મળશે. જો અલ્લાહ તઆલાને અમારું વર્તન પસંદ ન હોત તો દુનિયામાં ઐશ-આરામ ન આપત. જાણે કાફિરોએ અત્રેના ઐશ-આરામને ત્યાંની સુખ-શાંતિની નિશાની ઠેરવી છે, પરંતુ તેઓની ધારણા સાવ ખોટી છે. એમ થઈ શકતું જ નથી.

(આ સાંભળી) તેના સાથીએ તેની સાથે વાતો કરતાં કહ્યું કે શું તું તે ઝાતની સાથે કુફ્ર કરે છે ? જેણે તને માટીથી પેદા કર્યો, પછી વીર્યના

ટીપાંથી, પછી તને પૂરો મરદ બનાવી દીધો ? (૩૭)

મનુષ્યની અસલ માટી છે. હઝરત આદમ (અલૈ.) તેઓથી જ બન્યા. બીજાઓની પેદાઈશ વીર્યથી છે જે માટીમાંથી થયેલા પાકના તત્ત્વોથી ઉત્પન્ન થાય છે. તો જે અલ્લાહ તઆલા એવી રીતે તને વીર્યથી પૂરો મરદ બનાવી શક્યો, તે શું ફરી સજીવન કરી શકતો નથી ? અથવા પોતાની આપેલી નેઅમતો ખૂંચવી શકતો નથી ?

(તું ચાહે તેમ કર;) પરંતુ હું તો એમ જ કહું છું કે તે જ અલ્લાહ મારો પરવરદિગાર છે અને હું કોઈને પણ મારા પરવરદિગારનો શરીક માનતો નથી. (૩૮) અને જ્યારે તું પોતાના બાગમાં આવ્યો ત્યારે તેં એમ કેમ ન કહ્યું કે અલ્લાહપાક જે ચાહે તે થાય છે. અલ્લાહ તઆલા(ની મદદ) વિના (કોઈમાં) કંઈ જ શક્તિ નથી. અગર તું મને જુએ છે કે તારા કરતાં હું માલ તથા અવલાદમાં ઓછો છું. (૩૯) તો મને આશા છે કે મારો પરવરદિગાર (ટૂંક સમયમાં) મને તારા બગીચા કરતાં બેહતર આપી દે અને આ (તારા બગીચા) ઉપર આકાશથી કોઈ આફત મોકલી આપે, જેથી તે બગીચો અચાનક ઉજ્જડ મેદાન થઈને રહી જાય (૪૦) અથવા તે (નહેર)નું પાણી છેક ઊંડું (જમીનમાં) ઉતરી જાય. ફરી તું તે(ને કાઢવા)ની કોશિશ પણ કરી શકે નહિ. (૪૧)

ધન–દૌલત વગેરે અલ્લાહપાકની આપેલી નેઅમત પર ઈતરાવાથી અને કુફ્રની વાતો બકવાથી આફત આવે છે. માટે તેને એમ કહેવું ઘટતું હતું કે અલ્લાહને જે કંઈ મંજૂર હોય છે તે જ થાય છે અને અલ્લાહની મદદ સિવાય કોઈમાં કંઈ જ શક્તિ નથી. અગર તે ચાહે તો પળવારમાં સઘળું ખૂંચવી લે. હુઝૂર (સલ.)એ ફરમાવ્યું છે કે જ્યારે માણસને પોતાના ઘરબાર વગેરેમાં બેહતર હાલત જણાય તો આ શબ્દો કહે : **''माशा अल्लाहु ला हव्ल वला कुव्वत इल्ला बिल्लाह''** તો તે સર્વે આફતોથી સલામત રહેશે.

તારા ગર્વની શિક્ષા માટે કુદરતી કોપ તરીકે આકાશથી કોઈ આફત આવી બગીચાનો નાશ કરી નાખે અને નહેરનું પાણી પણ છેક ઊંડું જમીનમાં

ઉતરી સૂકાઇ જાય કે ફરીથી તેને લાવી પણ ન શકે.

અને (તે પછી એવું બન્યું કે) તેનાં ફળો (આફતથી) ઘેરાઇ ગયાં. પછી તેણે તે બગીચા પર જે કંઇ ખર્ચ કર્યો હતો તેના ઉપર હાથ મસળતો રહી ગયો અને તે બગીચો પોતાની ટટ્ટીઓ પર પડેલો હતો અને તે કહેતો હતો કે જો કોઇને મારા પરવરદિગારનો શરીક બનાવ્યો ન હોત તો કેવું સારું થાત ! (૪૨)

આખરે તેના બગીચા પર તેવું જ થયું જેવું કે પેલા નેક માણસના મોઢેથી નીકળ્યું હતું. એટલે આકાશથી એક આગ આવી તો સઘળું બળીને ઢગલો વળી ગયો, પાણી પણ સૂકાઇ ગયું. તેણે પૂંફ વધારવા માલ ખર્ચ કર્યો હતો, પણ ઉલટો અસલ મૂડી પણ ગુમાવી બેઠો ત્યારે પસ્તાવો કરવા લાગ્યો, પણ પછી પસ્તાવાથી શું ફાયદો ? વળી, આ પસ્તાવો પણ અલ્લાહ તઆલાના ડરથી નહિ, બલકે માત્ર દુન્યવી નુકસાન ઉપર હતો.

અને તેની પાસે કોઇ એવી મંડળી ન થઇ જે અલ્લાહના સિવાય તેની મદદ કરે અને એમ પણ ન થયું કે પોતે જ બદલો લઇ શકે. (૪૩)

તેનો જથ્થો કે અવલાદ તથા તેના જૂઠા મઅબૂદો કોઇ જ કંઇ કામ ન લાગ્યું. તેમજ તેના અંદર પણ એટલી શક્તિ ન હતી કે ખુદાઇ અઝાબને અટકાવે અથવા બદલો લે.

એવા મોકા પર સાચા અલ્લાહપાકનો સૌ અધિકાર છે. તેનું જ ઇનામ બેહતર ને તેનો જ આપેલો બદલો સારો છે. (૪૪)

જેના જે અમલનો જે કંઇ બદલો આપે તે વાજબી જ છે. દુનિયા તેમજ આખિરતમાં સર્વ અધિકાર અલ્લાહ તઆલાનો જ છે. તેના ફૈસલામાં દખલ કરવા કોઇ શક્તિમાન નથી.

મુઅમિન અને કાફિરની સોચ-વિચારનો ફર્ક દર્શાવતો દાખલો :

અને (હે નબી સલ. !) તમે (નાશવંત દુનિયા અને આખિરતના કાયમીપણાંને જાહેર કરવા માટે) બે વ્યક્તિઓની હાલત (જેમાં પરસ્પર

દોસ્તી અને નજીકનો સંબંધ હતો) વર્ણન કરો (જેથી કાફિરોનો વિચાર ખોટો ઠરે અને મુસલમાનોને તસલ્લી થાય), તે બે વ્યક્તિઓમાંથી એકને (કે જે બેદીન હતો) અમે દ્રાક્ષના બે બાગ આપી રાખ્યા હતા અને બંને (બગીચાઓ) ખજૂરોના ઝાડોથી ઘેરાયેલા હતા અને તે બંને (બગીચાઓ)ની વચ્ચે ખેતી પણ હતી (અને) બંને બગીચાઓ પોતાના પૂરેપૂરા ફળ આપતા હતા અને કોઈના ફળમાં જરા પણ કમી રહેતી ન હતી (સામાન્ય બાગોથી વિપરીત કે તેમાં ક્યારેક કોઈ વૃક્ષમાં તો ક્યારેક કોઈ વર્ષે આખા બાગને ફળો નથી આવતા અથવા તો ઓછા આવે છે) અને તે બંને (બગીચાઓ)ની વચ્ચે નહેર વહેતી કરી હતી અને તે વ્યક્તિની પાસે અન્ય પણ માલદારીનો સામાન હતો. બસ, (એક દિવસે) પોતાના તે (બીજા) મિત્રની સાથે આમ-તેમની વાતો કરતો કરતો કહેવા લાગ્યો કે હું તારા કરતાં માલમાં પણ વધારે છું અને જથ્થો પણ મારો જબરદસ્ત છે. (મતલબ એ હતો કે તું મારી માન્યતાને બાતિલ અને અલ્લાહના નિકટ નાપસંદ કહે છે, તો હવે તું જોઈ લે કે કોણ સારું છે ? જો તારો દા'વો સાચો હોત તો પરિસ્થિતિ આનાથી વિપરીત હોત ! કારણ કે દુશ્મનને તો કોઈ ઈનામ આપતું નથી અને દોસ્તને કોઈ નુકસાન પહોંચાડતું નથી) અને તે (પોતાના મિત્રને સાથે લઈને) પોતાના ઉપર જુલમ (કુફ્ર) કાયમ કરતો(-કરતો) પોતાના બાગમાં પહોંચ્યો (અને) કહેવા લાગ્યો કે મારું માનવું એવું નથી કે આ બગીચો (મારા જીવન દરમિયાન) ક્યારેય પણ બરબાદ થશે (તેનાથી જાણ થઈ કે તે અલ્લાહના અસ્તિત્વ અને દરેક વસ્તુ ઉપર તેના શક્તિ ધરાવવાની માન્યતાનો ઈન્કારી હતો. બસ, જાહેર અને ભૌતિક સરસામાન જોઈને તેણે આ વાતચીત કરી) અને (એ જ પ્રમાણે) હું કયામતને નથી માનતો કે તે આવશે અને જો (ધારી લો કે કદાચ કયામત આવી પણ ગઈ અને) હું પોતાના પરવરદિગાર પાસે પહોંચી ગયો (જેમકે તારો અકીદહ છે), તો અવશ્ય આ બગીચાથી પણ ઘણી વધારે સારી જગ્યા મને મળશે. (કારણ કે જન્નતનું સ્થળ દુનિયાથી સારું હોવું અને ઉત્તમ હોવાનો તો તું પણ સ્વીકાર કરે છે અને એ પણ સ્વીકારે છે કે જન્નત અલ્લાહ તઆલાના

સ્વીકૃત બંદાઓને મળશે. મારી સ્વીકૃતિના ચિહ્નો અને નિશાનીઓ તો તું દુનિયામાં જ જોઈ રહ્યો છે, જો હું અલ્લાહ સમીપ સ્વીકૃત ન હોત તો મને આ બગીચાઓ ક્યાંથી મળવાના હતા ? એટલા માટે અમારા સ્વીકાર અને માન્યતા પ્રમાણે પણ મને ત્યાં સારું સ્થળ મળવાનું નક્કી છે). તે (વ્યક્તિની વાતો સાંભળી)ને તેના મિત્રએ (કારણ કે તે દુનિયામાં ઘણો ગરીબ વ્યક્તિ હતો, પરંતુ દીનદાર હતો એટલે) જવાબ સ્વરૂપે કહ્યું કે તું (તવહીદ અને કિયામતનો ઈન્કાર કરીને) તે જાતની સાથે કુફ્ર કરે છે, જેણે તને (પ્રથમ) માટીથી (કે જે તારું મૂળ તત્ત્વ છે હઝરત આદમ અલૈ.ના માધ્યમથી) પેદા કર્યો, પછી (તને) નુત્ફાથી (કે જે તારા પેદા થવાનું કારણ હતું), પછી તને સાજો-નરવો પુરુષ બનાવ્યો (તે છતાં તું તવહીદ અને કિયામતનો ઈન્કાર અને કુફ્ર કરે છે, તો કર્યા કર) પરંતુ હું તો એ માન્યતા ધરાવું છું કે તે એટલે અલ્લાહ તઆલા મારો પરવરદિગાર (સાચો) છે અને હું તેની સાથે કોઈને ભાગીદાર નથી ઠરાવતો (અને જ્યારે અલ્લાહ તઆલાની તવહીદ અને સંપૂર્ણ કુદરત દરેક વસ્તુ ઉપર હોવાનું સાબિત છે અને તેના પરિણામે એ કોઈ અસંભવ વાત નથી કે બગીચાની પ્રગતિ અને સુરક્ષાનો તારો બધો પ્રબંધ અને સામાન કોઈપણ સમયે બેકાર અને બરબાદ થઈ જાય એટલા માટે તારા માટે જરૂરી હતું કે તું બધા જ કાર્ય અને કારણના માલિક અલ્લાહ તઆલા ઉપર દૃષ્ટિ રાખે) તો તું જે વખતે પોતાના બાગમાં પહોંચ્યો હતો, હવે તો તેં કેમ એવું ન કહ્યું કે જે અલ્લાહપાકને મંજૂર હોય છે તે જ થાય છે (અને) અલ્લાહ તઆલાની મદદ વિના (કોઈનામાં) કોઈ શક્તિ નથી (જ્યાં સુધી અલ્લાહ તઆલા ઈચ્છશે આ બગીચો કાયમ રહેશે અને જ્યારે ઈચ્છશે વેરાન થઈ જશે). જો તું મને માલ અને અવલાદમાં ઓછો જુએ છે (તેનાથી તારી પોતે સ્વીકૃત હોવાની માન્યતા દૃઢ થઈ છે) તો મને તે વખત નજીક જણાય છે કે મારો પરવરદિગાર તારા બગીચાથી સારો બગીચો આપી દે (ભલે તે દુનિયામાં હોય અથવા તો આખિરતમાં) અને આ (તારા બગીચા)ના ઉપર કોઈ (તકદીરી) આફત આસમાનથી (એટલે કે સીધે-સીધી અથવા તો કોઈ અન્ય કારણ સ્વરૂપે) મોકલી આપે, જેનાથી

તે બાગ અચાનક એક ઉજ્જડ (ચટિયલ) મેદાન બની જાય અથવા તેનું પાણી (જે નહેરોમાં વહી રહ્યું છે) બિલ્કુલ અંદર (જમીનમાં) ઊતરી(ને સૂકાઈ) જાય, પછી તું તે(ને ફરીવાર લાવવા અને કાઢવા)ની કોશિશ પણ ન કરી શકે (અત્રે આ દુનિયાદાર સાથીએ તે બેદીનના બગીચાનો જવાબ તો આપી દીધો, પરંતુ અવલાદ વિશે કંઈ જવાબ આપ્યો નહીં. કદાચ કારણ એ છે કે, અવલાદનું વધારે હોવું ત્યારે જ ઉત્તમ જણાય છે, જ્યારે તેમની કેળવણી માટે માલ મૌજૂદ હોય, નહિતર તે ઊલટી જીવનો વબાલ બની જાય છે. ખુલાસો એ થયો કે તારા બદ્દઅકીદહ હોવાનું કારણ એ હતું કે તને દુનિયામાં અલ્લાહપાકે દોલત આપી, તેને તેં પોતાની સ્વીકૃત હોવાની નિશાની સમજી લીધી અને મારી પાસે દૌલત ન હોવાથી મને અસ્વીકૃત સમજી લીધો, તો દુનિયાની દોલત અને રાહત અલ્લાહપાક પાસે સ્વીકૃતિનો આધાર સમજી લેવું ઘણો મોટો ધોકો અને ભૂલ છે. દુનિયાની નેઅ્મતો તો પરવરદિગારે આલમ સાપ-વીંછીઓ અને વરૂઓને તથા દુષ્ટ અને અધર્મ લોકોને પણ આપે છે. અસલ આધાર સ્વીકૃતીનો આખિરતની નેઅ્મતો ઉપર છે, જે હંમેશા બાકી રહેનારી છે અને દુનિયાની નેઅ્મતો બધી ફના થવાની છે) અને (આ વાતચીત પછી ઘટના એ બની હતી કે) તે વ્યક્તિના સામાનને આફતે ઘેરી લીધો. બસ, તેણે જે કંઈ બાગ ઉપર ખર્ચ કર્યું હતું, તેના ઉપર હાથ મસળતો રહી ગયો અને તે બાગ પોતાના માંડવાઓ ઉપર પડેલો હતો અને તે કહેવા લાગ્યો, કેવું સારું થાત કે મેં પોતાના પરવરદિગારની સાથે કોઈને ભાગીદાર ઠરાવ્યો ન હોત ! (તેનાથી જાણ થાય છે કે બગીચા ઉપર આફત આવવાથી તે સમજી ગયો કે આ વબાલ અને આફત કુફ્ર અને શિર્કના કારણે આવી છે, જો કુફ્ર ન કર્યું હોત તો કદાચ પ્રથમ તો આ આફત જ ન આવી હોત અને જો આવી પણ હોત તો તેનો બદલો આખિરતમાં મળ્યો હોત. હવે દુનિયા અને આખિરત બંનેમાં નુકસાન જ નુકસાન રહી ગયું છે, પરંતુ માત્ર એટલો અફસોસ અને દિલગીરીથી તેનું ઈમાન સાબિત નથી થતું. કારણ કે આ અફસોસ અને પસ્તાવો તો દુનિયાના નુકસાનના કારણે થયો, આગળ અલ્લાહપાકની તવહીદ અને

કિયામતનો ઇકરાર જ્યાં સુધી સાબિત ન થાય તેને મો'મિન કહી શકાય નહીં) અને તેની પાસે એવી કોઈ મંડળી ન હતી, જે અલ્લાહપાકના સિવાય તેની મદદ કરે (તેને પોતાના સમૂહ અને અવલાદ ઉપર ગર્વ હતો, તે તો બધું નષ્ટ થઈ ગયું) અને ન જ તે પોતે (અમારી પાસેથી) બદલો લઈ શક્યો, આવી તકે મદદ કરવી તો માત્ર અલ્લાહ બરહકનું જ કામ છે (અને આખિરતમાં પણ) તેનો સવાબ (બદલો) સૌથી સારો છે અને (દુનિયામાં પણ) તેનું જ પરિણામ સૌથી સારું છે, (એટલે કે સ્વીકૃતિ પ્રાપ્ત બંદાઓનું કોઈ નુકસાન થાય છે, તો તેનો બદલો બંને દુનિયાઓમાં નેક અને ભલો મળે છે. તેનાથી વિપરીત કાફિરો બિલ્કુલ નુકસાનમાં રહી ગયા છે).

(33) દુન્યાના નાશવંત હોવાનો વધુ એક દાખલો

وَاضْرِبْ لَهُمْ مَّثَلَ الْحَيٰوةِ الدُّنْيَا كَمَآءٍ اَنْزَلْنٰهُ مِنَ السَّمَآءِ فَاخْتَلَطَ بِهٖ نَبَاتُ الْاَرْضِ فَاَصْبَحَ هَشِيْمًا تَذْرُوْهُ الرِّيٰحُ ؕ وَكَانَ اللّٰهُ عَلٰى كُلِّ شَیْءٍ مُّقْتَدِرًا ﴿۴۵﴾ اَلْمَالُ وَالْبَنُوْنَ زِيْنَةُ الْحَيٰوةِ الدُّنْيَا ۚ وَالْبٰقِيٰتُ الصّٰلِحٰتُ خَيْرٌ عِنْدَ رَبِّكَ ثَوَابًا وَّخَيْرٌ اَمَلًا ﴿۴۶﴾ (کہف:۴۵،۴۶)

અને (હે નબી સલ. !) તે લોકોને દુનિયાની જિંદગીની હાલત વર્ણવી દો કે તે એવી છે જાણે અમે આકાશથી પાણી વરસાવ્યું. ફરી તેના વડે જમીનની લીલોતરી ખૂબ નીકળી. પછી તે (સૂકાઈને) ચૂરેચૂરા થઈ ગઈ કે જેને હવા ઉડાવતી ફરે અને અલ્લાહ તઆલા દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવે છે. (૪૫) *(સૂરહ કહફ)*

જે પ્રમાણે વરસાદ પડી ખેતી ઉગે છે. ફરી તેની મોસમ આવે છે અને પછી સૂકાઈ જતાં કાપી નાખવામાં આવે છે, પછી તે ભૂકો થઈ જતાં હવામાં ઉડાવવામાં આવે છે તો તેનું નામનિશાન પણ રહેતું નથી. એ જ પ્રમાણે દુનિયાનો હાલ છે કે આજે બલિહારી છે, પણ કાલે કિયામત આવતાં સૌ ફના થઈ જશે અને એનું નામનિશાન પણ રહેશે નહિ. વળી, એ જ હાલ દુન્યવી જિંદગીનો પણ છે કે હમણાં બાળક છે, ફરી જુવાન, પછી વૃદ્ધ થઈ

મરી જાય છે. ફરી કેટલીક મુદ્દત પછી આ શરીર ધૂળમાં મળી જાય છે. એ સૌ અલ્લાહ તઆલાની કુદરતથી થાય છે. તો તે ચાહે ત્યારે પોતાની કુદરતથી પાછા સજીવન કરી દેશે.

માલ તથા અવલાદ જગત જીવનની શોભા છે અને બાકી રહેનાર નેકીઓ આપના પરવરદિગારની નજીક બદલાની રૂએ બહુ બેહતર તેમજ આશાની રૂએ પણ ઘણી જ બેહતર છે. (૪૬)

મરણ પછી ધનદૌલત કે અવલાદ વગેરે કંઇ જ કામ લાગતું નથી. માત્ર એવી નેકીઓ જ કામ લાગે છે, જેની અસર અથવા સવાબ ભવિષ્યમાં બાકી રહેનાર હોય. બાકી રહેનાર નેકીઓ આ છે કે દીનનો ઇલ્મ શીખવી જાય જે ચાલુ રહે અથવા બુરી રસમને નાબૂદ કરી સુન્નત મુજબ અમલ ચાલુ કરી જાય અથવા મસ્જિદ, કૂવા, મુસાફિરખાના, બગીચા, ખેતરો, વગેરે વકફ કરી જાય. અવલાદને સુધારી નેક બનાવી મૂકી જાય. યાદ રાખો કે નેક અમલો તથા નેક વાતો જેમનો ફાયદો સદા રહેશે, તે અલ્લાહપાકની નજીક માલ અને અવલાદથી બેહતર છે. તેનો સવાબ સદા મળતો રહે છે. દુનિયામાં જેવી નિય્યતથી કામ કરશે તેવો જ સવાબ આખિરતમાં મળશે. દુનિયાની વિનાશી દૌલત પર લાંબી લાંબી આશાઓ રાખવી મૂર્ખાઇ જ છે.

(તે વખત યાદ કરો) જે દિવસે અમે પર્વતોને (તેની જગ્યાએથી) હઠાવી (ઉડાવી) દઇશું અને આપ પૃથ્વીને સપાટ મેદાન જોશો અને અમે તેઓ સૌને (કબરોથી ઉઠાવી) એકઠા કરીશું. ફરી તેઓમાંથી એકને પણ છોડીશું નહિ. (૪૭)

કિયામત આવશે ત્યારે પર્વત જેવી વસ્તુને પણ તોડી તેની જગ્યાએથી હટાવી દેવામાં આવશે. પછી તેના ભારે ટુકડાઓનો એવો ચૂરો કરી નાખવામાં આવશે કે તે ચૂરો પીંજેલા ઉનની માફક ઉડતો ફરશે. તે વખતે પૃથ્વી તદ્દન સપાટ અને ખુલ્લું મેદાન બની જશે અને સૌને અલ્લાહપાકની રૂબરૂ હાજર કરવામાં આવશે. કોઇ પણ ગેરહાજર રહી શકશે નહિ.

અને તે સઘળા આપના પરવરદિગારની રૂબરૂ હારબંધ હાજર કરવામાં

આવશે. (પછી કહેવામાં આવશે કે) જુઓ, આખરે તમો અમારી પાસે આવી પહોંચ્યા, જેવી રીતે કે અમે તમને પહેલી વાર (દુનિયામાં) પેદા કર્યા હતા, પણ તમે તો એવું સમજતા હતા કે તમારા માટે અમે કોઈ નિર્માણ કરેલો વખત લાવીશું નહિ. (૪૮)

કિયામતનો ઈન્કાર કરનારા કાફિરોને ધમકી તરીકે અલ્લાહ તઆલા એવું ફરમાવશે કે તમે કિયામતને જૂઠાડતા હતા. છતાં આજે પોતાનો જથ્થો તથા સઘળો માલ-સામાન છોડી દઈ નગ્ન હાલતમાં કેવી રીતે આવ્યા ? પહેલી વખત દુનિયામાં સૌ પેદા થાય છે તેવા જ કિયામતમાં પણ નગ્ન, ખુલ્લા માથે, ઉઘાડા પગે અને ખત્ના થયા વગરના ઉઠશે, બલ્કે શરીરમાં કોઈ જખમ કે નુકસાન પણ બાકી રહેશે નહિ.

અને હિસાબનો કાગળ (ખુલ્લો) મૂકવામાં આવશે ત્યારે આપ ગુનેહગારોને જોશો કે તેમાં જે કંઈ (લખાયેલું) હશે તેનાથી તેઓ ડરતા હશે અને તેઓ કહેતા હશે કે હાય અમારી કમબખ્તી ! આ કાગળની અજબ હાલત છે કે એણે ન કોઈ નાની વાત છોડી, ન મોટી વાત (છોડી); પરંતુ સૌને લખી રાખી છે અને તેઓએ જે કંઈ (દુનિયામાં) કર્યું હશે તે સઘળું (નોંધ થયેલું) સામે જોશે અને આપનો પરવરદિગાર કોઈના ઉપર જુલ્મ કરશે નહિ. (૪૯)

પરવરદિગાર જે કંઈ કરે તે અન્યાય છે જ નહિ, કારણ કે સૌ તેની જ મિલ્કત છે, પરંતુ જાહેરમાં જે વાત અન્યાય જણાય તે પણ કરતો નથી. ગુનાહ વિના દોઝખમાં નાખતો નથી અને નેકીઓને અકારત કરતો નથી. જો કોઈ કહે કે ગુનાહમાં અમારો શું અધિકાર છે. તો વાત એમ નથી, પોતાના જ દિલને પૂછી લે. જ્યારે ગુનાહ તરફ દોડે છે તો પોતાના જ ઈરાદાથી દોડે છે. હવે જો કોઈ કહે કે ઈરાદો પણ અલ્લાહ તઆલાએ જ આપ્યો છે તો એનો જવાબ એ છે કે ઈરાદો બન્ને તરફ થઈ શકે છે. છતાં જો કોઈ એમ કહે કે એક તરફનો ઈરાદો પણ અલ્લાહપાકે જ કરી દીધો, તો આ વાત બંદાની જાણ બહાર છે. બંદાની સાથે તેની જાણ અને સમજ

મુજબ મામલો છે. માણસની સાથે અગર કોઇ બુરાઇ કરે તો તે પણ તેને પકડશે. એમ કહેશે નહિ કે એનો શું વાંક ? એ તો અલ્લાહ તઆલાએ જ કરાવ્યું. એ જ પ્રમાણે દરેક બાબતમાં ઇન્સાફથી વર્તી એવું માનવું જોઇએ કે માણસ પોતાના ઇરાદાથી જે ગુનોહ કરશે તેની અલ્લાહ તઆલાને ત્યાં પકડ થશે.

દુન્યાનું ફના થવું :

આથી પહેલા દુનિયાની જિંદગી અને તેના સરસામાનના બિનટકાઉ-પણા વિશે વ્યક્તિગત અને ગૌણ ઉદાહરણ આપીને વર્ણન કર્યું હતું, હવે જાહેર અને સમગ્રતઃ દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કરવામાં આવે છે કે) અને તમે તે લોકોને દુન્યવી જિંદગીની હાલત વર્ણન કરી આપો કે તે એવી છે, જેમકે અમે આસમાનથી પાણી વરસાવ્યું, પછી તે (પાણીથી) જમીનની વનસ્પતિ ખૂબ ગીચ થઈ ગઈ હોય, પછી તે (હરિયાળી અને તાજીમાજી હતી અને સુકાઈને) ચૂરા ચૂરા થઈ જાય કે તેને હવા ઉડાવીને લઈને ફરતી હોય (આ જ હાલત દુનિયાની છે કે આજે હરીભરી નજરે પડે છે, કાલે તેનું નામો-નિશાન પણ રહેશે નહીં) અને અલ્લાહ તઆલા દરેક વસ્તુ ઉપર સંપૂર્ણ કુદરત (કાબૂ) ધરાવે છે (જ્યારે ઇચ્છે પ્રગતિ અને વિકાસ કરે અને જ્યારે ઇચ્છે ફના અને બરબાદ કરી દે અને જ્યારે દુનિયાની જિંદગીની આ હાલત છે ત્યારે) માલ અને અવલાદ દુનિયાની જિંદગીની એક રોનક (અને તેના શણગારમાંથી) છે (માટે પોતે માલ અને અવલાદ પણ ફના થવાની છે) અને જે નેક અમલો (હંમેશા હંમેશા માટે) બાકી રહેવાના છે તે તમારા પરવરદિગારની પાસે (એટલે કે આખિરતમાં અને દુનિયાથી) સવાબના આધારે પણ (હજાર ઘણા) બહેતર છે અને આશાના આધારે પણ (હજાર ઘણું) ઉત્તમ છે (એટલે કે નેક અમલોથી જે આશાઓ જોડાયેલી હોય છે, તે આખિરતમાં અવશ્ય પૂરી થશે અને તેની આશાથી પણ વધારે સવાબ મળશે. તેનાથી વિપરીત દુનિયાનો માલસામાન કે તેનાથી દુનિયામાં પણ મનુષ્યની બધી જ ઉમ્મીદો પૂરી નથી થતી અને આખિરતમાં પણ તેની કોઇ

શક્યતા જ નથી.) અને તે દિવસને યાદ કરવો જોઈએ જે દિવસે અમે પહાડોને (તેના સ્થાનોએથી) હટાવી દઈશું (આ શરૂઆતમાં થશે પછી તે કણ કણ બનીને ઉડી જશે) અને આ જમીનને જોશો કે એક ખુલ્લું મેદાન પડ્યું છે (કારણ કે પર્વત, વૃક્ષો, મકાનો કંઈ જ બાકી નહીં રહે) અને અમે તે સૌને (કબરોમાંથી ઉઠાડીને હિસાબના મેદાનમાં) એકઠા કરીશું અને તેમનામાંથી કોઈને છોડીશું નહીં (કે ત્યાં લાવવામાં નહીં આવે એવું બનશે નહીં) અને બધા જ તમારા પરવરદિગારની રૂબરૂ (એટલે કે હિસાબ માટે) ઊભા કરીને રજુ કરવામાં આવશે (એ સંભાવના નહીં હોય કે કોઈ કશાની આડસમાં સંતાઈ જાય અને તેમાં જે કિયામતનો ઇન્કાર કરનારા હતા તેમને કહેવામાં આવશે કે) જુઓ, અંતે તમે અમારી પાસે (ફરીવાર સજીવન થઈને) આવ્યા, જેવા કે અમે તમને પ્રથમ વખતે (એટલે કે દુનિયામાં) પેદા કર્યા હતા, (પરંતુ તમે પ્રથમ વખતની પેદાઈશનો સાક્ષાત્કાર કર્યા છતાં પણ આ બીજા વખતની પેદાઈશની માન્યતા ધરાવતા ન હતા) બલ્કે તમે એવું જ સમજતા રહ્યા કે અમે તમારા (ફરીવાર સજીવન કરવા) માટે કોઈ સમય નિશ્ચિત લાવીશું નહીં અને નામએ આ'માલ (કોઈને જમણા હાથમાં તો કોઈને ડાબા હાથમાં આપીને તેની સામે ખુલ્લું કરી) મૂકી દેવામાં આવશે [જેમકે બીજી આયતમાં છે : **વનુખ્‌રિજુ લહુ યવ્મલ કિયામતિ કિતાબન યલ્કાહુ મન્શૂરા**] તો તમે મુજરિમોને જોશો કે તેમાં જે કંઈ (લખ્યું) હશે (તેને જોઈને) તેનાથી (એટલે કે સજાથી) ડરતા હશે અને કહેતા હશે કે, હાય અમારી કમ્બખ્તી ! આ નામએ આ'માલની હાલત આશ્ચર્યજનક છે કે ન તો કોઈનાનો ગુનોહ લખવાથી છૂટયો છે અને ન જ કોઈ મોટો ! જે કંઈ તેમણે (દુનિયામાં) કર્યું હતું તે બધું (લખેલું) ઉપસ્થિત પામશે અને તમારો પરવરદિગાર કોઈના ઉપર જુલમ કરશે નહીં (કે ન કર્યો હોય એવો ગુનોહ લખી લે અને કરેલી હોય તે નેકી જે શરતોની સાથે કરવામાં આવી હોય તેને ન લખે).

❋ ❋ ❋

(૩૪) અલ્લાહ તઆલાના અપાર જ્ઞાન અને કુદરતની કોઈ જ મર્યાદા નથી

قُلْ لَّوْ كَانَ الْبَحْرُ مِدَادًا لِّكَلِمٰتِ رَبِّيْ لَنَفِدَ الْبَحْرُ قَبْلَ اَنْ تَنْفَدَ كَلِمٰتُ رَبِّيْ وَلَوْ جِئْنَا بِمِثْلِهٖ مَدَدًا ﴿١٠٩﴾ (كهف:١٠٩)

(હે નબી સલ. !) આપ ફરમાવી દો કે અગર મારા પરવરદિગારની વાતો (લખવા) માટે સમુદ્ર(ના પાણી)ની રોશનાઈ હોય (અને તેનાથી લખવું શરૂ કરો) તો મારા પરવરદિગારની વાતો પૂરી થવા પહેલાં સમુદ્ર ખૂંટી જાય. (પછી) ભલેને તેની મદદ માટે તેના જેવો બીજો (સમદ્ર) પણ લઈ આવીએ. (૧૦૯) *(સૂરહ કહફ)*

જ્યારે યહૂદીઓએ કુરૈશી કાફિરો મારફતે હુઝૂર (સલ.)ને રૂહ તથા અસ્હાબે કહફ અને ઝુલકરનૈન વિશે સવાલ પૂછાવ્યો, તેના જવાબમાં આ સૂરતમાં અસ્હાબે કહફ અને ઝુલકરનૈનના કિસ્સાનું ટૂંકમાં વર્ણન કર્યું અને રૂહ સંબંધી સૂરએ બની ઈસ્રાઈલમાં ફરમાવ્યું : **''વ–મા ઊતીતુમ મિનલ ઈલ્મિ ઈલ્લા કલીલા.''** (અર્થાત તમને ઘણું જ થોડું જ્ઞાન આપવામાં આવ્યું છે.) તો તે બોલ્યા : વાહ ! અમને આકાશી કિતાબ તવરાત મળી છે, તેમાં દરેક વસ્તુનું વર્ણન હોવાથી અમને સઘળી બાબતોનો ઈલ્મ છે. તે ઉપરથી આ સૂરતની અંતમાં આ આયત ઉતરી કે અલ્લાહપાકની કુદરત, હિકમત અને તેના ઈલ્મની વાતો અપાર છે. જેટલી વાતો તમને તમારી ગજા, લાયકાત અને જરૂર મુજબ બતાવવામાં આવી છે તે અલ્લાહપાકની વાતોમાંથી એટલા પ્રમાણમાં નથી, જેટલું પ્રમાણ કે સમુદ્રનાં એક ટીપાંને છે. અગર અલ્લાહ તઆલાની વાતો લખવા બેસીએ અને સઘળા સમુદ્રોનું પાણી શાહી તરીકે વપરાઈ જાય તો પણ તેની વાતો પૂરી લખાય રહે નહિ. એ ઉપરથી સમજી લો કે કુર્આન અથવા અન્ય કોઈ આકાશી કિતાબ વડે કોઈને ગમે તેટલું વિશેષ ઈલ્મ આપવામાં આવે તો પણ તે અલ્લાહપાકના ઈલ્મની સામે થોડુંક જ છે.

ઈલ્મે ઈલાહી બેશુમાર :

(હે નબી સલ. !) તમે લોકોને કહી આપો કે જો મારા પરવરદિગારની વાતો (એટલે કે તે શબ્દો અને લખાણ જે અલ્લાહ તઆલાની સિફતો અને વિશેષતાઓ ઉપર દલીલ કરે છે અને તેનાથી અલ્લાહ તઆલાની ખાસિયતો અને વિશેષતાઓ કોઈ વર્ણન કરવા લાગે તો આવા શબ્દોને) લખવા માટે સમંદર(નું પાણી) શાહી(ની જગ્યાએ) હોય (અને તેનાથી લખવાનું શરૂ કરે) તો પણ મારા પરવરદિગારની વાતો પૂર્ણ થતાં પહેલાં સમંદર ખતમ થઈ જશે (અને બધી વાતો લખી નહીં શકાય, અધૂરી રહેશે) ભલે આ સમંદરના જેવો જ એક બીજો સમંદર (તેની) મદદ માટે અમે લઈ આવીએ (તો પણ તેની વાતો પૂરી નહીં થાય અને બીજો સમંદર પણ ખતમ થઈ જાય. જાણ થઈ કે અલ્લાહ તઆલાના શબ્દો અનંત છે, તેના સિવાય જે વસ્તુઓને કાફિરોએ અલ્લાહ તઆલાના ભાગીદાર માન્યા છે, તેમાંથી કોઈ પણ એવું નથી એટલા માટે અલ્લાહપાકનું ઈલાહી, માલિક તથા પરવરદિગાર હોવું તેની જ હસ્તી સાથે ખાસ છે. એટલા માટે આ લોકોને) તમે (એ પણ) કહી આપો કે, હું તો તમારા સૌની જેમ જ માનવ છું, (ન તો ખુદાઈનો દા'વેદાર છું, અને ન જ ફરિશ્તા હોવાનો; હા !) મારી પાસે (અલ્લાહપાક તરફથી) વહી આવે છે (અને) તમારો મઅ્બૂદ બરહક એક જ મઅ્બૂદ છે, તો જે વ્યક્તિ પોતાના પરવરદિગારને મળવાની આરઝુ રાખે (અને તેનો પ્રિય બનવા ઇચ્છે) તો (મને રસૂલ માનીને મારી શરીઅત પ્રમાણે) નેક કર્મો કરતો રહે અને પોતાના પરવરદિગારની ઇબાદતમાં કોઈને ભાગીદાર ન કરે.

(૩૫) શિર્કની બુરાઈ તથા મુશ્રિકોની બેવકૂફીનો દાખલો

يَٰٓأَيُّهَا ٱلنَّاسُ ضُرِبَ مَثَلٌ فَٱسْتَمِعُوا۟ لَهُۥٓ ۚ إِنَّ ٱلَّذِينَ تَدْعُونَ مِن دُونِ ٱللَّهِ
لَن يَخْلُقُوا۟ ذُبَابًا وَلَوِ ٱجْتَمَعُوا۟ لَهُۥ ۖ وَإِن يَسْلُبْهُمُ ٱلذُّبَابُ شَيْـًٔا لَّا

يَسْتَنْقِذُوْهُ مِنْهُ ؕ ضَعُفَ الطَّالِبُ وَالْمَطْلُوْبُ ۝ مَا قَدَرُوا اللّٰهَ حَقَّ قَدْرِهٖ ؕ اِنَّ اللّٰهَ لَقَوِيٌّ عَزِيْزٌ ۝ (حج:૭૩،૭૪)

હે લોકો ! એક ઉદાહરણ વર્ણન કરવામાં આવે છે તેને ધ્યાનપૂર્વક સાંભળો. એમાં કંઈ જ શંકા નથી કે અલ્લાહપાકને છોડી તમે જે વસ્તુઓને પૂજો છો, તે ભલેને સૌ એકત્ર થઈ જાય તો પણ કદાપિ એક માખ સરખી પેદા કરી શકતા નથી અને જો માખ તેઓની પાસેથી કંઈ ખૂંચવી લઈ જાય તો તેઓ તે વસ્તુને તેની પાસેથી છોડાવી શકતા નથી. એવા પૂજક તથા પૂજ્ય અશક્ત છે. (૭૩) અલ્લાહ તઆલાની જેવી તા'ઝીમ કરવી જોઈએ તેવી તેઓએ કરી નહિ. બેશક, અલ્લાહપાક મહા બળવાન અને જોરાવર છે. (૭૪) *(સૂરહ હજ્જ)*

તવહીદના મુકાબલામાં શિર્કની બુરાઈ જાહેર કરવા ખાતર આ ઉદાહરણ આપ્યું છે તો તેને લક્ષ આપી સાંભળવું અને ધ્યાનપૂર્વક વિચારીને સમજવું જોઈએ કે જેથી એવી મૂર્ખતાથી અટકી જાઓ.

એમાં ખોટા મઅ્બૂદોની હદ દરજ્જાની કમજોરી બતાવી છે કે આખા જગતમાં જે જે વસ્તુઓ પૂજ્ય ઠેરવવામાં આવી છે તે સૌ મળીને એક માખી સરખી બનાવી શકતા નથી. અરે, બનાવવું તો બાજુએ રહ્યું, પણ જો માખી તેઓના ચઢાવા (પ્રસાદી) વગેરેમાંથી કંઈ લઈ નાસે તો તે પણ ખૂંચવી ન શકે. તેવી લાચાર વસ્તુઓને જગતના રચનાર અલ્લાહપાકની ખુદાઈમાં શામિલ કરવી કેટલી બધી નિર્લજ્જતા અને મૂર્ખતા છે ! ખરેખર, નિર્મળ માખથી વધુ તેઓના પૂજ્યો–મૂર્તિઓ કમજોર અને તેથી વધુ મૂર્તિઓના પૂજકો કમજોર છે કે તેઓએ એવી તુચ્છ અને નિર્મળ વસ્તુઓને પોતાના મઅ્બૂદ અને હાજતો પૂરી કરનાર ઠેરવી.

જુઠા મઅ્બૂદોની અસમર્થતા અને કમજોરીનું ઉદાહરણ :

એક જાહેર અને સ્પષ્ટ દલીલ શિર્કના રદિયા માટે છે કે) હે લોકો ! એક અજબ વાત વર્ણન કરવામાં આવે છે, જેને કાન લગાવીને સાંભળો (તે

એ કે) એમાં કોઈ શંકા નથી કે જેની તમે લોકો અલ્લાહને છોડીને ઇબાદત કરો છો, તે એક (મા'મૂલી) માંખીને તો પેદા કરી જ નથી શકતા. ભલે સઘળા ભેગા (કેમ ન) થઈ જાય અને (પેદા કરવી તો બહુ મોટી વાત છે, તેઓ તો એનાથી પણ લાચાર છે કે) જો તેમની પાસેથી માંખી કંઈ (તેમના ચઢાવેલા ચઢાવામાંથી) ઝૂંટવીને લઈ જાય તો તેને (તો) તેની પાસેથી છોડાવી (જ) નથી શકતા. આવા પૂજકો પણ બોદા અને આવા પૂજ્યો પણ બોદા (અફસોસ છે) ! તે લોકોએ અલ્લાહ તઆલાનું સન્માન કરવું જોઈતું હતું (કે તેના સિવાય કોઈની ઇબાદત ન કરે) તે ન કર્યું (કે શિર્ક કરવા લાગ્યા, જ્યારે કે) અલ્લાહ તઆલા મહાન શક્તિવાળો બધા ઉપર વર્ચસ્વવાળો છે (તો ઇબાદત માત્ર તેનો જ હક હતો, ન કે અશક્ત અને અપ્રિય લાચારનો, જેની લાચારી અને અશક્તિ જાહેર અને સ્પષ્ટ થઈ ચૂકી છે).

'દુરિબ મષલુન'નો શબ્દ સામાન્ય રીતે કોઈ જે પ્રમાણે કોઈ ખાસ ઘટનાના ઉદાહરણ માટે ઉપયોગ થાય છે અત્રે **'દુરિબ મષલુન'**થી તે સ્વરૂપ ભાવાર્થ તરીકે નથી, બલ્કે શિર્ક અને મૂર્તિપૂજાની મૂર્ખામીને એક સ્પષ્ટ ઉદાહરણથી વર્ણન કરી છે કે, આ મૂર્તિ જેને તમે લોકો પોતાનો કાર્યસાધક સમજી રહ્યા છો, તે તો એવા લાચાર અને નિઃસહાય છે કે તે બધા મળીને એક માંખી જેવી તુચ્છ વસ્તુ પણ બનાવી શકતા નથી અને માંખી બનાવવી તો બહુ મોટું કામ છે, તમે દરરોજ તેની સામે મિઠાઈઓ, ફળો વગેરે ખાવાની વસ્તુઓ ચઢાવો છો અને માંખીઓ તેને ખાય છે, તેમનામાં તો એટલી પણ તાકાત નથી કે તે માંખીઓથી પોતાની વસ્તુને બચાવી લે, તો પછી તમને કોઈ આફતથી કેવી રીતે બચાવી શકવાના છે ?! એટલા માટે અંતિમ આયતમાં આ જ મૂર્ખતાપૂર્ણ બેવકૂફીને આ શબ્દોથી ઓળખાવ્યા છે. **'દઉફત્તાલિબુ વલ મત્લૂબ'** એટલે કે, જેનો પૂજ્ય જ એવો છે, બસ તેનો પૂજક તેનાથી વધારે કમજોર હશે, **'મા કદરૂલ્લાહ હક્ક કદરિહી'** એટલે કે, કેવા મૂર્ખ અને નગુણા છે કે તે લોકોએ અલ્લાહ તઆલાની કંઈ જ કદર ન જાણી કે આવા મહાન શક્તિશાળીની સાથે આવા નિઃસહાય નિર્જીવ પથ્થરોને તેના સમકક્ષ બનાવી દીધા.

(૩૬) ઈમાન અને હિદાયતની રોશનીનું શ્રેષ્ઠ ઉદાહરણ

اَللّٰهُ نُوْرُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ مَثَلُ نُوْرِهٖ كَمِشْكٰوةٍ فِيْهَا مِصْبَاحٌ ؕ اَلْمِصْبَاحُ فِيْ زُجَاجَةٍ ؕ اَلزُّجَاجَةُ كَاَنَّهَا كَوْكَبٌ دُرِّيٌّ يُّوْقَدُ مِنْ شَجَرَةٍ مُّبٰرَكَةٍ زَيْتُوْنَةٍ لَّا شَرْقِيَّةٍ وَّلَا غَرْبِيَّةٍ ۙ يَّكَادُ زَيْتُهَا يُضِيْٓءُ وَلَوْ لَمْ تَمْسَسْهُ نَارٌ ؕ نُوْرٌ عَلٰى نُوْرٍ ؕ يَهْدِى اللّٰهُ لِنُوْرِهٖ مَنْ يَّشَآءُ ؕ وَيَضْرِبُ اللّٰهُ الْاَمْثَالَ لِلنَّاسِ ؕ وَاللّٰهُ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ﴿۳۵﴾ (نور:૩૫)

અલ્લાહ તઆલા આકાશો અને પૃથ્વીને નૂર આપનાર છે. તેના નૂરની મિસાલ (મુઅમિનના દિલમાં) એવી છે જાણે એક તાક (ગોખલો) છે, જેમાં એક દીવો હોય (અને) તે દીવો કાચના ફાનસમાં (મૂકયો) હોય (અને) તે કાચનું ફાનસ એવું સાફ (હોય) જાણે એક ચમકતો તારો. (વળી,) તે દીવો એક બરકતવાળા ઝાડ(ના તેલ)થી રોશન કરવામાં આવે છે, જે ઝયતૂન(નું ઝાડ) છે. તે નથી પૂર્વ તરફ કે નથી પશ્ચિમ તરફ. એવું લાગે છે કે તેનું તેલ જો કે તેને આગ અડી ન હોય છતાં (બેહદ સફાઈથી પોતાની મેળે જ) સળગી ઉઠશે. (ફરી જો સળગી ઉઠે) તો પ્રકાશ પર પ્રકાશ છે (અને) અલ્લાહ પોતાના આ નૂર સુધી જેને ચાહે છે તેને માર્ગ દેખાડી આપે છે, અને અલ્લાહ લોકોના (સમજવા) માટે મિસાલો બયાન કરે છે અને અલ્લાહ તઆલા દરેક વસ્તુને ખૂબ જાણે છે. (૩૫) *(સૂરહ નૂર)*

અલ્લાહ તઆલાથી જ આકાશ અને પૃથ્વીની રોનક અને આબાદી છે. અલ્લાહપાકની મદદ ન હોય તો સઘળું વેરાન થઈ જાય. સઘળી મખ્લૂકને હસ્તીનું નૂર તેના તરફથી જ મળ્યું છે. ચંદ્ર, સૂર્ય, તારા, ફરિશ્તા, નબીઓ, વલીઓમાં જે જાહિરી કે બાતિની નૂર અને પ્રકાશ છે, તે તેના જ નૂરના ખજાનામાંથી મળેલું છે. હિદાયતની જે ઝલક કોઈને પહોંચે છે, સર્વોપરી બારગાહથી જ પહોંચે છે.

એમ તો અલ્લાહના નૂરથી આખી જગતની હસ્તી છે, પરંતુ દીનદાર

મુઅમિનોને ખુદાઈ નૂરથી હિદાયત અને મઅ્રિફતનો જે ખાસ હિસ્સો મળે છે તેની મિસાલ એવી સમજો જાણે મુઅમિનનું શરીર એક ગોખલા સમાન છે, જેના અંદર એક તારા સમાન ચળકતા કાચના ફાનસ રૂપી દિલ છે. જેનો સંબંધ ઉપરના આલમ સાથે છે. તે કાચના ફાનસમાં મઅરિફત અને હિદાયતનો દીવો બળે છે. તે એવા સ્વચ્છ તેલથી સળગે છે, જે ઘણા જ મુબારક ઝયતૂનના ઝાડથી નીકળે છે અને ઝયતૂન પણ એવું જેને પૂર્વ કે પશ્ચિમ તરફ કંઈ આડ નથી એટલે ખુલ્લા મેદાનમાં છે, જેથી સવાર–સાંજ પૂરો તડકો પહોંચવાથી તેલ અતિ સરસ લાગે છે. સારાંશ કે તેનું તેલ એવું નિર્મળ અને સ્વચ્છ છે કે સળગાવતાં પહેલાં જ પોતે સળગી ઉઠશે. તો આ તેલથી મુરાદ હિદાયત અને તૌફીકનું નૂર છે, જે અલ્લાહ તઆલાના તરફથી મુઅમિનને શરૂઆતથી જ મળ્યું હતું. સાર એ થયો કે મુઅમિનના દિલનું ફાનસ ઘણું જ સાફ હોય છે અને અલ્લાહ તઆલાની તૌફીકના નૂરથી તેમાં હક વાત કબૂલ કરવાની એટલી બધી લાયકાત છે કે જાણે પોતે જ રોશન થઈ જવા તૈયાર છે. તેવી હાલતમાં જ્યાં જરા પણ આગ પહોંચી એટલે નબીની સોહબત અથવા કુર્આનની રોશની તેની સાથી લાગી કે એકદમ ભડકો થઈને નૂર પર નૂર થઈ ગયું. આગળ ફરમાવ્યું કે તે રોશની એવી રીતે પ્રાપ્ત થઈ શકે છે કે આયતમાં બતાવ્યા મુજબના કામિલ લોકો જે મસ્જિદોમાં વખતો વખત બંદગી કરે છે ત્યાં ચિત્ત પરોવાયેલું રહે.

(તે રાહ પામેલા) એવા ઘરો (મસ્જિદો)માં (જઈ બંદગી કરે) છે કે જેના વિશે અલ્લાહે હુકમ આપ્યો છે કે તેનો અદબ કરવામાં આવે અને તેમાં અલ્લાહપાકનું નામ લેવામાં આવે. તેમાં તેઓ સવારે અને સાંજે (સઘળા મુનાસિબ વખતોમાં) તેની પવિત્રતા બયાન કરે છે. (૩૬)

મસ્જિદોની તઅઝીમ કરે અને દરેક પ્રકારની બંદગી તથા નકામી વાતો અને કામોથી તેને પવિત્ર રાખે. મસ્જિદમાં જઈ બે રકા'ત તહિય્યતુલ મસ્જિદ પઢવું પણ મસ્જિદની તઅ્ઝીમ છે અને અલ્લાહપાકનું નામ લેવામાં તસ્બીહ, તહલીલ, કુર્આનની તિલાવત, વગેરે સૌ શામિલ છે.

તે લોકો (એવા છે) કે જેમને અલ્લાહપાકની યાદથી અને (ખાસ કરી) નમાઝ પઢવાથી તથા ઝકાત આપવાથી ન તો વેપાર ગફલતમાં નાખે છે અને ન લેવડ દેવડ, (તેમ છતાં) તેઓ એવા દિવસથી ડરતાં રહે છે જેમાં ઘણાં દિલ અને ઘણી આંખો ફરી જશે. (૩૭) પરિણામ (તે લોકોનું) એ આવશે કે અલ્લાહ તેમને તેમની કરણીનો સારામાં સારો બદલો (જન્નત) આપશે અને (તે ઉપરાંત) પોતાની કૃપાથી તેમને બીજું પણ વધારે આપશે અને અલ્લાહ જેને ચાહે છે તેને બેશુમાર રોજી આપી દે છે. (૩૮)

ઈમાનની બરકતથી મુઅમિનને નેક અમલનો બદલો મળશે અને બુરા કામની માફી થશે પણ કુફ્રની નહૂસતથી કાફિરને બુરા કામોની શિક્ષા મળશે અને તેઓના સર્વ નેક કામ વ્યર્થ જશે. એ બાબતને જ આયતમાં ફરમાવ્યું કે નેક બંદાઓને બહેતરથી બહેતર કામોનો સંપૂર્ણ બદલો તેમજ તે ઉપરાંત પણ (ઘણું) મળશે.

મુઅ્મિનના નૂરને સમજાવતો સરસમજાનો દાખલો :

અને અમે (તમારી હિદાયત માટે આ સૂરતમાં અથવા કુર્આનમાં રસૂલે કરીમ સલ. દ્વારા) તમારી પાસે ખુલ્લા ખુલ્લા હુકમો (જાહેર સ્પષ્ટ રીતે) મોકલ્યા છે, અને જે લોકો તમારાથી પહેલાં થઈ ચૂક્યા છે તેમની (અથવા તેમના જેવા લોકોની) અમુક કહાણીઓ અને (અલ્લાહથી) ડરનારાઓ માટે બોધપાઠની વાતો (મોકલી છે), અલ્લાહ તઆલા નૂર (હિદાયત-પ્રકાશ) આપનારો છે, આસમાનો(માં રહેનારાઓ)ને અને જમીન(માં રહેનારાઓ)ને (એટલે કે આસમાન અને જમીનમાં જેમને હિદાયત થઈ છે તે સૌને અલ્લાહ તઆલાએ જ હિદાયત આપી છે અને આસમાન અને જમીનથી ભાવાર્થ સમગ્ર વિશ્વ છે. બસ, જે મખ્લૂકો આસમાન અને જમીનથી બહાર છે, તે પણ તેમાં સામેલ છે. જેમકે અર્શને ઉઠાવનારા) તેના (હિદાયતના) નૂરની આશ્ચર્યજનક પરિસ્થિતિ એવી છે, જેમકે (કલ્પના કરો) એક ગોખ હોય છે (અને) તેમાં એક દીવો (મૂક્યો) છે (અને) તે દીવો (પોતે ગોખમાં નથી મૂક્યો બલ્કે) એક ફાનસમાં છે (અને ફાનસ

ગોખમાં મૂકી છે) અને તે ફાનસ એવી (સાફ અને સ્પષ્ટ) છે. જેમકે એક ચમકદાર તારો હોય (અને) તે દીવો અત્યંત લાભદાયી વૃક્ષ(ના તેલ)થી રોશન કરવામાં આવે છે, જે ઝયતૂન(નું વૃક્ષ) છે, જે (કોઈ તરફે) ન તો પૂર્વ દિશાએ છે, અને ન જ (કોઈ તરફે) પશ્ચિમ દિશાએ છે (એટલે ન તો તેને પશ્ચિમમાં કોઈ વૃક્ષ અથવા પહાડની આડશ છે કે દિવસના શરૂઆતમાં તેના ઉપર તડકો પડશે નહીં અને ન જ તેની પશ્ચિમ દિશાએ કોઈ આડશ કે પહાડ છે કે, દિવસના અંત ભાગમાં તેના ઉપર તડકો ન પડે, બલ્કે ખુલ્લા મેદાનમાં છે જ્યાં સમગ્ર દિવસ તડકો રહે છે. આવા વૃક્ષનું તેલ ઘણું સ્વચ્છ, સુગંધિત અને પ્રકાશિત હોય છે અને) તેનું તેલ (એ પ્રમાણે ચોખ્ખું અને સળગનારું છે કે) જો તેને આગ ન પણ અડકે તે છતાં એવું લાગે કે તે પોતે જ સળગી ઉઠશે (અને જ્યારે આગ પણ લાગી ગઈ ત્યારે તો) નૂર ઉપર નૂર છે (એટલે કે એક તો તેમાં પોતે પ્રકાશની ઉચ્ચ કક્ષાની ક્ષમતા હતી, પછી ઉપરથી કર્તા એટલે કે આગની સાથે તે એકઠી થઈ ગઈ અને પછી તેનું એકઠું થવું પણ એ સ્વરૂપની સાથે કે દીવો ફાનસમાં મૂક્યો હોય, તેનાથી અનુભવના આધારે કહી શકાય છે કે, ચમક વધારે હોય છે અને પછી તે એવા ગોખમાં મૂક્યો હોય જે એક તરફથી બંધ હોય. આવી પરિસ્થિતિમાં કિરણો એક સ્થળે સમેટાઈને ઘણો તેજ પ્રકાશ હોય છે અને પછી તેલ પણ ઝયતૂનનું જે સ્વચ્છ પ્રકાશ અને ઓછા ધૂમાડા હોવામાં પ્રખ્યાત છે. એ પ્રકારની તેજ રોશની હશે, જેમકે ઘણા બધા કિરણો એકઠા થઈ ગયા હોય તેને "નૂરુન અલા નૂર" કહ્યું. અહીંયાં ઉદાહરણ પુરું થઈ ગયું. બસ, આ જ પ્રમાણે મો'મિનના દિલમાં અલ્લાહ તઆલા જ્યારે હિદાયતનું નૂર નાંખે છે તો દરરોજ તેનું વલણ સત્યના સ્વીકાર માટે વધતું ચાલ્યું જાય છે અને દરેક સમયે હુકમો ઉપર અમલ કરવા માટે તૈયાર રહે છે. બસ, જ્યારે પ્રત્યક્ષ રીતે અમુક હુકમોનું જ્ઞાન પણ ન થયું હોય. કારણ કે જ્ઞાન ક્રમે ક્રમે પ્રાપ્ત થાય છે, જેમકે તે ઝયતૂનના તેલને આગ લાગવાથી પ્રથમથી જ પ્રકાશ માટે તે નિશ્ચિત હતું એ રીતે મો'મિન પણ ઈલ્મ અને હુકમોથી પહેલાં જ તેના ઉપર અમલ કરવા માટે તૈયાર હોય છે અને

જ્યારે તેને જ્ઞાન પ્રાપ્ત થાય છે, તો અમલનું નૂર એટલે કે અમલ કરવાના પાકા ઈરાદાની સાથે ઈલ્મનું નૂર પણ ભળી જાય છે, જેને તે તરત જ દૂર કરી લે છે. બસ, અમલ અને ઈલ્મ ભેગું થઈને ''નૂરુન અલા નૂર'' બની જાય છે અને એવું નથી થતું કે ઈલ્મના હુકમો પછી તેને કંઈક અડચણ અથવા ખચકાટ થાય કે જો તે મરજી પ્રમાણે હશે, તો સ્વીકાર કરી લેશે નહિતર તેને રદ કરી આપશે. આ જ નૂરની વ્યાખ્યાને બીજી આયતમાં આ રીતે વર્ણન કરી **''અફમન શરહલ્લાહુ સદરહુ લિલ ઈસ્લામિ ફહુવ અલા નૂરિમ્ મિર્રબ્બિહ્''** એટલે કે જે વ્યક્તિની છાતી અલ્લાહે ઈસ્લામ માટે ખોલી દીધી, તે પોતાના રબ તરફથી એક નૂર ઉપર હોય છે અને એક જગ્યાએ ઈરશાદ ફરમાવે છે : **''ફમંય યુરિદિલ્લાહુ અય યહ્દીયહુ યશ્રહ્ સદરહુ લિલ ઈસ્લામિ''** મતલબ કે, હિદાયતના ઈલાહી નૂરનું આ ઉદાહરણ છે અને) અલ્લાહ તઆલા પોતાના (આ હિદાયતના) નૂર સુધી જેને ઇચ્છે છે માર્ગ આપે છે (અને ત્યાં પહોંચાડી આપે છે) અને (હિદાયતનું જે ઉદાહરણ આપવામાં આવ્યું, તે જ રીતે કુર્આનમાં ઘણા બધા ઉદાહરણો વર્ણન કરવામાં આવ્યા છે, તો તેનાથી પણ લોકોની હિદાયત જ ઇચ્છનીય છે. એટલા માટે) અલ્લાહ તઆલા લોકો(ની હિદાયત) માટે (આ) દૃષ્ટાંતો વર્ણન કરે છે (જેથી બૌદ્ધિક વિષયો અનુભવેલ વસ્તુઓની જેમ સમજમાં આવી જાય) અને અલ્લાહ તઆલા દરેક વસ્તુને સારી પેઠે જાણનાર છે (એટલા માટે ઉદાહરણો ફાયદાના હેતુ માટે પૂરતા છે અને જે ઉદાહરણોનો હેતુ સંપૂર્ણ સ્પષ્ટતાનો હોય તેને જ અપનાવે છે. મતલબ એ કે અલ્લાહ તઆલા દૃષ્ટાંતો વર્ણન કરે છે અને તે દૃષ્ટાંતો ખૂબ જ યોગ્ય હોય છે, જેથી ખૂબ હિદાયત થાય. આગળ હિદાયતવાળાઓનું વર્ણન કરે છે કે) તે એવા ઘરોમાં (જઈને ઇબાદત કરે) છે, જેના વિશે અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો છે કે તેનો અદબ કરવામાં આવે અને તેમાં અલ્લાહપાકનું નામ લેવામાં આવે. (અત્રે તે ઘરોથી ભાવાર્થ મસ્જિદો છે, અને મસ્જિદોનું સન્માન જાળવવું એ છે કે, તેમાં ગમે તેવી હાલતમાં પ્રવેશ ન કરે અને તેમાં કોઈ નાપાક વસ્તુ પ્રવેશ ન કરવા દેવામાં આવે, ત્યાં શોરબકોર ન કરવામાં

આવે, દુનિયાના કામ અને વાતો કરવા માટે ત્યાં ન બેસે, દુર્ગંધવાળી વસ્તુ ખાઈને ન આવે, વગેરે. મતલબ કે) તે(મસ્જિદો)માં એવા લોકો સવાર અને સાંજ અલ્લાહપાકની પવિત્રતા (નમાઝોમાં) વર્ણન કરે છે, જેમને અલ્લાહપાકની યાદ (એટલે કે હુકમો અદા કરવા)થી (જેના વિશે જે હુકમ થયો હોય છે) અને (ખાસ કરીને) નમાઝ પઢવાથી અને ઝકાત આપવાથી (કે આ ગૌણ હુકમોમાં સૌથી મહત્ત્વનું છે) ન તો ખરીદી ગફલતમાં નાંખવા પામે છે, અને ન જ વેચાણ (અને ફરમાંબરદારી તથા ઈબાદત છતાં તેમની ડરની પરિસ્થિતિની એ હાલત છે કે) તેઓ એવા દિવસ(ની પકડ)થી ડરતા રહે છે, જેમાં ઘણા બધા દિલ અને આંખો ઊલટાઈ જશે (જેમકે આ આયત **"યુઅ્તુન મા આતવ વકૂલુબુહુમ વ જિલતુન અન્નહુમ ઈલા રબ્બિહીમ રાજિઉન"**માં આવ્યું છે. એટલે કે આ લોકો અલ્લાહપાકના માર્ગમાં ખર્ચ કરે છે અને તે છતાં તેમના દિલ કિયામતની પકડથી ડરતા રહે છે, અને તેનો હેતુ નૂરવાળાઓના હિદાયતના લક્ષણો અને અમલોનું વર્ણન કરવું છે, અને આગળ તેમના પરિણામનું વર્ણન છે કે) પરિણામ (તે લોકોનું) એ થશે કે, અલ્લાહ તઆલા તેમને તેમના અમલોનો ઘણો જ સારો બદલો આપશે (એટલે કે જન્નત) અને (બદલા સિવાય) તેમને પોતાની કૃપાથી ઔર પણ વધારે આપશે (બદલો તે જેનો વાયદો વિગતવાર પ્રસ્તુત છે અને વધારે તે જેનો વિગતવાર વાયદો નથી. બસ, ઈશારાથી આ વિષય વર્ણન થયો છે) અને અલ્લાહ તઆલા જેને ઈચ્છે બેહિસાબ (એટલે કે ખૂબ વધારે) આપી દે છે. (બસ તે લોકોને જન્નતમાં એ જ પ્રમાણે બેહિસાબ આપશે.

ઈમામ ગઝાલી (રહ.)એ ફરમાવ્યું : **"અલ ઝાહિરૂ બિનફ્સિહી વલ મુઝહિરૂ લિગય્‌રિહી"** એટલે કે, જે ખુદ પોતાની જાતથી જાહેર અને પ્રકાશિત હોય અને અન્ય વસ્તુઓને જાહેર અને પ્રકાશિત કરનાર હોય. તફસીરે મઝહરીમાં છે કે નૂર વાસ્તવમાં તે અવસ્થાનું નામ છે, જેને મનુષ્યની સમજ-શક્તિ પહેલાં ઓળખી લે છે અને પછી તેના દ્વારા તે બધી જ વસ્તુઓને પિછાણે છે, જે આંખથી જોઈ શકાય છે. જેમકે સૂર્ય અને ચંદ્રના

કિરણો તેમની સામે આવતી કોઈ પણ વસ્તુ ઉપર પડીને તે વસ્તુને પ્રકાશિત કરી આપે છે, પછી તેની કિરણો પરાવર્તિત થઈને અન્ય વસ્તુઓને પણ પ્રકાશિત કરે છે. એનાથી જાણ થઈ કે શબ્દ 'નૂર'ને પોતાના શાબ્દિક અર્થ અને પ્રચલિત અર્થના આધારે અલ્લાહ જલ્લ શા'નુહૂની જાત માટે વાપરી નથી શકાતો. કારણ કે અલ્લાહ તઆલા શરીર અને ભૌતિકતાની બધી જ બાબતોથી ઉચ્ચ અને ''વરાઉલ વરા'' છે, એટલા માટે પ્રસ્તુત આયતમાં જે અલ્લાહ તઆલા માટે શબ્દ નૂર વાપરવામાં આવ્યો છે, તેનો અર્થ બધા જ તફસીરના ઈમામોની સર્વસહમતીએ ''મુનવ્વિર'' એટલે કે ''પ્રકાશિત કરનાર''નો છે અથવા પછી અતિશયોક્તિ અલંકારની જેમ પ્રકાશવાળાને પ્રકાશથી ઓળખાવવામાં આવ્યા. જેમકે કૃપા કરનારને કૃપા અને ન્યાય કરનારને ન્યાય કહી દેવામાં આવે છે તથા આયતનો અર્થ તે છે, જે તફસીરના ખુલાસામાં તમે વાંચી ચૂક્યા છો કે અલ્લાહ તઆલા નૂર બખ્શનાર છે આસમાન અને જમીનને અને તેમાં વસનારી બધી મખ્લૂકને; અને ભાવાર્થ તે ''નૂર'' (પ્રકાશ)થી ''હિદાયતનો પ્રકાશ'' છે. ઈબ્ને કષીર (રહ.)એ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી એની તફસીરમાં નકલ કર્યું છે : **''અલ્લાહુ હાદી અહલી અસ્સમાવાતિ વલ-અર્દ.''** ''અલ્લાહ તઆલા આસમાનો-વાળાઓ અને જમીનવાળાઓનો માર્ગદર્શક છે.''

નૂરે મોમિન (મોમિનનો પ્રકાશ) :

અલ્લાહ તઆલાનો હિદાયતનો પ્રકાશ જે મો'મિનના દિલમાં આવે છે, આ તેનું એક આશ્ચર્યજનક ઉદાહરણ છે. જેમકે ઈબ્ને જરીરે હઝરત ઉબય ઈબ્ને કઅ્બ (રદિ.)થી તેની તફસીરમાં નકલ કર્યું છે.

એટલે કે આ ઉદાહરણ તે મો'મિનનું છે, જેના દિલમાં અલ્લાહપાકે ઈમાન અને કુર્આનનું હિદાયતનું નૂર નાંખી દીધું છે. આ આયતમાં પ્રથમ તો અલ્લાહપાકે પોતે પોતાના નૂરનું વર્ણન કર્યું : **''અલ્લાહુ નૂરુસ્સમાવાતિ વલ-અર્દ''** પછી મો'મિનના દિલના નૂરનું વર્ણન કર્યું, ''મષલુ નૂરિહી'' અને આ આયતની કિરાઅત પણ હઝરત ઉબય બિન કઅ્બ (રદિ.)ની

"મષલુ નુરિહી" ના બદલે **"મષલુ નુરિ મન આમન બિહી"**ની છે તથા સઈદ બિન ઝુબૈર (રદિ.)એ આ જ કિરાઅત અને આયતનો આ જ ભાવાર્થ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત કર્યો છે. ઈબ્ને કષીરે આ રિવાયતો નકલ કર્યા પછી લખ્યું છે કે, **"મષલુ નુરિહી"**ના વિશે તફસીરના ઈમામોના બે નિવેદનો છે. એક એ કે, આ ઝમીર અલ્લાહ તઆલા તરફ રાજેઅ્ (ઢળેલી) છે અને આયતનો અર્થ એ છે કે અલ્લાહનું હિદાયતનું નૂર જે મો'મિનના દિલમાં સ્વાભાવિક રીતે મૂકવામાં આવ્યું છે તેનું ઉદાહરણ આવું છે, **"કમિશ્કાતિન..."** આ નિવેદન હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)નું છે. બીજું નિવેદન એ છે કે, આ જમીર જ મો'મિન તરફ રાજેઅ્ હોય, જેના ઉપર વાતચીતની શૈલી દલીલ કરી રહી છે એટલા માટે ખુલાસો આ ઉદાહરણનો એ છે કે, મો'મિનનું હૃદય એક ગોખ (તાક)નું ઉદાહરણ છે, તેમાં તેનું દિલ એક ફાનસ સ્વરૂપે છે, તેમાં અત્યંત સ્વચ્છ ઝયતૂનનું તેલ સ્વાભાવિક હિદાયતના પ્રકાશનું ઉદાહરણ છે, જે મો'મિનના સ્વભાવમાં પ્રાકૃતિક રીતે જ મૂકવામાં આવ્યું છે, જેનો ગુણધર્મ આપમેળે જ સત્યનો સ્વીકાર કરવાનો છે. પછી જે રીતે ઝયતૂનનું તેલ આગની જ્યોતથી પ્રકાશિત થઈને બીજાઓને પ્રકાશિત કરવા માંડે છે, એ જ પ્રમાણે સ્વાભાવિક હિદાયતનો પ્રકાશ જે મો'મિનના દિલમાં મૂકવામાં આવ્યો છે, જ્યારે અલ્લાહની વહી અને અલ્લાહના જ્ઞાનની સાથે તેનું મિશ્રણ થઈ જાય છે, તો તે પ્રકાશિત થઈને દુનિયાને પ્રકાશિત કરવા માંડે છે અને સહાબા (રદિ.) તથા તાબિઈન (રહ.)એ જે આ ઉદાહરણને મો'મિનના હૃદય સાથે ખાસ ફરમાવ્યું તે પણ લગભગ એટલા માટે કે આ નૂરનો લાભ માત્ર મો'મિન જ ઉઠાવે છે, નહિતર તે સ્વાભાવિક હિદાયતનું નૂર જે શરૂઆતના સર્જન સમયે મનુષ્યના દિલમાં મૂકવામાં આવે છે, તે મો'મિનની સાથે જ ખાસ નથી. બલ્કે દરેક મનુષ્યની પ્રકૃતિ અને સ્વભાવમાં તે હિદાયતનું નૂર મૂકવામાં આવે છે. તેનો જ એ પ્રભાવ દુનિયામાં દરેક કોમ અને દરેક ખૂણામાં દરેક ધર્મના દરેક માન્યતાના લોકોમાં નજરે જોઈ શકાય છે કે તે અલ્લાહના અસ્તિત્વને અને તેની મહાન શક્તિને સ્વાભાવિકપણે માને છે, તેના શરણે

જાય છે, તેની કલ્પના અને પરિચયમાં ભલે ગમે તેટલી ભૂલો કરતો હોય, પરંતુ અલ્લાહ તઆલાના અસ્તિત્વને દરેક મનુષ્ય સ્વાભાવિક રીતે સ્વીકારે છે. અમુક ભૌતિકવાદીઓ સિવાય કે જેમની માનવપ્રકૃતિ જ નષ્ટ થઈ ગઈ છે કે તેઓ અલ્લાહના અસ્તિત્વના જ ઇન્કારી છે.

ઇમામ બગવી (રહ.)એ એક રિવાયત નકલ કરી છે કે, હઝરત ઇબ્ને અબ્બાસ (રદિ.)એ કઅ્બ અહ્બાર (રદિ.)ને પૂછ્યું કે, આ આયતની તફસીરમાં તમે શું કહો છો ? **"મષલુ નુરિહી કમિશ્કાતિન..."** કઅ્બ અહબાર જે તવરાત અને ઇન્જીલના મોટા આલિમ મુસલમાન હતા, તેમણે ફરમાવ્યું કે, આ ઉદાહરણ રસૂલે કરીમ (સલ.)ના દિલ મુબારકનું વર્ણન કરવામાં આવ્યું છે. **"મિશ્કાત"** આપ (સલ.)ની છાતી અને **"ઝુજાજહ"** (ફાનસ) આપ (સલ.)નું હૃદય મુબારક અને **"મિસ્બહ"** (ચિરાગ) એ નુબુવ્વત છે અને આ નુબુવ્વતના પ્રકાશની ખાસિયત એ છે કે નુબુવ્વતની જાહેરાત અને એ'લાનથી પહેલાં જ તેમાં લોકો માટે પ્રકાશનો સામાન છે, પછી અલ્લાહની વહી અને તેની જાહેરાત તેમની સાથે મળી જાય છે, તો આ એવો પ્રકાશ હોય છે કે જે સમગ્ર વિશ્વને પ્રકાશિત કરવા માંડે છે. નબીએ કરીમ (સલ.)ની નુબુવ્વતની જાહેરાત અને બઅ્ષત બલ્કે આપ (સલ.)ના જન્મથી પણ પહેલાં જે ઘણી બધી આશ્ચર્યજનક ઘટનાઓ વિશ્વમાં એવી બની, જે રસૂલે કરીમ (સલ.)ની નુબુવ્વતની ખુશખબરી આપનાર હતી. જેને હદીષવેત્તાઓની પરિભાષામાં **"ઈરહાસાત"** કહેવામાં આવે છે. કારણ કે **"મોઅ્જિઝાત"**નો શબ્દ તો તે ઘટનાઓ માટે ખાસ છે, જે નુબુવ્વતના દા'વાના સમર્થન માટે અલ્લાહ તઆલા તરફથી કોઈ પયગમ્બર દ્વારા બતાવવામાં આવે છે અને નુબુવ્વતના દા'વાથી પહેલાં જે આ પ્રકારની ઘટનાઓ દુનિયામાં જાહેર થાય તેને **"ઈરહાસાત"**નું નામ આપવામાં આવે છે. એ જ પ્રમાણે ઘણી બધી આશ્ચર્યજનક ઘટનાઓ સહીહ રિવાયતોથી સાબિત થયેલ છે, જેને શયૂખ જલાલુદ્દીન સિયૂતિએ "ખસાઈસે કુબરા"માં અને અબૂ નઈમે "દલાઈલુન્નુબુવ્વહ"માં અને અન્ય ઉલમાએ પણ પોતાની આગવી કિતાબોમાં એકઠી કરી આપી છે.

(૩૭) કાફિરોના અમલો બેકાર થવાના બે ઉદાહરણો

وَالَّذِيْنَ كَفَرُوْٓا اَعْمَالُهُمْ كَسَرَابٍۢ بِقِيْعَةٍ يَّحْسَبُهُ الظَّمْاٰنُ مَآءً ؕ حَتّٰٓى اِذَا جَآءَهٗ لَمْ يَجِدْهُ شَيْـًٔا وَّوَجَدَ اللّٰهَ عِنْدَهٗ فَوَفّٰىهُ حِسَابَهٗ ؕ وَاللّٰهُ سَرِيْعُ الْحِسَابِ ﴿۳۹﴾ اَوْ كَظُلُمٰتٍ فِيْ بَحْرٍ لُّجِّيٍّ يَّغْشٰىهُ مَوْجٌ مِّنْ فَوْقِهٖ مَوْجٌ مِّنْ فَوْقِهٖ سَحَابٌ ؕ ظُلُمٰتٌۢ بَعْضُهَا فَوْقَ بَعْضٍ ؕ اِذَآ اَخْرَجَ يَدَهٗ لَمْ يَكَدْ يَرٰىهَا ؕ وَمَنْ لَّمْ يَجْعَلِ اللّٰهُ لَهٗ نُوْرًا فَمَا لَهٗ مِنْ نُّوْرٍ ﴿۴۰﴾ (نور:۳۹،۴۰)

અને જે લોકો કાફિર છે તેઓની કરણી એવી છે જાણે ઝાંઝવાંવાળી રેતી કે તરસ્યો તેને (દૂરથી) પાણી ધારે છે એટલે સુધી કે જ્યારે તેની પાસે પહોંચ્યો ત્યારે (જે સમજ્યો હતો) તેને કંઈ પણ ન જોયું અને અલ્લાહ(ના અઝાબ)ને પોતાની પાસે જોયો. ફરી તેણે તે(ની ઉંમર)નો હિસાબ પૂરો ચૂકવી દીધો અને અલ્લાહપાક બહુ જલદી હિસાબ કરી લેનાર છે. (૩૯) અથવા તે (કરણીઓ) એવી છે કે જાણે ઘણા ઊંડા સમુદ્ર માંહેના અંધકારો કે તેને એક ભારે મોજાએ હાંકી લીધો હોય. (વળી) તે (મોજા)ના ઉપર બીજું મોજું (હોય અને) તેના ઉપર વાદળ હોય. (સારાંશ કે) એકના ઉપર એક અંધકારો જ છે. (એવી હાલતમાં) અગર કોઈ પોતાનો હાથ કાઢે (અને તેને જોવા ચાહે) તો તેનું દેખાવું સંભવિત જ નથી અને જેને અલ્લાહ (હિદાયતનો) પ્રકાશ આપે નહિ તેને માટે કયાંય પ્રકાશ નથી. (૪૦) *(નૂર)*

કાફિરો બે પ્રકારના છે : એક તે લોકો જેઓ અલ્લાહ તઆલાના દીનનો ઇનકાર કરી પોતાના ખોટા અકીદહ મુજબ કંઈક સારા કામ પણ કરે છે. જો કે કુફ્રના કારણે અલ્લાહ તઆલાને ત્યાં તે કબૂલ થતાં નથી, છતાં પોતાને સવાબ મળવાની આશા રાખે છે. આ આયતમાં એવાઓની જ મિસાલ બતાવી કે બપોરના વખતે રણમાં ઝાંઝવાની રેતીને પાણી સમજી દોડયા, પણ પાણી મળ્યું નહિ અને આખરે મરી ગયા. તો આખિરતમાં ખુદાઈ દરબારથી તેમને પોતાના ગુનાહોની શિક્ષા મળી. બીજા તે કાફિરો છે કે જે તદ્દન દુનિયામાં ડૂબેલા છે. તેઓની મિસાલ આગલી આયતમાં

ફરમાવી કે તેઓની પાસે તો રેતીનો ચળકાટ પણ નથી, બલ્કે તદ્દન અંધકારોમાં સપડાઈ રહ્યા છે.

હવે અપમાનિત અને ગુમરાહ થયેલ લોકોનું વર્ણન છે, એટલે કે) અને જે લોકો કાફિર (અને માર્ગ ભટકેલા તથા હિદાયતના પ્રકાશથી દૂર) છે, તેમના કર્મો (કાફિરોના બે પ્રકારોને કારણે બે ઉદાહરણોમાં સમાન છે. કારણ કે એક પ્રકાર તો તે કાફિરો છે, જેઓ આખિરત અને કિયામતને માને છે અને પોતાના અમુક કર્મો ઉપર એટલે કે જે તેમના અનુમાન પ્રમાણે નેક કાર્યો અને ભલાઈ છે, તો આખિરતના બદલાની આશા પણ રાખે છે. અને બીજો પ્રકાર તે કાફિરોનો છે, જેઓ કિયામત અને આખિરતના ઈન્કારી છે. પ્રથમ પ્રકારના કાફિરોના અમલો તો) એવા છે, જેમકે એક ઉજ્જડ મેદાનમાં ચળકતી રેતી; કે તરસ્યો (માણસ) તેને (દૂરથી) પાણી ધારે છે (અને તે મૃગજળ તરફ દોડે છે). એટલે સુધી કે જ્યારે તેની પાસે આવ્યો તો (તેણે જે સમજી રાખ્યું હતું) કંઈ પણ ન પામ્યું અને (સખત તરસના કારણે અને પછી ઉપરથી આશા તૂટવાના કારણે ખૂબ શારીરિક અને રૂહાની આઘાત પહોંચ્યો અને તેના કારણે તડપી તડપીને મૃત્યુ પામ્યો, તો એવું કહેવું જોઈએ કે પાણીના બદલે) અલ્લાહના ફૈસલાને એટલે કે મોતને પામ્યો. બસ, અલ્લાહ તઆલાએ તે(ની ઉંમર)નો હિસાબ તેને બરાબર ચૂકવી આપ્યો (અને બેબાકળો કરી દીધો, એટલે કે ઉંમર ખતમ કરી દીધી) અને અલ્લાહ તઆલા (જે વસ્તુની નિશ્ચિત ઘડી આવી જાય છે તેનો) પળવારમાં હિસાબ (અને ફૈસલો) કરી આપે છે (તેને કોઈ બખેડો કરવો પડતો નથી, જેથી કે મોડું થાય અને નિશ્ચિત સમયથી કંઈ પણ મોડું થઈ જાય. ખુલાસો આ ઉદાહરણનો એ થયો કે, જે રીતે તરસ્યો રેતીની જાહેર ચમક એટલે કે મૃગજળને પાણી સમજ્યો, એ જ પ્રમાણે આ કાફિર પોતાના કર્મોને જાહેર સ્વરૂપે સ્વીકૃત અને આખિરતમાં લાભદાયી સમજ્યો અને જેમકે તે પાણી નથી મૃગજળ છે. એ જ પ્રમાણે આ કર્મોની સ્વીકૃતીની શરત એટલે કે ઈમાન ન હોવાના કારણે તે સ્વીકૃત અને લાભદાયી નથી અને જે રીતે મૃગજળ પાછળ દોડીને તે તરસ્યાને હકીકતની જાણ થઈ, એ જ પ્રમાણે આ કાફિરને

આખિરતમાં પહોંચીને હકીકતની જાણ થશે. અને જે રીતે પેલો તરસ્યો પોતાની આશા ઠગારી નીવડવાથી તે જ સમયે અફસોસમાં હલાક થયો, એ જ પ્રમાણે આ કાફિર આખિરતમાં જહન્નમની સજામાં સપડાઈ જશે. એક પ્રકારનું દૃષ્ટાંત તો આ થયું, આગળ બીજા પ્રકારના કાફિરોના કર્મોનું દૃષ્ટાંત છે. એટલે કે) અથવા તે (કર્મો ખાસ કરીને કિયામતના ઈન્કારીઓ ઈન્કાર કરવાના આધારે) એવા છે, જેમકે ખૂબ ઊંડા સમંદરના અંદરના અંધારાઓ (જેનું એક કારણ દરિયાની ઊંડાઈ છે અને પછી એ) કે તે (સમંદરની મૂળ સપાટી)ને એક મોટા મોજાંએ ઢાંકી લીધા હોય (પછી તે મોજું પણ એકલું નથી, બલ્કે) તે(મોજાં)ના ઉપર બીજું મોજું (હોય પછી) તેના ઉપર વાદળ (હોય જેનાથી ત્યાં તારા વગેરેનો પ્રકાશ પણ ન પહોંચતો હોય. મતલબ કે) ઉપર તળે બધે જ અંધારું (જ અંધારું) છે કે જો (આવી હાલતમાં કોઈ વ્યક્તિ દરિયાના તળિયામાં) પોતાનો હાથ કાઢે (અને તેને જોવા ઈચ્છે) તો (જોવું તો દૂરની વાત છે) જોવાની સંભાવના પણ નથી (આ ઉદાહરણનો ખુલાસો એ છે કે, એવા કાફિર જે આખિરત અને કિયામતના અને તેમાં સજા અથવા બદલાના જ ઈન્કારી છે, તેમની પાસે તો કાલ્પનિક પ્રકાશ પણ નથી. જેમકે પ્રથમ પ્રકારના કાફિરોની પાસે એક કાલ્પનિક ભ્રમ ઉપજાવતો પ્રકાશ હતો. કારણ કે તેમણે અમુક નેક કર્મોને પોતાના પરલોકનો સામાન સમજ્યો હતો, પરંતુ તે ઈમાનની શરત ન હોવાના કારણે સાચો પ્રકાશ ન હતો, એક મૃગજળ સમાન પ્રકાશ હતો. આ લોકો જેઓ આખિરતના ઈન્કારી છે, તેમણે પોતાની માન્યતા અને કલ્પનાઓ પ્રમાણે પણ આખિરતનું કોઈ કામ કર્યું જ નથી, કે જેના પ્રકાશની તેમને કલ્પના કે ખ્યાલ હોય. મતલબ કે તેમની પાસે અંધારું જ અંધારું છે, પ્રકાશનો ભ્રમ કે કલ્પના પણ નથી હોઈ શકતી. જેમકે દરિયાના તળિયાનું ઉદાહરણ આપ્યું છે અને હાથ ન દેખાવાનું કદાચ એટલા માટે કહ્યું છે કે, મનુષ્યના શરીરના અવયવોમાં હાથ આંખની સૌથી નજીક છે. પછી તેને જેટલો નજીક કરવા ઈચ્છે નજીક આવી જાય છે. અને જ્યારે હાથ જ ન દેખાતો હોય તો બીજા અવયવોની બાબત દેખીતી છે) અને (આગળ આ કાફિરોનું અંધારાઓમાં હોવાનું કારણ એ વર્ણન કર્યું છે કે)

જેને અલ્લાહ તઆલા જ (હિદાયતનું) નૂર (પ્રકાશ) ન આપે, તેને (ક્યાંયથી પણ) નૂર (મળી શકતું) નથી.

બંને ઉદાહરણો વર્ણન કર્યા પછી ઈરશાદ થયો : **"વમન લમ યજ-અલિલ્લાહુ લહુ નુરન ફમા લહુ મિન નુરિન"** આ વાક્ય કાફિરો વિશે એવું જ છે, જેમકે મો'મિનો વિશે આ ઈરશાદ થયો હતો : **"યહદીયલ્લાહુ લિનુરિહી મંય્યશાઅ"** કાફિરોના માટે આ વાક્યમાં હિદાયતના પ્રકાશથી વંચિતતાનું વર્ણન છે કે તેમણે અલ્લાહપાકના હુકમોથી મોઢું ફેરવીને પોતાના સ્વાભાવગત નૂર-પ્રકાશને પણ નષ્ટ કરી નાંખ્યો અને હવે જ્યારે કે અલ્લાહ પાકના હિદાયતના નૂરથી વંચિત થઈ ગયા તો પ્રકાશ ક્યાંથી આવે ?

આ આયતથી એ પણ જાણ થઈ કે, કોઈ વ્યક્તિમાં માત્ર જ્ઞાન અને બુદ્ધિ ભેગી થવાથી તે બુદ્ધિશાળી અથવા વિદ્વાન નથી થઈ જતો, બલ્કે તે માત્ર અલ્લાહ તઆલાના ઈનામથી થાય છે. એ જ કારણ છે કે ઘણા બધા લોકો જેઓ દુનિયાના કાર્યોમાં બિલ્કુલ નાવાકેફ અને અજ્ઞાન સમજવામાં આવે છે, આખિરતના મામલામાં તેઓ ઘણા જ બુદ્ધિશાળી અને સમજદાર સાબિત થાય છે. એ જ પ્રમાણે તેનાથી વિપરીત ઘણા બધા લોકો જેઓ દુનિયાના કાર્યોમાં મોટા નિષ્ણાત અને કોઠાસૂઝવાળા સંશોધનકર્તા સમજ-વામાં આવે છે, પરંતુ આખિરતના મામલામાં મહામૂર્ખ અને અજ્ઞાન સાબિત થતા હોય છે.

(૩૮) કુફ્ર-શિર્કની કમઝોરીનો કરોળિયાના ઘર સાથે દાખલો

مَثَلُ الَّذِيْنَ اتَّخَذُوْا مِنْ دُوْنِ اللّٰهِ اَوْلِيَآءَ كَمَثَلِ الْعَنْكَبُوْتِ ۚ اِتَّخَذَتْ بَيْتًا ؕ وَاِنَّ اَوْهَنَ الْبُيُوْتِ لَبَيْتُ الْعَنْكَبُوْتِ ۘ لَوْ كَانُوْا يَعْلَمُوْنَ ﴿۴۱﴾ اِنَّ اللّٰهَ يَعْلَمُ مَا يَدْعُوْنَ مِنْ دُوْنِهٖ مِنْ شَيْءٍ ؕ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿۴۲﴾ وَتِلْكَ الْاَمْثَالُ نَضْرِبُهَا لِلنَّاسِ ۚ وَمَا يَعْقِلُهَآ اِلَّا الْعٰلِمُوْنَ ﴿۴۳﴾ خَلَقَ اللّٰهُ السَّمٰوٰتِ وَالْاَرْضَ بِالْحَقِّ ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً لِّلْمُؤْمِنِيْنَ ﴿۴۴﴾ (عنكبوت:۴۱-۴۴)

જે લોકોએ અલ્લાહને છોડી દઈ બીજા કાર્યસાધક બનાવ્યા તેઓનું ઉદાહરણ કરોળિયા રૂપે છે કે જેણે એક ઘર (જાળું) બનાવી લીધું અને ખરેખર, નબળામાં નબળું ઘર કરોળિયાનું જ ઘર હોય છે, જો તેઓને સમજ હોત (તો એવું શિર્ક ન કરત). (૪૧) *(સૂરહ અન્કબૂત)*

ઘર તો એટલા માટે હોય છે કે, જાનમાલનું રક્ષણ થાય. કરોળિયાનું જાળું તે કંઈ ઘર છે કે સહેજમાં તૂટી જાય ? પરંતુ કરોળિયો એમ જ ધારે છે કે એથી મારો બચાવ થશે. એ જ પ્રમાણે આ મુશરિકો પોતાના જૂઠા મઅબૂદોને પોતાના તારણહાર સમજે છે, પણ જ્યારે અલ્લાહ તઆલાના તરફથી કોઈ આફત તેઓના ઉપર આવશે ત્યારે કરોળિયાના જાળા મુજબ જૂઠા મઅબૂદો તેઓનો કંઈ બચાવ કરી શકશે નહિ. જો તેઓને આ બાબતની સમજ હોત તો જરૂર શિર્કથી તૌબા કરી ઈમાન સ્વીકારત.

બેશક, અલ્લાહ તે સૌ વસ્તુઓ(ની નિર્બળતા)ને જાણે છે, જેની તેઓ અલ્લાહપાકના સિવાય પૂજા કરે છે અને તે અતિ જોરાવર (અને) મહાન હિકમતવાળો છે. (૪૨)

સંભવિત છે કે કોઈ સાંભળનાર અચરજ પામે કે સૌને એક જ દરજામાં લાવી મૂકયા. કેટલાક લોકો મૂર્તિઓને પૂજે છે, કેટલાક આગને, કેટલાક પાણીને તો કેટલાક અવલિયા-અંબિયાને. વળી, કેટલાક ફરિશ્તાઓને, તેથી જ અલ્લાહપાકે ફરમાવી દીધું કે અલ્લાહ તઆલા સૌને જાણે છે. જો એકને પણ નોખી કુદરત અને અધિકાર હોત તો અલ્લાહ તઆલા સૌને એકદમ ઈન્કાર ન કરત, પરંતુ અલ્લાહ તઆલા જબરદસ્ત હોવાથી તેને કોઈની સહાયતાની જરૂર નથી અને પોતે હિકમતવાળો હોવાથી તેને કોઈની સલાહની પણ જરૂર નથી.

અને આ ઉદાહરણોને અમે લોકોના (સમજાવવા) ખાતર વર્ણન કરીએ છીએ અને એ ઉદાહરણોને માત્ર જ્ઞાની લોકો જ સમજે છે. (૪૩) અલ્લાહ તઆલાએ આકાશો અને પૃથ્વીને યોગ્યતાપૂર્વક જ બનાવ્યા. ખરેખર, એમાં ઈમાનવાળાઓ માટે (તવહીદની) મહાન દલીલ છે. (૪૪)

ઘણી જ હિકમતપૂર્વક સર્જ્યા છે. કંઈ નકામા બનાવ્યા નથી. જ્યારે એવા મહાન કાર્ય તેણે એકલાએ કર્યા અને કોઈને શામિલ કરવાની જરૂર ન પડી તો નજીવા સાધારણ કામોમાં શરીક-સહાયકની શું જરૂર ? એથી જણાયું કે બંદગીના લાયક અલ્લાહ તઆલાના સિવાય કોઈ જ નથી.

અલ્લાહપાક સિવાય બધા જ મઅ્બૂદોની કમઝોરીનો દાખલો :

જે લોકોએ અલ્લાહપાકના સિવાય અન્ય કાર્યસાધકો બનાવી રાખ્યા છે, તે લોકોનું કરોળિયા જેવું દૃષ્ટાંત છે. જેણે એક ઘર બનાવ્યું અને કોઈ શંકા નથી કે સૌ ઘરોમાં સૌથી નબળું કરોળિયાનું જ ઘર હોય છે (બસ, જેવું આ કરોળિયાએ પોતાના સ્થળે એક પોતાનું શરણ સ્થળ બનાવ્યું છે, પરંતુ વાસ્તવમાં તે શરણ ઘણું જ કમજોર હોવાના કારણે વ્યર્થ છે. એ જ પ્રમાણે આ મુશ્રિક લોકો પણ જૂઠા મઅ્બૂદોને પોતાની સમજમાં પોતાનું શરણ સમજે છે, પરંતુ વાસ્તવમાં તે કંઈ જ શરણ નથી.) જો તે (વાસ્તવિક પરિસ્થિતિને) જાણતા હોત તો આવું ન કરતા હોત (એટલે કે શિર્ક ન કરતા હોત, પરંતુ તેઓ ન જાણે તો શું થયું ?) અલ્લાહ (તો) તે બધી વસ્તુઓ(ની હકીકત અને કમજોરીઓ)ને જાણે છે, જેને જેને તે લોકો અલ્લાહપાકના સિવાય પૂજી રહ્યા છે. (બસ, તે વસ્તુઓ તો અત્યંત કમજોર છે) અને તે (પોતે એટલે કે અલ્લાહ તઆલા) જબરદસ્ત હિકમતવાળો છે. (જેનો ખુલાસો સંપૂર્ણ જ્ઞાન અને સંપૂર્ણ શક્તિવાળો હોવું છે) અને (કારણ કે અમે આ વસ્તુઓની હકીકતને જાણીએ છીએ એટલા માટે) અમે તે (કુર્બાની) ઉદાહરણોને (જેમાંથી એક ઉદાહરણ આ સ્થળે ઉપસ્થિત છે) લોકો(ને સમજાવવા) માટે વર્ણન કરીએ છીએ અને (તે ઉદાહરણોથી તે લોકોની અજ્ઞાનતા જ્ઞાનથી બદલાઈ જવી જોઈતી હતી, પરંતુ) આ ઉદાહરણોને બસ જ્ઞાનીઓ જ સમજે છે (ભલે તે જાતે આલિમ હોય અથવા પરિણામના આધારે એટલે કે જ્ઞાન અને સત્યનો તલબગાર હોય અને આ લોકો જ્ઞાની પણ નથી અને સત્યના તલબગાર પણ નથી. એટલા માટે અજ્ઞાનતામાં સપડાયેલા રહ્યા છે, પરંતુ તેમની અજ્ઞાનતાથી સત્ય સત્ય જ રહેશે, જેને

અલ્લાહ તઆલા જાણે છે અને પોતાના વર્ણનથી જાહેર કરે છે. બસ, ગયરૂલ્લાહનું ઈબાદતના હકદાર ન હોવું સાબિત થઈ ચૂક્યું. આગળ માત્ર અલ્લાહ તઆલા જ ઈબાદતનો હકદાર હોવાની દલીલ છે કે) અલ્લાહે આસમાનો અને જમીનને યોગ્ય રીતે બનાવ્યા છે (એટલા માટે તેઓ પણ સ્વીકાર કરે છે) ઈમાનવાળાઓ માટે તેમાં (તેના ઈબાદતના હકદાર હોવાની) મોટી દલીલ છે.

એ દેખીતું છે કે, સજીવોના જેટલા પ્રકારોના માળાઓ અને ઘરો પ્રચલિત છે, તેમાં આ જાળાના તાર સૌથી વધારે કમજોર છે કે, મામૂલી હવાથી પણ તૂટી શકે છે. આ આયતમાં અલ્લાહ તઆલાને છોડીને અન્યની પૂજા કરનારાઓ અને તેમના ઉપર ભરોસો રાખનારાઓનું દૃષ્ટાંત કરોળિયાના જાળાથી આપવામાં આવ્યું છે કે, જે અત્યંત કમજોર છે. એ જ પ્રમાણે જે લોકો અલ્લાહપાકને છોડીને મૂર્તિઓ અથવા કોઈ મનુષ્ય વગેરે ઉપર ભરોસો કરે છે, તો તેમનો ભરોસો એવો જ છે જેમકે આ કરોળિયો પોતાના જાળાના તાર ઉપર ભરોસો કરે છે.

"તિલ્કલ્ અમ્ષાલુ નદરિબુહા લિન્નાસિ વમા યઅ્કિલુહા ઈલ્લલ આલિમુન." મુશ્રિકોના મઅ્બૂદોની કમજોરીનું ઉદાહરણ કરોળિયાના જાળાથી આપ્યા પછી વર્ણન કર્યું કે, અમે આવા આવા સ્પષ્ટ દૃષ્ટાંતોથી તવહીદની હકીકતને વર્ણન કરીએ છીએ, પરંતુ આ દૃષ્ટાંતોથી પણ સમજબૂઝ માત્ર દીનના વિદ્વાનો જ પ્રાપ્ત કરે છે, અન્ય લોકો ચિંતન અને મનન કરતા જ નથી કે સત્ય તેમના માટે સ્પષ્ટ થઈ જાય.

અલ્લાહ તઆલા સમીપ વિદ્વાન કોણ છે ? :

ઈમામ બગવી (રહ.)એ પોતાની સનદ સાથે હઝરત જાબીર (રદી.)થી રિવાયત કરી છે કે, નબીએ કરીમ (સલ.)એ આ આયતની તિલાવત કરીને ફરમાવ્યું કે, આલિમ તે જ વ્યક્તિ છે, જે અલ્લાહ તઆલાના કલામમાં ચિંતન અને મનન કરે અને તેના આજ્ઞાપાલન ઉપર અમલ કરે અને તેને નારાજ કરનાર કાર્યથી બચે.

આથી જાણ થઈ કે, કુરૂઆન અને હદીષના માત્ર શબ્દો સમજી લેવાથી અલ્લાહ સમીપ કોઈ વ્યક્તિ આલિમ નથી બની શકતો, જ્યાં સુધી કુરૂઆનમાં ચિંતન-મનન કરવાની ટેવ ન બનાવે અને જ્યાં સુધી પોતાના કર્મોને કુરૂઆન પ્રમાણે ન બનાવે.

મુસ્નદે અહમદમાં હઝરત અમ્ર બિન આષ (રદી.)થી રિવાયત છે કે, મેં રસૂલે કરીમ (સલ.)થી એક હજાર ઉદાહરણો શીખ્યા છે. ઈબ્ને કષીર (રહ.) તેને નકલ કરીને લખે છે કે, આ હઝરત અમ્ર બિન આષ (રદી.)નું ઘણું મોટું સન્માન છે. કારણ કે અલ્લાહ તઆલાએ આ પ્રસ્તુત આયતમાં તે જ લોકોને આલિમ ઠરાવ્યા છે, જે અલ્લાહ અને રસૂલ (સલ.)ના વર્ણન કરેલ દષ્ટાંતોને સમજે.

હઝરત અમ્ર બિન મુર્રહે ફરમાવ્યું કે, જ્યારે હું કુરૂઆનની કોઈ આયત ઉપર પહોંચતો હોઉં છું, જે મારી સમજમાં ન આવે તો મને ઘણો રંજ થાય છે. કારણ કે અલ્લાહ તઆલા ફરમાવે છે : **"तिल्क अम्षालु नदरिबुहा लिन्नासि वमा यअ्किलुहा ईल्लल आलिमुन."** *(ઈબ્ને કસીર)*

(૩૯) કુફ્ર અને શિર્ક બરબાદીનું નિમિત્ત બને છે

حُنَفَآءَ لِلّٰهِ غَيْرَ مُشْرِكِيْنَ بِهٖ ؕ وَمَنْ يُّشْرِكْ بِاللّٰهِ فَكَاَنَّمَا خَرَّ مِنَ السَّمَآءِ فَتَخْطَفُهُ الطَّيْرُ اَوْ تَهْوِيْ بِهِ الرِّيْحُ فِيْ مَكَانٍ سَحِيْقٍ ﴿٣١﴾ (حج:٣١)

એવી રીતે એક જ અલ્લાહ તઆલા તરફ ઝુકીને રહો, તેની સાથે (કોઈને) શરીક ન ઠેરવો, અને જેણે અલ્લાહ તઆલાનો શરીક બનાવ્યો તો (તેનું ઉદાહરણ એવું છે) જાણે તે આકાશથી પડી ગયો. ફરી (મુરદાર ખાનાર) પક્ષીઓએ તેની બોટીઓ તોડી ખાધી અથવા હવાએ તેને બહુ દૂર જગ્યાએ ફેંકી દીધો. (૩૧) *(સૂરહ હજ્જ)*

ચારે બાજુથી હટીને માત્ર એક જ અલ્લાહપાકના થઈને રહો. તમારા સઘળાં કામ, નિય્યતો અન્ય કોઈની શિર્કત વગર સંપૂર્ણ રીતે અલ્લાહપાકના જ માટે થવી જોઈએ.

આ ઉદાહરણમાં શિર્કનો અંજામ બતાવ્યો. સારાંશ કે તવહીદ અતિ ઉચ્ચ મુકામ છે તેને ત્યજી માણસ જ્યારે કોઈ પણ મખ્લૂકની આગળ ઝુકે છે તો પોતે પોતાને ઝલીલ કરી તવહીદના આકાશની ઊંચાઈથી નીચે નાખે છે. જાહેર છે કે એટલે ઊંચેથી પડીને કોઈ જીવી શકતો નથી. હવે કાં તો મનેચ્છાઓ અને વાસનાઓ રૂપી મુરદાર ખાનાર પ્રાણી ચારે બાજુથી તેને ફાડી ખાશે અથવા શયતાન તેને વંટોળિયા માફક ઉડાવી એવી ખીણમાં નાખશે કે તેના હાડકાંનો ચૂરો થઈ જશે.

હઝરત શાહ અબ્દુલ કાદિર (રહ.) લખે છે કે જેની નિય્યત એક જ અલ્લાહ પર છે તે કાયમ છે, પણ જ્યાં નિય્યત ચોતરફ ગઈ તો સૌ તેને પરેશાન કરી માર્ગમાંથી ઊંચકી જશે અથવા સૌનો ઈન્કાર કરી નાસ્તિક બની જશે તો જાણે વંટોળિયાએ તેને દૂર જ ફેંકી દીધો, તો સલામત રહી શકશે નહિ.

(૪૦) હિદાયત અને ગુમરાહી બરાબર થઈ શકતા નથી

اَفَمَنْ وَّعَدْنٰهُ وَعْدًا حَسَنًا فَهُوَ لَاقِيْهِ كَمَنْ مَّتَّعْنٰهُ مَتَاعَ الْحَيٰوةِ الدُّنْيَا ثُمَّ هُوَ يَوْمَ الْقِيٰمَةِ مِنَ الْمُحْضَرِيْنَ ﴿٦١﴾ (قصص:٦١)

એક માણસ કે જેને અમે ભલા વાયદાનું વચન આપ્યું છે પછી તે (વાયદાની વસ્તુ)ને મેળવનાર છે. તો શું તે એવા માણસની બરાબર થઈ શકે છે કે જેને અમે આજીવિકાનો જૂજ લાભ આપ્યો. ફરી તે કિયામતના દિવસે એવા લોકોમાંથી થશે જેઓ પકડાઈને આવશે ? (૬૧)

મુઅમિન અને કાફિર પરિણામની રૂએ સરખા થઈ શકતા નથી. પહેલા માટે કાયમના ઐશ-આરામનો વાયદો છે, તે પૂર્ણ થઈને જ રહેશે અને બીજા માટે થોડી મુદ્દત માટે ઐશ-આરામ છે. પછી પકડ વોરંટ અને સદાની જેલ છે. એક માણસ સ્વપ્નામાં રાજપાટનું સુખ ભોગવતો રહયો. જાગૃત થતાં જ જુએ છે કે, પોલીસ પકડવા વોરંટ અને હાથકડીઓ લઈ ઉભી છે તો તરત પકડીને લઈ ગઈ અને કેસના ચુકાદામાં જેલ થઈ ગઈ. તો શું તેને

સ્વપ્નાનાં રાજપાટનું સુખ યાદ આવશે ?

અને (તે વખતને યાદ કરો) જે દિવસે અલ્લાહપાક તેઓને પુકારીને કહેશે કે મારા તે શરીકો જેઓનો તમે દાવો કરતા હતા તે ક્યાં છે ? (૬૨) જેઓના ઉપર (અઝાબની) વાત સાબિત થઈ ચૂકી. તેઓ કહેશે કે, હે અમારા પરવરદિગાર ! આ તે જ લોકો છે જેઓને અમે ભમાવ્યા હતા. અમે તેઓને (એવા જ) ભમાવ્યા જેવી રીતે કે અમો પોતે ભમી ગયા હતા. અમે તારી સમક્ષ (તેમનાં સંબંધનો) ઈન્કાર કરીએ છીએ. તેઓ અમને પૂજતા ન હતા. (૬૩)

કાફિરોથી સવાલ થતાં શયતાનો પણ ડરીને પોતાના બચાવમાં આ પ્રમાણે બોલી ઉઠશે કે એ લોકોને બહેકાવ્યા ખરા, પણ નેક લોકોનાં નામ લઈને. વળી, કંઈ બળજબરી નથી કરી. અમે કહ્યું અને એમણે સ્વેચ્છાએ માની લીધું તો ઈચ્છાના પૂજારી થયા. ખરી રીતે અમને પૂજતા ન હતા. મતલબ કે પોતે ગુમરાહ થઈ બીજાઓને ગુમરાહ કરવાનું કબૂલ કરશે, પરંતુ પોતાની બંદગી કરવાનો ઈન્કાર કરશે.

હિદાયત અને ગુમરાહીનો માપદંડ :

ભલા તે વ્યક્તિ જેને અમે એક પસંદ કરેલ વાયદો કરી રાખ્યો છે, પછી તે વ્યક્તિ તે (વાયદાની વસ્તુ)ને પામનારો છે. શું તે એ વ્યક્તિ જેવો થઈ શકે છે, જેને અમે દુન્યવી જિંદગીનો અમુક દિવસ લાભ આપી રાખ્યો છે ? પછી તે કિયામતના દિવસે તે લોકોમાંથી હશે, જેઓને પકડીને લાવવામાં આવશે. (ભાવાર્થ : પ્રથમ વ્યક્તિથી મોમિનો છે, જેમને જન્નતનો વાયદો કરવામાં આવ્યો છે અને બીજા વ્યક્તિથી કાફિર છે, જેઓ અપરાધી બનીને આવશે અને કારણ કે દુનિયાની માલ-દૌલત જ તે લોકોની ભૂલનું કારણ છે. એટલા માટે તેનો ખુલાસો કરી દીધો, નહિતર આ બંનેનું સમાન ન હોવું તો એ કારણે છે કે, તેઓને ગિરફતાર કરીને હાજર કરવામાં આવશે અને મોમિનો જન્નતની નેઅમતોથી માલામાલ થશે.) અને (આગળ આ તફાવતના સ્વરૂપની વિગત એ પ્રમાણે છે કે, તે દિવસ પણ યાદ કરવાપાત્ર

છે) જે દિવસે અલ્લાહપાક તે કાફિરોને (સજા સ્વરૂપે) પોકાર કરીને કહેશે કે, તે મારા ભાગીદારો ક્યાં છે, જેમને તમે (અમારા ભાગીદાર) સમજી રહ્યા હતા. (ભાવાર્થ : તેનાથી શયતાનો છે કે, તેમની તાબેદારીથી સદંતર શિર્ક કરતા હતા એટલા માટે તેમના ભાગીદારોને કહ્યું, તેને સાંભળીને શયતાનો) જેમના ઉપર (લોકોને ગુમરાહ કરવાના કારણથી) અલ્લાહનું ફરમાન (અઝાબના હકદાર થવાથી જેમકે **લઅમ્ લઅન્ન જહન્નમ મિનલ જિન્નતી વન્નાસ**) સાબિત થઈ ચૂક્યું હશે, તેઓ (બહાના સ્વરૂપે) બોલી ઉઠશે કે, હે અમારા પરવરદિગાર ! બેશક, આ તે જ લોકો છે, જેમને અમે બહેકાવ્યા. (આ જવાબની પ્રસ્તાવના છે, આ બાબતનો ખુલાસો એટલા માટે કર્યો કે, જેમની સિફારસની તેમને ઉમ્મીદ છે, તે તેમની વિરૂદ્ધ ગવાહી આપશે અને આગળ જવાબ છે કે, અમે અવશ્ય બહેકાવ્યા, પરંતુ) અમે તેમને એમ જ (બળજબરી કે દબાણ વિના જ) બહેકાવ્યા, જેવી રીતે કે અમે પોતે (બળજબરી વિના કે દબાણ વિના) બહેક્યા હતા. (એટલે કે જે રીતે અમે પોતે પોતાના અધિકારથી ગુમરાહ થયા, કોઈએ અમને મજબૂર નથી કર્યા. એ જ પ્રમાણે અમે તેમના ઉપર બળજબરી કરી મજબૂર કર્યા ન હતા. અમારૂં કામ ફક્ત ભમાવવાનું હતું, પછી તેમણે તે જ માર્ગ અપનાવ્યો અને તેને પોતાના અધિકારથી સ્વીકાર્યો, જેમકે સૂરએ ઈબ્રાહીમમાં **"વમા કાન લિય અલયકુમ મિન સુલ્તાનિન ઈલ્લા અન્ દઅવતુકુમ ફસ્તજબ્તુમ લિ..."** છે. અર્થ એ છે કે, અમે પણ અપરાધી છે, પરંતુ તેઓ પણ અપરાધથી મુક્ત નથી.) અને અમે તારી સમક્ષ તેમનો (આ વિશે) ઈન્કાર કરીએ છીએ (અને) આ લોકો (વાસ્તવમાં માત્ર) અમને (જ) ન પૂજતા હતા (એટલે કે જ્યારે આ પોતાના અધિકારથી બહેક્યા છે, તો તેઓ પોતે પોતાની મનેચ્છાઓના પૂજારી થયા, ન કે માત્ર શયતાનના પૂજારીઓ. આ બધી વાતચીતનો હેતુ એ છે કે, જેના ભરોસે તેઓ બેઠા છે, તે કિયામતના દિવસે તેમનાથી અલગાવ જાહેર કરશે).

મહશરમાં કાફિરો અને મુશ્રિકોને પ્રથમ પ્રશ્ન શિર્ક વિશે થશે કે, જે શયતાનો વગેરેને તમે તમારા ભાગીદાર કહ્યા કરતા હતા અને તેમનું કહ્યું

માનતા હતા, તેઓ આજે ક્યાં છે ? શું તેઓ આજે તમારી કંઈ મદદ કરી શકે છે ? તેના જવાબમાં દેખીતું છે કે, આ મુશ્રિકો એ જવાબ આપશે કે, એમાં અમારો કોઈ વાંક નથી, અમે તો કોઈ શિર્ક કર્યું જ નથી, બલ્કે અમને તો આ શયતાનોએ બહેકાવ્યા હતા. એટલા માટે અલ્લાહ તઆલા પોતે તે શયતાનોના મુખેથી કહેવડાવશે કે, અમે તેમને અવશ્ય ભમાવ્યા હતા, પરંતુ તેમને મજબૂર કર્યા ન હતા. એટલા માટે અપરાધી અમે પણ છે, પરંતુ અપરાધથી તેઓ પણ મુક્ત નથી. કારણ કે જે રીતે અમે તેમને ભમાવ્યા હતા, તેનાથી વિપરીત અંબિયા (અલૈ.) અને તેમના નાયબોએ તેમને માર્ગદર્શન પણ આપ્યું હતું અને દલીલોની સાથે તેમના ઉપર સત્ય સ્પષ્ટ કરી આપ્યું હતું, તેમણે પોતાના અધિકારથી અંબિયા (અલૈ.)ની વાત ન માની અને અમારી વાત માની લીધી તો તેઓ કઈ રીતે મુક્ત હોઈ શકે છે ? એનાથી જાણ થઈ કે, જે વ્યક્તિની સામે સત્યની સ્પષ્ટ દલીલ મૌજૂદ હોય અને તે સત્યનું આમંત્રણ આપનારના બદલે માર્ગ ભટકેલ લોકોની વાત માનીને ગુમરાહીમાં પડી જાય તો તેનું કોઈ બહાનું ભરોસાપાત્ર નથી.

(૪૧) અલ્લાહપાકના જ્ઞાન અને કુદરતનું ઉદાહરણ

وَلَوْ اَنَّ مَا فِي الْاَرْضِ مِنْ شَجَرَةٍ اَقْلَامٌ وَّالْبَحْرُ يَمُدُّهٗ مِنْۢ بَعْدِهٖ سَبْعَةُ اَبْحُرٍ مَّا نَفِدَتْ كَلِمٰتُ اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ عَزِيْزٌ حَكِيْمٌ ﴿۲۷﴾ (لقمان:۲۷)

અને પૃથ્વીમાં જેટલા ઝાડ છે તે બધા જ અગર કલમ બની જાય અને સમુદ્ર તેની શાહી હોય (અને) તે ઉપરાંત બીજા સાત સમુદ્રો(ની શાહી) હોય તો પણ અલ્લાહપાકની વાતો પૂરી ન થાય. બેશક, અલ્લાહ તઆલા મહા બળવાન (અને) હિકમતવાળો છે. (૨૭) *(સૂરહ લુકમાન)*

અગર આખા જગતના વૃક્ષોને કાપી કલમ બનાવવામાં આવે, હાલના સમુદ્રની શાહી બનાવવામાં આવે ત્યાર પછી એવા બીજા સાત સમુદ્રોનો પણ એ જ ઉપયોગ કરવામાં આવે, પછી ધારો કે જગતના બધા જ લોકો પોતપોતાના ગજા મુજબ લખવા માંડે તો પણ અલ્લાહ તઆલાના કમાલો,

તેની મહત્તા તેમજ જલાલને દર્શાવતી વાતો પૂરી લખી શકે નહિ. લખનારાઓની જિંદગી પૂરી થઈ જાય, કલમો ઘસાઈને તૂટી જાય, શાહી ખૂટી જાય; છતાં અલ્લાહના વખાણ અને તેની ખૂબીઓ લખવાની બાકી જ રહી જાય. કેટલાક યહૂદીઓના નબી (સલ.)થી રૂહ સંબંધી સવાલના જવાબમાં અલ્લાહ તઆલાએ તેઓને અલ્પજ્ઞાની ફરમાવ્યું હતું. જેમકે પંદરમા સીપારામાં આવી ગયું ત્યારે તેઓ કહેવા લાગ્યા કે અમારી કિતાબ તવરાતમાં દરેક પ્રકારનો ઈલ્મ હોવાનું તમે પણ માનો છો, જેથી અમે મહાજ્ઞાની થયા. છતાં અમને અલ્પજ્ઞાની કેમ કહ્યા ? ત્યારે નબી (સલ.)એ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાના મુકાબલામાં બધા જ અલ્પજ્ઞાની છે, તે ઉપરથી આ આયત ઉતરી.

કુદરત - સજીવન :

અને (તેની ખૂબીઓ એટલા મોટા પ્રમાણમાં છે કે) જેટલા વૃક્ષો આખી પૃથ્વી ઉપર છે, જો તે બધા કલમ બની જાય (એટલે કે તેમના લાકડામાંથી કલમ બનાવી લેવામાં આવે અને દેખીતું છે કે, આ રીતે એક એક વૃક્ષમાંથી હજારો કલમ તૈયાર થશે) અને જે મહાસાગરો છે, તે ઉપરાંત સાત મહા-સાગરો (શાહીના બદલે) તેમાં બીજા ઉમેરવામાં આવે (અને પછી તે કલમોથી અને આ શાહીથી અલ્લાહપાકની વિશિષ્ટતાઓ લખવાનું શરૂ કરવામાં આવે) તો (બધા કલમ અને શાહી પૂરી થઈ જાય અને) અલ્લાહની વાતો (એટલે કે તે વાક્યો જેનાથી અલ્લાહપાકની વિશિષ્ટતાઓનું વર્ણન થતું હોય તે) પૂર્ણ ન થાય. બેશક, અલ્લાહપાક જબરદસ્ત હિકમતવાળો છે (કે તે કુદરતમાં પણ સંપૂર્ણ છે અને જ્ઞાનમાં પણ અને આ બંને લક્ષણો કારણ કે બધા જ લક્ષણો અને કાર્યો સાથે સબંધ ધરાવે છે. કદાચ એટલા માટે અમુક સામાન્ય બાબતોને ખાસ સ્વરૂપે વર્ણન કરવામાં આવી.

"વલવ અન્ન મા ફિલ્અર્દિ મિન શજરતિન અકલામ" આ આયતમાં અલ્લાહ તઆલાએ પોતાની જાણકારી અને પોતાની કુદરતની નિશાનીઓ અને પોતાની નેઅમતોનું એક દૃષ્ટાંત આપ્યું છે કે, તે કદી ન પૂર્ણ થનાર

બાબત છે, ન કોઈ જીભથી તે બધું વર્ણન થઈ શકે છે અને ન જ કોઈ કલમથી બધું લખી શકાય છે. દૃષ્ટાંત એ વર્ણન કર્યું કે, સમગ્ર જમીનમાં જેટલા પણ વૃક્ષો છે, જો તેમની બધાની ડાળીઓની કલમ બનાવી લેવામાં આવે અને તેનાથી લખવા માટે સમંદરને શાહી બનાવી દેવામાં આવે અને આ બધી કલમો હક તઆલા શાનુહૂની જાણકારી અને તેના કુદરતના કરિશ્માઓને લખવાનું શરૂ કરે, તો મહાસાગરો પૂરા થઈ જશે, પરંતુ અલ્લાહપાકનું જ્ઞાન અને તેની કુદરતની વિશિષ્ટતાઓ કદી પૂર્ણ ન થશે અને એક સમંદર નહીં, તેના જેવા બીજા સાત મહાસાગરો પણ સામેલ કરી દેવામાં આવે તો પણ બધા મહાસાગરો પૂરા થઈ જશે, પરંતુ અલ્લાહ તઆલાની વિશેષતાઓનું વર્ણન પૂર્ણ થશે નહીં. **'કલિમાતુલ્લાહ'**થી ભાવાર્થ તેનું જ્ઞાન અને હિકમતની વિશેષતાઓ છે. *(રૂહ અને મઝહરી)* તથા કુદરતની નિશાનીઓ અને અલ્લાહ તઆલાની નેઅમતો પણ તેમાં સામેલ છે અને સાત મહાસાગરોનો અર્થ એ નથી કે, ક્યાંક સાત મહાસાગરો મૌજૂદ છે, બલ્કે ભાવાર્થ એ છે કે એક મહાસાગરની સાથે કલ્પના કરો અને સાત મહાસાગરો મળી જાય તો પણ તે બધાથી **'કલિમાતુલ્લાહ'**ને લખી શકાશે નહીં. અને સાતની સંખ્યા પણ અહીંયાં દૃષ્ટાંત સ્વરૂપે છે, મૂળ હેતુ નથી. અને તેની દલીલ કુરઆન શરીફની બીજી આયત છે : **"કુલ્ લવ કાનલ બહ્રુ મિદાદલ્લિકલિમાતિ રબ્બી લનફિદલ્ બહ્રુ કબ્લ અન્ તન્ફદ કલિમાતુ રબ્બિ વલવ જિઅ્ના બિમિષ્લિહિ મદદા."** એટલે કે જો સમંદરને **'કલિમાતુલ્લાહ'** અલ્લાહ તઆલાની વાતોનું વર્ણન લખવા માટે શાહી બનાવી લેવામાં આવે તો સમંદર પૂરા થઈ જશે, પરંતુ અલ્લાહપાકની વાતો કદી પૂર્ણ ન થશે. આ આયતમાં ઉદાહરણ સ્વરૂપે ફરમાવીને ઈશારો કરવામાં આવ્યો કે, આ ક્રમ દૂર સુધી ચલાવવામાં આવે કે આ મહાસાગર જેવા બીજા મહાસાગરો મળી ગયા પછી તેના જેવો ત્રીજો, ચોથો મતલબ કે મહાસાગરોનું કેટલુંય પ્રમાણ કલ્પી લો, તેની શાહી અલ્લાહપાકની વાતોનો તાગ મેળવી શકતી નથી. તાર્કિક રીતે પણ કારણ દેખીતું છે કે, મહાસાગરો સાત નહીં, પરંતુ સાત હજાર હોય તો પણ અંતે તે મર્યાદિત અને પૂર્ણ થનાર

છે, પરંતુ **'કલિમાતુલ્લાહ'** એટલે કે અલ્લાહ તઆલાની જાણકારી કદી પૂર્ણ ન થનાર અનંત છે. કોઈ અપૂર્ણ વસ્તુથી સંપૂર્ણ વસ્તુનો તાગ કઈ રીતે મેળવી શકાય છે ?

અમુક રિવાયતોમાં છે કે, આ આયત શરીફ યહૂદીઓના અહ્બાર (આલિમો)ના એક સવાલના જવાબ ઉપર નાઝિલ થઈ. કારણ એ હતું કે, કુરઆનની આયત છે : **"વમા ઉતીતુમ મિનલ્ ઈલ્મિ ઈલ્લા કલિલા"** એટલે કે, "તમને આપવામાં નથી આવ્યું, પરંતુ ઘણું થોડું જ્ઞાન." જ્યારે રસૂલે કરીમ (સલ.) મદીના તય્યિબહમાં આવ્યા, તો અમુક યહૂદીઓના અહ્બાર હાજર થયા અને આ આયત વિશે વાંધો ઉઠાવ્યો કે, આપ (સલ.) જે કહે છે કે, તમને થોડું જ્ઞાન આપવામાં આવ્યું છે, તે તમે પોતાની કૌમની હાલત વર્ણન કરી છે અથવા તેમાં તમે અમને પણ સામેલ કરી દીધા છે ? રસૂલે કરીમ (સલ.)એ ફરમાવ્યું કે, મારો ભાવાર્થ બધા જ છે. એટલે કે અમારી કૌમ પણ અને યહૂદી તથા નસારા પણ. તો જેમણે આ વિરોધ દર્શાવ્યો કે અમને તો અલ્લાહ તઆલાએ તવરાત આપી છે, જેની શા'ન **"તિબ્યાનુલ લિકુલ્લિ શયઈન"** છે. એટલે કે, દરેક વસ્તુનું વર્ણન છે. રસૂલે કરીમ (સલ.)એ ફરમાવ્યું કે, તે પણ અલ્લાહના જ્ઞાનના મુકાબલામાં થોડું જ છે. પછી તવરાતમાં જેટલું જ્ઞાન છે, તેનું પણ તમને સંપૂર્ણ જ્ઞાન નથી, જરૂર પૂરતું જ છે. એટલા માટે અલ્લાહ તઆલાના ઈલ્મના મુકાબલામાં સમગ્ર આસમાની કિતાબો અને બધા જ અંબિયા (અલૈ.)ના જ્ઞાનને એકઠા કરવામાં આવે તો પણ તે થોડું જ છે. આ જ બાબતના સમર્થન માટે આ આયત નાઝિલ થઈ : **"વલવ અન્ન મા ફિલ અર્દિ મિન શજરતિન અકલામ."** *(ઈબ્ને કસીર)*

(૪૨) મૃત્યુ પછી ફરી સજીવન કરવાનું સાદુ ઉદાહરણ

مَا خَلْقُكُمْ وَلَا بَعْثُكُمْ اِلَّا كَنَفْسٍ وَّاحِدَةٍ ؕ اِنَّ اللّٰهَ سَمِيْعٌۢ بَصِيْرٌ ﴿۲۸﴾

(لقمان:۲۸)

તેની કુદરતની સિફતના કમાલનું એક પાસું આખિરતનું વિશ્વ પણ છે, જેને અણસમજ લોકો મુશ્કેલ સમજી રહ્યા છે, જ્યારે કે તે એવો મહાશક્તિશાળી છે કે) તમને બધાને પેદા કરવું અને પુનઃ સજીવન કરવું એવું જ છે, જેવું કે એક જ જીવનું. બેશક, અલ્લાહપાક સઘળું સાંભળનાર (અને) જોનાર છે. (૨૮)

અલ્લાહ તઆલાના નજીક આખા જગતને ઉત્પન્ન કરવું એક જ માણસને પેદા કરવા સમાન જ છે. એમાં કે તેમાં તેને કંઈ જ અડચણ નથી. કોઈ પણ વસ્તુનો ઈરાદો કરતાં જ તે હસ્તીમાં આવી જાય છે.

જેવી રીતે એક અવાજને સાંભળવું તથા જગતભરના સઘળા અવાજો એકસામટા સાંભળવું અથવા એક વસ્તુને જોવું તથા સઘળી વસ્તુઓને એકી વખતે જોવું તેના નજીક સરખું જ છે. તેવી જ રીતે આખા જગતને જીવન-મરણ આપવું તેની કુદરત આગળ સમાન જ છે, ત્યારે પુનઃ સજીવન કર્યા પછી એક વખતે સૌ આગલા-પાછલાઓની રજેરજ કરણીઓનો હિસાબ લઈ પરવારતાં પણ તેને કંઈ જ મુશ્કેલ નથી, કારણ કે તે સઘળી વાતોને સાંભળે છે અને સઘળી કરણીઓને જુએ છે. કોઈ પણ બાબત ત્યાં છૂપી જ નથી.

તમને સૌને (પ્રથમ વખતે) પેદા કરવું અને (બીજી વખતે) સજીવન કરવું (તેની પાસે) બસ એવું જ છે, જેમકે એક વ્યક્તિનું (પેદા કરવું અને સજીવન કરવું, મતલબ કે અહિંયાં સમજાવવાનો હેતુ સામાન્ય નિશાની છે કે, જે રીતે મૌત પછી સજીવન કરવાનું વર્ણન કર્યું છે, પરંતુ સર્જનના વર્ણનથી દલીલ વધારે મજબૂત થઈ ગઈ છે). બેશક, અલ્લાહ તઆલા સઘળું કંઈ સાંભળે અને બધું જ કંઈ જુએ છે (બસ, જે લોકો દલીલો હોવા છતાં કિયામતનો ઈન્કાર કરી રહ્યા છે અને એ જ હિંમત ઉપર દુષ્ટ અને નિર્લજ્જ કૃત્યો આચરે છે, તે બધાને સાંભળી રહ્યો છે, જોઈ રહ્યો છે, તેની સજા આપશે.

❋ ❋ ❋

(૪૩) નમુનો મૌજુદ હોવા છતાં નવસર્જનનો ઈન્કાર ?

اَوَلَمۡ يَرَوۡا اَنَّا نَسُوۡقُ الۡمَآءَ اِلَى الۡاَرۡضِ الۡجُرُزِ فَنُخۡرِجُ بِهٖ زَرۡعًا تَاۡكُلُ مِنۡهُ اَنۡعَامُهُمۡ وَاَنۡفُسُهُمۡ ؕ اَفَلَا يُبۡصِرُوۡنَ ﴿۲۷﴾ (سجدہ:۲۷)

શું તેઓએ જોયું નથી કે અમે પાણીને સૂકી પડેલી જમીન તરફ પહોંચાડીએ છીએ. ફરી તે વડે અમે ખેતી ઉત્પન્ન કરીએ છીએ, જેમાંથી તેઓનાં પશુઓ તથા તેઓ પોતે પણ ખાય છે. છતાં શું તેઓ જોતા નથી ? (૨૭) અને તેઓ કહે છે કે જો તમે સાચા છો તો આ ફૈંસલો કયારે થશે ? (૨૮) આપ ફરમાવી દો કે ફૈંસલા (કિયામત)ના દિવસે કાફિરોને તેઓનું ઈમાન લાવવું કંઈ જ લાભ નહિ આપે અને ન તેઓને મોહલત આપવામાં આવશે. (૨૯)

સૂકી જમીન પર વરસાદ પડતાં જ તેમાંથી લીલોતરી ઉગે છે તે જોઈને જ વિચારતા હોય તો જણાય જાય કે એમાં ખુદાઈ કુદરત અને હિકમતની નિશાનીઓ છે. તો એવી જ રીતે કિયામતના દિવસે મુરદાઓને પુનઃ સજીવન કરવું કંઈ મુશ્કેલ નથી, પણ તેઓ આંધળા બની ઉલટા મશ્કરી તરીકે તે દિવસને ઉતાવળથી માંગે છે, પરંતુ તેના આવ્યા પછી તેમનું માનવું નકામું છે. ત્યાં તો ફરી જરા પણ મોહલત નહિ મળે.

માટે આપ એ લોકોનો ખ્યાલ છોડી દો અને (ફૈંસલાની) રાહ જોતા રહો. ખરેખર, તેઓ પણ રાહ જોઈ રહ્યા છે. (૩૦)

એમાં હુઝૂર (સલ.)ને ધીરજ આપી કે એ કિયામતના જૂઠાડનારાઓની બેહૂદી વાતો પર કંઈ લક્ષ ન આપો, બલકે તેઓ તમારી બરબાદીની રાહ જૂએ છે, તેમ તમે તેઓની શિક્ષા માટે અલ્લાહના વાયદા મુજબ તે દિવસની રાહ જુઓ. નિયમિત વખતે તે દિવસ સૌની આંખો આગળ આવી જશે.

કિયામત :

તેમને જે કિયામત ન આવવાની શંકા છે તો શું તેમણે એ વાત ઉપર

દૃષ્ટિ નથી કરી કે અમે (વાદળો અથવા નહેરો વગેરે દ્વારા) સુક્કી જમીન તરફ પાણી પહોંચાડીએ છીએ, પછી તેના દ્વારા ખેતી પેદા કરીએ છીએ જેનાથી તેમના પશુઓ અને તેઓ પોતે પણ ખાય છે, તો શું (આ વાતને રાત-દિવસ) જોતા નથી ? (આ મૃત્યુ પછી જીવનના સ્પષ્ટ નમૂનાઓ છે, જેમકે ઘણા સ્થળોએ આ બાબતની ચર્ચા પસાર થઈ ચૂકી છે. બસ, બંને શંકાઓ નિર્મૂળ થઈ ગઈ) અને આ લોકો (કયામત અને ફેંસલાનું વર્ણન સાંભળીને ઠઠ્ઠો-મશ્કરી કરવા એવું) કહે છે કે, જો તમે (આ વાતમાં) સાચા છો તો (બતાવો) આ ફેંસલો ક્યારે થશે ? તમે કહી આપો કે (તમે 'અબશ'નો તકાદો કરો છો ? તમારા માટે તો તે સંપૂર્ણ મુસીબતનો દિવસ છે, કારણ કે) તે ફેંસલાના દિવસે કાફિરોને તેમનું ઈમાન લાવવું (બિલ્કુલ) લાભ આપશે નહીં (અને આ જ એક સ્વરૂપ તેમના બચાવનું હતું અને તે સ્વરૂપ જ ઉપસ્થિત નહીં થાય) અને (છૂટકારાનો લાભ તો શું થાય ! બલ્કે) તેમને મહોલત પણ નહીં મળે. બસ, (હે પયગમ્બર સલ. !) તેમની વાતોનો વિચાર ન કરો (જેના વિચારથી ગમ થાય છે) અને તમે (ગુમ ફેંસલાની) રાહ જોતા રહો, તેઓ પણ (પોતાની રીતે આપ સલ.ના નુકસાનની) રાહ જુએ છે. પરંતુ જાણ થઈ જશે, કોની રાહ જોવી વાસ્તવિકતા આધારિત છે અને કોની નથી, તેના જવાબમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : **"ફુલ તરબ્બસુ ફઈન્ની મઅકુમ્ મિનલ મુતરબ્બિસીન."**

(૪૪) સારા અને નરસાનો ફર્ક દર્શાવતો દાખલો

اَفَمَنْ زُيِّنَ لَهٗ سُوْٓءُ عَمَلِهٖ فَرَاٰهُ حَسَنًا ؕ فَاِنَّ اللّٰهَ يُضِلُّ مَنْ يَّشَآءُ وَيَهْدِيْ مَنْ يَّشَآءُ ۖ فَلَا تَذْهَبْ نَفْسُكَ عَلَيْهِمْ حَسَرٰتٍ ؕ اِنَّ اللّٰهَ عَلِيْمٌۢ بِمَا يَصْنَعُوْنَ ۝ (فاطر:૮)

એક (કાફિર) માણસ કે જેને તેનું નઠારું કામ ભલું દેખાડવામાં આવ્યું તો તે પેલા કામને ભલું સમજ્યો. કેમ કે અલ્લાહપાક ચાહે તેને ગુમરાહ રાખે છે, અને ચાહે તેને હિદાયત આપે છે. માટે તેઓના વિશે પસ્તાવો કરતાં આપનો પ્રાણ ન નીકળી જાય, અલ્લાહ તઆલાને તેઓના સૌ કામોની

ખબર છે. (૮) *(સૂરહ ફાતિર)*

શયતાને જેની જેની દૃષ્ટિમાં બુરા કામોને સારા દેખાડયા કે જેથી ભૂંડાને ભલું સમજવા લાગ્યો; શું તે માણસ એવા શખ્સના બરાબર થઈ શકે છે ? જે અલ્લાહની કૃપાથી ભલા–બુરાને ઓળખી, જેવું છે તેવું જ સમજે છે. જ્યારે બન્ને સરખા નથી તો બન્નેનું પરિણામ કયાંથી સરખું આવી શકે ? વળી, એમ ન વિચારો કે કોઈ માણસ દેખીતી રીતે બુરાઈ કે ભલાઈ કેવી રીતે સમજી જશે ? દુષ્ટતાના પાવરની વિશેષતાના કારણે અલ્લાહ તઆલા તેને ભમાવવા ચાહે તો એવી જ રીતે તેની અક્કલ મારી જાય છે અને શુભ પાવરના કારણે અલ્લાહપાક જેને હિદાયત આપવા ચાહે તો તેને અવળા માર્ગે દોરવા કે અવળી વાત સમજાવવાની શકિત પણ કોઈ પણ શયતાનમાં નથી. સારાંશ કે જે કોઈ શયતાનના ભમાવવાથી ભલાને બૂરું, ઝેરને તિરયાક (ઝેર ઉતારનાર દવા) સમજી લે, ત્યાર પછી શું તેના હિદાયત પર આવવાની આશા રાખી શકાય છે ? જ્યારે એવી આશા અશકય છે તેમજ હિદાયત તથા ગુમરાહી અલ્લાહ તઆલાની ઈચ્છા તથા હિકમતને જ આધિન છે, તો પણ એ વિરોધીઓની આટલી ચિંતા શા માટે ? એ કમભાગ્યો પોતાના લાભની વાત કેમ માનતા નથી ? તેના પસ્તાવામાં શું પોતાનો પ્રાણ આપી દેશો ? આપ તેઓના કિસ્સાને પડતા મૂકો. અલ્લાહ તઆલા તેઓનાં સઘળા કામ જાણે છે. પોતે જ તેઓ સાથે જોઈ લેશે, આપ દિલગીર ન થાઓ.

હક્ક-બાતિલનો ફર્ક :

જે લોકો કાફિર થઈ ગયા (અને તે શયતાનના આમંત્રણ અને અભિમાનમાં ફસાઈ ગયા) તેમના માટે કઠોર અઝાબ છે. અને જે લોકો ઈમાન લાવ્યા અને ભલા કામો કર્યા (અને તેના આમંત્રણ અને છેતરપિંડીમાં ફસાયા નહીં) તેમના માટે (ગુનાહોની) માફી અને (ઈમાન અને નેક અમલો ઉપર) મોટો સવાબ છે. (અને જ્યારે કાફિરનું પરિણામ સખત અને મોમિનોનો અંજામ માફી અને મહાન બદલો છે) તો શું (બંને સમાન થઈ

શકે છે ? એટલે કે) એવો વ્યક્તિ જેને તેના ખરાબ કર્મો સારા કરીને બતાવવામાં આવ્યા પછી તે તેને ભલા સમજવા લાગ્યો અને એવો વ્યક્તિ જે બુરાને બુરું સમજે છે, કેવી રીતે બરાબર હોઈ શકે છે ? (પ્રથમ વ્યક્તિથી ભાવાર્થ કાફિર છે, જે શયતાનના બહેકાવવાથી બાતિલને સત્ય અને નુકસાનકર્તા વસ્તુને લાભદાયક વસ્તુ સમજે છે અને બીજા વ્યક્તિથી ભાવાર્થ તે વ્યક્તિ છે, જે અંબિયા (અલૈ.)નું અનુસરણ કરે છે અને શયતાનનો વિરોધી છે. બાતિલને બાતિલ અને સત્યને સત્ય તથા ગુમરાહીને ગુમરાહી અને લાભને લાભ જાણે છે. એટલે કે બંને સમાન કેવી રીતે થઈ શકે છે ! બલ્કે એક જહન્નમી અને બીજો જન્નતી છે. બસ, શયતાનના ધોકામાં આવનારા અને તેને દુશ્મન સમજનારાઓમાં આ તફાવત છે. તેથી અમે કહીએ છીએ : **"لا يغرنكم"** અને **"ان الشيطان لكم عدو"** અને જો આ બાબત ઉપર આશ્ચર્ય થાય કે તે બુદ્ધિશાળી વ્યક્તિ ખરાબને ભલું કઈ રીતે સમજી લે છે ?) બસ (તેનું કારણ એ છે કે) અલ્લાહ તઆલા જેને ઈચ્છે છે ગુમરાહ રાખે છે (તેની બુદ્ધિ અવળા માર્ગે જાય છે) અને જેને ઈચ્છે છે હિદાયત આપે છે (કે તેની સારું-નરસું પારખવાની શક્તિ સાચી રહે છે, પછી જ્યારે હિદાયત અને ગુમરાહીનો આધાર અલ્લાહ તઆલાની ઈચ્છા છે) તો તેના ઉપર અફસોસ કરીને ક્યાંક તમારા પ્રાણ ચાલ્યા ન જાય ! (એટલે કે કંઈ અફસોસ ન કરો, સબ્ર કરીને બેઠા રહો) અલ્લાહ તઆલાને તેમના કામોની બધી ખબર છે (સમય આવ્યે તેમની સાથે સમજી લેશે).

(૪૫) મૃત્યુ બાદ સજીવન થવા બાબતે વરસાદના પાણીનો દાખલો

وَاللّٰهُ الَّذِیْۤ اَرْسَلَ الرِّیٰحَ فَتُثِیْرُ سَحَابًا فَسُقْنٰهُ اِلٰى بَلَدٍ مَّیِّتٍ فَاَحْیَیْنَا بِهِ الْاَرْضَ بَعْدَ مَوْتِهَا ؕ كَذٰلِكَ النُّشُوْرُ ۝ (فاطر:۹)

અને અલ્લાહપાક એવો છે, જે (પ્રથમ) હવાઓ મોકલે છે, ફરી તે (હવાઓ) વાદળોને ઉઠાવે છે, પછી અમે તેને મરેલા (સૂકા) પ્રદેશ તરફ

હાંકી લઈ જઈએ છીએ, પછી અમે તે(ના પાણી) વડે જમીનને તેના મરી (સૂકાઈ) જવા પછી જીવતી કરીએ છીએ, એવી જ રીતે (કિયામતમાં) સજીવન થવાનું છે. (૯)

અલ્લાહ તઆલાના હુકમથી પવન વાદળાને ઘસડી લાવે છે અને સૂકા પ્રદેશમાં જ્યાં ખેતી-લીલોતરી કંઈ જ ન હતું, ચોમેર ધૂળ ઉડતી હતી, વરસાદના પાણીથી તેમાં પ્રાણ આવી જાય છે. એવી જ રીતે સમજો કે અલ્લાહ તઆલા તમને પણ તમારા મરણ પછી પાછા સજીવન કરશે. રિવાયતોમાં છે કે અલ્લાહ તઆલા જ્યારે મુરદાઓને સજીવન કરવા ચાહશે, ત્યારે અર્શની નીચેથી (ખાસ પ્રકારનો) વરસાદ પડશે, તો તેના પડતાં જ મુરદાઓ એવી રીતે સજીવન થઈ ઉઠશે, જેવી રીતે કે ઘાસ-દાણા આ વરસાદથી ઉગી નીકળે છે.

હશ્ર ઉપર દલીલો :

અને અલ્લાહપાક એવો (સર્વશક્તિમાન) છે, જે (વરસાદ પહેલાં) હવાઓને મોકલે છે, પછી તે (હવાઓ) વાદળોને ઉઠાવે છે, પછી અમે તે વાદળોને સૂક્કા ભૂ-ભાગ તરફ હાંકીને લઈ જઈએ છીએ, (જેનાથી ત્યાં વરસાદ થાય છે) પછી અમે તેના દ્વારા (એટલે કે આ વાદળના પાણી દ્વારા) જમીનને (વનસ્પતિથી) જીવતી કરીએ છીએ (અને જે રીતે જમીનના યોગ્ય છે એ પ્રમાણેની ઝિંદગી અર્પણ કરીએ છીએ). એ જ પ્રમાણે (કિયામતમાં મનુષ્યોનું) જીવી ઉઠવું છે (કે તેમને તેમના યોગ્ય સ્વરૂપનું જીવન અર્પણ થશે, આ સમાનતાનું દૃષ્ટાંત આપવાથી દેખીતું છે કે બંનેમાં એકસરખું લક્ષણ એટલે કે નષ્ટ થઈ જવાનું જોવા મળે છે. રૂહ વિશેનો વિષય તથા સજા અને જઝાની દલીલો તવહીદના સંદર્ભમાં સ્વાભાવિક રીતે આવી ગઈ છે, પછી આ પ્રસ્તુત દલીલ પ્રમાણે એક બીજો વિષય પણ છે તે એ કે, જ્યારે કિયામતમાં સજીવન થવાનું છે, તો ત્યાંના અપમાન અને રુસ્વાઈથી બચવાની ફિકર કરવી જરૂરી છે. મુશ્રિકો પોતે ઘડી કાઢેલા પોતાના પૂજ્યોને શયતાનના ધોકામાં આવીને ઈજ્જત પ્રાપ્ત કરવાનું માધ્યમ

સમજતા હતા, તેઓ કહેતા હતા **"હા-ઉલાઈ શુફ્આઉ ના-ઈન્દલ્લાહ"** એટલે કે તેઓ અમારા સિફારશ કરનાર છે દુનિયાના કામોમાં પણ અને કિયામત જો કોઈ વસ્તુ છે, તો તે આખિરતના છૂટકારા માટે પણ અમારા સિફારશી છે. જેમકે અલ્લાહ તઆલા સૂરએ મરયમમાં ઈર્શાદ ફરમાવ્યો છે : **"વત્તખઝુ મિન દુનિલ્લાહી આલિહતલ્લિયકુનુ લહુમ ઈઝઝા"** તેના વિશે અત્રે ઈરશાદ થાય છે) જે વ્યક્તિ (આખિરતમાં) ઈજ્જત પ્રાપ્ત કરવા ઈચ્છે (અને આ ઈચ્છવું એટલા માટે જરૂરી પણ છે કે આખિરતનું આવવું નિશ્ચિત બાબત છે) તો (તેણે અલ્લાહ તઆલા પાસેથી ઈજ્જત પ્રાપ્ત કરવી જોઈએ. કારણ કે) બધી જ ઈજ્જત અલ્લાહ(ની જાત)ને જ (પ્રાપ્ત) છે (અને બીજાના માટે જ્યારે તે પ્રાપ્ત થશે, તો તે અલ્લાહની આપેલી હશે અને આપેલી ઈજ્જત હંમેશા આપનારની ઋણી હોય છે. બસ, તેમાં બધા જ અલ્લાહ તઆલાના મોહતાજ છે અને અલ્લાહ તઆલાથી તેને પ્રાપ્ત કરવાની રીત આ છે કે, શબ્દોથી અથવા કર્મથી તેનું આજ્ઞાપાલન અને અનુસરણ અપનાવે કે અલ્લાહપાક સમીપ આ જ વસ્તુઓ પસંદ કરવામાં આવેલ છે.

(૪૬) કાફિરોની મુસાબિહત કરવાની મનાઈ

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَكُوْنُوْا كَالَّذِيْنَ كَفَرُوْا وَقَالُوْا لِاِخْوَانِهِمْ اِذَا ضَرَبُوْا فِي الْاَرْضِ اَوْ كَانُوْا غُزًّى لَّوْ كَانُوْا عِنْدَنَا مَا مَاتُوْا وَمَا قُتِلُوْا ۚ لِيَجْعَلَ اللّٰهُ ذٰلِكَ حَسْرَةً فِيْ قُلُوْبِهِمْ ۭ وَاللّٰهُ يُحْيٖ وَيُمِيْتُ ۭ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ۝۱۵۶

(આલ ઇમરાન:૧૫૬)

હે ઈમાનવાળાઓ ! તમે તે (મુનાફિક) લોકો જેવા ન થશો કે જેઓ કાફિર છે, અને જેઓ પોતાના ભાઈઓ વિશે જ્યારે કે તેઓ પૃથ્વી પર ક્યાંયે મુસાફરી કરે છે અથવા (લડાઈમાં) ગાઝી બને છે (ત્યારે) એમ કહે છે કે જો તેઓ અમારી પાસે રહ્યા હોત (સફર કે જિહાદમાં ગયા ન હોત) તો તેઓને મૃત્યુ ન આવત અને માર્યા ન જાત; (તેઓના દિલોમાં આ વાત) એટલા માટે (આવે છે) કે અલ્લાહ એ વાતને તેઓનાં દિલોમાં અફસોસનું

કારણ બનાવે અને અલ્લાહ જ જિવાડે અને મૃત્યુ આપે છે અને તમે જે કંઈ કરો છો તે સર્વ અલ્લાહપાક નિહાળે છે. (૧૫૬)

એટલે તમે આ કાફિર મુનાફિકો જેવા ખોટા વિચારોને કદી પણ દિલમાં સ્થાન આપશો નહિ કે ઘરમાં બેસી રહેત તો મરત નહિ કે માર્યા જાત નહિ.

મુનાફિકોના મોઢે આ ખેદજનક વાક્યો એટલા માટે જારી કરાવ્યા કે તેઓના પશ્ચાત્તાપ અને દિલગીરીમાં વૃદ્ધિ થતી રહે. વળી, એટલા માટે કે પાકા મુસલમાનો અને મુનાફિકોની સારી રીતે ઓળખાણ થાય.

એટલે જીવાડવું અને મારવું એ કામ તો અલ્લાહ તઆલાનું જ છે. ઘણા માણસોની આખી ઉંમર મુસાફરીમાં જ પસાર થાય છે અને ઘણાય રણસંગ્રામમાં જાય છે, પરંતુ તેઓ ઘરે આવી પથારીમાં મરણ પામે છે અને ઘણા પોતાના ઘરની બહાર કદમ મૂકતા નથી, પણ અલ્લાહપાક કોઈ એવો સબબ પેદા કરી દે છે કે ઘરથી નીકળવા લાચાર બની મરી જાય છે અથવા કોઈના હાથે માર્યા જાય છે. માણસના અટકાવવાથી એ મોત ટળતું નથી કે બદલાતું નથી. હઝરત ખાલિદ બિન વલીદ (રદી.)એ વફાત પામતી વેળા ફરમાવ્યું કે, "મારા અંગ પર એક વેંત સરખી જગ્યા પણ તલવાર કે બરછીના જખમથી ખાલી નથી; પણ હું આજે એક ઊંટની માફક પથારીવશ થઈ મરી રહ્યો છું." અલ્લાહપાક એથી નામર્દોની આંખો ખોલે.

હે ઈમાનવાળાઓ ! તમે તે લોકો જેવા ન થઈ જાઓ, જેઓ (વાસ્તવમાં) કાફિર છે (ભલે દેખીતી રીતે ઈસ્લામનો દાવો કરે છે) અને કહે છે પોતાના (કુટુંબીજનો અને સાથીઓને તથા) ભાઈઓને જ્યારે તે લોકો પૃથ્વી ઉપર કોઈ પ્રદેશમાં (અલ્લાહપાકના રસ્તામાં) મુસાફરી કરે છે (અને ત્યાં અચાનક મૃત્યુ પામે છે) અથવા તે લોકો કોઈ જગ્યાએ ગાઝી (વિજેતા) બને છે (અને તેમાં પોતાની કિસ્મતમાં માર્યા જવાનું લખ્યું હોવાથી માર્યા જાય છે તો આ મુનાફિકો કહે છે) કે, જો આ લોકો અમારી પાસે રહ્યા હોત (મુસાફરીમાં અથવા યુદ્ધમાં ન ગયા હોત) તો ન મર્યા હોત અને ન માર્યા ગયા હોત. (આ વાત તેમના દિલ અને જીભ ઉપર એટલા માટે આવી છે)

જેથી અલ્લાહ તઆલા આ વાતને તેમના દિલો માટે અફસોસનું કારણ બનાવી દે (એટલે કે આવી વાતોનું પરિણામ અફસોસ સિવાય કંઈ જ નથી) અને મારનારો તથા જીવાડનારો તો અલ્લાહ તઆલા જ છે. (ભલે મુસાફરીમાં હોય અથવા સ્થાયી, યુદ્ધમાં હોય કે સલામતીમાં) અને અલ્લાહ તઆલા જે કંઈ તમે કરી રહ્યા છો, તે બધું જ જોઈ રહ્યો છે કે જો તમે પણ આવી વાતો કરશો અથવા આવા વિચારોમાં પડી જશો, તો તે અલ્લાહ તઆલાથી છાનું રહેશે નહીં.

(૪૭) મુઅ્મિન અને કાફિરની સમજશક્તિનો દાખલો

وَمَا يَسْتَوِي الْاَعْمٰى وَالْبَصِيْرُ ﴿١٩﴾ وَلَا الظُّلُمٰتُ وَلَا النُّوْرُ ﴿٢٠﴾ وَلَا الظِّلُّ وَلَا الْحَرُوْرُ ﴿٢١﴾ وَمَا يَسْتَوِي الْاَحْيَآءُ وَلَا الْاَمْوَاتُ ؕ اِنَّ اللّٰهَ يُسْمِعُ مَنْ يَّشَآءُ ۚ وَمَآ اَنْتَ بِمُسْمِعٍ مَّنْ فِي الْقُبُوْرِ ﴿٢٢﴾ اِنْ اَنْتَ اِلَّا نَذِيْرٌ ﴿٢٣﴾ (فاطر:١٩-٢٣)

અને આંધળો તથા દેખતો સરખા નથી, (૧૯) અને ન અંધકાર તથા પ્રકાશ, (૨૦) અને ન (શીતળ) છાયા તથા સખત તાપ (સરખાં છે.) (૨૧) અને સજીવ તથા નિર્જીવ સરખાં નથી. અલ્લાહ તઆલા ચાહે તેને સંભળાવે છે અને આપ કબરોમાં પડેલાઓને સંભળાવી શકનાર નથી. (૨૨) આપ તો માત્ર ડરાવનાર છો. (૨૩) *(સૂરહ ફાતિર)*

મુઅમિનને અલ્લાહ તઆલાએ દિલની આંખો આપી છે, તેથી તે સત્યના પ્રકાશમાં પંથ કાપી જન્નતના બાગો તથા અલ્લાહની રહમતની છાયામાં પહોંચી જાય છે. તો શું દિલનો આંધળો, ગુમરાહીના અંધકારોમાં અટવાતો, દોઝખની આગ તથા તેની ગરમ લૂ તરફ કૂચ કરતો કાફિર મજકૂર મુઅમિનના બરાબર થઈ શકે છે ? કદી નહિ. કદાચ એવું થાય તો સજીવ અને નિર્જીવ સરખા ઠરશે. ખરેખર, મુઅમિન અને કાફિર વચ્ચે એક બળવાન સજીવ માણસ અને લાશ વચ્ચે જેટલો તફાવત છે, તેથી પણ અધિક તફાવત છે. મૂળ જિંદગી માત્ર ઈમાનથી જ મળે છે. એથી કોરો

માણસ હજાર મુરદાઓ કરતાં પણ વધુ બુરો છે.

સઘળી મખ્લૂક સરખી નહિ હોવાથી કેટલાક લોકો ઈમાનની દૌલત આપવા લાયક નથી. તો જેઓ ઈમાન આપવા લાયક છે તેમને જ હિદાયત મળશે. બીજાઓ માટે આપ ગમે તેટલી અભિલાષા કરો તો તેથી શું થઈ શકે છે ? અત્રે ફરમાવ્યું કે કબરમાં પડેલાં એટલે મરેલાઓને આપ સંભળાવી શકતા નથી, પરંતુ હદીસમાં છે કે મુરદાઓને સલામ અલૈક કહો, તેઓ સાંભળે છે, અને ઘણી જગ્યાએ હુઝૂર (સલ.)એ મુરદાઓને ઉદ્દેશ્યા છે, તો એની હકીકત એ છે કે મુરદાની રૂહ સાંભળે છે અને કબરમાં જે ધડ પડયું છે, તે કંઈ સાંભળતું નથી.

મુઅમિન-કાફિરનો દાખલો :

અને (તે લોકોથી શું આશા રાખવામાં આવે કે તેમનું જ્ઞાન અને સમજ-શક્તિ મુસલમાનો પ્રમાણે હોય અને મુસલમાનોની જેમ તેઓ પણ સત્યનો સ્વીકાર કરી લે તો સત્યના દીની લાભાલાભમાં આ લોકો પણ ભાગીદાર થઈ જાય. કારણ કે મો'મિનોનું દૃષ્ટાંત સત્ય જોવામાં દૃષ્ટિવાળા વ્યક્તિ જેવું છે અને આ લોકો સત્ય બાબતે આંધળા વ્યક્તિ જેવા છે અને એ જ પ્રમાણે મો'મિન સત્યને સમજ દ્વારા જે રીતે હિદાયત અપનાવે છે, એ જ પ્રમાણે સત્યનું ઉદાહરણ એક પ્રકાશ જેવું છે અને કાફિરો સત્યની સમજ ધરાવતા ન હોવાના કારણે એક અંધારાનું ઉદાહરણ છે. જેમકે અલ્લાહ ફરમાવે છે : وَجَعَلْنَا لَهُ نُوْرًا يَّمْشِيْ بِهٖ فِي النَّاسِ كَمَنْ مَّثَلُهٗ فِي الظُّلُمٰتِ لَيْسَ بِخَارِجٍ مِّنْهَا અને આ જ પ્રમાણે સત્ય સ્વીકારવાનો લાભ જન્નત વગેરે છે. તેમનું ઉદાહરણ **"ઝિલ્લી બારિદ"** (છાંયડા)નું છે અને જે જહન્નમ વગેરે બાતિલ તરીકા ઉપર ચાલવાથી પરિણામ સ્વરૂપે આવશે તેનું ઉદાહરણ બાળી નાંખનાર તડકા જેવું છે. (અને દેખીતું છે કે) આંધળો અને દૃષ્ટિવાળો સમાન નથી અને ન જ અંધારું અને પ્રકાશ તથા છાંયડો અને તડકો (બસ, ન તો તેમનું અને ન જ મો'મિનોનું જ્ઞાન તથા સમજશક્તિ સમાન હશે અને ન તો તેમનો તરીકો અને ન જ આ તરીકાનો લાભ) અને (મો'મિન અને

કાફિરોમાં જે તફાવત આંધળા અને દેખતાનો વર્ણન કરવામાં આવ્યો છે, તો તેનો હેતુ ઉણપનો નકાર કરવાનો છે, ન કે વધારાનો. કારણ કે તેમાં તફાવત જીવંત અને મૃત જેવો છે. બસ, તેમની સમાનતાના નકાર માટે એવું કહેવું પણ સાચું છે કે) જીવંત અને મૃત સમાન નથી હોઈ શકતા (અને જ્યારે તેઓ મૃત છે, તો મુરદાંઓને જીવીત કરવા તો માત્ર અલ્લાહના કાબૂમાં છે, બંદાના કાબૂમાં નથી. બસ, જો અલ્લાહ જ તેમને હિદાયત આપી દે તો તે બીજી વાત છે. કારણ કે) અલ્લાહ તઆલા જેને ઈચ્છે સંભળાવી આપે છે (નહિતર પોતાના પ્રયત્નથી આ લોકો સત્યનો સ્વીકાર કરશે નહીં. કારણ કે તેમનું દૃષ્ટાંત તો મુરદાઓ જેવું છે) અને તમે તે લોકોને સંભળાવી નથી શકતા, જે કબરોમાં (દફન થઈ ચૂક્યા) છે. (માટે જો તેઓ માને નહીં તો તમે ગમ ન કરો, કારણ કે) તમે તો (કાફિરોના હકમાં) માત્ર ડરાવનારા છે (તમારી જવાબદારી એ નથી કે તે કાફિરો ડરીને માની પણ જાય અને તમારું આ ડરાવવું તમારા તરફથી નથી. જેમકે નુબૂવ્વતના ઈન્કારીઓ કહેતા હતા, બલ્કે અમારા તરફથી છે. કારણ કે) અમે જ તમને સત્ય (દીને હક્ક) આપીને (મુસલમાનોને) ખુશખબરી સંભળાવનાર અને (કાફિરોને) ડર સંભળાવનાર બનાવીને મોકલ્યા છે અને (આ મોકલવું કોઈ અનોખી બાબત નથી. જેમકે કાફિરો કહેતા હતા, બલ્કે) કોઈ એવી ઉમ્મત નથી થઈ, જેમાં કોઈ ડર સંભળાવનાર (એટલે કે પયગમ્બર) ન થયા હોય.

(૪૮) કુફ્ર બાબતે હઠધર્મી કરવી હિદાયતથી મહરૂમીનું કારણરૂપ

إِنَّا جَعَلْنَا فِيٓ أَعْنَاقِهِمْ أَغْلٰلًا فَهِيَ إِلَى الْأَذْقَانِ فَهُمْ مُّقْمَحُوْنَ ۝٨ وَجَعَلْنَا مِنۢ بَيْنِ أَيْدِيْهِمْ سَدًّا وَّمِنْ خَلْفِهِمْ سَدًّا فَأَغْشَيْنٰهُمْ فَهُمْ لَا يُبْصِرُوْنَ ۝٩

(يٰس:٨،٩)

તેઓ માંહેના ઘણાખરાની ઉપર (અઝાબની) વાત સાબિત થઈ ચૂકી

છે, જેથી તેઓ (કદી) ઈમાન લાવશે નહિ. (૭) *(સૂરહ યાસીન)*

એ અજ્ઞાન બેખબર અરબો પાસે સૈકાઓથી કોઈ ચેતવણી આપનાર સુધારક આવ્યો નથી, તેઓને કુર્આન દ્વારા જાગૃત અને હોશિયાર કરવા એ અતિ કઠિન કામ આપને સોંપવામાં આવ્યું છે. જેઓ અજ્ઞાન હોવા ઉપરાંત ભવિષ્યના પરિણામથી નચિંત, ભલા બુરાનો ભેદ સમજવાની શકિત પણ ધરાવતા ન હોય તેઓને અનેક પ્રકારના અંધકારોમાંથી બહાર કાઢી હિદાયતની સીધી સડક પર પહોંચાડી દેવા કોઈ સાધારણ અને સહેલું કામ નથી. બેશક, આપ ડ્યૂટી બજાવી તેઓને અજ્ઞાનતા તથા ગફલતના બુરા પરિણામથી ખૂબ ડરાવી સફળતાના શિખરે પહોંચાડવાની પૂરતી કોશિશ કરશો કે જેથી એ કૌમ પોતે સફળતાના શિખરે પહોંચતા આખા જગત માટે સફળતાના દ્વાર ખુલ્લા કરી દે. છતાં ઘણાં લોકો એવા પણ મળશે, જેઓ કોઈ પણ બોધની વાત સાંભળશે નહિ. એ જ કારણથી એવા લોકો પર શયતાન પોતાનો પૂરતો કાબૂ જમાવી તેઓની મૂર્ખાઈઓ–શરારતોને તેઓની દષ્ટિમાં ભલી દેખાડે છે. ગંદા દુરાચારોને પણ સારા રૂપમાં જાહેર કરે છે. પરિણામે એવા લોકો આખિરતની જિંદગીનો ઈન્કાર કરી પોતાની ઈચ્છાઓ પૂરી પાડવાને જ જીવનનો અંતિમ હેતુ સમજે છે. એ વખતે શયતાનના પાકા ચેલા બની કાયમના દોઝખી સાબિત થાય છે. નહિ તો અલ્લાહપાક પોતે પ્રથમથી જ જાણે છે કે અમુક કૌમના ફલાણા ઈસમો પોતાની નાલાયકી અને બેપરવાઈને કારણે શયતાનના શિકાર થઈ દોઝખી બનશે તો એવા લોકોના માનવાની આશા થઈ શકતી નથી, જેથી આપ પોતાના કામ દરમિયાન એવા લોકોની વિરુદ્ધતાથી દિલગીર ન થતાં પોતાનું કામ બજાવતા રહો અને પરિણામ અલ્લાહને સોંપી દો.

(તો જાણે) અમે તેઓની ગરદનોમાં તૌક નાખ્યા છે, તો તે હડપચીઓ સુધી (અડી ગયેલા) હોવાથી તેઓના માથાં ઉલરી ગયા છે. (૮)

ઉપર વર્ણિત લોકોની જ આ દશા છે કે આપવડાઈ, વડીલોના અનુકરણ તથા રસમો-રિવાજોના તૌક રૂપી બંધનોએ તેઓના ગળાં દાબી રાખ્યા હતા અને અભિમાનથી ગરદન નીચી થતી ન હતી.

તેમજ અમે એક આડ તેઓની આગળ તથા એક આડ તેઓની પાછળ કરી દીધી, જેથી અમે તેઓને (ચોમેરથી) ઢાંકી દીધા, તો તેઓને કંઈ સૂઝતું નથી. (૯)

નબીની અદાવતે તેઓની અને હિદાયતની વચ્ચે અંતરાયરૂપે દિવાલો ઉભી કરી, જેથી તેઓ લાભ કે નુકસાન, સારું કે નરસું કંઈ જ જોવા કે સમજવા જેવા રબ નથી.

અને (એ સ્થિતિમાં) તેઓને આપનું ડરાવવું કે નહિ ડરાવવું બન્ને સરખું જ છે, તેઓ (કદી પણ) માનશે નહિ. (૧૦)

જો કે તેઓ માટે સમજવું લાભકારક નથી, પરંતુ ઉપદેશક માટે મહાન સવાબ છે.

આપ તો તેને જ ડરાવી શકશો, જે બોધ ગ્રહણ કરે અને અલ્લાહ તઆલાથી (તેને) જોયા વિના જ ડરે તો તેને માફી તથા સારા બદલાની ખુશખબર આપો. (૧૧)

ડરાવવું એવા માણસને જ લાભકારી નીવડે છે, જે બોધ ગ્રહણ કરે અને દિલમાં અલ્લાહપાકનો ડર રાખે. નીડર અને બેપરવા માટે કંઈ જ નથી. આગળ આ વાતનો ઈશારો છે કે, બન્ને પક્ષની સફળતા-નિષ્ફળતા તથા ખરી ઈઝઝત-ઝિલ્લતનો ફૈસલો બીજા જીવનમાં થશે, જેનું પહેલું પગથિયું મરણ છે.

હઠધર્મી :

તવહીદનું આમંત્રણ કોઈ નવી વસ્તુ નથી. આ તો હંમેશા તેમના બાપ-દાદાઓમાં પણ ચાલુ જ રહ્યું છે. પરંતુ નબી આવવાથી જે પ્રમાણે ચેતવણી મળે છે, માત્રે તેની ખબરો અને અમુક નકલ થયેલા હુકમો પહોંચવાથી જ્યારે કે તે અધૂરી અને બિનભરોસાપાત્ર પણ હોય, આવી ચેતવણી મળતી નથી અને પ્રથમ આપ (સલ.)એ કુરૈશને ડરાવનારા હતા. એટલા માટે આ સ્થળે તેમનું જ વર્ણન કરવામાં આવ્યું છે. પછી સામાન્ય

લોકોને પણ આપ (સલ.)એ ઈસ્લામનું આમંત્રણ આપ્યું. કારણ કે આપ (સલ.)નું આગમન જાહેર અને વ્યાપક છે તથા તમારી રિસાલત સાચી હોવા છતાં તથા કુર્‌આન સત્ય હોવા છતાં આ લોકો જે નથી માનતા, તમે તેનાથી દિલગીર ન થાઓ. કારણ કે) તેમનામાં ઘણા લોકો ઉપર (તકદીરી) વાત સાબિત થઈ ચૂકી છે (તે વાત એ છે કે, તેઓ હિદાયતના માર્ગ ઉપર આવશે નહીં) બસ, આ લોકો કદાપિ ઈમાન લાવશે નહીં. (આ પરિસ્થિતિ તેમનામાં ઘણા લોકોની હતી અને અમુકના કિસ્મતમાં ઈમાન પણ હતું, તે ઈમાન પણ લઈ આવ્યા અને બાકીના લોકોનું ઉદાહરણ ઈમાનથી દૂર હોવામાં એવું થઈ ગયું જાણે કે) અમે તેમની ગરદનોમાં (ભારે ભારે) તૌક (લોખંડના પટ્ટા) નાંખી દીધા છે. પછી તે હડપચીઓ સુધી (અડેલા) છે, જેનાથી તેમના માથા ઉપરની બાજુએ ઉલળી ગયા (એટલે કે ઉંચાને ઉંચા રહી ગયા, નીચા નથી વળી શકતા. બસ, એ કારણે કે તૌક એટલે કે લોખંડના પટ્ટાઓ એવા છે કે, જે હડપચીઓ સુધી અડેલા હોય અને તેના કારણે તેમની ગરદનો અધ્ધર જ રહે. મતલબ કે તેઓ નીચે નથી જોઈ શકતા. એ જ રીતે તેઓ સીધો માર્ગ જોવાથી પણ વંચિત રહ્યા) અને (વળી તેમની ઈમાનથી દૂરીનું ઉદાહરણ એવું થઈ ગયું કે જાણે) અમે એક આડશ તેમની સામે કરી દીધી અને એક આડશ તેમની પાછળ કરી દીધી. જેનાથી અમે (દરેક બાજુએથી) તેમને (પડદાઓમાં) ઘેરી દીધા. બસ, તેઓ (આ પડદાના કારણે કોઈ વસ્તુને) જોઈ નથી શકતા અને (બંને ઉદાહરણોનો ખુલાસો એ છે કે) તેમને વાસ્તવમાં તમારૂં ડરાવવું અથવા ન ડરાવવું બંને સમાન છે. આ (કોઈ હાલતમાં પણ) ઈમાન લાવશે નહીં (એટલા માટે આપ (સલ.) તેમનાથી આશાવાદી ન બનો અને રાહતનો શ્વાસ લો) બસ તમે તો (એવું ડરાવવું જેના ઉપર લાભ નિશ્ચિત હોય માત્ર) એવા લોકોને ડરાવી શકો છો, જે બોધપાઠ ઉપર ચાલે અને અલ્લાહને વિના જોયે ડરે (કે આ ડર જ સત્યની તલબ છે અને સત્યની તલબથી ડરના કારણે જ ડરે છે) બસ (જે એવો વ્યક્તિ હોય) તમે તેને (ગુનાહોથી) માફી અને (તેના આજ્ઞા-પાલન ઉપર) ઉત્તમ બદલાની ખુશખબરી સંભળાવી આપો (અને તેનાથી

એ બાબત ઉપર પણ દલીલ થઈ ગઈ કે, જેઓ ગુમરાહી અને વિરોધ કરવા તત્પર રહ્યા છે, તેઓ મગફિરત અને સારા બદલાથી વંચિત અને અઝાબના હકદાર છે.

આગળ તેમની પરિસ્થિતિનું એક દૃષ્ટાંત વર્ણન કર્યું છે કે, તેમનું ઉદાહરણ એવું છે કે, જેના ગળામાં એવો તોક (લોખંડનો પટ્ટો) નાંખી દેવામાં આવ્યો હોય કે તેનો ચહેરો અને આંખો ઉપર ઉઠી જાય, નીચે રસ્તા તરફ જોઈ જ ના શકે, તો દેખીતું છે કે, તે પોતાને કોઈ ખાડામાં પડવાથી બચાવી નથી શકતો.

બીજું ઉદાહરણ એ આપ્યું જેમકે કોઈ વ્યક્તિની ચારે બાજુએ દીવાલ ઉભી કરી દેવામાં આવે, તો તે આ ચાર દીવાલોમાં કેદ થઈને રહી જશે અને બહારની વસ્તુઓથી બેખબર થઈ જાય છે. આ કાફિરોની આજુબાજુ પણ તેમની અજ્ઞાનતા અને તેના ઉપર દુશ્મનાવટ અને હઠધર્મીએ ઘેરો ઘાલ્યો છે કે, બહારથી સત્ય વાતો તેમના સુધી જાણે પહોંચતી જ નથી.

ઈમામ રાઝી (રહ.)એ ફરમાવ્યું કે, દૃષ્ટિના અવરોધકોના બે પ્રકારો હોય છે. એક અવરોધ તો એવો હોય છે કે, પોતે પોતાના અસ્તિત્વને પણ ન જોઈ શકે. બીજો એ કે, પોતાની આજુબાજુની પરિસ્થિતિને ન નિહાળી શકે. આ કાફિરો માટે સત્ય જોવાથી બંને પ્રકારના અવરોધકો ઉપસ્થિત હતા. એટલા માટે પ્રથમ ઉદાહરણ પ્રથમ અવરોધકનું છે કે જેમની ગરદનો નીચે વળી જ નથી શકતી અને તેઓ પોતાના અસ્તિત્વને પણ નથી જોઈ શકતા અને બીજું ઉદાહરણ બીજા અવરોધકનું છે કે, તેઓ પોતાની આજુબાજુ પણ જોઈ શકતા નથી. *(રૂહુલ મઆની)*

(૪૯) ચાંદ અને સૂરજ કુદરતની મહાન નિશાનીઓ

وَالْقَمَرَ قَدَّرْنٰهُ مَنَازِلَ حَتّٰى عَادَ كَالْعُرْجُوْنِ الْقَدِيْمِ ﴿٣٩﴾ لَا الشَّمْسُ يَنْۢبَغِيْ لَهَآ اَنْ تُدْرِكَ الْقَمَرَ وَلَا الَّيْلُ سَابِقُ النَّهَارِ ؕ وَكُلٌّ فِيْ فَلَكٍ يَّسْبَحُوْنَ ﴿٤٠﴾

(يٰس:٣٩،٤٠)

એક નિશાની તેઓના માટે રાત્રિ પણ છે, જેના ઉપરથી અમે દિવસને ખેંચી લઈએ છીએ, તો એકદમ તેઓ અંધકારમાં રહી જાય છે. (૩૭)

(સૂરહ યાસીન)

અસલમાં અંધારું હતું, પાછળથી સૂર્યનો પ્રકાશ હસ્તીમાં આવ્યો. એટલે જાણે અંધકારને દિવસે ઢાંકી લીધો. ફરી દિવસ પૂરો થતાં જાણે પ્રકાશનો પડદો ઉપરથી ખેંચી લેવાથી અંધકાર જ કહ્યો. ફરી સૂર્યથી પ્રકાશ ફેલાયો. એવી જ રીતે સમયસર રાત્રિ–દિવસના ફેરફારમાં આ વાતની દલીલ છે કે અલ્લાહ તઆલા રિસાલતના સૂર્યનો પ્રકાશ ફેલાવશે તેમજ આખરે જગતને ફના કરી ફરીથી સજીવન કરશે.

અને સૂર્ય પણ (એક નિશાની છે) જે પોતાના ઠેકાણા તરફ ચાલતો રહે છે. આ નિયમ સર્વ શકિતમાન સર્વજ્ઞ (અલ્લાહ)નો નિર્માણ કરેલો છે.(૩૮)

સૂર્ય નિર્માણ થયેલી ગતિ મુજબ તેના માર્ગે નિરંતર ચાલ્યા જ કરે છે. તેમાં લેશમાત્ર ફેરફાર થતો નથી. જરા આઘો–પાછો જતો નથી કે થોભતો નથી. દરરોજના તેમજ વાર્ષિક ચક્કરમાં જ્યાં જ્યાં તેને પહોંચવાનું ઠેરવ્યું છે ત્યાં પહોંચે છે અને ખુદાઈ આજ્ઞા મેળવી નવો ચક્કર શરૂ કરે છે. સદા એવું થયા કરશે, પરંતુ કિયામત નજીક આવતાં એક દિવસ તેને હુકમ થશે કે જ્યાંથી આવ્યો ત્યાં જ પાછો જા ત્યારે એક જ દિવસ સૂર્યોદય પશ્ચિમથી થશે. તે પછી કોઈની તૌબા અને ઈમાન કબૂલ થશે નહિ. હદીસોમાં છે કે સૂર્ય અર્શ તળે સિજદો કરે છે. પછી હુકમ મળતાં પૂર્વ તરફથી નીકળે છે તો એનો મતલબ ટૂંકમાં એમ સમજો કે અર્શ સૌ આકાશો ઉપર હોઈ સૌથી મહાન છે. તો દરેક વસ્તુ તેની નીચે જ થઈ, પરંતુ હદીસ શરીફમાં નીચેના શબ્દથી અમુક ખાસ જગ્યા મુરાદ છે, જેને અલ્લાહ તઆલા જાણે છે. ત્યાં પહોંચીને સૂર્ય આગળ વધવા પરવાનગી માગે છે. એ માટે સૂર્યનું થોભવું કંઈ જરૂરી નથી.

અને ચંદ્ર પણ (એક નિશાની છે) જેની અમે મંઝિલો નીમી દીધી છે, એટલે સુધી કે તે ખજૂરીની પુરાની ડાળી જેવો (પાતળો વાંકો થઈ) ફરી

નીકળી આવે છે. (૩૯)

સૂર્યની માફક ચંદ્ર એક જ સ્થિતિમાં રહેતો નથી. તેમાં વધઘટ થાય છે. ચંદ્રની અઠ્ઠાવીસ મંઝિલો છે, જેને તે કાયદેસર કાપે છે, જેથી દરેક માસની આખરમાં ચંદ્ર સૂર્યની સાથે થઈ જતાં અદશ્ય થઈ જાય છે. ફરી આગળ વધતાં ઝીણો સરખો દેખાય છે, જે ચાંદરાત કહેવાય છે. પછી દરરોજ વધતા વધતા પૂર્ણ થઈ પાછો ઘટવા લાગે છે. આખરે ખજૂરીની પુરાણી પાતળી ડાળી જેવો રહી જાય છે.

સૂર્યની મજાલ નથી કે ચંદ્રને પકડી પાડે, અને ન રાત દિવસ કરતાં આગળ વધી શકે છે; અને દરેક એકેક જુદા જુદા વર્તુળમાં ફરે છે. (૪૦)

ચંદ્રની ગતિ સૂર્ય કરતાં વધુ હોવાથી સૂર્ય ચંદ્રને પકડી શકતો નથી, બલકે ચંદ્ર પકડી પાડે છે. સૂર્ય દિવસનો છે, ચંદ્ર રાત્રિનો છે. તો પ્રત્યેક દેશમાં અનેક મોસમ માટે રાત્રિ–દિવસનો જે ટાઈમ છે, તેથી એક મિનિટ પણ બન્નેનું આગળ–પાછળ થવું અસંભવિત છે. વળી, બધા ગ્રહો, તારાઓ પોતાના વર્તુળમાં નિયમિત રીતે ફરતા રહે છે, આકાશમાં ટાંકેલા નથી, તો એમાં સંપૂર્ણ દલીલ છે કે આવું મહાન કારખાનું કાયમી વ્યવસ્થાપૂર્વક ચલાવનાર હસ્તી માનવીને ફરી સજીવન કરી શકે છે.

સૂર્ય-ચંદ્ર :

અમુક આસમાનની અવકાશી બાબતોની નિશાનીઓ દ્વારા દલીલ કરવામાં આવી છે, એટલે કે) એક નિશાની તે લોકો માટે રાત(નો સમય) છે કે (મૂળ અંધારું જ હોવાના કારણે જાણે કે મૂળ રાત્રિ જ હતી અને સૂર્યનો પ્રકાશ નિશ્ચિત સમય સુધી હતો. જાણે કે આ અંધારાને દિવસે છૂપાવી લીધું હતું, જેમકે બકરીના માંસને તેનું ચામડું છુપાવી લે છે. બસ) અમે (આ જ સૂર્યના નિશ્ચિત સમયને દૂર કરીને જાણે) એ (રાત્રિ) ઉપરથી દિવસને ઉતારી લઈએ છીએ. બસ, એકાએક (ફરી રાત્રિ આવી પડે છે અને) તે લોકો અંધારામાં રહી જાય છે અને (એક નિશાની) સૂર્ય (છે કે તે) પોતાના ઠેકાણા તરફ ચાલતો રહે છે (આ સામાન્ય તે મુદ્દાનો પણ ખુલાસો

કરે છે કે, પરિભ્રમણની સાથે સાથે પરિક્રમણની ગતિ પણ હોય છે. એટલે કે દિવસ બદલાવાની સાથે સાથે ઋતુઓ પણ બદલાય છે અને દિવસની ગતિ ચોવીસ કલાકમાં પૂરી કરી સૂર્ય અથમાય જાય છે) અને આ નિર્ધારિત કરેલું છે તે (અલ્લાહ)નું (જે) જબરદસ્ત (એટલે કે સંપૂર્ણ શક્તિ ધરાવનાર અને) સંપૂર્ણ જ્ઞાન ધરાવનાર છે (કે પોતાના જ્ઞાનથી આ વ્યવસ્થાની મસ્લિહત અને હિકમતને જાણે છે અને પોતાની કુદરત દ્વારા આ વ્યવસ્થાને લાગુ પાડે છે) અને (એક નિશાની) ચંદ્ર (છે કે તેની ચાલ) માટે મંઝિલો નક્કી કરી (કે દરરોજ એક મંઝિલ કાપે છે) એટલે સુધી કે (પોતાની અંતિમ મંઝિલોમાં પાતળો થતો થતો) એવો રહી જાય છે, જેમકે ખજૂરની જૂની ડાળી (કે તે પાતળી અને ધારવાળી હોય છે અને શક્ય છે કે, પ્રકાશ ઓછો હોવાના કારણે તેની પીળાશના આધારે પણ આ ઉદાહરણ આપવામાં આવ્યું હોય તથા સૂરજ અને ચંદ્રની ગતિ તથા રાત અને દિવસનું આવવું-જવું એવી નિર્ધારિત વ્યવસ્થા ઉપર રાખવામાં આવ્યું છે કે) ન તો સૂર્યની મજાલ છે કે ચંદ્રને (તેના પ્રકાશ જાહેર થવાના સમયે એટલે કે જ્યારે રાત પ્રકાશિત હોય) જઈને પકડે (એટલે કે સમય પહેલાં ઉગીને તેને અને તેના સમય એટલે કે રાતને હટાવીને દિવસ બનાવી લે. જેમકે ચંદ્ર પણ એ જ રીતે સૂર્યને અને તેના પ્રકાશ જાહેર થવાના સમયને નથી પકડી શકતો કે દિવસને હટાવીને રાત બનાવી દે અને તેમાં ચંદ્રના પ્રકાશને જાહેર કરી દે) અને (એ જ પ્રમાણે) ન જ રાત્રિ દિવસ(નો નિશ્ચિત સમય પૂર્ણ થવા)થી પહેલાં આવી શકે છે (જેમકે દિવસ પણ રાત્રિનો નિશ્ચિત સમય પૂર્ણ થતાં પહેલાં આવી નથી શકતો) અને (ચંદ્ર અને સૂર્ય) બંને એક-એકના વર્તુળમાં (ગણતરીપૂર્વક પોતાની ભ્રમણકક્ષામાં ગતિ કરી રહ્યા છે. જેમકે જાણે) તરી રહ્યા છે (અને તે ગણતરીથી બહાર નથી જઈ શકતા કે રાત-દિવસના હિસાબમાં કોઈ ભૂલચૂક થાય).

وَاٰيَةٌ لَّهُمُ الَّيۡلُ نَسۡلَخُ مِنۡهُ النَّهَارَ એટલે કે, મખ્લૂકોમાં અલ્લાહપાકની કુદરતની નિશાનીઓ વર્ણન કર્યા પછી આસમાની અને અવકાશી મખ્લૂકોનું વર્ણન છે. سَلْخ નો શાબ્દિક અર્થ ચામડું ઉતારવાનો થાય છે. કોઈ પશુનું

ઉપરનું ચામડું અથવા બીજી વસ્તુઓ ઉપરથી ગિલાફ ઉતારવામાં આવે તો અંદરની વસ્તુ જાહેર થઈ જાય છે. અલ્લાહ તઆલાએ આ ઉદાહરણમાં ફરમાવ્યું છે કે, આ દુનિયામાં મૂળ અંધારું જ અંધારું છે, પ્રકાશ અસ્થાયી છે, જે તારાઓ અને ગ્રહો-ઉપગ્રહો દ્વારા પૃથ્વી ઉપર છવાય છે. અલ્લાહ તઆલાની આ વૈશ્વિક વ્યવસ્થામાં નિશ્ચિત સમયે આ પ્રકાશ જે દુનિયાના અંધારાઓ ઉપર છવાયેલો હોય છે, તેના પડને ઉપરથી હટાવી લેવામાં આવે છે, તો ફરીવાર અંધારું જ અંધારું રહી જાય છે. તેને જ સામાન્ય પ્રચલિત બોલચાલની ભાષામાં રાત્રિ કહેવામાં આવે છે.

وَالشَّمْسُ تَجْرِىْ لِمُسْتَقَرٍّ لَّهَا ذٰلِكَ تَقْدِيْرُ الْعَزِيْزِ الْعَلِيْمِ આયતનો ભાવાર્થ એ છે કે, સૂર્ય ચાલતો રહે છે પોતાના નિશ્ચિત માર્ગે. "મુસ્તકર્ર" એ "થોભવાની જગ્યા"ને પણ કહેવામાં આવે છે, અને "આરામ કરવાના સમય"ને પણ. એટલે કે "મુસ્તકર્રે ઝમાની" પણ હોઈ શકે છે અને "મકાની" પણ તથા શબ્દ "મુસ્તકર્ર" "મુસાફરીનો અંત" થવાના અર્થમાં પણ આવે છે. જો કે તેની સાથે જ કોઈ થોભવા અથવા સ્થગિત થયા વિના çkeS ð¾íkLke{ MMKVheþY ÚkE ò Þ Au *(ઈબ્ને કથીરના વર્ણન પ્રમાણે)*

અમુક તફસીરકારોએ તો આ સ્થળે "મુસ્તકર્ર"થી "મુસ્તકર્રે ઝમાની" ભાવાર્થ તરીકે લીધું છે. એટલે કે તે સમયે જ્યારે કે સૂર્ય પોતાની નિશ્ચિત ગતિ કરવાનું સમાપ્ત કરશે તે દિવસ કિયામતનો દિવસ છે. આ તફસીર ઉપર આયતનો ભાવાર્થ એ છે કે, સૂર્ય પોતાની ભ્રમણ કક્ષા ઉપર એવો સ્થાપિત અને મજબૂત વ્યવસ્થા સાથે ગતિ કરી રહ્યો છે, જેમાં ક્યારેય એક મિનિટ કે સેકન્ડનો ફરક થતો નથી. હજારો વર્ષોથી આ નિશ્ચિત ભ્રમણકક્ષાની ગતિ ઉપર ભ્રમણ કરી રહ્યો છે, પરંતુ આ સર્વકાંઈ કાયમી નથી. તેનો પણ એક ખાસ નિશ્ચિત "મુસ્તકર્ર" થોભવાનો સમય છે. જ્યાં પહોંચીને આ સૌર-મંડળની વ્યવસ્થા અને તેની ગતિ બંધ અને સમાપ્ત થઈ જશે અને તે કિયામતનો દિવસ છે. આ તફસીર હઝરત કતાદહ (રદીયલ્લાહુ અન્હુ)થી નકલ થઈ છે. *(ઈબ્ને કથીર)*

કુર્આને કરીમની સૂરએ ઝુમરની એક આયતમાં પણ તેનું સમર્થન થાય છે કે, ''મુસ્તકર્ર'' ભાવાર્થ ''મુસ્તકર્રે ઝમાની'' એટલે કે ''કિયામતનો દિવસ'' છે. સૂરએ ઝુમરની આયતમાં (૩૯:૫) આ પ્રમાણે છે :

خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ بِالْحَقِّ يُكَوِّرُ الَّيْلَ عَلَى النَّهَارِ وَيُكَوِّرُ النَّهَارَ عَلَى الَّيْلِ وَسَخَّرَ الشَّمْسَ وَالْقَمَرَ كُلٌّ يَّجْرِىْ لِاَجَلٍ مُّسَمًّى

આ આયતમાં લગભગ તે જ વર્ણન છે, જે સૂરએ યા-સીનની પ્રસ્તુત આયતમાં છે કે, પ્રથમ રાત અને દિવસના પરિવર્તનને સામાન્ય દૃષ્ટિ પ્રમાણે એક દૃષ્ટાંત આપી વર્ણન કરવામાં આવ્યું છે કે, અલ્લાહ તઆલા રાતને દિવસ ઉપર ઢાંકી દે છે અને દિવસને રાત ઉપર. જાણે કે રાત અને દિવસને બે ગિલાફો દ્વારા ઓળખાવવામાં આવ્યા છે. રાતનો ગિલાફ દિવસ ઉપર ચઢાવવામાં આવે છે, તો રાત થાય છે અને દિવસનો ગિલાફ રાત ઉપર ચઢાવવામાં આવે છે, તો દિવસ થાય છે. ત્યાર બાદ ફરમાવ્યું કે, સૂર્ય અને ચંદ્ર બંને અલ્લાહ તઆલાએ મનુષ્ય માટે કામે લગાડ્યા છે અને તે અલ્લાહ તઆલાના ફરમાનના તાબે છે. તેમાં દરેકની એક ખાસ નિશ્ચિત સમયસીમા છે અને તે પ્રમાણે તે ગતિ કરી રહ્યા છે. અહીંયાં ''અજલુમ્મુસમ્મા''ના શબ્દો છે, જેનો અર્થ નિશ્ચિત સમયસીમા છે. અને આયતનો ભાવાર્થ એ છે કે, સૂર્ય અને ચંદ્ર બંનેની ગતિઓ કાયમી નથી. એક નિશ્ચિત સમયસીમા એટલે કે કિયામતના દિવસ ઉપર પહોંચીને તે સમાપ્ત થઈ જશે અને કપાઈ જશે. સૂરએ યા-સીનની પ્રસ્તુત આયતથી પણ એ જ જાહેર થાય છે કે, શબ્દ ''મુસ્તકર્ર'' દ્વારા આ જ નિશ્ચિત સમયસીમા એટલે કે ''મુસ્તકર્રે ઝમાની'' ભાવાર્થ સ્વરૂપે છે. એટલે કે આ તફસીરમાં ન તો આયતના ભાવાર્થ અને અર્થમાં કોઈ શંકા છે અને ન જ ખગોળીય નિયમો સાથે કોઈ વિરોધાભાસ.

અમુક તફસીરકાર લોકોએ તેનો ભાવાર્થ ''મુસ્તકર્રે મકાની'' લીધો, જેનો આધાર એક હદીષ ઉપર છે. જે સહીહૈન, બુખારી, મુસ્લિમ વગેરેમાં અનેક સહાબા (રદી.)થી વિવિધ સનદો સાથે નકલ થયેલ છે. હઝરત

અબૂઝર ગિફારી (રદી.)ની રિવાયત છે કે, તેઓ એક દિવસે રસૂલે કરીમ (સલ.) સાથે સૂર્યાસ્તના સમયે મસ્જિદમાં હાજર હતા, આપ (સલ.)એ તેમને સંબોધન કરીને પ્રશ્ન કર્યો : હે અબૂઝર ! તમે જાણો છો કે સૂર્ય ક્યાં આથમે છે ? તેઓ કહે છે કે, મેં વિનંતી કરી કે, અલ્લાહ અને તેના રસૂલ જ વધારે જાણે છે. તેના ઉપર રસૂલે કરીમ (સલ.)એ ફરમાવ્યું કે, સૂર્ય ચાલતો રહે છે, એટલે સુધી કે તે અર્શની નીચે પહોંચીને સિજ્દહ કરે છે. પછી ફરમાવ્યું કે, આ આયતમાં "મુસ્તકર"નો આ જ ભાવાર્થ છે. وَالشَّمْسُ تَجْرِىْ لِمُسْتَقَرٍّ لَّهَا

હઝરત અબૂઝર (રદી.)ની રિવાયતમાં આ શબ્દો પણ છે કે, મેં રસૂલે કરીમ (સલ.)થી وَالشَّمْسُ تَجْرِىْ لِمُسْتَقَرٍّ لَّهَا ની તફસીર પૂછી, તો આપ (સલ.)એ ફરમાવ્યું : "મુસ્તકર્રુહા તહ્તલ્અર્શ" બુખારીએ આ રિવાયતને વિવિધ સ્થળોએ નકલ કરી છે અને ઈબ્ને માજહ ઉપરાંત બધી જ સિહાહની કિતાબોમાં આ રિવાયત મૌજૂદ છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદી.)થી પણ આ જ વિષયની હદીષ નકલ થયેલ છે. જેમાં અમુક વધારો છે. જેનો ભાવાર્થ એ છે કે, દરરોજ સૂર્ય અર્શ નીચે પહોંચીને સિજ્દહ કરે છે અને નવી મુસાફરીની પરવાનગી માંગે છે. પરવાનગી મેળવીને નવી મુસાફરી શરૂ કરે છે. એટલે સુધી કે એક દિવસ એવો આવશે, જ્યારે તેને નવેસરથી મુસાફરી કરવાની પરવાનગી નહીં મળે, બલ્કે એવો હુકમ આપવામાં આવશે કે જે તરફથી આવ્યો છે, તે તરફ પાછો ચાલ્યો જા. એટલે કે પશ્ચિમ તરફથી જમીનની નીચે ગયો, પછી પશ્ચિમ તરફથી જ પાછો વળીને પશ્ચિમ તરફથી નીકળ. જે દિવસ આવો હશે તે કિયામતના બિલ્કુલ નજીક હોવાની નિશાની હશે અને તે જ સમયે તવબહ કરવાનો અથવા ઈમાન લાવવાનો દરવાજો બંધ કરી દેવામાં આવશે. તે સમયે કોઈ ગુનાહમાં સંડોવાયેલાના ગુનાહથી અને શિર્ક તથા કુફ્ના ગુનાહમાં સંડોવાયેલાની પોતાના કુફ્ની તવબહ કબૂલ થશે નહીં.

કુર્આન શરીફ અને હદીષના પ્રસ્તુત ખુલાસાથી એ વાત સ્પષ્ટ રીતે

સાબિત થઈ કે સૂર્ય અને ચંદ્ર બંને ગતિશીલ છે. એક નિશ્ચિત સમય સુધી ગતિમાં રહેશે. તેનાથી એ નવા દૃષ્ટિકોણનો નકાર થાય છે, જે સૂર્ય ગતિમાં હોવાનું સ્વીકારતો નથી અને અત્યાધુનિક સંશોધનોએ પોતે પણ તેને ખોટું સાબિત કરી દીધું છે. وَالْقَمَرَ قَدَّرْنٰهُ مَنَازِلَ حَتّٰى عَادَ كَالْعُرْجُوْنِ الْقَدِيْمِ માં શબ્દ "ઉર્જુન" ખજૂરના ઝાડની ડાળીને કહેવામાં આવે છે, જે વળીને કમાન જેવી થઈ જાય છે.

ચંદ્રની કળાઓ (મંઝિલો) :

શબ્દ "મનાઝિલ" એ "મંઝિલ"નું બહુવચન છે. ઉતરવાના સ્થળને મંઝિલ કહેવામાં આવે છે. અલ્લાહ તઆલાએ સૂર્ય અને ચંદ્ર બંનેની ગતિ માટે ખાસ હદો નિશ્ચિત કરી છે, જેમાંથી દરેકને મંઝિલ (કક્ષા) કહેવામાં આવે છે. ચંદ્ર કારણ કે પોતાની કળાઓ એક મહિનામાં પૂરી કરે છે એટલા માટે તેની મંઝિલો ૩૦ અથવા ૨૯ હોય છે, કારણ કે દરેક મહિનામાં ચંદ્ર ઓછામાં ઓછો એક દિવસ (અમાસના દિવસે) ગાયબ રહે છે, એટલા માટે તેની મંઝિલો ૨૮ કહેવામાં આવે છે. ખગોળવિદ્દો અથવા અવકાશ-શાસ્ત્રએ આ મંઝિલોના ખાસ ખાસ નામો તેના તારાઓના સંદર્ભમાં રાખ્યા છે, જે આ મંઝિલોની આસપાસ જોવા મળે છે. ઈસ્લામ પહેલાંના અજ્ઞાનતા-કાળમાં અરબોમાં પણ આ જ નામોથી મંઝિલો નિશ્ચિત કરવામાં આવતી હતી. કુરૂઆને કરીમ આ પારિભાષિક નામોથી ઉપરવટ છે તેનો ભાવાર્થ માત્ર તે અંતર છે, જેને ચંદ્ર ખાસ ખાસ દિવસોમાં પૂરૂં કરે છે.

સૂરએ યૂનુસમાં તેની વિગત આવી ચૂકી છે, જે 'મઆરિફુલ કુર્આન'ની સૂરએ યૂનુસની તફસીરમાં આવી ચૂકી છે, તેને જોઈ લેવામાં આવે. સૂરએ યૂનુસની આયતમાં સૂર્ય અને ચંદ્ર બંનેની મંઝિલોનું વર્ણન છે. جَعَلَ الشَّمْسَ ضِيَآءً وَّالْقَمَرَ نُوْرًا وَّقَدَّرَهٗ مَنَازِلَ.... (૧૦:૫) ફરક એટલો છે કે, ચંદ્રની મંઝિલો નજરે જોયેલી સાબિતી સાથે ઓળખી શકાય છે, જ્યારે સૂર્યની મંઝિલો ખગોળીય હિસાબો દ્વારા; حَتّٰى عَادَ كَالْعُرْجُوْنِ الْقَدِيْمِ માં ચંદ્રનું સ્વરૂપ મહિનાના અંતનું બતાવવામાં આવ્યું છે, જ્યારે તે સંપૂર્ણ પૂનમ પછી ઘટતો

ઘટતો એક પાતળી કમાન સ્વરૂપે દેખાય છે. અરબોના માહોલના સંદર્ભમાં તેનું ઉદાહરણ ખજૂરની સૂકી ડાળીનું આપવામાં આવ્યું છે, જે ચંદ્ર જેવી દેખાય છે.

وَكُلٌّ فِيْ فَلَكٍ يَّسْبَحُوْنَ એટલે કે સૂર્ય અને ચંદ્ર બંને પોતપોતાની ભ્રમણ-કક્ષામાં તરતા રહે છે. "ફલક"નો શાબ્દિક અર્થ આસમાન નથી, બલ્કે તે વર્તુળ (કક્ષા) છે. જેમાં કોઈ ગ્રહ કે તારો ગતિ કરે છે. આ આયત સૂરએ અંબિયામાં પણ પસાર થઈ ચૂકી છે, જેમાં આ બતાવવામાં આવ્યું છે. આ આયતથી જાણ થઈ કે ચંદ્ર કોઈ આસમાનની અંદર ઉપસ્થિત નથી, જેમકે ટૉલેમીના ખગોળીય સિદ્ધાંતોમાં છે, બલ્કે તે આસમાનની નીચે એક ખાસ નિશ્ચિત કક્ષામાં ગતિ કરે છે અને વર્તમાન સમયના નવા સંશોધનો તથા ચંદ્ર સુધી મનુષ્યની પહોંચે આ સિદ્ધાંતોને બિલ્કુલ નિશ્ચિત જેવા બનાવી દીધા છે.

(૫૦) લોકોને સમજાવવા માટે વિવિધ દાખલાઓ રજૂ કરવા

وَلَقَدْ ضَرَبْنَا لِلنَّاسِ فِيْ هٰذَا الْقُرْاٰنِ مِنْ كُلِّ مَثَلٍ لَّعَلَّهُمْ يَتَذَكَّرُوْنَ ﴿٢٧﴾ قُرْاٰنًا عَرَبِيًّا غَيْرَ ذِيْ عِوَجٍ لَّعَلَّهُمْ يَتَّقُوْنَ ﴿٢٨﴾ (زمر:૨૭،૨૮)

અને ખરેખર, અમે આ કુર્આન શરીફમાં લોકો(ની સમજૂતી) માટે દરેક પ્રકારના (જરૂરી) દૃષ્ટાંતો આપ્યાં કે જેથી લોકો બોધ ગ્રહણ કરે. (૨૭) અરબી ભાષાનું કુર્આન (ઉતાર્યું) જેમાં કંઈ વાંકચૂક (ખામી) નથી કે કદાચને તેઓ અલ્લાહ તઆલાથી ડરતા રહે. (૨૮) *(સૂરહ ઝુમર)*

તેઓનું નહિ સમજવું પોતાની ગફલત અને મૂર્ખાઈ જ છે. કુર્આને તો સમજાવવામાં કસર રાખી નથી. દરેક વખતે દાખલા–દલીલો સાથે સમજાવે છે કે જેથી લોકો તેમાં વિચાર કરી પોતાની આખિરત સુધારે. કુર્આન એક સ્પષ્ટ અરબી ભાષાની કિતાબ છે. પ્રથમ જે લોકો પાસે આવ્યું તેઓની માતૃભાષા પણ અરબી જ હતી. એમાં કંઈ આડી અવળી વાતો નથી. સરળ

અને સ્પષ્ટ વાતો છે, જેને સદ્‌બુદ્ધિ માન્ય રાખે છે. એમાં કોઈ ખામી નથી. અસંભવિત વાતોને માનવા કે અશકય કામો કરવાનું ફરમાન કરતો નથી. સારાંશ કે એનો હેતુ એ જ છે કે લોકો સહેલાઈપૂર્વક એનાથી લાભ લે. અકીદહ તથા અમલમાં ભૂલો કરવાથી બચી જઈ સ્પષ્ટ નસીહતો સાંભળી અલ્લાહ તઆલાથી ડરતા રહે.

કુર્‌આની દાખલાઓનું કારણ :

અમે લોકો(ની હિદાયત)ના માટે આ કુર્‌આનમાં દરેક પ્રકારના (જરૂરી) ઉમદા વિષયો વર્ણન કર્યા છે, જેથી આ લોકો બોધપાઠ ગ્રહણ કરે. જેનું સ્વરૂપ એ છે કે, તે અરબી કુર્‌આન છે. જેમાં જરા પણ વાંકચૂક નથી (અને આ વિષયો એટલા માટે લાવવામાં આવ્યા) જેથી આ લોકો (તે સત્ય અને સ્પષ્ટ વિષયોને સાંભળીને) ડરે. (જાણ થઈ કે કુર્‌આને પાકને "કિતાબુલ હિદાયા"-હિદાયતની કિતાબ હોવામાં જે લક્ષણો જરૂરી હતા, તે બધા તેમાં એકઠા છે કે તેના વિષયો પણ બધા સત્ય, સ્પષ્ટ અને સાફ-સાફ છે અને ભાષા પણ અરબી છે. જેને ઉપસ્થિત શ્રોતા પ્રત્યક્ષ રીતે પણ સમજી શકે છે. પછી તેમના માધ્યમથી બીજાઓએ પણ સમજી લેવું સરળ બની શકે છે. મતલબ કે આ હિદાયતની કિતાબમાં તો કોઈ ઉણપ નથી, કોઈનામાં કબૂલ કરવાની ક્ષમતા અને સલાહિયત જ ન હોય તો શું કરી શકાય ?!

(૫૧) ફકત એક અલ્લાહપાકને માનનાર અને વિવિધ ખુદાઓને માનનારાઓનું ઉદાહરણ

ضَرَبَ اللّٰهُ مَثَلًا رَّجُلًا فِيْهِ شُرَكَآءُ مُتَشٰكِسُوْنَ وَرَجُلًا سَلَمًا لِّرَجُلٍ ؕ هَلْ يَسْتَوِيٰنِ مَثَلًا ؕ اَلْحَمْدُ لِلّٰهِ ؕ بَلْ اَكْثَرُهُمْ لَا يَعْلَمُوْنَ ﴿۲۹﴾ (زمر:۲۹)

અલ્લાહપાક એક ઉદાહરણ વર્ણવે છે કે એક માણસ (ગુલામ) છે, જેમાં એકબીજાથી વિરુદ્ધ કેટલાક ભાગીદારો છે અને બીજો એક માણસ પૂરો એકનો જ (ગુલામ) છે, શું તે બન્ને (પોતાની) સ્થિતિમાં સરખા થઈ શકે છે ? (કદી નહિ.) અલ્લાહપાકના જ માટે સઘળા વખાણ છે, પણ

તેઓમાંના ઘણાં ખરા સમજતા જ નથી. (૨૯) *(સૂરહ ઝુમર)*

જે ગુલામ ઘણા માણસોના ભાગમાં હોય તેને કોઈ પણ પોતાનો નહિ ગણે. તેથી તેની પૂરતી ખબર રાખશે નહિ. વળી, તે માલિકોમાં વિરુદ્ધતા હોય ત્યારે તો ઘણી જ ખેંચતાણ થાય છે. અને કોની વાત માને અને કોની ન માને ? તે તો સૌનો જ તાબેદાર ઠર્યો, જેથી સૌને રાઝી રાખવાની ચિંતા. આ મિસાલ કાફિરની છે, જે અનેકને પૂજ્ય માને છે, તેથી કદી ખુદાની તરફ દોડે છે, તો કદી બીજાઓ તરફ. તેમાં પણ તેને કોઈ એકના ઉપર વિશ્વાસ હોતો નથી, પણ જે ગુલામ એક જ માણસનો હોય તો માલિક તેને પોતાનો સમજી તેની દેખરેખ રાખશે. તેમજ તેને પણ એક જ માલિકની સેવા બજાવ્યા પછી નિરાંત છે. આ મિસાલ મુસલમાનોની છે જેઓ એક જ અલ્લાહપાકને માને છે, તો અલ્લાહ તઆલા તેમની પૂરતી ખબર રાખશે. તો જેવી રીતે વર્ણિત બે ગુલામો સરખા નથી તેવી જ રીતે મુસ્લિમ અને કાફિર પણ સરખા થઈ શકતા નથી.

સઘળી ખૂબી અલ્લાહ તઆલાને જ માટે છે, જે આવા ગહન વિષયો અને હકીકતોને કેવા સ્પષ્ટ અને ઘટમાં ઉતરી જનાર દાખલા-દલીલો વડે સમજાવી દે છે. છતાં ઘણાંખરા કમનસીબો એવા છે કે એવા ખુલ્લા દાખલાઓને સમજવા કોશિશ કરતા નથી.

બેશક, તમારે મરવાનું છે અને તેઓ પણ મરનાર છે. (૩૦) ફરી કિયામતના દિવસે તમે તમારા પરવરદિગાર આગળ ઝઘડો કરશો. (૩૧)

એવી રીતે કાફિરો ઈન્કાર કરી કહેશે કે અમને કોઈએ હુકમ પહોંચાડયા જ નથી તેમજ તેઓ પોતાના ગુનાહોનો પણ ઈન્કાર કરશે. પછી ફરિશતા-ઓની તેમજ આકાશો, પૃથ્વી તથા ખૂદ તેમના હાથ-પગની સાક્ષીથી સાબિત થશે. એ ઝઘડા ઉપરાંત ગુમરાહ લોકો પોતાના ગુમરાહ કરનાર સરદારો અને શયતાન સાથે પણ ઝઘડો કરશે. જેમ કે તેરમા અને બાવીસમા સીપારામાં આવ્યું છે.

મુશ્રિક-મુઅ્મીનનો ફર્ક :

અલ્લાહ તઆલાએ (તવહીદવાળા અને મુશ્રિકો વિશે) એક દૃષ્ટાંત વર્ણન કર્યું કે, એક (ગુલામ) વ્યક્તિ છે, જેમાં કેટલાય ભાગીદાર છે. જેમાં પરસ્પર વાદ-વિવાદ (પણ) છે અને એક બીજો (ગુલામ) વ્યક્તિ છે કે સંપૂર્ણ એક જ વ્યક્તિનો (ગુલામ) છે (તો) શું તે બંનેની હાલત સરખી (હોઈ શકે) છે ? (અને દેખીતું છે કે તે બંને સમાન નથી. પ્રથમ વ્યક્તિ તકલીફમાં છે કે હંમેશા અસમંજસમાં રહે છે કે, કોનું કહ્યું માનું અને કોનું ન માનું ? અને બીજો રાહતમાં છે કે એક જ વ્યક્તિ સાથે સબંધ છે. બસ, પ્રથમ દૃષ્ટાંત મુશ્રિકોનું છે કે હંમેશા હાલક-ડોલક રહે છે. ક્યારેક ગયરૂલ્લાહ તરફ દોડે છે, ક્યારેક અલ્લાહ તઆલા તરફ દોડે છે. પછી ગયરૂલ્લાહમાં પણ એક ઉપર સંતોષ નથી હોતો, ક્યારેક કોઈના તરફ રજુ થાય છે, ક્યારેક કોઈ બીજાના તરફ. આ પ્રશ્નનો ઉત્તર કાફિરો પણ એવો જ આપશે કે સામૂહિક ભાગીદારીનો ગુલામ ઘણી મુસીબતમાં રહે છે. આ દૃષ્ટાંતથી તેમના ઉપર દલીલ પૂર્ણ થઈ ગઈ અને આ દલીલ પૂર્ણ થવા ઉપર ફરમાવ્યું) અલ્હમ્દુલિલ્લાહ ! (સત્ય સાબિત થઈ ગયું, પરંતુ પછી પણ આ લોકો સ્વીકાર નથી કરતા) તેમનામાં ઘણા લોકો સમજતા પણ નથી (કારણ કે સમજવાનો ઈરાદો જ નથી કરતા).

(૫૨) વગર જરૂરતે જોરથી બુમો પાડવી ગધેડાની આદત છે

وَاقْصِدْ فِيْ مَشْيِكَ وَاغْضُضْ مِنْ صَوْتِكَ ؕ اِنَّ اَنْكَرَ الْاَصْوَاتِ لَصَوْتُ الْحَمِيْرِ ﴿۱۹﴾ (لقمان:۱۹)

અને લોકોના તરફ (અભિમાનથી) પોતાના ગાલ ન ફુલાવ તથા પૃથ્વી પર ઈતરાજીથી ન ચાલ. બેશક, અલ્લાહપાકને કોઈ ઈતરાજીવાળો ગર્વિષ્ઠ ગમતો નથી. (૧૮)

મોઢું ચઢાવી અભિમાનથી ન જો. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ

એનો મતલબ એ પ્રમાણે બયાન કર્યો છે કે, અભિમાન અને આપવડાઈ ન કર. અલ્લાહપાકના બંદા જ્યારે તારી સાથે વાત કરવા ચાહે, તો તેમને તુચ્છ ગણી તેમના તરફથી મોં ફેરવી વાત ન કર, બલ્કે હસમુખ બની લોકોથી મુલાકાત-વાતચીત કર.

ઈતરાવા અને શેખી મારવાથી માણસની ઈઝઝત કંઈ વધતી નથી, બલ્કે ઉલટો હલકો પડે છે. સૌની સામે નહિ તો પીઠ પાછળ તો તેને વખોડે જ છે.

અને તારી ચાલમાં મધ્યમ ગતિ રાખ અને (બોલતી વેળા) પોતાના અવાજને ધીમો કર. બેશક, સૌથી બુરો અવાજ ગધેડાનો અવાજ છે. (૧૯)

નાદાનો માફક બહુ ઝડપથી કે દોડીને ન ચાલ તેમજ ગણી-ગણીને પણ ડગલાં ન ભર. કેમ કે એ ગર્વિષ્ઠો-અભિમાનીઓની ચાલ છે. બલ્કે મધ્યમ રીતે નમ્રતાઈ અને સાદગીથી ચાલ અને જોરજોરથી બૂમો પાડી વાત ન કર; જરૂર પૂરતા અવાજથી બોલ. મોટા સાદે ભૂંકવું એ ગધેડાનું લક્ષણ હોવાથી માણસને તેમ કરવાની શું જરૂર ? ગધેડાના ભૂંકવાથી અણગમો ઉપજે છે. તેવી જ રીતે કોઈના બરાડા પાડી બોલવાથી પણ અણગમો થાય છે.

(૫૩) જન્નતની હુરોની વિવિધ ખાસીયતોનું ઉદાહરણ

وَعِنْدَهُمْ قٰصِرٰتُ الطَّرْفِ عِيْنٌ ﴿٤٨﴾ كَاَنَّهُنَّ بَيْضٌ مَّكْنُوْنٌ ﴿٤٩﴾ (صافات:٤٨،٤٩)

(તો હે જૂઠાડનારાઓ !) બેશક, તમારે દુઃખદાયક અઝાબ ચાખવો પડશે, (૩૮) અને તમને તેનો જ બદલો મળશે, જે કંઈ તમે કર્યા કરતા હતા, (૩૯) પરંતુ જેઓ અલ્લાહપાકના ખાસ ચુનંદા (ઈમાનવાળા) બંદા છે. (તે બચી જશે.) (૪૦)

તેમના સાધારણ ગુનાહો માફ થઈ જશે અને નેકીઓનો સંપૂર્ણ બદલો મળશે.

તેઓને માટે નિર્માણ થયેલી રોજી છે. (૪૧) એટલે (દરેક જાતના) ફળો અને તેઓ માનવંત છે. (૪૨)

જન્નતમાં કયા કયા પ્રકારે કેવું માન મળશે એ તો સંપૂર્ણ રીતે અલ્લાહ તઆલા જ જાણે છે.

(તેઓ) નેઅમતના બગીચાઓમાં; (૪૩) (જડાઉ) તખ્તો પર સામ-સામા બેઠા હશે. (૪૪) તેમની પાસે વહેતી સ્વચ્છ શરાબના (ભરેલા) પ્યાલાંનો દૌર ચાલુ રહેશે. (૪૫) જે રંગે સફેદ હોઈ પીનારાઓ માટે સ્વાદિષ્ટ હશે. (૪૬) ન તેથી માથું ચઢશે અને ન તેઓ છાકટા બનશે. (૪૭)

દુનિયાના દારૂમાં જેટલી ખરાબીઓ છે તે તેમાં તદ્દન નથી, બલ્કે ત્યાં શરાબની એક નહેર ચાલતી હશે, જેમાંથી લઈ પિવડાવવામાં આવશે, તે પિવડાવનાર છોકરાઓ હશે, જેમ કે સૂરએ દહ્રમાં આવશે.

અને તેમની પાસે નીચી નજરોવાળી (ને) મોટી મોટી આંખોવાળી (હૂરો) હશે, (૪૮) જાણે કે (સ્વચ્છતામાં) ઢંકાયેલાં ઈંડાં છે. (૪૯)

તે હૂરોનો રંગ ઈંડાના કોચલામાં જે પરદો હોય છે, તેના જેવો ચમકદાર હશે. કેટલાક આલિમોના મત પ્રમાણે એથી મુરાદ શાહમૃગનાં ઈંડાં છે, જે અતિ રૂપાળા સરસ રંગના હોય છે. સારાંશ કે તે હૂરો બેહદ ખૂબસુરત હશે. બુખારી શરીફમાં અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે જન્નતની હૂરોનો પોશાક એવો હશે કે એક તેણીની ઓઢણી જ દુનિયાની તમામ વસ્તુઓથી વધુ કિમતી હશે. જન્નતની નેઅમતોની પૂરતી હકીકત તો ત્યારે જ જણાશે જ્યારે અલ્લાહપાક પોતાની કૃપાથી જન્નતમાં લઈ જશે. બુખારી શરીફમાં રિવાયત છે કે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ ફરમાવ્યું કે, દુનિયામાં એક ઘોડેસવાર જેટલી જગ્યામાં ચાબુક મૂકે છે, તેટલી જ જન્નતની જગ્યા તમામ દુનિયાથી બેહતર છે.

જન્નતની હુરો :

અલ્લાહના મકબૂલ બંદાઓના માટે એવી રોજી છે, જેની હાલત (બીજી સૂરતોમાં) જાણ (થઈ ચૂકી) છે. એટલે કે ફળો (જેનું મળવું સૂરએ યાસીનની આયત لَهُمْ فِيْهَا فَاكِهَةٌ માં અને જેના લક્ષણો સૂરએ વાકિઅહની આયત

وَّ فَاكِهَةٍ كَثِيْرَةٍ لَّا مَقْطُوْعَةٍ وَّلَا مَمْنُوْعَةٍ માં આથી પહેલાં વર્ણન થઈ ચૂક્યું છે. કારણ કે સૂરએ યા-સીન અને સૂરએ વાકિઅહ સૂરએ સાફ્ફાતથી પહેલાં નાઝિલ થઈ છે. -અલ ઈત્કાન) અને તે લોકો ઘણા સન્માન સાથે આરામના બગીચાઓમાં બાજઠો ઉપર સામ-સામે બેઠા હશે (અને) તેમની પાસે એવા શરાબના જામ લાવવામાં આવશે (એટલે કે ગિલમાન-નવયુવાન કિશોરો તે લઈને આવશે) જે વહેતી શરાબમાંથી ભરવામાં આવશે (તેનાથી શરાબનું મોટું પ્રમાણ અને તેના સ્વાદની જાણ થાય છે અને જોવામાં) સફેદ હશે (અને પીવામાં) પીનારાઓને સ્વાદિષ્ટ લાગશે, (અને) ન તો તેમાં માથું ચઢશે (જેમકે દુનિયાની શરાબમાં હોય છે, જેને નશો કહે છે) અને ન જ તેનાથી બુદ્ધિમાં ખલેલ આવશે અને તેમની પાસે નીચી નિગાહોવાળી મોટી આંખોવાળી (હૂરો) હશે (જેનો રંગ એવો ચોખ્ખો હશે કે) જાણે ઈંડું છે (જે પાંખોની નીચે) છૂપાયેલું છે (કે ધૂળ અને ડાઘ વગેરેથી બિલ્કુલ સુરક્ષિત હોય છે. આ ઉદાહરણનો હેતુ માત્ર તેમની સ્વચ્છતા વર્ણન કરવાનો છે).

"કઅન્નહુન્ન બય્દુમ્ મકનૂન" આ આયતમાં જન્નતની હૂરોને 'ઢંકાયેલા ઈંડા' સાથે સરખાવવામાં આવી છે. અરબોમાં આ ઉદાહરણ ખૂબ પ્રચલિત હતું. જે ઈંડાઓ પાંખોમાં ઢંકાયેલા હોય તેના ઉપર બહારની ધૂળ કે ગંદકીની અસર પહોંચતી નથી. એટલા માટે તે ખૂબ ચોખ્ખા અને સાફ હોય છે. તદુપરાંત તેનો રંગ પીળાશ પડતો સફેદ હોય છે, જે અરબોમાં સ્ત્રીઓ માટે ખૂબ આકર્ષણયુક્ત રંગ ગણાતો હતો. એટલા માટે તેનું ઉદાહરણ આપવામાં આવ્યું. અને અમુક તફસીરકારોએ ફરમાવ્યું કે, અત્રે ઈંડાઓની સરખામણી નથી, બલ્કે ઈંડાની તે જરદીનું વર્ણન છે, જે તેના કોચલાની અંદર છુપાયેલું હોય છે. અને ભાવાર્થ એ છે કે, આ સ્ત્રીઓ તે જરદી જેવી નાજુક, નમણી અને સુંવાળી હશે. વલ્લાહુ અઅ્લમુ. *(રૂહુલ મઆની)*

(૫૪) દોઝખ (નર્ક)વાસીઓના ખાવા-પીવાનો દાખલો

لِمِثْلِ هٰذَا فَلْيَعْمَلِ الْعٰمِلُوْنَ ﴿٦١﴾ اَذٰلِكَ خَيْرٌ نُّزُلًا اَمْ شَجَرَةُ الزَّقُّوْمِ ﴿٦٢﴾ اِنَّا
جَعَلْنٰهَا فِتْنَةً لِّلظّٰلِمِيْنَ ﴿٦٣﴾ اِنَّهَا شَجَرَةٌ تَخْرُجُ فِيْٓ اَصْلِ الْجَحِيْمِ ﴿٦٤﴾ طَلْعُهَا

كَأَنَّهُ رُءُوسُ الشَّيٰطِينِ ﴿٦٥﴾ فَإِنَّهُمْ لَآكِلُونَ مِنْهَا فَمَالِـُٔونَ مِنْهَا الْبُطُونَ ﴿٦٦﴾
ثُمَّ إِنَّ لَهُمْ عَلَيْهَا لَشَوْبًا مِّنْ حَمِيمٍ ﴿٦٧﴾ ثُمَّ إِنَّ مَرْجِعَهُمْ لَإِلَى الْجَحِيمِ ﴿٦٨﴾
(صافات:૬૧-૬૮)

(બતાવો) આ મહેમાનગતિ બેહતર છે અથવા ઝક્કૂમનું ઝાડ ? (૬૨) અમે તે ઝાડને જુલ્મીઓ માટે એક આફતરૂપ બનાવ્યું છે. (૬૩) તે એક એવું ઝાડ છે, જે જહન્નમના તળિયેથી નીકળે છે. (૬૪)

''ઝક્કૂમ'' દુનિયામાં થોર અથવા ફાફડા જેવું અતિશય કડવું દુર્ગંધ-વાળું ઝાડ છે. જાલિમો માટે આખિરતમાં મહાન આફત છે કે અતિશય ભૂખમાં તે ખાવું પડશે, પણ ગળામાં ઉતરતાં અથવા તે પછી અતિશય તકલીફ આપશે. તેમજ દુનિયામાં પણ આફતરૂપ એટલે આજમાઈશ છે કે તેઓ જૂઠાડી વધુ ગુમરાહીમાં પડે છે કે દોઝખની આગ વચ્ચે લીલું ઝાડ કયાંથી થઈ શકે ? પરંતુ જાણતા નથી કે અલ્લાહ સર્વ શકિતમાન છે.

તેનાં ફળ એવાં છે, જાણે શયતાનોનાં માથાં. (૬૫)

દરેક બિહામણી વસ્તુને અરબો શયતાન જેવી કહેતા હતા, તેથી એ ફળોને પણ શયતાનનાં માથાં જેવાં ફરમાવ્યું અથવા સાપને પણ તેઓ શયતાન કહેતા હતા, તો એ મતલબ થશે કે, સાપની ફેણ જેવા તેનાં ફળ હશે. એ જ મળતાપણાંના કારણે હિંદુસ્તાનમાં એક ઝાડનું નામ નાગફેણ છે.

તો તેઓ તેમાંથી ખાશે અને તે વડે જ પેટ ભરશે. (૬૬)

તિરમિઝી વગેરેમાં રિવાયત છે કે, હુઝૂરે અકરમ (સલ.)એ ફરમાવ્યું, 'ઝક્કૂમ'ના રસનું એક જ ટીપું દુનિયામાં પડી જાય તો લોકોનું જીવવું ભારે પડે અને જો સમુદ્રોમાં પડી જાય તો બધા પાણીની મઝા-સ્વાદ બગડી જાય. એથી જણાયું કે અતિશય ખરાબ ઝાડ છે. અલ્લાહ તઆલા બચાવે.

ફરી તેઓને (તરસ લાગતાં) તેના ઉપરથી છછરતું પાણી (પરૂમાં) મેળવી આપવામાં આવશે. (૬૭) ફરી તેઓનું આખરી રહેઠાણ દોઝખ તરફ જ થશે. (૬૮)

તેઓ અતિશય ભૂખ્યા થશે ત્યારે આ ખવડાવી ફરી પાછા આગમાં નાખી દેશે.

(કારણ કે) તેઓએ પોતાના વડીલોને ગુમરાહ અવસ્થામાં જોયા હતા, (૬૯) પછી એ લોકો પણ તેઓના જ પગલે ઉતાવળે ચાલતા હતા. (૭૦) અને પૂર્વેના ઘણા લોકો એમના પહેલાં ગુમરાહ થઈ ચૂકયા હતા. (૭૧) અને અમે તેઓમાં પણ ડરાવનારા (નબી) મોકલ્યા હતા. (૭૨) તો જોઈ લો કે તે ડરાવવામાં આવેલાઓનું પરિણામ કેવું (બુરું) થયું ? (૭૩) પરંતુ જેઓ અલ્લાહપાકના ચુનંદા બંદા હતા (તે બચી ગયા). (૭૪)

પ્રત્યેક કાળમાં પરિણામથી ડરાવનારા નબી આવી સૌને જ ખુદાઈ શિક્ષાનો ડર સંભળાવે છે, પણ નેક લોકો ફરમાંબરદારી કરી તે શિક્ષાથી બચી જાય છે અને બુરા લોકો નાફરમાની વડે સપડાય છે.

ઝક્કુમનું ઝાડ :

અઝાબ અને સવાબ બંનેની સરખામણી કર્યા પછી હવે ઈમાનવાળા-ઓને પ્રોત્સાહન અને કાફિરોને ધમકી આપવામાં આવે છે કે, બતાવો ભલા આ (જન્નતની નેઅમતોનું) આમંત્રણ ઉત્તમ છે (જે ઈમાનવાળાઓ માટે છે) અથવા ઝક્કુમનું ઝાડ (જે કાફિરો માટે છે) ? અમે તે વૃક્ષને (આખિરતની સજા બનાવવા ઉપરાંત દુનિયામાં પણ તે) જાલિમો માટે કસોટીનું કારણ બનાવ્યું છે (કે તેને સાંભળીને સમર્થન કરે છે અથવા જૂઠાડીને તેનો ઠઠ્ઠો-મશ્કરી કરે છે. પરંતુ કાફિરો જૂઠાડવા અને ઠઠ્ઠો-મશ્કરી કરવાના સ્વરૂપમાં સામે આવ્યા. કહેવા લાગ્યા કે, ઝક્કુમ તો મશ્કા અને ખુરમા વાનગીને કહે છે, જે ખૂબ સ્વાદિષ્ટ વસ્તુ છે અને કહેવા લાગ્યા કે, ઝક્કુમ જો ઝાડ છે તો દોઝખમાં તો આગ જ આગ છે, ત્યાં ઝાડ કેવી રીતે હોઈ શકે છે ? તેનો જવાબ અલ્લાહ તઆલાએ આ આપ્યો છે કે) તે એક વૃક્ષ છે, જે દોઝખના તળિયેથી નીકળે છે (એટલે કે કોઈ ઉમદા વાનગી નથી અને કારણ કે તે પોતે આગથી જ પેદા થાય છે, એટલા માટે ત્યાંનું ત્યાં રહેવું કોઈ આશ્ચર્યની વાત નથી. જેમકે "સમુન્દર" નામનું જાનવર આગમાં પૈદા થાય છે અને

આગમાં જ રહે છે. આથી બંને વાતોનો જવાબ થઈ ગયો. આગળ ઝક્કુમનું એક સ્વરૂપ ઉપસ્થિત છે કે) તેના ફળ એવા (કદરૂપા) છે, જેમકે સાપના ફણ (બસ, આવા ઝાડથી જાલિમોની દાવત થશે) તો તે લોકો (ભૂખની સખ્તીમાં જ્યારે અન્ય કંઈ મળશે નહીં ત્યારે) તેને ખાશે અને (કારણ કે ભૂખથી બેચેન થશે) તેનાથી પેટ ભરશે. પછી (જ્યારે તરસથી આકુળ-વ્યાકુળ થઈને પાણી માંગશે તો) તેમને ઉકળતું પાણી (ગસ્સાક એટલે કે પરૂમાં) મિશ્રણ કરી આપવામાં આવશે અને (એવું નથી કે આ મુસીબતનો અંત આવી જશે, બલ્કે ત્યાર પછી) ફરી અંતિમ ઠેકાણું તેમનું દોઝખ તરફ જ હશે (એટલે કે તેમને ત્યાર પછી કાયમ માટે ત્યાં જ રહેવાનું છે અને તેમને આ સજા એટલા માટે આપવામાં આવી કે) તેમણે (અલ્લાહ તઆલાની હિદાયતનું અનુસરણ કર્યું ન હતું, બલ્કે) પોતાના વડીલોને માર્ગ ભટકેલા પામ્યા હતા. પછી તેઓ પણ તેમના જ પગલે-પગલે ઉતાવળે ચાલતા હતા (એટલે કે શોખથી અને આનંદથી આ ખોટા માર્ગે ચાલતા હતા) અને આ (હાલના કાફિરો)થી પહેલાં પણ આગલા લોકોમાં ઘણા માર્ગ ભટકી ચૂક્યા છે અને અમે તેમનામાં પણ ડરાવનારા (પયગમ્બર) મોકલ્યા હતા. બસ, જોઈ લો તે લોકોનું કેવું (ખરાબ) પરિણામ આવ્યું, જે લોકોને ડરાવવામાં આવ્યા હતા (અને તેમણે ન માન્યું હતું, તો તેમના ઉપર દુનિયામાં જ કેવો કેવો અઝાબ નાઝિલ થયો ?) હા, પરંતુ જેઓ અલ્લાહ તઆલાના ખાસ કરેલા (એટલે કે ઈમાનવાળા) બંદાઓ હતા (તેઓ આ દુન્યવી અઝાબથી સુરક્ષિત છે).

ઝક્કુમ નામનું એ વૃક્ષ અરબ ટાપુના તિહામહના પ્રદેશમાં જોવા મળે છે. અલ્લામહ આલૂસી (રહ.)એ લખ્યું છે કે, આ વૃક્ષ બીજા વેરાન રણમાં પણ થાય છે. અમુક લોકોએ કહ્યું છે કે, આ તે જ વૃક્ષ છે, જેને ગુજરાતીમાં ''થોર'' (Euphorbia neriifolia or antiquorum) કહેવામાં આવે છે. તેના જ જેવું એક અન્ય ઝાડ ભારતમાં ''નાગફણી'' (Hood of Serpent)ના નામથી પ્રચલિત છે. અમુક લોકોએ તેને ઝક્કુમ ઠરાવ્યું છે અને આ વધારે સાચું અનુમાન લાગે છે. હવે તફસીરકારોના અભિપ્રાય તેમાં વિવિધ પ્રકારના

છે કે, જહન્નમીઓને જે વૃક્ષ ખવડાવવામાં આવશે, તે આ જ દુનિયાનું ઝક્કુમ છે અથવા કોઈ અન્ય વૃક્ષ છે. અમુક લોકોએ કહ્યું કે, આ જ દુનિયાનું ઝક્કુમ ભાવાર્થ સ્વરૂપે છે અને અમુકે કહ્યું કે, દોઝખનું ઝક્કુમ બિલ્કુલ અલગ વસ્તુ છે, દુનિયાના ઝક્કુમ સાથે કોઈ સબંધ નથી. દેખીતી રીતે એવું લાગે છે કે, દુનિયામાં પણ જે રીતે સાપ, વીંછી વગેરે હોય છે, એ જ પ્રમાણે દોઝખમાં પણ હોય છે. પરંતુ દોઝખના સાપ, વીંછીઓ અહીંયાના સાપ-વીંછીઓ કરતાં વધારે ભયાનક હશે. એ જ પ્રમાણે દોઝખનું ઝક્કુમ પણ પોતાની પ્રજાતિના આધારે દુનિયાના ઝક્કુમ જેવું જ હશે, પરંતુ અહીંયાંના ઝક્કુમથી કેટલુંય ઘણું વધારે ભયાનક અને ખાવામાં કેટલુંય વધારે કષ્ટદાયક હશે.

طَلْعُهَا كَأَنَّهُ رُءُوسُ الشَّيٰطِيْنِ આ આયતમાં ઝક્કુમના ફળની શયતાનોના માથાઓ સાથે સરખામણી કરવામાં આવી છે. અમુક તફસીરકારોએ તો અહીંયાં શયતાનનો તરજુમો ''સાપ''થી કર્યો છે. એટલે કે ઝક્કુમનું ફળ એવા સ્વરૂપનું હશે, જેમકે સાપના ફણ. ગુજરાતીમાં તેને નાગફણી એટલા જ માટે કહેવામાં આવે છે. પરંતુ ઘણા તફસીરકારોએ ફરમાવ્યું કે, અહીંયાં શયતાનો તેના પ્રચલિત અર્થમાં જ ભાવાર્થ સ્વરૂપે છે અને અર્થ એ છે કે, ઝક્કુમનું ફળ પોતાના કદરૂપાપણાંમાં શયતાનોના માથા જેવું છે. હવે અહીંયાં એ શંકા ન રહેવી જોઈએ કે, શયતાનને તો કોઈએ જોયો નથી, પછી તેની સાથે સરખામણી કેમ કરવામાં આવી ? એટલા માટે કે, આ એક રૂપક સ્વરૂપનું દૃષ્ટાંત છે. રૂઢિપ્રયોગમાં કદરૂપાપણાંને અને આંખોને ન ગમે એવી વસ્તુને શયતાન અથવા જિન ભૂત સાથે સરખાવવામાં આવે છે, તેનો હેતુ માત્ર અંતિમ કક્ષાનું કદરૂપાપણું વર્ણન કરવાનું હોય છે. અહીંયાં પણ આ દૃષ્ટાંત તે જ સ્વરૂપનું છે. *(રૂહુલ મઆની)*

(૫૫) કુર્આન શરીફ બાબતે કાફિરોની હઠધર્મીનો દાખલો

وَلَوْ جَعَلْنٰهُ قُرْاٰنًا اَعْجَمِيًّا لَّقَالُوْا لَوْلَا فُصِّلَتْ اٰيٰتُهٗ ؕ ءَاَعْجَمِيٌّ وَّعَرَبِيٌّ ؕ قُلْ هُوَ لِلَّذِيْنَ اٰمَنُوْا هُدًى وَّشِفَآءٌ ؕ وَالَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ فِيْٓ اٰذَانِهِمْ وَقْرٌ وَّهُوَ عَلَيْهِمْ عَمًى ؕ اُولٰٓئِكَ يُنَادَوْنَ مِنْ مَّكَانٍۢ بَعِيْدٍ ﴿۴۴﴾ (حم سجدہ:۴۴)

બેશક, જે લોકોએ આ કુર્આન જ્યારે તેઓની પાસે આવ્યું તો તેનો ઇન્કાર કર્યો, (તેઓને કંઈ જ ભાન નથી) અને બેશક, આ (કુર્આન) તો એક અજોડ કિતાબ છે. (૪૧) જેમાં તેની આગળથી કે પાછળથી (કોઇ રીતે) અસત્ય વાત આવી શકતી જ નથી; એ તો હિકમતવાળા સ્તુત્ય (અલ્લાહ તઆલા)ની ઉતારેલી (કિતાબ) છે. (૪૨)

તેઓ નાહક પોતાની અવળી સમજથી આ બોધવચનમાં શંકાઓ ઉત્પન્ન કરે છે, નહિ તો એમાં કોઇ બાજુથી કોઇ પ્રકારે અસત્યની ગુંજાઇશ નથી. તે એક સ્પષ્ટ, અજોડ કિતાબ છે. નર્યા મૂર્ખ કે જક્કી બદમાશ માણસ સિવાય કોઇ પણ તેનો ઇન્કાર કરી શકે તેમ જ નથી.

એની ઉતારેલી કિતાબ, જેનો રક્ષક પણ તે જ હોય તેમાં જૂઠાણું કયાંથી આવે ?

(હે રસૂલ સલ. !) આપને પણ તે જ વાતો કહેવામાં આવે છે, જે આપનાથી પહેલાના રસૂલોને કહેવામાં આવી હતી. બેશક, આપનો પરવર– દિગાર બહુ બખ્શનારો તેમજ દુ:ખદાયક શિક્ષા આપનારો પણ છે. (૪૩)

હુઝૂર (સલ.)ને દિલાસો આપ્યો છે કે, એ લોકો કુર્આનને જાદૂ તથા આપને જાદૂગર વગેરે કહીને જે જે ઇજાઓ પહોંચાડે છે, તે કંઇ નવી વાત નથી. દરેક કાળના કાફિરોએ નબીઓ સાથે એવું જ કર્યું છે કે, નબીઓની શુભેચ્છકતાના મુકાબલામાં તેઓ સદા સતાવતા જ રહ્યા, છતાં નબીઓએ ધીરજ રાખી સહન કર્યું; માટે આપ પણ સબર કરો. પરિણામે કેટલાક લોકો ઇમાન લાવશે, તેમને અલ્લાહપાક માફ કરશે અને કેટલાક કુફ્ર પર

કાયમ રહેશે તો તેઓને શિક્ષા આપશે.

અને જો અમે એને બીજી ભાષાનું કુર્આન બનાવ્યું હોત તો અલબત્ત, તેઓ કહી નાખત કે એની આયતો (અરબીમાં) સ્પષ્ટ કેમ બયાન કરવામાં ન આવી ? શું પરભાષાની કિતાબ અને (અમારી ભાષા) અરબી ! (એ કંઈ વાજબી છે ? પણ) આપ ફરમાવી દો કે આ જે (કુર્આન) ઈમાનવાળાઓ માટે હિદાયત અને (દિલોના) રોગ દૂર કરનાર છે; પણ જેઓ યકીન લાવતા નથી તેઓના કાનોમાં બોજા (રૂપે) છે, અને આ કુર્આન તેઓના હકમાં અંધાપો છે. એ લોકો (એવા છે જાણે) કોઈ દૂરની જગ્યાથી પુકારવામાં આવતા હોય. (૪૪)

માણસને કોઈ વાત હઠધર્મીથી માનવી ન હોય તો તેમાં હજાર બહાના કાઢે છે. મતાના કાફિરોએ કંઈ ન બન્યું તો એ જ બહાનું કાઢયું કે કુર્આન અરબી સિવાય અન્ય કોઈ ભાષામાં ઉતર્યું હોત તો અમે એને મુઅજિઝો માનત, પરંતુ કદાચને એવું થયું હોત તો જૂઠાડવા માટે એવું કહી નાખત કે વાહ ! અમારી ભાષા તો અરબી છે, પણ કિતાબ એવી ભાષામાં મોકલી, જેને અમે સમજી શકીએ નહિ.

નકામી શંકાઓનો તો કદી અંત આવશે જ નહિ, પરંતુ આ પવિત્ર કિતાબ પોતાના સાચા માનનારા અને પાકા અનુયાયીઓને કેવી હિદાયત અને સૂઝ આપે છે તથા તેઓના વર્ષોના દિલી રોગોને કેવી રીતે નાબૂદ કરે છે, તેનો અનુભવ પ્રત્યેક માણસ કરી શકે છે.

ઘૂવડની આંખો સૂર્યના પ્રકાશથી અંજાઈ જાય છે, તેવી જ રીતે એ કાફિરોને કુર્આનનો પ્રકાશ કંઈ જ દેખાતો નથી. એમાં કુર્આનની શું ખામી ? તેઓને જોઈએ કે પોતાની આંખોની ખામી સમજીને ઈલાજ કરે.

કોઈને બહુ દૂરથી પુકારવામાં આવે તો સાંભળતો જ નથી અથવા સાંભળે તો સમજી શકતો નથી. તેવી જ રીતે આ કાફિરો કુર્આનની સત્યતાથી એટલા દૂર છે કે સત્યનો અવાજ દિલના કાને સાંભળતા નથી અને કદાચ સાંભળી લે તો મૂળ મતલબ સમજી શકતા નથી.

કુરઆન બાબતે હઠધર્મી :

નિઃશંક ! જે લોકો અમારી આયતોમાં વંકાઈને ચાલે છે (એટલે કે અમારી આયતોનો તકાદો એ છે કે, તેના ઉપર ઈમાન લાવવામાં આવે અને તેના ઉપર કાયમ રહેવામાં આવે, તેઓ તેને છોડીને તેને જૂઠાડે છે. -દૂર્રે મન્થૂર, કતાદહ) તે લોકો અમારાથી છૂપા નથી (તેમને અમે જહન્નમનો અઝાબ આપીશું). બસ, ભલા તે વ્યક્તિ જે જહન્નમમાં નાંખવામાં આવે (જેમકે કાફિર) તે સારો છે અથવા તે વ્યક્તિ જે કિયામતના દિવસે શાંતિ અને સલામતીની સાથે (જન્નતમાં) આવે ? (આગળ તેમને ડરાવવા માટે ઈરશાદ છે કે) જે મન ચાહે (ખૂબ) કરી લો, તે તમારું સઘળું કરેલું જોઈ રહ્યો છે (સમય આવ્યે સજા આપશે). જે લોકો આ કુરઆનનો જ્યારે કે તે તેમની પાસે પહોંચે છે, ઈન્કાર કરે છે (તેમનામાં પોતે વિચારશક્તિની ખામી છે) અને (આ કુરઆનમાં કોઈ ખામી નથી. કારણ કે) આ (કુરઆન) મહાન અજોડ કિતાબ છે. જેમાં અસત્ય વાત ન તેની આગળની તરફથી આવી શકે છે, અને ન જ તેની પાછળથી તરફથી (એટલે કે તેના કોઈ પાસામાં અને કોઈ વિભાગમાં અસત્યની સંભાવના સુદ્ધાં નથી. કારણ કે આ કુરઆન અલ્લાહ તઆલા તરફથી ઉતારેલું છે અને પછી અસત્ય વાતને કેવી રીતે અલ્લાહ તઆલા તરફથી ઉતારેલું કહી દેવામાં આવે ? જેવી રીતે કે કાફિરો આપ (સલ.) ઉપર એવી જ શંકા કરતા હતા. અલ્લાહ તઆલાએ એક કાયમી નિયમ પ્રમાણે આ શંકાને દૂર કરી દીધી અને તે એ રીતે કે તેનું સન્માન દરેક સમીપ સ્વીકાર્ય છે એટલા માટે એ સાબિત થઈ ગયું કે) આ હિકમતવાળા સઘળા વખાણવાળા (અલ્લાહ તઆલા) તરફથી નાઝિલ કરવામાં આવી છે (અને તે છતાં જે રીતે આ લોકો તમને જૂઠાડી રહ્યા છે.... તો એ જાણીને સાંત્વના પ્રાપ્ત કરી લો કે) તમને તે જ વાતો (જૂઠાડવાની અને કષ્ટ પહોંચાડવાની) કહેવામાં આવે છે, જે તમારા અગાઉના રસૂલોને કહેવામાં આવી છે (તેમણે ધૈર્ય દાખવ્યું હતું, તમે પણ સબ્ર કરો અને તેનાથી સાંત્વના પ્રાપ્ત કરો કે) તમારો પરવરદિગાર મહાન માફીવાળો અને દર્દનાક સજા આપનારો છે. (બસ, જો આ વિરોધીઓ

વિરોધથી અટકીને માફીના હકદાર ન થયા તો તેમને સજા પણ આપીશ, પછી તમે પરેશાન ન થાઓ) અને (આ લોકો એક શંકા એવી કરે છે કે, કુર્‌આનનો અમુક ભાગ અજમી પણ હોવો જોઈતો હતો, જેમકે તફસીરે દૂર્રે મન્થૂરમાં કુરૈશનું આવું નિવેદન હઝરત સઈદ ઈબ્ને ઝુબૈર (રદી.)થી નકલ કરવામાં આવ્યું છે, જેનાથી તેનું સન્માન ખૂબ જાહેર થયું હોત કે નબીએ કરીમ (સલ.) જો અજમી ભાષા નથી જાણતા તો અજમી -બિનઅરબ ભાષામાં વાતચીત કરે. બસ, વાત એમ છે કે) જો અમે તેને (સંપૂર્ણ અથવા અમુક) અજમી (ભાષાનું) કુર્‌આન બનાવ્યું હોત (તો એવું કદાપિ ન થયું હોત કે તેને તેઓએ તેને માની લીધું હોત, બલ્કે તેમાં એક પ્રકારની બહાનાબાજી કરી હોત. કારણ કે જ્યારે માનવાનો અને સમજવાનો ઈરાદો જ ન હોય તો કોઈને કોઈ બહાનું શોધી જ કાઢવામાં આવે છે. તેથી જો એવું થયું હોત) તો તેઓ એવું કહેતા હોત કે તેની આયતો (એ રીતે) સાફ સાફ કેમ વર્ણન કરવામાં ન આવી (કે અમે સમજી લીધી હોત એટલે કે અરબીમાં કેમ ન આવી ? જો અમુક અજમી હોત તો તેઓએ એવું કહ્યું હોત કે હવે આ કુર્‌આન તો અરબીમાં છે, અજમી કેમ નથી ? અને જો અજમી હોત તો એવું કહેત કે, અરબી કેમ નથી ? કોઈ પણ હાલતમાં તેમને શાંતિ નથી, પછી તેના અજમી હોવાનો શું લાભ થયો હોત ! આ વિષયનો જવાબ આપવા માટે હુકમ થાય છે કે, હે પયગમ્બર (સલ.) ! તમે કહી આપો કે આ કુર્‌આન ઈમાનવાળાઓ માટે તો (નેક કામો બતાવવામાં) માર્ગદર્શક છે અને (બૂરા કામોથી જે રોગ દિલોમાં પેદા થઈ જાય છે, જ્યારે આ કુર્‌આનના માર્ગદર્શન ઉપર અમલ કરવામાં આવે છે, તો આ તે રોગોનો) ઉપચાર છે. (બસ, કારણ કે ઈમાનવાળાઓમાં સમજશક્તિ અને સત્ય પ્રાપ્ત કરવાની કમી ન હતી, તેમના હકમાં કુર્‌આન પોતાની હક્કાનિય્યતના કારણે લાભદાયક સાબિત થયું) અને જેઓ (સત્ય જાહેર થવા છતાં દુશ્મનાવટના કારણે) ઈમાન નથી લાવતા તેમના કાનોમાં ડાટા છે (જેનાથી સત્ય અને ન્યાય તથા સમજશક્તિ દ્વારા નથી સાંભળતા અને તે કમી આ જ છે) અને (આ ઉણપના કારણે) તે કુર્‌આન શરીફ તેમના હકમાં અંધાપો

છે (સમજશક્તિ ઓછી હોવાના કારણે તથા ન્યાયથી ન વર્તવાના કારણે પૂર્વગ્રહથી પીડાય છે અને પૂર્વગ્રહ હિદાયત સ્વીકારવામાં અવરોધરૂપ છે, બલ્કે તે વધારે ગુમરાહીનું કારણ બની જાય છે, અંધાપાનું કારણ હોવાનું આ જ વિધાન છે. જેમકે સૂર્ય દુનિયાને પ્રકાશ આપે છે, પરંતુ "ખફાશ" -ઉલ્લુને આંધળું કરી દે છે અને) આ લોકો (સત્ય વાત સાંભળવા છતાં જે રીતે લાભથી વંચિત રહે છે તેઓ એવા જ છે) જાણે કે કોઈ દૂરના સ્થળેથી પોકારવામાં આવી રહ્યા હોય (કે અવાજ તો સાંભળે છે, પરંતુ સમજતા નથી).

આધુનિક યુગમાં કુફ્ર અને ઈલ્હાદનું ગરમ બજાર :

આધુનિક યુગમાં એક તરફ તો દીન અને દીના હુકમોથી અજ્ઞાનતા અને ગફલત તેની પરાકાષ્ઠાએ પહોંચી ચૂકી છે. ભણેલા-ગણેલા લોકો ઘણી બધી જરૂરિયાતે દીનથી પણ નાવાકેફ રહે છે. બીજી બાજુ આધુનિક અલ્લાહ વિહોણા શિક્ષણ જેનો પાયો ભૌતિકતાની પૂજા ઉપર આધારિત છે, કંઈક તેની અસરથી વળી તેના ઉપર વિશેષમાં યુરોપના મુસ્તશ્રિકીનોએ ફેલાવેલ ઈસ્લામ વિરૂદ્ધની શંકાઓ અને સંદેહોથી પ્રભાવિત થઈને ઘણા એવા લોકોએ ઈસ્લામ અને ઈસ્લામના સિદ્ધાંતો ઉપર બહસ અને ગુપ્ત વાતચીત શરૂ કરી દીધી છે, જેને ઈસ્લાના સિદ્ધાંતો તથા તેની ગૌણ બાબતો અને કુર્આન તથા હદીષના જ્ઞાન સાથે કોઈ સબંધ નથી. તેમણે ઈસ્લામ વિશે જો કોઈ જાણકારી પણ પ્રાપ્ત કરી છે, તો યુરોપવાળા ઈસ્લામના દુશ્મનો પાસેથી પ્રાપ્ત કરી છે. આવા લોકોએ કુર્આન અને હદીષની "કતઈ નુસૂસે જરૂરિયહ"માં જાતજાતની ખોટી તા'વીલો કરીને ઈસ્લામી શરીઅતના સર્વસહમત અને કતઈ નુસૂસોથી સાબિત થયેલ હુકમોથી આડા ફંટાવાને ઈસ્લામની સેવા સમજી લીધી છે. જ્યારે તેમને કહેવામાં આવે છે કે આ ઉઘાડું કુફ્ર છે, તો તેઓ પ્રખ્યાત સિદ્ધાંતનો સહારો લઈને કહે છે કે, અમે આ હુકમના ઈન્કારી તો નથી, બલ્કે એક તા'વીલ કરી રહ્યા છે. એટલા માટે અમારા ઉપર આ કુફ્ર લાગુ પડતું નથી.

આથી સમયની તાતી જરૂરત સમજીને હઝરત મવલાના સય્યિદ અનવરશાહ કશ્મિરી (રહ.)એ આ મસ્અલાની તહકીક માટે આગવી કિતાબ લખી છે. જેનું નામ **"ઇકફારૂલ મુલ્હિદીન વલ્ મુતઅવ્વિલીન ફી શય્ઇમ મિન જરૂરિયાતિ દ્દીન"** છે. તેમાં દરેક વર્ગ, દરેક મસ્લકના ઉલમા અને ફુકહાના ખુલાસાથી સાબિત કર્યું છે કે, જરૂરિયાતે દીનમાં કોઈની તા'વીલ સ્વીકાર્ય નથી. અને આ તા'વીલ તેમના કુફ્ર ઉપર હોવાનું જાહેર કરવાથી અવરોધક નથી. આ કિતાબ અરબી ભાષામાં પ્રકાશિત થઈ છે. તેનો ખુલાસો ઉર્દૂ ભાષામાં **"કુફ્ર ઔર ઇસ્લામ કુર્આનકી રોશનીમેં"**ના નામથી પ્રકાશિત કર્યો છે અને અહકામુલ કુર્આનના પાંચમાં ભાગમાં તેનો ખુલાસો અરબી ભાષામાં વર્ણન કર્યો છે, તેને જોઈ શકાય છે. અત્રે તેનો ખુલાસો હઝરત શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દીસ દહેલ્વી (રહ.)ના એક લખાણ વડે નકલ કરવાને પૂરતું સમજવામાં આવે છે.

હઝરત શાહ અબ્દુલ અઝીઝ (રહ.)એ ફરમાવ્યું કે, કુર્આન પાકની આયતોમાં બાતિલ તા'વીલ કે જેને કુર્આનની પ્રસ્તુત આયતમાં ઈલ્હાદ કહેવામાં આવ્યો છે, તેના બે પ્રકારો છે. પ્રથમ તે બાતિલ તા'વીલ જે નુસૂસે કતઈય્યહ મુતવાતિરાહ અથવા કતઈ ઈજ્માઅના વિરૂદ્ધ હોય તો તે નિઃશંક કુફ્ર છે. બીજું એ કે તે એવી નુસૂસના વિરૂદ્ધ હોય, જો કે પેટાવિભાગ છે, પરંતુ યકીનની બિલ્કુલ નિકટ છે અથવા તો ઈજ્માએ ઉરફીના વિરૂદ્ધ હોય એવી તા'વીલ ગુમરાહી અને ફિસ્ક છે, કુફ્ર નથી. આ બંને પ્રકારની તા'વીલો ઉપરાંત બાકી તા'વીલો જે કુર્આન અને હદીષના શબ્દોમાં વિવિધ સંભાવનાઓ હોવાની બીના પર હોય, તે તા'વીલ સામાન્ય ફુકહાએ ઉમ્મતના ઈજ્તિહાદનું મેદાન છે, જે હદીષના ખુલાસાઓ વડે દરેક પરિસ્થિતિમાં સવાબ અને નેકીનું કાર્ય છે.

આયતોના પ્રસ્તુત ખુલાસાનો વિષય એ થયો કે જે લોકો પોતાને મુસલમાન જાહેર કરે છે તે લોકો ખુલીને કુર્આન શરીફનો ઈન્કાર તો નથી કરતા, પરંતુ કુર્આનની આયતોમાં બાતિલ તા'વીલો દ્વારા કામ લઈને તેને

એવા અર્થો સાથે જોડે છે, જે કુરઆન અને રસૂલે કરીમ (સલ.)ના કતઈ ખુલાસાઓથી વિરૂદ્ધ છે. તેમની હેરફેરથી પણ અલ્લાહ તઆલાએ પોતાની કિતાબને એવી સુરક્ષિત કરી દીધી છે કે, કોઈના પણ ઘડેલ અર્થ ચાલી શકતા નથી. કુરઆન અને હદીષની બીજી નુસૂસ અને ઉલમાએ ઉમ્મત તેમની ચાલને છતી કરી દે છે તથા સહીહ હદીષોના ખુલાસા પ્રમાણે કિયામત સુધી મુસલમાનોમાં એવી જમાઅત કાયમ રહેશે, જે હેરફેર કરનારાઓની હેરફેરનો પડદો ચીરીને કુરઆનના સહી અર્થોને સ્પષ્ટ કરી આપશે અને હેરફેર કરનારાઓ દુનિયાથી પોતાના કુફ્રને ગમે તેવું સંતાડે, પરંતુ અલ્લાહ તઆલાથી છૂપાવી શકાતું નથી અને જ્યારે અલ્લાહ તઆલા તેમના આ ષડયંત્રથી વાકેફ છે, તો તેમને તેની સજા મળવી પણ આવશ્યક છે.

"અઅ્જમીય્યુંવ વઅરબિય્ય" અરબ સિવાય જેટલી પણ કૌમો દુનિયામાં છે, તે બધા "અજૂમી" કહેવામાં આવે છે. અને જ્યારે તેના ઉપર હમ્ઝા વધારીને "અઅ્જમ" કહેવામાં આવે તો તેનો અર્થ જે કલામ ઉચ્ચ કક્ષાનું ન હોય તેને કહેવામાં આવે છે. એટલા માટે "અજમી" એવા વ્યક્તિને કહેવામાં આવે છે, જે અરબી નથી. ભલે તે ખૂબ ઉંચી વાત કરતો હોય અને "અઅ્જમી" તેને કહેવામાં આવે છે, જે ઉચ્ચ કક્ષાની વાત ન કરી શકતો હોય. *(કુર્તુબી)*

પ્રસ્તુત આયતમાં "અઅ્જમી" કહેવામાં આવ્યું છે, તેનો અર્થ એ થયો કે, જો કુરઆનને અરબી ભાષા સિવાય અન્ય ભાષામાં મોકલ્યું હોત તો અરબ કુરૈશ જેઓ કુરઆનના પ્રથમ શ્રોતા છે, તેમની એવી ફરિયાદ હોત કે આ કિતાબ અમારી સમજમાં આવતી નથી અને તાજ્જુબ પામી કહેતા હોત કે નબી તો અરબી છે અને કિતાબ અઅ્જમી છે, જે ઉચ્ચ કક્ષાનું કલામ નથી.

قُلْ هُوَ لِلَّذِيْنَ اٰمَنُوْا هُدًى وَّ شِفَآءٌ અત્રે કુરઆનના બે લક્ષણો બતાવવામાં આવ્યા છે. એક એ કે તે હિદાયત છે, જિંદગીના દરેક ક્ષેત્રમાં માનવીને એવો માર્ગ બતાવે છે, જે તેના માટે લાભદાયક અને ફાયદાકારક જ હોય.

બીજું એ કે તે શિફા (ઉપચાર) છે. કુર્‌આને કરીમનું બાતિનની બીમારીઓ એટલે કે કુફ્ર, શિર્ક, અભિમાન, અદેખાઈ, લોભ, લાલચ વગેરેની શિફા હોવું તો દેખીતું જ છે, બલ્કે જાહેર અને શારીરિક બીમારીઓથી શિફા હોવું પણ તેમાં સામેલ છે. જેમકે નજરે જોઈ શકાય છે કે, ઘણી બધી શારીરિક બીમારીઓનો ઈલાજ કુર્‌આની દુઆઓથી થાય છે અને તે સફળ થાય છે.

અર્થ એ છે કે, કારણ કે આ લોકો કુર્‌આનની હિદાયતોને સાંભળવા અને સમજવાનો ઈરાદો નથી રાખતા એટલા માટે જાણે તેમના કાન બહેરા છે અને આંખો આંધળી છે. તેમને હિદાયતની તઅલીમ આપવી એવું જ છે, જેમકે કોઈને ઘણે દૂરથી પોકારવામાં આવે કે તેના કાનો સુધી તેનો અવાજ જ ન પહોંચે.

(૫૬) દુન્યા અને આખિરતની ખેતીના સ્પષ્ટ ઉદાહરણો

مَنْ كَانَ يُرِيْدُ حَرْثَ الْاٰخِرَةِ نَزِدْ لَهٗ فِيْ حَرْثِهٖ ۚ وَمَنْ كَانَ يُرِيْدُ حَرْثَ الدُّنْيَا نُؤْتِهٖ مِنْهَا وَمَا لَهٗ فِي الْاٰخِرَةِ مِنْ نَّصِيْبٍ ۝٢٠ (شورىٰ:٢٠)

જે કોઈ આખિરતની ખેતી ચાહતો હોય તેના માટે તેની ખેતીને અમે વધારીશું અને જે કોઈ દુનિયાની ખેતી ચાહતો હોય તેને અમે તેમાંથી કંઈક આપીશું, પણ તેના માટે આખિરતમાં કાંઈ હિસ્સો નથી. (૨૦) *(સૂરહ શુરા)*

આખિરત ચાહનારને તેની નેકીનો અનેકગણો સવાબ આપીશું, પણ દુનિયાની ખાતર મહેનત કરનારને જેટલું તેની કિસ્મતમાં છે તેટલું તેને મળીને જ રહેશે. ફરી તે મહેનતનો આખિરતમાં કંઈ ફાયદો નથી.

દુન્યા અને આખિરતનો ફર્ક :

અને તે લોકો જેઓ દુનિયાની ઝાકઝમાળ અને નેઅમતો ઉપર ગર્વિષ્ઠ બની આખિરતને ભૂલાવી બેઠા છે અને એવું સમજે અને કહે છે કે, જો અમારા અમલ અલ્લાહ તઆલાની મરજી વિરૂદ્ધ હોત તો અમને આ રાહત અને આરામ કેમ આપે છે ? સારી રીતે સમજી લો કે, આવું સમજવું તેમની

ભૂલ છે. આ દુનિયાની દોલત અને નેઅમત અલ્લાહ તઆલાની ખુશીની દલીલ નથી, બલ્કે તેનું કારણ તો એ છે કે અલ્લાહ (દુનિયામાં) પોતાના બંદાઓ ઉપર (સામાન્ય રીતે) મહેરબાન છે (તે જ જાહેર નેઅમતના કારણે બધાને રોજી આપે છે, સ્વાસ્થ્ય અને તંદુરસ્તી આપે છે, જેમાં મસ્લિહતો અને હિકમતોની બીના પર ઓછું-વત્તું પણ હોય છે કે) જેને (જે પ્રમાણે) ઈચ્છે છે રોજી આપે છે (પરંતુ રોજી મળવી બધામાં સમાન બાબત છે) અને (દુનિયામાં આ નરમી અને મહેરબાનીથી એવું સમજી લેવું કે તેઓ સાચા તરીકા ઉપર છે અને આખિરતમાં પણ નરમી અને મહેરબાની તેમના ઉપર ચાલુ રહેશે, એ સદંતર ધોકો છે. ત્યાં તો તેમના દુષ્કર્મો ઉપર અઝાબ થશે, જે કોઈ અસંભવ વાત નથી. કારણ કે) તે (અલ્લાહ તઆલા) મહાશક્તિશાળી મહાબળવાન છે. (મતલબ કે તેમની બધી જ ખરાબીઓની જડ દુનિયા ઉપર ગર્વિષ્ઠ થવું છે. તેઓએ તેનાથી અટકી જવું જોઈએ અને આખિરતની ચિંતા કરવી જોઈએ. કારણ કે) જે વ્યક્તિ આખિરતની ખેતીનો ઈચ્છુક હોય, અમે તેમને તેની ખેતીમાં વધારો આપીશું (એટલે કે નેક અમલોની ખેતી અને તેના ઉપર મળનારો સવાબ તેનું ફળ છે અને તેની પ્રગતિ એ છે કે, તેનો સવાબ વધારે મળશે. જેમકે કુર્આનમાં ઈર્શાદ છે : એક નેકીનો બદલો દસ ગણો મળશે) અને જેઓ દુનિયાની ખેતીના ઈચ્છુક હોય (એટલે કે સમગ્ર અમલનો હેતુ અને મકસદ દુનિયાની માલમતા છે, આખિરત માટે કંઈ કોશિશ ન કરે) તો અમે તેને કંઈક દુનિયા (જો ઈચ્છીશું) આપી દઈશું અને આખિરતમાં તેનો કોઈ હિસ્સો નથી (કારણ કે તેની શરત ઈમાન છે, તે તેમનામાં નથી).

(૫૭) અલ્લાહપાકની સંપૂર્ણ કુદરત દર્શાવતા દાખલાઓ

وَمِنْ اٰيٰتِهِ الْجَوَارِ فِي الْبَحْرِ كَالْاَعْلَامِ ﴿٣٢﴾ اِنْ يَّشَاْ يُسْكِنِ الرِّيْحَ فَيَظْلَلْنَ
رَوَاكِدَ عَلٰى ظَهْرِهٖ ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّكُلِّ صَبَّارٍ شَكُوْرٍ ﴿٣٣﴾ اَوْ يُوْبِقْهُنَّ بِمَا

كَسَبُوْا وَيَعْفُ عَنْ كَثِيْرٍ ﴿٣٤﴾ وَّيَعْلَمَ الَّذِيْنَ يُجَادِلُوْنَ فِيْٓ اٰيٰتِنَا ؕ مَا لَهُمْ مِّنْ مَّحِيْصٍ ﴿٣٥﴾ (شورىٰ:૩૨-૩૫)

અને તેની નિશાનીઓ પૈકી એક એ છે કે, સમુદ્રમાં વહાણો ચાલે છે (જે ઊંચાઈમાં) જાણે પહાડ છે, (૩૨) જો તે ચાહે તો હવાને અટકાવી દે, તો વહાણ સમુદ્રની સપાટી પર જ સ્થિર રહી જાય. બેશક, એમાં દરેક ધીરજવાન ઉપકાર માનનાર માટે નિશાનીઓ છે. (૩૩) *(સૂરહ શૂરા)*

હવા પણ અલ્લાહના જ કબજામાં છે, જો પવનને તદ્દન બંધ કરી દે તો સઘળા વહાણ સમુદ્રની સપાટી પર જ્યાંને ત્યાં જ ઉભા રહી જાય. સારાંશ કે હવા-પાણી બધું જ તેના અધિકારમાં છે.

જે લોકો દરેક બાબતને પોતાની કાર્યકુશળતા તથા યુકિતનું પરિણામ સમજે છે, તેઓ પણ તે વખતે લાચાર રહી જશે અને કહેશે કે અલ્લાહ તઆલા જે કરે તે ખરું.

અથવા (જો ધારે તો) તે વહાણોને (જોશભેર પવન ફૂંકી) તેઓની બૂરી કરણીના સબબે ગારત કરી નાખે અને (તેમાંથી) ઘણાઓને માફ પણ કરી દે. (૩૪) અને (જો એમ કરે તો) જે લોકો અમારી કુદરતોમાં ઝઘડો કરે છે તેઓ પણ જાણી લે કે (હવે) તેઓના માટે નાસવાનો મોકો નથી. (૩૫) તો જે કંઈ વસ્તુ તમને આપવામાં આવી છે તે માત્ર દુનિયાની જિંદગીના ઉપયોગ માટે જ છે, પણ જે કંઈ અલ્લાહ તઆલાની પાસે છે તે એવા લોકો માટે બેહતર અને કાયમ રહેનાર છે, જેઓ ઈમાન લાવ્યા અને પોતાના પરવરદિગાર પર યકીન રાખે છે. (૩૬)

આ સઘળું સાંભળી માણસને જોઈએ કે અલ્લાહપાકને રાજી રાખવા પ્રયત્ન કરે. કારણ કે દુનિયાની વસ્તુઓનો ફાયદો જિંદગી સુધી જ છે. છતાં દુનિયાની કોઇ આરામની વસ્તુ એવી નથી, જેની પાછળ કંઈ ને કંઈ દુઃખ ન હોય. તંદુરસ્તી સાથે માંદગી, સુખ પછી દુઃખ, ખુશી પછી ગમી અને જિંદગી પછી મૌત લાગેલું છે, પરંતુ આખિરતનો સવાબ અને જન્નતની

નેઅમતો સદા રહેનાર છે. માટે તેની તલબમાં પૂરતી કોશિશ કરવી જોઈએ. જે વસ્તુથી કે જે કામથી દીનમાં ખામી આવે તે ખરાબ અને છોડી દેવા પાત્ર છે, પરંતુ દુનિયાની જે વાત કે કામથી દીનનો ફાયદો થાય તે બહુ જ ઉત્તમ છે.

કુદરતની નિશાની - વહાણો :

અને તેની (સંપૂર્ણ કુદરતની) નિશાનીઓમાં જહાઝ છે સમંદરમાં (એવા ઉંચા) જેમકે પહાડ. (ભાવાર્થ એ છે કે, તેમનું સમંદરમાં ચાલવું અલ્લાહ તઆલાની આશ્ચર્યજનક કારીગીરીની દલીલ છે, નહિતર) જો તે ઈચ્છે તો હવાને રોકી રાખે તો તે (જહાઝ) સમંદરની સપાટી ઉપર જ ઉભા રહી જાય (એ તેનું જ કામ છે કે હવાને ચલાવે છે અને તેનાથી તે જહાઝ ચાલે છે). બેશક ! તેમાં (કુદરત ઉપર દલીલો કરનારી) નિશાનીઓ છે દરેક સબ્ર કરનાર અને શુક્ર કરનાર (એટલે કે મુઅમિન) માટે. (તેનો ખુલાસો સૂરએ લુકમાનના અતિમ રુકૂઅમાં આ પ્રમાણેની આયત હેઠળ પસાર થઈ ચૂક્યો છે. મતલબ કે, જો તે ઈચ્છે તો હવાને થોભાવીને જહાઝને ઉભું કરી દે) અથવા (જો તે ઈચ્છે તો તેજ ગતિવાળી હવા ચલાવીને) તે જહાઝ(ના સવારો)ને તેમના (કુફ્ર અને શિર્ક જેવા ખરાબ) અમલોના કારણે તબાહ કરી દે અને (તેમનામાં) ઘણા વ્યક્તિઓથી દરગુઝર કરવામાં આવે (એટલે કે તે સમયે તેઓ ડૂબે નહીં, ભલે આખિરતમાં તેમને સજા મળે) અને (આ તબાહીના સમયે) તે લોકોને જેઓ અમારી આયતોમાં ઝઘડો કરે છે, ખબર થઈ જાય કે (હવે) તેમના માટે ક્યાંય બચાવ(નું સ્વરૂપ) નથી (એવા સમયે તેઓ પણ પોતાના આગેવાનોને લાચાર સમજે છે).

(૫૮) કુફ્રની ઝિંદગી હેતુ-મકસદ વગરની છે

إِنَّ اللّٰهَ يُدْخِلُ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ جَنّٰتٍ تَجْرِىْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ؕ وَالَّذِيْنَ كَفَرُوْا يَتَمَتَّعُوْنَ وَيَاْكُلُوْنَ كَمَا تَاْكُلُ الْاَنْعَامُ وَالنَّارُ مَثْوًى لَّهُمْ ﴿۱۲﴾ (محمد:۱۲)

બેશક, અલ્લાહપાક જે લોકો ઈમાન લાવ્યા અને ભલાં કામ કર્યાં તેમને (જન્નતના) એવા બગીચાઓમાં દાખલ કરશે જેમની નીચે નહેરો વહે છે; અને જે કાફિરો છે તે (દુનિયામાં) મોજ માણી રહ્યા છે અને (આખિરતથી) નચિંત (બની) એવું ખાય છે જેવું કે ઢોરો ખાય છે, પણ જહન્નમ તેઓનું ઠેકાણું છે. (૧૨) *(સૂરહ મુહમ્મદ)*

મુસલમાનોની શાન એ છે કે પોતાની ભૂખ મટાડવા પૂરતું ખાધા પછી અલ્લાહનો શુક્ર અને તેના વખાણ કરે છે, પરંતુ કાફિરો પશુઓ માફક ખાય છે. એટલે હરામ, હલાલ, પોતાનું કે પારકું, વધારે કે ઓછું કંઈ જ જોતા નથી અને લોભથી ખાયા જ કરે છે, પણ સમજતા નથી કે એ બધું અવળું નીકળશે. વારું, થોડા દિવસ મોજ માણી લો, અંતે દોઝખ તૈયાર જ છે.

અને ઘણીખરી વસ્તીઓ એવી હતી જે (દરેક પ્રકારના) બળમાં આપની આ વસતી કરતાં અધિક હતી કે જ્યાંના રહીશોએ આપને કાઢી મૂકયા, અમે તેઓનો નાશ કર્યો તો તેઓનો કોઈ સહાયક ન બન્યો. (૧૩)

હિજરત વખતે જ્યારે હુઝૂર (સલ.) મક્કા શરીફથી નીકળ્યા તો આપે પાછા ફરીને જોયું અને ફરમાવ્યું કે દુનિયાના તમામ શહેરોથી આ શહેર મને વધુ પસંદ છે. જો કુરૈશીઓએ બળજબરી કરી મને અહીંથી કાઢયો ન હોત તો હું કદી અહીંથી જાત નહિ. ત્યારે આ આયત ઉતરી કે એમના પહેલાં ઘણી બળવાન કૌમો પળવારમાં અતિ બુરા હાલથી હલાક થઈ છે. તેવી જ રીતે જો એ લોકો પણ શરારતથી અટકશે નહિ તો તેમની માફક જ ખુવાર થશે. ખરેખર, અલ્લાહ તઆલાનો વાયદો પૂરો થઈને રહ્યો કે મક્કાથી કાઢી મૂકનાર મોટા મોટા કાફિર સરદારો બદ્રની લડાઈમાં બુરી રીતે માર્યા ગયા. તેમજ જે મૂર્તિઓની હિમાયતમાં આપને મક્કા શરીફથી કાઢી મૂકયા હતા તે જ મૂર્તિઓને મક્કા ફતેહ થયું તે દિવસે તોડી નાખવામાં આવી ત્યારે તેનો કોઈ પૂજક કે રક્ષક રહેવા પામ્યો નહિ.

ત્યારે જે કોઈ પોતાના પરવરદિગાર તરફના સ્પષ્ટ માર્ગ પર હોય તે શું એવાઓના સમાન થઈ શકે છે ? જેઓને પોતાના દુષ્ટ કામ ભલા

દેખાયા અને તેઓ પોતાની મનેચ્છાઓ પ્રમાણે ચાલે છે. (૧૪)

સદ્‌બુદ્ધિપૂર્વક સત્યની સીધી સડક ઉપર બેધડક ચાલનાર અને સારા બુરાને નહિ સમજતાં મનેચ્છાઓ પાછળ આંધળો બની અંધકારોમાં ઠોકરો ખાનાર બંને સરખા થઈ શકતા જ નથી.

કુફ્રની ઝિંદગી જાનવરો જેવી :

બેશક ! અલ્લાહ તઆલા તે લોકોને જેઓ ઈમાન લાવ્યા અને એમણે સારા કામ કર્યા (જન્નતના) એવા બગીચાઓમાં દાખલ કરશે જેની નીચેથી નહેરો વહેતી હશે અને જે લોકો કાફિર છે તેઓ (દુનિયામાં) મોજમજા માણી રહ્યા છે અને એ રીતે (આખિરતથી નચિંત થઈને) ખાય(-પીએ) છે, જે રીતે ઢોરો ખાય છે (કે તેઓ વિચારતા નથી કે તમને કેમ ખવડાવવામાં-પીવડાવવામાં આવે છે અને અમારા માથે તેનો શું હક વાજિબ છે ?) અને જહન્નમ તે લોકોનું ઠેકાણું છે (અને ઉપર જે કાફિરોનું દુનિયામાં ઐયાશી કરવાનું વર્ણન થયું તેનાથી તમારા વિરોધીઓ ધોકો ન ખાય બેશે અને ન જ તમારે તેમની એ ગફલત ઉપર કંઈ દિલગીરી કે ભય સેવવો જોઈએ, જે તેમના વિરોધનું કારણ બન્યું છે. એટલે સુધી કે તેમણે તમને તંગ કરીને મક્કામાં રહેવા દીધા નથી. કારણ કે) ઘણી બધી વસ્તીઓ એવી હતી, જે શક્તિ (એટલે કે શારીરિક શક્તિ અને આર્થિક શક્તિ તથા હોદ્દા મરતબા)માં તમારી આ વસ્તીથી વધેલી હતી. જ્યાંના રહેનારાઓએ તમને તમારા ઘરથી બેઘર કરી દીધા કે અમે તેમનો (અઝાબથી) નાશ કરી નાંખ્યો. બસ, તેમનો કોઈ મદદગાર ન થયો (તો આ બીચારા શું વસ્તુ છે !? તેમણે ઘમંડી ન બનવું જોઈએ. કારણ કે જ્યારે અલ્લાહ તઆલા ઈચ્છે તેમની સફાઈ કરી શકે છે અને તમે તેમના અમુક દિવસના ઐશ આરામથી દિલગીર ન થાઓ. કારણ કે અલ્લાહ તઆલા પોતાના નિશ્ચિત સમયે તેમને પણ સજા આપવાનો છે) તો જે લોકો પોતાના પરવરદિગારના સ્પષ્ટ (દલીલથી સાબિત થયેલ) માર્ગ ઉપર હોય શું તે તે વ્યક્તિઓની જેમ હોઈ શકે છે, જેમના દુષ્કૃત્યો તેમને ભલા જણાતા હોય છે અને જેઓ પોતાની મનેચ્છાઓ

ઉપર ચાલે છે (એટલે કે જ્યારે તે બંને પક્ષોના અમલોમાં તફાવત છે, તો તેમના અંજામમાં પણ તફાવત આવશ્યક છે. સત્યવાળાઓને સવાબ અને જૂઠાઓ ક્રોધ અને અઝાબના હકદાર છે).

(૫૯) જન્નતની નેઅમતોના વિવિધ ઉદાહરણો

مَثَلُ الْجَنَّةِ الَّتِيْ وُعِدَ الْمُتَّقُوْنَ ؕ فِيْهَآ اَنْهٰرٌ مِّنْ مَّآءٍ غَيْرِ اٰسِنٍ ۚ وَاَنْهٰرٌ مِّنْ لَّبَنٍ لَّمْ يَتَغَيَّرْ طَعْمُهٗ ۚ وَاَنْهٰرٌ مِّنْ خَمْرٍ لَّذَّةٍ لِّلشّٰرِبِيْنَ ۚ وَاَنْهٰرٌ مِّنْ عَسَلٍ مُّصَفًّى ؕ وَلَهُمْ فِيْهَا مِنْ كُلِّ الثَّمَرٰتِ وَمَغْفِرَةٌ مِّنْ رَّبِّهِمْ ؕ كَمَنْ هُوَ خَالِدٌ فِي النَّارِ وَسُقُوْا مَآءً حَمِيْمًا فَقَطَّعَ اَمْعَآءَهُمْ ﴿۱۵﴾ (મુહમ્મદ:૧૫)

જે જન્નતનો પરહેઝગારોથી વાયદો કરવામાં આવે છે તેની સ્થિતિ એ છે કે તેમાં અનેક નહેરો એવા પાણીની છે, જે(ના કોઈ ગુણ)માં જરાએ તફાવત નહિ થાય અને ઘણી નહેરો દૂધની છે જેનો સ્વાદ સ્હેજ પણ બદલાયેલો હશે નહિ, અને ઘણી નહેરો શરાબની છે કે જે પીનારાઓ માટે અતિ સ્વાદિષ્ટ હશે, અને ઘણી નહેરો ચોખ્ખા મધની છે; અને તેમના માટે ત્યાં દરેક પ્રકારના ફળો હશે અને તેમના પરવરદિગાર તરફથી (ગુનાહોની) બખ્શિશ છે, (એવા લોકો શું) તેઓના બરાબર થઈ શકે છે ? જેઓ સદા જહન્નમમાં રહેશે અને તેઓને છછરતું પાણી પિવડાવવામાં આવશે તો તે તેઓના આંતરડાં કાપી નાખશે. (૧૫)

જન્નતમાં જે પાણીની નહેર છે, તે મધથી મીઠું અને દૂધથી વધુ સફેદ છે અને તેના સ્વાદ કે રંગ અથવા વાસમાં કંઈ જ ફેર પડતો નથી. તેમજ ભવિષ્યમાં પણ કદી બદલાશે નહિ; જેમ કે દુનિયાના પાણીમાં વધારે થોભવાથી અથવા અન્ય વસ્તુ ભળી જવાથી બદલાઈ જાય છે, તેમજ દુનિયામાં દૂધ ખાટું થઈ જાય છે, ફાટી જાય છે તેવું ત્યાં નહિ થાય. દુનિયાની શરાબમાં કંઈ લઝઝત નહિ હોવા ઉપરાંત તેમાં અનેક ખરાબીઓ છે, પરંતુ ત્યાંની શરાબ અતિ સ્વાદિષ્ટ અને બહુ લઝઝતવાળી હોવા ઉપરાંત દરેક પ્રકારની ખરાબીઓ વિનાની છે. દુનિયામાં મધને ગાળવું પડે છે તેવું ત્યાં

નથી, બલ્કે મીણ અને મેલથી સ્વચ્છ છે. આ ચારે પ્રકારના ઉપયોગી અને લાભદાયી પીણાંની નહેરો દરકે જન્નતીના મકાનમાં હશે અને કેટલાકને ત્યાં વધારે પણ હશે.

સઘળી ભૂલો માફ કરી જન્નતમાં દાખલ કરશે. ત્યાં ગયા પછી તે ભૂલોનું નામ પણ લેવામાં આવશે નહિ કે જેથી દિલગીરી થાય તેમજ ભવિષ્યમાં કોઈ વાત પર પકડ નહિ થાય.

છછરતું પાણી જહન્નમીઓના પેટમાં જશે તો આંતરડાં કપાઈને નીચેથી નીકળી પડશે.

જન્નતની નહેરો :

જેનું વર્ણન એ છે કે, જે જન્નતનો પરહેઝગારોને વાયદો કરવામાં આવે છે, તેનું સ્વરૂપ એ છે કે તેમાં ઘણી બધી નહેરો તો એવા પાણીની છે, જેમાં જરાય ફેરફાર થશે નહીં (ન તો સ્વાદમાં, ન તો ગંધમાં અને ન જ રંગમાં). અને ઘણી બધી નહેરો દૂધની છે, જેનો સ્વાદ જરાય બદલાયેલો હશે નહીં અને ઘણી બધી નહેરો શરાબની છે, જે પીનારાને ઘણી સ્વાદિષ્ટ જણાશે અને ઘણી બધી નહેરો મધની છે, જે બિલકુલ (અશુદ્ધિથી પાક) સાફ હશે અને તેમના માટે ત્યાં દરેક પ્રકારના ફળ હશે (અને તેમાં દાખલ થતા પહેલાં) તેમના પરવરદિગાર તરફથી (ગુનાહોની) બખ્શિશ થશે. શું એવા લોકો તેમના જેવા હોઈ શકે છે જેઓ હંમેશા દોઝખમાં રહેશે ? અને ઉકળતું પાણી તેમને પીવા માટે આપવામાં આવશે, તો તે તેમના આંતરડાઓના ટૂકડે ટૂકડા કરી નાંખશે.

મસ્અલા અને બોધપાઠ :

દુનિયાનું પાણી ક્યારેક રંગમાં, ક્યારેક સ્વાદમાં અને ક્યારેક ગંધમાં બદલાતું હોય છે. એ જ પ્રમાણે દુનિયાનું દૂધ બગડી જાય છે અને એ જ પ્રમાણે દુનિયાની શરાબ સ્વાદમાં કડવી હોય છે. માત્ર અમુક ફાયદાઓ માટે તેને પીવામાં આવે છે. જેમકે તમાકુ કડવું હોવા છતાં તેને લોકો ખાય છે, પછી તેની ટેવ પડી જાય છે. જન્નતના પાણી, દૂધ અને શરાબ વિશે

બતાવવામાં આવ્યું કે તે બધા આવા ફેરફારો અને બેસ્વાદના લક્ષણોથી ખાલી છે અને જન્નતનું બીજા નુકસાનો તથા ગેરલાભોથી ખાલી હોવું સૂરએ સાફ્ફાતની આયતમાં આવ્યું છે : لَا فِيْهَا غَوْلٌ وَّلَا هُمْ عَنْهَا يُنْزَفُوْنَ એ જ પ્રમાણે દુનિયાના મધમાં મીણ અને મેલ અને અશુદ્ધિ મળેલી હોય છે. જન્નતની નહેરમાં મધનું શુદ્ધ અને સ્વચ્છ હોવું બતાવવામાં આવ્યું છે. સાચી વાત એ છે કે, જન્નતની નહેરોના ચારે પ્રકારો પાણી, દૂધ, શરાબ અને મધ પોતાના વાસ્તવિક અર્થમાં છે, વિના કારણે તેનો રૂપક સ્વરૂપે અર્થ લેવાની આવશ્યકતા નથી, અલબત્ત એ વાત જાહેર છે કે જન્નતની વસ્તુઓને દુનિયાની વસ્તુઓ ઉપર અનુમાનિત કરી શકાતી નથી, ત્યાંની દરેક વસ્તુના સ્વાદ અને મજા કંઈક અલગ પ્રકારના હશે, જેનો દુનિયામાં કોઈ દાખલો ઉપસ્થિત નથી.

(૬૦) જિહાદનો હુકમ અને મુનાફિકોની ગભરામણનો દાખલો

وَيَقُوْلُ الَّذِيْنَ اٰمَنُوْا لَوْلَا نُزِّلَتْ سُوْرَةٌ ۚ فَاِذَآ اُنْزِلَتْ سُوْرَةٌ مُّحْكَمَةٌ وَّذُكِرَ فِيْهَا الْقِتَالُ ۙ رَاَيْتَ الَّذِيْنَ فِيْ قُلُوْبِهِمْ مَّرَضٌ يَّنْظُرُوْنَ اِلَيْكَ نَظَرَ الْمَغْشِيِّ عَلَيْهِ مِنَ الْمَوْتِ ۭ فَاَوْلٰى لَهُمْ ۝ (محمد:٢٠)

અને ઈમાનવાળા કહે છે કે (લડાઈ વિશે) કોઈ સૂરત કેમ ન ઉતરી ? ફરી જ્યારે એક સ્પષ્ટ મતલબની સૂરત ઉતરી અને તેમાં લડાઈનું વર્ણન થયું તો જેઓના દિલોમાં (દંભનો) રોગ છે તેઓને આપ જુઓ છો કે, તેઓ આપના તરફ એવા માણસની માફક તાકી રહે છે જે મૃત્યુની મૂર્છામાં સપડાયો હોય. તો (હવે) તેઓની ખરાબી (આવી લાગી) છે. (૨૦)

(સૂરહ મુહમ્મદ)

મુસલમાનો એક સૂરત માંગતા હતા એટલે કાફિરોની સતામણીથી લાચાર થઈ એવું ઈચ્છતા હતા કે અલ્લાહ તઆલા જિહાદનો હુકમ આપે તો બની શકે તેટલું કરી નાખીએ, પણ જ્યારે જિહાદ (ધર્મયુદ્ધ)નો હુકમ

આવ્યો તો મુનાફિકોને તથા કેટલાક કાચા મુસલમાનોને ભારે લાગ્યું તો મરનાર માણસની પેઠે ફીકી પડી ગયેલી આંખોથી નબી (સલ.) તરફ જોતા હતા કે કદાચ આ હુકમથી અમને વિમુક્ત કરે તો કેવું સારું થાય ! અતિશય બીક વખતે પણ મૃત્યુ વેળાની માફક આંખો ફીકી પડી જાય છે.

હવે મુનાફિકોની દગાબાજી જાહેર થવા અને આફતમાં સપડાવાનો સમય આવી લાગ્યો છે.

તાબેદારી અને ભલી વાત કરવું (બહેતર) છે. ફરી જ્યારે (જિહાદના) કામની તાકીદ હોય ત્યારે જો અલ્લાહપાકના સમક્ષ સાચા રહે તો તેઓના માટે બેહતર છે. (૨૧)

એ લોકો જાહેરમાં ફરમાંબરદારીનો ડોળ કરી ઇસ્લામ તથા તેના હુકમોનો જો કે સ્વીકાર કરે છે, પણ મુદ્દો એ છે કે અલ્લાહપાક અને રસૂલ (સલ.)ના હુકમો પર દિલથી અમલ કરે અને યોગ્ય વાત કહે, પછી જિહાદ વગેરે બાબતોમાં કામની તાકીદ અને દબાણ આવે ત્યારે પણ અલ્લાહપાકની સમક્ષ તેઓ સાચા ઠરે તો એમાં જ તેઓનો લાભ છે. નહિ તો જાહેરમાં શરીઅતનો હુકમ નહિ માનવાથી તો માણસ કાફિર થઇ જાય છે. માટે દરેક રીતે માનવો જ જોઇએ. વળી, રસૂલ જાણે છે કે નામર્દોને લડાવવાથી શું લાભ ? પણ જ્યારે બહુ જ તાકીદ આવી પડે તો તે વખતે સૌને લડવું જરૂરી થશે, નહિ તો લડનારા ઘણા છે. એમાં ગભરાવાની શું જરૂર ?

ફરી શું તમારાથી એ પણ સંભવિત નથી કે જો તમને સત્તા મળી જાય તો દેશમાં ખરાબી નાખો, અને પોતાના સગપણના સંબંધો તોડી નાખો ? (૨૨)

પ્રાણથી તંગ આવીને અત્યારે તો જિહાદની અભિલાષા કરો છો ખરા, પણ જો અલ્લાહ તઆલા તમને ફતેહમંદ કરે તો પછી ફસાદ કરશો નહિ, કારણ કે સામાન્ય રીતે લોકો સત્તા અને સંપત્તિના નશામાં ન્યાય અને સદાચારને તિલાંજલી આપી દે છે. લોભ વધી જતા ગરજ સારવા માટે અનેક ઝઘડાઓ ઉત્પન્ન કરે છે, જેથી એક બીજાના સંબંધો તૂટી સામાન્ય ફિત્નો ફેલાય છે. તો તમે તેવું કરશો નહિ.

આ તે જ લોકો છે કે જેઓના ઉપર અલ્લાહે લઅ્નત કરી છે, પછી તેઓને બહેરા બનાવી દીધા; અને તેઓની આંખો આંધળી કરી નાખી. (૨૩)

સત્તાના ગર્વમાં અત્યાચાર કરવા લાગ્યા તો ફરી કોઈના સમજાવવાથી સમજ્યા નહિ તો અલ્લાહ તઆલાની ફિટકારે પાષણ હૃદયી બનાવી દીધા. એનું જ નામ આંધળા બહેરા થવું છે. એ બધું તેઓની જ ખરાબીથી થયું.

શું આ લોકો કુર્આનમાં વિચાર કરતા નથી અથવા તેઓના દિલો પર તાળાં લાગેલાં છે ? (૨૪)

તૌબા વિના ગુનાહ પર ગુનાહ કરતા રહેવાથી આખા દિલ પર અંધકાર છવાઈ જાય છે. ફરી નસીહત કામ નથી લાગતી. તેને જ તાળું ફરમાવ્યું છે, પરંતુ જો તેઓને તવફીક મળી હોત તો સહેલાઈથી સમજી લેત કે જિહાદમાં દીન-દુનિયાના બધા લાભ સમાયેલા છે.

મુનાફિકો - જિહાદ :

અને જે લોકો ઈમાન લાવવાના છે તેઓ (તો હંમેશા એ વાતના ઉત્સાહી રહે છે કે અલ્લાહ તઆલાનું કલામ ઔર વધારે નાઝિલ થાય જેથી ઈમાન તાજું થાય અને નવા નવા હુકમો આવે તો તેનો સવાબ પણ પ્રાપ્ત કરે અને જો પાછલા હુકમોની તાકીદ હોય તો ઔર વધારે સાબિતીઓ મળે અને આ ઉત્સાહમાં) કહેતા રહે છે કે કોઈ (નવી) સૂરત કેમ નાઝિલ ન થઈ ? (જો નાઝિલ થાય તો ઈચ્છા પૂરી થાય) બસ, જે સમયે કોઈ સાફ સાફ (વિષયવાળી) સૂરત નાઝિલ થાય છે અને (સંજોગવસાત્) તેમાં જિહાદનું પણ (સ્પષ્ટ) વર્ણન હોય છે, તો જે લોકોના દિલોમાં (નિફાક-દોગલાપણાંની) બીમારી છે, તમે તે લોકોને જુઓ છો કે તેઓ આપના તરફ એ રીતે (ભયાનક નજરોથી) જુએ છે, જેમકે કોઈના ઉપર મોતની મૂર્છાવસ્થા છવાઈ હોય (એ રીતે જોવાનું કારણ ડર અને કાયરતા છે કે હવે આપણા ઈમાનના દા'વાઓને નિભાવવા માટે જિહાદમાં જવું પડ્યું અને મુસીબત આવી પડી અને તેઓ આ રીતે અલ્લાહ તઆલાના હુકમથી છટકબારીઓ શોધે છે) બસ, (મૂળ વાત એ છે કે) નજીકમાં જ તેમની કમ્બખ્તી આવવાની છે

(ભલે દુનિયામાં પણ કોઈ વબાલમાં સપડાય, નહિતર પછી આખિરતમાં તો અવશ્ય છે જ. અને ભલે તે ફુરસદમાં હોય તેઓ આજ્ઞાપાલનની અને ખુશામતની ઘણી વાતો બનાવ્યા કરે છે, પરંતુ) તેમની આજ્ઞાપાલન અને વાતચીત(ની હકીકત) ખબર છે (જે હવે યુદ્ધના હુકમના સમયે તેમની પરિસ્થિતિથી બધા ઉપર જાહેર થઈ ગયું) જ્યારે સમગ્ર કામ (અને યુદ્ધનો બધો સામાન) તૈયાર જ થઈ જાય છે તો (તે સમયે પણ) જો આ લોકો (અલ્લાહ ઉપર ઈમાનના દા'વામાં) અલ્લાહ સાથે સાચા રહ્યા હોત (એટલે કે ઈમાનના દા'વાના તકાદાઓ ઉપર અમલ કરતા હોત, જેમાં શરીઅતના બધા જ સામાન્ય હુકમો અને ખાસ જિહાદના હુકમો સામેલ છે. અને જો સાચા દિલથી જિહાદ કર્યો હોત) તો તેમના માટે ઘણું સારું થયું હોત. (એટલે કે ભલે શરૂઆતમાં મુનાફિક હતા અને અંતે આ નિફાકથી તવબહ કરી લીધી હોત, તો પણ તેમનું ઈમાન સ્વીકૃત બની ગયું હોત અને તેમનો અંત નિફાક ઉપર ન સમજવામાં આવ્યો હોત. કારણ કે મોતના સમય પહેલાં પહેલાં સાચા દિલની તવબહ સ્વીકૃતિ પ્રાપ્ત છે.

اَمۡ حَسِبَ الَّذِيۡنَ فِىۡ قُلُوۡبِهِمۡ مَّرَضٌ اَنۡ لَّنۡ يُّخۡرِجَ اللّٰهُ اَضۡغَانَهُمۡ માં શબ્દ ''અદ્‌ગાન'' એ ''દગન''નું બહુવચન છે, જેનો અર્થ ગુપ્ત દુશ્મની, ઈર્ષ્યા અને મનમાં મેલ રાખવાનો થાય છે. મુનાફિકો જેઓ ઈસ્લામનો દાવો કરતા હતા તથા જાહેરમાં રસૂલે કરીમ (સલ.) સાથે મહોબ્બતનો દેખાડો અને ગુપ્તપણે દુશ્મનાવટ અને મનમાં મેલ રાખતા હતા, તેમના વિશે નાઝિલ થયું કે આ લોકો અલ્લાહ રબ્બુલ આલમીનને આલિમુલ ગયૂબ (ગુપ્ત વાતોનો જાણકાર) જાણવા છતાં એ વાતથી કેમ નચિંત છે કે, અલ્લાહ તઆલા તેમના ગુપ્ત રહસ્યો અને ગુપ્ત અદાવતોને લોકો ઉપર જાહેર કરી આપે. ઈબ્ને કષીર (રહ.)એ ફરમાવ્યું કે, અલ્લાહ તઆલાએ સૂરએ બરાઅતમાં તેમના આવા અમલો, પ્રવૃત્તિઓ અને હરકતોની જાણ કરી દીધી, જેનાથી મુનાફિકોના દોગલાપણાની જાણ થઈ જાય અને તેઓ ઓળ ખાય જાય. એટલા જ માટે સૂરએ બરાઅતને ''ફાઝિહહ'' પણ કહેવામાં

આવે છે. એટલે કે ''અપમાનિત કરનાર'' કારણ કે તેમાં મુનાફિકોની ખાસ ખાસ નિશાનીઓ જાહેર કરી દેવામાં આવી છે.

وَلَوْ نَشَآءُ لَاَرَيْنٰكَهُمْ فَلَعَرَفْتَهُمْ بِسِيْمٰهُمْ એટલે કે જો અમે ઇચ્છીએ તો તમને મુનાફિકો વીણી વીણીને બતાવી આપીએ અને તેમનો એવો વેશ બતાવીએ, જેનાથી તમે દરેક મુનાફિકને વ્યકિતગત રીતે ઓળખી લો. કુર્આને આ વિષયને ''લવ'' શબ્દ દ્વારા વર્ણન કર્યો છે, જેનો ઉપયોગ એવી શરત માટે થાય છે, જે ઉપસ્થિત ન થયું હોય. એટલા માટે આયતનો અર્થ એ થાય છે કે, જો અમે ઇચ્છયું હોત તો દરેક મુનાફિક તમને વ્યકિતગત રીતે નિશ્ચિત કરીને બતાવી આપ્યા હોત, પરંતુ અમે હિકમત અને હિત તથા પોતાના ધૈર્ય અને સહનશીલતાના કારણે તેમને એ રીતે અપમાનિત કરવાનું પસંદ કર્યું નહીં, જેથી નિયમ એ કાયમ રહે કે તેમની બધી જ પ્રવૃત્તિઓને તેમના જાહેર જીવન ઉપર લાગુ પાડવામાં આવે અને તેમની અંતરમનની પરિસ્થિતિ તથા દિલમાં છુપાવેલ ગુપ્ત બાબતોને માત્ર સર્વજ્ઞ અને બધી જ ખબર રાખનાર અલ્લાહ તઆલાને સોંપવામાં આવે. અલબત્ત તમને અમે એવી સમજણ આપી દીધી છે કે, તમે મુનાફિકને પોતે તેમની વાતચીતથી ઓળખી લો. وَلَتَعْرِفَنَّهُمْ فِيْ لَحْنِ الْقَوْلِ નો આ જ ભાવાર્થ છે. *(ઇબ્ને કથીર)*

હઝરત ઉસ્માન બિન અફ્ફાન (રદી.)એ ફરમાવ્યું કે, જે વ્યકિત કોઈ વસ્તુ પોતાના દિલમાં છુપાવે છે, અલ્લાહ તઆલા તેને તેના ચહેરાથી અને તેની ભાષાની ઢબથી જાહેર કરી આપે છે. એટલે કે વાતચીત દરમિયાન તેનાથી અમુક એવા વાકયો નીકળી જાય છે, જેનાથી તેના દિલનું રહસ્ય જાહેર થઈ જાય છે. એવી જ એક હદીષ શરીફમાં આવ્યું છે કે, જે વ્યકિત પોતાના દિલમાં કોઈ વાત છુપાવે છે, અલ્લાહ તઆલા તેના અસ્તિત્વ ઉપર તે વસ્તુની ચાદર ઓઢાડી દે છે. જો તે વસ્તુ કોઈ સારી ભલી છે, તો તે જાહેર થઈને રહે છે અને જો બુરી છે, તો તે પણ જાહેર થઈને રહે છે. અમુક હદીષની રિવાયતોમાં એવું પણ આવ્યું છે કે, મુનાફિકોની એક

જમાઅતની આપ (સલ.)ને વ્યકિતગત રીતે જાણકારી પણ આપી દેવામાં આવી હતી, જેમકે મુસ્નદે અહમદમાં ઉકબા બિન અમ્ર (રદી.)ની હદીષમાં છે કે, આપ (સલ.)એ એક ખુત્બામાં ખાસ ખાસ મુનાફિકોના નામ લઈને તેમને મજલિસમાંથી ઉઠાડી મૂકયા, તેમાં ૪૬ વ્યકિતઓના નામ ગણવામાં આવ્યા છે. *(ઇબ્ને કષીર)*

(૬૧) ગીબત (કુથલી) કરનારનો અત્યંત ભૂંડો દાખલો

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اجْتَنِبُوْا كَثِيْرًا مِّنَ الظَّنِّ ۫ اِنَّ بَعْضَ الظَّنِّ اِثْمٌ وَّلَا تَجَسَّسُوْا وَلَا يَغْتَبْ بَّعْضُكُمْ بَعْضًا ؕ اَيُحِبُّ اَحَدُكُمْ اَنْ يَّاْكُلَ لَحْمَ اَخِيْهِ مَيْتًا فَكَرِهْتُمُوْهُ ؕ وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ تَوَّابٌ رَّحِيْمٌ ﴿۱۲﴾ (حجرات:۱۲)

હે ઈમાનવાળાઓ ! ઘણીખરી ધારણાઓથી દૂર રહો, કેમ કે કેટલીક ધારણાઓ પાપ હોય છે અને કોઈ(ના ઐબ)ની જાસૂસી ન કરો અને એક-બીજાની ગીબત (નિંદા) ન કરો. શું તમારામાંથી કોઈને આ (કૃત્ય) ગમે છે કે તે પોતાના મરેલા ભાઈનું માંસ ખાય ? એને તો તમે તિરસ્કાર પાત્ર ગણો છો અને અલ્લાહપાકથી ડરતા રહો. બેશક, અલ્લાહ તઆલા તૌબા કબૂલ કરનાર મહા દયાળુ છે. (૧૨) *(સૂરહ હુજરાત)*

કોઈના માટે બુરું ગુમાન કરવું તેમજ કોઈનો ભેદ જાણવા કોશિશ કરવી અને કોઈની નિંદા કરવી કદી કોઈ પણ ઠેકાણે દુરુસ્ત નથી; પરંતુ જેમાં દીનનો ફાયદો હોય અને પોતાનો અંગત હેતુ કંઈ જ ન હોય ત્યાં દુરુસ્ત છે. કોઈની વાત તેની ગેરહાજરીમાં એવી રીતે કરવી કે જો તે સાંભળે તો તેને ખરાબ લાગે એ જ ગીબત છે, પણ પેલા માણસમાં જે વાત ન હોય તે વિશે કહેવું એ તો ગીબત નહિ, બલકે બોહતાન છે, જે બહુ સખત ગુનોહ છે. ગીબત કરવાને મરેલા ભાઈનું માંસ ખાવા સમાન ફરમાવ્યું, કેમ કે મરેલા સાથે જે વર્તણૂક થાય છે, તેની તેને ખબર હોતી નથી; તે જ પ્રમાણે જેની નિંદા થઈ તે ગીબત કરનારને તેમજ શું શું નિંદા કરી તેને જાણતો નથી.

વળી, એથી એ પણ જણાયું કે માણસનું માંસ હરામ છે, તેવી જ રીતે કોઈની આબરૂ લેવી પણ હરામ છે. જે પ્રમાણે માંસ કાપવું જીવતા માણસને દુઃખદાયી છે તે જ પ્રમાણે તેની આબરૂ પર હાથ નાખવું પણ દુઃખદાયક છે. માટે એ મહાન ગુનાહથી અળગા રહેવું જોઈએ.

જેના દિલમાં અલ્લાહપાકનો ડર હોય તે જ ઉપરોક્ત ઉપદેશોને માન્ય રાખશે. માટે પ્રત્યેક મુસ્લિમે ખરેખર, અલ્લાહપાકથી ડરવું જોઈએ અને આ મનાઈ કરેલા આચરણોની પાસે પણ ન જવું જોઈએ અને તે પહેલાં જે કંઈ ભૂલો થઈ હોય તેની ખરા દિલથી તૌબા કરે તેમજ જેની ગીબત કરી હોય તેનાથી માફી માંગે અને જો માફી માંગવાનું અસંભવિત બની ગયું હોય તો તેના માટે ઈસ્તિગફાર કર્યા કરે તેમજ તૌબા પણ કરે તો આશા છે કે અલ્લાહ તઆલા માફ કરી દેશે.

ગીબત - અખ્લાક :

હે ઈમાનવાળાઓ ! અમુક ધારણાઓથી બચ્યા કરો, કારણ કે અમુક પ્રકારની ધારણાઓ ગુનાહ હોય છે (એટલા માટે પૂર્વગ્રહ અને ધારણાઓ અને અનુમાનોના જેટલા પ્રકાર છે, તે બધા પ્રકારોના હુકમોની તહકીક કરી લો કે, કયું અનુમાન જાઈઝ છે અને કયું નાજાઈઝ ? પછી જાઈઝની મર્યાદામાં રહો) અને (કોઈની ખામીની) ખણખોદ ન કર્યા કરો અને કોઈની ગીબત પણ ન કર્યા કરો. (આગળ ગીબતની નીંદા છે કે) શું તમારામાં કોઈ એવી વાતને પસંદ કરે છે કે, પોતાના મૃત ભાઈનું માંસ ખાઈ લે ? તેને તો તમે (અવશ્ય) ખરાબ સમજો છો (તો સમજી લો કે કોઈ ભાઈની ગીબત પણ એ જ પ્રમાણે છે) અને અલ્લાહપાકથી ડરતા રહો (ગીબત છોડી દો, તવબહ કરી લો) બેશક ! અલ્લાહપાક તવબહ કબૂલ કરનારો ઘણો મહેરબાન છે.

મસ્અલા અને બોધપાઠ :

આ આયત પણ પરસ્પરના હકો અને સામાજિક શિષ્ટાચાર વિશેના હુકમો ઉપર આધારિત છે. એમાં પણ ત્રણ વસ્તુઓને હરામ ઠરાવવામાં આવી છે. પ્રથમ પૂર્વગ્રહ જેની વિગત આગળ આવે છે, બીજું કોઈની ગુપ્ત

વાત જાણવા ખણખોદ કરવી, એટલે કે ગુપ્ત ખામીઓનો ભેદ જાણવા પ્રયત્ન કરવો. ત્રીજું ગીબત, એટલે કે કોઈ ગેરહાજર વ્યક્તિ વિશે કોઈ એવી વાત કહેવી કે જો તે સાંભળે તો તેને નાપસંદ પડે. પ્રથમ વસ્તુ એટલે કે ધારણાનો અર્થ ચોક્કસ બાંધી લીધેલું અનુમાન છે. તેના વિશે કુર્આને કરીમે પ્રથમ તો એ કહ્યું કે, ઘણા બધા અનુમાનોથી બચ્યા કરો. પછી તેનું કારણ એ બતાવ્યું કે અમુક ધારણાઓ ગુનાહ હોય છે, જેનાથી જાણ થઈ કે દરેક પ્રકારની ધારણાઓ ગુનોહ નથી, તો આ હુકમ સાંભળનારાઓ ઉપર એની તહકીક કરવી ફરજ થઈ ગઈ કે કઈ ધારણા ગુનોહ છે, જેથી તેનાથી બચે અને જ્યાં સુધી કોઈના વિશે બાંધી લીધેલી ધારણાનું જાઈઝ હોવાની જાણ ન થઈ જાય તેની પાસે પણ ન જાય. ઉલમા અને ફુકૂહાએ એની વિગતો વર્ણન કરી છે. કુર્તુબીએ કહ્યું કે, ''ઝન''નો અર્થ ''તોહમત'' છે. એટલે કે કોઈ વ્યક્તિ ઉપર કોઈ મજબૂત દલીલ વિના કોઈ તોહમત અથવા ઐબ અથવા ગુનાહનો સંબંધ જોડવો ઈમામ અબૂબક્ર જસ્સાસ (રહ.)એ ''અહકામુલ કુર્આન''માં એક ઠોસ વિગત એ રીતે લખી છે કે, તેના ચાર પ્રકારો છે : એક હરામ છે, બીજી ફરજ છે, ત્રીજી મુસ્તહબ અને ચોથી મબાહ અને જાઈઝ છે. હરામ ધારણા એ છે કે, અલ્લાહ તઆલાની સાથે એવો પૂર્વગ્રહ બાંધી રાખે કે તે મને અઝાબ જ આપશે અથવા મુસીબતમાં જ રાખશે, એ રીતે કે અલ્લાહ તઆલાની મગફિરત અને રહમતથી જાણે કે હતાશ અને નિરાશ છે. હઝરત જાબીર (રદી.)થી રિવાયત છે કે, રસૂલે કરીમ (સલ.)એ ફરમાવ્યું : **"લા યમુતન્ન અહદુકુમ ઈલ્લા વહુવ યુહ્સીનુઝ ઝન્ન બિલ્લાહિ"** તમારામાંથી કોઈને ત્યાં સુધી મૌત ન આવવી જોઈએ કે તેની અલ્લાહ તઆલા સાથે સારી ધારણા હોય.

اَيُحِبُّ اَحَدُكُمْ اَنْ يَّاْكُلَ لَحْمَ اَخِيْهِ مَيْتًا આ આયતે કોઈ મુસલમાનની આબરૂ લેવાને, તેને અપમાનિત કરવાને અને તેને તુચ્છ સમજવાને તેનો માંસ ખાવા બરાબર ઠરાવવામાં આવ્યું છે. જો તેની સામે તે વ્યક્તિ હાજર હોય તો એવું છે, જે રીતે કે કોઈ જીવીત માનવીનો માંસ બચકા મારી મારીને ખાઈ જવો. એને કુર્આને કરીમમાં 'લમ્ઝ'થી ઓળખાવીને હરામ

ઠરાવવામાં આવ્યું છે. જેમકે હમણા ઉપર આવી ચૂક્યું لَا تَلْمِزُوٓا۟ اَنْفُسَكُمْ અને આગળ આવશે, وَيْلٌ لِّكُلِّ هُمَزَةٍ لُّمَزَةٍ અને તે વ્યક્તિ ગેરહાજર હોય તેની પાછળ તેના વિશે એવી વાત કહેવી જેનાથી તેની આબરૂનું નીલામ થાય અને તે નીચ સમજવામાં આવે એ એવું છે જેમકે મરેલા માણસનું માંસ ખાવામાં આવે કે જે રીતે મૃત વ્યક્તિનો માંસ ખાવાથી મરેલા વ્યક્તિને કોઈ શારીરિક ઈજા નથી થતી, એવું જ આ ગેરહાજર વ્યક્તિને જ્યાં સુધી ગીબતની ખબર નથી થતી, તેને પણ કોઈ તકલીફ નથી થતી. પરંતુ જેમ કોઈ મૃત મુસલમાનનો માંસ ખાવો હરામ અને ઘણી જુગુપ્સાપ્રેરક બાબત અને ઘૃણાસ્પદ કામ છે, એ જ પ્રમાણે ગીબત હરામ પણ છે અને જુગુપ્સા-પ્રેરક તથા ઘૃણાસ્પદ પણ છે. પીઠ પાછળ કોઈની બુરાઈ કરવી બહાદૂરીનું કામ નથી.

આ આયતમાં ખોટી ધારણા (પૂર્વગ્રહ) અને જાસૂસી તથા ગીબત ત્રણ વસ્તુઓ હરામ હોવાનું વર્ણન છે, પરંતુ ગીબત હરામ હોવાની વધારે કાળજી ફરમાવવામાં આવી કે તેને કોઈ મૃત મુસલમાનના માંસ ખાવા સાથે સરખાવી તેના હરામ હોવાનું તથા તે ખૂબ જ જુગુપ્સાપ્રેરક અને ઘૃણાસ્પદ હોવાનું સ્પષ્ટ કરવામાં આવ્યું. એની હિકમત એ છે કે, કોઈની સામે તેની ખામીઓ જાહેર કરવી પણ જો કે કષ્ટ પહોંચાડવાની બીનાએ હરામ છે, પરંતુ તેનો બચાવ તે વ્યક્તિ પોતે પણ કરી શકે છે અને બચાવના ભયથી દરેકની હિંમત પણ નથી હોતી અને તે સ્વાભાવિક રીતે વધારે લાંબો સમય રહી પણ નથી શકતું. તેનાથી વિપરીત કે ત્યાં કોઈ બચાવ કરનાર પણ નથી. દરેક નાનાથી નાનો વ્યક્તિ મોટાથી મોટા માણસની ગીબત કરી શકે છે અને કારણ કે કોઈ બચાવ કરનાર નથી હોતો, એટલે આ સીલસીલો સામાન્ય રીતે લાંબો ચાલે છે અને એમાં સંડોવણી પણ વધારે થાય છે. એટલા માટે ગીબત હરામ હોવાનું સ્પષ્ટ કરવામાં આવ્યું અને સામાન્ય મુસલમાનો ઉપર ફરજ કરવામાં આવ્યું કે, જે સાંભળે તે પોતાના હાજર ન હોય એવા ભાઈ તરફથી પોતાની શક્તિ પ્રમાણે બચાવ કરે અને બચાવની શક્તિ ન હોય તો ઓછામાં ઓછું એને સાંભળવાથી બચે. કારણ કે ગીબતને ઈરાદાપૂર્વક અને સ્વેચ્છાએ

સાંભળવું પણ એવું જ છે, જેમકે પોતે ગીબત કરવી.

(૬૨) સહાબાએ કિરામની ફઝીલતો અને વિશિષ્ઠતાના દાખલાઓ

مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ ؕ وَالَّذِيْنَ مَعَهٗۤ اَشِدَّآءُ عَلَى الْكُفَّارِ رُحَمَآءُ بَيْنَهُمْ تَرٰىهُمْ رُكَّعًا سُجَّدًا يَّبْتَغُوْنَ فَضْلًا مِّنَ اللّٰهِ وَرِضْوَانًا ۫ سِيْمَاهُمْ فِيْ وُجُوْهِهِمْ مِّنْ اَثَرِ السُّجُوْدِ ؕ ذٰلِكَ مَثَلُهُمْ فِي التَّوْرٰىةِ ۚۖ وَمَثَلُهُمْ فِي الْاِنْجِيْلِ ۚۛ كَزَرْعٍ اَخْرَجَ شَطْـَٔهٗ فَاٰزَرَهٗ فَاسْتَغْلَظَ فَاسْتَوٰى عَلٰى سُوْقِهٖ يُعْجِبُ الزُّرَّاعَ لِيَغِيْظَ بِهِمُ الْكُفَّارَ ؕ (ફત્હ:૨૯)

મુહમ્મદ (સલ.) અલ્લાહ તઆલાના રસૂલ છે અને જે લોકો એમના સોબતી છે તેઓ કાફિરો પર ભારે હોઈ માંહોમાંહે દયાળુ છે, તેમને આપ રુકૂઅ–સિજદા કરતાં જોશો કે તેઓ અલ્લાહની કૃપા અને ખુશનુદી શોધતા રહે છે. તેમની ઓળખાણ સિજદાના અસરથી તેમના મુખો પર જ છે. તેમની એ જ મિસાલ તવરાતમાં (વર્ણન થઈ) છે, પણ ઈન્જીલમાં તેમની મિસાલ એ (વર્ણન કરી) છે કે જાણે ખેતીએ (તેના તુલે) પોતાની અણી કાઢી. ફરી તેણે (ખોરાક ચુસી) તેને પુષ્ટિ આપી. પછી તે વધુ જાડી થઈ. પછી તે પોતાના થડ પર સીધી ઊભી થઈ ગઈ, જે ખેડૂતોને અચરજ પમાડે છે (તો સહાબીઓને એમ જ ક્રમિક ચડતી આપી) કે જેથી તેઓ (મુઅમિનો) વડે કાફિરોને બળાપામાં નાખે.૨ જે લોકો ઈમાન લાવ્યા અને નેક કામ કરે છે તેમને અલ્લાહપાકે (આખિરતમાં) ક્ષમા અને મહાન સવાબનો વાયદો આપ્યો છે. (૨૯)

માણસમાં સખતી કે નરમીની જે ખસલત હોય તે દરેક ઠેકાણે સરખી જ જાહેર થાય છે, પરંતુ જે કોઈ ઈમાનની બરકતથી સુધરી જાય તે સખ્તી અને નરમી બન્નેનો પોતપોતાના સ્થળે જ ઉપયોગ કરે છે. સહાબા (રદિ.)નો પણ એ જ હાલ હતો કે માંહોમાંહે અતિ માયાળુ અને કાફિરોના મુકાબલામાં ઘણા સખત હતા. વળી, તહજ્જુદની નમાઝોના અસરથી તથા ભલી નિય્યતે

તેમના ચહેરાઓ પર એક પ્રકારનું નૂર હતું. તે નૂરથી જ લોકોમાં સહાબા (રદિ.) તરત ઓળખાઈ જતા હતા. તવરાતમાં સહાબા (રદિ.)ની નિશાની એ જ પ્રમાણે લખેલી હતી. ગેરમુસ્લિમો સાથે ઉપકાર–સદ્‌વર્તનની છૂટ છે, એ શરતે કે તેઓ તમને દીનમાં ઢીલા ન સમજે. ઈન્જીલમાં ઈસ્લામ અને મુસલમાનોની સ્થિતિ ખેતીના દૃષ્ટાંતરૂપે વર્ણન કરી છે. એટલે જે પ્રમાણે પ્રથમ ખેતીનો ફણગો ફૂટે ત્યારે તે કમજોર હોય છે, ફરી ધીમે ધીમે જોર પકડી છોડ કે ઝાડ થઈ જાય છે. તે જ પ્રમાણે પ્રથમ ઈસ્લામ પર એક જ માણસ હતો, ફરી બે થયા, પછી ધીમે ધીમે સંખ્યા વધી બળ વધતું ગયું. હુઝૂર (સલ.)ના આખરી વખતમાં અને ખલીફાઓના સમયમાં જેટલું બળ વધ્યું હતું તે કોઈથી છૂપું નથી. ઈમાનવાળા સત્કાર્યો કરનારાઓને આ વાયદો આપ્યો. હુઝૂર (સલ.)ના અસહાબી સૌ જ એવા નેક હતા, પરંતુ બંદો નિડર થવા પામે નહિ, તેથી અલ્લાહ તઆલા કોઈને સ્પષ્ટ ખુશખબરી આપતો નથી, છતાં માલિકના તરફથી એટલી શાબાશી કંઈ ઓછી નથી.

આગલા આકાશી પુસ્તકોમાં સહાબાએ કિરામના શાનદાર ઉદાહરણો :

મુહમ્મદ (સલ.) અલ્લાહના રસૂલ છે (આ સ્થળે મુહમ્મદુર્રસૂલુલ્લાહનું આખું વાક્ય લાવવાથી એ તરફ ઈશારો છે કે હઠાગ્રહી અજ્ઞાનીઓએ તેમના નામની સાથે રસૂલુલ્લાહ લખવાનું પસંદ ન કર્યું હતું, તો એની શું પરવા કરવી ? અલ્લાહે આ કલિમહ આપના નામની સાથે લખી દીધો, જે કિયામત સુધી પઢવામાં આવશે. આગળ આપના અનુયાયી સહાબએ કિરામ (રદી.)ની શ્રેષ્ઠતા અને તેમના માટે ખુશખબરી પ્રસ્તુત છે કે) જે લોકો આપનો સંગાથ પામેલા છે (આ શબ્દમાં બધા જ સહાબએ કિરામ રદી. સામેલ છે. ભલે તેમને લાંબો સમય સંગાથનો પ્રાપ્ત થયો હોય અથવા ઓછો, જે સહાબા (રદી.) હુદૈબિય્યહમાં આપ (સલ.)ની સાથે હતા, તેઓ ખાસ કરીને તેના લક્ષ્ય સ્વરૂપે છે. ખુલાસો એ છે કે બધા જ સહાબએ કિરામ (રદી.)નું આ વિશિષ્ટ લક્ષણો સાથે વર્ણન કરવામાં આવ્યું છે કે)

તેઓ કાફિરોના મુકાબલામાં તેજ તર્રાર છે (અને) પરસ્પર રહમદિલ છે (અને) હે શ્રોતા ! તું એમને જોઈશ કે ક્યારેક રુકૂઅ્ કરી રહ્યા છે, ક્યારેક સિજ્દહ કરી રહ્યા છે (અને) અલ્લાહપાકની કૃપા અને તેનો રાજીપા (એટલે કે સવાબ અને તેની નિકટતા)ની શોધખોળમાં લાગેલા રહે છે. તેઓ(ની અબ્દિય્યત)ના ચિહ્નો (તેમના) સિજ્દહની અસરથી તેમના ચહેરાઓ ઉપર જાહેર છે. (ભાવાર્થ તે ખુશૂઅ્ અને ખુજૂઅ્ના નૂરની અસર છે, જે મુઅમિન મુત્તકીના ચહેરા ઉપર સામાન્ય રીતે અવલોકન કરી શકાય છે) આ તેમના (પ્રસ્તુત) લક્ષણો તવરાતમાં છે અને ઈન્જીલમાં તેમના આ લક્ષણ (ઉપસ્થિત) છે કે જેમકે ખેતી કે તેણે (પ્રથમ જમીનમાંથી) પોતાની અણી (કુંપળ) કાઢી, પછી (માટી, પાણી, હવા વગેરેથી ખોરાક પામી) તેને મજબૂત કરી (એટલે કે એ ખેતી મજબૂત થઈ ગઈ), પછી તે ખેતી વધારે જાડી થઈ અને પોતાના થડ ઉપર સીધી ઊભી થઈ ગઈ કે (પોતાના હર્યાભર્યા હોવાથી) ખેડૂતોને ભલી જણાવા લાગી, (એ જ પ્રમાણે સહાબા રદી.માં પ્રથમ કમજોરી હતી, પછી દરરોજ તેમની શક્તિ વધતી ગઈ અને અલ્લાહપાકે સહાબએ કિરામ (રદી.)ને આ દબદબો એટલા માટે આપ્યો) જેથી તેઓ(ની હાલત)થી કાફિરોને (ઈર્ષ્યાની અગ્નિમાં) સળગાવી દે (અને આખિરતમાં) તે લોકોને કે જેઓ ઈમાન લાવ્યા છે અને નેક કામ કરી રહ્યા છે (ગુનાહોની) માફી અને (આજ્ઞાપાલન ઉપર) મહાન સવાબનો વાયદો કરી રાખ્યો છે.

ذٰلِكَ مَثَلُهُمْ فِي التَّوْرٰىةِ ۚ وَمَثَلُهُمْ فِي الْاِنْجِيْلِ ۚ كَزَرْعٍ اَخْرَجَ شَطْئَهٗ સહાબએ કિરામ (રદી.)ની જે નિશાની ઉપર વર્ણન કરવામાં આવી છે "અને સિજદ્દહ અને નમાઝોનું નૂર તેમની પેશાનીઓની નિશાની છે." આ આયતમાં ફરમાવ્યું કે તેમની આ જ મિસાલ તવરાતમાં વર્ણન કરવામાં આવી છે. પછી ફરમાવ્યું કે ઈન્જીલમાં તેમનું એક ઉદાહરણ એ આપવામાં આવ્યું છે કે તેઓ એવા છે, જેમકે કોઈ ખેડૂત જમીનમાં બીજ ઉગાડે તો પ્રથમ તે એક કમજોર કુંપળ સ્વરૂપે જાહેર થાય છે, પછી તેમાં ડાળીઓ નીકળે છે, પછી તે વધારે મજબૂત થાય છે, પછી તેનું મજબૂત થડ બની જાય છે. એ જ

પ્રમાણે નબીએ કરીમ (સલ.)ના સહાબાઓ શરૂઆતમાં ઘણા ઓછા હતા, એક સમય એવો હતો કે રસૂલે કરીમ (સલ.) સિવાય માત્ર ત્રણ મુસલમાનો હતા. પુરુષોમાં હઝરત સિદ્દીકે અકબર(રદી.), સ્ત્રીઓમાં હઝરત ખદીજા (રદી.) અને બાળકોમાં હઝરત અલી (રદી.). પછી ધીમે ધીમે તેમની શક્તિ વધતી રહી, એટલે સુધી કે હજ્જતુલ વદાઅ્ના પ્રસંગે રસૂલે કરીમ (સલ.)ની સાથે હજ્જમાં સામેલ થનારાઓની સંખ્યા દોઢ લાખ જેટલી બતાવવામાં આવી છે. આ આયતમાં ત્રણ સંભાવનાઓ છે : એક એ કે فِي التَّوْرٰىةِ ઉપર થોભવામાં આવે અને પાછલું ઉદાહરણ એટલે કે ચહેરાઓનું નૂરએ તવરાતની નિશાનીના હવાલાથી વર્ણન થયું. مَثَلُهُمْ فِي الْاِنْجِيْلِ ઉપર થોભવામાં ન આવે, બલ્કે મિલાવીને પઢે તો અર્થ એ થશે કે, સહાબાનું દૃષ્ટાંત ઈન્જીલમાં તે ખેતી અથવા ઝાડ જેવું છે, જે શરૂઆતમાં ખૂબ કમજોર હોય છે, પછી ધીમે ધીમે એ મજબૂત અને કદાવર થઈ જાય છે.

બીજી સંભાવના એ છે કે, فِي التَّوْرٰىةِ ઉપર થોભવામાં ન આવે, બલ્કે فِي الْاِنْجِيْلِ ઉપર થોભવામાં આવે, તો અર્થ એ થશે કે ઉપરોકત વર્ણન કરેલ નિશાનીઓ ચહેરાનું નૂર વગેરે તવરાતમાં પણ છે અને ઈન્જીલમાં પણ; તથા આગળ كَزَرْعٍ ના દૃષ્ટાંતને એક અલગ ઉદાહરણ ઠરાવવામાં આવે. ત્રીજી સંભાવના એ છે કે, فِي التَّوْرٰىةِ ઉપર વાત પૂર્ણ ન થાય, ન જ فِي الْاِنْجِيْلِ ઉપર; અને શબ્દ ذٰلِكَ (ઝાલિક)થી આગલા ઉદાહરણ તરફ ઈશારો હોય તો અર્થ એ થશે કે તવરાત અને ઈન્જીલ બંનેમાં સહાબા (રદી.)નું ઉદાહરણ زَرْع એટલે કે ખેતી સ્વરૂપે આપવામાં આવ્યું છે. જો આ યુગમાં તવરાત અને ઈન્જીલ પોતાની અસલી હાલતમાં હોત તો તેમને જોઈને કુર્આનનો ભાવાર્થ નિશ્ચિત થઈ ગયો હોત, પરંતુ તેમાં હેરફેરનો ક્રમ ઘણો બધો રહયો છે. એટલા માટે કોઈ ચોક્કસ ફૈસલો થઈ શકતો નથી, પરંતુ તફસીરકારોએ આ જ સંભાવનાને અગ્રિમતા આપી છે. જેનાથી પ્રથમ ઉદાહરણ તવરાતમાં અને બીજું ઈન્જીલમાં હોવાનું જણાય છે. ઈમામ બગવી (રહ.)એ ફરમાવ્યું કે, સહાબએ કિરામ (રદી.)નું આ ઉદાહરણ ઈન્જીલમાં છે કે શરૂઆતમાં તેઓ થોડા હશે, પછી વધશે અને મજબૂત

થશે. જેમકે હઝ. કતાદહ (રહ.)એ ફરમાવ્યું કે, સહાબએ કિરામ (રદી.)નું આ ઉદાહરણ ઈન્જીલમાં લખવામાં આવ્યું છે કે, એક કૌમ એવી નીકળશે, જે ખેતીની જેમ વધશે અને તેઓ નેક કામોનો હુકમ કરશે અને બુરા કામોથી રોકયા કરશે. *(મઝહરી)* હાલના સમયની તવરાત અને ઈન્જીલમાં અસંખ્ય હેરફેર છતાં આ આગાહી નીચે પ્રમાણેના શબ્દોમાં ઉપસ્થિત છે. તવરાતના (Deut 33:2)માં નીચે પ્રમાણે વર્ણન જોવા મળે છે, જેના શબ્દો આ પ્રમાણે છે :

''ખુદાવંદ સિનાઈથી આવ્યા અને શઈરથી તેમના ઉપર પ્રગટ થયા, તે ફારાન પર્વત ઉપરથી ઝળક્યા, દસ હજાર સંતો સાથે આવ્યા અને તેમના જમણા હાથમાં એક આગ જેવી શરીઅત તેમના માટે હતી, તેઓ પોતાના લોકોથી ઘણી મુહબ્બત રાખે છે, તેમના સૌ સંતો તારા હાથ અને તે તારા કદમો પાસે બેઠા છે, તારી વાત માનશે.''

આ પ્રથમ જાણ થઈ ચૂકી છે કે મક્કા વિજય સમયે સહાબા (રદી.)ની સંખ્યા દસ હજાર હતી, જેઓ ફારાનથી ઉગનારા એક પ્રકાશિત અસ્તિત્વ (હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) સાથે અલ ખલીલ (હેબ્રોન) શહેરમાં દાખલ થયા હતા. તેમના હાથમાં ''આગ જેવી શરીઅત હશે'' તેને اَشِدَّآءُ عَلَى الْكُفَّارِ શબ્દો તરફ ઈશારો જોવા મળે છે અને ''પોતાના લોકોથી મહોબ્બત કરશે''ના શબ્દોથી رُحَمَآءُ بَيْنَهُمْ નો વિષય સમજવામાં આવે છે. તેની પૂરી વિગત બીજા હવાલાઓ સાથે ''ઈઝ્હારૂલ હક્ક'' ત્રીજા ભાગમાં છઠ્ઠા પ્રકરણના પેજ નં. ૨૫૬ ઉપર છે. આ કિતાબ ખ્રીસ્તીઓની વાસ્તવિકતાને સ્પષ્ટ કરવા માટે મવલાના રહમતુલ્લાહ કૈરાનવી (રહ.)એ પાદરી ફાઉન્ડરના મુકાબલામાં લખી હતી. આ કિતાબમાં ઈન્જીલના દષ્ટાંતનું આ રીતે વર્ણન છે, મેથ્યુ ૩:૩૧-૩૨ જેના શબ્દો આ પ્રમાણે છે :

''તેમણે એક અન્ય દષ્ટાંત તેમની સામે રજુ કરીને કહ્યું કે આસમાનોની બાદશાહી આ રાઈના દાણા સમાન છે અને જેમકે કોઈ વ્યક્તિએ તેને

લઈને ખેતીમાં વાવી દીધી, તે બધા બીજમાં નાનું તો છે, પરંતુ જ્યારે વધે છે, તો બધી વનસ્પતિથી મોટું અને એવું ઝાડ બની જાય છે કે, હવાના પક્ષીઓ આવીને તેની ડાળો ઉપર માળો બાંધે છે.''

અને માર્કની ગોસ્પેલ ૨૬ : ૪નું નીચે પ્રમાણે વર્ણન છે, જેના શબ્દો કુર્આનના વર્ણન સાથે વધારે સમાનતા ધરાવે છે.

''તેણે કહ્યું, ખુદાની બાદશાહી એવી છે, જેમકે કોઈ વ્યક્તિ જમીનમાં બીજ નાંખે અને રાત્રે સુએ, દિવસે જાગે અને તે બીજ એ જ પ્રમાણે ઊગે અને વધે કે તે ન જાણે જમીન આપમેળે ફૂલ લાવે છે. પ્રથમ પાંડદા, પછી ડૂંડીઓમાં તૈયાર દાણા, પછી જ્યારે અનાજ પાકી ચૂકે તો તે તરત જ દાંતી લગાવે છે. કારણ કે લણણીનો સમય આવી પહોંચ્યો.''

(ઈઝહારુલ હક, જિલ્દ : ૩, પ્રકરણ : ૬, પેજ : ૩૧૦)

''આસમાનની બાદશાહી''નો ભાવાર્થ અહીંયાં અંતિમ યુગમાં નબી (સલ.) હોવાનું ઈન્જીલના વિવિધ સ્થળોથી જાહેર થાય છે. વલ્લાહુ અઅ્લમુ.

لِيَغِيْظَ بِهِمُ الْكُفَّارَ એટલે કે અલ્લાહપાકે સહાબએ કિરામ (રદિ.)ને તે વિશિષ્ટ લક્ષણો સાથે શણગાર્યા અને તેમને કમજોરી પછી શક્તિ તથા ઓછી સંખ્યા પછી મોટી સંખ્યા બખ્શી. આ બધા કામો એટલા માટે થયા જેથી તેમને જોઈને કાફિરોને જલન થાય અને તેઓ ઈર્ષ્યાની આગમાં બળે. હઝરત અબૂઉર્વહ ઝુબયરી (રહ.) ફરમાવે છે કે, અમે હઝરત ઈમામ માલિક (રહ.)ની મજલિસમાં હાજર હતા, એક વ્યક્તિએ અમુક સહાબએ કિરામ (રદી.)ની શાનમાં અમુક કડવા વેણ કહ્યા, તો હઝ. ઈમામ માલિક (રહ.)એ આ આયત પૂરેપૂરી તિલાવત કરીને જ્યારે لِيَغِيْظَ بِهِمُ الْكُفَّارَ ઉપર પહોંચ્યા તો કહ્યું કે, જે વ્યક્તિના દિલમાં સહાબએ કિરામ (રદી.)માંથી કોઈની સાથે જલન હોય તો આ આયતની ધમકી તેને મળશે. *(કુર્તુબી)* હઝરત ઈમામ માલિક (રહ.)એ એવું નથી કહ્યું કે તે કાફિર થઈ જશે, પરંતુ એવું કહ્યું કે આ ધમકી તેને પણ પહોંચશે. મતલબ એ છે કે તે કાફિરો જેવું કામ કરનારો થઈ જશે.

(૬૩) માનવીના મનના વિચારોનું ઉદાહરણ

وَلَقَدْ خَلَقْنَا الْاِنْسَانَ وَنَعْلَمُ مَا تُوَسْوِسُ بِهٖ نَفْسُهٗ ۚ وَنَحْنُ اَقْرَبُ اِلَيْهِ مِنْ حَبْلِ الْوَرِيْدِ ﴿١٦﴾ (ق:١٦)

અને અલબત્ત, અમે મનુષ્યને ઉત્પન્ન કર્યો અને તેના મનમાં જે વિચારો ઉદ્ભવે છે તેને પણ અમે જાણીએ છીએ અને (ઈલ્મમાં) અમે માનવીથી તેની ધોરી નસ કરતાં પણ વધુ નજીક છીએ. (૧૬)

આ ધોરી નસ તે જ છે જે નાડીની માફક ઉછળે છે અને જેમાં દિલથી મગજ સુધી જીવ ફરે છે તેમજ તેના કપાઇ જવાથી પ્રાણ નીકળી જાય છે. તો મતલબ કે ઈલ્મની રૂએ માણસના પ્રાણથી પણ અલ્લાહ તઆલા વધુ નજીક છે. એટલે માણસના દિલમાં જે વિચારો ઉદ્ભવે છે તેને પણ તે જાણે છે અને ભલા વિચારો પર ફરિશ્તાને એક નેકી લખવાનો હુકમ કરે છે.

(તદુપરાંત એ પણ બતાવો કે) જ્યારે બે લેનારા ફરિશ્તા (કરણીની નોંધ) લેતા જાય છે જે જમણી અને ડાબી તરફ બેસી રહે છે. (૧૭) તે કોઇ વાત બોલવા પામતો નથી, પરંતુ તેની પાસે એક તાકમાં લાગેલો (લખી લેવા માટે) તૈયાર હોય છે. (૧૮)

દરેક માણસની સાથે બે ફરિશ્તા છે કે માણસ બેસે ત્યારે તેની સાથે જમણી અને ડાબી બાજુ બેસી જાય છે. ઊંઘતી વખતે સિરાણે અને પાંગતીએ રહે છે. ચાલતી વખતે આગળ-પાછળ રહે છે, કાંઇ પણ બોલે અથવા કામ કરે તે સઘળું લખી લે છે. જમણી બાજુનો નેકી અને ડાબી બાજુવાળો બુરાઇ લખે છે. નેકીને તરત જ લખી લે છે, પણ બુરાઇના લખવામાં ઢીલ કરે છે. જો થોડીક વારમાં તૌબા કરી લે તો ફરી લખતો નથી. નહિ તો આખરે લખી લે છે. માણસને જોઇએ કે ઓછામાં ઓછું રાત્રે ઊંઘતી વખતે જ અલ્લાહ તઆલાના દરબારમાં દિવસના ગુનાહોની જરૂર માફી માંગી તૌબા-ઇસ્તિગફાર કરી લે.

ઈલ્મે ઈલાહી - કુદરત :

ઉપર કિયામતમાં મુરદાઓને સજીવન થવાની શક્યતા સાબિત થઈ ચૂકી છે. આગળ તેના અસ્તિત્વમાં આવવાનું વર્ણન છે અને અસ્તિત્વ સંપૂર્ણ જ્ઞાન ઉપર અને સંપૂર્ણ શક્તિ ઉપર અવલંબિત છે. એટલા માટે પ્રથમ આ બતાવ્યું છે. અને અમે માનવીને પેદા કર્યો છે (જે શક્તિની ઉચ્ચ કક્ષાની દલીલ છે) અને એના મનમાં જે વિચારો આવે છે, અમે તે(સુદ્ધાં)ને (પણ) જાણીએ છીએ (તો જે પ્રવૃત્તિઓ તેમના હાથ, પગ અને જીભથી થતી હોય તેને જાણવી તો પ્રથમ કક્ષાએ સાબિત છે) અને (બલ્કે અમને તો એની હાલતનું એવું જ્ઞાન છે કે, તેને પોતે પણ પોતાની હાલતનું એવું જ્ઞાન નથી. બસ, જ્ઞાનના આધારે) અમે માનવીની એટલા બધા નજીક છે કે, તેની ગળાની નસ કરતાં પણ વધારે (કે જેના કપાઈ જવાથી માનવીનું મૃત્યુ થાય છે અને કારણ કે લોકોની સામાન્ય ટેવ પ્રમાણે પ્રાણીઓની રૂહ કાઢવા માટે ગળુ કાપવાનો જ તરીકો પ્રચલિત છે, એટલા માટે આ ઓળખ અપનાવવામાં આવી છે કે ગળાની નસો શુદ્ધ અને અશુદ્ધ લોહીના વહન માટે હોય છે. પરંતુ શુદ્ધ લોહી વહન કરતી ધોરી નસ ભાવાર્થ તરીકે લેવું વધારે યોગ્ય છે. કારણ કે તેમાં રૂહ વર્ચસ્વ ધરાવે છે અને લોહી બીજા નંબરે રહે છે અને અશુદ્ધ લોહી એનાથી ઉલટું હોય છે. અને અહીંયાં જે રૂહને વધારે વર્ચસ્વ હોય તેને ભાવાર્થ તરીકે લેવું વધારે યોગ્ય છે અને સૂરએ અહકાફમાં શબ્દ وَتِينَ દિલની નસના અર્થમાં આવી છે. કારણ કે જે ધમનીઓ દિલથી નીકળે છે તે શુદ્ધ લોહીનું વહન કરે છે અને ધોળી નસ કહેવાય છે. અને કારણ કે કુર્આનમાં શબ્દ وَرِيدُ આવ્યો છે, પરંતુ એનો શાબ્દિક અર્થ સામાન્ય છે. જેમાં દિલથી નીકળનારી શુદ્ધ અને અશુદ્ધ લોહી વહન કરતી બધી જ નસો સામેલ છે અને યકૃતમાંથી નીકળનારી નસો અશુદ્ધ લોહી વહન કરનારી નસો પણ. બસ, ભાવાર્થ એ થયો કે અમે જ્ઞાનના આધારે માનવીની રૂહ અને નફ્સ કરતાં પણ વધારે નજીક છે. એટલે કે જેવું જ્ઞાન માણસને પોતાની હાલત વિશેનું છે અમને એનું પોતાનું જ્ઞાન પણ એના પોતાના કરતાં વધારે છે. એટલા માટે માનવીને પોતાની

ઘણી પરિસ્થિતિઓનું તો જ્ઞાન જ નથી હોતું, અને જેનું જ્ઞાન હોય છે તેમાં પણ અમુક સમયે ભૂલ અથવા ખોટી માન્યતાએ વળી જાય છે. અલ્લાહ તઆલામાં આવી સંભાવનાની શક્યતા જ નથી અને દેખીતું છે કે, જે જ્ઞાન દરેક હાલતમાં હોય એનો સંબંધ એના કરતાં કે એક જ પરિસ્થિતિમાં હોય વધારે હશે. મતલબ કે અલ્લાહનું જ્ઞાન મજબૂત અને માનવની બધી જ પરિસ્થિતિઓ સાથે સંબંધિત હોવું સાબિત પણ થઈ ગયું. આગળ એની વધારે તાકીદ માટે એ વર્ણન કરવામાં આવ્યું કે માનવીના અમલો અને હાલતો માત્ર એટલી જ નથી કે અલ્લાહ તઆલાના જ્ઞાનમાં સુરક્ષિત હોય, બલ્કે જાહેર હુજ્જત પૂરી કરવા માટે તે અમલો ફરિશ્તાઓ દ્વારા લખાવીને પણ સુરક્ષિત કરી લીધા, ફરમાન છે કે) જ્યારે બે નોંધનારા ફરિશ્તાઓ (માનવીના અમલોને જ્યારે તે તેનાથી થાય છે) નોંધતા રહે છે જે જમણી અને ડાબી તરફ બેસી રહે છે (અને બરાબર અમલોને લખતા રહે છે, અહીંયાં સુધી કે બધા અમલોમાં નાનામાં નાની બાબત માનવીની વાતચીત છે, પરંતુ એની પણ એવી પરિસ્થિતિ છે કે) તે કોઈ શબ્દ મોઢેથી કાઢવા નથી પામતો, પરંતુ તેની પાસે જ એક તાકમાં બેઠેલો તૈયાર (હાજર જ) છે (જો તે નેકીની વાત હોય તો જમણી તરફવાળો તેને લખી લે છે અને જો ખરાબ બુરાઈની વાત હોય તો ડાબી બાજુવાળો અને જ્યારે જીભથી નીકળનાર એક એક વાક્યને સુરક્ષિત રીતે લખી લેવામાં આવે છે, તો પછી બીજા અમલો અવશ્ય લખવામાં આવશે. અને કારણ કે આખિરતની જિંદગી અને અમલોનો બદલો અને સજા આ બધાની પ્રસ્તાવના મૌત છે, એટલા માટે માનવીને ચેતવણી આપવા માટે આગળ એનું વર્ણન કરવામાં આવ્યું. કારણ કે કિયામતનો ઈન્કાર વાસ્તવમાં મૌતથી ગફલતનું જ પરિણામ હોય છે. ઈરશાદ છે કે તું ચેતી જા.

અલ્લાહ તઆલા મનુષ્યથી તેના ગળાની ઘોરી નસ (Jugular Vein) કરતાં પણ વધારે નજીક છે, તેની તહકીક :

نَحْنُ اَقْرَبُ اِلَيْهِ مِنْ حَبْلِ الْوَرِيْدِ નો જમહૂર તફસીરકારોએ આ જ ભાવાર્થ

ઠરાવ્યો છે કે, નજીકનો ભાવાર્થ જ્ઞાનમાં નજીક હોવાનો અને ઘેરામાં નજીક હોવાનો છે. તેનો ભાવાર્થ અંતરમાં કે માપમાં નજીક હોવાનો નથી. શબ્દ وَرِيْد (વરીદ) અરબી ભાષામાં દરેક સજીવની તે નસો છે જેનાથી શરીરના બધા અવયવોને લોહી પહોંચે છે. તબીબી પરિભાષામાં નસોના બે પ્રકાર છે : એક તે જેને ધમનીઓ કહે છે, અને તે શુદ્ધ લોહી માનવશરીરના બધા અવયવોનેપહોંચાડે છે. તબીબી પરિભાષામાં માત્ર તે જ નસોને وَرِيْد અને બહુવચનમાં ''અવરિદહ'' કહેવામાં આવે છે. બીજો પ્રકાર તે નસો છે, જે પ્રાણીઓના દિલમાંથી નીકળે છે અને તે લોહીના તે જીવરસને કહે છે, જેને તબીબી પરિભાષામાં રૂહ કહેવામાં આવે છે. તે એવી રીતે સમગ્ર માનવ શરીરમાં લોહી ફેલાવે અને પહોંચાડે છે તેને શીરાઓ કહેવામાં આવે છે. પ્રથમ પ્રકારની નસો એટલે કે ધમનીઓ મોટી અને જાડી હોય છે અને શીરાઓ નાની અને બારીક હોય છે.

પ્રસ્તુત આયતમાં એ જરૂરી નથી કે وَرِيْد (વરીદ)નો શબ્દ તબીબી પરિભાષા પ્રમાણે તે નસનો લેવામાં આવે, જે ધમનીઓ હોય છે. બલ્કે હૃદયમાંથી નીકળનારી નસોને પણ શબ્દકોષના આધારે 'વરીદ' કહી શકાય છે. કારણ કે એમાં પણ એક પ્રકારનું લોહી જ વહેતું હોય અને આ સ્થળે આયતનો ભાવાર્થ માનવના દિલના વિચારો અને તેના અહેવાલની જાણકારી માટેનો હોય છે, એટલા માટે તે વધારે યોગ્ય છે. અને જો કે ભલે 'વરીદ' તબીબી પરિભાષા પ્રમાણે ધમનીઓના અર્થમાં હોય અથવા શીરાઓના અર્થમાં હોય, બંને સ્વરૂપોમાં સજીવની જિંદગી એના ઉપર જ અવલંબિત હોય છે. અને જો આ નસો કાપવામાં આવે તો સજીવના પ્રાણ નીકળી જાય છે તો ખુલાસો એ થયો કે, જે વસ્તુ ઉપર માનવીની જિંદગી અવલંબિત છે અમે એ વસ્તુથી પણ વધારે તેના નજીક છે એટલે કે તેની દરેક બાબતનું જ્ઞાન ધરાવીએ છીએ.

(૬૪) કિયામતના ગભરાવી દેનાર દૃશ્યોનું ઉદાહરણ

فَتَوَلَّ عَنْهُمْ ۘ يَوْمَ يَدْعُ الدَّاعِ إِلَىٰ شَيْءٍ نُّكُرٍ ۝ خُشَّعًا أَبْصَارُهُمْ يَخْرُجُونَ

مِنَ الْاَجْدَاثِ كَاَنَّهُمْ جَرَادٌ مُّنْتَشِرٌ ۙ﴿۷﴾ مُّهْطِعِيْنَ اِلَى الدَّاعِ ؕ يَقُوْلُ الْكٰفِرُوْنَ هٰذَا يَوْمٌ عَسِرٌ ﴿۸﴾ (قمر:૬،૭،૮)

અને તેઓની પાસે એવા સમાચાર પહોંચ્યા છે જેમાં (પાપીઓની) પૂરતી ઇબ્રત થઇ શકે છે. (૪) દાનાઇની વાત પરિપૂર્ણ (પ્રાપ્ત થઇ શકે) છે, છતાં ડરાવનારા તેઓને કંઇ લાભદાયી થતા નથી. (૫) માટે આપ તેઓના તરફથી હટી જાવ. (ફરી) તે દિવસે એક પુકારનાર તેમને એક અણગમતી વસ્તુ (હિસાબ)ના તરફ બોલાવશે. (૬)

કુર્આન મજીદ સંપૂર્ણ હિકમત અને બુદ્ધિની વાતોનો સંગ્રહ છે. નેક નિય્યતથી કોઇ પણ એમાં સહેજ લક્ષ આપે તો અવશ્ય દિલમાં અસર કરે, પરંતુ અફસોસ કે હિદાયતના આટલા બધા સાધનો હોવા છતાં તેઓ પર કંઇ અસર થતી નથી ! સમજાવવું કાંઇ ઉપયોગી નીવડતું નથી તો એવા બદબખ્તોને પડતા મૂકો. આપ પોતાની ફર્ઝ બજાવી ચૂક્યા; હવે વધુ પાછળ પડવાની જરૂર નથી.

(તે દિવસે) તેઓ (ધાકના માર્યા) આંખો નીચી કરી કબરોથી (એવા) નીકળી પડશે જાણે કે તેઓ ફેલાઇ પડેલાં તીડ છે. (૭) (ફરી) તે પુકાર–નારની તરફ દોડતા જતા હશે (ત્યારે) કાફિરો કહેશે કે આ તો મહા કઠિન દિવસ છે. (૮)

જે લોકોના દિલ પર મુઅજિઝહ અને કુર્આનની બોધવાણી તથા ઉપદેશની કંઇ અસર થતી નથી તેઓને માટે વધુ કોશિશ કરવાની જરૂર નથી. તેઓને તેઓના હાલ પર પડતા મૂકો. જ્યારે બીજી વખત સૂર ફૂંકવામાં આવશે ત્યારે તેઓ કબરોમાંથી ઉઠીને મેહશરના મેદાન તરફ હિસાબ આપવા માટે ઉતાવળે દોડવા લાગશે અને શરમના માર્યા માથું પણ ઉઠાવી નહિ શકે, તે વખતે તેઓ સૌ હાલ જાણી લઇ કહેશે કે હાય ! આ તો મહા કઠિન દિવસ છે. હવે શું થશે ? આગળ બતાવે છે કે કિયામતનો અઝાબ તો તેના વખતે આવશે, પણ ઘણા ખરા જૂઠાડનારા માટે તે પહેલાં આ દુનિયામાં પણ અઝાબનો દિવસ આવી ચૂક્યો છે.

કિયામતનો હોલનાક મંઝર :

અને (આ વાંધાઓ કાઢવામાં તથા મોઅ્જિઝાના દાવાને જૂઠાડવામાં પોતે) એ લોકોએ (જૂઠ ઉપર હઠાગ્રહ કરીને સત્યને) જૂઠાડ્યું અને પોતાની મનેચ્છાઓનું અનુસરણ કર્યું (એટલે કે તેમના વાંધાઓ કોઈ સાચી દલીલની બીનાએ નથી, બલ્કે તેમના વાંધા ઉઠાવવાનું કારણ માત્ર મનેચ્છાઓનું અનુસરણ અને દુશ્મનાવટના કારણે સત્યને જૂઠાડવું છે) અને (આ જે મોઅ્જિઝાઓને જાદૂ કહે છે, જેની અસર જલ્દી જ સમાપ્ત થઈ જતી હોય છે. બસ, કાયદો એ છે કે) દરેક વાતને (અમુક સમય પછી પોતાની મૂળ પરિસ્થિતિ ઉપર આવીને) સ્થાયિત્વ આવી જાય છે (એટલે કે સત્યનું સત્ય હોવું અને જૂઠનું જૂઠ હોવું કારણો અને નિશાનીઓથી સામાન્ય રીતે નિશ્ચિત થઈ જાય છે. મતલબ એ છે કે, જો કે હાલમાં પણ સત્ય નિશ્ચિત અને સ્પષ્ટ છે, પરંતુ અધૂરી સમજના લોકોની સમજમાં જો તે અત્યારથી નથી આવતું તો અમુક સમય પછી તેમના ઉપર પણ તેની સત્યતા જાહેર થઈ શકે છે. એ શરતે કે, ચિંતન-મનનથી કામ લો તો અમુક દિવસ પછી તમને જાણ થઈ જશે કે આ જાદૂ તો અલ્પજીવી છે અને સત્ય બાકી રહે છે) અને (આ ઉપરાંત) એ લોકોની પાસે (પાછલી ઉમ્મતોની પણ) ખબરો એટલી પહોંચી ચૂકી છે કે તેમાં (પૂરતો) બોધપાઠ એટલે કે ઉચ્ચ કક્ષાની દાનાઈ (પ્રાપ્ત થઈ શકે) છે. બસ, (તેમની એવી પરિસ્થિતિ છે કે) ડર અપાવનારી વસ્તુઓ તેમને કોઈ ફાયદો જ નથી પહોંચાડતી (અને જ્યારે એવી હાલત છે) તો તમે તેમના માટે કોઈ વિચાર ન કરો (જ્યારે કે તે સમય કિયામત અને અઝાબનો આવશે, જેનાથી તેમને ડરાવવામાં આવે છે, તો તેઓ પોતે જાણી લેશે. આગળ તે દિવસનું વર્ણન છે એટલે કે) જે દિવસે એક પોકારનાર ફરિશ્તો (તેમને) એક અણગમતી વસ્તુ તરફ બોલાવશે, તેમની આંખો (અપમાન અને ડરના માર્યા) ઝૂકેલી હશે (અને) કબરોએથી એ રીતે નીકળી રહ્યા હશે જેમકે તીડ ફેલાઈ જાય છે (અને પછી નીકળીને) પોકારનાર તરફ (એટલે કે હિસાબના સ્થળ તરફ ભેગા થવા માટે પોકારનારો બોલાવી

રહ્યો છે) દોડતા ચાલ્યા જઈ રહ્યા હશે (અને ત્યાંની કઠોરતા જોઈને) કાફિરો કહેશે કે આ દિવસ ઘણો કઠિન છે.

(૬૫) દુન્યવી જીવન ફક્ત એક ધોકો હોવાનો દાખલો

اِعْلَمُوْٓا اَنَّمَا الْحَيٰوةُ الدُّنْيَا لَعِبٌ وَّلَهْوٌ وَّزِيْنَةٌ وَّتَفَاخُرٌۢ بَيْنَكُمْ وَتَكَاثُرٌ فِي الْاَمْوَالِ وَالْاَوْلَادِ ؕ كَمَثَلِ غَيْثٍ اَعْجَبَ الْكُفَّارَ نَبَاتُهٗ ثُمَّ يَهِيْجُ فَتَرٰىهُ مُصْفَرًّا ثُمَّ يَكُوْنُ حُطَامًا ؕ وَفِي الْاٰخِرَةِ عَذَابٌ شَدِيْدٌ ۙ وَّمَغْفِرَةٌ مِّنَ اللّٰهِ وَرِضْوَانٌ ؕ وَمَا الْحَيٰوةُ الدُّنْيَآ اِلَّا مَتَاعُ الْغُرُوْرِ ۝٢٠ (حديد:٢٠)

તમે સારી પેઠે જાણી લો કે આ જગત જીવન તો માત્ર રમત અને ગમત તેમજ (જાહેરી) શોભા તથા માંહોમાંહે શેખી કરવી અને સંપત્તિ તથા સંતતિની વૃદ્ધિની જ ઇચ્છા છે. (તેનું ઉદાહરણ) જાણે એક વરસાદની સ્થિતિ છે કે તેના વડે ઉગેલી ખેતીએ ખેડૂતોને ખુશ કર્યા. ફરી તે કરમાઈ જાય છે, પછી તમે તેને પીળી પડેલી જૂઓ છો. ફરી તે (સૂકાઈને) ભૂકો થઈ જાય છે અને આખિરતમાં (કાફિરો માટે) સખત શિક્ષા છે અને (મુઅમિનો માટે) અલ્લાહના તરફથી ક્ષમા અને ખુશનુદી પણ છે અને આ જગત જીવન તો માત્ર ધોકાની જ પૂંજી છે. (૨૦) *(સૂરહ હદીદ)*

બાલ્યાવસ્થાનો સમય રમત-ગમતમાં જાય છે. ફરી જુવાની આવતાં ઠાઠ, ભપકા અને શોભાનો શોખીન રહે છે. ફરી આબરૂ વધારવા તેમજ નામના મેળવવાની ઇચ્છા ઉદ્‌ભવે છે. વૃદ્ધાવસ્થામાં ધન-દૌલત અને અવલાદ વધારે હોય તેથી ફુલાવાનો હેતુ હોય છે અને આખરે મૌત નજીક આવે ત્યારે પૂંજી અને અવલાદની એવી ચિંતામાં પડે છે કે પોતાની પાછળ પણ પોતાનું ઘર એવી જ રીતે આબાદ રહી શકે તેવી યુક્તિ કરવા ધારે છે, પરંતુ એ બધી ધોકાની પૂંજી છે, કેમ કે આગળ આખિરતમાં એ કંઈ જ કામ નહિ લાગે. કામ આવનાર તો બીજી વસ્તુ એટલે ઈમાન અને નેકીઓ જ છે. તો જે શખ્સ દુનિયામાંથી આ વસ્તુઓની કમાણી કરી ગયો તેનો બેડો પાર

છે. તેના માટે આખિરતમાં માલિકની ખૂશનુદી સાથે સઘળું જ છે, પણ ઈમાનની દૌલતથી અભાગ્ય રહી કુફ્ર અને ગુનાહોના બોજા લઈ જનાર માટે તો સખત અઝાબ છે અને જે કોઈ ઈમાન સાથે લઈને જાય, પણ નેકીઓમાં પાછળ રહ્યો હોય તેને ઘટતી શિક્ષા ભોગવ્યા પછી વહેલી-મોડી માફી મળશે ખરી.

(માટે) પોતાના પરવરદિગારની ક્ષમા તરફ તથા એવી જન્નત તરફ દોડો, જેની પહોળાઈ આકાશ અને પૃથ્વી (બન્ને)ની પહોળાઈ જેટલી છે. (એ જન્નત) તે લોકો માટે તૈયાર કરવામાં આવી છે કે જેઓ અલ્લાહ પર તથા તેના રસૂલો પર ઈમાન લાવ્યા છે; આ (ક્ષમા ખુશનુદી) તો અલ્લાહની કૃપા છે, તે ચાહે તેને અર્પણ કરે અને અલ્લાહ મહાન કૃપાવંત છે. (૨૧)

દોડવાનો મતલબ એ કે મૌત આવી લાગે તે પહેલાં એવો સામાન કરી લો કે તેના પ્રતાપે બુરાઈઓની માફી મળી જન્નત પ્રાપ્ત થાય. એવા કામમાં ઢીલ અને સુસ્તી કરવી યોગ્ય નથી.

એટલે આકાશ અને પૃથ્વી બંનેને અગર ભેગા કરી મૂકવામાં આવે તો તેની બરાબર જન્નતની પહોળાઈ હશે. લંબાઈ કેટલી હશે તે તો અલ્લાહ તઆલા જ જાણે !

એટલે ઈમાન અને નેક અમલ બેશક જન્નત મેળવવાના સાધનો છે, પરંતુ ખરી રીતે તો તે અલ્લાહના ફઝલથી જ મળે છે. અગર તેનો ફઝલ ન હોય તો શિક્ષાથી બચવું મુશ્કેલ છે, તો પછી મળવાની વાત જ ક્યાં રહી ?

દુન્યાની હકીકત - ધોકો :

તમે સારી પેઠે જાણી રાખો (આખિરતના મુકાબલામાં) દુન્યાની જિંદગી (કદાપિ રચ્યાપચ્યા રહેવાની વસ્તુ નથી, કારણ કે) તે માત્ર ખેલકૂદ અને (એક જાહેરી) શણગાર અને પરસ્પર એકબીજા ઉપર બડાઈ હાંકવી (તાકાત અને ખુબસૂરતી તથા દુન્યવી હુન્નર અને કળામાં) અને માલ તથા અવલાદમાં એકનું બીજા કરતાં પોતાને વધારે બતાવવું છે (એટલે કે દુનિયાનો મકસદ

એ છે કે બચપનમાં ખેલકૂદ છવાયેલું રહે છે, અને જવાનીમાં શણગાર તથા બડાઈ હાંકવી તથા ઘડપણમાં માલ અને દોલત તથા અવલાદને ગણાવવી, આ બધા મકસદો ફના થનાર અને માત્ર સ્વપ્નતિત્ કલ્પનાઓ છે, જેનું ઉદાહરણ એવું છે) જેમકે વરસાદ (વરસે) છે કે તેનાથી (ખેતીનું) ઉત્પાદન ખેડૂતને સારું લાગે છે, પછી તે (ખેતી) સુકાઈ જાય છે. બસ, તમે તેને જુઓ તો પીળી પડી જાય છે, પછી તે ભૂસું થઈ જાય છે (એ જ પ્રમાણે દુનિયા અમુક દિવસની વસંત છે, પછી અસ્ત થવું અને કરમાઈ જવું; આ તો દુનિયાની હાલત થઈ) અને આખિરત(ની પરિસ્થિતિ એ છે કે, તે)માં (તે વસ્તુઓ છે, એક તો કાફિરો માટે) કઠોર અઝાબ છે અને (બીજી ઈમાન-વાળાઓ માટે) અલ્લાહ તરફથી માફી અને રજામંદી છે (અને આ બંને કાયમી છે. બસ, આખિરત તો કાયમી છે) અને દુનિયાની જિંદગી માત્ર (ફના થનાર છે. જેમકે ધારી લો કે એક) છેતરામણો માલ છે (બસ જ્યારે દુનિયાનો માલદોલત ફના થનાર અને આખિરત હંમેશા બાકી રહેનાર છે, જે ઈમાનના કારણે પ્રાપ્ત થાય છે, તો) તમે પોતાના પરવરદિગારની માફી તરફ દોડો અને (વળી) એવી જન્નત તરફ જેની વિશાળતા આસમાન અને જમીનની વિશાળતા સમાન છે. (એટલે કે ઓછી નથી, બલ્કે અતિવિશાળ છે અને) તે એવા લોકો માટે તૈયાર કરવામાં આવી છે, જેઓ અલ્લાહ ઉપર અને તેના રસૂલ ઉપર ઈમાન ધરાવે છે (અને) આ (માફી અને રાજીપો) અલ્લાહની કૃપા છે. તે પોતાની કૃપા જેને ઇચ્છે અર્પણ કરે અને અલ્લાહપાક મહાકૃપાળુ છે (તેમાં ઈશારો એ છે કે, પોતાના અમલો ઉપર કોઈ અભિમાન ન કરે અને પોતાના અમલોથી જન્નતનો હકદાર હોવાનો દાવો ન કરે. આ માત્ર અલ્લાહપાકની કૃપા છે, જેનો આધાર માત્ર તેની ઇચ્છા ઉપર છે. પરંતુ અમે પોતાની રહેમતથી આ અમલો કરનારાઓની સાથે અમારી ઇચ્છાનો સંબંધ જોડી દીધો છે. જો અમે ઇચ્છયું હોત તો આવો સંબંધ ન જોડયો હોત.

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં જન્નતવાળા અને દોઝખવાળાઓની પરિસ્થિતિનું

વર્ણન હતું, જે આખિરતમાં સામે આવશે અને કાયમી હશે તથા આખિરતની નેઅ્મતોથી વંચિત અને અઝાબમાં સપડાવવાનું મોટું કારણ માનવો માટે દુનિયાનો ફના થનાર રસાસ્વાદ અને તેમાં ઓતપ્રોત રહીને આખિરતથી ગફલતમાં રહેવું છે. તેથી આ આયતોમાં દુનિયાનું ફના થનાર હોવું તથા તેનું ભરોસાપાત્ર ન હોવું સાબિત કરવામાં આવ્યું છે.

જિંદગીની શરૂઆતથી અંત સુધી જે કંઈ દુનિયામાં થાય છે અને જેમાં દુનિયાદાર ઓતપ્રોત અને પ્રવૃત્ત જોવા મળે છે અને તેના જ ઉપર ખુશ રહે છે, તેનું વર્ણન ક્રમાનુસાર એ છે કે દુનિયાની જિંદગીનો ખુલાસો આ ક્રમશઃ અમુક વસ્તુઓ અને અમુક પરિસ્થિતિઓ છે. પ્રથમ ખેલકૂદ, પછી શણગાર, પછી ગર્વ-અભિમાન, પછી માલ અને અવલાદના વધારે હોવા ઉપર ગર્વ અને ફખ્ર કરવો.

''લહ્વો લઅબ'' એટલે કે વ્યર્થ ખેલકૂદ, જેમાં કોઈ લાભ ન હોય. જેમકે ઘણા નાના બાળકોની પ્રવૃત્તિઓ અને એવી રમત જેનો મૂળ હેતુ માત્ર દિલને ખુશ રાખવું અને સમય પસાર કરવો હોય છે. કામચલાઉ ધોરણે કોઈ કસરત અથવા અન્ય લાભ તેનાથી પ્રાપ્ત પણ થઈ જાય છે, જેમકે મોટા બાળકોની રમત દડાથી રમવું, નિશાનબાજી લગાવવી, આંબલી-પીપળીની રમત વગેરે. હદીષમાં નિશાનબાજી અને તીરની પ્રેક્ટિસને સારી રમત ઠરાવવામાં આવી છે. શરીર અને પોષાકનો શણગાર વગેરે પ્રખ્યાત બાબત છે. દરેક માણસ આ પરિસ્થિતિમાંથી પસાર થાય છે કે જિંદગીની બિલ્કુલ શરૂઆતનો વિભાગ તો માત્ર ખેલકૂદમાં પસાર થાય છે, ત્યાર પછી રમત શરૂ થાય છે, ત્યાર પછી તેને પોતાના શરીર અને પોષાકના શણગારની ચિંતા રહે છે, ત્યાર પછી પોતાની સમાન ઉંમરના લોકોથી આગળ વધવાની ફિકર-ચિંતા અને તેમના ઉપર મોટાઈ જતાવવાનો દાવો પેદા થાય છે.

ઈન્સાન ઉપર જેટલા તબક્કાઓ આ ક્રમથી આવે છે, વિચાર કરો તો દરેક પરિસ્થિતિમાં તે પોતાની આ જ હાલત ઉપર પ્રવૃત્ત અને તેને જ સૌથી

ઉત્તમ સમજે છે. જ્યારે એક પરિસ્થિતિમાંથી બીજી તરફ જઈ રહ્યો હોય છે તો પાછલી પરિસ્થિતિની કમજોરી અને તેનું વ્યર્થપણું સામે આવે છે. બાળક શરૂઆતની પરિસ્થિતિમાં જે રમતોને પોતાની જિંદગીની સૌથી મોટી મૂડી સમજે છે, તે તેનાથી ઝૂંટવી લેવામાં આવે તો તેને એવો જ આઘાત લાગે છે, જેવી રીતે કોઈ મોટા વ્યક્તિને માન અને સન્માન, બંગલો અને ગાડી ઝૂંટવી લેવાથી થાય છે. પરંતુ આ પરિસ્થિતિ આગળ વધ્યા પછી તેને વાસ્તવિકતાની જાણ થાય છે કે, જે વસ્તુઓને અમે તે સમયે જિંદગીનો હેતુ બનાવ્યો હતો તે કંઈ જ ન હતું, બધી રમત માત્ર હતી. બાળપણમાં રમત પછી ખેલકૂદમાં પ્રવૃત્ત રહેવું, યુવાનીમાં શણગાર અને ગર્વ કરવાની વૃત્તિ એક મકસદ બનેલો રહ્યો, પછી ઘડપણ આવ્યું, આ માલ ભેગા કરવાની અને અવલાદના વધારે હોવા ઉપર ગર્વ કરવાની વૃત્તિ પણ આવી કે પોતાના માલ અને અવલાદના વધારા તથા અવલાદ અને વંશના વધારા ઉપર ખુશ થતો રહ્યો અને તેને ગણતો તથા ગણાવતો રહ્યો. પરંતુ જેવી રીતે જવાનીના સમયમાં બાળપણની પ્રવૃત્તિઓ વ્યર્થ જણાવા લાગી હતી, ઘડપણમાં પહોંચીને યુવાનીની પ્રવૃત્તિઓ વ્યર્થ અને ધ્યાન કેન્દ્રિત કરવા માટે અપાત્ર નજરે પડવા લાગી. હવે આ વૃદ્ધ વ્યક્તિની અંતિમ મંઝિલ વૃદ્ધાવસ્થા જ છે, તેમાં માલ તથા અવલાદનો વધારો તથા શક્તિ અને તેના હોદ્દા કે મોભા ઉપર ગર્વ કરવો તેની જિંદગીની મૂડી અને મહાન હેતુ બની રહ્યો છે. કુર્આને કરીમ કહે છે કે આ પરિસ્થિતિ પણ પસાર થઈ જવાની છે અને તે પણ કાયમી નથી, હવે આગળની પરિસ્થિતિ બરઝખ પછી કિયામતની છે, તેની ફિકર કરો કે તે જ અસલ છે. કુર્આને કરીમે આ ક્રમ પ્રમાણે તે બધી પ્રવૃત્તિઓ અને દુનિયાના હેતુઓને અસ્ત થનાર અધૂરા તથા બિનભરોસાપાત્ર હોવાનું વર્ણન કર્યું છે અને આગળ તેને એક ખેતીનું ઉદાહરણ આપી વધારે સ્પષ્ટ કર્યું.

كَمَثَلِ غَيْثٍ اَعْجَبَ الْكُفَّارَ نَبَاتُهٗ ثُمَّ يَهِيْجُ فَتَرٰىهُ مُصْفَرًّا ثُمَّ يَكُوْنُ حُطَامًا માં શબ્દ غَيْث (ગયૂષ)નો અર્થ "વરસાદ" થાય છે અને શબ્દ "કુફ્ફાર" જે મો'મિનોના મુકાબલામાં આવે છે, તેનો એક અર્થ તો ઘણો પ્રખ્યાત છે,

પરંતુ તેનો એક બીજો શાબ્દિક અર્થ ''ખેડૂત''નો પણ થાય છે. આ આયતમાં અમુક લોકોએ આ જ અર્થ ભાવાર્થ સ્વરૂપે લીધો છે. અને આયતનો અર્થ એ ઠરાવ્યો છે કે, જે રીતે વરસાદથી ખેતી અને પ્રકાર પ્રકારની વનસ્પતિ ઊગે છે અને જ્યારે તે હરિયાળી થઈ જાય છે, તો ખેડૂત તેનાથી ખુશ થાય છે. અને બીજા અમુક તફસીરકારોએ કુફ્ફારનો આ સ્થળે પણ પ્રખ્યાત અર્થ લીધો છે કે, કાફિર લોકો તેનાથી ખુશ થાય છે અને તેના ઉપર જે શંકા કરવામાં આવે છે કે તે ખેતીની હરિયાળી જોઈને માત્ર કાફિર ખુશ નથી થતો મુસલમાન પણ તેનાથી ખુશ થાય છે. તેનો જવાબ તફસીરકારોએ એ આપ્યો છે કે મો'મિનની ખુશી અને કાફિરની ખુશીમાં ઘણો મોટો તફાવત છે. મો'મિન ખુશ થાય છે, તો તેના ચિંતનનું વલણ અલ્લાહ તઆલા તરફ ફરી જાય છે અને વિશ્વાસ કરે છે કે, આ બધું કંઈ તેની જ કુદરત, હિકમત અને રહેમતનું પરિણામ છે. તે આ વસ્તુને જિંદગીનો હેતુ નથી બનાવતો. પછી તેની ખુશીની સાથે તેને આખિરતની ફિકર પણ દરેક સમયે લાગેલી રહે છે. તેથી જે મો'મિન ઈમાનના તકાદાને પૂરા કરે છે, દુનિયાની મોટામાં મોટી દોલત ઉપર પણ તે એવો ખુશ અને મદમસ્ત નથી થતો, જેમકે કાફિર થાય છે. તેથી અહીંયાં ખુશીની જાહેરાતનો કાફિરો સાથે સંબંધ જોડ્યો છે.

આગળ આ ઉદાહરણનો ખુલાસો એ છે કે, આ ખેતી અને બીજી વનસ્પતિ ફૂલો, ફળો જ્યારે હર્યું ભર્યું થાય છે, તો બધા જોનારા ખાસ કરીને કાફિરો ઘણા ખુશ અને આનંદિત નજરે પડે છે, પરંતુ અંતે પછી તે સુકાઈ જવાની શરૂઆત થાય છે, પછી પીળું પડી જાય છે, પછી બિલ્કુલ સુક્કું થઈને ભૂસું થઈ જાય છે. આ જ ઉદાહરણ માણસનું છે કે તે શરૂઆતમાં તાજો માજો રૂપાળો હોય છે, બાળપણથી યુવાની સુધીનો તબક્કો આવી જ હાલતમાં રહેતો હોય છે, પરંતુ અંતે ઘડપણ આવી જાય છે. જે ધીરે ધીરે શરીરની તાજગી તથા ખુબસૂરતી બધું સમાપ્ત કરી દે છે અને અંતે મૃત્યુ પામી માટી બની જાય છે. અલ્પજીવી અને અસ્ત થનાર દુનિયાનું વર્ણન કર્યા પછી મૂળ હેતુ એટલે કે આખિરત તરફ ચિંતા અને ધ્યાન અપાવવા માટે આખિરતની પરિસ્થિતિનું વર્ણન કરવામાં આવ્યું.

وَفِي الْاٰخِرَةِ عَذَابٌ شَدِيْدٌ وَّمَغْفِرَةٌ مِّنَ اللّٰهِ وَرِضْوَانٌ એટલે કે આખિરતમાં માનવી તેની બે પરિસ્થિતિઓમાંથી કોઈ એકમાં અવશ્ય પહોંચે છે. એક પરિસ્થિતિ કાફિરોની છે, તેમના માટે કઠોર અઝાબ છે. બીજી હાલત મો'મિનોની છે, તેમના માટે અલ્લાહપાક તરફથી માફી અને રહમત છે.

અહીંયાં અઝાબનું વર્ણન પહેલું કરવામાં આવ્યું, કારણ કે દુનિયામાં મસ્ત અને મગરૂર બનવું જે પહેલી આયતમાં આવ્યું છે તેનું પરિણામ પણ કઠોર અઝાબ જ છે અને કઠોર અઝાબના મુકાબલામાં બે વસ્તુઓનું વર્ણન કર્યું, માફી અને અલ્લાહ તઆલાનો રાજીપો. જેમાં ઈશારો છે કે, ગુનાહો અને ભૂલોની માફી એક નેઅમત છે, જેના પરિણામે માનવી અઝાબથી બચી જાય છે. પરંતુ અત્રે માત્ર એટલું જ નથી, બલ્કે અઝાબથી બચીને પછી જન્નતની કાયમી નેઅમતોથી પણ નવાજવામાં આવે છે. જેનું કારણ અલ્લાહ તઆલાનો રાજીપો અને તેની ખુશી હોય છે.

ત્યાર પછી દુનિયાની હકીકતને આ ટૂંકા શબ્દોમાં વર્ણન કરી وَمَا الْحَيٰوةُ الدُّنْيَآ اِلَّا مَتَاعُ الْغُرُوْرِ એટલે કે આ બધી વાતોને જોઈ સમજ્યા પછી એક બુદ્ધિશાળી અને સમજુ માણસ માટે એના સિવાય કોઈ પરિણામ દુનિયા માટે સામે નથી રહી શકતું કે તે એક ધોકાની મૂડી માત્ર છે. અસલી મૂડી તે નથી, જે આડા સમયે કામમાં આવી શકે. પછી આખિરતનો અઝાબ અને સવાબ તથા દુનિયાના અસ્થાયીપણાંને વર્ણન કરવાથી આવશ્યક અસર એ હોવી જોઈએ કે માનવી દુનિયાના આનંદ પ્રમોદમાં ઓતપ્રોત ન રહે, બલ્કે આખિરતની નેઅમતોની વધારે ફિકર કરે.

(૬૬) આપ (સલ.)થી દુશ્મનીનું પરિણામ દર્શાવતો દાખલો

كَمَثَلِ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ قَرِيْبًا ذَاقُوْا وَبَالَ اَمْرِهِمْ ۚ وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿۱۵﴾ (حشر:۱۵)

(બની નઝીરની) તે લોકોના જેવી જ સ્થિતિ છે, જેઓ એ લોકોથી

થોડી મુદ્દત પહેલાં જ થયા છે કે જેઓએ પોતાની કરણીની મજા (શિક્ષા દુનિયામાં પણ) ચાખી લીધી અને તેઓ માટે (આખિરતમાં પણ) દુઃખદાયક અઝાબ છે. (૧૫)

બની નઝીરને ઉદાહરણ આપી બતાવ્યું કે મક્કાવાળા નજીકમાં જ બદ્રના દિવસે શિક્ષા ભોગવી ચૂક્યા છે તે જ હાલ તેઓનો પણ થશે અથવા નજીકની શિક્ષાવાળા બની કૈનોકઅ યહૂદીઓ છે કે તે પણ બદ્રની લડાઈ વખતે દગાબાજી કરવાની શિક્ષામાં તે કિલ્લાઓમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા તો આખરે તેઓની માફક આ યહૂદીઓને પણ કાઢી મૂકવામાં આવ્યા. આ પ્રમાણે મુસ્લિમોના હાથે તેઓને દુનિયામાં શિક્ષા મળી અને આખિરતની શિક્ષા તો કાયમ જ રહી.

નબીથી દુશ્મનીનો અંજામ :

બનુનઝીર અને તે મુનાફિકો કે જેમણે મદદનો વાયદો કરીને તેમને ધોકામાં નાંખ્યા અને અણીના સમયે દગાબાજી કરી, તેમની હાલતનું વર્ણન એ છે કે તેમના માટે બે પ્રકારના દૃષ્ટાંત છે : એક દૃષ્ટાંત ખાસ બનુનઝીરનું અને બીજું મુનાફિકોનું. બનુનઝીરનું ઉદાહરણ તો) તે લોકોના કિસ્સા જેવું છે જેઓ તેમનાથી થોડા જ સમય પહેલાં થયા છે, જેઓ (દુનિયામાં પણ) પોતાના કર્મોની મજા ચાખી ચૂક્યા છે (અને આખિરતમાં) તેમના માટે કષ્ટદાયક અઝાબ (થવાનો) છે (તેનાથી યહૂદી બનુ કયનુકાઅ્ ભાવાર્થ સ્વરૂપે છે, જેમની ઘટના એવી બની હતી કે, બદ્રની ઘટના પછી તેમણે હુઝૂર (સલ.) સાથે હિ.સ.-૨ માં કરારભંગ કરી યુદ્ધ કર્યું, પછી પરાજિત અને અપમાનિત થયા અને આપ (સલ.)ના ફૈસલા ઉપર કિલ્લામાંથી બહાર નીકળ્યા અને સૌને કેદ કરવામાં આવ્યા, પછી અબ્દુલ્લાહ બિન ઉબયના આગ્રહ અને વિનંતીના કારણે તેમને એ શરતે છોડવામાં આવ્યા કે તેઓ મદીનાથી ચાલ્યા જાય. તેથી તેઓ ''અઝરુઆત'' સિરીયા તરફ નીકળી ગયા અને તેમનો માલ ગનીમતની જેમ વહેંચવામાં આવ્યો. - જાદુલ મઆદ - અને આ મુનાફિકોનું ઉદાહરણ) શયતાનના કિસ્સા જેવું છે, (પ્રથમ

તો) માણસને કહે છે કે તું કાફિર થઈ જા, પછી જ્યારે તે કાફિર થઈ જાય છે (અને કુફ્રના વબાલમાં સંડોવાય છે ભલે તે દુનિયામાં હોય કે આખિરતમાં) તો (તે વખતે ચોખ્ખો જવાબ આપી દે છે અને) કહે છે કે, મારો તારી સાથે કોઈ વાસ્તો નથી, હું તો અલ્લાહ રબ્બુલ આલમીનથી ડરું છું (દુનિયામાં આવો અલગ થઈ જવાનો કિસ્સો સૂરએ અન્ફાલની આયત وَاِذْ زَيَّنَ لَهُمُ الشَّيْطٰنُ اَعْمَالَهُمْ .... માં આવી ચૂક્યો છે અને આખિરતમાં આવો અલગ થઈ જવાનો કિસ્સો ઘણી આયતોમાં આવ્યો છે). બસ, અંતે બંનેનું પરિણામ એ થયું કે તેઓ દોઝખમાં ગયા જ્યાં તેઓ હંમેશા રહેશે (એક ગુમરાહીના કારણે અને બીજો ગુમરાહ કરવાના કારણે) અને જાલિમોની આ જ સજા છે. (બસ, જે રીતે આ શયતાને જે રીતે પ્રથમ માણસને બહેકાવ્યો, પછી સમય ઉપર સાથ ન આપ્યો અને બંને નુકસાનમાં પડ્યા, તે જ પ્રમાણે આ મુનાફિકોએ બનુનઝીરને ખરાબ સલાહ આપી કે તમે ન નીકળો, પછી અણીના સમયે તેમને દગો દીધો અને બંને મુસીબતમાં ફસાયા. બનુનઝીરને તો દેશનિકાલાની સજા સહન કરવી પડી અને મુનાફિકો નિષ્ફળતા અને અપમાનમાં સપડાયા).

ઘટના એ હતી કે, જ્યારે નબીએ કરીમ (સલ.) હિજરત કરીને મદીના તય્યિબહ પાછા આવ્યા, તો મદીનાની આસપાસના જેટલા યહૂદી કબીલાઓ હતા, સૌ સાથે સુલેહનો એક કરાર થઈ ગયો હતો. તેની શરતોમાં એ સામેલ હતું કે તેમનામાંથી કોઈ હુઝૂર (સલ.) અને મુસલમાનોના કોઈ વિરોધીની મદદ કરશે નહીં. આ કરાર કરનારાઓમાં બનુકેનકાઅનો કબીલો પણ સામેલ હતો, પરંતુ તેણે અમુક મહિનાઓ પછી જ ગદ્દારી અને કરારભંગ કરવાનું શરૂ કર્યું અને ગઝ્વએ બદ્રમાં મુશ્રિકો સાથે ગુપ્ત ષડયંત્રો રચવાની અને અમુક મદદ કરવાની ઘટનાઓ સામે આવી. તે જ સમયે કુર્આનની આ આયત નાઝિલ થઈ وَاِمَّا تَخَافَنَّ مِنْ قَوْمٍ خِيَانَةً فَانْۢبِذْ اِلَيْهِمْ عَلٰى سَوَآءٍ એટલે કે જો (કરાર અને સુલેહ પછી) કોઈ કૌમની ખયાનતનો ખતરો આવી પડે તો તેમની સાથે સુલેહનો કરાર સમાપ્ત કરી શકો છો.

બનુકેનકાઅ્ આ કરારને પોતાની ગદ્દારીથી પોતે તોડી ચૂક્યા હતા, એટલા માટે રસૂલે કરીમ (સલ.)એ તેમના વિરુદ્ધ જિહાદનું એલાન કર્યું, અને જિહાદનો ઝંડો હઝરત હમ્ઝા (રદી.)ને આપ્યો અને મદીના તય્યિબહ શહેર ઉપર હઝરત અબૂલુબાબહ (રદી.)ને પોતાના ખલીફા નક્કી કરીને રસૂલે કરીમ (સલ.) પોતે પણ સામેલ થયા. આ લોકો મુસલમાનનું લશ્કર જોઈને પોતાના કિલ્લામાં બંધ થઈ ગયા. રસૂલે કરીમ (સલ.)એ કિલ્લાનો ઘેરાવ કર્યો. પંદર દિવસ સુધી આ લોકો કિલ્લામાં બંધ થઈને ધૈર્ય દાખવતા રહ્યા, અંતે અલ્લાહ તઆલાએ તેમના દિલોમાં રુઆબ નાંખી દીધો અને આ લોકો સમજી ગયા કે મુકાબલો કરવાથી કામ બનશે નહીં અને કિલ્લાનો દરવાજો ખોલી નાંખ્યો અને કહ્યું કે, અમે રસૂલે કરીમ (સલ.)ના ફૈસલા ઉપર રાજી છે, જે તમે અમારા વિશે નિર્ણય લેશો અમને મંજૂર છે.

રસૂલે કરીમ (સલ.)નો ફૈસલો તેમના પુરુષોને કતલ કરવાનો થવાનો હતો કે અબ્દુલ્લાહ બિન ઉબય મુનાફિકે રસૂલે કરીમ (સલ.) ઉપર અત્યંત આગ્રહ અને વિનંતી કરી તેમના પ્રાણો માફ કરાવી દીધા. અંતે રસૂલે કરીમ (સલ.)એ એવો ફૈસલો કર્યો કે, આ લોકો પોતે વસ્તી ખાલી કરીને તડીપાર થઈ જાય અને તેમનો માલ મુસલમાનોનો માલે ગનીમત હશે. આ ઠરાવ પ્રમાણે આ લોકો મદીના છોડીને સિરીયાના અઝરુઆત પ્રદેશમાં ચાલ્યા ગયા અને તેમના માલને રસૂલે કરીમ (સલ.)એ માલે ગનીમતના કાયદા પ્રમાણે એ રીતે વહેંચ્યો કે પાંચમો ભાગ બયતુલ માલમાં રાખીને બાકીનો ચાર ભાગનો માલ ગનીમતના નિયમ પ્રમાણે વહેંચી લીધો.

(૬૭) મુનાફિકોની શયતાન જેવી આદતનો દાખલો

كَمَثَلِ الشَّيْطٰنِ اِذْ قَالَ لِلْاِنْسَانِ اكْفُرْ ۚ فَلَمَّا كَفَرَ قَالَ اِنِّيْ بَرِيْٓءٌ مِّنْكَ اِنِّيْٓ اَخَافُ اللّٰهَ رَبَّ الْعٰلَمِيْنَ ﴿۱۶﴾ فَكَانَ عَاقِبَتَهُمَآ اَنَّهُمَا فِي النَّارِ خَالِدَيْنِ فِيْهَا ۭ وَذٰلِكَ جَزٰۗؤُا الظّٰلِمِيْنَ ﴿۱۷﴾ (حشر:۱۶،۱۷)

(વળી તેઓની) મિસાલ શયતાનના જેવી છે કે (પ્રથમ તો) તે માણસને કહે છે કે તું કાફિર થઈ જા, ફરી જ્યારે તે કાફિર થઈ જાય છે ત્યારે એમ કહે છે કે મારો તારી સાથે કંઈ સંબંધ નથી. બેશક, હું તો અલ્લાહપાકથી ડરું છું, જે સકળ સૃષ્ટિનો માલિક છે. (૧૬) ફરી તે બન્નેનું પરિણામ એ જ છે કે બન્ને આગમાં પડશે તો તેમાં જ સદા રહેશે અને એવા જુલ્મીઓની શિક્ષા એ જ છે. (૧૭)

શયતાન પ્રથમ માનવીને ગુમરાહ કરે છે. ફરી જ્યારે તેના ફંદામાં સપડાય છે ત્યારે કહે છે મને તમારાથી કંઈ લેવાદેવા નથી, હું તો અલ્લાહ પાકથી ડરું છું. (આ કહેવું પણ દગાબાજીથી હશે.) એવી જ રીતે આખિરતમાં આ પ્રમાણે જવાબ આપી છૂટી પડશે. તેમજ બદ્રના દિવસે પણ શયતાન એક કાફિરના સ્વરૂપમાં આવી લડાવતો હતો. જ્યારે તેણે ફરિશ્તાઓને જોયા તો ત્યાંથી પોતાની નારાજી જાહેર કરી નાસી છૂટયો, જેનું વર્ણન દસમા સીપારાના બીજા રુકૂઅમાં આવ્યું છે. આ મુનાફિકોની પણ તેવી જ મિસાલ છે કે તેઓએ પણ શયતાનની માફક બની નઝીરવાળાઓને સહાયતા અને હિમાયત કરવાની ખાતરીઓ આપી પ્રથમ ઉશ્કેરતા રહ્યા છતાં ઐન વખત પર જ્યારે તેઓ મુસીબતમાં સપડાયા ત્યારે જુદા થઈ બેઠા અને તેઓને મદદ આપી નહિ, પરંતુ શું તેઓ આવી રીતે અલ્લાહ તઆલાના અઝાબથી બચી શકે છે ? કદી નહિ. બન્નેનું ઠેકાણું દોઝખ જ છે.

كَمَثَلِ الشَّيْطٰنِ اِذْ قَالَ لِلْاِنْسَانِ اكْفُرْ.... બીજો દાખલો તે મુનાફિકોનો છે, જેમણે બનુનઝીરને તડીપારનો હુકમ ન માનવા અને રસૂલે કરીમ (સલ.)ના મુકાબલામાં યુદ્ધ કરવા માટે ઉશ્કેર્યા અને તેમની મદદનો વાયદો કર્યો, પરંતુ જ્યારે મુસલમાનોએ તેમનો ઘેરો ઘાલ્યો તો કોઈ મુનાફિક મદદ માટે આવ્યો નહીં, તેમનું ઉદાહરણ કુર્આને કરીમે શયતાનની એક ઘટનાથી આપ્યું છે. શયતાને માણસને કુફ્ર ઉપર પ્રોત્સાહિત કર્યો અને તેને જાતજાતના વાયદા કર્યા, પરંતુ જ્યારે તે કુફ્રમાં સંડોવાઈ ગયો તો તે બધા વાયદાથી ફરી ગયો.

શયતાનની આવી ઘટનાઓ અલ્લાહ જાણે કેટલીય હશે, તેમાંથી એક

ઘટના તો પોતે કુર્આને કરીમમાં વર્ણન થઈ છે, જેનું વર્ણન સૂરએ અન્ફાલની આ આયતમાં આવ્યું છે : وَاِذْ زَيَّنَ لَهُمُ الشَّيْطٰنُ اَعْمَالَهُمْ وَقَالَ لَا غَالِبَ لَكُمُ الْيَوْمَ مِنَ النَّاسِ وَاِنِّيْ جَارٌ لَّكُمْ فَلَمَّا تَرَآءَتِ الْفِئَتٰنِ نَكَصَ عَلٰى عَقِبَيْهِ وَقَالَ اِنِّيْ بَرِيْٓءٌ مِّنْكُمْ ... આ ઘટના ગઝ્વએ બદ્રની છે, જેમાં શયતાને વસવસો નાંખીને અથવા માણસની શકલમાં સામે આવીને મક્કાના મુશ્રિકોને મુસલમાનોના મુકાબલા માટે ઉશ્કેર્યા અને પોતાની મદદનું યકીન અપાવ્યું. પરંતુ જ્યારે મુસલમાનો સાથે મુકાબલો થયો તો મદદ કરવાનો સાફ ઈન્કાર કરી દીધો.

જો પ્રસ્તુત આયતમાં આ જ ઘટના તરફ ઈશારો છે, તો આ વર્ણન કે શયતાન માણસને કુફ્ર કરવાનું કહે છે, અને જ્યારે તે કરી લે છે, તો તેનાથી અલગાવ જાહેર કરે છે, તેના ઉપર તો એવી શંકા થઈ શકે છે કે, આ ઘટનામાં દેખીતી રીતે શયતાને તેને કુફ્ર માટે નથી કહ્યું. તેઓ કાફિર તો પહેલેથી જ હતા, શયતાન તો તેમને મુકાબલા માટે એકઠા કરવાનું કહી રહ્યો હતો. જવાબ સ્પષ્ટ છે કે, કુફ્ર ઉપર ડટેલા રહેવું અને રસૂલે કરીમ (સલ.)ના મુકાબલામાં યુદ્ધ કરવાનું કહેવું પણ આ જ હુકમમાં છે કે, તેમને કુફ્ર માટે કહેવામાં આવ્યું.

તફસીરે મઝહરી, કુર્તુબી અને ઈબ્ને કષીરમાં આ સ્થળે શયતાનના આ ઉદાહરણની ઘટનાઓ બની ઈસ્રાઈલના અનેક રાહિબો અને ઈબાદતગુઝારોને શયતાને બહેકાવીને કુફ્ર સુધી પહોંચાડી દેવા સંબંધિત નકલ કરી છે.

(૬૮) કુર્આન શરીફમાં ચિંતન-મનનની દઅ્વત

لَوْ اَنْزَلْنَا هٰذَا الْقُرْاٰنَ عَلٰى جَبَلٍ لَّرَاَيْتَهٗ خَاشِعًا مُّتَصَدِّعًا مِّنْ خَشْيَةِ اللّٰهِ ؕ وَتِلْكَ الْاَمْثَالُ نَضْرِبُهَا لِلنَّاسِ لَعَلَّهُمْ يَتَفَكَّرُوْنَ ﴿۲۱﴾ (حشر:۲۱)

અગર અમે આ કુર્આનને કોઈ પર્વત પર ઉતાર્યું હોત તો ખરે જ તમે તેને અલ્લાહ તઆલાના ડરથી દબાઈ જતાં, ફાટી જતાં જોઈ લેત અને આ દાખલા લોકોને (લાભાર્થે) અમે સંભળાવીએ છીએ કે જેથી તેઓ વિચાર

કરે. (૨૧) *(સૂરહ હશ્ર)*

કુર્આનની અસર તો એટલી પ્રબળ છે કે અગર કુર્આનને પર્વત જેવી પાષાણ વસ્તુ પર ઉતારવામાં આવ્યું હોત અને તેને બુદ્ધિ–વિચારશક્તિ આપવામાં આવી હોત તો તે પણ કુર્આન મોકલનારની મહત્તા સમક્ષ દબાઈ જાત અને ભયભીત બની ફાટીને ટુકડે ટુકડા થઈ જાત, છતાં માનવીના દિલ પર કુર્આન મજીદની કંઈ અસર ન થાય એ અતિ ખેદજનક બાબત છે.

પથ્થર, પર્વતને પીગળાવી નાખવાની અસર ધરાવતું કુર્આન વિચાર-શીલોને જ લાભ આપી શકે છે, પરંતુ એ પાષાણ હૃદયી કાફિરો અને ફાસિકોનું દિલ વારંવાર સાંભળવા છતાં પીગળતું નથી !

કુરઆન શરીફની અઝમત :

આ અમુક નસીહતો છે, જે કુર્આન દ્વારા તમને સંભળાવવામાં આવે છે તે એ રીતે કે) જો અમે કુર્આનને કોઈ પહાડ ઉપર ઉતાર્યું હોત (અને તેમાં સમજવાની શક્તિ મૂકી દીધી હોત અને મનેચ્છાઓ ન રાખી હોત) તો (હે શ્રોતા !) તેં તેને જોયો હોત કે અલ્લાહ તઆલાના ડરથી દબાઈ ગયો હોત અને ફાટી ગયો હોત. (એટલે કે કુર્આન પોતે એવું પ્રભાવશાળી અને મજબૂત અસર ધરાવનારું છે, પરંતુ માણસમાં પોતાની મનેચ્છાઓના કારણે આ ક્ષમતા જતી રહી, જેના કારણે તે પ્રભાવિત નથી થતો. બસ, માનવે માત્ર આજ્ઞાપાલનની ક્ષમતા કેળવવી જોઈએ અને ગુનાહોથી બચીને પોતાની મનેચ્છાઓને પરાજિત કરવી જોઈએ, જેથી કુર્આનની નસીહતોની અસર તેના ઉપર થાય અને હુકમો ઉપર સ્થાપિત થાય તથા વિચાર કરવાની શક્તિ પ્રાપ્ત થાય જેનો ઉપરોક્ત હુકમ થયો છે) અને આ આશ્ચર્યકારક વિષયોને લોકોના (લાભ) માટે વર્ણન કરીએ છીએ, જેથી તેઓ વિચારે (અને લાભવંત થાય, એટલા માટે આ વિષય ....لَوۡ اَنۡزَلۡنَا અત્રે વર્ણન કરવામાં આવ્યો.

لَوۡ اَنۡزَلۡنَا هٰذَا الۡقُرۡاٰنَ عَلٰى جَبَلٍ આ એક દૃષ્ટાંત છે કે જો કુર્આન પહાડો જેવી કઠણ અને મજબૂત વસ્તુ ઉપર ઉતારવામાં આવ્યું હોત અને જે રીતે

માનવને સમજ અને બુદ્ધિ આપવામાં આવી છે એને પણ આપવામાં આવી હોત, તો આ પહાડ પણ કુર્આનની ઈજ્જત સામે ઝૂકી ગયો હોત, બલ્કે ટૂકડે ટૂકડા થઈ ગયો હોત. પરંતુ માણસ પોતાની મનેચ્છાઓ અને સ્વાર્થમાં સપડાઈને પોતાની સ્વાભાવિક સમજને પણ ખોઈ બેઠો અને તે કુર્આનથી પ્રભાવિત નથી થતો, જાણે આ એક કાલ્પનિક દષ્ટાંત છે કે પહાડોમાં પણ જો બુદ્ધિ અને સમજ હોત અને અમુક લોકોએ જે કહ્યું છે કે, પહાડો અને વૃક્ષો તથા દુનિયાની દરેક વસ્તુમાં સમજ હોવું બૌદ્ધિક રીતે સાબિત છે, તેથી આ કોઈ કાલ્પનિક દષ્ટાંત નથી, બલ્કે વાસ્તવિક ઉદાહરણ છે. વલ્લાહુ અઅ્લમુ. *(મઝહરી)*

(૬૯) અલ્લાહપાકનો ગુસ્સો લાવનાર કૌમ દોસ્તીને લાયક નથી

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَوَلَّوْا قَوْمًا غَضِبَ اللّٰهُ عَلَيْهِمْ قَدْ يَئِسُوْا مِنَ الْاٰخِرَةِ كَمَا يَئِسَ الْكُفَّارُ مِنْ اَصْحٰبِ الْقُبُوْرِ ﴿١٣﴾ (મુમ્તહિનહ:૧૩)

હે ઈમાનવાળાઓ ! તે (યહૂદી) લોકોથી મિત્રાચારી ન રાખો જેઓના ઉપર અલ્લાહ કોપાયમાન થયો (અને) તેઓ આખિરત(ના સવાબ)થી એવા નિરાશ થઈ ગયા છે જેવા કે તે કાફિરો જે કબરોમાં (દફન થયેલા) છે તે (આખિરતના સવાબથી) નિરાશ બન્યા છે. (૧૩) *(સૂરહ મુમ્તહિનહ)*

પ્રથમ મક્કાના કટ્ટર મુશરિકોની મિત્રતાની મનાઈ કરી. અત્રે તેઓના જેવા જ મદીનાવાસી યહૂદીઓની દોસ્તીથી રોક્યા કે એ લોકો જાણવા છતાં દુનિયાના લાભ ખાતર ઈમાન લાવતા નથી. માટે અલ્લાહના કોપને પાત્ર ઠર્યા. વળી, તેઓ આખિરતને માને છે છતાં પોતાની લુચ્ચાઈઓના કારણે સવાબથી નિરાશા જ છે અને આ કાફિરો તો આખિરતને માનતા જ નથી પછી સવાબની આશા કેવી ? માટે એવા નાલાયકો મિત્રતાને પાત્ર નથી. જેની ઉપર અલ્લાહ તઆલાનો કોપ હોય તેની સાથે દોસ્તી ન ઘટે. અલ્લાહ તઆલાના દોસ્તોનો પણ તેના ઉપર ગુસ્સો હોવો જોઈએ.

યહુદીઓની માયુસી - દોસ્તીથી મનાઈ :

હે ઈમાનવાળાઓ ! તે લોકો સાથે (પણ) દોસ્તી ન કરો, જેમના ઉપર અલ્લાહ તઆલાએ ક્રોધ કર્યો (તેનાથી ભાવાર્થ યહૂદીઓ છે مَنْ لَّعَنَهُ اللّٰهُ وَغَضِبَ عَلَيْهِ....) કે તેઓ આખિરતથી (ભલાઈ અને બદલાથી) એવા નાઉમ્મીદ થઈ ગયા છે, જેમકે કાફિરો જે કબરોમાં (દફન થયેલા) છે (ભલાઈ અને આખિરતના બદલાથી) નાઉમ્મીદ છે (જે કાફિરો મૃત્યુ પામ્યા છે તેમને આખિરતની જાણ થઈ જાય છે અને વાસ્તવિકતા નજરે જોઈને જાણી લે છે કે, હવે મારી બખ્શીશ કદાપિ થશે નહીં તેથી આયત يَعْرِفُوْنَهٗ كَمَا يَعْرِفُوْنَ اَبْنَآءَهُمْ પ્રમાણે આપ (સલ.)ની નુબુવ્વતને અને એ જ રીતે નબી (સલ.)ના વિરોધી તથા કાફિર પોતે છુટકારો પામેલ ન હોવાનું સારી પેઠે જાણે છે, ભલે તે ઈર્ષ્યા અને મિથ્યાભિમાનના કારણે અનુસરણ કરતા ન હતા, પરંતુ દિલમાં તો તેમને યકીન હતું જ કે અમે છુટકારો પામવાના નથી. બસ, બડાઈ હાંકવા માટે જાહેરમાં તેનાથી ઊલટું કરતા હતા. ખુલાસો એ છે કે, જેમની ગુમરાહી એવી નિશ્ચિત છે કે તેઓ પોતે પણ તેનો દિલથી સ્વીકાર કરે છે, આવા ગુમરાહો સાથે સંબંધ રાખવાની શું જરૂર ! અને એવું ન સમજવામાં આવે કે જે ગુમરાહ છેલ્લી કક્ષાનો ન હોય તેની સાથે દોસ્તી જાઈઝ છે. સદંતર કુફ્ર દોસ્તીના સંબંધો માટે જાઈઝ નથી, પરંતુ આ સિફતથી તે પ્રતિબંધ વધારે કઠોર થઈ જશે અને યહૂદીઓનું ખાસ વર્ણન એટલા માટે આ સ્થળે થયું છે કે, તેઓ મદીનામાં વધારે પ્રમાણમાં હતા અને બીજું કે તે લોકો બદમાશ અને ઘણા ફસાદખોર હતા).

(૭૦) ઈલ્મ ઉપર અમલ ન કરનાર કૌમને ગધેડાનો દાખલો

مَثَلُ الَّذِيْنَ حُمِّلُوا التَّوْرٰىةَ ثُمَّ لَمْ يَحْمِلُوْهَا كَمَثَلِ الْحِمَارِ يَحْمِلُ اَسْفَارًا ؕ بِئْسَ مَثَلُ الْقَوْمِ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِ اللّٰهِ ؕ وَاللّٰهُ لَا يَهْدِى الْقَوْمَ الظّٰلِمِيْنَ ۝ (جمعہ:۵)

તે જ (અલ્લાહપાક) છે, જેણે (અરબના) અભણ લોકોમાં તેઓ(ની કૌમ)માંથી જ એક રસૂલ મોકલ્યા, જે તેમને અલ્લાહ તઆલાની આયતો પઢી સંભળાવે છે અને તેમને (શિર્ક વગેરેથી) પવિત્ર કરે છે અને તેમને કિતાબ તથા હિકમત (દીની વાતો) શીખવે છે, જો કે એના પહેલાં એ લોકો ખુલ્લી ગુમરાહીમાં હતા. (૨) *(સૂરહ જુમુઅહ)*

અરબો પાસે કોઇ નબીની કિતાબ નહિ હોવા ઉપરાંત સાધારણ લખવું–વાંચવું પણ ઘણા થોડા જ જાણતા હતા. તેથી તેમને અભણ ફરમાવ્યું. વળી, તેઓ ઇબ્રાહીમ (અલૈ.)ના દીનને છોડી વહેમ અને મૂર્તિઓના પૂજારી બન્યા હતા. તે ઉપરાંત લૂટફાટ, ચોરી, વ્યભિચાર, નિર્લજ્જતા, વગેરે દુરાચણોમાં ફસાયેલા હોવાથી તેમનું સ્પષ્ટ ગુમરાહીમાં હોવું જાહેર જ છે. અરબો સિવાય તે વખતની બીજી કૌમોની સ્થિતિ પણ એવી જ, બલ્કે કેટલીક કૌમોની એથી પણ વધુ ખરાબ હતી. તેવામાં અલ્લાહ તઆલાએ એ અભણો દરમિયાન પોતાના ''ઉમ્મી નબી''ને મોકલ્યા કે અક્ષરજ્ઞાન નહિ હોવા છતાં પોતાની કૌમને મહાન કિતાબ-કુર્આન પઢી સંભળાવે છે અને અનોખા જ્ઞાનો તેમજ હિકમત અને દાનાઈની વાતો શીખવી એવા પ્રવીણ બનાવે છે કે જગતના મોટા મોટા જાણકારો તેમના શિષ્ય બને છે.

તેઓ (અજ્ઞાનો)માંના બીજાઓ માટે પણ (એ જ રસૂલ છે) જેઓ હજુ તેમનામાં શામિલ થયા નથી, અને તે જ જોરાવર-હિકમતવાળો છે. (૩)

એટલે આ રસૂલ જ બીજા લોકો માટે પણ છે, જેઓ હજુ મુસલમાન થયા નથી અથવા હજુ ય પેદા થયા નથી તો એમાં કિયામત સુધીના દરેક દેશના લોકો શામિલ થઈ ગયા અથવા એ મતલબ કે આ રસૂલ જ બીજા અજ્ઞાનો માટે પણ છે, જેમાં ઈરાન, રૂમ, ચીન, હિન્દુસ્તાન, વગેરે દેશોની કૌમો શામિલ છે; કેમ કે તેઓની પાસે પણ આકાશી કિતાબ ન હતી. તો અલ્લાહપાકે ઈસ્લામના સાંભળનાર પ્રથમ આરબોને પેદા કર્યા પછી ઈરાન વગેરેમાં એવા કામિલ લોકો પેદા થયા જેમણે દીનની દરેક પ્રકારે ખૂબ સેવા બજાવી. હદીસમાં છે કે હુઝૂર (સલ.)ને આ પાછળથી શામિલ થનારાઓ

સંબંધી પૂછવામાં આવ્યું તો આપ (સલ.)એ હઝરત સલમાન ફારસી (રદિ.)ના ખભા પર હાથ મૂકી ફરમાવ્યું કે અગર ઈલ્મ અથવા દીન સુરૈયા (ગ્રહ) પર પહોંચી જાય તો એની કૌમનો માણસ ત્યાંથી પણ લઈ આવશે. આ ભવિષ્યવાણી હઝરત ઈમામ અબૂ હનીફહ (રહ.)ના વિશે સાચી ઠરી.

એવા મહાન રસૂલ મારફતે કિયામત સુધી જગતજનોની તઅલીમનો બંદોબસ્ત કર્યો.

આ (હિદાયત મળવું) અલ્લાહપાકની કૃપા છે. ચાહે તેને તે આપે છે અને અલ્લાહપાક મહાન કૃપાવંત છે. (૪)

રસૂલ (સલ.)ને આવી પદવી આપી અને ઉમ્મતને એવા મહાન રસૂલ અર્પણ કર્યા. તો મુસ્લિમોને જોઈએ કે એ ઈનામ-ઈકરામની કદર કરે અને હુઝૂર (સલ.)ની તઅલીમથી લાભ લેવામાં પાછીપાની ન કરે. આગળ ઈબ્રત માટે યહૂદીઓનું ઉદાહરણ આપે છે, જેઓએ ખુદાઈ કિતાબ અને રસૂલથી લાભ લેવામાં ઘણી જ ગફલત અને કોતાહી વાપરી.

જે લોકોને તવરાત પર ચાલવાનો હુકમ થયો પછી તેઓ તે મુજબ ચાલ્યા નહિ તો તેઓની મિસાલ તે ગધેડાની સ્થિતિ જેવી છે જે ઘણી કિતાબોનો બોજો ઉપાડી રહ્યો હોય. જે લોકોએ અલ્લાહની આયતોને જૂઠાડી તેઓની બૂરી મિસાલ છે ! અને અલ્લાહ તઆલા એવા અન્યાયી લોકોને સન્માર્ગ(ની તવફીક) આપતો નથી. (૫)

યહૂદીઓ પર તવરાતનો બોજો નાખવામાં આવ્યો, પરંતુ તેઓએ તેના શિક્ષણ અને ઉપદેશની અવગણના કરી તેને દિલમાં સ્થાન આપ્યું નહિ. તેના ઉપર અમલ કર્યો નહિ, જેથી તેઓની મિસાલ એવા ગધેડા જેવી જ થઈ કે જેના ઉપર ઈલ્મ અને હિકમતની અનેક કિતાબો લાદવામાં આવી હોય તો ભાર-વજન ઊંચકવા સિવાય તેને કંઈ જ લાભ નથી. તે તો ઘાસ-ચારાથી પેટ ભરવાની જ ચિંતામાં રહે ને છતાં તે ગર્વ કરે કે જુઓ, મારી પીઠ પર આવી મહાન કિતાબો હોવાથી હું મહાન આલિમ છું તો એ બધું મૂર્ખાઈ જ ગણાશે. અલ્લાહ તઆલા અમને એવી સ્થિતિથી બચાવે.

અલ્લાહ તઆલા એવા કટ્ટર હઠધર્મી અને અન્યાયી લોકોને હિદાયતની તવફીક આપતો જ નથી.

(હે રસૂલ સલ. !) આપ ફરમાવી દો કે હે યહૂદીઓ ! અગર તમારો એ દાવો છે કે તમે એકલા જ અલ્લાહના વહાલા છો, બીજા લોકો નહિ તો પોતાના મૃત્યુની ઇચ્છા વ્યક્ત કરો. જો (એ દાવામાં) તમે સાચા છો. (૬)

મદીનાના યહૂદીઓ પોતાની આવી અજ્ઞાનતા અને મૂર્ખતા છતાં એવો દાવો કરતા હતા કે અમે એકલા જ અલ્લાહના દોસ્ત, વલી હોઇ એકલા જ જન્નતના હકદાર છીએ. બીજા બધા દોઝખી જ છે. તેથી ફરમાવ્યું કે જો તમારો દાવો સાચો છે અને મરતાં જ તમને જન્નત મળવાની સંપૂર્ણ ખાતરી છે તો આ દુનિયાની જિંદગી એટલી બધી વહાલી કેમ છે ? જેને આ વાતની ખાતરી થાય કે મને અલ્લાહને ત્યાં મોટો દરજ્જો અને જન્નત મળશે તો તે એકદમ મૌત માંગવા તત્પર થશે કે દુનિયાની પીડાથી છૂટી સીધો જન્નતમાં ચાલ્યો જાય, કેમ કે ઘણા વલીઓ અને બુઝુર્ગો માત્ર અલ્લાહપાકના દીદાર અને જન્નતના શોખમાં મૃત્યુ માટે આતુર રહ્યા અને રહે છે, પરંતુ તમે તેમ કરતા નથી એ જ તમારા જૂઠા હોવાની દલીલ છે.

અને જે કામોને તેઓના હાથ આગળ મોકલી ચૂક્યા છે તેના કારણે (શિક્ષાના ભયથી) તેઓ કદી પણ મૌતની ઇચ્છા કરશે નહિ અને અલ્લાહ એ સૌ પાપીઓથી સારી પેઠે વાકિફ છે. (૭)

યહૂદીઓમાં એ ખરાબી હતી કે દીનને સમજવા–જાણવા છતાં માત્ર દુનિયાની ખાતર જ તેને છોડી દેતા હતા. તેથી અલ્લાહપાકે ભવિષ્યવાણી તરીકે ફરમાવ્યું કે આવા બુરા લોકો પોતાની બુરાઇઓની શિક્ષાથી ડરીને કદી મૌત માંગી શકતા નથી. ઊલટા મૌતના નામથી નાસે છે, કારણ કે તેઓને ખાતરી છે કે મરણ પછી પોતાના દુરાચારોની શિક્ષા ભોગવવી જ પડશે. એ ભવિષ્યવાણી ખરી જ પડી કે તેઓમાંથી કોઇએ પણ મૌતની ઇચ્છા જાહેર કરી નહિ તેમજ જૂઠી રીતે પણ કોઇને મૌતની ઇચ્છા વ્યક્ત કરવાની હિમ્મત પણ ચાલી નહિ. હદીસ શરીફમાં છે કે અગર (તેઓ

પૈકી) કોઈ પણ યહૂદી મૃત્યુની ઈચ્છા વ્યક્ત કરત તો તરત તે મરણ પામત. એથી કુર્આનના ખુદાઈ કલામ હોવાની પણ સાબિતી થાય છે.

આપ ફરમાવી દો કે જે મૌતથી તમે નાસો છો તે તો (એક દિવસ) જરૂર તમને આવી પકડશે જ, ફરી તમો ગુપ્ત અને જાહેરના જાણનાર (અલ્લાહ)ની સમક્ષ લઈ જવામાં આવશો, પછી જે કંઈ તમે કર્યા કરતા હતા તે સૌ તમને બતાવી (શિક્ષા) આપશે. (૮)

એમ તો સૌ કોઈ મૌતથી ગભરાય છે, પરંતુ આયતમાં મરતી વખતનો ગભરાટ મુરાદ છે કે નેક માણસને રહમતના ફરિશ્તાઓના ખુશખબર આપવાથી તે ખુશ થઈ જાય છે, પણ પાપીને અઝાબના ફરિશ્તા નજરે પડવાથી તે ગભરાય છે અને તેથી પ્રાણ નીકળતો નથી તો ફરિશ્તા મારીને પ્રાણ ખેંચી કાઢે છે. મૌતથી ગભરાટ નહિ થવાનો ઈલાજ હુઝૂર (સલ.)એ બતાવ્યો છે કે મૌતને વિશેષ યાદ કર્યા કરો કે તેથી માણસનું દિલ દુનિયામાં વધારે સંડોવાશે નહિ.

તૌરાતની નાકદ્રીથી કુરઆન શરીફની કદરની તાકીદ :

જે લોકોને તવરાત ઉપર અમલ કરવાનો હુકમ આપવામાં આવ્યો, પછી તેમણે તેના ઉપર અમલ ન કર્યો, તેમની હાલત તે ગધેડા જેવી છે, જે ઘણી બધી કિતાબો લાદેલો હોય છે (પરંતુ તે કિતાબના લાભથી વંચિત છે, એ જ પ્રમાણે અસલ હેતુ અને ઈલ્મનો લાભ અમલ છે. જ્યારે તે જ ન હોય અને માત્ર ઈલ્મ હોય અને તેમાં અમલ ન હોય, તો તેનું ઉદાહરણ પણ બિલ્કુલ આ જ પ્રમાણે થઈ ગયું. અને ગધેડાનો ખાસ ઉલ્લેખ એટલા માટે છે કે તે રૂઢિપ્રયોગ આધારે પશુઓમાં બેવકૂફ તરીકે પ્રખ્યાત છે, તો તેમાં તે બાબતની વધારે સ્પષ્ટતા થઈ ગઈ. મતલબ કે) તે લોકોની ઘણી ખરાબ પરિસ્થિતિ છે, જેમણે અલ્લાહપાકની આયતોને જૂઠાડી (જેમકે આ યહૂદીઓ છે) અને અલ્લાહ તઆલા એવા જાલિમોને હિદાયત(ની તવફીક) નથી આપતો (કારણ કે જાણીબૂઝી દુશ્મનાવટ કરે છે અને જો હિદાયત હશે, તો તે ગુનાહ છોડ્યા પછી હશે અને તવરાતના તકાદાઓમાંથી છે કે,

રસૂલે કરીમ (સલ.) ઉપર એ પ્રમાણે ઈમાન લાવો, જેવો કે તેમાં હુકમ છે. બસ, ઈમાન ન લાવવું તે એક આરોપ છે તવરાત ઉપર અમલ ન કરવાનો.

(૭૧) મુનાફિકોના જાહેરી ભપકા અને વાત કરવાના અંદાજમાં ધોકાનો દાખલો

وَاِذَا رَاَيْتَهُمْ تُعْجِبُكَ اَجْسَامُهُمْ ؕ وَاِنْ يَّقُوْلُوْا تَسْمَعْ لِقَوْلِهِمْ ؕ كَاَنَّهُمْ خُشُبٌ مُّسَنَّدَةٌ ؕ يَحْسَبُوْنَ كُلَّ صَيْحَةٍ عَلَيْهِمْ ؕ هُمُ الْعَدُوُّ فَاحْذَرْهُمْ ؕ قٰتَلَهُمُ اللّٰهُ ۚ اَنّٰى يُؤْفَكُوْنَ ۝٤ (منافقون:٤)

(હે મુહમ્મદ સલ. !) જ્યારે તમારી પાસે આ મુનાફિકો આવે છે ત્યારે કહે છે કે, અમે સાક્ષી આપીએ છીએ કે, બેશક ! આપ અલ્લાહપાકના રસૂલ છો અને અલ્લાહ તઆલા તો જાણે છે જ કે બેશક, આપ તેના રસૂલ છો, પણ અલ્લાહ સાક્ષી આપે છે કે આ મુનાફિકો અવશ્ય જૂઠા છે. (૧)

(સૂરહ મુનાફિકૂન)

મુનાફિકો હુઝૂર (સલ.)ની રૂબરૂ જૂઠા સોગંદ ખાઈને ઠગાઈ તરીકે કહેતા હતા કે, આપ સાચા નબી છો અને અમે પાકા મુસલમાન છીએ. પરંતુ તેઓના દિલોમાં કુફ્ર અને નિફાક ભરેલું હતું જેની અલ્લાહપાકને ખબર હતી, તેથી અલ્લાહપાકે ફરમાવ્યું કે, એ લોકો તદ્દન જૂઠા છે. માત્ર મોઢેથી ઈમાનદારીની વાતો કરે છે, તેઓના દિલમાં લેશમાત્ર ઈમાન નથી.

તેઓએ પોતાના સોગંદોને ઢાલ બનાવી રાખી છે, ફરી તેઓ (અન્યોને પણ) અલ્લાહ તઆલાના માર્ગથી અટકાવે છે. બેશક, તેઓ જે કંઈ કરે છે, તે અતિશય દુષ્ટ કામ છે. (૨)

મુનાફિકો પોતાના જાનમાલના રક્ષણ અર્થે જૂઠા સોગંદ ખાઈ લે છે કે અમે પાકા મુસલમાન છીએ અને આવા જૂઠા સોગંદોને પોતાના બચાવ માટે આડ બનાવી લે છે. જો એવું ન કરે તો બીજા કાફિરોની માફક એમની સાથે પણ લડાઈ થવાથી એમના જાનમાલની ખુવારી થાય. તદુપરાંત અનેક પ્રકારની શરારતો કરે છે અને તે જાહેર થઈ જતાં મુસ્લિમો તરફથી પકડ

થવાની ચિંતા થાય કે તરત જ જૂઠા સોગંદો ખાઈને છૂટી જવા પ્રયત્નો કરે છે અને કહે છે કે અમે તો એમ કર્યું જ નથી. એવી વાત કહી જ નથી.

ઈસ્લામ અને મુસ્લિમોની બદગોઈ કરી તેઓને મહેણાં-ટોણા મારી અને નાહકના ઐબ કાઢી અન્યોને પણ ઈસ્લામ સ્વીકારવાથી અટકાવે છે અને તે લોકો તેઓને જાહેરમાં મુસ્લિમ સમજી ધોકો ખાય છે, જેથી તેઓના જૂઠા સોગંદોનું નુકસાન અને તેની ખરાબી તેઓ સુધી જ નહિ રહેતાં બીજાઓ સુધી પહોંચે છે. એથી વધુ દુષ્ટ કામ બીજું શું થઈ શકે ? છતાં કોઈ માણસ જ્યાં સુધી જાહેરમાં ઈસ્લામની જરૂરી બાબતોનો ઈકરાર કરતો હોય, પછી ભલેને જૂઠ અને ધોકા તરીકે વર્તતો હોય, તો પણ ઈસ્લામ તેના કતલની પરવાનગી આપતો નથી.

એનું કારણ આ છે કે તેઓ (જાહેરમાં) ઈમાન લાવ્યા પછી કાફિર થઈ ગયા તો તેઓના દિલો પર સીલ-મહોર મારી દેવામાં આવી છે, તેથી હવે તેઓ કંઈ સમજતા નથી. (૩)

જીભ વડે ઈમાન જાહેર કર્યું પણ દિલથી ઈનકાર કરતા રહ્યા અને ઈમાનના દાવેદાર બની કાફિરો જેવા કૃત્યો કર્યાં, તો આ બેઈમાની અને સંપૂર્ણ દગાબાજી તથા ફરેબની અસર એ થઈ કે તેઓના દિલ પર મહોર લાગી ગઈ, જેથી હવે તેમાં ઈમાન, સત્યતા અને ભલાઈના સમાવેશ માટે ગુંજાઈશ જ રહી નહિ. તો એવી સ્થિતિમાં જાહેર જ છે કે તેઓથી સમજી જવાની આશા રાખવી શકય જ નથી.

અને જ્યારે આપ તેઓને જૂઓ તો તેઓના ડિલડોળ(નો ભપકો) આપને આશ્ચર્ય પમાડે અને જો તેઓ વાત કરે તો આપ તેઓની (છટાદાર) વાતો (ધ્યાન દઈ) સાંભળો; (પરંતુ બેઈમાનીના કારણે) તેઓ એવા છે, જાણે ભીંતે લગાડેલા લાકડાં; (બીકણ એવા કે) દરેક શોર-પુકારને તેઓ પોતાના જ ઉપર (આવી પડનાર બલા) સમજે છે; એ લોકો જ (તમારા) શત્રુ છે, માટે તેઓથી સાવચેત રહો. અલ્લાહ તઆલા તેઓનો નાશ કરે (તેઓ) કયાં અવળા જઈ રહ્યા છે ? (૪)

દિલ તો મહોર લાગી જતાં પલટાઈ ગયાં છે; પરંતુ શરીરે કદાવર-દેખાવડા જણાય છે અને જ્યારે વાત કરે છે ત્યારે વકતૃત્વતાથી છટાદાર શૈલીમાં બોલે છે કે, પ્રેક્ષક પોતાની મેળે જ તેના તરફ પ્રેરાઈ જાય અને વાકચાતુરીના કારણે તેને માન્ય રાખવા તૈયાર થઈ જાય, પરંતુ એ દશા અર્થરહિત જ છે.

સૂકું અને નકામું લાકડું ભીંતને લગાડીને ઉભું કરી દેવામાં આવે તો તે ભલેને જોવામાં ગમે તેટલું જાડું-મોટું હોય, તો પણ આશરા વિના એક મિનિટ પણ ઉભું રહી શકતું નથી તેમજ કોઈ ઉપયોગમાં આવી શકતું નથી. માત્ર જરૂર પડે તો બાળવામાં કામ લાગી શકે છે. તેવી જ દશા એ લોકોની છે કે જાહેરમાં ગમે તેવું ડિલડોળ હોવા છતાં અંદરથી ખાલી અને બેજાન હોવાથી માત્ર દોઝખના બળતણ તરીકે બનવાને પાત્ર જ છે.

જાહેરમાં મજબૂત બાંધાના હોવા છતાં એવા કાયર, બીકણ અને મૂર્ખ છે કે જ્યાં કંઈ બુમ-કિકિયારી સાંભળે તો તેઓના દિલ હચમચી ઉઠે છે અને સમજી લે છે કે, અમારા જ ઉપર કોઈ આફત આવી. પોતાના સંગીન પાપાચારો અને બેઈમાનીઓના કારણે તેઓને એ જ બીક રહે છે કે, અમારી કોઈ દગાબાજી ઉઘાડી તો પડી નથી કે તેના બદલામાં અમારા ઉપર આફત આવી લાગે ?

મુનાફિકો :

અને (જાહેરમાં આ એવા ભપકાદાર છે કે) તમે તેમને જુઓ (તો જાહેર જાહોજલાલીના કારણે) તેમની કદકાઠી તમને સારી લાગે અને (વાતો કરવામાં એવા પાવરધા છે કે) જો તેઓ વાત કરવા લાગે તો તમે તેમની વાત (ખૂબ લચ્છેદાર હોવાના કારણે) સાંભળી લો, (પરંતુ કારણ કે ભીતરમાં રાખ પણ નથી તેથી જાહેર કદકાઠીની સાથે અંદરની વિશેષતાઓથી ખાલી હોવાના કારણે તેમનું દૃષ્ટાંત એવું છે કે) જાણે તે લાકડાં છે, જે (દિવાલના) સહારે ટેકવીને (ઊભેલા) છે (કે દેખાવમાં તો લાંબું પહોળું લાગે છે, પરંતુ નિર્જીવ માત્ર છે અને સામાન્ય રીતે મોટે ભાગે આવું લાકડું હાલમાં

ઉપયોગમાં નથી જે દિવાલના ટેકે ઊભું કરી દેવામાં આવે છે. આમ, આ લોકો પણ જાહેર દેખાવમાં તો કામદાર અને ભપકાદાર છે, પરંતુ અંદરથી માત્ર બેકાર છે. અને કારણ કે તેમનામાં નિખાલસતા અને ઈમાનનો અભાવ છે, તેથી દરેક સમયે તેમને એવો ભય રહે છે કે, મારી પરિસ્થિતિની જાણ કોઈ બાબતથી અથવા વહી દ્વારા મુસલમાનોને ન થઈ જાય અને બીજા કાફિરની જેમ અમારા ઉપર પણ જિહાદ વગેરેનો હુકમ લાગુ ન થઈ જાય. આવી શંકાથી તેઓ હંમેશા ભયભીત રહે છે) કે દરેક શોર પુકારને (ભલે તે કોઈ પણ કારણે હોય) પોતાના જ ઉપર (પડનારી બલા) વિચાર કરવા લાગે છે (એટલે કે જ્યારે કોઈ કોલાહલ થાય છે, ત્યારે તેઓ એવું જ સમજે છે કે ક્યાંક અમારા ઉપર ગાજ ન પડે. વાસ્તવમાં) આ જ લોકો (તમારા પૂરા) દુશ્મન છે, તમે તેમનાથી સાવચેત રહો (એટલે કે તેમની કોઈ વાત ઉપર ભરોસો ન કરજો). અલ્લાહપાક તેમનું સત્યાનાશ કરે (દીને હક્કથી) ક્યાં અવળા ચાલ્યા જાય છે ? (એટલે કે દરરોજ જ દૂર થતા ચાલ્યા જાય છે).

(૭૨) કાફિર સ્ત્રી મુઅમિનના ઘરમાં અને મુઅમિન સ્ત્રી કાફિરના ઘરમાં - બન્નેવના દાખલાઓ

ضَرَبَ اللّٰهُ مَثَلًا لِّلَّذِيْنَ كَفَرُوا امْرَاَتَ نُوْحٍ وَّامْرَاَتَ لُوْطٍ ؕ كَانَتَا تَحْتَ عَبْدَيْنِ مِنْ عِبَادِنَا صَالِحَيْنِ فَخَانَتٰهُمَا فَلَمْ يُغْنِيَا عَنْهُمَا مِنَ اللّٰهِ شَيْـًٔا وَّقِيْلَ ادْخُلَا النَّارَ مَعَ الدّٰخِلِيْنَ ۝١٠ وَضَرَبَ اللّٰهُ مَثَلًا لِّلَّذِيْنَ اٰمَنُوا امْرَاَتَ فِرْعَوْنَ ۘ اِذْ قَالَتْ رَبِّ ابْنِ لِيْ عِنْدَكَ بَيْتًا فِي الْجَنَّةِ وَنَجِّنِيْ مِنْ فِرْعَوْنَ وَعَمَلِهٖ وَنَجِّنِيْ مِنَ الْقَوْمِ الظّٰلِمِيْنَ ۝١١ وَمَرْيَمَ ابْنَتَ عِمْرٰنَ الَّتِيْٓ اَحْصَنَتْ فَرْجَهَا فَنَفَخْنَا فِيْهِ مِنْ رُّوْحِنَا وَصَدَّقَتْ بِكَلِمٰتِ رَبِّهَا وَكُتُبِهٖ وَكَانَتْ مِنَ الْقٰنِتِيْنَ ۝١٢ (تحريم:١٠-١٢)

અલ્લાહપાક કાફિરો(ની ઈબ્રત)ના માટે નૂહ (અલૈ.)ની સ્ત્રી અને લૂત (અલૈ.)ની સ્ત્રીનો દાખલો વર્ણવે છે. તે બન્ને સ્ત્રીઓ અમારા નેક બંદાઓ-

માંના બે ખાસ બંદાઓના ઘરમાં હતી. ફરી તેણીઓ તેઓથી અપ્રમાણિકપણે વર્તી તો તે બંને અલ્લાહના મુકાબલામાં તેણીઓના કંઈ પણ કામ આવી શકયા નહિ અને (તેણીઓને) હુકમ થયો કે બીજા દાખલ થનારાઓની સાથે તમે બન્ને જણીઓ પણ દોઝખમાં દાખલ થાઓ. (૧૦) *(સૂરહ તહરીમ)*

હઝરત નૂહ (અલૈ.) અને હઝરત લૂત (અલૈ.) કેવા નેક બંદા હતા છતાં તે બન્નેની સ્ત્રીઓ મુનાફિક હતી. જાહેરમાં તેમની સાથે સંબંધ હતો, પણ દિલથી કાફિરો મુજબ વર્તણૂક રાખી અને દીનના વિષયમાં તાબેદારી કરી નહિ તો તે નબીઓ તેણીઓને અલ્લાહ તઆલાના અઝાબથી દુનિયામાં પણ બચાવી શકયા નહિ. નૂહ (અલૈ.)ની ઔરત તુફાનમાં ડૂબી ગઈ અને લૂત (અલૈ.)ની ઔરત પણ તે કૌમની સાથે અઝાબમાં હલાક થઈ અને આખિરતમાં દોઝખમાં જશે. સારાંશ કે એક સામાન્ય ઉદાહરણ આપી ચેતવણી આપી કે દરેકે પોતાનું ઈમાન દુરુસ્ત કરવું જોઈએ. પતિ કે પત્ની કોઈ પણ એકબીજાને ઈમાન વિના અઝાબથી બચાવી શકતા નથી.

અને અલ્લાહ ઈમાનવાળાઓ માટે ફિરઔનની સ્ત્રીનો દાખલો વર્ણવે છે, જ્યારે તેણીએ અરજ કરી કે હે પરવરદિગાર ! મારા માટે પોતાની પાસે જન્નતમાં એક ઘર બનાવ અને મને ફિરઔનથી તથા તેના કુકર્મ(ની બુરાઈ)થી બચાવ, તેમજ મને બધા જુલ્મી લોકોથી બચાવ. (૧૧)

ફિરઔનની સ્ત્રી બીબી આસિયહ (રદિ.) છે. તેમણે જ મૂસા (અલૈ.)ની પરવરિશ કરી હતી. પછી પણ તેમના ઉપર ઈમાન લાવી તેમના મદદગાર બની રહ્યાં હતાં. આખરે જ્યારે તેમના હઝરત મૂસા (અલૈ.) પર ઈમાન લાવવાની ફિરઔનને ખબર પડી ગઈ તો તેણીને બહુ સખત શિક્ષા કરી. આખરે તેણે તડકામાં ચાર ખીલાઓ સાથે હાથ-પગ બાંધી છાતી પર ઘંટીનું પાટ મૂકાવ્યું. તે વખતે બીબી આસિયહ (રદિ.)એ જુલ્મીઓના પંજાથી છુટવાની દુઆ માંગી તો અલ્લાહ તઆલાએ દુઆ કબૂલ કરી જન્નતનું મકાન દેખાડી દીધું, તેથી દઢતા અને ધીરજ આવી. પછી ઈમાન સાથે જ પ્રાણ આપી શહીદ થઈ ગયાં. સારાંશ કે ચુસ્ત ઈમાનદારને કોઈ કાફિર

સાથેનો સંબંધ આખિરતમાં નુકસાનકારક નથી, પરંતુ ચુસ્ત ઈમાન-વાળાઓએ કાફિરો અને બદકારોની સોબતમાં ન રહેવું જોઈએ.

અને ઈમરાનની પુત્રી મરયમ (અલૈ.)(નો દાખલો વર્ણવે છે) જેણીએ પોતાના શિયળનું રક્ષણ કર્યું હતું. ફરી અમે તેમાં પોતાના તરફથી એક રૂહ ફૂંકી દીધી અને તેણીએ પોતાના પરવરદિગારની વાતને તથા તેની કિતાબને સત્ય માની હતી અને તેણી બંદગી કરનારાઓ માંહેની હતી. (૧૨)

હરામ તો શું, હલાલથી પણ જાળવ્યું હતું. પુરુષ સમાગમ જ કર્યો ન હતો. હઝરત જિબ્રઈલ (અલૈ.)એ બીબી મરયમ (અલૈ.)ના ગિરેબાનમાં ફૂંક મારી, જેથી ગર્ભ રહ્યો. દરેક બાળકને તેની માતાના ઉદરમાં ઉત્પન્ન કરનાર ખરી રીતે અલ્લાહ તઆલા જ છે. તેથી જ ફૂંકવાનો સંબંધ પોતાના તરફ જાહેર કર્યો.

ચાર સ્ત્રીઓના દાખલા :

આખિરતમાં દરેક વ્યક્તિને પોતાનું જ ઈમાન કામ લાગશે, કાફિરોને તેના કોઈ સગા-સબંધીનું ઈમાન અઝાબથી બચાવશે નહીં. એ જ પ્રમાણે મો'મિનના સગા-સબંધીઓ કાફિર હોય તો તેનું કોઈ નુકસાન મો'મિનને પહોંચશે નહીં). અલ્લાહ તઆલા કાફિરો(ને બોધ) માટે નૂહની પત્નીની અને લૂતની પત્નીની હાલત વર્ણન કરે છે, તે બંને અમારા ખાસ બંદાઓમાંથી બે બંદાઓના નિકાહમાં હતી. બસ, તે સ્ત્રીઓએ તે બંને બંદાઓનો હક બરબાદ કર્યો (એટલે કે તેમના નબી હોવાના કારણે તેમનો હક એ હતો કે તેમના ઉપર ઈમાન લાવી હોત અને દીની હુકમોમાં તેમનું આજ્ઞાપાલન કર્યું હોત, પરંતુ તેમણે એવું કર્યું નહીં) તો તે બંને નેક બંદા અલ્લાહપાકના મુકાબલામાં તેમના જરા પણ કામ ન આવી શક્યા અને તે બંને સ્ત્રીઓને (કાફિર હોવાના કારણે) હુકમ થયો કે, તમે બંને પણ બીજા જહન્નમમાં દાખલ થનારાઓ સાથે દોઝખમાં દાખલ થઈ જાઓ. (અહીંયાં સુધી કે કાફિરોને બોધપાઠ માટે આ કિસ્સો સંભળાવ્યો. આગળ મુસલમાનોના સંતોષ માટે કહેવામાં આવ્યું કે) અલ્લાહ તઆલા મુસલમાનો(ને સંતોષ

આપવા) માટે ફિરઔનની પત્ની (હઝરત આસિયા)ની હાલત વર્ણન કરે છે, જ્યારે કે તે સ્ત્રીએ દુઆ કરી કે, હે મારા પરવરદિગાર ! મારા માટે જન્નતમાં પોતાના સાંન્નિધ્યમાં મકાન બનાવ અને મને ફિરઔન(ની શરારત)થી અને તેના (કુફ્રના નુકસાન અને તેના પ્રભાવવાળા) અમલથી સુરક્ષિત રાખ અને મને બધા જ જાલિમ (એટલે કે કાફિર) લોકો(ના જાહેર અને ગુપ્ત નુકસાન)થી સુરક્ષિત રાખ અને (વળી મુસલમાનોને સંતોષ આપવા માટે અલ્લાહ તઆલા) ઈમરાનની પુત્રી મરયમનું વર્ણન કરે છે, જેમણે પોતાના શીલને (હરામ અને હલાલ બંનેથી) સુરક્ષિત રાખ્યું. બસ, અમે તેમાં (હઝરત જિબ્રઈલ અલૈ. દ્વારા) પોતાના તરફથી એક રૂહ ફૂંકી અને તેમણે પોતાના પરવરદિગારના સંદેશાઓની (જે ફરિશ્તા દ્વારા પહોંચતા હતા) અને તેની કિતાબોનું (જેમાં તવરાત અને ઈન્જીલ પણ છે) સમર્થન કર્યું (આ તેમના અકીદાનું વર્ણન છે) અને તેઓ આજ્ઞાપાલકોમાંથી હતા (આ તેમના અમલોનું વર્ણન છે).

ضَرَبَ اللّٰهُ مَثَلًا لِّلَّذِيْنَ كَفَرُوا امْرَاَتَ نُوْحٍ.... સૂરતના અંતે અલ્લાહપાકે ચાર સ્ત્રીઓનું દૃષ્ટાંત આપ્યું છે. પ્રથમ બે સ્ત્રીઓ બે પયગમ્બરોની પત્નીઓ છે, જેમણે દીન વિશે પોતાના પતિઓનો વિરોધ કર્યો અને કાફિરો તથા મુશ્રિકોની મદદ અને તેમની ગુપ્ત સહાયતા કરતી રહી, તેના પરિણામે તેઓ જહન્નમમાં ગઈ. અલ્લાહ તઆલાના સ્વીકૃત અને નેક પયગમ્બરોની પત્નીઓ હોવું પણ તેમને અઝાબથી ન બચાવી શક્યું. તેમાંથી એક હઝરત નૂહ (અલૈ.)ની પત્ની છે, જેનું નામ વાઘિલાહ વર્ણન કરવામાં આવ્યું છે. અને બીજી હઝરત લૂત (અલૈ.)ની પત્ની, જેનું નામ વાલિહા વર્ણન કરવામાં આવ્યું છે. *(કુર્તુબી)* તેમના નામો વિશે બીજા પણ ઘણા નિવેદનો છે. ત્રીજી તે સ્ત્રી છે, જે સૌથી મોટા કાફિર અને ખુદા હોવાના દાવેદાર ફિરઔનની પત્ની હતા, પરંતુ હઝરત મૂસા (અલૈ.) ઉપર ઈમાન લાવ્યા, તેમને અલ્લાહ તઆલાએ તે દરજ્જો આપ્યો કે દુનિયામાં તેમને જન્નતનું ઠેકાણું બતાવી દીધું. પતિની ફિરઔનિયત તેમના માર્ગમાં કોઈ અવરોધરૂપ ન બની શકી. ત્રીજા હઝરત મરયમ (અ.સ.) છે, જે કોઈના પત્ની ન હતા, પરંતુ ઈમાન

અને નેક અમલોના કારણે અલ્લાહ તઆલાએ તેમને એ દરજ્જો આપ્યો કે તેમને નુબુવ્વતની વિશિષ્ટતાઓ અર્પણ કરી. જો કે જમહૂર ઉમ્મત નજીક તેઓ નબી નથી.

આ બધા દૃષ્ટાંતોથી એ સાબિત કરવામાં આવ્યું કે, એક મો'મિનનું ઈમાન તેના કોઈ કાફિર સંબંધીને કામ નથી લાગી શકતું અને એક કાફિરનું કુફ્ર તેના કોઈ સગા-સબંધીને નુકસાન નથી પહોંચાડી શકતું. તેથી અંબિયા (અલૈ.) અને અવલિયાઅ્ (રહ.)ની પત્નીઓ એ બાબતથી નચિંત ન થઈ જાય કે અમને અમારા પતિઓના કારણે છુટકારો મળી જ જશે. અને કોઈ કાફિર ફાજિરની પત્ની એ ચિંતા ન કરે કે તેનું કુફ્ર મારા માટે કોઈ નુકસાનનું કારણ બની જશે, બલ્કે દરેક પુરુષ અને સ્ત્રીએ પોતાના ઈમાન અને અમલની ચિંતા પોતે કરવી જોઈએ.

وَضَرَبَ اللّٰهُ مَثَلًا لِّلَّذِيْنَ اٰمَنُوا امْرَاَتَ فِرْعَوْنَ اِذْ قَالَتْ رَبِّ ابْنِ لِيْ عِنْدَكَ بَيْتًا فِي الْجَنَّةِ આ ઉદાહરણ ફિરઔનની પત્ની હઝરત આસિયા બિન્તે મઝાહિમનું છે, જે સમયે હઝરત મૂસા (અલૈ.) જાદૂગરોના મુકાબલામાં સફળ થયા અને જાદૂગર મુસલમાન થઈ ગયા તો આ સ્ત્રીએ પોતાના ઈમાનની જાહેરાત કરી દીધી. ફિરઔને તેમને કઠોર સજા આપવાનું નક્કી કર્યું. અમુક રિવાયતોમાં છે કે તેમને છટ્ટાપાટ સૂવડાવી એક ભારે પથ્થર તેમના ઉપર મૂકી દીધો, એટલે કે ચારે હાથો અને પગોમાં ખીલાઓ મારી દીધા કે તેઓ હલી પણ ન શકે અને આ જ હાલતમાં તેમણે અલ્લાહ તઆલા પાસે એ દુઆ કરી, જે આ આયતમાં ઉપસ્થિત છે. અને અમુક રિવાયતોમાં છે કે, એવું નક્કી કર્યું કે ઉપરથી ભારે પથ્થર તેમના માથા ઉપર મારવામાં આવે. હજુ તેઓ આ પથ્થર નાંખવા પણ પામ્યા ન હતા કે, તેમણે દુઆ કરી અને અલ્લાહપાકે તેમની રૂહ કબ્જે કરી લીધી અને પથ્થર નિર્જીવ શરીર ઉપર પડ્યો. આ દુઆમાં એવું કહ્યું કે, હે મારા પરવરદિગાર ! જન્નતમાં મને તારી પાસે ઘર બનાવી દે, અલ્લાહ તઆલાએ દુનિયામાં જ તેમને તેમનું જન્નતનું ઘર બતાવી દીધું.

(૭૩) કિયામતમાં મુઅમિન અને કાફિર બાબતે દાખલો

اَفَمَنْ يَّمْشِيْ مُكِبًّا عَلٰى وَجْهِهٖۤ اَهْدٰۤى اَمَّنْ يَّمْشِيْ سَوِيًّا عَلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿۲۲﴾ قُلْ هُوَ الَّذِيْۤ اَنْشَاَكُمْ وَجَعَلَ لَكُمُ السَّمْعَ وَالْاَبْصَارَ وَالْاَفْـِٕدَةَ ؕ قَلِيْلًا مَّا تَشْكُرُوْنَ ﴿۲۳﴾ (ملک:۲۲،۲۳)

જે માણસ (કાફિર) ઊંધા મોઢે (ઠોકર ખાતાં) ચાલતો હોય તે વધુ પંથ કાપશે અથવા તે માણસ જે સપાટ સડક પર સીધો ચાલ્યો જાય ? (૨૨) (હે રસૂલ સલ. !) આપ ફરમાવી દો કે તે જ (અલ્લાહ) છે જેણે તમને પેદા કર્યા અને તમને કાન અને ચક્ષુઓ તથા દિલ અર્પણ કર્યા, (છતાં) તમે બહુ થોડો આભાર માનો છો. (૨૩) *(સૂરહ મુલ્ક)*

આ સ્થિતિ કાફિરો અને ઈમાનવાળાઓની છે કે ઈમાનવાળાઓનો રસ્તો શરીઅતનો સીધો માર્ગ છે, જેના ઉપર તે સીધો જ ચાલ્યો જાય છે, પણ કાફિરોનો તો રસ્તો જ ઊંધો અને આડો અવળો છે કે અલ્લાહને છોડી કદી એકને પૂજે છે તો કદી બીજાને, એવી રીતે વારંવાર ગુમરાહીની ઠોકરો ખાય છે તો કેવી રીતે સફળ થઈ શકશે ? મેહશરમાં પણ બન્નેની ચાલમાં એ જ તફાવત હશે.

અલ્લાહપાકે તમને પેદા કરી તમને કાન, આંખ, દિલ, વગેરે કંઈ નકામા આપ્યા નથી, બલ્કે તેનો શુક્ર કરવા અને નેકી કરવા માટે આપ્યાં છે તો તેનો સદુપયોગ કરવો ઘટે, છતાં જુઓ કે લોકોએ કેવો દુરૂપયોગ કર્યો ! તેમજ તમને દુનિયામાં વસાવ્યા છે તે કંઈ રમત તરીકે નથી, બલકે આખરે સૌ તેની પાસે એકઠા થશો અને પોતપોતાની કરણીનો બદલો મેળવશો.

મુઅમિન-કાફિરનો ફર્ક કિયામતમાં :

શું જે વ્યક્તિ (ઉબડ ખાબડ રસ્તાના કારણે ઠોકરો ખાતો હોય અને) મોંઢાભેર પડતો પડતો ચાલી રહ્યો હોય, તે ઈચ્છિત મંઝિલ સુધી વધારે પહોંચનારો હશે અથવા તે વ્યક્તિ (વધારે મંઝિલ ઉપર પહોંચનારો હશે)

જે એક સીધી સપાટ સડક ઉપર ચાલી જઈ રહ્યો છે. (આ જ હાલત મો'મિનો અને કાફિરોની છે કે, મો'મિનનો ચાલવાનો માર્ગ પણ દીને મુસ્તકીમ છે અને તે ચાલે પણ સીધા માર્ગે છે અને તેના કારણે અતિશયોક્તિ કે ઉણપથી બચે છે. કાફિરોનો ચાલવાનો માર્ગ પણ ઉબડ ખાબડ અને ગુમરાહીનો છે, અને ચાલનારો પણ દરેક સમયે નુકસાન અને મુસીબતોમાં પડે છે. બસ, એવી હાલતમાં મંઝિલ ઉપર શું પહોંચશે ! અને ઉપર તવહીદની દલીલોનો વિષય હતો, આગળ માનવી વિશે ઈરશાદ છે) તમે (તેમને) કહો કે તે જ (એવો શક્તિશાળી અને ઈનામ આપનાર) છે, જેણે તમને પેદા કર્યા અને તમને કાન અને આંખો અને દિલ આપ્યા, (પરંતુ) તમે લોકો ઘણો ઓછો શુક્ર અદા કરો છો (અને) તમે (એ પણ) કહો કે, તે જ છે જેણે તમને પૃથ્વીપટ ઉપર ફેલાવ્યા અને તમે તેની જ પાસે (કિયામતના દિવસે) એકઠા થઈને જશો.

સૂરએ મુલ્કની વિશેષતાઓ :

આ સૂરતને હદીષમાં "વાકિઅહ અને મુન્જિયહ" પણ કહે છે. વાકિઅહનો અર્થ બચાવનાર અને મુન્જિયહનો અર્થ છુટકારો અપાવનાર. હદીષ શરીફમાં છે કે રસૂલે કરીમ (સલ.)એ ફરમાવ્યું, એટલે કે આ સૂરત અઝાબને રોકનારી અને અઝાબથી છુટકારો અપાવનારી છે. આ પોતાના પઢનારને કબ્રના અઝાબથી બચાવી લેશે.

(રવાહુ તિરમિઝી, હસન ગરીબ હદીષ કુર્તુબી દ્વારા)

હઝરત ઈબ્ને અબ્બાસ (રદી.)થી રિવાયત છે કે રસૂલે કરીમ (સલ.)એ ફરમાવ્યું કે, મારું દિલ ઈચ્છે છે કે સૂરએ મુલ્ક દરેક મો'મિનના દિલમાં હોય. (ષુઅ્લબીના વર્ણન પ્રમાણે) અને હઝરત અબૂ હુરયરહ (રદી.)થી રિવાયત છે કે, રસૂલે કરીમ (સલ.)એ કહ્યું કે, અલ્લાહની કિતાબમાં એક એવી સૂરત છે, જેની આયતો તો માત્ર ત્રીસ છે, પરંતુ કિયામતના દિવસે આ એક વ્યક્તિની સિફારસ કરશે, ત્યાં સુધી કે તેને જહન્નમમાંથી કાઢીને જન્નતમાં દાખલ કરી દેશે અને તે સૂરએ તબારક છે. *(કુર્તુબી, તિરમિઝી દ્વારા)*

કિયામતના મેદાનમાં કાફિરો અને મો'મિનોની જે હાલત થવાની છે તેનું વર્ણન છે કે, કિયામતના મેદાનમાં કાફિરો એ રીતે હાજર કરવામાં આવશે કે પગો ઉપર ચાલવાને બદલે માથાભેર ચાલશે. સહીહ બુખારી અને મુસ્લિમમાં હઝરત અનસ (રદી.)થી રિવાયત છે કે, સહાબએ કિરામ (રદી.)એ પ્રશ્ન કર્યો કે, કાફિરો માથાભેર કઈ રીતે ચાલશે ? રસૂલે કરીમ (સલ.)એ કહ્યું કે, જે જાતે મને પગો ઉપર ચલાવ્યો છે, શું તે એના ઉપર કાબૂ નથી ધરાવતો કે તે તેમને ચહેરાઓ અને માથાભેર ચલાવી દે !? તેને જ આ આયતમાં વર્ણન કરવામાં આવ્યું છે.

اَفَمَنْ يَّمْشِيْ مُكِبًّا عَلٰى وَجْهِهٖۤ اَهْدٰۤى اَمَّنْ يَّمْشِيْ سَوِيًّا عَلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ તે વ્યક્તિ જે આંધળો છે પોતાના ચહેરાભેર ચાલ્યો તે વધારે હિદાયત પામનાર છે અથવા તે જે સીધો ચાલનાર છે !? સીધો ચાલનારાથી ભાવાર્થ મો'મિન છે કે તે જ હિદાયત પામેલો હોઈ શકે છે.

(૭૪) દુન્યા અને આખિરતમાં નેઅમતની નાશુક્રિનું પરિણામ દર્શાવતો દાખલો

اِنَّا بَلَوْنٰهُمْ كَمَا بَلَوْنَاۤ اَصْحٰبَ الْجَنَّةِ ۚ اِذْ اَقْسَمُوْا لَيَصْرِمُنَّهَا مُصْبِحِيْنَ ﴿۱۷﴾ وَلَا يَسْتَثْنُوْنَ ﴿۱۸﴾ فَطَافَ عَلَيْهَا طَآئِفٌ مِّنْ رَّبِّكَ وَهُمْ نَآئِمُوْنَ ﴿۱۹﴾ فَاَصْبَحَتْ كَالصَّرِيْمِ ﴿۲۰﴾ فَتَنَادَوْا مُصْبِحِيْنَ ﴿۲۱﴾ اَنِ اغْدُوْا عَلٰى حَرْثِكُمْ اِنْ كُنْتُمْ صٰرِمِيْنَ ﴿۲۲﴾ فَانْطَلَقُوْا وَهُمْ يَتَخَافَتُوْنَ ﴿۲۳﴾ اَنْ لَّا يَدْخُلَنَّهَا الْيَوْمَ عَلَيْكُمْ مِّسْكِيْنٌ ﴿۲۴﴾ وَّغَدَوْا عَلٰى حَرْدٍ قٰدِرِيْنَ ﴿۲۵﴾ فَلَمَّا رَاَوْهَا قَالُوْۤا اِنَّا لَضَآلُّوْنَ ﴿۲۶﴾ بَلْ نَحْنُ مَحْرُوْمُوْنَ ﴿۲۷﴾ قَالَ اَوْسَطُهُمْ اَلَمْ اَقُلْ لَّكُمْ لَوْلَا تُسَبِّحُوْنَ ﴿۲۸﴾ قَالُوْا سُبْحٰنَ رَبِّنَاۤ اِنَّا كُنَّا ظٰلِمِيْنَ ﴿۲۹﴾ فَاَقْبَلَ بَعْضُهُمْ عَلٰى بَعْضٍ يَّتَلَاوَمُوْنَ ﴿۳۰﴾ قَالُوْا يٰوَيْلَنَاۤ اِنَّا كُنَّا طٰغِيْنَ ﴿۳۱﴾ عَسٰى رَبُّنَاۤ اَنْ يُّبْدِلَنَا خَيْرًا مِّنْهَاۤ اِنَّاۤ اِلٰى رَبِّنَا رٰغِبُوْنَ ﴿۳۲﴾ كَذٰلِكَ الْعَذَابُ ؕ وَلَعَذَابُ الْاٰخِرَةِ اَكْبَرُ ۘ لَوْ كَانُوْا يَعْلَمُوْنَ ﴿۳۳﴾

(قلم:૧૭-૩૩)

બેશક, અમે તે (મક્કાવાસી)ઓને અજમાવીએ છીએ જેમ કે એક બગીચાવાળાઓને અમે અજમાવ્યા હતા. જ્યારે તેઓએ સોગંદ ખાધા કે એ (બાગ)નાં ફળ આપણે સવારે અવશ્ય તોડી જ લઈશું (૧૭) અને ઈન્શાઅલ્લાહ પણ ન કહ્યું. (૧૮) *(સૂરહ કલમ)*

માલ અને અવલાદની વિશેષતા અલ્લાહ તઆલાના મકબૂલ હોવાની નિશાની નથી. અલ્લાહ તઆલાને ત્યાં એની કંઈ જ કદર નથી. માટે મક્કાવાસીઓએ એના ઉપર ઘમંડ કરવો જોઈએ નહિ, બલકે એ તો અલ્લાહ તઆલાના તરફથી તેઓની આજમાઈશ છે. જેમકે પ્રાચીન કાળના અમુક લોકોની અમે આજમાઈશ કરી હતી.

મક્કા તથા તેની આજુબાજુના લોકોમાં આ બાગવાળાઓનો કિસ્સો બહુ પ્રખ્યાત હતો, તેથી તેનું વર્ણન કરી કહ્યું કે તેમની માફક તમારી પણ આજમાઈશ થઈ છે. તે બાગવાળા પાંચ અથવા ત્રણ ભાઈ હતા. તેમનો બાપ એક અતિશય ફળદ્રુપ બગીચો મૂકીને મરી ગયો હતો, જેની આવકથી આખું કુટુંબ ખુશહાલ રહેતું હતું. જ્યારે તે માણસ ફળ તોડવાનો દિવસ નક્કી કરતો ત્યારે શહેરના સૌ ફકીરો એકઠા થઈ જતા. તે સૌને જ થોડું થોડું આપતો. તે જ કારણથી બરકત થતી હતી, પણ તેના મર્યા પછી છોકરાઓએ વિચાર્યું કે જેટલું ફકીરો લઈ જાય છે, તેટલું આપણા ઉપયોગમાં આવે તો કેવું સારું ? ફરી તેઓએ એવી મસલત કરી કે સવારમાં જ જલદીથી તોડી લાવી ઘરમાં ભરી લેવું, પછીથી ફકીરો ત્યાં પહોંચી ખાલી હાથે પાછા ફરશે અને પોતાની આ યુક્તિથી ધાર્યું કામ કરી લેવા પર એવું યકીન કર્યું કે ઈન્શાઅલ્લાહ પણ કહ્યું નહિ, તો તેમનું આ કામ અલ્લાહ તઆલાની નારાજીનું કારણ બન્યું.

જેથી તે બગીચા પર આપના પરવરદિગાર તરફથી એક ફેરો મારનાર (અઝાબ) ફેરો મારી ગયો અને તેઓ તો ઊંઘી જ રહ્યા હતા. (૧૯) પછી તે (બાગ) સવાર થતાં એવો થઈ રહ્યો જાણે કપાઈ ચૂકેલું ખેતર. (૨૦)

રાત્રે બાગમાં આગ લાગી અથવા હીમ પડયું અથવા ધાડ પડી તો સૌ

સાફ થઈ ગયું. ફરી સવાર થતાં તેઓ આપસમાં કહેવા લાગ્યા (૨૧) કે અગર તમારે કાપવું જ હોય તો પોતાના ખેતરે પરોઢિયે જ ચાલો. (૨૨) પછી તેઓ ચાલ્યા અને માંહોમાંહે છાના છાના એમ કહેતા જતા હતા (૨૩) કે આજે એ (બાગ)માં તમારી પાસે કોઈ મોહતાજ દાખલ થવા પામે નહિ (૨૪) અને (તેમાંથી કોઈને કંઈ) નહિ આપવા પર પોતાને શક્તિમાન સમજી સવેળા જ ચાલ્યા. (૨૫) પછી જ્યારે તે બાગને (દુર્દશામાં) જોયો ત્યારે બોલ્યા કે બેશક, આપણે માર્ગ ભૂલી ગયા છીએ. (૨૬) નહિ, બલકે (બાગ તો એ જ છે પણ) આપણું કિસ્મત ફૂટી ગયું. (૨૭)

બગીચામાં ખેતી, ઝાડપાન બધું જ સાફ થઈ ગયું હતું. તેના આવા બુરા હાલ જોઈ પ્રથમ સમજ્યા કે અમે ભૂલા પડયા તો બીજે કંઈ નીકળી આવ્યા. અહીં તો બાગ છે જ નહિ. ફરી જ્યારે જગ્યાની નિશાનીઓ વગેરે નજરે પડી તો બોલ્યા કે એ જ અમારો બાગ છે, પણ અમારું કરમ ફૂટી ગયું, જેથી અભાગ્ય રહી ગયા.

તેઓમાંનો વચલો બોલ્યો કે શું મેં તમને કહ્યું ન હતું કે તમે અલ્લાહ તઆલાની પવિત્રતાને કેમ યાદ કરતા નથી ? (૨૮)

તેઓમાં વચલો ભાઈ જે કંઈ સમજુ હતો, તેણે પ્રથમથી ચેતવણી આપી કહ્યું હતું કે આ નેઅમતને અલ્લાહ તઆલાના તરફથી સમજી તેની પાકી બયાન કરો અને તેનો શુક્ર કરી મોહતાજોને આપવામાં પાછીપાની ન કરો. જ્યારે કોઈએ તેની વાત સાંભળી નહિ તો તે પણ ચૂપ થઈ તેઓ સાથે શામિલ થઈ ગયો અને આ બરબાદી જોઈ તેણે તે આગલી વાત યાદ દેવડાવી.

(ત્યારે) તેઓ કહેવા લાગ્યા કે અમારો પરવરદિગાર પાક છે. ખરેખર, અમે જ કસૂરવાન છીએ. (૨૯) ફરી એકબીજાને ઉદ્દેશી પરસ્પર ઠપકો આપવા લાગ્યા. (૩૦)

હવે પોતાની ભૂલ સ્વીકારી પરવરદિગારના તરફ રજુ થયા અને સામાન્ય સંકટ સમયે જેવો રિવાજ છે તે મુજબ એકબીજા પર દોષ મૂકવા

લાગ્યા અને હરકોઈ બીજાને આ આફતનું કારણ ઠેરવવા લાગ્યા.

(અંતે સૌ એકમતે) બોલ્યા : હાય અમારી કમબખ્તી ! બેશક, અમે જ હદથી વધી જનારા હતા. (૩૧) (હવે તૌબા કરો કે તેથી) કદાચ અમારો પરવરદિગાર એના બદલામાં અમને એ કરતાં ય બેહતર (બગીચો) આપે. ખચીત્ અમે અમારા પરવરદિગાર તરફ જ રજુ થઈએ છીએ. (૩૨)

તેઓ ઈમાનવાળા હતા, પરંતુ ગુનોહ કર્યો, ફરી તેથી દિલગીર થઈ તરત તૌબા કરી. અલ્લાહ તઆલાથી એના બદલે આખિરતના બગીચાની માંગણી કરી. હઝરત ઈબ્ને મસઊદ (રદિ.)નું કહેવું છે કે અલ્લાહ તઆલાએ તેમના ઉપર મહેરબાની કરી અને દુનિયામાં પણ તે કરતાં ય ઘણો સરસ બગીચો આપ્યો.

એમ જ (દુનિયામાં) આફત આવે છે અને આખિરતનો અઝાબ તો સૌથી મહાન છે, જો એ લોકોને સમજ હોત (તો ઠીક થાત). (૩૩)

આ તો દુનિયાના અઝાબનો એક સાધારણ નમૂનો હતો જેને કોઈ ટાળી શકયું નહિ. તો પછી આખિરતની મહાન આફતને કોણ ટાળવા સમર્થ છે ? બુદ્ધિ હોય તો માણસ આ વાત સહેજે સમજી શકે છે.

બાગવાળા :

મક્કાવાળાઓનો એક કિસ્સો સંભળાવીને તેમને અઝાબથી ડરાવવામાં આવ્યા છે) અમે (જે મક્કાવાળાને ઐશ આરામનો સામાન આપી રાખ્યો છે જેના ઉપર તેઓ અહંકારી બની રહ્યા છે તો અમે) તેમની કસોટી કરી રાખી છે (કે જોઈ લઈએ આ નેઅ્મતોના આભાર માનવા સ્વરૂપે તેઓ ઈમાન લાવે છે અથવા નાશુક્રિ અને બેકદ્રી કરીને કુફ્ર કરે છે), જેમકે (તેમનાથી પહેલાં નેઅ્મતો આપીને) અમે બગીચાવાળાઓની કસોટી કરી હતી (આ બગીચો ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુના નિવેદન પ્રમાણે હબસા હાલના ઈથોપિયામાં હતો અને સઈદ બિન ઝુબૈર (રદી.)ના નિવેદન પ્રમાણે યમનમાં હતો. *(દુર્રે મન્સૂર)* અને આ કિસ્સો મક્કાવાળાઓમાં ખૂબ પ્રખ્યાત હતો અને જે બગીચાવાળાઓનો આ કિસ્સો છે, તેમના પિતાનો

પોતાના સમયમાં એવો નિત્યક્રમ હતો કે આ બગીચાના ફળોનો એક મોટો ભાગ ગરીબોમાં ખર્ચ કરતા હતા, જ્યારે તે મૃત્યુ પામ્યા તો તેઓએ કહ્યું કે, આપણા પિતા તો બેવકૂફ હતા કે આ પ્રમાણે આવું ગરીબોને આપી દેતા હતા. જો એ હિસ્સો પણ આપણા ભાગ આવે તો કેટલો બધો માલ એકઠો થાય ! તેથી આ આયતોમાં તે બાકીનો કિસ્સો ઉપસ્થિત છે, એટલે કે આ ઘટના ત્યાર પછી એવી બની કે) જ્યારે કે તે લોકોએ (એટલે કે ઘણા અથવા અમુકે અલ્લાહ તઆલાના નિવેદન પ્રમાણે قَالَ اَوْسَطُهُمْ) પરસ્પર કસમ ખાઈ લીધી કે આ (બગીચા)ના ફળ અવશ્ય પરોઢિયે ચાલીને તોડી લઈશું અને (એવા ઉતાવળા થયા કે) તેમણે ઈન્શાઅલ્લાહ પણ કહ્યું નહીં. બસ, તે બાગ ઉપર તમારા પરવરદિગાર તરફથી એક ફેરો મારનાર (અઝાબ) ફેરો મારી ગયો (અને તે એક આગ હતી. તે માત્ર આગ હોય કે પછી ગરમ હવા હોય, જેમકે લૂ) અને તેઓ સૂઈ રહ્યા હતા, પછી વહેલી સવારે તે બાગ એવો રહી ગયો, જેમકે કાપણી થયેલ ખેતર (કે ખાલી જમીન રહી જાય છે અને અમુક સ્થળે કાપીને સળગાવી પણ દેવામાં આવે છે. પરંતુ તેમને તેની કંઈ જ ખબર હતી નહીં). બસ, સવારના સમયે (સૂઈને ઉઠ્યા તો) એકબીજાને પોકારવા લાગ્યા કે, આપણે ખેતર ઉપર સવારે ચાલો જો તમારે ફળ તોડવા છે (ખેતર તો સ્વાભાવિક પ્રમાણે કહ્યું હોય, તેમાં એવી વસ્તુઓ પણ હોય જે થડવાળી નથી હોતી, જેમકે દ્રાક્ષ વગેરે અથવા એ બાગ સાથે કોઈ ખેતર પણ હોય) પછી તે લોકો પરસ્પર છાના છાના વાતો કરતા ચાલ્યા કે, આજે તમારી પાસે કોઈ મોહતાજ આવવા ન પામે અને (પોતાની જાતને એટલે કે) પોતાને તેમને ન આપવાની તાકાતવાળા સમજીને ચાલ્યા (કે બધું ઘરે લઈ આવીશું અને કોઈને કંઈ જ V F5 LX]GCLP *(ઈબ્ને અબ્બાસ)* પછી જ્યારે (ત્યાં પહોંચ્યા અને) તે બગીચાને (આવી ઉજ્જડ હાલતમાં) જોયો, તો કહેવા લાગ્યા કે ખરેખર આપણે રસ્તો ભૂલી ગયા (અને ક્યાંક બીજે ચાલ્યા આવ્યા છીએ. કારણ કે અહીંયાં તો કોઈ બગીચો વગેરે નથી, પછી જ્યારે ચોક્કસ હદ નિશાન વગેરે જોઈને વિશ્વાસ થઈ ગયો કે આ તો તે જ જગ્યા છે, તો પછી તે સમયે કે આપણે

ભૂલા નથી પડ્યા) બલ્કે (જગ્યા તો તે જ છે, પરંતુ) આપણી કિસ્મત જ ફૂટી ગઈ (કે બગીચાની આવી હાલત થઈ ગઈ). તેમનામાં જે (કંઈક હદે) સારો માણસ હતો તે કહેવા લાગ્યો કે, કેમ મેં તમને કહ્યું ન હતું (કે આવી નિય્યત ન કરો, ગરીબોને આપવાથી બરકત થાય છે. તેથી તે વ્યક્તિને અલ્લાહ તઆલાએ સારો કહ્યો, પરંતુ આ વ્યક્તિ પણ દિલમાં બુરું સમજતો હોવા છતાં તેમની સાથે સામેલ થઈ ગયો હતો તેથી તેણે પણ સજા ભોગવી, પછી આગલી વાત યાદ અપાવીને તે વ્યક્તિએ કહ્યું કે, પોતાના કર્મોની સજા તો ભોગવી લીધી, પરંતુ) હવે (તવબહ અને) તસ્બીહ (અને અલ્લાહ તઆલાની પવિત્રતાનું વર્ણન) કેમ નથી કરતા (જેથી તે ગુનોહ માફ થાય અને આનાથી વધારે મુસીબત ન આવી જાય) બધા (તવબહ સ્વરૂપે) કહેવા લાગ્યા કે, અમારો પરવરદિગાર પાક છે. (આ માફી અને ઇસ્તેગફાર પહેલાં અલ્લાહ તઆલાના વખાણની પ્રસ્તાવના છે) બેશક ! અમે કુસૂરવાર છીએ (આ માફી છે) પછી એકબીજાને સંબોધીને પરસ્પર આક્ષેપ કરવા લાગ્યા, (જેમકે કોઈ કામ બગડી જવાના સમયે ઘણા લોકોની ટેવ હોય છે કે, દરેક વ્યક્તિ બીજાની ખોટી સલાહને જવાબદાર ઠરાવતો રહે છે, પછી બધા સહમત થઈને) કહેવા લગ્યા કે, બેશક ! આપણે (બધા જ) મર્યાદા ઓળંગનાર હતા (કોઈ એકની ભૂલ ન હતી, એકબીજાને જવાબદાર ઠરાવી આક્ષેપ લગાવવો ખોટો છે. હવે બધા મળીને તવબહ કરી લો) કદાચ (તવબહની બરકતથી) આપણો પરવરદિગાર આપણને તેનાથી સારો બાગ બદલામાં આપી દે (હવે) અમે પોતાના પરવરદિગાર તરફ રજુ થઈએ છીએ (એટલે કે તવબહ કરીએ છીએ અને આ બદલો દુનિયામાં મળે અથવા આખિરતમાં દેખીતું એ જણાય છે કે, આ લોકો મો'મિન હતા અને ગુનોહ સ્વીકારતા હતા અને આ વાત કોઈ પણ સ્થળે સનદ સાથે નજર હેઠળથી પસાર નથી થઈ કે તેમને આ બગીચાનો બદલો દુનિયામાં અન્ય કોઈ રીતે મળ્યો અથવા નહીં, અલબત્ત સનદ વિના રૂહુલ મઆનીમાં ઇબ્ને મસ્ઊદ (રદી.)નું નિવેદન લખવામાં આવ્યું છે કે તેમને આનાથી સારો બગીચો આપવામાં આવ્યો. વલ્લાહુ અઅ્લમુ. આગળ કિસ્સાનો

મૂળ સંદેશ અને ખુલાસો છે કે, હુકમ વિરુદ્ધ ચાલનારા ઉપર) આ જ રીતે અઝાબ થયા કરે છે (જ્યારે આવો અઝાબ થાય છે, તો હે મક્કાવાળાઓ! તમે પણ આવા અઝાબના હકદાર છો, બલ્કે એનાથી પણ વધારેના. કારણ કે પ્રસ્તુત અઝાબ તો માત્ર ગુનાહોના કારણે હતો અને તમે તો કુફ્ર કરી રહ્યા છો) અને આખિરતનો અઝાબ એ (દુનિયાના અઝાબ)થી પણ વધીને છે. કેટલું સારું થયું હોત કે આ લોકોએ (એ વાતો વિશે) જાણી લીધું હોત (જેથી ઈમાન લઈ આવ્યા હોત).

اِنَّا بَلَوْنٰهُمْ كَمَا بَلَوْنَآ اَصْحٰبَ الْجَنَّةِ એટલે કે અમે કસોટીમાં નાંખ્યા તે (મક્કાવાળા)ઓને જે રીતે કસોટીમાં નાંખ્યા હતા બગીચાવાળાઓને. પાછલી આયતોમાં મક્કાના કાફિરોનો નબીએ કરીમ (સલ.) ઉપર કટાક્ષ અને મ્હેણાં-ટોણાં મારવાનો જવાબ હતો. આ આયતોમાં અલ્લાહ તઆલાએ ભૂતકાળના સમયનો એક કિસ્સો વર્ણન કરીને મક્કાવાળાઓને ચેતવણી આપી અને અઝાબથી ડરાવ્યા. મક્કાવાળાઓને કસોટીમાં નાંખવાથી એ ભાવાર્થ પણ હોઈ શકે છે કે, જે રીતે આગળ આવનાર કિસ્સામાં બગીચા-વાળાઓને અલ્લાહ તઆલાએ પોતાની નેઅ્મતોથી નવાઝી રાખ્યા હતા તો તેમણે નાશુક્રી કરી, જેના પરિણામે અઝાબ આવ્યો અને તેમની નેઅ્મત છીનવાઈ ગઈ. અલ્લાહ તઆલાએ મક્કાવાળાઓ ઉપર પોતાનું સૌથી મોટું ઈનામ તો એ કર્યું કે, રસૂલે કરીમ (સલ.)ને તેમની અંદર પેદા કર્યા. તદુપરાંત તેમના વેપારોમાં બરકતો આપી, તેમને ખુશહાલ બનાવી દીધા. આ તેમની કસોટી છે કે, અલ્લાહ તઆલાની આ નેઅ્મતોના આભારી બને છે અને અલ્લાહપાક અને તેના રસૂલ ઉપર ઈમાન લાવે છે અથવા પોતાના કુફ્ર અને દુશ્મનાવટ ઉપર અડગ રહે છે. બીજી સૂરતમાં તેમણે બગીચાવાળ ાઓના કિસ્સાથી બોધપાઠ ગ્રહણ કરવો જોઈએ કે ક્યાંક એવું ન થાય કે નેઅ્મતોની નાશુક્રી કરવાથી તેમના ઉપર પણ એવો જ અઝાબ આવી પડે. આ ખુલાસો એવા સ્વરૂપમાં પણ સાચો છે જ્યારે કે આ આયતોને પણ ઘણી સૂરતોની જેમ મક્કી ઠરાવવામાં આવે. પરંતુ ઘણા તફસીરકારોએ આ

આયતોને મદની ઠરાવી છે અને જે કસોટીનું અહીંયાં વર્ણન છે, તેનાથી ભાવાર્થ તે દુષ્કાળનો અઝાબ છે, જે રસૂલે કરીમ (સલ.)ની બદ્દુઆથી તે લોકો ઉપર આવ્યો હતો જેનાથી તે લોકો ભૂખથી મરવા લાગ્યા અને મૃત જાનવરો અને ઝાડના પાદડાં ખાવા મજબૂર થઈ ગયા હતા. આ ઘટના હિજરત પછીની છે.

બગીચાવાળાઓનો કિસ્સો :

આ બાગ અમુક પુરોગામીઓના નિવેદન પ્રમાણે જેમકે હઝ. અબ્બાસ (રદી.) વગેરેના નિવેદન પ્રમાણે યમનમાં હતો અને હઝરત સઈદ બિન ઝુબૈર (રદી.)ની એક રિવાયત એ છે કે, સના જે યમનનું પ્રખ્યાત શહેર અને રાજધાની છે, તેનાથી છ માઈલના અંતરે હતો અને અમુક લોકોએ તે ઈથોપિયામાં હોવાનું બતાવ્યું છે. *(ઇબ્ને કથીર)* આ લોકો અહલે કિતાબમાંથી હતા અને આ ઘટના ઈસા (અલૈ.)ના આસમાનમાં જવાના અમુક સમય પછી બની. *(કુર્તુબી)*

પ્રસ્તુત આયતોમાં તેમને اَصْحٰبُ الْجَنَّةِ એટલે કે 'બગીચાવાળાઓ'ના નામથી ઓળખાવવામાં આવ્યા છે, પરંતુ આયતોના વિષયોથી જાણ થાય છે કે તેમની પાસે માત્ર બાગ જ ન હતો, બલ્કે ખેતીની જમીનો પણ હતી. બની શકે છે કે બગીચાની સાથે જ અડીને જમીનો પણ હોય, પરંતુ બગીચાની ખ્યાતિના કારણે બગીચાવાળા કહ્યા હોય. તેમની ઘટના મુહમ્મદ બિન મરવાન અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદી.)થી આ રીતે નકલ થઈ છે. સના યમનથી બે ફરસખના અંતરે એક બગીચો હતો, જેને 'સરવાન' કહેવામાં આવતો હતો. આ બગીચો એક નેક અને ભલા માણસે બનાવ્યો હતો, તેની પ્રવૃત્તિ એ હતી કે જ્યારે ખેતી લણવાનો સમય થાય તો જે ઝાડ કાપણી પછી બાકી રહી જતા હતા તેમને ફકીરો અને ગરીબો માટે છોડી દેતા હતા. આ લોકો તેનું અનાજ વગેરે પ્રાપ્ત કરીને પોતાનો ગુઝારો કરી લેતા હતા.

એ રીતે જ્યારે ખેતીનું અનાજ કાપણી કરીને કાઢતા તો જે દાણો

ભૂસાની સાથે ઉડીને અલગ થઈ જતો, તે દાણા પણ ફકીરો અને ગરીબો માટે છોડી દેતા હતા. એ જ પ્રમાણે બગીચાના ઝાડોએથી ફળ તોડતાં જે ફળ નીચે પડી જતું તે પણ ફકીરો માટે છોડી દેતા હતા. (આ જ કારણ હતું કે જ્યારે તેની ખેતીની કાપણીનો અથવા ફળ તોડવાનો સમય આવતો, તો ઘણા ફકીરો અને ગરીબો ભેગા થઈ જતા હતા) આ નેક માણસનું મૃત્યું થયું, તેના ત્રણ પુત્રો બગીચા અને જમીનના વારસ બન્યા. તેમણે પરસ્પર વાતચીત કરી કે હવે આપણી અવલાદ વધી ગઈ છે અને ઉત્પાદન તેમની જરૂરિયાતથી ઓછું છે, તેથી હવે ફકીરો માટે આટલું અનાજ અને ફળ છોડવું આપણા બસની વાત નથી; અને અમુક રિવાયતોમાં છે કે, તે પુત્રોએ આઝાદ નવયુવાનોની જેમ એવું કહ્યું કે, આપણો બાપ તો બેવકૂફ હતો, આટલું બધું અનાજ અને ફળો લોકોમાં લૂંટાવી દેતો હતો, આપણે આ પ્રથા બંધ કરવી જોઈએ. આગળ તેમનો કિસ્સો કુર્આને કરીમના શબ્દોમાં આ પ્રમાણે છે :

اِذْ اَقْسَمُوْا لَيَصْرِمُنَّهَا مُصْبِحِيْنَ، وَلَا يَسْتَثْنُوْنَ એટલે કે તેમણે પરસ્પર કસમ અને કરાર કરીને એવું નક્કી કર્યું કે હવે આપણે સવારમાં જ જઈને ખેતી કાપી લઈશું, જેથી ગરીબો અને ફકીરોને ખબર ન થાય અને તેઓ સાથે ન આવી જાય. પોતાના આ મનસુબા ઉપર તેમને એટલું યકીન હતું કે તેમણે ઈન્શાઅલ્લાહ પણ ન કહ્યું, જેમકે સુન્નત છે કે કાલે જે કામ કરવાનું છે જ્યારે તેનું વર્ણન કરો તો એવું કહો કે, ઈન્શાઅલ્લાહ કાલે અમે આ કામ કરીશું.

لَا يَسْتَثْنُوْنَ નો અર્થ બાકાત ન કરવા માટે છે અને ભાવાર્થ આ બાકાત કરવાથી ઈન્શાઅલ્લાહ કહેવું છે. અને અમુક તફસીરકારોએ બાકાતથી તે ભાવાર્થ લીધો છે કે અમે બધું જ અનાજ ફળો લઈ આવીશું અને ફકીરોનો હિસ્સો બાકી રાખીશું નહીં. *(મઝહરી)*

فَطَافَ عَلَيْهَا طَآئِفٌ مِّنْ رَّبِّكَ પછી તે ખેતી અને બગીચા ઉપર એક ફેરો મારનાર ફેરો મારી ગયો તમારા પરવરદિગારના તરફથી. અત્રે ફેરો

મારનારાથી ભાવાર્થ કોઈ બલા અને આફત છે, જેનાથી ખેતી અને બગીચો બરબાદ થઈ જાય છે. અમુક રિવાયતોમાં છે કે તે એક આગ હતી, જેણે બધા ઊભા પાકને સળગાવીને રાખ કરી નાંખ્યો وَهُمْ نَآئِمُوْنَ એટલે કે આ અઝાબ નાઝિલ થવાની ઘટના તે રાતે બની જ્યારે કે તે લોકો સૂતા હતા. فَاَصْبَحَتْ كَالصَّرِيْمِ માં 'સર્મ'નો અર્થ ફળ વગેરે કાપવાનો થાય છે. 'સરીમ' એ 'મસરૂમ વ મક્તૂઅ્' છે. તેનો ભાવાર્થ એ છે કે, તે આગે આ ખેતીને એવી બનાવી દીધી કે જેમકે ખેતી કાપી લીધા પછી જમીન ચોખ્ખી થઈ જાય છે. અને 'સરીમ'નો અર્થ રાખ પણ થાય છે. આ અર્થના આધારે ભાવાર્થ એ થશે કે જેમકે રાખ કાળી અને અંધારી હોય છે, આ ખેતી પણ કાળી રાખ બની ગઈ. *(મઝહરી)*

فَتَنَادَوْا مُصْبِحِيْنَ એટલે કે પરોઢિયે જ પરસ્પર એકબીજાને અવાજ આપી જગાડવા લાગ્યા કે, જો ખેતીની કાપણી કરવી છે તો સવાર સવારમાં ચાલો, وَهُمْ يَتَخَافَتُوْنَ એટલે કે ઘરોએથી નીકળવાના સમયે પરસ્પર ધીમે ધીમે વાત કરતા હતા કે કોઈ ફકીર અને ગરીબને ખબર ન થઈ જાય કે જેથી સાથે થઈ જાય.

وَّغَدَوْا عَلٰى حَرْدٍ قٰدِرِيْنَ માં શબ્દ ''હર્દ''નો અર્થ ''અટકાવવા''નો અને ક્રોધ કે ગુસ્સો બતાવવાનો થાય છે. ભાવાર્થ એ છે કે આ લોકો પોતાના વિચારમાં એવું સમજીને ચાલ્યા કે આપણે એવી તાકાત ધરાવીએ છીએ કે કોઈ ફકીર કે ગરીબને કંઈ જ આપીશું નહીં, કોઈ આવી પણ જાય તો તેને કાઢી મૂકીશું.

فَلَمَّا رَاَوْهَا قَالُوْٓا اِنَّا لَضَآلُّوْنَ પરંતુ જ્યારે આ સ્થળે ખેતર, બગીચો કંઈ જ ન જોયું તો પ્રથમ તો એવું કહેવા લાગ્યા કે, આપણે સ્થળ ભૂલી ગયા છે અને ક્યાંક બીજે આવી ગયા છે. પરંતુ જ્યારે પછી નજીકના સ્થળો અને નિશાનીઓ ઉપર નજર કરી તો જાણ થઈ કે જગ્યા તો આ જ છે અને ખેતી સળગીને સાફ થઈ ચૂકી છે. ત્યારે કહેવા લાગ્યા, بَلْ نَحْنُ مَحْرُوْمُوْنَ એટલે કે આપણને આ નેઅ્મતથી વંચિત કરી દેવામાં આવ્યા.

قَالَ اَوْسَطُهُمْ اَلَمْ اَقُلْ لَّكُمْ لَوْلَا تُسَبِّحُوْنَ તેમનામાંથી જે મધ્યમમાર્ગી વ્યક્તિ હતો એટલે કે પિતાની જેમ નેક અને સારો હતો અને અલ્લાહ તઆલાના માર્ગમાં ખર્ચ કરવાથી ખુશ રહેનારો હતો, બીજા ભાઈઓની જેમ બખીલ, કંજૂસ અને કઠોર હૃદયનો ન હતો તેણે કહ્યું કે, શું મેં તમને પહેલેથી જ ન કહ્યુ હતું કે, તમે અલ્લાહપાકના નામની તસ્બીહ કેમ નથી પઢતા !? તસ્બીહનો શાબ્દિક અર્થ પવિત્રતા વર્ણન કરવાનો છે. ભાવાર્થ એ છે કે ગરીબો અને ફકીરોથી પોતાનો માલ બચાવી લેવાની યુક્તિનો હેતુ એ છે કે તમે સમજો છો કે અલ્લાહ તમને તેના બદલે બીજું કંઈ જ ન આપશે ? જ્યારે કે અલ્લાહ તઆલા તેનાથી પવિત્ર છે, તે ખર્ચ કરનારાઓને પોતાની પાસેથી વધારે આપે છે. *(મઝહરી)*

قَالُوْا سُبْحٰنَ رَبِّنَآ اِنَّا كُنَّا ظٰلِمِيْنَ આ ભાઈની વાત તે સમયે તો કોઈએ ન સાંભળી, પરંતુ હવે તેઓએ તેનો સ્વીકાર કર્યો કે, અલ્લાહ તઆલા પવિત્ર છે, દરેક ખામી અને કમીથી અને અમે જાલિમ ઠર્યા કે ગરીબો અને ફકીરોનો હિસ્સો પણ ખાઈ જવા ઇચ્છયું.

ચેતવણી :

આ મધ્યમમાર્ગી વ્યક્તિ જેણે સાચી વાત કહી હતી જો કે બીજાઓ કરતાં સારો હતો, પરંતુ તો પણ તે તેમની સાથે થઈ ગયો અને તેમના ગલત અભિપ્રાય ઉપર અમલ કરવા માટે તૈયાર થઈ ગયો હતો તેથી તેનો અંજામ પણ બીજાઓ જેવો જ આવ્યો. આથી જાણ થઈ કે, જે વ્યક્તિ કોઈ ગુનાહથી લોકોને રોકે, પરંતુ તેઓ ન રોકાય તો પછી પોતે પણ તેમની સાથે લાગેલો રહે અને ગુનાહમાં ભાગીદાર રહે તો તે પણ તેમના જ હુકમમાં હોય છે, જો તેઓ ન રોકાય તો તેણે પોતાને તે ગુનાહથી બચાવવો જોઈએ.

فَاَقْبَلَ بَعْضُهُمْ عَلٰى بَعْضٍ يَّتَلَاوَمُوْنَ એટલે કે તે લોકોએ પોતાનો અપરાધ સ્વીકારી લીધો, પરંતુ હવે એકબીજા ઉપર દોષારોપણ કરવા લાગ્યા કે તેં જ પ્રથમ આવી ખોટી સલાહ આપી હતી, જેના પરિણામે આ અઝાબ

આવ્યો. જ્યારે કે આ અપરાધ તેમનામાંથી કોઈ એકનો ન હતો, બલ્કે તેમાં બધા સમાન રીતે ભાગીદાર હતા.

આજકાલ આ મામલામાં આ બાબત સામાન્ય થઈ પડી છે કે, ઘણા બધા સમુદાયોના સામૂહિક અમલથી જો કોઈ નિષ્ફળતા અથવા મુસીબત આવી જાય તો તે સમયે તેમના ઉપર એક બીજો અઝાબ એ આવી પડે છે કે, આ નિષ્ફળતાનો આક્ષેપ એકબીજા ઉપર નાંખવામાં પોતાનો સમય બરબાદ કરે છે.

قَالُوْا يٰوَيْلَنَآ اِنَّا كُنَّا طٰغِيْنَ એટલે કે શરૂઆતમાં એકબીજાની ઉપર દોષારોપણ કર્યા પછી જ્યારે વિચાર કર્યો તો પછી સૌએ સ્વીકારી લીધું કે આપણે બધા જ બળવાખોર ગુનેહગાર છે. આ અફસોસ અને સ્વીકારની સાથે તેમણે તવબહ કરી, આથી તેમને અલ્લાહ ઉપર એ આશા બંધાઈ કે અલ્લાહ તઆલા આપણને આ બાગથી સારો બગીચો અર્પણ કરશે.

ઈમામ બગવી (રહ.)એ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદી.)થી નકલ કર્યું છે કે, મને એ ખબર પહોંચી છે કે, જ્યારે આ બધા લોકોએ સાચા દિલથી તવબહ કરી લીધી તો અલ્લાહ તઆલાએ તેમને ઉત્તમ બાગ અર્પણ કર્યો, જેના દ્રાક્ષના લુમખા એટલા મોટા હતા કે એક લુમખો એક ખચ્ચર ઉપર મૂકવામાં આવતો હતો. *(મઝહરી)*

كَذٰلِكَ الْعَذَابُ મક્કાવાળાઓને દુષ્કાળનો અઝાબ ટૂંકમાં અને બગીચા-વાળાઓની ખેતી સળગી જવાનું વિગતવાર વર્ણન કર્યા પછી સામાન્ય નિયમ વર્ણન કર્યો છે કે, જ્યારે અલ્લાહ તઆલાનો અઝાબ આવે છે, તો આ જ રીતે આવતો હોય છે અને દુનિયામાં અઝાબ આવી જવાથી પણ તેમના આખિરતના અઝાબનો કફ્ફારો નથી થતો, બલ્કે આખિરતનો અઝાબ તે ઉપરાંતનો અને તેનાથી વધારે કઠોર હોય છે.

(૭૫) કુરઆન શરીફ બાબતે કાફિરોનો હાલ દર્શાવતું ઉદાહરણ

فَمَا لَهُمْ عَنِ التَّذْكِرَةِ مُعْرِضِيْنَ ﴿٤٩﴾ كَاَنَّهُمْ حُمُرٌ مُّسْتَنْفِرَةٌ ﴿٥٠﴾ فَرَّتْ مِنْ
قَسْوَرَةٍ ﴿٥١﴾ بَلْ يُرِيْدُ كُلُّ امْرِئٍ مِّنْهُمْ اَنْ يُّؤْتٰى صُحُفًا مُّنَشَّرَةً ﴿٥٢﴾ كَلَّا ؕ بَلْ لَّا
يَخَافُوْنَ الْاٰخِرَةَ ﴿٥٣﴾ (مدثر:૪૯-૫૩)

છતાં તેઓ (કાફિરો)ને શું થઈ ગયું છે કે આ (કુર્આને પાકના) બોધથી મોઢું ફેરવી લે છે ? (૪૯) જાણે કે તેઓ ભડકેલા ગધેડા છે, (૫૦) જે સિંહથી (ડરી) નાઠા હોય, (૫૧) બલકે તેઓમાંનો દરેક જણ આ ઈચ્છે છે કે તેને (આકાશથી) ખુલ્લા પત્રો મળે. (૫૨) *(સૂરહ મુદસ્સિર)*

કેટલાક કાફિરોએ હુઝૂર (સલ.)ને કહ્યું કે જો આપની ઈચ્છા હોય કે અમે બધા આપના તાબેદાર થઈએ તો આકાશથી અમને દરેકને નામવારી એવાં પત્રો મોકલાવી આપો કે જેમાં આપની તાબેદારીનું ફરમાન હોઈ ત્યારે અમે માની લઈશું . વળી, બીજા કેટલાકે કહ્યું કે દોઝખની મુક્તિ અને જન્નતની પ્રાપ્તિનું સર્ટિફિકેટ મળવું જોઈએ, પરંતુ આપની મારફતે નહિ, અમને દરેકને પોતાના સિરાણા નીચેથી પત્ર મળી આવે તો માનીશું. એમ કહેવામાં તેમનો છુપો હેતુ એ હતો, કે આ પ્રમાણે ખુલ્લા પત્રો મળ્યા પછી દરેક પોતાનું નબી હોવું જાહેર કરે તેથી અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે એમ કદી થનાર નથી.

એવું કદી નહિ થાય, બલકે તેઓ આખિરત(ના અઝાબ)થી ડરતા જ નથી. (૫૩) કંઈ નહિ, આ (કુર્આન) જ ઉપદેશ (માટે બસ) છે. (૫૪) ફરી જે કોઈ ઈચ્છે તે એના વડે બોધ ગ્રહણ કરે, (૫૫) અને તેઓ ત્યારે જ બોધ ગ્રહણ કરશે જ્યારે કે અલ્લાહ ઈચ્છે. તે જ એવો છે જેનાથી ડરવું જોઈએ તથા તે જ (બંદાઓને) ક્ષમા કરવાવાળો છે. (૫૬)

કુર્આન મજીદ એક માણસ પર ઊતર્યું તો શું થયું ? બધા માટે જ ઉપયોગી હોવાથી જેને જોઈએ તે એનાથી જ બોધ ગ્રહણ કરે. દરેકની પાસે

જુદાં કાગળીયાં મોકલવાની કંઈ જ આવશ્યકતા નથી.

કુરઆન શરીફથી ભાગવાનો દાખલો :

જ્યારે કાફિરોની તેમના કુફ્ર અને ઈસ્લામ ઉપર વાંધાઓ ઉઠાવવાના કારણે આ દુર્ગતિ થનારી છે) તો તેમને શું થયું કે આ (કુર્આની) નસીહતથી મોઢું ફેરવે છે કે જાણે તેઓ જંગલી ગધેડા છે, જે સિંહને જોઈને નાસી રહ્યા છે. (આ સરખામણીમાં ઘણી બધી બાબતો ધ્યાનપાત્ર છે. પ્રથમ તો ગધેડો બેવકૂફી અને મૂર્ખતાના પ્રતીક સ્વરૂપે છે અને બીજું તેમને જંગલી તરીકે કલ્પ્યા છે જેને ઘુડખર કહે છે કે તે જે વસ્તુઓ ડરવાની નથી હોતી તેનાથી પણ વિના કારણે ડરે છે અને ભડકીને નાસે છે. ત્રીજું, સિંહથી તેમના ડરવાની કલ્પના કરવામાં આવી કે આવી પરિસ્થિતિમાં તેમનું નાસવું અંતિમ કક્ષાનું હશે અને નાસવાના કારણોમાં એક કારણ એ પણ હશે કે, આ લોકો આ કુર્આનને પોતે છૂટકારા માટે પૂરતું નથી સમજતા) બલ્કે તેમનામાં દરેક વ્યક્તિ એવું ઈચ્છે છે કે તેને (આસમાની) ઉઘાડા લખેલા પત્રો આપવામાં આવે (જેમકે દૂર્રે મન્થૂરમાં હઝરત કતાદહ રદી.થી નકલ થયું છે કે, અમુક કાફિરોએ આપ સલ.ને કહ્યું કે, જો તમે ઈચ્છો છો કે અમે તમારું અનુસરણ કરીએ તો ખાસ અમારા નામજોગ આસમાનેથી એવા લખેલા પત્રો આવે, જેમાં તમારા અનુસરણનો હુકમ લખવામાં આવ્યો હોય. **"વ હાઝા ક્કવ્લિહી તઆલા હત્તા તુનઝ્ઝીલ અલયના કિતાબન્ નકરઉહુ"** અને **"મુન્થરહ"** નું વધુ એ બાબતના ખુલાસા માટે છે, એટલે કે જેમકે કોઈ સામાન્ય પત્ર હોય છે, જે ખોલવામાં આવે છે અને પઢવામાં આવે છે, એવા જ પત્રો અમારી પાસે આવવા જોઈએ. આગળ આ બેહૂદા દરખાસ્તનો રદિયો છે કે એવું) કદાપિ નહીં (થઈ શકે, કારણ કે ન તો તેની આવશ્યકતા છે અને ન જ તે લોકોની એવી ક્ષમતા છે. ખાસ એ કારણે કે આ દરખાસ્તનું કારણ એ નથી કે તેમનો ઈરાદો દિલમાં ઈમાન લાવવાનો છે, કે જો એવું થશે તો તેઓ અનુસરણ કરી લેશે) બલ્કે (કારણ એ છે કે) આ લોકો આખિરત(ના અઝાબ)થી નથી ડરતા (તેથી સત્યની તલબ નથી અને આ દરખાસ્ત તો માત્ર જીદ અને હઠધર્મીના કારણે કરે છે. એટલે સુધી કે જો માની લો કે આ

દરખાસ્ત તો પૂરી પણ કરવામાં આવે તો પણ તે લોકો અનુસરણ કરશે નહીં, જેમકે અલ્લાહ તઆલાનું ફરમાન છે وَلَوْ نَزَّلْنَا عَلَيْكَ كِتٰبًا فِيْ قِرْطَاسٍ فَلَمَسُوْهُ بِاَيْدِيْهِمْ لَقَالَ الَّذِيْنَ كَفَرُوْٓا اِنْ هٰذَآ اِلَّا سِحْرٌ مُّبِيْنٌ આગળ પરિણામ સ્વરૂપે તેનો રદિયો અને તેના ઉપર સજાનું વર્ણન છે કે, જ્યારે આવી દરખાસ્તોનું બેહૂદા હોવું સાબિત થઈ ગયું તો એવું) કદાપિ નથી (થઈ શકતું બલ્કે) આ કુર્આન (જ) નસીહત (માટે પૂરતું) છે (બીજા કોઈ લખાણોની જરૂર નથી). બસ, (આવી પરિસ્થિતિમાં) જેનું મન ચાહે તેનાથી નસીહત પ્રાપ્ત કરે (અને જેનું મન ચાહે ન કરે અને જહન્નમમાં જાય, મારે એવું કરવાની કોઈ આવશ્યકતા નથી કે, માંગણી પ્રમાણે લખેલા પત્રો નાઝિલ કરીએ) અને (કુર્આન શરીફનું વર્ણન એટલે કે તે હિદાયત હોવામાં તેનાથી શંકા કરવામાં ન આવે કે અમુક લોકોને તેનાથી હિદાયત નથી મળતી. વાત એમ છે કે, કુર્આન શરીફ પોતે હિદાયત છે પરંતુ) અલ્લાહ તઆલાની મરજી વિના આ લોકો નસીહત સ્વીકારશે નહીં (અને તેના ન ચાહવામાં અમુક હિકમતો છે, પરંતુ કુર્આન શરીફ પોતે હિદાયત અને નસીહત અવશ્ય છે. બસ, તેનાથી બોધપાઠ ગ્રહણ કરો અને અલ્લાહ તઆલાની આજ્ઞાનું પાલન કરો. કારણ કે) તે જ છે જેના(અઝાબ)થી ડરવું જોઈએ અને (તે જ છે) જે (બંદાઓના ગુનાહ) માફ કરે છે (જેમકે અલ્લાહ તઆલાનું ફરમાન છે اِنَّ رَبَّكَ لَسَرِيْعُ الْعِقَابِ وَاِنَّهٗ لَغَفُوْرٌ رَّحِيْمٌ).

فَمَا لَهُمْ عَنِ التَّذْكِرَةِ مُعْرِضِيْنَ અત્રે "તઝકિરહ"થી ભાવાર્થ કુર્આને હકીમ છે. કારણ કે તઝકિરહનો સામાન્ય શાબ્દિક અર્થ "યાદ અપાવવા"નો છે. અને કુર્આને કરીમ અલ્લાહ તઆલાની સિફતો અને વિશિષ્ટતાઓ તથા તેની દયા અને ગુસ્સા તથા અઝાબ અને સવાબને યાદ અપાવવામાં અદ્વિતિય છે. અંતે ફરમાવ્યું كَلَّآ اِنَّهٗ تَذْكِرَةٌ એટલે કે, નિઃશંક ! કુર્આન તઝકિરહ છે જેને તમે છોડી રાખ્યું છે. قَسْوَرَةٌ નો અર્થ સિંહ પણ થાય છે અને તિરંદાઝ શિકારીનો પણ થાય છે. આ સ્થળે બંને અર્થ હોવા વિશે સહાબએ કિરામ (રદી.)ના નિવેદનો વર્ણન થયા છે.

(૭૬) દોઝખની આગની ચિંગારીઓનું ઉદાહરણ

اِنْطَلِقُوْٓا اِلٰى مَا كُنْتُمْ بِهٖ تُكَذِّبُوْنَ ﴿٢٩﴾ اِنْطَلِقُوْٓا اِلٰى ظِلٍّ ذِىْ ثَلٰثِ شُعَبٍ ﴿٣٠﴾
لَّا ظَلِيْلٍ وَّلَا يُغْنِىْ مِنَ اللَّهَبِ ﴿٣١﴾ اِنَّهَا تَرْمِىْ بِشَرَرٍ كَالْقَصْرِ ﴿٣٢﴾ كَاَنَّهٗ جِمٰلَتٌ
صُفْرٌ ﴿٣٣﴾ وَيْلٌ يَّوْمَئِذٍ لِّلْمُكَذِّبِيْنَ ﴿٣٤﴾ (مرسلات:٢٩-٣٤)

(તેઓને કહેવામાં આવશે કે) તે (અઝાબ) તરફ ચાલો જેને તમે જૂઠાડતા હતા. (૨૯) (એટલે) એવી એક (ધુમાડાની) છાયા તરફ ચાલો જેની ત્રણ શાખાઓ છે. (૩૦) *(સૂરહ મુરસલાત)*

દોઝખમાંથી ધુમાડાના ખૂબ ગોટા નીકળશે જે ઊંચે ચઢી વિખેરાઈ જવાથી જુદા જુદા ત્રણ ટુકડા થઈ જશે. એક ટુકડો માથા ઉપર, બીજો જમણી બાજુ અને ત્રીજો ડાબી બાજુ થઈ જશે. હિસાબ પૂરો થતાં સુધી કાફિરો એ ધુમાડાની જ છાયામાં રહેશે, પણ તેથી તેઓનો ગરમીથી બચાવ નહિ થાય, તેમ જ જરા પણ ઠંડક નહિ મળે.

જેમાં શીતળ છાયા નથી, તેમજ તે આગની ગરમીથી પણ બચાવતી નથી. (૩૧)

માત્ર નામનો જ પડછાયો પડશે. ખરેખર, છાયા હશે નહિ કે જેથી સૂર્યના તાપ કે આગની ગરમીથી બચાવ થાય અથવા અંદરની ગરમી અને તરસમાં કંઈ ઘટાડો થાય.

તે આગ મોટા મોટા મહેલ જેવી ચિનગારીઓ ફેંકતી હશે. (૩૨) જાણે કે પીળા રંગના ઊંટ છે. (૩૩)

આગમાંની ચિંગારી નીકળે ત્યારે મોટી હોય છે. પછી ફાટીને નાની નાની થઈ જમીન પર પડે છે તો શરૂઆતમાં તે ચિનગારી મહેલ જેટલી હશે, પણ જમીન પર પડશે ત્યારે ઊંટ જેવડી રહી જશે.

તે દિવસે જૂઠાડનારાઓની મહા ખરાબી છે. (૩૪)

જેઓ સમજતા હતા કે કિયામત આવનાર નથી અને કદાચ આવશે તો પણ અમને ત્યાં દુનિયાની માફક ઐશ-આરામ જ મળશે.

આ એવો દિવસ છે કે તેઓ બોલી નહિ શકે. (૩૫)

મેહશરના મેદાનમાં અમુક મોકાઓ ઉપર તદ્દન બોલી શકશે નહિ અને અમુક મોકા પર બોલશે, જે કંઈ લાભ આપશે નહિ, તેથી તે પણ નહિ બોલવા સમાન જ થયું.

અને ન તેઓને પરવાનગી મળશે કે તૌબા કરી શકે. (૩૬)

કારણ કે બહાનાં રજુ કરવા અને ક્ષમા યાચવાનો વખત વીતી ગયો.

તે દિવસે જૂઠાડનારાઓની મહા ખરાબી છે. (૩૭)

જેઓએ દુનિયાની અદાલતો અને કોર્ટો ઉપર ધોરણ બાંધી ધાર્યું હતું કે કદાચ એવો પ્રસંગ આવશે તો ત્યાં પણ વાકૂચાતુરી ચલાવી, બહાનાં બતાવી છૂટી જઈશું.

(તેઓને કહેવામાં આવશે કે) એ જ ફૈસલાનો દિવસ છે. અમે (આજે) તમને તથા આગલાઓને ભેગા કરી લીધા છે. (૩૮)

દરેકનો આખરી ફૈસલો સંભળાવ્યા પછી દરેક પક્ષને જુદો કરી દઈએ.

માટે જો તમારી પાસે (છટકવાનો) કંઈ દાવ હોય તો મારા ઉપર ચલાવી લો. (૩૯)

લ્યો, બધાને એકઠા કરી લીધા છે, હવે એકત્રિત સલાહ-સંપથી અમારી પકડમાંથી છટકવાની કોઈ યુક્તિ કે દાવ રચી શકતા હો તો રચો. દુનિયામાં સત્યને દબાવવા ખાતર ઘણા દાવ રચ્યા હતા. આજે તે પૈકી કોઈ દાવ યાદ કરી ચલાવી જુઓ.

તે દિવસે જૂઠાડનારાઓની મહા ખરાબી છે. (૪૦)

જેઓ બીજાઓ ઉપર ભરોસો રાખતા હતા કે તેઓ કોઈ પણ પ્રકારે અમને છોડાવી લેશે અને અમુક નાલાયક તો દો ઝખના ફરિશ્તાઓની સંખ્યા ઓગણીસ સાંભળીને એટલા સુધી કહી નાખતા હતા કે તેઓમાંથી સત્તરને તો હું એકલો જ બસ છું.

જહન્નમની આગનો દાખલો :

તે દિવસે જૂઠાડનારાઓની મહાખરાબી છે. (૨૮) (તેઓને કહેવામાં આવશે કે) તે (અઝાબ) તરફ ચાલો જેને તમે જૂઠાડતા હતા. (૨૯) (એટલે) એવી એક (ધુમાડાની) છાયા તરફ ચાલો જેની ત્રણ શાખાઓ છે. (૩૦) જેમાં શીતળ છાયા નથી, તેમજ તે આગની ગરમીથી પણ બચાવતી નથી. (૩૧) તે આગ મોટા મોટા મહેલ જેવી ચિનગારીઓ ફેંકતી હશે. (૩૨) જાણે કે પીળા રંગના ઊંટ છે.(૩૩) તે દિવસે જૂઠાડનારાઓની મહા ખરાબી છે. (૩૪) આ એવો દિવસ છે કે તેઓ બોલી નહિ શકે (૩૫) અને ન તેઓને પરવાનગી મળશે કે તૌબા કરી શકે. (૩૬) તે દિવસે જૂઠાડનારાઓની મહા ખરાબી છે. (૩૭) (તેઓને કહેવામાં આવશે કે) એ જ ફૈસલાનો દિવસ છે. અમે (આજે) તમને તથા આગલાઓને ભેગા કરી લીધા છે. (૩૮) માટે જો તમારી પાસે (છટકવાનો) કંઈ દાવ હોય તો મારા ઉપર ચલાવી લો. (૩૯) તે દિવસે જૂઠાડનારાઓની મહા ખરાબી છે. (૪૦)

اِنَّهَا تَرْمِیْ بِشَرَرٍ كَالْقَصْرِ كَاَنَّهٗ جِمٰلَتٌ صُفْرٌ માં ''કસર''નો અર્થ ''મોટો આલિશાન મહેલ'' તથા ''જમાલતુ''નો અર્થ ''જમલ'' એટલે કે ઊંટ થાય છે. ''સુફ્ર'' એ ''અસ્ફર''નું બહુવચન છે, જેનો અર્થ પીળો રંગ છે. આયતનો ભાવાર્થ એ છે કે, તે જહન્નમની આગથી એટલા મોટા મોટા ભડકા ઉઠશે, જે એક આલિશાન મહેલ જેવા ઊંચા હશે. પછી તે વિખરાઈને નાના નાના ટૂકડાઓમાં વહેંચાઈ જશે. તે ટૂકડા પીળા ઊંટ જેવા હશે અને અમુક લોકોએ આ સ્થળે સુફ્રનો તરજુમો કાળા રંગથી કર્યો છે. પીળા ઊંટની પીળાશ કાળાશ પડતી હોય છે. *(રૂહુલ મઆની)*

فَبِاَیِّ حَدِیْثٍۢ بَعْدَهٗ یُؤْمِنُوْنَ એટલે કે જ્યારે આ લોકો કુર્આન જેવી આશ્ચર્યજનક ઉચ્ચ કક્ષાની હિકમતોથી ભરપૂર સ્પષ્ટ કિતાબોની દલીલો ઉપર ઈમાન ન લાવ્યા, તો ત્યાર પછી હવે કઈ બાબત ઉપર ઈમાન લાવશે. તેનાથી ભાવાર્થ આ લોકોના ઈમાન લાવવાથી નિરાશાની જાહેરાત છે. હદીષમાં છે કે જ્યારે તિલાવત કરનાર આ આયત ઉપર પહોંચે તો તેણે

કહેવું જોઈએ اٰمَنَّا بِاللّٰهِ એટલે કે હું અલ્લાહપાક ઉપર ઈમાન લઈ આવ્યો. નમાઝમાં ન હોય એવી પરિસ્થિતિમાં અને નફલોમાં આ શબ્દો કહેવા જોઈએ, પરંતુ ફરજો અને સુન્નતોમાં આ વધારાથી પરહેઝ કરવી અને બચવું હદીષની રિવાયતોથી સાબિત છે, તેથી તેમાં તે કહેવું જોઈએ નહીં.

(૭૭) અલ્લાહપાકને ભૂલવાની સજાનું ઉદાહરણ

وَلَا تَكُوْنُوْا كَالَّذِيْنَ نَسُوا اللّٰهَ فَاَنْسٰىهُمْ اَنْفُسَهُمْ ؕ اُولٰٓئِكَ هُمُ الْفٰسِقُوْنَ ﴿۱۹﴾ (حشر:۱۹)

અને તમો તે લોકોના જેવા ન થાઓ કે જેઓ અલ્લાહ(ના હુકમો)ને ભૂલી ગયા તો અલ્લાહે તેમને તેમના જીવ(ની ભલાઈ)થી ભૂલવી નાખ્યા; એ લોકો જ નાફરમાન છે. (૧૯) *(સૂરહ હશ્ર)*

જે લોકોએ અલ્લાહના હકોને ભૂલવી નાખ્યા અને તેની યાદથી ગફલત અને બેપરવાઈ રાખી, તેઓને અલ્લાહ તઆલાએ તેઓની પોતાની જાનોથી બેખબર કરી નાખ્યા કે ભવિષ્યમાં આવનાર આપત્તિઓથી પોતાના બચાવની કંઈ જ ચિંતા ન કરી અને નાફરમાનીઓમાં ડૂબી જઈ સદાના નુકસાનમાં તેમજ કાયમી હલાકતમાં પડયા.

દોઝખવાસીઓ અને જન્નતવાસીઓ સરખા નથી, (બલકે) જેઓ જન્નતવાસીઓ છે તેઓ જ સફળતા મેળવનાર છે. (૨૦)

માનવીને જોઈએ કે પોતાને જન્નતનો હકદાર સાબિત કરે અને એનો માર્ગ કુર્આનની આજ્ઞાઓને આધિન થવા સિવાય અન્ય કોઈ છે જ નહિ.

ખુદાફરામોશી - ખુદફરામોશી :

તમે તે લોકો જેવા ન થાઓ, જેમણે અલ્લાહ તઆલા(ના હુકમો)થી લાપરવાહી કરી (એટલે કે હુકમો ઉપર અમલ કરવાનું છોડી દીધું. એ રીતે કે હુકમો વિરુદ્ધ કર્યું અને ગુનાહો કર્યા). બસ, (તેની અસર એ થઈ કે) અલ્લાહપાકે પોતે તેમની જાતથી તેમને લાપરવા બનાવી દીધા (એટલે કે

તેમની અક્કલ એવી મારી ગઈ કે પોતે પોતાના સાચા લાભને ન સમજ્યા અને તેને પ્રાપ્ત ન કર્યો). આ જ લોકોના ફરમાન છે (અને નાફરમાનીની સજા ભોગવશે અને ઉપર બે પ્રકારના લોકોનું વર્ણન થયું એટલે એક તે જે તકવાવાળા છે અને બીજા તે જે હુકમો છોડનાર થયા. તેમનામાં એક જન્નતવાળા છે અને બીજા દોઝખવાળા તથા) જન્નતવાળા અને દોઝખ-વાળા પરસ્પર સમાન નથી (બલ્કે) જે જન્નતવાળા છે, તે લોકો સફળ છે અને (દોઝખવાળા નિષ્ફળ છે. જેમકે ઉપર أُولَٰئِكَ هُمُ الْفَٰسِقُونَ થી જાણ થાય છે. બસ, તમારે જન્નતવાળા લોકોમાં હોવું જોઈએ, દોઝખવાળામાંથી ન હોવું જોઈએ.

(૭૮) કિયામતના દિવસની વિવિધ હાલતો દર્શાવતું ઉદાહરણ

يَوْمَ يَكُونُ النَّاسُ كَالْفَرَاشِ الْمَبْثُوثِ ۝٤ وَتَكُونُ الْجِبَالُ كَالْعِهْنِ الْمَنفُوشِ ۝٥ (قارعہ:٤،٥)

તે ખડખડાવી નાખનારી વસ્તુ (કિયામત) (૧) કેવી છે તે ખડખડાવી નાખનારી? (૨) અને આપ શું સમજ્યા કે તે ખડખડાવનારી શું વસ્તુ છે? (૩)

દિલોને ગભરાટથી અને કાનોને સખત અવાજથી ખડખડાવી નાખશે, તેથી કિયામતને એ ઉપમા આપીને બતાવ્યું કે એની ભયાનક હાલતોનું વર્ણન જ થઈ શકતું નથી, પણ અમુક હાલતોના વર્ણનથી કંઈક અંદાજો કરી શકાય તે માટે આગળ તેનું ટુંક વર્ણન થયું.

(આ ખડખડાવાનો મામલો તે દિવસે થશે) જે દિવસે લોકો ફેલાઈ પડેલા પતંગિયાના માફક (વિખેરાયેલા) હશે. (૪)

સામાન્ય લોકો કિયામતની સખતીથી ગભરાટના માર્યા પતંગિયા માફક એકબીજાની ઉપર તૂટી પડશે. કેટલાક લોકોને જો કે ગભરાટ હશે નહિ, પરંતુ ભીડ અને અશક્તિના કારણે પડી જશે.

અને પર્વતો પીંજેલા રંગીન ઊનની માફક (ઊડતા) થઈ જશે. (૫)

રૂ અથવા ઊનને પીંજતી વખતે તેના પીંજાએલા પુમડાં જે પ્રમાણે એક એક કરી ઊડી જાય છે તે જ મુજબ પર્વતો પણ ટુકડે ટુકડા થઈ ભૂકો બની ઊડી જશે.

ત્યાર પછી જે માણસના (નેકીઓનાં) પલ્લા ભારે થશે (૬) તો તે મનમાન્યા આરામમાં રહેશે. (૭)

નેકી અને બદીના આમાલનામા પલ્લાંઓમાં મૂકી તોલવામાં આવશે. જે માણસ ઈમાનદાર છે, તેનું નેકીનું પલ્લું જો ભારે થશે તો તે સીધો જન્નતમાં જશે. ઈમાન અને ઈખ્લાસના પ્રમાણમાં નેકીઓનું વજન પણ વધતું-ઓછું થશે. જોવામાં કોઈ કામ બહુ મોટું લાગતું હોય, પરંતુ તેમાં ઈખ્લાસ ન હોય તો તેનું કંઈ પણ વજન થશે નહિ. એ વિશેનું કેટલુંક વર્ણન આઠમા સીપારામાં આઠમા રુકૂઅમાં જુઓ.

અને જે માણસના પલ્લાં હલકાં હશે (૮) તો તેનું ઠેકાણું (દોઝખનો) ખાડો છે. (૯) વળી, તમને કંઈ ખબર છે કે તે ખાડો શું છે ? (૧૦) તે એક ધગધગતી આગ(નો ખાડો) છે. (૧૧)

કાફિરોના નેકીવાળા પલ્લામાં ઈમાન નહિ હોવાના કારણે તે પલ્લું હલકું જ, બલકે તદ્દન ખાલી હશે. તેથી તેને માટે સદા દોઝખનો 'હાવિયહ' નામનો ખાડો છે, જે દોઝખનો સૌથી નીચલો ભાગ છે. તેની આગ અતિશય ગરમ હોઈ ત્યાંની શિક્ષા દોઝખના બીજા દરજ્જાઓ કરતાં પણ વધારે હશે.